Barcode : 99999990295332
Title - Pushti Bhakti Sudha Varsh -5 Ank -1 Thi 12
Author - Shah,Nagin Das
Language -
Pages - 287
Publication Year - 1925
Barcode EAN.UCC-13
9 999999 029533

ट्रस्ट फंड तरफथी भेट.

॥ श्रीकृष्णाय नमः ॥
॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥
॥ श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ॥

क्वेमाः स्त्रियो वनचरीर्व्यभिचारदुष्टाः कृष्णे क्व चैष परमात्मनि रूढभावः।
नन्वीश्वरोनुभजतोविदुषोपि साक्षाच्छ्रेयस्तनोत्यगदराज इवोपयुक्तः॥

पुष्टिसुधा

પુસ્તક પંચમ { આશ્વિન શુક્લ ૧૫ સંવત ૧૯૮૧ } અંક પ્રથમ

॥ विषयानुक्रमणिका ॥

	विषय	लेखकादि	पत्राङ्क
१	ब्रह्मसूत्राणि ।	श्रीवेदव्यास	१०-२४
२	निस्साधनता अने विश्वधर्म।	तन्त्री	१-१६
३	મગનલાલ શાસ્ત્રીનું પ્રમુખપદે ભાષણ		૨-૪

१०८८
२१

પરિવેષ્ટા	મુદ્રક
વે. શા. સં. મગનલાલ ગણપતિરામ શાસ્ત્રી એમ્. એ., બિ. ઇ. એમ્. એમ્. ટિ. બિ., એમ્. આર્. એ. એસ. (લં.) પુના મિ.	ગોવિન્દજી ડાહ્યાભાઈ નાયક, શ્રી 'અનાવિલ બન્ધુ' પ્રિ. પ્રેસ બરાનપુરી ભાગોળ સુરત

તંત્રી	પ્રકાશક
ગોવિન્દલાલ હરિગોવિન્દ ભટ્ટ એમ્. એ. વડોદરા	[illegible] બાપુજી કાપડીઆ બી. એ. "પુષ્ટિસુધા" કાર્યાલય [illegible]
વાર્ષિક લવાજમ રૂ. ૨-૪-૦	છૂટક અંક ॥ ૦-૪-૦

શેઠ જયકૃષ્ણદાસ પોયરા

ગ્રન્થમાલા.

નામ	મૂલ્ય
૧ ન્યાયાદેશ	૦-૨-૬
૨. સિદ્ધાન્ત રહસ્ય	૧-૨-૬
3 An Examination of S'amkara's refutation of the Sāmkhya system	1-0-0
૪ શ્રીમતી વેદસ્તુતિ	૦-૧૦-૦
૫. The Kathopanishad by Mr Govindlal H Bhatt M. A.,	In Print

* * *

વિજ્ઞપ્તિ.

પુષ્ટિસુધાના પંચમ વર્ષના ગ્રાહકોએ ન્યોછાવર પ્રકાશકને સત્વર પ્રેષી આપવાની કૃપા કરી

फार्बस गुजराती सभा मुंबई ४

२२. साभाव्यापत्तिरुपपत्तेः ॥२॥
२३. नातिचिरेण विशेषात् ॥३॥

॥ षष्ठं द्विसूत्रमन्याधिष्ठित इत्यधिकरणम् ॥६॥

२४. अन्याधिष्ठिते पूर्ववदभिलापात् ॥१॥
२५. अशुद्धमिति चेन्न शब्दात् ॥२॥

॥ सप्तममेकसूत्रं रेतःसिग्योगाधिकरणम् ॥७॥

२६. रेतःसिग्योगोऽथ ॥१॥

॥ अष्टममेकसूत्रं योनेः शरीरमित्यधिकरणम् ॥८॥

२७. योनेः शरीरम् ॥१॥

इति श्रीमत्कृष्णद्वैपायनविरचितब्रह्मसूत्रेषु तृतीये साधनाख्ये प्रकारबोधकतानिरूपकेऽध्यायेऽधिकारिजन्मनिर्धारो नाम प्रथमश्चरणः ॥

॥ द्वितीयश्चरणः ॥

॥ प्रथमं षट्सूत्रं सन्ध्याधिकरणम् ॥१॥

१. सन्ध्ये सृष्टिराह हि ॥१॥
२. निर्मातारं चैके पुत्रादयश्च ॥२॥
३. मायामात्रं तु कार्त्स्न्येनानभिव्यक्तस्वरूपत्वात् ॥३॥
४. सूचकश्च हि श्रुतेराचक्षते च तद्विदः ॥४॥
५. पराभिध्यानात्तु तिरोहितं ततो ह्यस्य बन्धविपर्ययौ ॥५॥
६. देहयोगाद्वा सोऽपि ॥६॥

॥ द्वितीयमेकसूत्रं तदभावो नाडीष्वित्यधिकरणम् ॥२॥

७. तदभावो नाडीषु तच्छ्रुतेरात्मनि च ॥१॥

॥ तृतीयं त्रिसूत्रमतः प्रबोध इत्यधिकरणम् ॥३॥

८. अतः प्रबोधोऽस्मात् ॥१॥
९. स एव तु कर्मानुस्मृतिशब्दविधिभ्यः ॥२॥
१०. मुग्धेऽर्धसम्पत्तिः परिशेषात् ॥३॥

---

२२. 'तत्स्वाभाव्यापत्तिः' इति रामानुजनैम्बार्कमाध्वशैवपाठः । 'स्वाभाव्यापत्तिः' इति भास्करपाठः ।

२४. 'अन्याधिष्ठितेषु' इति शाङ्करः पाठः ।

२६. 'रेतःसिग्योगाच्च' इति भा
ादिभ्यः' इति माध्व.
२७. इदमपि सूत्रं भास्कर
शाङ्करशैवभैक्षवः पाठः । 'भेदान्नेतिचेन्न स्यात्
४. पराभिध्यानदेहयोगम्
'आचक्षते च' इत्येव पाठो
ति शाङ्करशैवभैक्षवपाठः । 'तथात्वे हि' इति भास्कररामानुज
५ 'पराभिध्यानम्'
' इत्येव भास्करपाठः । 'सलिलवच्च तन्नियमः' इति
७ 'आत्मनि हि' इ
९. 'स एव च' इ
च' इति माध्व पाठः ।
१०. 'अर्धसम्पत्ति'
भास्करपाठः ।

॥ चतुर्थं त्रिसूत्रमुभयलिङ्गाधिकरणम् ॥४॥

११. न स्थानतोऽपि परस्योभयलिङ्गं सर्वत्र हि ॥१॥

१२. न भेदादिति चेन्न प्रत्येकमतद्वचनात् ॥२॥

१३. अपि चैवमेके ॥३॥

पञ्चमं पञ्चसूत्रमरूपवदेव हीत्यधिकरणम् ॥५॥

१४. अरूपवदेव हि तत्प्रधानत्वात् ॥१॥

१५. प्रकाशवच्चावैयर्थ्यम् ॥२॥

१६. आह च तन्मात्रम् ॥३॥

१७. दर्शयति चाथोऽपि स्मर्यते ॥४॥

१८. अत एव चोपमा सूर्यकादिवत् ॥५॥

षष्ठं चतुःसूत्रमम्बुवदग्रहणादित्यधिकरणम् ॥६॥

१९. अम्बुवदग्रहणात्तु न तथात्वम् ॥१॥

२०. वृद्धिह्रासभाक्त्वमन्तर्भावादुभयसामञ्जस्यादेवम् ॥२॥

२१. दर्शनाच्च ॥३॥

२२. प्रकृतैतावत्त्वं हि प्रतिषेधति ततो ब्रवीति च भूयः ॥४॥

सप्तमं द्विसूत्रं तदव्यक्तमाह हीत्यधिकरणम् ॥७॥

२३. तदव्यक्तमाह हि ॥१॥

२४. अपि संराधने प्रत्यक्षानुमानाभ्याम् ॥२॥

अष्टमं त्रिसूत्रं प्रकाशादिवच्चेत्यधिकरणम् ॥८॥

२५. प्रकाशादिवच्चावैशेष्यं प्रकाशश्च कर्मण्यभ्यासात् ॥१॥

२६. अतोऽनन्तेन तथा हि लिङ्गम् ॥२॥

२७. उभयव्यपदेशात्त्वहिकुण्डलवत् ॥३॥

नवमं त्रिसूत्रं प्रकाशाश्रयवदित्यधिकरणम् ॥९॥

२८. प्रकाशाश्रयवद्वा तेजस्त्वात् ॥१॥

२९. पूर्ववद्वा ॥२॥

३०. प्रतिषेधाच्च ॥३॥

---

१२ 'भेदादितिचेन्न' इति रामानुजनिम्बार्कशैवपाठः । 'न भेदात्' इत्येव पाठो भास्करभाष्ये ।

१४. अरूपसूत्रं भास्करभाष्ये वर्तते न च । 'अस्थूलम्' इत्यादि तु भाष्यमेव, तस्य सूत्रत्वेन पाठो भ्रान्त्यैव ।

१५ 'चावैयर्थ्यात' इति भास्करपाठः 'चावैयर्थ्यात्' इति माध्वः पाठः ।

१८ चकाररहितं પાંચમા પાનાંના આંકડાઓ નોંધાવ·

१०

આપવાની કૃપા કરી

सूत्राणां पृथक्सूत्रत्वेन

दशमं सप्तसूत्रं परमतः सेतून्मानेत्यधिकरणम् ॥

३१. परमतः सेतून्मानसम्बन्धभेदव्यपदेशेभ्यः ॥१॥

३२ सामान्यात्तु ॥२॥

३३. बुद्ध्यर्थः पादवत् ॥३॥

३४. स्थानविशेषात् प्रकाशादिवत् ॥४॥

३५. उपपत्तेश्च ॥५॥

३६. तथान्यप्रतिषेधात् ॥६॥

३७. अनेन सर्वगतत्वमायामशब्दादिभ्यः ॥७

एकादशं चतुःसूत्रं फलमत उपपत्तेरित्यधिकरणम् ॥११॥

३८. फलमत उपपत्तेः ॥१॥

३९. श्रुतत्वाच्च ॥२॥

४०. धर्मं जैमिनिरत एव ॥३॥

४१. पूर्वं तु बादरायणो हेतुव्यपदेशात् ॥४॥

इति श्रीमत्कृष्णद्वैपायनविरचिततत्त्वसूत्रेषु तृतीये साधनाख्ये प्रकारबोधकता
निरूपकेऽध्याये विषयावधृतिर्नाम द्वितीयश्चरणः ॥

॥ तृतीयश्चरणः ॥

प्रथमं पञ्चदशसूत्रं सर्ववेदान्तप्रत्ययत्वाधिकरणम् ॥१॥

१. सर्ववेदान्तप्रत्ययं चोदनाद्यविशेषात् १

२ भेदान्नेति चेदेकस्यामपि ॥२॥

३. स्वाध्यायस्य तथात्वेन समाचारेऽधिकाराच्च सववच्च तन्नियमः ॥३॥

४. दर्शयति च ॥४॥

५. उपसंहारोऽर्थाभेदाद्विधिशेषवत् समाने च ॥५॥

६ अन्यथात्वं शब्दादिति चेन्नाविशेषात् ६

७ न वा प्रकरणभेदात् परोवरीयस्त्वादिवत् ॥७॥

---

३२ 'दर्शनात्' इति माध्व पाठः ।

३४. इदमपि सूत्रं भास्करभाष्ये वर्तत एव ।

३६ 'अन्यत् प्रतिषेधात्' इति माध्वः पाठः ।

३७ 'सर्वगतत्वमायामयशब्दादिभ्यः' इति माध्वः पाठः ।

२ 'भेदान्नेतिचेन्न' इति शाङ्करशैवभैक्षवः पाठः । 'भेदान्नेतिचेत् स्यात्' इति भास्करपाठः ।

३ 'तथात्वेन हि' इति शाङ्करशैवभैक्षवपाठ । 'तथात्वे हि' इति भास्कररामानुजनैम्बार्कपाठः । 'सववत्' इत्येव भास्करपाठः । 'सलिलवच्च तन्नियमः' इति माध्वानां पृथक्सूत्रम् ॥

६ 'अन्यथात्वं च' इति माध्व पाठ ।

७ 'न च' इति भास्करपाठः ।

८ संज्ञातश्चेत्तदुक्तमस्ति तु तदपि॥८॥
९ व्याप्तेश्च समञ्जसम् ॥९॥
१०. सर्वाभेदादन्यत्रेमे ॥१०॥
११. आनन्दादयः प्रधानस्य ॥११॥
१२. प्रियशिरस्त्वाद्यप्राप्तिरुपचयापचयौ हि भेदे ॥१२॥
१३. इतरे त्वर्थसामान्यात् ॥१३॥
१४. आध्यानाय प्रयोजनाभावात् ॥१४॥
१५. आत्मशब्दाच्च ॥१५॥

द्वितीय द्विसूत्रमात्मगृहीत्यधिकरणम् ।२॥

१६ आत्मगृहीतिरितरवदुत्तरात् ।१॥
१७. अन्वयादिति चेत् स्यादवधारणात् ।२

तृतीय षट्सूत्र कार्याख्यानादित्यधिकरणम् ३।

१८. कार्याख्यानादपूर्वम् ॥१॥
१९. समान एवं चाभेदात् ॥२॥
२०. सम्बन्धादेवमन्यत्रापि ॥३॥
२१. न वाविशेषात् ॥४॥
२२. दर्शयति च ॥५॥
२३. सम्भृतिद्युव्याप्त्यपि चातः ॥६॥

॥चतुर्थमेकसूत्र पुरुषविद्यायामित्यधिकरणम् ।४।

२४. पुरुषविद्यायामिव चेतरेषामनाम्नानात् ॥१॥

॥ पञ्चम द्विसूत्र वेधाद्यधिकरणम् ॥५॥

२५. वेधाद्यर्थभेदात् ॥१॥
२६. हानौ तूपायनशब्दशेषत्वात् कुशाच्छन्दःस्तुत्युपगानवत् तदुक्तम् ॥२॥

॥ षष्ठ द्विसूत्रं सम्परायाधिकरणम् ॥६॥

२७. सम्पराये तर्तव्याभावात् तथा ह्यन्ये।१
२८. छन्दत उभयाविरोधात् ॥२॥

॥सप्तममेकसूत्रं गतेरर्थवत्त्वमित्यधिकरणम् ॥७॥

२९. गतेरर्थवत्त्वमुभयथाऽन्यथा हि विरोधः ॥१॥

---

९ 'प्राप्तेश्च' इति माध्वपाठ ।

१३ 'अर्थसाम्यात्' इति माध्व पाठ ।

१६. 'आत्मगृहीतिः' इति भास्करपाठः ।

१८ 'अपूर्वम्' इत्येव भास्करपाठः ।

२१. 'विशेषात्' इति शाङ्करभास्कररामानुजनैम्बार्कमाध्वशैवपाठोऽपि सिद्धान्तसम्मत एव ।

२३. 'सम्भृतिद्युव्याप्त्यपि' इत्येव भास्करपाठः ।

२४ 'पुरुषविद्यायामपि' इति भास्कररामानुजनैम्बार्कमाध्वशैवपाठः ।

२६ 'कुशाच्छन्दस्तुत्युपगानवत्' इति शाङ्करनैम्बार्कशैवपाठः ।

२७. 'साम्पराय' इति सर्वैकदेशिनः ।

२९. 'उभयथा' इति रामानुजपाठः ।

॥ अष्टममेकसूत्रमुपपन्नाधिकरणम् ॥८॥

३०. उपपन्नस्तल्लक्षणार्थोपलब्धेर्लोकवत् ॥१॥

॥ नवममेकसूत्रमनियमाधिकरणम् ॥९॥

३१. अनियमः सर्वासामविरोधः शब्दानुमानाभ्याम् ॥१॥

॥ दशममेकसूत्रमाधिकारिकाधिकरणम् ॥१०॥

३२. यावदधिकारमवस्थितिराधिकारिकाणाम् ॥१॥

॥ एकादश द्विसूत्रमक्षरधियामित्यधिकरणम् ॥११॥

३३. अक्षरधियां त्ववरोधः सामान्यतद्भावाभ्यामौपसदवत् तदुक्तम् ॥१॥

३४. इयदामननात् ॥२॥

॥ द्वादश त्रिसूत्रमन्तरा भूतग्रामवदित्यधिकरणम् ॥१२॥

३५. अन्तरा भूतग्रामवत् स्वात्मनः ॥१॥

३६. अन्यथाभेदानुपपत्तिरिति चेन्नोपदेशान्तरवत् ॥२॥

३७. व्यतिहारो विशिंषन्ति हीतरवत् ।३।

॥ त्रयोदश द्विसूत्रं सैव हीत्यधिकरणम् ॥१३॥

३८. सैव हि सत्यादयः ॥१॥

३९. कामादीतरत्र तत्र चायतनादिभ्यः ॥२॥

॥ चतुर्दश द्विसूत्रमादरादित्यधिकरणम् ॥१४॥

४०. आदरादलोपः ॥१॥

४१. उपस्थितेतस्तद्वचनात् ॥२॥

॥ पञ्चदशमेकसूत्रं तन्निर्धारणाधिकरणम् ॥१५॥

४२. तन्निर्धारणानियमस्तद्दृष्टेः पृथग्घ्यप्रतिबन्धः फलम् ॥१॥

॥ षोडशमेकसूत्रं प्रदानवदित्यधिकरणम् ॥१६॥

४३. प्रदानवदेव तदुक्तम् ॥१॥

॥ सप्तदश दशसूत्रं लिङ्गभूयस्त्वाधिकरणम् ॥१७॥

४४. लिङ्गभूयस्त्वात्तद्धि बलीयस्तदपि ॥१॥

---

३० उपपन्नसूत्रमादौ पूर्वपक्षेण पठित्वा गतिसूत्र पश्चात् सिद्धान्तेन पठति शैव ।

३१ यावदधिकारसूत्रमादौ पठित्वा पश्चादनियमसूत्र पठतो रामानुजशैवौ ।

३१. 'सर्वेषामविरोधः' इति भास्कररामानुजनैम्बार्कमाध्वशैवपाठः ।

३३. 'अवरोधः' इत्येव भास्करपाठः प्रतिभाति । 'अवबोधः' इति भैक्षव पाठः ।

३४ 'इयत्' इत्येव भास्करपाठ प्रतिभाति । मुद्रितस्तु 'ईयत' इति ।

३५ 'भूतग्रामवदितिचेत्तदुक्तम्' इति माध्वः पाठ ।

३६ रामानुजनैम्बार्कशैवाः सूत्रमिदमन्तर्भावयन्ति पूर्वस्मिन् सूत्रे । 'उपदेशवत्' इति रामानुजमाध्वशैवपाठ । 'अन्यथाभेदानुपपत्तेः' इति पाठो भैक्षवः ।

३९. 'कामादितरत्र' इति माध्व पाठ, 'कामादयस्तत्र तत्र' इति च शैवः ।

४१ 'उपस्थितेतस्तद्वचनात' इत्येव भास्करपाठः । 'उपास्थितेस्तद्वचनात्' इति च माध्वः पाठ ।

४२ 'तन्निर्धारणार्थनियमः' इति माध्वः पाठः ।

४३. 'एव हि' इति माध्व पाठ ।

॥ द्वितीयं षट्सूत्रं सर्वापेक्षेत्यधिकरणम् ॥२॥

२५. सर्वापेक्षा च यज्ञादिश्रुतेरश्ववत् ॥१॥

२६. शमदमाद्युपेतः स्यात् तथापि तु तद्विधेस्तदङ्गतया तेषामवश्यानुष्ठेयत्वात् ॥२॥

२७. सर्वान्नानुमतिश्च प्राणात्यये तद्दर्शनात् ॥३॥

२८. अबाधाच्च ॥४॥

२९. अपि स्मर्यते ॥५॥

३० शब्दश्चातोकामकारे ॥६॥

॥ तृतीयमष्टसूत्र विहितत्वाच्चाश्रमकर्मेत्यधिकरणम् ॥३॥

३१. विहितत्वाच्चाश्रमकर्मापि ॥१॥

३२. सहकारित्वेन च ॥२॥

३३. सर्वथापि त एवोभयलिङ्गात् ॥३॥

३४. अनभिभवं च दर्शयति ॥४॥

३५. अन्तरा चापि तु तद्दृष्टेः ॥५॥

३६. अपि स्मर्यते ॥६॥

३७. विशेषानुग्रहश्च ॥७॥

३८. अतस्त्वितरज्ज्यायो लिङ्गाच्च ॥८॥

॥ चतुर्थमेकसूत्र तद्भूतस्येत्यधिकरणम् ॥४॥

३९. तद्भूतस्य तु नातद्भावो जैमिनेरपि नियमात्तद्रूपाभावेभ्यः ॥१॥

॥ पञ्चम द्विसूत्र न चाधिकारिकमित्यधिकरणम् ॥५॥

४० न चाधिकारिकमपि पतनानुमानात् तदयोगात् ॥१॥

४१. उपपूर्वमपि त्वेके भावमशनवत् तदुक्तम् ॥२॥

॥ षष्ट चतुःसूत्र बहिस्तूभयथेत्यधिकरणम् ॥६॥

४२. बहिस्तूभयथापि स्मृतेराचाराच्च ॥१॥

४३. स्वामिनः फलश्रुतेरित्यात्रेयः ॥२॥

४४. आर्त्विज्यमित्यौडुलोमिस्तस्मै हि परिक्रीयते ॥३॥

---

२६. 'तेषामपि' इति रामानुजशैवपाठः ।

२८. 'अपि च' इति शाङ्करभास्करनेम्बार्कशैवभैक्षवपाठः ।

३३. 'सर्वथापि तु ते' इति माध्वः पाठः ।

३६ 'अपि च' इति शाङ्करनैम्बार्कशैवभैक्षवपाठः ।

३७. 'विशेषानुग्रह च' इति माध्वः पाठः ।

३८ चकाररहितो नैम्बार्कपाठः ।

३९. 'जैमिनिरपि' इति भास्करपाठः। 'तद्भूतस्य तु तद्भावः' इति माध्वपाठः। तुरहितो भैक्षवश्च ।

४०. 'पतनानुमानात्' इत्येव भैक्षवपाठः ।

४१. इदं सूत्रं भास्करेण न पठ्यते । 'अपीत्येके' इति रामानुजमाध्वशैवपाठः । 'भावशमनवत्' इति माध्वपाठः ।

४२. 'अपि' इति भास्करे नास्ति । 'उभयथा' इति रामानुजपाठः ।

४४. 'परिक्रियते' इति रामानुजमाध्वपाठः ।

॥ श्रीवल्लभ ॥

निस्साधनमार्ग अने सर्वोद्धार.

પ્રકરણ ૧.

पुष्टिमार्ग अने विषयमार्ग.

પૂર્વપક્ષ—'પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો કેવળ વિષયાસક્ત જ હોવાથી લૌકિક વૈભવવિલાસમાં જ મગ્ન રહે છે, ધર્મમાત્રનો આડમ્બર રાખીને શ્રીવલ્લભાચાર્યે અને તત્પશ્ચાત્ સર્વ જ ગોસ્વામિબાલકોએ પ્રાચીન વૈષ્ણવમાર્ગને સ્તુતિ કરીને કેવળ વિષયાત્મક જ બનાવી દીધો છે' એમ અન્યમાર્ગીય પ્રખર પણ્ડિતોનું જ મન્તવ્ય છે એમ નહિ પરન્તુ સ્વમાર્ગીય વલ્લભમાર્ગી સજ્જનો પણ સ્પષ્ટ કથે છે કે 'શ્રીગોકુળેશના અનન્ય ભક્તો પણ વિષયપંકમગ્ન જ છે તેમ જ અસંખ્ય મર્યાદીવૈષ્ણવો પણ વિષયારમ્ભમાં જ આસક્ત છે' પોલપત્રિકાનું વાચન કરવાથી પણ સ્પષ્ટ પ્રતીતિ થઈ જ રહેશે કે આધુનિક ગોસ્વામિબાલકોની પણ સ્થિતિ કેવળ લૌકિકવિષયાસક્ત જ છે અતઃ એવ એવો વિષયાનુરક્ત નિન્દ્ય માર્ગ સર્વથા ત્યાજ્ય જ છે

સિદ્ધાન્ત—જેઓ તત્વવિવેકદૃષ્ટિએ ઉત્તમોત્તમસન્સિદ્ધ્યર્થે જિજ્ઞાસુ છે તે ભાગ્યવાન્ વિચારકોએ દ્વેષાદિએ કલ્પિત દુષ્ટ કલ્પનાઓ પરિ ધ્યાન આપીને સ્વકર્તવ્યભ્રષ્ટ થવું ઉચિત નથી જ, ધર્મનું યથાર્થ સ્વરૂપ અજ્ઞાન હોવાથી અન્યધર્મીય અને પાશ્ચાત્ય આધુનિક વિદ્વાનોએ શ્રીમદ્વલ્લભાચાર્યજીને અને તત્પ્રતિપાદિત નિસ્સાધનમાર્ગને વિષયાત્મક જ સિદ્ધ કરવાનો મિથ્યા પ્રયાસ કરીને સ્વપાણ્ડિત્યનો દુરુપયોગ જ કર્યો છે એમ સ્પષ્ટ પ્રતીતિ સહૃદય મનુષ્યને તો થઈ જ રહેશે જેઓને અમુક ધર્મનું કેવળ અજ્ઞાન છે અને જેઓ એતન્માર્ગીય ગ્રન્થોનું અધ્યયન કર્યા વિના જ કર્ણપરમ્પરાએ કથન કરે છે કે અમુક માર્ગ એતત્પ્રકારક છે તેઓના માધ્યસ્થ્ય વિષયે મતદ્વય હોય જ નહિ, તેમ જ જેઓ એતન્માર્ગીય ગ્રન્થોનું કિંચિત્ અધ્યયન કરીને પણ કેવળ દ્વેષબુદ્ધિએ જ શાખાન્તરસ્થ ભગવાન્ભક્તોની નિન્દા કરે છે તે સર્વથા જ દયાપાત્ર છે માનુષ સ્વભાવના (Human psychology ના) નિપુણ રીતિએ અભ્યાસકર્તાઓને સુવિદિત છે જ કે મતભેદ પ્રાપ્ત થતાં કતિપય મનુષ્યોને સ્વમતવિરુદ્ધ પરમત કેવળ અસહ્ય જ થઈ પડે છે, અને તેથી જ માનુષ ઇતિહાસમાં પ્રસિદ્ધ જ છે કે મતભેદના અમદને અનેકાનેક ધર્મવિગ્રહ પણ ઉપસ્થિત થયા છે ટ્યુડર રાજ્યમાં Roman catholics અને Protestants નો વિગ્રહ શતવર્ષથી પણ અધિક સમય ચાલ્યો સ્વપરિણીતાના વધના [illegible]ણાર્થે જ અષ્ટમ હેનરિએ ઇંગ્લણ્ડમાં પોપની સત્તાનો અસ્વીકાર કરીને પણ Roman catholic ધર્મનો પ્રચાર જ કર્યો હતો તદનન્તર ષ. એડવર્ડના રાજ્યમાં Roman catholic ધર્મનો વિધ્વંસ કરીને Protestant ધર્મનો અને મેરિના સમયમાં પુનઃ Protestant ધર્મનો નાશ કરીને Roman catholic ધર્મનો પ્રચાર કરવાના જ પ્રયાસો થયા હતા તદનન્તર તો એક જ શતકમાં એક જ પ્રાચીન Roman catholic ધર્મમાંથી મતભેદે Protestant, Puritan, Episcopal Presbyterians, Independents ઇત્યાદિ અનેકાનેક શાખાઓ પ્રચલિત થઈ ગઈ. ગૃહવિગ્રહમાં કારણ માત્ર રોમના પોપની સર્વોપરિ સત્તાનો સ્વીકાર કરવો કે નહિ એ મતભેદ જ હતો. રાજકીય વિષયમાં તેમ

નૃપતિની જ સાર્વભૌમસત્તા છે તેમ જ ધાર્મિક વિષયમા પણ નૃપતિની જ સત્તા સર્વોપરિ થાય એ ઉચિત છે કે નહિ એતાદૃશ પ્રશ્નો જ વિવાદાસ્પદ થઈ રહ્યા હતા એના જ કોઈક પ્રકારે શ્રીગોકુલેશની જ અનન્યભાવે સેવાકર્તા ભાગવત્ ભક્તો આધુનિક ગોસ્વામિબાલકોના દ્વારા બ્રહ્મસમ્બન્ધમન્ત્રોપદેશ સ્વીકારતા નથી તેથી જ તેઓ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પણ કથાય નહિ એવા સઙ્કુચિત ભાવે વિગ્રહને ઉપસ્થિત કરીને પુષ્ટિમાર્ગીય ગણાતા 'નીમડીઆ' મતક વૈષ્ણવો આધુનિક સમયમા શ્રીગોકુલેશના 'ભરૂચી' મતક પુષ્ટિમાર્ગીય જ વૈષ્ણવોનો મિથ્યા દ્રોહ કરીને તેમની વિરુદ્ધ અનેક અસત્ય આક્ષેપો કરે છે એતાદૃશ કાર્ય કેવલ અજ્ઞાનજનિત મત્સરયુક્ત હોવાથી દયાપાત્ર જ છે એમ સુજ્ઞ વિવેચકની તો સ્પષ્ટ પ્રતીતિ થઈ જ રહી છે તે જ પ્રકારે અમુક વિરોધ પ્રાપ્ત થઈ જતા મહારાજશ્રીઓથી પણ વિરુદ્ધ કતિપય સ્વાર્થપ્રિય મનુષ્યો બહુ પ્રસઙ્ગે મિથ્યા વાર્તાઓ કલ્પીને દોષમાત્રનુ ગ્રહણ કરીને નિન્દા કરે છે આ ઉપરથી 'એમ તો સર્વથા જ માનવાનુ નથી કે મહારાજશ્રીઓ, છપ્પરીઆ વૈષ્ણવો, મર્યાદિવૈષ્ણવો, મતમર્યાદિવૈષ્ણવો કે ભરૂચીવૈષ્ણવોમા એક પણ વ્યક્તિ વ્યભિચારગ્રસ્ત નથી જ, વ્યક્તિપરત્વે એ દોષ તો બહુ જ સમયથી પ્રચલિત છે જ, તથાપિ ધાર્મિક સિદ્ધાન્ત અને સ્વલ્પ પણ વ્યક્તિગત દોષારોપણ એ ઉભયે ભિન્ન જ છે, અષ્ટમ હેનરિના સમયમા ધર્માધ્યક્ષો વ્યભિચારગ્રસ્ત ન હતા એમ સર્વથા જ કથી શકાય એમ નથી, પરન્તુ સર્વ જ ધર્માધ્યક્ષો કલુષિત હતા એમ પણ સબલ પ્રમાણે સિદ્ધ થયુ ન હતુ જ, તથાપિ સ્વાર્થપ્રિય હેનરિએ તો અસઙ્ખ્ય ધનપ્રાપ્ત્યર્થ સર્વ જ મન્દિરોનો વિધ્વંસ કરીને ધર્માધ્યક્ષોને પીડ્યા હતા એ વૃત્તાન્ત ઇતિહાસથી પરિચિત સજ્જનોને સુવિદિત જ છે, તે જ પ્રકારે અધુના પણ સ્વાર્થગ્રસ્ત મનુષ્યો અને સ્વાર્થપ્રિય કિઞ્ચિદધીત મનુજો મહારાજશ્રીઓની અને ભરૂચી વૈષ્ણવોની નિન્દા કરી રહ્યા છે વસ્તુસ્થિતિ એ છે કે સર્વ જ ધર્મોમા ન્યૂન વા અધિક અંશે પ્રચલિત આ વ્યક્તિગત દોષને દૂર કરીને તાત્ત્વિકી દૃષ્ટિએ જ વિચારવામા આવશે તો સ્પષ્ટ પ્રતીતિ થશે જ કે 'શ્રીમદ્વલ્લભાચાર્યે વા તદનુયાયી ભગવદ્ભક્તોએ પ્રાચીન વૈષ્ણવમાર્ગને વિષયાત્મક બનાવી દીધો' એ આક્ષેપ સર્વથા દ્વેષમૂલક જ છે એટલુ જ નહિ પ્રત્યુત શ્રીમદ્વલ્લભાચાર્યે અને ઉભયશાખાન્તરસ્થ ભગવદ્ભક્તોએ ત્યાગપ્રધાન ગૃહસ્થાશ્રમધર્મનુ આચરણ કરીને પ્રાચીન વૈષ્ણવમાર્ગને વિષયના ગન્ધથી પણ રહિત જ કરી દીધો છે

શ્રીપુષ્ટિમાર્ગીય મતની જ્ઞાનસામગ્રીનુ અધ્યયન કર્યા વિના જ જે વિચારશૂન્ય લેખકો કથે છે કે પુષ્ટિમાર્ગ વિષયાત્મક છે તેઓ તો 'પુષ્ટિ' શબ્દને વિષયાત્મક દેહેન્દ્રિયપોષણના અર્થમા જ પ્રયોજીને સર્વવિપ્લવ કરી રહ્યા છે '**पोषणं तदनुग्रहः**' એ શ્રીભાગવતસ્થ વાક્યનુ સ્વારસ્ય વિચારીને શ્રીમદ્વલ્લભાચાર્યવર્ય તો ભગવદનુગ્રહાત્મક માર્ગને જ પોષણ વા પુષ્ટિમાર્ગ કથે છે સિદ્ધાન્તમુક્તાવલિગ્રન્થમા શ્રીમદાચાર્યચરણ સ્પષ્ટ જ આજ્ઞા કરે છે કે '**अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः**' પુષ્ટિમાર્ગમા અનુગ્રહ-ભગવત્કૃપા-નિયામક છે એમ સ્થિતિ-વ્યવસ્થા-મર્યાદા-છે તત્ત્વદીપનિબન્ધગ્રન્થમા 'પુષ્ટિ' શબ્દનુ લક્ષણ આપશ્રી આપે છે કે '**कृष्णानुग्रहरूपा हि पुष्टिः**' શ્રીકૃષ્ણનો અનુગ્રહ, શ્રીકૃષ્ણની કૃપા, એ જ 'પુષ્ટિ' આ પુષ્ટિ **कालादिबाधिका** છે, અર્થાત્ કાલનો કર્મનો અને સ્વભાવનો બાધ કરનાર છે શ્રીમદણુભાષ્યના સાધનાધ્યાયના તૃતીય ચરણના નવત્રિંશ સૂત્રમા શ્રીમદ્ભાષ્યકાર શ્રીગુસાંઈજી સ્પષ્ટ આજ્ઞા કરે છે કે '**तद्रहितानामपि स्वस्वरूपबलेन स्वप्रापणं पुष्टिः.**' 'શાસ્ત્રપ્રતિપાદિત ઉત્કૃષ્ટસાધન જ્ઞાનભક્ત્યાદિથી રહિત પણ જીવોને સ્વસ્વરૂપબળે જ સ્વપ્રાપણ એ 'પુષ્ટિ' એ જ ગ્રન્થના ચતુર્થ અધ્યાયના પ્રથમ પાદના ત્રયોદશ સૂત્રમા પણ આજ્ઞા કરી છે કે '**साधनं विना स्वस्वरूपबलेनैव कार्यकरणे हि पुष्टिः**' સાધન વિના-

ઉપકૃત સાધન વિના—સ્વસ્વરૂપબલને જ કાર્યકરણમા નિશ્ચય 'પુષ્ટિ' છે એ જ ગ્રન્થના ચતુર્થ અધ્યાયના દ્વિતીય પાદના અષ્ટમ સૂત્રમા નિરૂપ્યુ છે કે '**विहितसाधन विनैव मोचनेच्छा पुष्टिमार्गमर्यादा**', વિહિતસાધન—શાસ્ત્રોક્ત વિહિત સાધન—વિના જ મોચનેચ્છા—મુક્તિનુ દાન કરવાની ઇચ્છા—એ 'પુષ્ટિમાર્ગની મર્યાદા છે તે જ રીતિએ એ જ ગ્રન્થના ચતુર્થ અધ્યાયના અન્તિમ ચતુર્થ પાદના નવમ સૂત્રમા 'પુષ્ટિનુ' અને 'મર્યાદા'નુ સ્પષ્ટ વૈલક્ષણ્ય નિરૂપણ પણ કર્યુ છે કે '**पुष्टिमार्ग अनुग्रहैकसाध्य प्रमाणमार्गाद् विलक्षण**', પુષ્ટિમાર્ગ અનુગ્રહૈકસાધ્ય—કેવલ અનુગ્રહે કરીને સાધ્ય—છે, અને તે પ્રમાણમાર્ગથી—વૈદિક મર્યાદિ પ્રમાણમાર્ગથી—વિલક્ષણ છે શ્રીહરિરાયજીએ તો '**पुष्टिमार्गलक्षणानि**' ગ્રન્થમા 'પુષ્ટિ' માર્ગના લક્ષણો સ્પષ્ટ નિર્દેશ્યા છે, એ સર્વ વચનોનો સંગ્રહ અત્રે નહિ કરતા પશ્ચાત્ કોઈ ભિન્ન જ પ્રકરણમા તે ગ્રન્થનો શબ્દશ અનુવાદ આપવામા પણ આવશે આ ઉપરથી ભાગવત વૈષ્ણવ તો સ્પષ્ટ જ સમજી શકશે કે 'પુષ્ટિ' શબ્દને પારિભાષિક (Technical) અર્થમા જ શ્રીમદાચાર્યે પ્રયોજ્યો છે, અને તે પારિભાષિક 'પુષ્ટિ' શબ્દનો અર્થ પણ આપશ્રીએ સ્પષ્ટ જ સમજાવ્યો છે શબ્દાર્થનિર્ધારમા પ્રામાણિક સજ્જનોએ એતન્માર્ગીય ગ્રન્થોનુ અધ્યયન કરીને જ યોગ્ય ટીકા કર્તવ્યા છે, પરન્તુ જેઓ તે પ્રકારે અધ્યયન કર્યા વિના જ અમુક શબ્દનો કપોલકલ્પિત અર્થ કરીને એતન્માર્ગીય પારિભાષિક શબ્દાર્થને સ્થાને તેનો વિપર્યાસ જ કરી મૂકે છે તેઓ તો દુરાશયે અને મત્સરે યુક્ત હોવાથી ઉપેક્ષ્ય જ છે એમ સર્વ પ્રામાણિક સજ્જનોએ અવશ્ય સમજવુ જ યોગ્ય છે ઉપર્યુક્ત સર્વ વચનોએ 'પુષ્ટિ' શબ્દનો અર્થ મહાપ્રભુસ્વરૂપ પુષ્ટિમાર્ગમા વિષયાત્મક દેહેન્દ્રિયપોષણ નથી, પરન્તુ કેવલ ભગવત્કૃપા જ છે, એ નિર્ણય તો સ્પષ્ટ જ થઈ જ ગયો, તેથી હવે અન્ય આક્ષેપનો વિચાર કરીએ

પૂર્વપક્ષ—શ્રીમદ્વલ્લભાચાર્યજી સંન્યાસનિર્ણય ગ્રન્થમા '**गोपिका गुरव. प्रोक्ता**' ઇત્યાદિએ ગોપિકા પુષ્ટિમાર્ગના ગુરુ છે એમ આજ્ઞા કરે છે, પરન્તુ ગોપિકાઓ જ કામી હતા તેથી શ્રીગોપીજનના આ પુષ્ટિમાર્ગમા સમસ્ત વિષયત્યાગ કેમ માનવો? આ માર્ગમા કામને દોષ માનવામા આવતો નથી એ સ્પષ્ટ જ છે

સિદ્ધાન્ત—વ્રજમણ્ડન શ્રીગોપીજન કામી—વિષયવિષ્ટ—હતા કે વિષયમાત્રરહિત હતા તન્નિર્ણય તે ભક્તોના વચનોએ જ કર્તવ્ય છે શ્રીમદ્ભાગવતાદિ ગ્રન્થો શ્રીગોપીજનને વિષે જે નિર્ણય કરે છે તે જ સ્વીકારીને સર્વથા ભગવદ્ભક્તના દ્રોહથી બચીને શ્રીભગવચ્ચરણ જ પ્રામાણિકોએ સ્વીકારવુ યોગ્ય છે શ્રીમદ્ભાગવતના દશમસ્કન્ધના ષડ્વિંશાધ્યાયમા શ્રીરાસોત્સવનો પ્રસ્તાવ છે શ્રીકૃષ્ણે વેણુનિનાદ કરીને વ્રજભક્તોને વૃન્દાવનને વિષે પધરાવ્યા તે સમયે શ્રીકૃષ્ણનુ વય કેવલ ૧૧ વર્ષનુ હતુ કાત્યાયનીવ્રત જેમણે કર્યુ હતુ તે સર્વ કુમારિકાઓ (પાચ વર્ષની અંદરના) હતા અને તેમણે શ્રીકૃષ્ણ નિજ પતિ થાય તો અર્થે કૃપાસ્વરૂપા કાત્યાયનીના અર્ચનનુ વ્રત કર્યુ હતુ, શ્રીકૃષ્ણ ભગવાને તેમના ઉપર પ્રસન્ન થઈને વરદાન આપ્યુ કે 'તમે મારી સાથે રાત્રિમા રમણ કરશો' અગ્નિકુમારિકાનો સર્વ પ્રસઙ્ગ પદ્મપુરાણાદિમા પણ સુપ્રસિદ્ધ જ છે અન્યપૂર્વા શ્રુતિરૂપાની આખ્યાયિકા બૃહદ્વામનપુરાણમા પ્રસિદ્ધ છે આ સર્વ ગોપીજન શ્રીકૃષ્ણના વેણુનિનાદનુ શ્રવણ કરીને વૃન્દાવનમા રાસોત્સવપ્રસઙ્ગે આવ્યા હતા તેમને સર્વને જ્યારે ધર્મને શ્રીકૃષ્ણે '**स्वागतं वो महाभागा**' ઇત્યાદિ દશ શ્લોકે પરીક્ષાર્થ જે વચનો કહ્યા તેનો આશય સુવિચારીને જે ઉત્તર શ્રીગોપીજને આપ્યુ તે તો સર્વથા જ મનનીય છે. શ્રીગોપીજન ઉત્તરમા કહે છે કે

मैव विभोर्हसि भवान् गदितु नृशस
सन्त्यज्य सर्वविषयास्तव पादमूलम् ।
प्राप्ता भजस्व दुरवग्रह मा त्यजास्मान्
देवो यथादिपुरुषो भजते मुमुक्षून् ॥

અર્થ—હે વિભો! સર્વસમર્થ! આપ વિભુ છો, અર્થાત્ યદિ કામદોષ અમારામાં હોય તો તે કામનુ પણ મન્થન કરીને ભગવત્સ્વરૂપાનન્દનુ દાન કરવાને આપ સ્વત જ સમર્થ છો. આ પ્રકારે નૃશસ–નિર્દય–વચન વદવા આપને યોગ્ય નથી અમે સર્વ વિષયોને જ સમ્યક પ્રકારે ત્યજીને આપના પદના મૂળને પ્રાપ્ત થયાં છીએ એકાદશ ઇન્દ્રિયના વાસનાયુક્ત સર્વ વિષયોનો ત્યાગ અમે કર્યો છે સહજ જ ત્યાગ કર્યો છે એમ પણ નથી, પરન્તુ તે વિષયોનો ઉદય પુન ન થાય તે પ્રકારે સમૂળ સબીજ સર્વ જ વિષયોનો સારી રીતિએ ત્યાગ કર્યો છે જેમ અદ્યાવધિ અમે આપનુ ભજન કર્યુ તેમ હવે આપ અમારુ ભજન કરો, અર્થાત્ અમને અધીન થઈને નિજાનન્દનુ પાન કરાવો હે દુરવગ્રહ–હે દુરાગ્રહિન્! જેમ જીવ સર્વ કરવાને ઇચ્છે છે, પરન્તુ ભગવદ્ભજન જ કરવાને ઇચ્છતો નથી, જીવનો તે આગ્રહ જેમ દુષ્ટ છે તેમ અમારુ ભજન ન કરવુ એ આપનો પણ આગ્રહ દુષ્ટ જ છે અમારો ત્યાગ ન કરો, જેમ આદિપુરુષ–આદિવૈકુણ્ઠસ્થ શ્રીપુરુષોત્તમ–મુમુક્ષુઓને સ્વરૂપાનન્દનુ દાન કરીને ભજે છે તેમ આપ પણ અમને ભજો

શ્રીવ્રજભક્તના આ વચનો નિ સન્દિગ્ધ રીતિએ જ સિદ્ધ કરે છે કે શ્રીગોપીજનોમા કામવાસનાનો સમૂળ ત્યાગ જ હતો, સર્વ જ વિષયોનો સમ્યક્ ત્યાગ કરીને જ શ્રીકૃષ્ણના પાદમૂલની જ આકાઙ્ક્ષા તેઓ કરે છે હવે શ્રીકૃષ્ણ ભગવાન સ્વત જ શ્રીગોપીજનવિષયક શો અભિપ્રાય આપે છે તે વિચારીએ પરાત્પર પરિપૂર્ણ પરબ્રહ્મ શ્રીકૃષ્ણચન્દ્ર તો આજ્ઞા કરે છે કે—

ता नाविदन् मय्यनुषङ्गबद्धधिय स्वमात्मानमदस्तथेदम् ।
यथा समाधौ मुनयोऽब्धितोये नद्य प्रविष्टा इव नामरूपे ॥

અર્થ—આસક્તિથી અનુષક્ત બુદ્ધિવાળી તેઓએ તે સમયે પોતાનુ આત્માનુ આત્મીયનુ તથા આનુ પરનુ જ્ઞાન ન રાખ્યુ, જેમ સમાધિમા મુનિઓ અને અબ્ધિતોયમા નદીઓ પ્રવિષ્ટ થઈને પોતાના નામરૂપનો ત્યાગ કરે છે તેમ અર્થાત્ શ્રીગોપીજન ભગવાનથી અતિરિક્ત કોઈ પદાર્થને જાણતા જ ન હતા ઉત્કૃષ્ટાકૃષ્ટ ભક્તિની પરાકાષ્ઠાનુ જ નિદર્શન શ્રીગોપીજન આપે છે, ત્યા દૈહિક વૈષયિક કામનો સમસ્ત ત્યાગ જ છે એમા તર્કવાન્તર શુ હોઈ શકે એ બુદ્ધિમાન પ્રામાણિકે વિચારવુ ઉચિત છે નિરુપધિ પ્રેમલક્ષણા ભક્તિનો હેય તુચ્છ વિષયે સહ વિપ્લવ કરીને શ્રીગોપીજનોપરિ પણ કલઙ્ક આરોપીને સુખરતા હોય પ્રાપ્ત કરીને મોહનો અને ઈર્ષ્યાનો જ આશ્રય કરવો એ સર્વથા જ અનુચિત છે બ્રહ્માજી તો શ્રીગોપીજનનો નિર્દેશ કરતા આજ્ઞા કરે છે કે—

न स्त्रियो व्रजसुन्दर्य पुत्र ता श्रुतय किल ।
नाह शिवश्च शेषश्च श्रीश्च ताभि समा क्वचित् ॥
षष्टिवर्षसहस्राणि मया तप्त तप पुरा ।
तथापि न मया प्राप्तास्तासा वै पादरेणव ॥

અર્થ—હે પુત્ર! વ્રજસુન્દરીઓ સ્ત્રીઓ નથી, તેઓ નિશ્ચય શ્રુતિઓ છે, તેમના સમાન ક્વચિત્ પણ નથી હું, કે નથી શિવ, નથી શેષ, કે નથી શ્રી, ષષ્ટિવર્ષસહસ્રપર્યન્ત મેં પ્રથમ તપનું આચરણ કર્યું હતું, તથાપિ મને તેમની પાદરેણુ (પણ) નિશ્ચય પ્રાપ્ત થઈ નથી શ્રીઉદ્ધવજી પણ શ્રીગોપીજનોનું ગાન કરે છે કે—

वन्दे नन्दव्रजस्त्रीणा पादरेणुमभीक्ष्णश ।
यासा हरिकथोद्गीत पुनाति भुवनत्रयम ॥

અર્થ—નન્દવ્રજસ્ત્રીઓના પાદરેણુને અભીક્ષ્ણશ હું વન્દુ છું, જેમનું હરિકથોદ્ગીત ભુવનત્રયને પવિત્ર કરે છે

શ્રીમતી વ્રજસીમન્તિનીજી વિષયમાત્રનિવૃત્તિપૂર્વક પરિપૂર્ણભાવવતી છે, તેઓ સર્વાત્મભાવપૂર્ણા છે, અને તદ્રૂપ સ્વરૂપાનન્દાનુભવ હોવાથી શ્રીકૃષ્ણે આ ઉત્તમોત્તમ ભક્તોને રસાત્મક, ક્રિયાત્મક ભાવાત્મક આનન્દનું જ ઉત્કૃષ્ટોત્કૃષ્ટ દાન કર્યું હોવાથી તેમની કથાનું શ્રવણ પણ ભાગ્યવાનને કામથી નિવૃત્ત કરે છે તેથી જ ભક્તશિરોમણિ શ્રીશુકદેવજી પણ શ્રીસમાધિભાષાના દશમસ્કન્ધના ૩૨મા અધ્યાયમાં અન્તે એમ આજ્ઞા કરે છે કે—

विक्रीडित व्रजवधूभिरिद च विष्णो
श्रद्धान्वितोनुशृणुयादथ वर्णयेद्य ।
भक्ति परा भगवति प्रतिलभ्य काम
हृद्रोगमाश्वपहिनोत्यचिरेण धीर ॥

અર્થ—વિષ્ણુનું—સર્વવ્યાપક બાહ્યાભ્યન્તરસાવિષ્ટ પરમકાષ્ઠાપન્ન પરમનિર્ગુણ પરિપૂર્ણ સાક્ષાત્ પુરુષોત્તમ સ્વરૂપનું—વ્રજવધૂઓ સહ આ વિક્રીડિતનું—વિહારનું—જે શ્રદ્ધાન્વિત પુરુષ અનુશ્રવણ કરે વા વર્ણન કરે તો તે ધીર પુરુષ ભગવાનને વિષે પરા ભક્તિનો પ્રતિલાભ પ્રાપ્ત કરીને કામરૂપ હૃદ્રોગને આશુ અચિરેણ—તત્કાળ જ—દૂર કરે છે

શ્રીકૃષ્ણ, બ્રહ્માજી, શ્રીઉદ્ધવજી અને શ્રીશુકદેવજી પણ વ્રજવધૂઓની પરા—ઉત્તમોત્તમા—ભક્તિની પ્રશંસા કરીને કામરૂપ હૃદ્રોગની નિવૃત્તિ કરવાનું ઉત્તમોત્તમ સાધન તો તે વ્રજવધૂઓનું શ્રીકૃષ્ણ સહ રમણનું શ્રવણ છે એમ ઉપદિશે છે ત્યાં પ્રાકૃત વિષયભોગનો ગન્ધ પણ ક્યાં એ સમજવું જ કઠિન છે સાક્ષાદ્ ધર્મિસ્વરૂપ સહ અલૌકિક વિહાર એ ઉત્તમોત્તમ શુદ્ધ શૃઙ્ગારરસ છે પ્રાકૃત દૈહિક વિષયભોગ તો રસાભાસ છે એ પરમ તત્ત્વ શ્રીગોપીજન ઉપદિશે છે, તેથી શ્રીમતી ગોપિકાઓ જ ગુરુ છે, એનું સ્વારસ્ય પણ અહુના સ્પષ્ટ થાય એ હેતુએ વિષયનું અને ભગવદ્રતિનું પણ તારતમ્ય સર્વથા અવધારણીય છે વિષય અને રસ એ સર્વથા જ ભિન્ન છે તે ઉભયને સ્વપ્ને પણ પરસ્પર સમ્બન્ધ નથી, પ્રત્યુત ઉભયનો સ્પષ્ટ વિરોધ જ છે શ્રીમદ્ભગવદ્ગીતાના ષોડશાધ્યાયમાં **'द्वौ भूतसर्गौ लोकेस्मिन्'**—આ શ્લોકમાં બે ભૂતસર્ગ—થી પ્રારમ્ભીને **'मामप्राप्यैव कौन्तेय ततो यान्त्यधमा गतिम्'**—મને પ્રાપ્ત કર્યા વિના જ પછી અધમા ગતિને પ્રાપ્ત થાય છે—ઇત્યન્ત આસુરનું લક્ષણ શ્રીકૃષ્ણચન્દ્રે સ્વમુખે જ ઉદ્દિશ્યું છે શ્રીમદ્વલ્લભાચાર્યચરણ પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ ગ્રન્થમાં આ આસુર માર્ગને જ પ્રવાહમાર્ગ કહે છે, તેથી આસુર જીવો જ પ્રવાહપરાયણ છે. વિષયાસક્તિ આસુરસમ્પત્તિ છે. આસુર પ્રવાહિક જીવો દુષ્પૂર વિષયોપભોગેચ્છાનો આશ્રય

કરે છે, તેઓ કામોપભોગપરાયણ હોય છે અને કામોપભોગાર્થ અન્યાયે પણ અર્થસઞ્ચયની સ્પૃહા રાખે છે 'મને પ્રાપ્ત કર્યા વિના જ' એમ ભગવદ્વાક્ય હોવાથી તેઓ સદાપિ સર્વત્રાપિ ભગવત્સમ્બન્ધરહિત હોવાથી આનન્દરહિત હોય છે જેમ નદીના પ્રવાહમા પતિત તૃણકાષ્ઠાદિની ક્યા પણ સ્થિતિગતિ નથી, તેમ જ આ આસુરજીવોને સ્થિતિગતિપર્યવસાનાભાવથી તેઓ **प्रावाहिक** છે કામ-વિષયાસક્તિ-નરકનુ દ્વાર છે, તેથી આ પ્રાવાહિક આસુર વિષયાક્રાન્ત જીવો નરકના જ અધિકારી છે, અને તેથી તેમની અન્ધન્તમપ્રવેશરૂપા આસુરી જ મુક્તિ છે, અને તે મુક્તિ સુખતાઅત્યન્તાભાવસ્વરૂપા હોવાથી આનન્દશૂન્યા હોવાથી પ્રવાહરૂપા જ છે, અત એવ શ્રીમદ્ભગવદ્ગીતાજીમા પણ શ્રીકૃષ્ણે 'પછી અધમા ગતિને જ પ્રાપ્ત થાય છે' એમ કહ્યુ પ્રાકૃત વિષયાસક્તિ આસુરસમ્પત્તિ હોવાથી હેયા છે, પરન્તુ અપ્રાકૃત ભગવદ્રતિ દૈવી સમ્પત્તિ હોવાથી પરમકમનીયા છે અલૌકિક અપ્રાકૃત ભજનાનન્દ ઉત્તમોત્તમ દૈવલક્ષણ છે ભગવદાસક્ત જીવ ભગવલ્લોકના અધિકારી છે '**मदन्यत् ते न जानन्ति नाहं तेभ्यो मनागपि**'-મારાથી અતિરિક્ત તેઓ જાણતા નથી, અને હુ તેમનાથી અતિરિક્ત મનાક્ પણ જાણતો નથી—એમ ભગવદુક્તિ હોવાથી આ દૈવજીવશિરોમણિ પુષ્ટિજીવ ભગવજ્જ્ઞાનપૂર્ણ હોય છે આ ભજનાનન્દરસિક ભગવદીયો '**रसो वै स**' શ્રુત્યુક્ત સાક્ષાત્ રસમય આનન્દમય રસઘન આનન્દઘન પૂર્ણપુરુષોત્તમ સ્વ ધર્મિસ્વરૂપને વશ કરી લે છે '**वशे कुर्वन्ति मा भक्त्या सत्स्त्रिय सत्पति यथा**'-જેમ સત્સ્ત્રીઓ સત્પતિને વશ કરે છે તેમ મને ભક્તિએ વશ કરે છે-અને '**अहं भक्तपराधीनो ह्यस्वतन्त्र इव द्विज**' હે દ્વિજ ! હુ અસ્વતન્ત્રવત્ ભક્તપરાધીન છુ—ઇત્યાદિ વાક્યયૂથ અત્ર પ્રમાણ છે ભગવાન્ સ્વત જ અત્ર નિજ ભક્તપરાધીનતાનુ નિરૂપણ કરે છે વસ્તુત તો વિષયાસક્ત પ્રાવાહિક આસુર જીવનુ દેહ પ્રાણ, ઇન્દ્રિય, અન્તઃકરણ સર્વ આગમાપાયિ અનિત્ય છે, પરન્તુ દૈવશિરોમણિ ભગવદ્ભક્તનુ દેહ પ્રાણ ઇન્દ્રિય અન્તઃકરણ સર્વ જ ભગવદ્રૂપાધાર હોવાથી ભગવદ્રૂપ નિત્ય છે પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ ગ્રન્થના '**जीवदेहकृतीनां च भिन्नत्वं नित्यता श्रुते**' શ્લોકમા શ્રીમદાચાર્યચરણ સ્પષ્ટ ઉપદિશે છે કે પ્રવાહિક આસુરી જીવોના દેહ અને જીવ દૈવશિરોમણિ ભગવદ્ભક્તના દેહથી અને જીવથી ભિન્ન છે સાક્ષાત્પુષ્ટિભક્તોને સાક્ષાત્પુષ્ટિપુરુષોત્તમસમ્બન્ધિફલાનુભવયોગ્યા દેહપ્રાપ્તિ હોવાથી તે દેહ તો અવિચ્યુત નિત્ય જ છે, શ્રીગોકુલવાસીઓને '**ते तु ब्रह्महृदं नीता**'-તેઓ તો બ્રહ્મહ્રદને નીત-શ્લોકમા મુક્તિના અનુભવકાલે તે જ દેહે મુક્તિનો અનુભવ કર્યો હતો, અને તદનન્તર તે જ દેહે સર્વેને યથાયોગ્ય ભક્તિમાર્ગીય ફલનો પણ અનુભવ થયો હતો જો પુષ્ટિમાર્ગીય સાક્ષાત્પુરુષોત્તમસમ્બન્ધિફલાનુભવયોગ્ય દેહ વસ્તુત નિત્ય ન હોય તો મુક્તિના અનુભવકાલે તે દેહની સ્થિતિ પણ ન હોય, આથી સિદ્ધ થઈ જ રહે છે કે પુષ્ટિમાર્ગીય દેહ પણ નિત્ય જ છે આ ઉત્તમોત્તમ ભગવદ્ભક્તો '**सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता**'-તે વિપશ્ચિદ્-વિવિધરસભોગચતુર-બ્રહ્મની સાથે સર્વ કામનુ અશન કરે છે-ઇત્યાદિ શ્રુતિએ અલૌકિક શૃઙ્ગારરસના પ્રધાનત્વે ભોક્તા છે અપ્રાકૃત ભગવચ્છૃઙ્ગારરસના પાનકર્તા વિરલ ભગવદ્ભક્તોનુ સૌભાગ્ય સર્વથા જ અવર્ણનીય છે, ભગવાન્ પણ સ્વત નિજસખાર્જુનને શ્રીમુખે કહે છે પ્રાકૃત વિષયાસક્ત જીવો તો '**तानहं द्विषत**' ઇત્યાદિગીતાવાક્યપ્રામાણ્યે નરકરૂપા અધમાધમગતિને જ પ્રાપ્ત કરે છે આ કામી વિષયાવિષ્ટ આસુરોને સર્વદા દેશકાલકર્મસ્વભાવલોકની અને વેદની ભીતિ રહે છે, પરન્તુ ભજનાનન્દપાનકર્તા વિરલ ભક્તો '**रसं ह्येवायं लब्ध्वानन्दी भवति**' '**आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चन**' ઇત્યાદિશ્રુતિયૂથપ્રામાણ્યે સર્વથા ભયરહિત હોય છે તેમને નથી ભય દેશનુ કે નથી કાલનુ, નથી કર્મનુ કે નથી સ્વભાવનુ, નથી લોકનુ કે નથી

વેદનુ પણ તેઓ 'તો દેશાતીત કાલાતીત' કર્માતીત સ્વભાવાતીત લોકાતીત અને વેદાતીત જ છે, 'તેઓ તો રસપૂર્ણ છે, આનન્દપૂર્ણ છે, ભજનાનન્દરસપૂર્ણ છે નાનાવિધ સૃષ્ટિ હરિની ઇચ્છામાત્રે જ ઉત્પન્ન થયલી છે, પરન્તુ આ પુષ્ટિસૃષ્ટિ સાક્ષાત્ હરિના શ્રીઅઙ્ગમાંથી આવિર્ભૂત છે, તેથી આ રસપ્રચુર પુષ્ટિજીવને સાક્ષાત્ અવ્યવહિત જ શ્રીઅઙ્ગમાંથી સકલ ફલનુ દાન પ્રાપ્ત થાય છે અત એવ '**प्रवाहेऽपि समागत्य पुष्टिस्थस्तैर्न युज्यते**' આ પુષ્ટિજીવ પ્રવાહમા પણ સમાગમન કરીને પ્રવાહિક આસુર જીવે સહ યોજાતો નથી, તેમનો લેશ પણ સસર્ગ રાખતો નથી, એમ સહજવૈલક્ષણ્ય પુષ્ટિજીવનુ આસુરીજીવથી છે પુષ્ટિજીવના દેહ પ્રાણ ઇન્દ્રિય અન્તઃકરણ જીવ કૃતિ અને ફલ સર્વ આસુરી જીવના દેહથી પ્રાણથી ઇન્દ્રિયથી અન્તઃકરણથી જીવથી કૃતિથી અને ફલથી ભિન્ન જ છે એ સ્પષ્ટ થઈ ગયા પછી 'શ્રીમદ્વલ્લભાચાર્યજીએ પ્રાચીન વૈષ્ણવ માર્ગને વિષયાત્મક બનાવી દીધો' એ આક્ષેપ કરવો નિર્મૂલ અને દોષપૂર્ણ છે એ સ્પષ્ટ જ સમજાઈ જશે દેવશિરોમણિ આનન્દપૂર્ણ રસપૂર્ણ વિષયગન્ધરહિત વિમલ અપ્રાકૃત અલૌકિક ભજનાનન્દરસાત્મક માર્ગ પ્રવાહિક આસુર વિષયાવિષ્ટ કામપૂર્ણ પ્રાકૃત લૌકિક માર્ગથી ભિન્ન વિલક્ષણ-છે 'વિષય અધર્મનુ મૂલ છે, રસ ધર્મનો પણ ધર્મ હોઈ ધર્મિસ્વરૂપ છે વિષય sensuality છે, રસ Lyricsનુ પણ Lyric છે, એટલુ જ નહિ પણ અલૌકિક અપ્રાકૃત શૃઙ્ગારરસસ્વરૂપ હોવાથી જ્ઞાનનુ પણ જ્ઞાન છે, યોગનો પણ યોગ છે, સાઙ્ખ્યનુ પણ સાઙ્ખ્ય છે, તપનુ પણ તપ છે, ભક્તિની પણ ભક્તિ છે, અરે! રસનો પણ રસ છે, કારણ કે આધિદૈવિક છે, આ પ્રકારે ઉત્તમોત્તમ શૃઙ્ગારરસનો આ ભૂતલોપરિ પુનઃ પણ આવિર્ભાવ કરીને પ્રાચીન વૈષ્ણવમાર્ગને વિષયગન્ધરહિત જ શ્રીમદ્વલ્લભાચાર્યે સિદ્ધ કરી દીધો છે તેઓશ્રી સમ્પૂર્ણરીતિએ સમજતા હતા કે ઇન્દ્રિયનિગ્રહનુ કાર્ય અતીવ કઠિન છે, તેથી પુનઃ પુનઃ સ્વગ્રન્થોમા ઉપદિશે છે કે લૌકિક કામ અને અલૌકિક રસ ઉભયે ભિન્ન છે સંન્યાસનિર્ણયમા આપશ્રી આજ્ઞા કરે છે કે '**विषयाक्रान्तदेहानां नावेशः सर्वथा हरेः**'-જેમના દેહ વિષયાક્રાન્ત છે તેમને સર્વથા-કોઈ પ્રકારે પણ-હરિનો આવેશ થતો નથી-તત્ત્વદીપનિબન્ધમા ઇન્દ્રિયાશ્વવિનિગ્રાહ્ય અવશ્ય કર્તવ્ય છે એમ આપશ્રી ઉપદિશે છે સેવાફલ ગ્રન્થમા આજ્ઞા કરે છે કે માનસીસેવાસિદ્ધ્યર્થં (૧) ઉદ્વેગ (૨) પ્રતિબન્ધ અને (૩) ભોગ ત્યાજ્ય છે '**उद्वेगः प्रतिबन्धो वा भोगो वा स्यात् बाधकम्**' ઇત્યાદિ શ્લોકોપરિ વિવરણમા આપશ્રી આજ્ઞા કરે છે કે **सेवायां बाधकत्रयम्। उद्वेगः प्रतिबन्धो वा भोगो वा। त्रयाणां साधनपरित्यागः कर्तव्यः। भोगो द्विविधो लौकिकोऽलौकिकश्च। तत्र लौकिकस्त्याज्य एव**' વિષયભોગ-**लौकिक भोग**-ત્યાજ્ય છે '**सविघ्नोऽल्पो घातकः स्यात्**' તે લૌકિક ભોગ **सविघ्न** છે, તેમા 'વિઘ્ન' આવ્યા વિના રહેતુ જ નથી, સવિઘ્ન હોઈને પુનઃ તે ભોગ **अल्प** જ છે, અને પરિણામે **घातक** થાય છે જ, અત એવ એતાદૃશ લૌકિક ભોગ સર્વથા ત્યાજ્ય જ છે શ્રીહરિરાયજીએ તો **कामाख्यदोषविवरण** નામનો સ્વતન્ત્ર ગ્રન્થ વિરચીને કામની નિકૃષ્ટતા-અધમતા-સ્પષ્ટ જ નિર્દેશી છે '**दोषेषु प्रथमः कामो विविच्य विनिरूप्यते। यस्मिन्नुत्पद्यते तस्य नाशकः सर्वथा मतः। विषयावेशहेतुत्वाद् विक्षेपोत्पत्तिकारणम्। रजोगुणसमुत्पन्नो रजःप्रक्षेपको मुखे**'-કામ દોષમા પ્રથમ છે તેનુ વિવેચન કરીને વિનિરૂપણ કરાય છે જેનામા તે દોષ ઉત્પન્ન થાય છે તે પુરુષનો તે સર્વથા નાશ કરે છે, કામ વિષયના આવેશનો હેતુ હોવાથી તે વિક્ષેપોત્પત્તિનુ કારણ છે, તે દોષ રજોગુણસમુત્પન્ન હોવાથી મુખમા રજ-ધૂળ-નાખે છે-'પુષ્ટિસુધા'ના પ્રથમ વર્ષના પઞ્ચમાઙ્કમા અનેક અનુ-

તત્ત્વોનુ ઉદ્ઘાટન કરીને સિદ્ધ કર્યુ જ છે કે શ્રીમદાચાર્યચરણ અને તદનુયાયી મહાનુભાવીઓ વિષયનો સમૂલ ત્યાગ જ ઉપદિશે છે, 'लौकिकनिष्ठता भगवन्निष्ठता च परस्पर विरुद्धा' (સુ ૧૦-૮-૨૫)-લૌકિકનિષ્ઠા અને ભગવન્નિષ્ઠા એ ઉભયે પરસ્પર વિરુદ્ધ છે એમ સ્પષ્ટ થઈ ગયા પછી પુષ્ટિમાર્ગરીત્યનુસાર જે ભગવદ્ભક્તોનો અઙ્ગીકાર પુષ્ટિમાર્ગમા થયેલો છે તેમણે સર્વદા સર્વથા વિષયભોગનો ત્યાગ કરીને ત્યાગપ્રધાન સર્વોત્કૃષ્ટ ગૃહસ્થાશ્રમધર્મનુ પરિપાલન કરીને વિરહાનુભવાર્થ જ જીવનનિર્ગમનાર્થ સેવાકથાપ્રસારાર્થ પ્રયત્ન પણ ભગવદનન્યાશ્રયત્વે જ કરણીય છે એમ સુદૃઢ પ્રતીત થઈ જશે શ્રીમદ્વલ્લભાધીશ્વરચરણે પણ, પાણ્ડુરઙ્ગ શ્રીવિઠ્ઠલનાથજીની આજ્ઞાને પ્રાપ્ત કરીને ગૃહસ્થાશ્રમધર્મનો અઙ્ગીકાર કર્યો અને સન્યાસી જ આચાર્ય થઈ શકે એ અર્વાચીન રૂઢિનો સમૂલ ભઙ્ગ કર્યો છે એ ઐતિહાસિક લક્ષ્યબિન્દુ પણ અત્ર અવિસ્મરણીય જ છે ગૃહસ્થાશ્રમના સર્વે હિત આચારવિચારનુ પરિપાલન કરીને સદાચારથી વર્તીને ભગવત્સેવાર્થક ત્યાગપ્રધાન અને યાચ્ઞામૂલક જીવનનિર્ગમન કરવુ એ શ્રીમદ્વલ્લભાચાર્યજીનો ઉત્તમોત્તમ ઉપદેશ સર્વથા અનુકરણીય હોવાથી અધુના પણ ગોસ્વામિબાલકો ગૃહસ્થાશ્રમનો જ અઙ્ગીકાર કરે છે ગૃહસ્થાશ્રમસ્થ શિષ્યનુ જેવુ કલ્યાણ ગૃહસ્થાશ્રમ ગુરુ કરી શકે તેવુ કલ્યાણ ઇતરાશ્રમી ન જ કરી શકે એ સ્પષ્ટ છે, સન્યાસી ગુરુના આચારવિચાર ગૃહસ્થાશ્રમી શિષ્યને સાક્ષાત્ લાભપ્રદ ન જ થાય, તેથી ગુરુના આચારવિચારના અનુકર્તા શિષ્યના વિશેષત ઉપદેષ્ટા તો ગૃહસ્થાશ્રમી જ ગુરુ છે એ સ્વારસ્યનુ હૃદયમા ધારણ કરીને આધુનિક ગૃહસ્થાશ્રમસ્થ ગોસ્વામિબાલકોનુ પણ પ્રથમ કર્તવ્ય એ છે કે સ્વશિષ્યના અનુકરણાર્થ સ્વત જ પુષ્ટિમાર્ગીય વિદ્યાધ્યયન કરીને ત્યાગપ્રધાન ગૃહસ્થાશ્રમધર્મનો અઙ્ગીકાર કરીને કેવલ ભક્તિપ્રધાન જીવન સ્વીકારવુ અને ઉપદિશવુ લાભપૂજાર્થ યત્નને પણ પરિત્યજીને શ્રીમદાચાર્યચરણના પુષ્ટિમાર્ગને જ સર્વદા રક્ષવો લૌકિકવિષયપઙ્કમગ્ન રહેવાથી તો સ્વનો અને સ્વશિષ્યનો પણ અધઃપાત થઈ જાય, તેમ ન થાય તદર્થ **विरहानुभवैकार्थसर्वत्यागोपदेशक** નામના ગ્રન્થરત્ને ભગવદ્વિરહાનુભવાર્થના આદર્શભૂત ગૃહસ્થાશ્રમનો સદ્વિનિયોગ પુષ્ટિમાર્ગના સદાશ્રયે પ્રભુભક્તિમા જ કર્તવ્ય છે યદ્યપિ આ સર્વ પણ સાધનરૂપાત્મક શ્રીગોકુલેશાસ્ય શ્રીમદ્વલ્લભાધીશ્વરની કૃપા વિના સર્વથા જ અશક્ય છે તથાપિ અત્યાર્તિપૂર્વક સદાસર્વદા સુન્દરસ્વરૂપ શ્રીગોકુલેશનો અનન્ય આશ્રય તો પ્રવૃત્તિમાર્ગત્વે બુદ્ધિપૂર્વક પણ કર્તવ્ય જ છે.

મહારાજશ્રીઓ ભરૂચી વૈષ્ણવો, 'છવરીઆ મઢાક વૈષ્ણવો નીમડીઆ વૈષ્ણવો, મર્યાદિવૈષ્ણવો, 'ઇત્યાદિ સર્વ જ પુષ્ટિમાર્ગસ્થ ભાગ્યવાનો યદિ એતાદૃશ આદર્શ ગૃહસ્થાશ્રમધર્મનુ પરિપાલન કરે તો લૌકિક આસુર અન્ધ તમોધિકારી પ્રવાહિક જીવોને અને વૈદિક દૈવી અક્ષરબ્રહ્માધિકારી મર્યાદિક જીવોને એ સર્વોદ્ધારક આદર્શ ગૃહસ્થાશ્રમનુ નિદર્શન પ્રાપ્ત થતા પૂર્વપક્ષત્વે જે કાંઇ જણાવવામા આવે છે તેનો સમ્ભવ પણ રહેશે જ નહિ, અને તેથી પુષ્ટિમાર્ગ વિશ્વધર્મ થવાને યોગ્યતમ છે એવી સત્પ્રતીતિ કરાવવી એ જ આ પ્રકરણનો સદુદ્દેશ સર્વથા લક્ષ્યમા રાખવાની સર્વ પુષ્ટિમાર્ગીય વાચક પ્રતિ મારી સવિનય પ્રાર્થના છે

પ્રથમ પ્રકરણ સમાપ્ત.

॥ श्रीवल्लभ ॥

निःसाधनता अने सर्वोद्धार.

પ્રકરણ ૨.

॥पुष्टिमार्गलक्षणानि॥

ભગવદનુગ્રહાત્મક વિશુદ્ધ પુષ્ટિમાર્ગ કેવળ ભજનાનન્દરસમાર્ગ હોવાથી વિષયાનન્દદુષ્ટમાર્ગ દેહેન્દ્રિયપોષક પ્રવાહાદિ આસુરમાર્ગથી ભિન્ન છે એટલું જ નહિ પરન્તુ તેનાથી સર્વથા વિરોધી હોવાથી સર્વથા ઉત્કૃષ્ટ જ છે એ સિદ્ધ થયું લૌકિક વિષય વસ્તુતઃ રસ જ નથી, પરન્તુ રસાભાસ જ છે પ્રાકૃતશૃઙ્ગારરસાભાસ આગમાપાયી અનિત્ય છે, તેથી યદિ પ્રીતિ કરવી હોય, સ્નેહ કરવો હોય, તો તે સર્વથા નિત્ય પદાર્થ સાથે જ કરવો એ પુષ્ટિમાર્ગનું પરમ ઉત્કૃષ્ટ સ્વારસ્ય છે આ નિત્ય પદાર્થ શ્રીગોકુલાધીશ શ્રીકૃષ્ણથી વ્યતિરિક્ત ન હોવાથી શૃઙ્ગારરસ પણ રસરૂપ શ્રીગોકુલાધીશ શ્રીકૃષ્ણમાં જ ઉત્પન્ન છે પ્રાકૃત જીવોના દેહેન્દ્રિયાદિ પ્રાકૃત અનિત્ય છે, પરન્તુ '**जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः**' ગીતાવાક્યપ્રમાણે અલૌકિક શૃઙ્ગારરસના આધાર શ્રીકૃષ્ણના દેહ ઇન્દ્રિય કર્મ ઇત્યાદિ સર્વ જ અપ્રાકૃત અલૌકિક શૃઙ્ગારરસૈકસ્વરૂપ હોવાથી નિત્ય દિવ્ય રસપ્રચુર છે. '**इच्छामात्रेण मनसा प्रवाहं सृष्टवान् हरिः**' શ્રીમદાચાર્યચરણોક્ત વાક્યપ્રમાણે 'કતિપય જીવોને હું આસુર કરીશ' એ ભગવદિચ્છાએ પ્રાકૃત વિષયી જીવ મન વડે ઉચ્ચરિત થયા છે, પરન્તુ '**पुष्टिं कायेन निश्चयः**' વાક્યપ્રમાણે ભજનાનન્દરસિક દૈવશિરોમણિ જીવ કાયાએ—આનન્દમાત્રકરપાદમુખોદરાદિરૂપે—સાક્ષાદ્ રસાત્મક ધર્મિસ્વરૂપના શ્રીઅઙ્ગમાંથી પ્રકટ થયા છે એ સ્પષ્ટ વૈલક્ષણ્ય અવધારવાથી વિષયમાર્ગનો અને પુષ્ટિમાર્ગનો સમ્ભ્રમ રહેશે નહિ પ્રાકૃત આસુરની કૃતિ પ્રવાહાદિમાત્ર હોય છે, પરન્તુ ઉત્કૃષ્ટોત્કૃષ્ટ ભગવદ્ભક્તોની કૃતિ સર્વાત્મભાવપૂર્ણ હોય છે '**मलेच्छातः फलं लोके**' વાક્યપ્રમાણે સૃષ્ટ્યન્તર્ગત વિષયી જીવોને આસુરત્વસમ્પાદક ભગવદિચ્છાથી પ્રવાહમાર્ગસ્થ આસુર જીવોને અન્ધતમપ્રવેશરૂપ ફલ પ્રાપ્ત થાય છે, પરન્તુ '**कायेन तु फलं पुष्टौ**' વાક્યોક્ત પ્રકારે પુષ્ટિમાર્ગસ્થ ભગવદ્ભક્ત તેને તો આનન્દમાત્રકરપાદમુખોદરાદિરૂપે સર્વેન્દ્રિયાગ્રાહ્યરસપાન રૂપ ઉત્કૃષ્ટોત્કૃષ્ટ પરમ ફલ પ્રાપ્ત થાય છે એને નિરતિશયત્વરૂપ ફલનો અભાવ 'તુ' શબ્દે સૂચિત છે, આ એવં પુષ્ટિશ્રુતિરૂપાઓ અનન્તસીમન્તિની જીએ '**अक्षण्वतां फलमिदं न परं विदाम**' શ્લોકમાં સર્વશ્રુતિવિરોધપરિહારે સર્વેન્દ્રિયાગ્રાહ્યપુરુષોત્તમસ્વરૂપ જ ફલ છે એમ નિરૂપિત કર્યું પ્રાકૃત આસુર જીવોમાં રોગાદિ ઉપદ્રવ સ્પષ્ટ પ્રતીત થાય છે, પરન્તુ ભગવત્પદમકરન્દરસપાનરતાં ભાગ્યવન્ત ભક્તોને રોગાદિ ઉપદ્રવ કદાપિ પણ થતા નથી, '**न ते पाषण्डतां यान्ति न च रोगाद्युपद्रवाः**' ઇત્યાદિ વાક્યનું પણ સ્વારસ્ય એ જ છે આ પ્રકારે પ્રાકૃત આસુરનું અને અપ્રાકૃત દૈવશિરોમણિ પુષ્ટિભક્તનું સ્પષ્ટ વૈલક્ષણ્ય અનોખા સુવિચારીને હવે એ જ પુષ્ટિભક્તનું વિશેષ જ્ઞાન થાય એ હેતુએ પુષ્ટિમાર્ગ—અવિહિત ભગવદનુગ્રહૈકમાર્ગના જ વિશેષ સ્વરૂપનું નિરૂપણ શ્રીહરિરાયજીપ્રણીત **पुष्टिमार्गलक्षणानि** ગ્રન્થેથી પ્રથમ અક્ષરશઃ ગુર્જરાનુવાદ આપીને પશ્ચાત્ તન્નિષ્કર્ષ પણ આપવામાં આવશે—

सर्वसाधनराहित्यं फलाप्तौ यत्र साधनम्।
फलं वा साधनं यत्र पुष्टिमार्गः स कथ्यते ॥१॥

अक्षरार्थ—જે માર્ગમાં ફલપ્રાપ્તિમાં—ફલની પ્રાપ્તિમાં—સર્વ સાધનરાહિત્ય—સર્વ જ સાધનનું રહિતત્વ સાધન છે, અને જે માર્ગમાં ફલ (જ) સાધન છે, તે (માર્ગ) પુષ્ટિમાર્ગ કથાય છે. ૧

अनुग्रहेणैव सिद्धिर्लौकिकी यत्र वैदिकी ।
न यत्नादन्यथा विघ्नः पुष्टिमार्गः स कथ्यते ॥२॥

अक्षरार्थ —જે માર્ગમાં અનુગ્રહે—ભગવત્કૃપાએ—જ લૌકિકી અને વૈદિકી સિદ્ધિ (પ્રાપ્ત થાય છે), પરન્તુ યત્ને કરીને નહિ, અન્યથા—અન્ય પ્રકારે—યત્નકરણે—(તો) વિઘ્ન થાય છે, તે (માર્ગ) પુષ્ટિમાર્ગ કથાય છે ૨

यत्राङ्गीकरणे नैव योग्यतादिविचारणा ।
अविलम्बः प्रभुकृतः पुष्टिमार्गः स कथ्यते ॥३॥

अक्षरार्थ —જે માર્ગમાં અઙ્ગીકરણમાં—અઙ્ગીકાર કરવામાં—યોગ્યતાદિવિચારણા નથી જ, પ્રભુકૃત (કોઈપણ પ્રકારનો) વિલમ્બ નથી, તે (માર્ગ) પુષ્ટિમાર્ગ કથાય છે ૩

स्वरूपमात्रपरता तात्पर्यज्ञानपूर्वकम् ।
धर्मनिष्ठा यत्र नैव पुष्टिमार्गः स कथ्यते ॥४॥

अक्षरार्थ —જે માર્ગમાં તાત્પર્યજ્ઞાનપૂર્વક સ્વરૂપમાત્રપરતા—સ્વરૂપને વિષે જ કેવલ તત્પરતા છે, ધર્મને વિષે નિષ્ઠા હોતી નથી, તે (માર્ગ) પુષ્ટિમાર્ગ કથાય છે ૪

यत्र प्रभुकृतौ नैव गुणदोषविचारणम् ।
तत्कृतावुत्तमज्ञानं पुष्टिमार्गः स कथ्यते ॥५॥

अक्षरार्थ —જે માર્ગમાં પ્રભુકૃતિમાં—પ્રભુકૃત રામાદિ પણ લીલાદિમાં—ગુણદોષવિચારણ નથી, (પરન્તુ) તત્કૃતિમાં—ભગવત્કૃતિમાં—ઉત્તમતાનું (જ) જ્ઞાન હોય છે, તે (માર્ગ) પુષ્ટિમાર્ગ કથાય છે ૫

न लोकवेदसापेक्ष्य सर्वथा यत्र वर्तते ।
सापेक्षता स्वामिसुखे पुष्टिमार्गः स कथ्यते ॥६॥

अक्षरार्थ —જે માર્ગમાં લોકવેદસાપેક્ષ્ય—લોકની અને વેદની સાપેક્ષતા—સર્વથા—કોઈ પણ પ્રકારે—નથી, (પરન્તુ) સ્વામીના સુખને વિષે (જ) સાપેક્ષતા હોય છે, તે (માર્ગ) પુષ્ટિમાર્ગ કથાય છે ૬

वरणे दृश्यते यत्र हेतुर्नाणुरपि स्वतः ।
वरणं च निजेच्छातः पुष्टिमार्गः स कथ्यते ॥७॥

अक्षरार्थ -જે માર્ગમાં વરણમાં—અઙ્ગીકારમાં—અણુમાત્ર પણ હેતુ નથી, સ્વત - નિજેચ્છાત - ભગવાનની ઇચ્છામાત્રે-જ વરણ છે, તે (માર્ગ) પુષ્ટિમાર્ગ કથાય છે ૭

यत्र स्वतन्त्रता भक्तेराविर्भावानपेक्षणात् ।
पूर्णानुभवरूपत्वं पुष्टिमार्गः स कथ्यते ॥८॥

अक्षरार्थ -જે માર્ગમાં (ભગવાનના) આવિર્ભાવની પણ અપેક્ષા જ નહિ હોવાથી ભક્તિની સ્વતન્ત્રતા છે, અત ([illegible] જ) પૂર્ણસુખાનુભવરૂપ છે, તે (માર્ગ) પુષ્ટિમાર્ગ કથાય છે ૮

लोकवेदभयाभावो यत्र भावातिरेकतः ।
सर्ववाधकतास्फूर्तिः पुष्टिमार्गः स कथ्यते ॥९॥

अक्षरार्थ – જે માર્ગમાં ભાવાતિરેકત – ભાવોદ્રેક હોવાને લીધે – ભાવ અતિપ્રચુર – અત્યુત્કટ – હોવાથી – લોકના તેમ જ વેદના ભયનો અભાવ છે, અને (પ્રભુવ્યતિરિક્ત કાલકર્મસ્વભાવાદિ) સર્વમાં જ બાધકતા સ્ફુરે છે, તે (માર્ગ) પુષ્ટિમાર્ગ કથાય છે ૯

सम्वन्धः साधनं यत्र फलं सम्बन्ध एव हि ।
सोपि कृष्णेच्छया जातः पुष्टिमार्गः स कथ्यते ॥१०॥

अक्षरार्थ – જે માર્ગમાં સમ્બન્ધ – સમ્યક્ બન્ધ – સાધન છે ફલ (પણ) નિશ્ચય સમ્બન્ધ જ છે, અને તે (સમ્બન્ધ) પણ કૃષ્ણેચ્છાથી જ થાય છે, તે (માર્ગ) પુષ્ટિમાર્ગ કથાય છે ૧૦

तत्सम्बन्धिषु तद्भावस्तद्भिन्नेषु विरोधिता ।
उदासीनेषु समता पुष्टिमार्गः स कथ्यते ॥११॥

अक्षरार्थ –(જે માર્ગમાં) ભગવત્ સમ્બન્ધીને વિષે ભગવદ્ભાવ ભગવદ્વિમુખને વિષે વિરોધિતા અને ઉદાસીનને વિષે સમતા – સમભાવ – હોય છે, તે (માર્ગ) પુષ્ટિમાર્ગ કથાય છે ૧૧

विद्यमानस्य देहादेर्न स्वीयत्वेन भावनम् ।
परोक्षेपि तदर्थित्वं पुष्टिमार्गः स कथ्यते ॥१२॥

अक्षरार्थ-(જે માર્ગમાં) વિદ્યમાન દેહાદિમાં (પણ) સ્વીયત્વે – મમતાએ – ભાવના નથી, પરન્તુ પરોક્ષમાં – ભગવત્પરોક્ષમાં – પણ (દેહાદિ) તદર્થી – ભગવદર્થ – છે (એમ ભાવના છે), તે (માર્ગ) પુષ્ટિમાર્ગ કથાય છે ૧૨

भजने यत्र सेव्यस्य नोपकारकृतिः क्वचित् ।
पोषणं भावमात्रस्य पुष्टिमार्गः स कथ्यते ॥१३॥

अक्षरार्थ – જે માર્ગમાં સેવ્ય પ્રભુના ભજનમાં ક્વચિદ્ ઉપકારકૃતિ નથી, ભાવમાત્રનું (જ) પોષણ છે, તે (માર્ગ) પુષ્ટિમાર્ગ કથાય છે ૧૩

भजनस्यापवादो न क्रियते फलदानतः ।
प्रभुणा यत्र तद्भावात् पुष्टिमार्गः स कथ्यते ॥१४॥

अक्षरार्थ – જે માર્ગમાં તદ્ભાવથી – પ્રભુને વિષે ભક્તનો ભાવ અતિપ્રચુર – અત્યુત્કટ – હોવાથી ફલદાનત – ફલનું દાન કરીને – પ્રભુ ભજનનો અપવાદ કરતા નથી તે (માર્ગ) પુષ્ટિમાર્ગ કથાય છે ૧૪

यत्र वा सुखसम्बन्धो वियोगे सङ्गमादपि ।
सर्वलीलानुभवतः पुष्टिमार्गः स कथ्यते ॥१५॥

अक्षरार्थ – જે માર્ગમાં સઙ્ગમથી – સંયોગાવસ્થાથી – પણ વિયોગમાં – વિપ્રયોગાવસ્થામાં – સર્વલીલાનો અનુભવ થવાથી (અધિક) સુખસમ્બન્ધ છે, તે (માર્ગ) પુષ્ટિમાર્ગ કથાય છે. ૧૫.

फले च साधने चैव सर्वत्र विपरीतता ।
फलं भावः साधनं स पुष्टिमार्गः स कथ्यते ॥१६॥

अक्षरार्थ —(જે માર્ગમાં) ફલમાં તેમ જ સાધનમાં પર્યન્ત જ વિપરીતતા છે, ભાવ જ ફલ છે, અને (ભાવ) જ સાધન (પણ) છે, તે (મર્યાદિમાર્ગાદિથી ભિન્ન માર્ગ) પુષ્ટિમાર્ગ કથાય છે. ૧૬

पश्चात्तापः सदा यत्र तत्सम्बन्धिकृतावपि ।
दैन्योद्बोधाय सततं पुष्टिमार्गः स कथ्यते ॥१७॥

अक्षरार्थ —જે માર્ગમાં તત્સમ્બન્ધિકૃતિ સતે પણ દૈન્યના ઉદ્બોધાર્થ સદા (તાપક્લેશાત્મક) પશ્ચાત્તાપ રહે છે, તે (માર્ગ) પુષ્ટિમાર્ગ કથાય છે ૧૭

आविर्भावे न सापेक्ष्यं दैन्यं यत्र हि साधनम् ।
फलं वियोगजं दैन्यं पुष्टिमार्गः स कथ्यते ॥१८॥

अक्षरार्थ —જે માર્ગમાં સાધનાન્તરની અપેક્ષા જ નથી, કેવલ દૈન્ય જ આવિર્ભાવમાં—ભગવત્પ્રાદુર્ભાવમાં—નિશ્ચય સાધન છે, (અને) ભગવદ્વિયોગજ દૈન્ય ફલ છે, તે (માર્ગ) પુષ્ટિમાર્ગ કથાય છે ૧૮

समस्तविषयत्यागः सर्वभावेन यत्र वै ।
समर्पणं च देहादेः पुष्टिमार्गः स कथ्यते ॥१९॥

अक्षरार्थ —જે માર્ગમાં સમસ્તવિષયનો ત્યાગ ([illegible]) જ છે, અને દેહાદિનું સમર્પણ સર્વભાવે (જ) કરાય છે, તે (માર્ગ) પુષ્ટિમાર્ગ કથાય છે ૧૯

विषयत्वेन तत्त्यागः स्वस्मिन् विषयता स्मृतेः ।
यत्र वै सर्वभावेन पुष्टिमार्गः स कथ्यते ॥२०॥

अक्षरार्थ —જે માર્ગમાં વિષયનો વિષયત્વે ત્યાગ થાય છે, સર્વભાવે ભગવત્કૃત સ્મૃતિની વિષયતા સ્વમાં હોય છે, તે (માર્ગ) પુષ્ટિ કથાય છે ૨૦

एवंविधैर्विशेषेण प्रकारैस्तु सदाश्रितैः ।
हृदि कृत्वा निजाचार्यान् पुष्टिमार्गो हि बुध्यताम् ॥२१॥

अक्षरार्थ —નિજાચાર્યોને—શ્રીમદાચાર્યચરણને—હૃદયમાં ધારીને 'એવંવિધ પ્રકારોએ તો વિશેષે કરીને સદાશ્રિત ભક્તોએ પુષ્ટિમાર્ગનો નિશ્ચય બોધ કર્તવ્ય છે ૨૧

निष्कर्ष —લૌકિક વૈદિક સકામ નિષ્કામ સર્વ જ સાધનનું રાહિત્ય જ આ માર્ગમાં સ્વરૂપ [illegible] વિપ્રયોગાત્મક કૃષ્ણચન્દ્રની પ્રાપ્તિમાં સાધનરૂપ છે પ્રપત્તિમૂલક પુષ્ટિભક્તિમાર્ગમાં **सर्वधर्मान् परित्यज्य**' શ્લોકોક્ત સર્વધર્મપરિત્યાગપૂર્વક કેવલ [illegible] ભગવચ્છરણનો જ સ્વીકાર હોવાથી લૌકિકવૈદિક સર્વ જ સાધનોનું રાહિત્ય પુષ્ટિમાર્ગીય ગ્રન્થોમાં સુપ્રસિદ્ધ જ જો 'યદ્યપિ નિરવદ્ય સર્વસાધનરાહિત્ય—નિઃસાધનતા—દૈન્ય—સાધન છે તથાપિ તે જ સાધન સતે પણ [illegible] ચૈકાન્ત હોવાથી ફલ પણ છે, અર્થાત્ ફલરૂપ વિપ્રયોગાત્મસ્વરૂપ જ સાધન હોવાથી ફલરૂપ પણ છે, તેથી ભગવત્સ્વરૂપથી વ્યતિરિક્ત પદાર્થાન્તર સાધનત્વે ગ્રહાતો નથી, વિરહ જ દૈન્ય પણ વસ્તુતઃ ફલાનુ-

ભક્તની જ પૂર્વદશા છે, તેથી જ આ માર્ગમાં નિઃસાધનતા—દીનતાની વૃત્તિએ સાધ્ય સર્વ જ સાધનનો અભાવ જ ઉત્તમોત્તમ સાધન અને ફલ છે. સાધન અને ફલ વસ્તુ એક જ પર્યાય હોવાથી આ માર્ગમાં સાધનત્વે સાધનનો અભાવ જ છે. '**निःसाधनजनाधीश**' નામના અવધારણે પુષ્ટિભક્તિમાર્ગીય સર્વસાધનશૂન્યતા સુવિચાર્ય છે. અમુક સેવાદિ પણ સાધને કરીને હું ભગવદાત્મ ફલને પ્રાપ્ત કરીશ એ તર્કબુદ્ધિને આ માર્ગમાં સ્થાન જ નથી. વ્રજમણ્ડન ભગવદ્ભક્તોને પણ અન્વેષણગુણગાનાદિ સર્વ જ સાધનના પણ પરિત્યાગપૂર્વક જ કેવલ જ ભગવદ્દત્ત દૈન્યભરમાં તે જ ફલરૂપા ભગવત્પ્રાપ્તિ સિદ્ધ થઈ એ ફલપ્રકરણીય શ્રીસુબોધિનીજીનું માહાત્મ્ય હૃદયારૂઢ કરાવીને કર્માન્તરની વા સાધનાન્તરની અનપેક્ષાએ કેવલ અનુગ્રહમાત્રે જ ભક્તોપયુક્ત લૌકિક વૈદિક પણ સર્વની જ સિદ્ધિ ભગવાન્ સ્વત જ કરી લે છે, અર્થાત્ નિઃસાધન ભક્તોના સાધન અને ફલ ઉભય પણ પુષ્ટિમાર્ગીય પ્રભુસ્વત જ થઈ રહે છે એ રમણીય સિદ્ધસિદ્ધાન્ત સર્વથા અવિસ્મરણીય છે. '**नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा वृणुते तनुं स्वाम्**'—આ આત્મા ન પ્રવચને ન મેધાએ ન બહુ શ્રુતે કરીને લભ્ય છે. જેને જ આ વરે છે તેણે લભ્ય છે, તેના આ આત્મા સ્વ તનુને વરે છે—'**नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप ।**'—જે પ્રકારે મારાં દર્શન તેં કર્યાં એવંવિધ મારાં દર્શન કરવા નથી શક્ય વેદોએ, નથી તપે, નથી દાને નથી ઇજ્યાએ, હે અર્જુન! હે પરન્તપ! એવંવિધ હું તો અનન્ય ભક્તિએ જણાવાને, દર્શાવાને, અને તત્ત્વે પ્રવેશાવાને શક્ય છું—'**नालं द्विजत्वं देवत्वमृषित्वं वासुरात्मजाः प्रीणनाय मुकुन्दस्य न वृत्तं न बहुज्ञता न दानं न तपो नेज्या न शौचं न व्रतानि च प्रीयतेऽमलया भक्त्या हरिरन्यद्विडम्बनम् ।**' હે અસુરાત્મજો! મુકુન્દના પ્રીણનાર્થ દ્વિજત્વ, દેવત્વ, ઋષિત્વ, વૃત્ત, બહુજ્ઞતા, દાન, તપ, ઇજ્યા, શૌચ અને વ્રતો સમર્થ નથી. હરિ **અમલ ભક્તિએ** જ પ્રસન્ન થાય છે, અન્ય સર્વ વિડમ્બન છે—ઇત્યાદિ વેદગીતાભાગવતાદિના વાક્યયૂથનો સન્દર્ભ પણ એ જ છે કે ભગવત્પ્રાપ્તિને અર્થે દાનતપઇજ્યાદિ વૈદિક સાધનો સમર્થ નથી, ભગવાન્ સ્વત જ વિધિનિષેધશાસ્ત્રમાત્રની અપેક્ષા જ વિના પણ નિઃસાધન જનનો ઉદ્ધાર સ્વસ્વરૂપબલે જ કરે છે. શ્રીમદ્ભાગવતના દ્વિતીય સ્કન્ધમાં નારદ પ્રતિ બ્રહ્માની ઉક્તિ '**अह्न्यापृतं निशि शयानमतिश्रमेण लोकं विकुण्ठमुपनेष्यति गोकुलस्थम्**'—દિનને વિષે લૌકિક કાર્યોમાં વ્યાપૃત અને રાત્રિને વિષે અતિશ્રમે શયાન સ્વ ગોકુલને વૈકુણ્ઠ લોકની ઉપ સમીપ નયન કરશે—પણ એમ જ ઉપદિશે છે કે વૈદિક વિધિનિષેધશાસ્ત્રોની અપેક્ષા વિના પણ કેવલનિઃસાધન જનનો સમુદ્ધાર શ્રીપ્રભુ અનુગ્રહમાત્રે જ કરે છે, કારણ કે શ્રીગોકુલમાં વ્રજભક્તો દિનને વિષે કેવલ ગોચારણ ગોદોહન ઇત્યાદિ લૌકિક વ્યાપારને વિષે જ વ્યાપૃત હતા અને દિનના અતિશ્રમે કરીને રાત્રિએ ભક્તિમાર્ગીય હરિગુણગાનાદિ પણ સાધન નહિ જ કરીને સત્વર શયન કરતા હતા, અર્થાત્ વૈદિક તથા ભક્તિમાર્ગીય પણ સાધન તેઓ દિનને વિષે વા રાત્રિને સમયે પણ આચરતા નહિ જ, તેમની પ્રવૃત્તિ જ સાધનમાં ન હતી, તેઓ તો સર્વ જ સાધને સર્વથા રહિત જ હતા. તથાપિ તેમને પણ વ્યાપિવૈકુણ્ઠરૂપ સ્વધામના દર્શન કરાવવામાં કેવલ ભગવત્સ્વરૂપ જ વા ભગવદનુગ્રહ જ કારણ છે. પુષ્ટિમાર્ગમાં તો લૌકિકવૈદિક સાધનના રાહિત્યે અર્થાત્ ધર્માન્તર કર્માન્તર યાગ ધ્યાન ધારણા સમાધિ યમ નિયમ જપ તપ તીર્થ સ્વાધ્યાય દેવાન્તરપૂજા મેધા પ્રવચન શ્રવણ મનન નિદિધ્યાસન નવધાભક્તિ, ઇત્યાદિ કોઈ પણ સાધનના લેશમાત્ર પણ આચરણ વિના જ સર્વધર્મપરિત્યાગપૂર્વિકા પ્રપત્તિ—કેવલ દૈન્યોત્થ ભગવચ્છરણ જ કર્તવ્ય

કાલની કર્મની અને સ્વભાવની પણ બાધિકા હોવાથી તત્સમીપ દેહાદિના ધર્મોનું વા દેહાધિકારે પ્રવૃત્ત ધર્મોનું અર્થાત્ દૈહિક વર્ણાશ્રમધર્મોનું કાંઈ પણ બંધન ચાલતું નથી, અતિ નિકૃષ્ટ કીટાદિ અનેક હીન યોનિમાંથી પણ અનુગ્રહોન્મુખ જ કોઈક પુણ્યપુંજના સાધને મનુષ્યજન્મ પ્રાપ્ત કરીને તે મનુષ્યજન્મમાં પણ અનાર્ય જન્મથી નિર્ગત થઈને આર્ય જન્મને પ્રાપ્ત કરીને, તે આર્ય જન્મમાં પણ શનૈઃ શનૈઃ શૂદ્ર જન્મનો પણ પૂર્વોક્ત પુણ્યસંપાદને ત્યાગ કરીને વેદાધ્યયનશીલ દ્વિજદેહને પણ પ્રાપ્ત કરીને ક્ષત્રિય અને વૈશ્ય દેહમાં પણ વૈદિક સાધનોનું સશાસ્ત્ર આચરણ કરીને નૈષ્ઠિક શ્રોત્રિય બ્રાહ્મણના દેહને પ્રાપ્ત કરીને જે જ્ઞાને ભગ્ન થઈને ભગવદ્ભક્તિકૃપાવશાત્ ક્રમમુક્તિને પ્રાપ્ત કરીને કૃપનિશ્ચયે અજ્ઞાન દશાથી પણ સમુદ્ધાર થઈ જાય છે એવા શુદ્ધાદ્વૈતજ્ઞાનના પ્રાચીન સનાતન સિદ્ધાન્તની પણ આ પુષ્ટિમાર્ગમાં તો વસ્તુતઃ અપેક્ષા જ નથી, કારણ કે આ પુષ્ટિમાર્ગમાં પરિપૂર્ણ પુરુષોત્તમ જીવકૃત સાધનમાત્રની જ અપેક્ષા ન રાખતા નિઃસાધન જનોના સાધન અને ફલ ઉભય સ્વતઃ જ થઈ જાય છે, **'अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ।'**—જે અનન્ય જનો મને ચિન્તતા પર્યુપાસે છે તે નિત્યાભિયુક્ત ભક્તોના યોગને અને ક્ષેમને હું વહું છું—એ ગીતાવાક્ય પણ એમ જ ઉપદિશે છે કે ભગવદ્ભક્તો તો ભગવદનુગ્રહમાત્રે જ કૃતાર્થ થઈ જાય છે અત્ર આ આકૂત છે ભગવાને મને કરીને વચને કરીને અને કાયાએ માર્ગત્રયનો સ્વતઃ પ્રાદુર્ભાવ કર્યો છે, તત્ર અન્ત્યદ્વય મર્યાદારૂપ અને પુષ્ટિરૂપ એમ માર્ગદ્વય પ્રકટ કર્યું, તત્ર જે દૈવ જીવોનો મર્યાદામાં અઙ્ગીકાર છે તેમને સાધનક્રમે જ ભગવત્પ્રાપ્તિ થાય છે, જેમ આસુરાવેશી જીવોને પણ મુક્તિનું દાનકર્તૃ સ્વરૂપે મુચુકુન્દને દોષવર્ણનપૂર્વક તદ્રહિત અગ્રિમ અન્તિમ જન્મમાં સ્વપ્રાપ્તિ કરી, પરન્તુ જે જીવોનો પુષ્ટિભક્તિમાર્ગમાં અઙ્ગીકાર છે તેમને કેવલ અનુગ્રહમાત્રે જ—પરન્તુ સાધનની અપેક્ષાએ સર્વથા નહિ જ—ભગવત્પ્રાપ્તિ થાય છે, જેમ વ્રજાદિસ્થિત ભગવદ્ભક્તોને, તત્તદઙ્ગીકારમાં પ્રભુની ઇચ્છા જ હેતુ છે અને સ્વ-નિજ-ઇચ્છા અનિયમ્યા જ છે, અને તેથી જ સાધનપ્રતિપાદકવાક્યમાત્ર મર્યાદામાર્ગપર છે, મર્યાદામાર્ગમાં અઙ્ગીકૃત જીવોની તે પ્રકારે જ પ્રવૃત્તિ અને ફલ પણ છે, પુષ્ટિમાર્ગમાં તો અઙ્ગીકૃત જીવો **'तस्मान्मद्भक्तियुक्तस्य योगिनो वै मदात्मनः न ज्ञानं न च वैराग्यं प्रायः श्रेयो भवेदिह । यत्कर्मभिर्यत्तपसा ज्ञानवैराग्यतश्च यत् तत् सर्वं मद्भक्तियोगेन मद्भक्तो लभतेऽञ्जसा ।'**—તેથી મદ્ભક્તિયુક્ત મદાત્મા યોગીને નિશ્ચય નહિ જ્ઞાન કે નહિ વૈરાગ્ય આ જગત્‌માં પ્રાય શ્રેય થાય છે, જે કર્મથી જે તપથી અને જે જ્ઞાનવૈરાગ્યથી (પ્રાપ્ત થાય છે) તત્સર્વ, મદ્ભક્તિયોગે મદ્ભક્ત અઞ્જસા પ્રાપ્ત કરે છે—ઇત્યાદિ ભગવદ્વાક્યોએ જ્ઞાનાદિસાધનરહિત જીવોના જ હિતાર્થ ભક્તિનું કથન છે ભગવદ્ભક્તિ સ્વતન્ત્રસ્વભાવ ને ઇતરસકલસાધનાભાવ હોવાથી ભક્તિમાં ઇતર સાધનસાપેક્ષતા નથી **'भगवान् भजतां मुकुन्दो मुक्तिं ददाति कर्हिचित् स्म न भक्तियोगम्'** મુકુન્દ ભગવાન્ ભજનકર્તાને મુક્તિનું દાન કરે છે, પરન્તુ ભક્તિયોગનું દાન કરતા નથી—વાક્યમાં પણ મુક્તિસાધનપૂર્ણ જીવોને પણ ભગવાને જ ભક્તિની પ્રાપ્તિ થાય છે અને અન્યને ન પ્રાપ્તિ થાય છે એમ નિરૂપણ હોવાથી ભક્તિમાં અનુગ્રહથી ઇતર સાધનમાત્રમાં યત્નનો નિરાસ થઈ રહે છે આ માર્ગમાં શરણનું જ પ્રાધાન્ય હોવાથી ભગવાન્ યોગ્યતાદિવિચારણા કરતા નથી **'मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम्'** (હે પાર્થ ! મારો નિશ્ચલ આશ્રયમાત્ર કરીને જેઓ પણ પાપયોનિ—નીચજાતિ સ્ત્રીઓ વૈશ્યો તથા શૂદ્રો હોય તેઓ પણ પરા ગતિને પ્રાપ્ત થાય છે ગીતાવાક્યનું પણ આ સ્વારસ્ય છે **'न मे भक्तः प्रणश्यति'** મારો ભક્ત કદાપિ પ્રકર્ષ નાશને પ્રાપ્ત થતો નથી એમ ભગવાનની પ્રતિજ્ઞા હોવાથી ભગવદ્ભક્ત કદાપિ

વિષયે પરાભૂત થઈને ભવામ્બુધિમાં નિમગ્ન થતો નથી પરન્તુ પરા જ ગતિને પ્રાપ્ત થાય છે. એ જ પુરુષોત્તમનું સર્વસમર્થત્વ અને દયાળુત્વ છે કે અતિરાજસ અતિતામસ મહાપતિત પણ સ્વસમ્બદ્ધ ભક્તો સમ્બન્ધમાત્રે પવિત્ર થઈ જાય છે. અત એવ શ્રીમદાચાર્યચરણે '**सर्वोद्धारप्रयत्नात्मा कृष्णः प्रादुर्बभूव ह**'—સર્વોદ્ધારપ્રયત્નાત્મા કૃષ્ણ પ્રાદુર્ભવ્યા—એમ નિબન્ધમાં અને '**ये भक्ताः शास्त्ररहिताः स्त्रीशूद्रद्विजबन्धवः तेषामुद्धारकः कृष्णः स्त्रीणामत्र विशेषतः**' જે ભક્તો શાસ્ત્રરહિત હોય જેઓ સ્ત્રી શૂદ્ર અને દ્વિજબન્ધુ હોય તેમના ઉદ્ધારક કૃષ્ણ છે, સ્ત્રીઓના અત્ર વિશેષે કરીને—એમ શ્રીસુબોધિનીજીમાં નિરૂપ્યું છે. આ જ પ્રકારે પૂતનાદિ પાપયોનિ સ્ત્રીઓ ઉદ્ધૃત થઈ ગઈ. '**तेनाधीतश्रुतिगणा नोपासितमहत्तमाः नासां द्विजातिसंस्कारो न निवासो गुरावपि न तपो नात्ममीमांसा न शौचं न शुभाः क्रियाः**'—તે અનધીતશ્રુતિગણોએ મહત્તમની—ભક્તોની—ઉપાસના કરી ન હતી, તેમને ન હતો દ્વિજાતિસંસ્કાર કે ન હતો ગુરુસમીપ નિવાસ, ન હતું તપ કે ન હતી આત્મમીમાંસા, ન હતું શૌચ કે શુભ ક્રિયાઓ—એ ભાગવતવાક્યે તેમ જ '**केवलेनैव भावेन गोप्यः**'—કેવલ ભાવે જ ગોપીઓ સર્વસાધનરહિતતાએ પ્રતિપાદ્યમાના અને લૌકિકમાં જ વ્યાપૃતા ભારતમાં રહેતી પ્રસિદ્ધ વ્રજપુરવનિતાઓ, ભારતમાં વ્યાધ તુલાધારાદિ વૈશ્યો અને પ્રસિદ્ધ જ નન્દાદિ વ્રજવાસીઓ, શરીરને વિષે ઉત્પન્ન વિદુરાદિ શૂદ્રો, અને જે પાપયોનિ—હીનજાતી હૂણયવનશબરાદિ—શ્રીમતી પુલિન્દીજીઓ સર્વે જ **माम्**—મને—વાત્સલ્યજલધિ કરુણાવરુણાલય મહાપતિતપાવન અશરણ્યશરણાગત જ વ્રજપાલક પુરુષોત્તમને—યેન કેનચિદ્ ભાવે આશ્રીને—મારા આશ્રયમાત્રે જ પરા ગતિને પ્રાપ્ત થયા છે. અત્ર આ વૈલક્ષણ્ય છે કે વૈદિક મર્યાદામાર્ગમાં પુરુષત્વને અને તત્ર પણ ત્રૈવર્ણિકત્વને જ અગ્રે કરીને નૈષ્ઠિક વેદાધ્યયનસમ્પન્ન બ્રાહ્મણની સેવાદ્વારા સ્ત્રીશૂદ્રાદિની મુક્તિ સ્વીકારી છે પરન્તુ તેથી વિપરીત આ પુષ્ટિમાર્ગમાં તો શ્રીમદાચાર્યચરણે નિઃસાધન સ્ત્રીશૂદ્રાદિને જ અગ્રે કરીને તદ્દ્વારા જ ત્રૈવર્ણિક પુરુષોની યથાધિકારફલપ્રાપ્તિ સ્વીકારી છે. '**स्त्रीशूद्राद्युद्धृतिक्षम**' શ્રીમદાચાર્યચરણે અંગીકૃત જીવોમાં અધુના પણ આ નિઃસાધનતાની જ પ્રણાલી શુદ્ધમર્યાદાપૂર્વક સંસ્થાપ્ય છે, તેમાં પૂર્વોક્ત કર્મમુક્ત્યર્થક સાધનનો આદર નથી, પરન્તુ '**सर्वधर्मान् परित्यज्य**' શ્લોકોક્ત સર્વધર્મપરિત્યાગપૂર્વક પ્રપત્તિને—શ્રીગોકુલેશાશ્રયને—જ સર્વથા સ્વીકારવામાં આવે છે. અત એવ સારસ્વતકલ્પમાં શ્રીકૃષ્ણની સ્વરૂપતઃ અવતારદશામાં વર્ણની અને કર્મની અપેક્ષા વિના જ કેવલ ભગવદાશ્રયનું જ અવલમ્બન કરીને નિઃસાધન શ્રીગોપીજનોનો જેવો ભાવપ્રધાન ત્યાગાત્મક વિરહાનુભવાર્થ ગૃહસ્થધર્મ હતો તેવો જ ભાવપ્રધાન ત્યાગાત્મક વિરહાનુભવાર્થ ગૃહસ્થધર્મ અધુના શ્વેતવારાહકલ્પમાં પણ શ્રીમહાપ્રભુજીરૂપ વાક્પતિ અવતારદશામાં પણ આધુનિક ભગવદીયોનો ચાલતો જ રહ્યો છે. આ માર્ગમાં લૌકિક તેમ જ વૈદિક કર્મોના અકરણે પ્રત્યવાયભાવનો સમ્ભવ જ ન હોવાથી તદ્ભય તો સર્વથા જ નથી. પુષ્ટિની—ભગવત્કૃપાની—અપેક્ષાએ સત્ કર્મ અને સદાચાર ઇત્યાદિનું અત્ર વ્યર્થ જ થઈ જાય છે, '**आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चन**' '**एवं मदर्थोज्झितलोकवेदस्वानाम्**' '**नारायणपराः सर्वे न कुतश्चन बिभ्यति**' ઇત્યાદિ વાક્યયૂથ અત્ર પ્રમાણ છે. આ પુષ્ટિમાર્ગમાં—પુષ્ટિભક્તોના ભાવોત્કર્ષ છે, ભાવ અતિપ્રચુર—ઉત્કટ—જે ગૃહસ્થિત પદાર્થમાત્રમાં પણ પ્રભુવિનિયોગિત સર્વ જ ભાવક છે એમ શ્રુતિ સ્પષ્ટ કહે છે. આ માર્ગમાં સ્વરૂપસમ્બન્ધ જ સાધન અને ફલ એમ ઉભય છે, માર્ગાન્તરમાં વૈદિક સાધનોએ મોક્ષ—સદ્ગતિરૂપ—ફલ છે, અત્ર મોક્ષથી વિરુદ્ધ **सम्बन्ध**—સમ્યગ્ બન્ધ—કહેલ છે તે સમ્બન્ધ ફલ છે એટલું જ નહિ પરન્તુ તે જ સમ્બન્ધ સાધન પણ છે, મુખ્યફલની જ પૂર્વદશા છે, અને આ સમ્બન્ધ પણ સ્વેચ્છામાત્રથી જ થાય છે

સંવત્ ૧૯૮૧ના ભાદ્રપદ શુક્લ એકાદશીએ મુંબાઈમાં શ્રીપુરુષોત્તમોત્સવ
પ્રસંગે વે. શા. સ. મગનલાલ શાસ્ત્રીજીએ પ્રમુખત્વે કરેલો

ઉપસંહાર.

શ્રીમદ્ગોસ્વામી શ્રીપુરુષોત્તમજીમહારાજનો પ્રાકટ્યોત્સવ આપણે પ્રથમ જ વાર આ મુંબાઈમાં ઉજવવાને [illegible] છીએ, અને તેમાં ઉભય વિભાગે શ્રીમાન્ ગોસ્વામીઓ આજ ઉપસ્થિત થયા છે એ આપણું અહોભાગ્ય છે. આપણો 'બ્રહ્મવાદ' જ નિત્ય સનાતન વૈદિક ધર્મ છે, અને જો કોઈ પણ વાડા બંધાયા હોય તો તે આપણા અખણ્ડ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના જ કેવળ ઉદ્દેશ છે. વેદના પ્રારમ્ભમાં, મધ્યમાં, અને અન્તમાં, બ્રાહ્મણોમાં, કલ્પસૂત્રાદિમાં, આરણ્યકમાં, ઉપનિષદ્‌માં આ અખણ્ડ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ વિના અન્ય કાંઈ પણ ઉપદિષ્ટ નથી. શ્રીમદ્ભગવદ્ગીતામાં પુરુષોત્તમ શ્રીકૃષ્ણ અક્ષરે અક્ષરે આ બ્રહ્મનિનાદ કરે છે. કૃષ્ણદ્વૈપાયન વેદવ્યાસ બાદરાયણ પણ બ્રહ્મસૂત્રમાં એ જ બ્રહ્મવાદનો ભક્તિસમન્વયે ઉપદેશ કરીને પ્રપત્તિનો-શરણનો-સંગ્રહ કરે છે, અને સર્વોત્કૃષ્ટ શ્રીમદ્ભાગવત પ્રસ્થાન તો પદે પદે અનુગ્રહાત્મક પુષ્ટિનો જ ડિંડિમઘોષ કરે છે.

શ્રીપુરુષોત્તમજીના ગ્રન્થના લક્ષણો વિષે વૈ. તેલીવાળાએ અને શ્રીમદ્વલ્લભાચાર્યાદિની નિસ્પૃહતા વિષે વૈ. ધીરજલાલભાઈએ એટલું તો વિવેચન કર્યું છે કે તે વિષે વિવેચન-વિશેષ ન કરતાં શ્રીમદાચાર્યચરણ, શ્રીવિઠ્ઠલેશ, શ્રીગોકુલેશ, શ્રીહરિરાયજી ઇત્યાદિએ જે પ્રમેયાત્મક ભાવપ્રધાન માર્ગનું નિરૂપણ કર્યું હતું તેજ સિદ્ધાન્તને પ્રમાણત્વે પોષક શ્રીપુરુષોત્તમજીના કેટલાક ગ્રન્થોનો પરિચયમાત્ર હું આપને કરાવીશ.

“ભાષ્યપ્રકાશ” શ્રીપુરુષોત્તમજીનો ઉત્તમોત્તમ ગ્રન્થ છે, અને તેની ઉત્તમતા એ છે કે તેના પ્રત્યેક સૂત્રમાં, અધિકરણમાં શ્રીમદ્વલ્લભાચાર્યજીના જ સિદ્ધાન્તના સ્પષ્ટીકરણમાત્રે સન્તોષ નહિ માનતાં શંકર, ભાસ્કર, રામાનુજ, મધ્વ, ભિક્ષુ, અને નીલકણ્ઠ એ છ ભાષ્યકારોની ટીકામાંથી પણ અક્ષરશ: ઉપન્યાસ કરીને તેમની સુંદર સમીક્ષા કરીને બ્રહ્મસૂત્રનો સિદ્ધાન્ત અખણ્ડ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ જ છે એમ આધુનિક વિદ્વાનોને પણ અત્યન્ત આદરણીય શૈલીથી પ્રતિપાદન કર્યું છે. શ્રીપુરુષોત્તમજીની વૃત્તિ કેવળ બ્રાહ્મી હતી. સામ્પ્રત આરોપિત રાજભક્તિનો આ વિદ્વાન ગોસ્વામીમાં લેશમાત્ર પણ અંશ ન હતો. પ્રાપ્ત સમ્પત્તિનો પણ ભગવદ્વિદ્યાના પ્રચારમાં જ તેઓશ્રીનો વિનિયોગ સર્વથા આદરણીય છે.

ઉપનિષદોની દીપિકાઓ, શ્રીમદ્ભગવદ્ગીતાની તેમના પિતૃ-[illegible]કૃત ગીતાટીકાની-પરિશુદ્ધિ, ભાષ્યપ્રકાશ, સુબોધિનીપ્રકાશ, આવરણભંગ, નિબન્ધયોજના, જૈમિનિસૂત્રભાષ્યવિવરણ, ષોડશગ્રન્થવિવૃતિ, પ્રકરણાદિના ગ્રન્થ અને પ્રસ્થાનરત્નાકર ઇત્યાદિ મર્મપૂર્ણ ગ્રન્થોમાં આ લક્ષણો કોઈ પણ વાચકને સુપ્રતીત થયા વિના રહે તેમ નથી, તેથી આપણા સમ્પ્રદાયનું [illegible] આ શ્રીપુરુષોત્તમજીની શ્રેણીનું ભવિષ્ય અત્યન્ત ઉજ્જ્વલ છે એમ હું આગ્રહપૂર્વક કહું છું. જે માર્ગ અખણ્ડ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ ઉપર પ્રકટ થયો છે, જે માર્ગ અનન્ય ભક્તિનો અત્યન્ત આગ્રહ કરે છે અને જે માર્ગમાં કાંઈ પણ શક્ય ન હોય તો કેવળ પ્રભુના શરણગમનનો જ ઉપદેશ છે એ માર્ગ વિશ્વધર્મ થયા વિના સર્વથા રહેશે જ નહિ, અને તેથી આજે અને અહિં જ આપણે એ શ્રીપુરુષોત્તમમણ્ડળનું સ્થાપન કરીએ, જેમાં એક પાઈની પણ ભાગે કોઈની અપેક્ષા નથી, પરન્તુ જેમાં આપણે સર્વેએ આપના કાલનો થોડોક ભાગ આપીને પ્રતિરવિવારે વા પ્રતિસોમવારે અથવા તે ઉભય દિવસ, અથવા પ્રતિપક્ષે પણ એક વાર અવશ્ય શ્રીપુરુષોત્તમજીના ગ્રન્થોનું 'અધ્યયનાધ્યાપન' કરવાનું છે. આ મણ્ડળે ક્યાં અને ક્યારે મળવું ઇત્યાદિનો નિર્ણય કરવાને વૈ. ધીરજલાલ સાકરીઆ, વૈ. મગનચંદ તેલીવાળા, વૈ. વાડીલાલ નગીનદાસ શાહ, વૈ. જમનાદાસ ગોવર્ધનદાસ, વૈ. ગોવર્ધનદાસ જમનાદાસ, વૈ. સુન્દરલાલ મણિલાલ, વે. શા. સ. ચીમનલાલ હરિશંકર, અને વે. શા. સ. હરિકૃષ્ણ વીરજી એટલા વૈષ્ણવોને હું આ સત્કાર્યમાં નિયોજું છું, અને તેમને જો કોઈ પણ સહાયકની અપેક્ષા હોય તો એવા અન્ય પણ નામો [illegible] કરી લેવાને [illegible] પૂર્ણ અધિકાર પણ આપું છું [1]

---

[1] આ મણ્ડળ મુંબાઈમાં સ્થપાયું છે એટલું જ નહિ પરન્તુ પ્રતિ રવિવારે પૂનાથી મગનલાલ શાસ્ત્રી મુંબાઈ આવીને અણુભાષ્યનું અને પ્રતિસોમવારે શ્રીપુરુષોત્તમજીના વાઙ્મયનું [illegible] પ્રવચન કરે છે એ જણાવતાં આનન્દ થાય છે

માટે તો અન્ય સૂચનારૂપ અણુભાષ્ય વિષે કરવાનું છે એમાંની પ્રથમ સૂચના એ છે કે અદ્યપર્યન્ત અણુભાષ્ય પધાર્યે પ્રતિવર્ષે લઈ શકાતુ હતુ, પણ હવેથી તો તે પ્રતિવર્ષ એમ. એ ની પરીક્ષામાં નહિ [illegible] પહેલા અણુભાષ્ય એકનું જ લેવાતું, ત્યારે હવે તે શ્રીપુરુષોત્તમજીના પ્રકાશ સાથે લેવાનું છે ભાષ્યપ્રકાશનું અધ્યયન તેના ગુર્જર વા આંગ્લ અનુવાદ વિના દુષ્કર છે, તેથી પ્રથમ તો આપણે આ અનુવાદ સિદ્ધ કરવો ઉચિત છે એમ એ મા વેદાન્ત લેનાર પ્રાય ' [illegible] ગોકુળજી ઝાલા વેદાન્ત " પારિતોષિકાર્થ યત્ન કરે છે અને શાઙ્કરવેદાન્તમા અમુક વર્ષે જે પુસ્તકો નિયોજ્યા હોય છે તે જ પુસ્તકો [illegible] ગોકુળજી ઝાલા વેદાન્ત પારિતોષિકાર્થ પણ નિયુક્ત હોવાથી યદ્યપિ આપણુ ભાષ્ય પ્રતિવર્ષ નિયોજાયુ તથાપિ આપણુ અણુભાષ્ય લે તેવો પરીક્ષ્ય ભાગે જ આવશે, કારણ કે શઙ્કરનાં [illegible] ભાષાન્તર થયલુ છે અને શાઙ્કરવેદાન્ત લેવાથી તે સ્વલ્પ શ્રમે શાઙ્કર વેદાન્તમા ઉત્તીર્ણ થાય છે, અને ઝાલા પારિતોષિક પણ પ્રાપ્ત કરી જાય છે આ વૈષમ્યના પ્રતિવિધાનાર્થ આપણામાંથી ધનિક વૈષ્ણવો અનિમિત્તક એક સ્કૉલરશિપ માટે અથવા એક પારિતોષિક માટે અમુક રકમ યુનિવર્સિટિને સોંપ્યા વિના અન્ય ગતિ જ નથી, ખાનગી પારિતોષિક મહારાજશ્રી શ્રીગોકુલનાથજી આપે એ તેઓશ્રીને અને આપણા સમ્પ્રદાયને યદ્યપિ શોભાસ્પદ જ છે, તથાપિ યુનિવર્સિટિમાંથી પારિતોષિકનામ પ્રાપ્ત થાય નહિ તત્પર્યન્ત અણુભાષ્ય લઈને પણ ઉત્તીર્ણ પરીક્ષાને અંગે ગત્યાદિમા લાભ થવાનો સંભવ બહુ જ ન્યૂન છે આ [illegible] વર્ષમા માત્ર એક જ જણ અણુભાષ્ય લઈને એમ એ મા ઉત્તીર્ણ થયો છે, અને તે પણ અમુક સંયોગોને લીધે જ. યદિ આવી જ ઉપેક્ષા અણુભાષ્ય માટે રાખવામાં આવશે તો મને એમ પણ ભય રહે છે કે જેમ ગીતાભાષ્ય માટે કોઈ પણ પરીક્ષક નહિ આવવાથી તે ભાષ્ય નીકળી ગયુ, તેમ આપણા અણુભાષ્યનુ પણ કદાચિત્ થઈ જાય પ્રભુ આપણને જાગૃતિ આપો

ઉપકાર

પ્રભુએ પ્રત્યુપકાર માનતા જણાવ્યુ કે મારો ઉપકાર માનવો જોઈએ નહિ, કારણ કે હું તો માત્ર મારુ જ કર્તવ્ય કરુ છુ અને હુ સર્વ પાસે આશીર્વાદ યાચુ છુ કે મારુ કર્તવ્ય કરવાના સામર્થ્યનુ દાન મને આપના આશીર્વાદથી શ્રીમહાપ્રભુજી કરે

* * * * *

આગમન માનતા પોતા ઉપર ઉપકાર થયાની વિજ્ઞપ્તિ અત્યન્ત અસત્ય જ છે એમ જણાવતા પ્રભુએ જણાવ્યુ કે શ્રીમહાપ્રભુજી માન્ય છે, અને તેમના જ વંશજ શ્રીગોકુલનાથજી મહારાજ હોવાથી શ્રીમદ્પ્રભુજીના [illegible] માનો અને શ્રીગોકુલનાથજી મહારાજનો સમ્બન્ધ લૌકિક વા અનિત્ય નથી, પરન્તુ નિત્ય અને અલૌકિક છે અને તેથી જ શ્રીગોકુલનાથજી તમારા છે, અને [illegible] શ્રીગોકુલનાથજી પણ એમ તમે નિશ્ચયે જ માનજો. એટલુ જ નહિ પણ રત્નાનુપ્રસઙ્ગમા જેમ હરિચિત્તમુનિએ પોતાના અગ્નિનો ઉપયોગ દર્શાવ્યો હતો, તેમ જે આપણા દૈવમાર્ગના રક્ષણાર્થે આ મારા અગ્નિનો પણ ઉપયોગ થઈ શકતો હોય તો તે ઉપયોગ કરવાને અર્થાત્ [illegible] પામેલી જે સેવા આપને ઉચિત લાગે તે સર્વથા લેવાને આપ સર્વને પરિપૂર્ણ સત્તા છે [illegible] મહારાજશ્રીને કરુ વિનતિ કરુ જ છુ તેટલામાંથી મારા ઉપર અનુગ્રહ થનાર છે એ વિજ્ઞપ્તિ અસત્ય જ છે અને એવા અસત્યનો આશ્રય લેનાર પ્રાણિ વિજયી થઈ શકે નહિ આપણા સમ્પ્રદાયમા એમ વ્યવહાર તો સુવિદિત જ છે (અને શ્રીગુસાંઈજીના સમયથી એ ચાલે જ આવે છે) કે સેવક-શિષ્ય-અવિનય નિન્દનીય ગુરુને [illegible] છે, અને ગુરુ પણ શિષ્યને [illegible] બાહ્યરૂપ જ [illegible] છે, પરન્તુ તેટલા માત્રથી પરસ્પર [illegible] છે, એમ લોકમા દર્શાવવાનો પ્રયત્ન અસત્ય હોવાથી [illegible] છે

સમાપ્તિમા શ્રીગોવર્ધનનાથજીની શ્રીમહાપ્રભુજીની શ્રીગુસાંઈજી અને શ્રીપુરુષોત્તમજીમહારાજ પ્રભૃતિના જયઘોષ અનન્તર સભા વિસર્જન થઈ હતુ

॥ श्रीकृष्णाय नमः ॥

॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥

॥ श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ॥

[illegible] ।

[illegible] ॥

पुष्टिसुधा

પુસ્તક ૫-મુ { કાર્તિક શુદ્ધ ૧૫ સંવત ૧૯૮૨ } અંક દ્વિતીય

॥ विषयानुक्रमणिका ॥

	विषय.	लेखकादि	पत्राङ्क.
१	श्री[illegible]	[illegible]	१-१२
२	'[illegible] प्रभु' [illegible]	[illegible]	१-४
३	[illegible]	"	१-[illegible]
४	[illegible] ।	[illegible]	[illegible]-१८
५	[illegible]	प्रकाशक	
६	शुद्धि	[illegible]	४

[illegible]   મુદ્રક

વૈ. શા. સ. મગનલાલ ગણપતિરામ શાસ્ત્રી   [illegible] નાયક,
એમ. એ., બિ. એ., એલ., એલ. બિ.,   શ્રી 'આનંદવિજય [illegible]' [illegible]
એમ. આર. એ. એસ. (બા) પુના [illegible]   [illegible]

તંત્રી   પ્રકાશક

ગોવિંદલાલ હરિગોવિંદ ભ. એમ. એ.   [illegible]
વડોદરા   "પુષ્ટિસુધા" કાર્યાલય [illegible]

વાર્ષિક લવાજમ રૂ. ૨-૪-૦   છૂટક અંકના ૦-૪-૦

૧ મુમ્બાપુરીમાં માધવબાગમા શ્રીગોપાષ્ટમીને દિવસે અપૂર્વ સભા મળી હતી, જેમાં નગરીના મુખ્ય હિન્દુ ગૃહસ્થો ઉપસ્થિત થયા હતા સભાનું પ્રમુખપદ સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસને અર્પવામા આવ્યુ હતુ, તથાપિ મુમ્બાસ્થ યાવન્માત્ર ઉપસ્થિત શ્રીમદ્ગોસ્વામિવર્ગ વૈષ્ણવપરિષદ્વત્ અધ્યક્ષ હતો જ (૧) પોતાની વિરુદ્ધ તીવ્ર અપ્રસન્નતાનો (૨) તે પત્રના બહિષ્કારનો અને (૩) ઉક્ત ઉભયે ઠરાવની પ્રતિ સરકારમા મોકલી આપવાનો એમ સર્વ મળીને ત્રણ ઠરાવો સર્વાનુમતે કરવામા આવ્યા હતા દેશપરદેશથી આવેલા ત્રીસેક તાર વાચવામા આવ્યા હતા તેથી પણ સ્પષ્ટ જ પ્રતીતિ થતી હતી કે વૈષ્ણવોના પરમનિધિ શ્રીનાથજીના પણ દિવ્ય સ્વરૂપની નિન્દાકાર પત્ર સર્વત્ર જ વૈષ્ણવોની અપ્રીતિભાજનુ પાત્ર થઈ પડ્યુ છે યદ્યપિ સર પુરુષોત્તમે નિજ ભાષણની સમાપ્તિમા પ્રદર્શિત શ્રદ્ધા સ્વાભાવિક હોવાથી સ્તુત્ય જ છે, પરન્તુ તે શ્રદ્ધા જ્ઞાનમૂલક પણ થાઓ એમ અમે ઇચ્છીએ છીએ, એ કથનામા અમારો એ આશય છે કે પુષ્ટિસમ્પ્રદાયના ગ્રન્થો પ્રસિદ્ધ થયા જાય છે જ, તેથી સર પુરુષોત્તમદાસજેવા સદ્ગૃહસ્થોએ પ્રમુખપદમાત્રથી જ સન્તુષ્ટ નહિ થઈ જતા યથાવકાશ પણ પુષ્ટિમાર્ગીય ગ્રન્થો આગ્રહપૂર્વક વાચવા જોઇએ, અને પુષ્ટિમાર્ગીય સાહિત્યની પ્રસિદ્ધિમા પણ સહાયક થવુ જોઇએ

* * * * * *

૨ લક્ષ્મીત્રયોદશીને દિવસે મુમ્બાનગરીના ધનાઢ્ય વૈષ્ણવોની સભા ચન્દ્રબાગમા મળી હતી, યત્ર મુમ્બાસ્થ સર્વ શ્રીમદ્ગોસ્વામીઓ પણ ઉપસ્થિત હતા, અને પ્રમુખપદ શ્રીગોકુલનાથજીએ અલંકૃત કર્યું હતુ આ સભાએ એક 'પુષ્ટિમાર્ગપ્રચારમણ્ડલ'ની સ્થાપના કરી છે, જેના વ્યવસ્થાપક ભગવદ્ધર્મપરાયણ શેઠ પરાગજી સૂરજી થયા છે મણ્ડલનો ઉદ્દેશ સમ્પ્રદાયનો ઉત્કર્ષ સાધવાનો હોવાથી પ્રશસ્ય છે ભાષાચતુષ્ટયમા શ્રીમદણુભાષ્ય ઉપર નિબન્ધ લખાવવો લાભપ્રદ પણ લેખાય, પરન્તુ પુષ્ટિમાર્ગીય ધનાઢ્યનુ ભગવદર્થક ધન શાઙ્કરભાષ્ય ઉપર ભાષાદ્વયમા નિબન્ધ લખાવવામા વિનિયોજાય એમા અમારી લેશમાત્ર પણ સમ્મતિ નથી પુષ્ટિસમ્પ્રદાયની સમ્પત્તિએ શાઙ્કરભાષ્ય ઉપર નિબન્ધ લખાવાય અને તે નિબન્ધના પરીક્ષકોનુ પણ વરણ શઙ્કરાચાર્ય કરે ત્યારે તો અનિચ્છાએ પણ એ જ અનુમાન પ્રાપ્ત થાય છે કે (૧) શાઙ્કરભાષ્યનિબન્ધપરીક્ષકોનુ વરણ કરી શકાય એટલુ પણ પાણ્ડિત્ય સામ્પ્રદાયિક આચાર્યવંશમા આ ધનાઢ્ય વર્ગને પ્રતીત થતુ નથી (૨) પુષ્ટિમાર્ગીય ભગવદર્થક વિત્તનો વિનિયોગ ક્વ કદા અને કથં કર્તવ્ય એનુ પણ ભાન આ ધનિકોને નથી, અને (૩) સમ્પ્રદાય ઉપર પ્રાપ્ત આપત્કાળમા માયાવાદીઓ રુષ્ટ ન થતા પ્રસન્ન રહે એ ઉદ્દેશે માયાવાદીએ સહ ભ્રાતૃભાવને ઉત્કોચે પણ સાધવો એમ પણ પરાગજીશેઠની અને તદનુસારી વર્ગની મતિ થઈ છે અણુભાષ્યના પણ નિબન્ધ વિષયે અમારો નમ્ર અભિપ્રાય તો એ છે કે અપક્વ અભ્યાસકમાત્રને આવા મૂલપ્રમાણગ્રન્થોપરિ નિબન્ધ લખવાને પ્રેરવા તે કરતા જે સામ્પ્રદાયિક વિદ્વાનોનો પરિપક્વ અભ્યાસ છે અને જેમની વસ્તુત પરીક્ષક થવાની પણ યોગ્યતા છે તેવા વિદ્વાનોને જ વ્યવસ્થાપકે પ્રાર્થના કરવી જોઇએ કે 'ભાષ્ય જેવા સર્વતોમુખ ગ્રન્થ ઉપર નિબન્ધ લખવાની આપની જ યોગ્યતા સ્વીકારુ છુ અને તેથી આપ મહાનુભાવને વિજ્ઞપ્તિ કરુ છુ કે આ નિબન્ધ કૃપા કરીને આપ સિદ્ધ કરો, પારિતોષિકનાલાભે આપ નિબન્ધ લખશો એમ હુ ક્ષણમાત્ર પણ સ્વીકારતો જ નથી, કારણ કે આપના પરિશ્રમનુ યથાર્થ મૂલ્ય તો શ્રીકૃષ્ણ જ જાણી શકે છે, અથાપિ આપ નિબન્ધ લખીને પારિતોષિકનો સ્વીકાર કરશો તો હુ ઉપકૃત થઈશ' આવો એક પણ નિબન્ધ એક પણ ભાષામા સંસિદ્ધ કરાવ્યા પછી તેમા શુદ્ધિવૃદ્ધિ પણ કરી લીધા પછી તે નિબન્ધને એક એવુ વિશિષ્ટ સ્વરૂપ પ્રાપ્ત થઈ જશે કે અન્ય ભાષામા પણ તે જ સંસિદ્ધ નિબન્ધનો અનુવાદ પ્રમાણત્વે વાચ્ય ગ્રન્થ ગણાશે પ્રાપ્ત સર્વ ભાષ્યનું જેણે તુલનાત્મક અધ્યયન કરીને સર્વભાષ્યથી અણુભાષ્યના ઉત્કર્ષનું બુદ્ધિપૂર્વક મણ્ડન કર્યું છે તેવા જ વિરલ વિદ્વાનોનો આવો નિબન્ધ લખવાનો અધિકાર છે આવા આદર્શ નિબન્ધના અભાવમા પારિતોષિકલાલસુ ય કશ્ચન અપરિપક્વબુદ્ધિએ લિખિત નિબન્ધ સર્વથા દીર્ઘાયુ નહિ જ થાય, ઉદાહરણ શ્રીગોકુલનાથજીએ લખાવેલા સર્વ જ નિબન્ધ

* * * * * *

वे. शा. सं. मगनलाल शास्त्रीजीनुं भाषण

“श्रीहरिरायजी”

ઉપક્રમ

ભાદ્રપદકૃષ્ણપક્ષસપ્તમીએ શ્રીહરિરાયજીના પ્રાકટ્યોત્સવનિમિત્તે શ્રીમદ્વૈષ્ણવપરિષદ્ તરફથી એક સુમહતી પ્રસિદ્ધ સભા ગત સૌમ્યવાસરે સાયં પઞ્ચવાદનસમયે મુમ્બાપુરીમા માધવબાગમા મળી હતી તત્પ્રસઙ્ગે પુનાની ડેક્કન કૉલેજના સંસ્કૃતના વ્યાખ્યાતા પ્રોફેસર ભગવાન ગણપતિરામ શાસ્ત્રીજી એમ્. એ. એમણે ‘શ્રીહરિરાયજી’એ વિષયોપરિ મનનીય વ્યાખ્યાન આપ્યુ હતુ પ્રમુખસ્થાને શ્રીવલ્લભાચાર્યજીના ચિત્રજીને પધરાવવામા આવ્યા હતા અને તેઓશ્રીના ઉત્સઙ્ગમા શ્રીહરિરાયજીના ચિત્રજીને પધરાવ્યા હતા અખિલ સભાસદન વૈષ્ણવ સ્ત્રીપુરુષોથી સંપૂર્ણ ભરાઈ ગયુ હતુ, અને કેટલાકને તો સ્થલ પણ નહિ મળી શકવાથી ચાલ્યા જવુ પડ્યુ હતુ

સભાનો સમય થતા વૈષ્ણવપરિષદ્‌ના માનનીય મન્ત્રી વૈ. મૂલચન્દ્ર તેલીવાલાએ જણાવ્યુ કે ગત સોમવાસરે શ્રીહરિરાયજીને વિષે સભા મળી હતી, તથાપિ આજે પણ આ સભા બોલાવવાનુ શુ પ્રયોજન હશે એ સમ્બન્ધમા મારે કાંઈક કહેવુ જોઈએ સમ્પ્રદાયમા શ્રીહરિરાયજી એક એવી મહતી વ્યક્તિ થઈ ગઈ છે કે જેને અર્થે એક જ નહિ પરન્તુ અનેક સભાઓ મળે તો તેમા સમ્પ્રદાયનુ ભૂષણ છે, તેથી આ સભા ગત સોમવાસરની સભાથી વિરુદ્ધ બોલાવી છે એમ માની લેવાનુ નથી, પરન્તુ જે આશય તે સભાનો હતો તે જ આશયને વિશેષત પોષવાને જ આ સભા બોલાવવી ઉચિત ધારી છે સમ્પ્રદાયમા આચાર્યચતુષ્ટયી ‘શ્રીમહાપ્રભુજી’ નામથી પ્રસિદ્ધ છે, એક તો શ્રીમદ્વલ્લભાચાર્યજી, બીજા એઓશ્રીના પુત્ર શ્રીગુસાંઈજી, ત્રીજા શ્રીમદાચાર્યજીના પૌત્ર શ્રીગોકુલેશ, અને ચતુર્થ શ્રીહરિરાયજી આ ત્રણે ‘શ્રીમહાપ્રભુજી’ના નામથી પ્રસિદ્ધ છે શ્રીહરિરાયજીની વિપ્રયોગનિષ્ઠાને અને દૈન્યને લીધે સમ્પ્રદાયમા ‘શ્રીહરિરાયમહાપ્રભુ’ એ નામથી વૈષ્ણવો અદ્યાપિપર્યન્ત એમનુ સ્મરણ કરે છે સમ્પ્રદાયમા જે સ્વરૂપો પ્રાચીનતાએ સેવાય છે તેને ‘નિધિ’ તરીકે ઓળખવામા આવે છે, તેમા જેમ શ્રીમહાપ્રભુજીના નિધિ, શ્રીગુસાંઈજીના નિધિ, બાલકસપ્તકના ‘નિધિ’ કહેવાય છે તે જ પ્રકારે શ્રીહરિરાયજીએ સેવિત સ્વરૂપો પણ ‘નિધિ’ તરીકે વૈષ્ણવોમા મનાય છે શ્રીહરિરાયજી ભૂતલોપરિ ૧૨૦ વર્ષ બિરાજ્યા હતા આપશ્રી એટલા બધા દીનભાવયુક્ત હતા કે પોતે યદ્યપિ ગોસ્વામી હતા, તથાપિ સ્વામિભાવને અને ગુરુભાવને ગૌણ ગણીને પોતાને ‘હરિદાસત્વે’ જ પ્રસિદ્ધ રીતિએ જણાવતા આપશ્રીનુ ‘શિક્ષાપત્ર’ પ્રત્યેક વૈષ્ણવ વાંચે છે, અને શ્રીહરિરાયજીના ગ્રન્થનુ વાચનકર્તા કોઈ પણ વૈષ્ણવ એમની દીનતા અને ભગવદ્ભાવથી અપરિચિત હશે જ નહિ આવા મહાનુભાવ દૈન્યમૂર્તિ ગોસ્વામીનુ વર્ણન અને યશોગાન સમ્પ્રદાયના અગ્રગણ્ય વિદ્વાનના અને અનુભવીના દ્વારા થાય એ ઉદ્દેશ–શાસ્ત્રી ભગવાન જેમણે પોતાના આયુષ્યના ૪૦ વર્ષના મનન પ્રયાસે સમ્પ્રદાયનુ તત્ત્વ અપૂર્વ રીતિએ સમ્પાદિત કર્યુ છે તેમની જ દ્વારા થાય એ ઉદ્દેશ–પરમ ઉચિત છે આજે શ્રીગોકુલનાથજી મહારાજ સ્વયં અત્ર બિરાજત પરન્તુ તેઓશ્રીને ‘બરોની’ જવાનુ નિશ્ચિત થયનુ હોવાથી–અને તે પણ એ નિયમથી

નિશ્ચિત થઈ જવાથી—તેઓશ્રી આજે અત્ર પધારી શક્યા નથી, તથાપિ આજની સભા માટે તેઓશ્રીની સમ્પૂર્ણ સમ્મતિ છે એમ આ સભાને નિવેદન કરવાની મને તેઓશ્રીએ આજ્ઞા આપી છે એટલુ જ નહિ પરન્તુ મારી વિનતિને અનુસરીને એઓશ્રીના જ્યેષ્ઠ લાલબાવા શ્રીગિરિધરલાલજીને તથા શ્રીદીક્ષિતજીને અત્ર પધારવાને પણ અનુમતિ આપી જ હતી’

વે શા સ૦ શાસ્ત્રીજીએ તત્ર પધરાવવામા આવેલા ચિત્રજીને પુષ્પમાલા ધરાવ્યા પછી **“सौन्दर्यं निजहृद्गतम्” “साय कुञ्जालयस्थासन”** ઇત્યાદિ શ્લોકોએ મઙ્ગલાચરણ કર્યા પછી નીચેનુ ભાષણ આપ્યુ હતુ ભાષણના અન્તે તેમણે પ્રસિદ્ધ કર્યુ હતુ કે વ્યાસસૂત્રોપરિ શ્રીમદાચાર્યચરણકૃત ‘અણુભાષ્ય’ના સતત પ્રવચનને અર્થે મુમ્બાઈમા એક વર્ગનુ ઉદ્ઘાટન ઉચિત મનાયુ છે આ વર્ગ પ્રત્યેક રવિવાસરે અત્ર માધવબાગમા સાય પઞ્ચવાદનસમયે મળશે, અને તેમા ‘અણુભાષ્યનુ’ અધ્યયન થશે એટલુ જ નહિ પરન્તુ વ્યાસસૂત્ર સમજવામા શઙ્કર રામાનુજ મધ્વ ઇત્યાદિ ટીકાકારોનુ ક્યા સ્ખલન થયુ છે તે પણ તુલનાએ સ્પષ્ટ કરવામા આવશે. કિઞ્ચ શ્રીપુરુષોત્તમજીના પ્રાકટ્યોત્સવસમયે ‘શ્રીપુરુષોત્તમમણ્ડલ’ની જે સ્થાપના કરવામા આવી છે તેની કાર્યવાહક સમિતિએ પ્રતિસોમવાસરે અધુના આરમ્ભમા શ્રીપુરુષોત્તમજીના વાદગ્રન્થો વાચવાનુ નિશ્ચિત કર્યુ છે, અને તદનુસાર તે પ્રવચન ત્રીજા ભોઈવાડામા શ્રીનાથજીના નવામાલામા રા વાડીલાલ નગીનદાસ શાહને ત્યા સાય સપ્તવાદને કરવામા આવશે[1] આ પ્રવૃત્તિમા મારે આપની પાસેથી એક પણ પાઈની અપેક્ષા નથી હુ આ સર્વાર્થે મારા પોતાને વ્યયે પૂનેથી આવીશ અને જઈશ, પરન્તુ એક બ્રાહ્મણ તરીકે હુ આપની પાસે યાચુ છુ કે આ સમ્પ્રદાયનુ મર્મ સમજવાને આપનો સ્વલ્પ સમય તો અવશ્ય આપશો તદનન્તર શ્રીઆચાર્યજીમહાપ્રભુજી ઇત્યાદિના જયધ્વનિસહિત સભા વિસર્જન થઈ હતી

ઉપર્યુક્ત પ્રસઙ્ગે વે. શા. સ. શાસ્ત્રીએ આપેલુ ભાષણ.

પરમભાગ્યવાન્ વૈષ્ણવો,

આજે મારા ભાષણનો વિષય ‘શ્રીહરિરાયજી’ છે શ્રીહરિરાયજી શ્રીમદ્વલ્લભાચાર્યજીના ઉત્તમોત્તમ વંશમા સર્વોત્કૃષ્ટ વ્યક્તિત્વે પ્રસિદ્ધ છે એમ જો હુ વદુ તો તે અતિશયોક્તિ થઈ ગઈ એમ ભાગ્યે જ કહી શકાશે સવત્ ૧૫૨૯મા અથવા ૧૫૩૫મા શ્રીમદ્વલ્લભાચાર્યજીએ આ ભૂતલોપરિ પધાર્યા પછી કેટલાક ગહનતમ પ્રશ્નોનો નિર્ણય કર્યો છે આચાર્યશ્રીના પધાર્યા પ્રાગ્ જ આચાર્યો વાગ્યુદ્ધ કરતા સહિતા બ્રાહ્મણ આરણ્યક ઇત્યાદિ ગ્રન્થોને અગ્રે કરીને તેઓમાના કેટલાક કર્મનુ પ્રાધાન્ય દર્શાવતા, અને તેથી વિપરીત અન્ય વર્ગ કર્મભાગને પૃષ્ઠે રાખીને **‘सत्यं ज्ञानमनन्तं ब्रह्म’** ઇત્યાદિ શ્રુતિને અગ્રે કરીને જ્ઞાનની મુખ્યતા દર્શાવતા, મધ્યમા કતિપય ઉપાસકો પણ હતા, જેમનો સિદ્ધાન્ત દ્વૈત વિના ઉપાસના ન જ થઈ શકે એમ હતો જો જગત્નુ જીવનુ અને બ્રહ્મનુ અદ્વૈત જ હોય તો ઉપાસના ન થાય એમ તેઓ કહેતા તેથી કર્મને અને જ્ઞાનને ગૌણ માનીને તેઓ દ્વૈતમૂલક ઉપાસનાએ વેદનો નિર્ણય કરતા પરન્તુ કર્મનો જ્ઞાનનો અને ઉપાસનાનો સાઙ્ગોપાઙ્ગ વેદભાગ નિર્ણય કરવાનુ કાર્ય શ્રીમદ્વલ્લભાચાર્યજી કરે એમ પ્રભુએ પૂર્વત નિર્ણય કરી રાખ્યો હતો જેને આપણે કર્મ કહીએ છીએ તે સર્વગુણસમ્પન્ન ભગવાન્ની ક્રિયાશક્તિ છે, જેને આપણે જ્ઞાન કહીએ છીએ તે તે જ ભગવાન્ના અનન્ત ધર્મમાનો એક ધર્મમાત્ર છે એક જ અચિન્ત્યાનન્ત

---

[1] આ પણ પ્રવચન હવે માધવબાગમા જ પ્રતિસોમવારે થાય છે

શક્તિમદ્ બ્રહ્મની એક જ શક્તિમાનના અવલમ્બનથી બ્રહ્મનુ પરિપૂર્ણ જ્ઞાન થતુ નથી, હસ્તિપુચ્છન્યાયે એ તો એકદેશ જ્ઞાન છે, પૂર્ણ નથી પત્રાવલમ્બને શ્રીમદ્ અણુભાષ્યને શ્રીસુબોધિનીજીને, શ્રીતત્ત્વદીપનિબન્ધને ષોડશગ્રન્થને પૂર્વમીમાંસાભાષ્યને ઇત્યાદિ ગ્રન્થોને પ્રકટ કરીને શ્રીવલ્લભાચાર્યજીએ સિદ્ધ કર્યુ છે કે અદ્વૈત વિના ભક્તિ જ સમ્ભવતી નથી નારદપઞ્ચરાત્રાદિ ગ્રન્થોમા '**माहात्म्यज्ञानपूर्वस्तु**' આદિ શ્લોકનો અનુક્તસિદ્ધ આશય સ્વમાર્ગીય સ્નેહ ઉત્પન્ન થાય તત્પર્યન્ત માહાત્મ્યજ્ઞાનની આવશ્યકતા દર્શાવીને ભગવાનથી જ્યેષ્ઠ શ્રેષ્ઠ પ્રેષ્ઠતર કાંઇ પણ નથી એ પ્રકારે અનુભવ થવાને માહાત્મ્યજ્ઞાનપૂર્વક અદ્વૈત ઉપર શ્રીમદાચાર્યચરણે ભાર મૂક્યો, અને '**पुरुष एवेदं सर्वं यद् भूतं यच्च भाव्यम्**' શ્રુતિપ્રતિપાદિત અદ્વૈતમા માયા અવિદ્યા ઉપાધિ શરીર ઇત્યાદિ કશાની પણ અપેક્ષા વિના શુદ્ધ જ બ્રહ્મ સ્વયં જીવજગદ્રૂપે થાય છે એ કમનીય સિદ્ધાન્તનુ પ્રતિપાદન કર્યુ।

ભક્તિનો અધિકાર ક્યારે પ્રાપ્ત થાય?

પરન્તુ પૂર્વોક્ત જ ભક્તિનો અધિકાર ક્યારે પ્રાપ્ત થાય? આ પ્રકારે અખણ્ડ શુદ્ધ બ્રહ્મનુ અદ્વૈત જ્ઞાન કેવલ વાચિક નહિ પરન્તુ આર્થિક થાય ત્યારે જ મુખ્યભક્ત્યર્થ એવુ જ્ઞાન અપેક્ષિત છે, અને તેવા જ્ઞાનાનન્તર જ ભક્તિ અર્થાત્ પ્રભુમા સર્વથી અધિક સુદૃઢ સ્નેહ થાય છે, કે જે સ્નેહ લોકથી અને વેદથી પણ સર્વથા અતીત છે, '**आत्मनस्तु कामाय सर्वं प्रियं भवति**' એ બૃહદારણ્યકોપનિષદ્મા પ્રિયતા આત્મા-બ્રહ્મ-વિષે જ રાખવાનો ઉપદેશ છે, તેથી ઉપનિષદ્મા જે ઉભયપ્રકારક વાક્યો છે તેમા એક માહાત્મ્યપ્રતિપાદક સૃષ્ટિવાચક વાક્યો છે, અને તે વાક્યો પરમાત્મા વિના અન્ય કોઇ પણ બલિષ્ઠ નથી એમ પ્રતિપાદન કરે છે એતાદૃશ બલિષ્ઠ ભગવદ્રૂપ પદાર્થમા જ ભક્તિ સ્નેહ-શક્ય છે, અને તેથી '**तत्त्वमसि**' આદિ અદ્વૈતશ્રુતિનો વિનિયોગ પૂર્વોક્ત બલિષ્ઠ ભગવાન્મા જ સ્નેહ સ્થાપવામા છે અન્યાશ્રયની નિવૃત્તિને અર્થે પૂર્વોક્ત માહાત્મ્યજ્ઞાન અપેક્ષિત જ છે ઉપનિષદુક્ત '**यतो वा इमानि भूतानि जायन्ते**' ઇત્યાદિ સૃષ્ટિવાક્યે માહાત્મ્યજ્ઞાનાનન્તર બ્રહ્મ વા પરમાત્મા નિર્દોષ છે અને તે જ ઈશ્વર-સમર્થ-ઐશ્વર્યાદિપૂર્ણગુણવિગ્રહ પણ છે-એમ અવધારણાનન્તર જ પુરુષોત્તમ સ્નેહે જ પ્રાપ્ય છે એમ '**तत्त्वमसि**' ઇત્યાદિ અભેદશ્રુતિ ઉપદિશે છે, આ સ્નેહ સર્વથા લૌકિક નથી, આપણા શરીરમા પ્રાણમા ઇન્દ્રિયમા અન્તઃકરણમા અને આત્મામા ભેદ છે તથાપિ ઈશ્વરમા તેમ નથી, તેમનુ શ્રીઅઙ્ગ પણ આત્મસ્વરૂપ જ છે, અને તાદૃશ અદ્વિતીય આત્માએ સહ જ સ્નેહ કર્તવ્ય છે આપણે આત્મા હોઈને આત્માનુ ભજન કર્તવ્ય છે '**तत्त्वमसि**' ઇત્યાદિ અદ્વૈતવાક્યો આ પ્રકારના સર્વતોધિક સુદૃઢ સ્નેહનુ જ પ્રતિપાદન કરે છે, જ્યારે સૃષ્ટિવાક્યો માહાત્મ્યજ્ઞાને તે જ પ્રભુનુ સર્વોત્કૃષ્ટત્વ દર્શાવે છે આ પ્રકારની ભક્તિએ જ મોક્ષ થાય છે, અન્યથા-માહાત્મ્યજ્ઞાનપૂર્વક ભક્તિ વિના-'**तया मुक्तिर्न चान्यथा**' મોક્ષ શક્ય જ નથી, અર્થાત્ તાદૃશી ભક્તિ વિના અહન્તામમતાનો આત્યન્તિક નાશ કદાપિ થતો નથી આ પ્રકારના નારદપઞ્ચરાત્રાદિ ગ્રન્થોના વાક્યોનુ અવલમ્બન કરીને સૃષ્ટિપ્રતિપાદક માહાત્મ્યદર્શક વાક્યોની અને સ્નેહમૂલક અદ્વૈતપ્રતિપાદક વાક્યોની એકવાક્યતા શ્રીમહાપ્રભુજીએ દર્શાવીને પરમાત્મા જ આત્મા છે અને તે સર્વભવનસમર્થ પરમાત્મા જ સ્નેહના પાત્ર છે એમ સિદ્ધ કર્યુ છે પૂર્ણપુરુષોત્તમ પ્રભુ પ્રતિ આ સ્નેહ લૌકિક પુત્રમા કે સ્ત્રીમા છે તાદૃશ નહિ જ પરન્તુ સર્વતઃ અધિક અને સુદૃઢ સ્નેહ જ કર્તવ્ય છે. માહાત્મ્યજ્ઞાને સ્નેહપૂર્વક શ્રીકૃષ્ણની સેવા જ કર્તવ્ય છે એમ શ્રીમહાપ્રભુજીએ પ્રાચીન વૈદિકી પરમ્પરા સિદ્ધ કરી આપી, અને એ જ માર્ગની વૃદ્ધિ શ્રીવિઠ્ઠલેશ્વરપ્રભુચરણે 'વિદ્વન્મણ્ડન' 'શૃઙ્ગારરસમણ્ડન',

ઇત્યાદિ આકર ગ્રન્થોથી કરી તેઓશ્રીથી અનન્તર પણ બાલકસપ્તક અને તેઓમાં પણ અત્યન્ત યશસ્વી શ્રીગોકુલેશે તે જ પ્રણાલિકાને સુદૃઢ કરી. સમ્પ્રતિ આપણા પ્રતિ જેવું દુઃખ પડ્યું છે તેવા જ કોઇ પ્રકારનું દુઃખ સમ્પ્રદાય ઉપર તેમના સમયમાં આવી પડ્યું હતું. અકબર બાદશાહના સમયમાં જેમ વૈષ્ણવો પ્રબલ હતા તેમ જહાંગિર બાદશાહના સમયમાં માયાવાદીઓ પ્રબલ હતા, કોઇ એક ચિદ્રૂપ નામનો સન્યાસી જહાંગિરને જેટલું પાણી પાય તેટલું તે બાદશાહ પીતો હતો. તેથી કાશ્મીરપર્યન્ત પધારીને 'અમારો સમ્પ્રદાય શુદ્ધ છે, અમારો સિદ્ધાન્ત વિશુદ્ધ છે, અને સામ્પ્રદાયિક તિલકમાલાદિ સદાચાર વેદશાસ્ત્રસિદ્ધ છે' એમ શ્રીગોકુલેશે આગ્રહ સ્થાપન કર્યું. શ્રીગોકુલેશ ભૂતલોપરિ ૮૯ વર્ષ બિરાજ્યા, અને તેથી એ વયોવૃદ્ધ મહાનુભાવી ગોસ્વામી અનેક બાલકોને અને વૈષ્ણવોને બ્રહ્મસમ્બન્ધ કરાવતા. આપણા અદ્યતન નાયક શ્રીહરિરાયજીને અને તેઓશ્રીના પિતા શ્રીકલ્યાણરાયજીને પણ બ્રહ્મસમ્બન્ધ એ વયોવૃદ્ધ શ્રીગોકુલેશે જ કરાવ્યો હતો. શ્રીગુસાંઇજી અને શ્રીગોકુલેશ એમના સ્થિતિકાલમાં જ પુરુષોત્તમતે પણ સેવાતા તેથી શ્રીગોકુલેશ વિના તેઓ અન્ય કોની પાસે બ્રહ્મસમ્બન્ધ લે? આજે શ્રીગોકુલેશ આપણા નાયક નથી તેથી એઓશ્રીના વિષયે મારે વક્તવ્યવિશેષ નથી, અદ્ય તો શ્રીહરિરાયજીના ગુરુ શ્રીગોકુલેશ છે એટલું જ અવિસ્મરણીય છે, અને તેથી જો કોઇ પણ બહિર્મુખ નિન્દા કરે તો સ્મરણમાં રાખજો કે શ્રીહરિરાયજીના પણ ગુરુ તો શ્રીમાન્ ગોકુલેશ હતા, અને તેથી શ્રીગોકુલેશના અને તેમના અનન્ય વૈષ્ણવોના નિન્દક બહિર્મુખોની સમીપ આપની શ્રુતિ પિહિત કરી દેજો.

શ્રીહરિરાયજીની અપૂર્વ દીનતા

આપણા નાયક શ્રીહરિરાયજી સંવત્ ૧૬૪૭ માં પ્રકટ થયા હતા. એમના બ્રાહ્મ જાતકર્માદિ અને ભક્તિમાર્ગીય પ્રપત્તિબ્રહ્મસમ્બન્ધાદિ સંસ્કાર વિષે અત્ર વક્તવ્યવિશેષ ન જ હોય, કારણ કે તેઓશ્રી જીવન કયે પ્રકારે વ્યતીત કરતા અને એ જીવનકલામાંથી આપણે કોઇ પણ પ્રકારનો લાભ પ્રાપ્ત કરી શકીએ તેમ છે કે નહિ એ જ પ્રશ્ન અત્ર તો પ્રધાન છે. આધુનિક લૌકિકવત્ તેઓ નિજ જીવનનો અપવ્યય કરતા ન હતા. શ્રીહરિરાયજીની જીવનરેખા એટલી તો પવિત્ર હતી કે તેનો કોટિતમ પણ ભાગ પ્રભુકૃપાએ પ્રાપ્ત થઇ જાય તો આપણું જીવન સફલ થઇ જાય. પ્રથમ તો શ્રીહરિરાયજી શ્રીગુસાંઇજીવત્ કે શ્રીગોકુલનાથજીવત્ પુરુષોત્તમતે સેવાતા ન હતા. 'મારે તે પ્રકારે સેવાવું કે નહિ' એ પ્રશ્ન તેઓશ્રીને પણ ઉદ્ભવ્યો જ હતો અને આપે જ તેનો નિર્ણય કરી દીધો કે 'હું પુરુષોત્તમ નથી, હું તો હરિદાસ—હરિનો દાસમાત્ર-જ છું.' એમની એ માન્યતા એટલી બધી તો સુદૃઢ હતી કે તેઓ કોઇને બનતા સુધી ચરણસ્પર્શ પણ કરવા દેતા નહિ. 'હું સ્વામી નથી, હું તો હરિનો દાસ છું, તેમનો સેવક છું,' એમ તેઓ અન્તઃકરણપૂર્વક આગ્રહ માનતા. શુદ્ધ ગુરુભાવની પણ અપેક્ષાએ વૈષ્ણવો શ્રેષ્ઠ છે એમ પણ તેઓ સ્વીકારતા અને તેથી તેઓશ્રી આજ્ઞા કરતા કે 'હો વારો ઇન વૈષ્ણવન પર, મેરે તનકો કરો બિછોના, શિર ધરો ઇનકે ચરનનતર.' એવો એક પણ ગોસ્વામી મને સમ્પ્રતિ બતાવશો કે જે શ્રીપ્રભુના કૃપાપાત્ર ઉપર વારી જઇને શ્રીહરિરાયજીવત્ તેના ચરણારવિન્દમાં પોતાનું શ્રીમસ્તક મૂકવાનો વિચાર પણ કરે? એવા વૈષ્ણવો પણ કેના આદર્શ હશે અને એવા ગોસ્વામી પણ કેવા વિરલ હશે? અને એવા શ્રીહરિરાયજીએ જે ભાવ દર્શાવ્યો છે તે દાસ્યભાવનું દાન થાય તેની વૃદ્ધિ થાય એ જ યાચના આપણે તો કરવી રહી.

ક્રિયાનો—કર્મનો—અને જ્ઞાનનો વિકલ્પિત ભેદ પણ શ્રીમહાપ્રભુજીએ જ દૂર કર્યો ગીતામાં યોગનો અને સાંખ્યનો જે કલહ પ્રતીત થતો તે પણ તેઓશ્રીએ જ નિવૃત્ત કર્યો છે જેમ જ્ઞાન અને ક્રિયા એક જ જ્ઞાનક્રિયાવિશિષ્ટ બ્રહ્મની અનન્ત અચિન્ત્ય શક્તિમાંની એક શક્તિ જ વા ધર્મ છે, તેમ જ જ્ઞાનાત્મક સાંખ્ય ભગવાન્‌માંથી વિરહરસનો અને ક્રિયાત્મક યોગ તે જ પુરુષોત્તમે સહ સંયોગરસનો સમાગમનો—સંસ્પર્શ કરાવે છે, આ પ્રકારે સાંખ્યયોગે અર્થાત્ વિરહાનન્દમાં નિમજ્જને અને લીલાના આસ્વાદે ભગવાન્ પ્રાપ્ય છે એમ સિદ્ધ કર્યું આ દૃષ્ટિએ યોગ અને સાંખ્ય અર્થાત્ સંયોગ અને વિપ્રયોગ ઉભયે એક જ શૃઙ્ગારરસના જ દલ છે એમ અનુભવાય તો શાસ્ત્રમાં પ્રતીત દ્વૈતમાત્રની નિવૃત્તિ અનાયાસે થઈ જાય

સાંખ્ય અને યોગનો સમન્વય

શ્રીહરિરાયજીના હૃદયમાં નિજ અધ્યયનકાળમાં જ ' **भावो भावनया सिद्ध साधनं नान्यदिष्यते** ' વાક્ય આરૂઢ થઈ ગયું એમ હું સ્વીકારું છું ભાવનાએ સિદ્ધ ભાવ જ પુષ્ટિમાર્ગમાં સાધન છે, એ વિના અન્ય સાધન નથી, આ નિઃસાધનતાનું બીજ ષોડશગ્રન્થમાં જ નહિ, પરન્તુ દશમસ્કન્ધના શ્રીસુબોધિનીજીમાં પણ સ્ફુટ છે કેવળ શૃઙ્ગારરસરૂપે ભગવાને સ્વત પ્રકટ થઈને પ્રમાણ પ્રમેય સાધન અને ફલ એમ ચતુર્ધા વિલાસથી—લીલાથી—યોગ્ય તેમ જ અયોગ્ય પણ જીવને સ્વરૂપસમ્બન્ધમાત્રથી કૃતાર્થ કરી દીધા એમ પ્રતિપત્તિપૂર્વક તત્ર તત્ર પ્રકટ જ દર્શાવ્યું છે દશમસ્કન્ધના પ્રથમથી દ્વાત્રિંશ અધ્યાયપર્યન્ત એ નિઃસાધનતા જાગરૂક જ છે '**ये भक्ता शास्त्ररहिता ये चापि द्विजबन्धव तेषामुद्धारक कृष्ण स्त्रीणामत्र विशेषत** ' કારિકામાં નિઃસાધન જીવના ઉદ્ધારાર્થ શ્રીગોકુલના ઈશ શ્રીમદ્ ગોકુલેશ ભગવાનનો પ્રાદુર્ભાવ નિરૂપ્યો છે ઋગ્વેદમાં પણ ' **ता वां वास्तून्युष्मसि** ' આદિ વિષ્ણુસૂક્તની ઋચામાં શ્રીમદ્‌ગોકુલમાં પરમપદરૂપ શ્રીગોકુલેશકૃષ્ણ નિત્ય બિરાજે છે એમ નિરૂપણ કર્યું છે આ શ્રીગોકુલેશસ્વરૂપ તે સારસ્વતકલ્પમાં પ્રકટ થયા હતા તે જ, અને તે પણ ગોપજનવલ્લભ નહિ, પરન્તુ શ્રીગોપીજનવલ્લભ છે, તેથી આ કારિકાના ' **स्त्रीणामत्र विशेषत** ' વિભાગમાં સ્ત્રીઓનો પુરુષથી પણ કૃષ્ણસેવામાં વિશેષ અધિકાર નિરૂપ્યો છે કેવળ ઉચ્ચ જન્મને પ્રાપ્ત કર્યું તથાપિ ઉચ્ચ ધર્મોને પાળી ન શકે તેવા દ્વિજોને નામધારિત્વવશાત્ 'દ્વિજબન્ધુ' કહેવામાં આવે છે, સ્ત્રીનો અને શૂદ્રનો ઉદ્ધાર કર્મમાં વૈદિકી મર્યાદાથી નહિ થઈ શકે તેથી તેમને જ અગ્રે કરીને ગીતામાં ભક્તિમાર્ગ ઉપદિશ્યો છે, અને તદનન્તર જ ' **किं पुनर्ब्राह्मणा पुण्या** ' ઇત્યાદિએ તે માર્ગે જો બ્રાહ્મણાદિ પણ જાય તો નિઃસાધનતામાત્રે તેમનો પણ ઉદ્ધાર થઈ શકે છે, એમ કહ્યું, કારણ કે પુરુષ તો ઉદ્ધવાર્જુનવદ્ મોક્ષસાધન કદાપિ કરી પણ શકે પરન્તુ સ્ત્રીનો અને શૂદ્રાદિનો ઉદ્ધાર તો શ્રીકૃષ્ણ વિના અન્ય કોણ કરે? આ કારિકાથી શ્રીહરિરાયજીનું હૃદય ભેદાયું હશે એમ હું સ્વીકારું છું શ્રીહરિરાયજી નિજ બ્રાહ્મણ દેહને અથવા ગોસ્વામિત્વને પણ અતિતુચ્છ માનીને શ્રીગોપીજનને જ સર્વોત્કૃષ્ટ ગણે છે કે જો હું આહીરણી હોત તો પ્રભુના શ્રીમુખનો સંસ્પર્શ મને નહિ તો મારા દધિને પણ થઈ શકત. શ્રીહરિરાયજી આ શુદ્ધરસાત્મક પુરુષોત્તમની પ્રાપ્તિમાં આ પ્રકારની કોઈક નિઃસાધનતા-નિર્ધનતા—સ્વીકારે છે એનું આલોકન કરાવીને હવે હું રસ અને વિષય એ ઉભયને એક ગણીને જે વિભ્રમ ફગાય છે તે વિષે કાંઈક કહીશ

નિઃસાધનતા

રસનુ અને વિષયનુ તારતમ્ય

શ્રીમહાપ્રભુજીથી પ્રારમ્ભીને શ્રીપુરુષોત્તમજીપર્યન્તના ૨૦૦ વર્ષમા પણ આપણા રસાત્મક સમ્પ્રદાયમા કતિપય દુષ્ટો હતા જ, અત્યારે જેમ દુષ્ટો વિષયનુ અને રસનુ તારતમ્ય સમજ્યા વિના જ વિપ્લવ કરીને રસને વિષયાત્મક માને છે અને નિજ જન્મને નિષ્ફલ કરે છે તેમ તે સમયે પણ એતાદૃશ કતિપય દુષ્ટો વિદ્યમાન હતા જ શ્રીહરિરાયજીના ચત્વારિંશ શિક્ષાપત્રમા સુરતમા તેમના એક સેવક નિરક્ત અધિકારીએ સમ્પ્રદાયનુ નામ બોળ્યુ એ વિષય આપ સર્વને સુવિદિત જ છે રસનુ અને વિષયનુ મર્મ નહિ સમજીને દુષ્ટતાને વિવશ થઈને જે વૈષ્ણવાભાસો સમ્પ્રદાયો પ્રતિ આક્ષેપ કરાવતા તેમનુ નિયન્ત્રણ કરીને તેમને પામરા કરવાની તેમની વૃત્તિ બુદ્ધિપૂર્વક જ હતી, અને તેથી ક્રિયાત્મક યોગાત્મક સંયોગરસની પણ અપેક્ષાએ જ્ઞાનાત્મક ભાવાત્મક વિપ્રયોગરસના જ ઉપરિ એમણે જ્ઞાનપૂર્વક ભાર મૂક્યો છે શ્રીગુસાંઈજીમા અને શ્રીગોકુલેશમા સંયોગરસનુ પ્રકટ પ્રાધાન્ય હતુ ત્યારે શ્રીહરિરાયજીમા કેવલ વિપ્રયોગરસ મુખ્ય હતો શ્રીમહાપ્રભુજી તો શ્રીમૂર્તિમાન્ વિરહાનલ જ, હતા અને તેમના સમયનો શ્રીનાથજીનો પણ શૃઙ્ગાર વૃન્દારણ્યવિરહાત્મક હતો શ્રીગુસાંઈજીના સમયમા ભગવદિચ્છાએ સંયોગરસનુ પ્રાધાન્ય થયુ, અને શ્રીનાથજીને અને વિશેષત શ્રીનવનીતપ્રિયજીને નન્દાલયના રાજકુમારશૃઙ્ગારનો અઙ્ગીકાર થયો શ્રીગોકુલેશના સમયમા પણ એ જ પ્રકારના સંયોગાત્મક શૃઙ્ગારનુ જ પ્રાધાન્ય પોષાયુ, પરન્તુ શ્રીહરિરાયજીનો તો નિજ શૃઙ્ગાર પણ કેવલ વિરહાત્મક જ હોવાથી આપના પ્રભુ પણ પ્રાય વિપ્રયોગાત્મક જ શૃઙ્ગાર ધરતા, અને તેથી પુન પણ કેવલભાવાત્મક વિપ્રયોગરસને જે પ્રાધાન્ય ઉચિત હતુ તે મુખ્યત્વ પ્રાપ્ત થઈ ગયુ શ્રીમહાપ્રભુજીની અને શ્રીહરિરાયજીની સ્થિતિ પ્રોષિતભર્તૃકાવદ્ હતી, અર્થાત્ પતિ વિદેશ જતાં સાધ્વી ધર્મપત્ની વિરહિણી નિજ પતિમાત્રની નિત્ય પ્રતીક્ષા ઔત્સુક્યે કર્યા કરે તેના જેવી હતી, પ્રાત કાલથી રાત્રિપર્યન્ત 'હા નાથ, રમણ પ્રેષ્ઠ' કથીને પ્રભુના વિરહમા જ અહોરાત્રને તેઓ વ્યતીત કરતા વિપ્રયોગરસને અગ્રે કરી લેવાથી ભોગની નિવૃત્ત્યર્થ સન્યાસના આડમ્બરને પણ દૂર જ રક્ષ્યો, અને નિસ્સાધન શરણનો જ અઙ્ગીકાર કરીને વૈરાગ્યનુ પણ વૈરાગ્ય એટલે પર્યન્ત દર્શાવી દીધુ કે 'આ વિરહાવસ્થામા મારે ભોગ કિમર્થ ? 'જ્યારે પ્રભુમિલન થશે ત્યારે તેમની જ સાથે અલૌકિક જ ભોગ પ્રાપ્ત કરીશ' એમ વદીને સમ્પ્રતિ તો શ્વેત ધોતી ઉપરણા ધરીને કેવલ નિરપેક્ષ રહીને ભક્તિમય વિશુદ્ધ જીવન વ્યતીત કરતા, કારણ કે આપે આદેહાન્ત વિરહિણીની અવસ્થાનો જ અઙ્ગીકાર કર્યો હતો, અત એવ કોઈ પણ લૌકિક ભોગને એમના જીવનમા સર્વથા સ્થાન ન હતુ તેમણે રાજસવૃત્તિનો પરિપૂર્ણરીતિએ ત્યાગ કર્યો હતો અને જ્ઞાનાત્મક વિયોગજ દૈન્યે પ્રભુના દાસ થઈને જ વસ્તુત આપશ્રી વિચરતા આ ભાવાત્મક તાપક્લેશાનન્દપ્રચુર દૈન્ય સર્વથા સાધનસાધ્ય નથી, પરન્તુ કેવલ ભગવત્કૃપાએ દાનત જ પ્રાપ્ત થઈ શકે છે, તેથી અસ્મન્માર્ગ નિસ્સાધન કથાય છે

આપણે ત્યા બ્રહ્મ રૂક્ષ નથી.

આપણા સમ્પ્રદાયમા બ્રહ્મ રૂક્ષ નથી, પરન્તુ અલૌકિકશૃઙ્ગારરસાત્મક છે આ શૃઙ્ગાર પણ કેવલ વિરહરૂપ જ શ્રીહરિરાયજીએ સ્વીકાર્યો છે, એટલે કે વિરહ કેવલ ધર્મમાત્ર નથી, પરન્તુ સાક્ષાદ્ ધર્મી છે, જેમા એતાદૃશ તો પ્રચુર ભાવમા પ્રાદુર્ભૂત થાય છે કે બાલસ્વરૂપની પણ અપેક્ષા રહેતી નથી એમના ગ્રન્થો વાચીને પણ્ડિતોને પણ વિમર્શ કરવો પડે છે કે આ વિપ્રયોગ તે ધર્મ કે ધર્મી ? વિપ્રયોગરસ એટલે પર્યન્ત તો સ્વતન્ત્ર છે કે તેમા પ્રભુની અમુક જ લીલાનો અનુભવ નથી, પરન્તુ યાવન્માત્રલીલાનો સાક્ષાત્કાર થઈ જાય છે ત્યારે આ વિપ્રયોગરસની અપેક્ષાએ અન્ય ધર્મિસ્વરૂપ

કયુ ? ગુણગાનાત્મક વિપ્રયોગ ધર્મ છે અને તે અંગ છે, પરન્તુ આ તો ધર્મી વિપ્રયોગ છે, ધર્મ વા અંગરૂપ વિપ્રયોગ નહિ, આચાર્યશ્રીનુ સ્વરૂપ પણ આ વિપ્રયોગાત્મક ધર્મિસ્વરૂપ હોવાથી શ્રીહરિરાયજી તો શ્રીમહાપ્રભુજીમા અને શ્રીકૃષ્ણમા—આચાર્યમા અને તત્સેવ્યમા—અભેદ જ અનુભવતા, આચાર્યમા અને સેવ્યમા લેશમાત્ર પણ ભેદ આપણા સન્માન્ય સમ્પ્રદાયમા નથી, કારણ કે આચાર્ય અને તત્સેવ્ય ઉભયે પણ વસ્તુત વિપ્રયોગરસ છે પરિપૂર્ણ રસાત્મક પુરુષોત્તમની પ્રાપ્તિ કોઇ પણ સાધનથી થઈ શકતી નથી, કારણ કે આચાર્ય અને સેવ્ય પ્રભુ ક્રિયાત્મક નથી, પરન્તુ સ્થાયિભાવાત્મક છે, અને તેથી જ આપણે ત્યા બ્રહ્મસમ્બન્ધને 'દાનત્વે' વ્યવહારીએ છીએ પ્રોષિતભર્તૃકાવત્ સ્થિતિ કરવી એ એઓશ્રીના ગ્રન્થોનો મહાન્ ઉપદેશ છે ભોગના અત્યન્ત પરિત્યાગપૂર્વક સર્વોત્તમત્વે તાપક્લેશાનન્દમા નિમગ્ન થઈને '**हा नाथ रमण प्रेष्ठ क्वासि क्वासि महाप्रभो**' હા નાથ! હા રમણ હા પ્રેષ્ઠ હા મહાપ્રભો! આપ કયા છો ?' ઇત્યાદિ ઉચ્ચાર મૂર્છાન્ત કરતા રહીને વિપ્રયોગમય જ જીવન કરી દઈને દેશકાલોચિત સ્થિતિમાત્ર કરીને તે વિપ્રયોગાગ્નિએ જ દેહાન્ત પણ કરી લઈને નિત્યલીલામા પ્રવેશ કર્તવ્ય છે ભારતીય આર્યશાસ્ત્રોમા આપણા જીવનનુ આદિ મધ્ય અને અવસાન અગ્નિ જ છે, તેથી વિશેષત આપણા સમ્પ્રદાયમા પણ આદિમા મધ્યમા અને અન્તમા આ આધિદૈવિક વિપ્રયોગાગ્નિ શ્રીમહાપ્રભુજી બિરાજમાન છે અધિષ્ઠાતા વિપ્રયોગાગ્નિ વિના આ સમ્પ્રદાયમા કઇ પણ માધુર્ય જ નથી એ જ સ્થાયિભાવાત્મા વિરહાગ્નિ સમ્પ્રદાયનુ સર્વસ્વ ધન છે

સાહિત્યસામગ્રી

શ્રીહરિરાયજીએ નાના અને મોટા લઘુ અને બૃહત્ ગ્રન્થો પણ લખ્યા છે હુ બ્હીતા બ્હીતા કહીશ કે તેમના એક સહસ્ર ગ્રન્થો તો છે જ તેમના પ્રકીર્ણ વિદ્યમાન ગ્રન્થો અત્ર ગટ્ટુલાલજીની સંસ્થામા છે, પરન્તુ અદ્યાપિ તેનુ યોગ્ય મુદ્રણ થયુ નથી, અન્ય પ્રસિદ્ધ ગ્રન્થોની અપેક્ષાએ શ્રીહરિરાયજીના ગ્રન્થો સરલ છે એમના ગ્રન્થો નાના અને મોટા એમ સર્વ જ કક્ષાના હોવાથી પાંચ મુદ્રામા પણ રંક વૈષ્ણવ તે ગ્રન્થ પ્રસિદ્ધ કરીને નિજ મનોરથ સફલ કરી લે છે તેમ જ પંચલક્ષ મુદ્રામા ધનાઢ્ય વૈષ્ણવ તેમના ગ્રન્થો પ્રસિદ્ધ કરી શકે છે, તેથી કોઇ પણ—પામર વા ધનાઢ્ય—વૈષ્ણવ આ સેવા ધારે તો કરી શકે એમ છે જેમ આ વર્ષે આપણે રિક્ત હસ્તે ભેગા થયા છીએ તેમ આગામી વર્ષે તો શ્રીહરિરાયજીનો ઉત્સવ ઉજવવાને રિક્ત હસ્તે આપણે મળીશુ નહિ, પરન્તુ શ્રીહરિરાયજીના સમગ્ર પ્રાપ્ય ગ્રન્થો અનુવાદ સહિત આપણા હસ્તમા શોભશે એમ હુ આશા રાખુ છુ

હુ હવે શ્રીહરિરાયજીના ગ્રન્થોના નામ આપુ છુ એમના ગ્રન્થોના હુ બે વિભાગ પાડુ છુ, જેમાના પ્રથમને હુ 'નિરૂપણગ્રન્થો' કહુ છુ અને દ્વિતીયને વિશેષગ્રન્થો કહુ છુ પ્રથમ વિભાગમા સામ્પ્રદાયિક જ્ઞાનનો ઉપદેશ છે, જ્યારે દ્વિતીયમા તે જ્ઞાનને કઈ પ્રકારે સદાચારમા મૂકવુ એ દર્શાવેલુ છે એમના ગ્રન્થોનો આપણે ત્યા એટલો બધો આદર છે કે અદ્યાપિ પણ યત્ર રાત્રિએ ભગવદ્વાર્તા થાય છે તત્ર યદ્યપિ અન્ય વાચન થાય છે જ તથાપિ વૃદ્ધોનો તો આ નિયમ જ છે કે શ્રીહરિરાયજીના શિક્ષાપત્રમાથી એકાદ શ્લોકમાત્ર પણ વાચ્યા વિના શયન જ કરવુ નહિ, આથી જ આપણે ત્યા વૈષ્ણવત્વબીજ અદ્યાપિ પણ તદવસ્થ રહ્યુ છે, વિનષ્ટ થયુ નથી

પુષ્ટિમાર્ગ ભોગવિલાસ ઉપર રચાયલો નથી.

આપણો પુષ્ટિમાર્ગ ભોગવિલાસ અને ઇન્દ્રિયારામ ઉપર નહિ, પરન્તુ વૈરાગ્યનુ પણ વૈરાગ્ય જે વિરહરસ તે વિરહરસ ઉપર રચાયલો છે એમના ગ્રન્થોમા કૃપાના પ્રકાર પણ વાચક જોઈ શકે છે અને એ પકવાન્નનો પરિચય જો હુ આપુ તો તમે કહેશો જ કે આ તો છપ્પનભોગનો જ સામગ્રીપ્રકાર છે અત્ર વૈષ્ણવભગિનીઓ આટલી મહતી સંખ્યામા ઉપસ્થિત છે તે

વિવેચનગ્રન્થો નિજ જનના બોધાર્થે આપ ક્વચિત્ વિવેચન કરતા તેમ કરતા આપ અક્ષરાર્થને વિપુલ કરી દેતા, ઉદાહરણત્વે બ્રહ્મસમ્બન્ધમન્ત્ર તે સમગ્ર જ મન્ત્રનુ વિપુલીકરણ નહિ કરતા તેમાના **तापक्लेशानन्द**નો કઠિન ભાગ જ સુસ્પષ્ટ કરતા એઓશ્રીના '**ब्रह्मसम्बन्धकठिनांशविवेचन**' ઇત્યાદિ ગ્રન્થો આ 'વિવેચન' કોટિના ગ્રન્થો છે

વિવૃતિઓ કેટલીક તેમની વિવૃતિઓ પણ છે અક્ષરાર્થ ન્યૂન પણ નહિ તેમ અધિક પણ નહિ પરન્તુ યથાર્થ ગ્રહી શકાય એ ઉદ્દેશે ષોડશગ્રન્થવિવૃતિ ઇત્યાદિ વિવૃતિઓ તેઓશ્રીએ રચી છે તે આ કોટિના ગ્રન્થો છે

વિવરણગ્રન્થો કોઇક પ્રસઙ્ગે આપ 'વિવરણ'રૂપ ગ્રન્થો લખતા તેમનો તેવો ગ્રન્થ **कामाख्यदोषविवरण** છે પણ્ડિત રમાનાથજીએ ભાટીઆ મહાજનવાડીમા ઉજવાયલા આ જ પ્રાકટ્યોત્સવનિમિત્તે પરમદિવસે આ ગ્રન્થનો ભાવ સ્પષ્ટ કરેલો હોવાથી હુ તે વિષયે અત્ર વિશેષત કાંઇ કથતો નથી, પરન્તુ આટલી વાત ઉપર આપનુ વિશેષત ધ્યાન ખેંચુ છુ કે પ્રમાદ વિવશ થઈને પ્રાવાહિક કામનો અને પુષ્ટિરસનો વિપ્લવ આપ કરશો મા કામ નરકમાં લઈ જાય છે, રસ ભગવચ્ચરણની પ્રાપ્તિ કરાવે છે, એટલી પણ સ્મૃતિ પર્યાપ્ત છે

લક્ષણગ્રન્થો. વસ્તુની સિદ્ધિ લક્ષણથી અને પ્રમાણથી થાય છે '**जन्माद्यस्य यत**'મા બ્રહ્મનુ લક્ષણ આપેલુ છે અને તે જ સૂત્રના ઉત્તર ભાગ '**शास्त्रयोनित्वात्**'મા એનુ પ્રમાણ આપેલુ છે, આ પ્રકારે લક્ષણથી અને પ્રમાણથી બ્રહ્મ સિદ્ધ થાય છે, તેમ આપશ્રીએ **पुष्टिमार्गलक्षणानि** ગ્રન્થ લખીને પુષ્ટિમાર્ગના વિંશતિ લક્ષણો નિરૂપ્યા છે, અને એ દ્વારા પણ એઓશ્રીએ ભગવત્પ્રાપ્તિનો માર્ગ લક્ષ્યો છે

ગ્રન્થ વાચતા લખતા ક્યારેક કોઇ શ્રીમદ્ભાગવતાદિના શ્લોકપ્રસઙ્ગે તેમને મૂર્છા આવી જતી હતી, તે સમયે તેઓ સહજ જે કાંઇ ઉચ્ચારતા તે પણ અન્તેવાસી-શિષ્યો-લખી દેતા આ પ્રકારના તેઓશ્રીના કેટલાક ગ્રન્થો 'સ્વતન્ત્ર' લેખો કથાય છે **क्रिया सर्वापि** ઇત્યાદિ ગ્રન્થો આ કોટિના છે

અનુકરણગ્રન્થો. કોઇ પ્રસઙ્ગે તેમને અનુકરણની પણ ઇચ્છા થતી સમ્પ્રતિ તો શ્રીમહાપ્રભુજીનો માર્ગ 'સાપ ગયા અને લીસોટા રહ્યા' જેવો થઈ ગયો છે ક્યા એ મૂલ અને ક્યા આપણે? પરન્તુ શ્રીહરિરાયજી તો અનુકરણ પણ યથાર્થ જ કરતા આચાર્યશ્રીની **चतुःश्लोकी**વત્ આપશ્રી પણ ચતુઃશ્લોકી લખતા સમ્પ્રતિ કીર્તનો ગવાય છે તેવા તેમના પણ કીર્તનો છે, અને શ્રીગુસાંઇજીએ જેમ અષ્ટપદીઓ કરી છે તેમ તેઓશ્રીની સંસ્કૃત અષ્ટપદીઓ પણ વિદ્યમાન છે શ્રીમહાપ્રભુજીનુ કેટલુક કીર્તનાદિ સાહિત્ય તૈલઙ્ગભાષામા પણ સમ્ભવે છે, પરન્તુ એ તો શોધ કરે જ પ્રાપ્ત થઈ શકે એવા તેમના ગ્રન્થો 'અનુકરણ' કોટિના છે

વર્ણનગ્રન્થો. તેમના અન્ય 'વર્ણન'ગ્રન્થો પણ છે, ઉદાહરણત્વે '**गवां स्वरूपवर्णनम्**' '**भगवच्चरणचिह्नवर्णनम्**,' પ્રથમમા ગાયના સ્વરૂપનુ અને દ્વિતીયમા ભગવચ્ચરણના ચિહ્નનુ વર્ણન છે આ પ્રકારના આપના ગ્રન્થો 'વર્ણન' કોટિના છે પરન્તુ તેમા પણ એમનો સર્વથી સુન્દર ગ્રન્થ '**भावनामाहक्षी**' છે જેમ શ્રીમહાપ્રભુજીના ગ્રન્થોમા શ્રીસુબોધિનીજી મુખ્ય છે તેમ શ્રીહરિરાયજીના ગ્રન્થોમા મુખ્ય આ ભાવના ગ્રન્થ છે મઙ્ગલાથી શયનપર્યન્ત સેવાની સર્વ ઋતુનુસાર ભાવનાનુ વર્ણન આ ગ્રન્થમા છે

વિશેષણાનન્તર વિશેષ્ય

આ સર્વ તેમના 'વિશેષણ' ગ્રન્થો છે એ વિશેષણ ગ્રહાય ત્યારે જ વિશેષ્ય ગ્રહી શકાય વૈષ્ણવ થઈને કેમ વર્તવું ? યત્ર જ્ઞાન હોય તત્ર જ સદાચાર, અને યત્ર સદાચાર તત્ર જ્ઞાન પણ, જ્ઞાન થયા અનન્તર જો તે જ્ઞાન સદાચારમા ન મૂકાય તો તેવા જ્ઞાનીને પણ ધિક્કાર છે, અત એવ આપણા માર્ગમા જ્ઞાન વિશેષણ અને સદાચાર-ભક્તિ-વિશેષ્ય છે

શ્રીભાગવતસુબોધિની

કદાચિત્ કોઈક પ્રશ્ન કરશે કે કાંઈ ન આવડતું હોય તો શું કરવું ? તો તેણે શબ્દાત્મક અને અર્થાત્મક શ્રીમદ્ભાગવત પધરાવવું શ્રીમદ્ભાગવત શ્રીકૃષ્ણરૂપ છે તેના દ્વાદશ સ્કન્ધ પ્રભુના દ્વાદશ શ્રીઅઙ્ગ છે, અર્થાત્ વાચતા પણ ન આવડે તો શ્રીસુબોધિનીજીનું શ્રવણ કરો શ્રીસુબોધિનીના Exoteric અને Esoteric પણ છે

વિધિગ્રન્થો

હવે હું આપશ્રીના 'વિધિ'ગ્રન્થો ઉપર આવીશ તેના ગ્રન્થોમા 'ભાગવતવિધિપૂજન' ઇત્યાદિ છે, પૂજનથી તેની અધિદૈવતા પ્રસન્ન થાય છે વે. ગીતા બ્રહ્મસૂત્ર ભાગવત-સુબોધિની નિબન્ધ ષોડશગ્રન્થો ઇત્યાદિની અવરોહે અને પુન ષોડશગ્રન્થ નિબન્ધ ઇત્યાદિથી આરોહે પણ એકવાક્યતા થવી જોઈએ ભાગવતના શાસ્ત્રાર્થથી અક્ષરાર્થપર્યન્ત સપ્તપ્રકારક અર્થ અનુભવે ત્યારે આ અહન્તામમતારૂપ સંસારના બન્ધનથી મોક્ષ પ્રાપ્ત થાય છે, તેથી શ્રીમદ્ભાગવતનું પૂજન પ્રથમ કરો

આપણો માર્ગ શાહુકારનો છે

એમના ઇતિકર્તવ્યતાના પણ કેટલાક 'પ્રકાર'ગ્રન્થો છે, ઉદાહરણત્વે **स्वमार्गीयस्वरूप स्थापनप्रकार' 'प्रभोश्चिन्तनप्रकार'** ઇત્યાદિ રાજભોગાનન્તર નિવૃત્ત થઈને પ્રભુની સેવાભાવના કર્યા પછી જ આપણને પ્રસાદ પણ લેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે તેમા અકસ્માત્ આપણે ત્યા જો કોઈક વૈષ્ણવ કૃપા કરીને આવે ત્યારે તો તેને અવશ્ય કણિકામાત્ર પણ પ્રસાદ લેવડાવવો જ, અને તે પ્રસાદથી તે સન્તુષ્ટ થાય ત્યારે જ માનવું કે ભગવાન્ આજે આરોગ્યા આપણે પોતાને અર્થે સ્વયંપાક કર્તવ્ય નથી શ્રીગીતાજીમા સ્પષ્ટ જ આજ્ઞા છે કે જેઓ આત્મકારણથી સ્વયંપાક કરે છે તેઓ તો સ્તેન-ચોર-છે આપણો માર્ગ સર્વથા ચોરનો નથી પરન્તુ શાહુકારનો છે પ્રભુને અને વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવીને દેહસ્થિત્યર્થ યત્કિંચિત્ સુધાપ્રસાદનું ગ્રહણ કરવું, અને પ્રસાદ લેતા પહેલા ચિન્તનપ્રકારોક્ત ચિન્તનાદિ પણ કરવું જ

સ્મરણ અને ધ્યાનગ્રન્થો

તેમના સ્મરણગ્રન્થો પણ છે અન્ય દેવોના ઉપાસક નિજ દેવોનું પ્રાતઃસ્મરણ કરે છે તેમ આપણે કોનું સ્મરણ કરવું ? તો તે અર્થે તેમણે સ્મરણગ્રન્થો સ્મૃતિશાસ્ત્ર-લખ્યા છે તેમના ધ્યાનગ્રન્થો પણ છે '**जपसमये स्वरूप ध्यानम्**' ઇત્યાદિ ગ્રન્થો આ કોટિના ગ્રન્થો છે

સ્તોત્રો

આપણે ત્યા સ્તોત્રો કેવલ અર્થવાદ જ નથી સ્તોત્ર કેવલ સ્તુતિકર્તૃ સ્તાવક નથી, પરન્તુ વસ્તુત યથાર્થ છે આ પ્રકારના ગ્રન્થોમા અષ્ટકોનો સમાવેશ થાય છે તેમના તેવા અષ્ટકોમા **श्रीगोपीजनवल्लभाष्टक, षोडशाष्टक** ઇત્યાદિ પ્રભુપરત્વે છે, **राधाष्टक मुख्यशक्तिस्तोत्र** ઇત્યાદિ સ્વામિનીજીપરત્વે છે, **वैश्वानराष्टक, वल्लभशरणाष्टक, निजाचार्याष्टक, वल्लभभावाष्टक, दैन्याष्टक हा हा दैन्याष्टक, पाणियुगलाष्टक, गोकुलेशाष्टक गर्वापहाराष्टक** ઇત્યાદિ અષ્ટકો શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજી શ્રીગોકુલેશજી પ્રભૃતિપરત્વે છે આમા મને **वैश्वानराष्टक** અત્યન્ત પ્રિય છે ૧૮૯૦થી એ સ્તોત્રે મારું હૃદય વેંધ્યું છે

વિજ્ઞપ્તિઓ

એમના વિજ્ઞપ્તિઓ પણ છે શ્રીમહાપ્રભુજીએ શ્રીગુસાંઈજીએ વિજ્ઞપ્તિઓ કરી તેમ આપે પણ કેટલીક વિજ્ઞપ્તિ કરી છે આ વિજ્ઞપ્તિદ્વારા પ્રભુપાસે વિરહરમની જ યાચના કરી છે તેવી તેમની 'વિજ્ઞપ્તિ'કોટિના ગ્રન્થમા **શ્રીયમુનાવિજ્ઞપ્તિ, શ્રીવલ્લભચરણવિજ્ઞપ્તિ, સ્વપ્રભુવિજ્ઞપ્તિ શ્રીસ્વામિનીવિજ્ઞપ્તિ** ઇત્યાદિ ગ્રન્થો મુખ્ય છે વિહ્વલી પરાકાષ્ઠા પ્રાપ્ત થતા શ્રીહરિરાયજીએ આચાર્યનામોનુ સ્મરણ કરીને તેમની સરસ 'નામાવલિ' પણ યોજી છે, અને તેના શ્રીમહાપ્રભુજીનુ શ્રીગુસાંઈજીનુ શ્રીગોકુલેશનુ અને નિજ પિતા શ્રીકલ્યાણરાયજીનુ પણ સ્મરણ કર્યું છે

શિક્ષાપત્ર

કિંચ શ્રીહરિરાયજી વારંવાર વિરહપત્રો પણ લખતા. એમના આ પત્રોનો સંગ્રહ તે તેમનુ '**શિક્ષાપત્ર**' છે

ભાષાગ્રન્થો

સંસ્કૃત ન જાણનારાને અર્થે ભાષામા પણ કેટલાક પદો આપશ્રીએ રચ્યાં છે, અને એ માર્ગે પણ ભાવનુ દાન કર્યું છે કદાચિત્ કોઇ કહે કે રાગતાલસ્વર વિના ગાન કયાથી શક્ય હોય ? તો તેમના પણ હિતાર્થ ગાનનૈપુણ્યાનપેક્ષ ધરનો-ધોળો-પણ પ્રકટ કર્યા છે તે જ રીતિએ આપના કેટલાક વ્યાખ્યાનાદિ પણ સમ્પ્રદાયમા પ્રસિદ્ધ છે

બ્રહ્મસમ્બન્ધનુ 'દાન' કિમર્થ ?

ક્યા આપ એ રાજાના રાજા અને ક્યા હુ એક જીવમાત્ર' એ ભાવે '**યચ્ચ દુઃખં યશોદાયા**' ઇત્યાદિમા દર્શાવેલ પ્રકારે કૃષ્ણ-દર્શનલાલસામા આપશ્રીએ નિજ સમગ્ર જ જીવન વિપ્રયોગરોદન કરીને વ્યતીત કર્યું છે એમનો ભગવદ્ભાવ તેમ જ એમનુ ચારિત્ર્ય એવા ઉચ્ચ પ્રકારનુ હતુ કે જન્મોજન્મ એમના ગુણગાન ગાઈએ તો પણ એમના ઋણમાથી આપણે મુકત થઈ શકીએ તેમ નથી સમ્પ્રતિ મુદ્રણ સુગમ હોવાથી તેમના ગ્રન્થો આપણે સત્વર પ્રસિદ્ધ કરાવી શકીએ એમ છે, પરન્તુ પુરુષોત્તમ અક્ષરથી પણ પર છે એ આપણે વિસ્મરવાનુ નથી, અર્થાદ્ જ્યારે શ્રીપુરુષોત્તમની ભક્તિનુ દાન થાય ત્યારે જ તેની પ્રાપ્તિ આપણને થઈ શકે છે કેવલ કાલાક્ષર ગોખી મારવાથી મુખ્ય ફલ જ મળી ગયુ એમ સર્વથા ન જ માનવુ આપણા સમ્પ્રદાયમા પ્રભુ તો રસાત્મક ભાવાત્મક છે અને તેને પ્રાપ્ત કરવાનો ઉપાય પણ ભાવમાત્ર છે, ક્રિયાત્મક સંયોગપર્યન્ત સાધન હોઈ પણ શકે, પરન્તુ ભાવાત્મક વિપ્રયોગ તો સર્વથા નિઃસાધન જ છે ભલે શ્રવણાદિ અધ્યયન કરો, વિચારાદિ મનન ચિન્તનાદિ નિદિધ્યાસ પણ કરો, કરો, પરન્તુ બ્રહ્મનો સમ્બન્ધ આપણે ત્યા દાનમાત્રથી નથી, તેથી જ આપણા માર્ગમા બ્રહ્મસમ્બન્ધને સાધન ન ગણતા 'દાન' કથવામા આવે છે

ઉપસંહાર. પ્રવચનાર્થ પ્રબન્ધ

વૈષ્ણવપરિષત્ તરફથી અણુભાષ્યનુ પ્રવચન માઘમાસમા પ્રતિરવિવાસરે સાય પઢનાદન સમયે તથા નવ્ય પુરુષોત્તમમણ્ડલ તરફથી શ્રીપુરુષોત્તમજીની વાદાવલિનુ પ્રવચન તેજ સ્થલે પ્રતિસોમવાસરે સાય સમવાન્તસમયે થશે અને તેને અર્થે હુ તે ઉભયે દિવસોએ પૂનાથી અત્ર ભાગ પોતાના જ વ્યયે આવીને પ્રવચન કરીશ, તેથી તેનો લાભ સર્વેએ અવશ્યમેવ લેવો શ્રીનૃસિંહલાલજીના મન્દિરમા શ્રીમહાપ્રભુજીના સભાપતિત્વે જ પૂર્વે સભા મળતી, તેમ અદ્ય પણ શ્રીમદાચાર્યચરણના પ્રમુખત્વે આ સભા મળી છે તેથી તે સમ્બન્ધમા પણ કોઇએ મિથ્યા શઙ્કાઓ ઉપસ્થિત કરવી નહિ શ્રીમહાપ્રભુજીથી અન્ય અધિક કોઇ સભાધિપતિ જ નથી, આપશ્રી જ આ સમ્પ્રદાયના નિત્ય અધિષ્ઠાતા છે તેઓશ્રીના વિશુદ્ધ બાલકો પણ દીર્ઘાયુ રહો અને તન્માર્ગે જ ચાલો એ જ વિજ્ઞપ્તિ

॥ श्रीवल्लभः ॥

"नैवात्मनः" श्लोकोपरि श्रीगुसांईजीकृत स्वतन्त्र लेख.

नैवात्मनः प्रभुरयं निजलाभपूर्णो
मानं जनादविदुषः करुणो वृणीते ।
यद्यज्जनो भगवते विदधीत मानं
तच्चात्मने प्रतिमुखस्य यथा मुखश्रीः ॥ ७.९.११.

ભગવદનુગ્રહ વિના ભક્તિ થતી નથી તેથી 'વિપ્રને પરિત્યજીને શ્વપચને કિમર્થ અનુગ્રહે છે' એમ આશઙ્કા થાય તો **नैवात्मन** ઇત્યાદિ કહે છે આ ભગવાન્ **आत्मन** જીવના **प्रभु** પ્રભુ છે, પરન્તુ દેહના નથી, વિપ્રત્વ વા શ્વપચત્વ દેહગત છે, પરન્તુ આત્મગત નથી, અત પ્રભુ જે આત્માનો–જીવનો–અનુગ્રહ કરે છે તેને ભક્તિ પ્રવર્તે છે, તે પ્રકારે તદીય શ્વપચદેહ પણ શુદ્ધ થઈ જાય છે, **"श्वादोपि सद्य सवनाय कल्पते" 'श्रुतोनुपठितो ध्यात आदृतो वानुमोदित सद्य पुनाति मद्धर्मो देवविश्वद्रुहोपि हि'** ઇત્યાદિવચન અત્ર પ્રમાણ છે પ્રભુ જે આત્માનો–જીવનો–અનુગ્રહ કરતા નથી તદીય વિપ્રદેહ પણ ભક્તિના અભાવથી અશુદ્ધ હોય છે, "સત્યે અને દયાએ ઉપેત વિદ્યાથી અને તપથી અન્વિત ધર્મ મદ્ભક્તિથી રહિત આત્માને–જીવને–સમ્યક્ પ્રકારે પવિત્ર કરતો નથી" એ ભગવદ્વચન અત્ર પ્રમાણ છે, તેથી દેહોત્કર્ષ ભક્તિહેતુ નથી, પરન્તુ ભક્તિ જ દેહોત્કર્ષહેતુ છે, અને તે ભક્તિ પણ ભગવદનુગ્રહૈકસાધ્યા છે, કિઞ્ચ અનુગ્રહ આત્મનિષ્ઠ અને સાધનનિરપેક્ષ છે કારણ કે પ્રભુ–ઈશ્વર–અનિયન્ત્ય છે અત ઉક્ત દૂષણ રહેતુ નથી એમ ભાવ છે ઈશ્વર સર્વકરણસમર્થ હોવાથી જેમ આત્માનો–જીવનો–તેમ દેહનો પણ અઙ્ગીકાર શાથી કરતા નથી એ આશઙ્કાની નિરાસાર્થ **निजलाभपूर्ण** પદ કહે છે પ્રભુ નિજ લાભે પૂર્ણ છે, આત્મના–જીવના–લાભે પૂર્ણ છે, પરન્તુ દેહાદિવિષયાપેક્ષા જ તેમને નથી, જીવ તો પૂર્ણ જ પ્રભુનો અંશ હોવાથી જીવનુ નિજત્વ છે, તેથી–તેની પ્રભુનિષ્ઠ જીવની પ્રભુકૃત અપેક્ષામા પણ હોય નથી, પરન્તુ દેહાદિ તો પ્રાકૃત હોવાથી તદપેક્ષા દેહાદ્યપેક્ષા યુક્તા નથી એમ ભાવ છે એમ શાથી કેવળ એ પ્રભુની અપેક્ષા થાય તો **मानं जनादविदुष** ઇત્યાદિ કહે છે **अविदुषो जनात्** અવિદ્વાન્ જનનથીનથી–ઉક્ત બહિર્મુખ વિપ્રથી–**मान** પૂજાત્મક માનને **नैव वृणीते**–પ્રભુ વરતા–ઇચ્છતા–જ નથી એમ અર્થ છે ત્યારે ભક્તિયુક્તને–ભક્તને–પણ તે પ્રકારે થશે એમ આશઙ્કીને **करुण** પદે પરિહરે છે કે નહિ, પ્રભુ તો **करुण** કરુણ છે, કરુણ નિશ્ચય દીન પ્રતિ કરુણા કરે છે જ, અન્યથા કરુણત્વ જ ન હોત, અને દીનતા ભક્તને જ હોય છે, પરન્તુ વિમુખને હોતી નથી, અત એવ **'न तु भूरिमान'** એમ પૂર્વે ઉક્ત છે દીનને અહઙ્કારનો અસમ્ભવ હોય છે, અત કૃપાએ ભક્તકૃત માનનો અઙ્ગીકાર પ્રભુ કરે જ છે એમ **यद्यद्** ઇત્યાદિએ કહે છે ભગવદઙ્ગીકારાનુરોધથી અત્ર **जन**નો અર્થ ભક્તજન કરવો, તે ભક્તજન **यद्यन्मान** જે કાંઈ પત્રપુષ્પાદિ માન **भगवते** ભગવાનને માન ને **विदधीत** કરે છે તે માન **आत्मने** આત્માર્થે–ભગવદર્થે–થાય છે તે માટ છે એમ માનીને પ્રભુ તે માનનો અઙ્ગીકાર કરે છે એમ અર્થ છે ઈશ્વર તો સાક્ષાત્ અઙ્ગીકાર કરતા નથી, પરન્તુ પ્રતિમાદ્વારા અઙ્ગીકાર કરે છે અને તે પ્રતિમા અઙ્ગીકાર કરે છે એમ તો દૃશ્યમાન નથી તેથી કહે

પ્રકારે ભગવાન્ અઙ્ગીકાર કરે છે એમ આશઙ્કા થાય તો **प्रतिमुखस्य** ઇત્યાદિએ દૃષ્ટાન્તને કહે છે કે **प्रतिमुख** અર્થાત્ પ્રતિબિમ્બમુખ, તત્ર યાવતી શ્રી દૃશ્યમાન છે તાવતી શ્રી તે મુખ જેનુ પ્રતિબિમ્બ હોય છે તેના મુખમા હોય છે, તે પ્રકારે અત્ર પ્રતિબિમ્બસ્થાનીયા પ્રતિમા છે, કારણ કે તત્-પ્રતિમામા-ભગવદાવેશ છે, અત તત્-પ્રતિમામા-કૃત સર્વનો અઙ્ગીકાર ભગવાન્ કરે જ છે, અન્યથા તત્ર પ્રભુ આવેશ કરત જ નહિ, અને તત્કૃત તેને પ્રયચ્છત પણ નહિ, તેથી અઙ્ગીકાર મન્તવ્ય જ છે એમ ભાવ છે યદ્યપિ ભક્તિમાર્ગમા પ્રતિમા સ્વરૂપાત્મિકા જ છે કારણ કે ભક્તોને તે પ્રકારે અનુભવદર્શન છે, તથાપિ મર્યાદાભક્તિમાર્ગનો આશ્રય કરીને જ તે પ્રકારે કહ્યુ છે, નહિ કે પુષ્ટિભક્તિનો આશ્રય કરીને, અત એવ **भक्त**પદને અને **सेवा**પદને ત્યજીને અત્ર **जन**પદ અને **मान**પદ કહ્યુ છે,–કારણ કે પ્રતિપક્ષ બહિર્મુખ હોવાથી પુષ્ટિકથન અત્ર અયુક્ત છે–અને તે પ્રકારે કૈમુતિકન્યાયે પુષ્ટિમાર્ગનુ જ પ્રાબલ્ય કહે છે. અથવા **अयम्** આ—અસ્મદાદિને પ્રત્યક્ષ—**भगवान्** ભગવાન્ **आत्मन** મસારશહિત્યથી જ્ઞાની જીવાત્માના **प्रभुर्न** પ્રભુ નથી એમ અર્થ છે, કારણ કે ભગવાનના અને જ્ઞાની જીવના ઐક્યે ભેદનો અભાવ હોવાથી ઉભય-ભગવાન્ અને જીવ-નિરપેક્ષ છે **'ज्ञानी त्वात्मैव मे मतम्'** ઇત્યાદિ વાક્યમા જ્ઞાનીનુ આત્મત્વે કથન છે ત્યારે કયે પ્રકારે ઉભયનુ નૈરપેક્ષ્ય હોઈને ભગવાન્ જ્ઞાની જીવના પ્રભુ નથી એમ આશઙ્કા થાય તો તત્ પ્રકાર કહે છે કે જ્ઞાની તો મારો આત્મા જ છે, પરન્તુ તત્સઙ્ગાત–જ્ઞાનીનો સઙ્ગાત–કોઇ મદીય આત્મા નથી, અને ભક્તો તો સસઙ્ગાત–સઙ્ગાતે સહ–મદીય આત્મા છે એમ અર્થ છે, અત એવ પાર્થ પ્રતિ '**क्लेशोऽधिकतरस्तेषाम्**'–તે જ્ઞાનીઓને અધિકતર ક્લેશ પ્રાપ્ત થાય છે–એમ કહીને જ્ઞાનીમા ક્લેશનુ નિરૂપણ કર્યુ છે, આથી જ્ઞાનીના પ્રભુ નથી એમ જ્ઞાપિત થયુ, કારણ કે પૂર્ણાનન્દ પ્રભુમા તો ક્લેશનો સમ્ભવ જ નથી, અને જ્ઞાનીમા તો ક્લેશનો સમ્ભવ સ્પષ્ટ જ કહ્યો છે, તત '**ते मे युक्ततमा मता**'–'તે ભક્તો મે યુક્તતમ મત છે'–વાક્ય ભક્તના પ્રભુ છે એમ જ્ઞાન કરાવે છે, અત તેઓને–ભક્તોને–તો ક્લેશનો પણ અભાવ છે, કારણ કે '**मद्भक्तो नावसीदति**' વચન અત્ર પ્રમાણ છે તત્ર એમ આશઙ્કા થાય કે ભગવાન્ એ પ્રકારે તારતમ્ય કેમ કરે છે તો તત્પરિહારાર્થ **निजलाभपूर्ण** ઇત્યાદિ કહે છે સ્વાત્મલાભત્વે જે પૂર્ણ છે તેને વસ્તુત અન્યની અપેક્ષા જ નથી, પરન્તુ અન્ય જો 'હુ સેવક છુ' એમ માને તો ભગવાન્ પણ તેના પ્રતિ પ્રભુત્વનો અઙ્ગીકાર કરે, પરન્તુ તદપેક્ષારહિત યથા જ્ઞાનીની પ્રતિ નહિ, તેથી યુક્ત જ છે કે પ્રભુ જ્ઞાનીના નથી એમ અત્ર ભાવ છે તત્ર એમ આશઙ્કા થાય કે પ્રભુત્વનો અઙ્ગીકાર કરીને ભક્તોને વિષે શુ અધિક કરે છે તો **मान जनात्** ઇત્યાદિ કહે છે વસ્તુત ' **भक्त्या मामभिजानाति** '–ભક્તિએ મને અભિજાને છે-વચનથી તો ભક્ત જ અભિમત વિદ્વાન્ પણ છે, તથાપિ યત્ર સાધારણ જનથી પણ-ભક્તિ હોય તો–તત્કૃત માનને પ્રભુ ઇચ્છે છે તો તાદૃશ વિદ્વાન્ ભક્તથી માનને પ્રભુ ઇચ્છે તેમા તો કહેવુ જ શુ એમ નિરૂપવાને **अविदुष जनात्**–અવિદ્વાન્ જનથી–એમ કથન કર્યુ, કિઞ્ચ પૂર્વે પ્રભુ બ્રહ્મજ્ઞાનીના નથી એમ કથનથી અત્ર તત્પ્રકારક જ્ઞાનમાર્ગીય જ્ઞાનના અભાવથી જ **अविदुष** વિશેષણ કહ્યુ, પરન્તુ કોઇ જ્ઞાનમાત્રના જ અભાવાર્થ તે પદ કહ્યુ નથી–તે પ્રકારે–ભક્તિમાર્ગીય પ્રકારે–નો જ્ઞાન ઉક્ત જ છે, અન્યથા જ્ઞાનિવદ્ ભક્ત પણ ઉપેક્ષ્ય જ થાત, તત્ર **करुण** પદે ઉપપત્તિને કહે છે કે કરુણા દીનને વિષે ઉત્પન્ન થાય છે, પરન્તુ જીવને પ્રભુતુલ્યત્વે માનનારાઓને વિષે તે કરુણા પણ ઉત્પન્ન થતી નથી, તેથી તત્પ્રકારજ્ઞાનયુક્ત તો ભક્ત છે જ એ યુક્ત છે એમ ભાવ છે કિઞ્ચ, ભક્તનુ તો શુ કહેવુ? ભક્તિરહિત પણ જન ભક્તપ્રવર્તિતસમ્પ્રદાયમા સ્થિત થઈને **भगवते** ભગવાનને

અર્થે **यद्यन्मानं विदधीत** જે જે માન સ્વકર્તવ્યત્વે વિદિત જાણીને કરે છે તે માનનું પણ વરણ સમ્પ્રત્યના અનુરોધે પ્રભુ આત્મત્વે કરે છે, અત એવ Potential વિધિ લિઙ્નો પ્રયોગ લડર્થમાં—વર્તમાનકાલાર્થમાં—Present Tenseના અર્થમાં કર્યો છે, અને તેથી જ બ્રહ્માએ પણ '**भवत्पदाम्भोरुहनावमत्र ते निधाय याताः सदनुग्रहो भवान्** એમ કહ્યું છે વસ્તુત ભક્તોને પ્રભુ સ્વયં વરે છે અને અન્ય તો સ્વત પ્રભુને વરવા ઇચ્છે છે એ તારતમ્ય છે પરન્તુ ભક્તકૃત માનનો જ અઙ્ગીકાર કરે છે એ નિયમ કયે પ્રકારે સમ્ભવે એમ આશઙ્કીને **प्रतिमुखस्य यथा** ઇત્યાદિએ દૃષ્ટાન્તને કથે છે મુખસ્થાનીય ભક્ત છે, અને પ્રતિમુખસ્થાનીય તો તદનુવર્તી છે જેમ પ્રતિમુખની શ્રી વસ્તુત મુખની છે પરંતુ તેની—પ્રતિમુખની—નથી, તેમ ભક્તાનુવર્તીએ કૃત માનને વસ્તુત ભક્તકૃત જ માને છે, નહિ કે ભક્તાનુવર્તિકૃત, કારણ કે જેમ પ્રતિમુખનું મુખાનુવર્તિત્વ છે તેમ આનું ભક્તાનુસારિત્વ છે, અન્યથા મુખના અભાવમાં પ્રતિમુખનો જ અભાવ આપન્ન થવાથી તત્કૃત માન જ ન હોઈ શકે, અત કોઈ પણ પ્રકારની અનુપપત્તિ ન રહી

અથવા, **अयं भगवान्** આ ભગવાન **आत्मन एव प्रभुर्न** આત્માના જ પ્રભુ નથી, ભક્તને અધીન છે, તન્નિષ્ઠા તન્નેચ્છા વિના સ્વત કાંઈ પણ કરવાને શક્ત નથી એમ અર્થ છે **एव**કારે સ્વતન્ત્રત્વ નિરાકૃત થઈ જાય છે, અને '**अहं भक्तपराधीनो ह्यस्वतन्त्र इव द्विज वशे कुर्वन्ति मां भक्त्या सत्स्त्रियः सत्पतिं यथा**' વચન પ્રમાણ છે ત્યારે પ્રભુનું ઈશ્વરત્વ ક્યાંથી? એમ પણ ન કહેવું, કારણ કે ઈશ્વર નિશ્ચય **कर्तुमकर्तुमन्यथाकर्तुं समर्थ** છે તેથી અત્ર—ભક્તમાં—ભક્તનું સામર્થ્ય પ્રકટ છે તેમ આશઙ્કા થાય કે '**निस्पृहस्य तृणं जगत्** ન્યાયે સ્વાર્થાભાવમાં જીવનું પણ પારતન્ત્ર્ય થઈ જતું નથી ત્યારે ઈશ્વરનું પારતન્ત્ર્ય કેમ સમ્ભવે? તો **निजलाभपूर्णः** ઇત્યાદિએ કથે છે કે **निजानाम्** ભક્તોના **लाभेन** લાભે જ કરીને **पूर्णः** પ્રભુ પૂર્ણ છે અને તેના અભાવમાં અપૂર્ણ છે એમ અર્થ છે, તેથી ભક્તો જ પ્રભુના સ્વાર્થભૂત છે એમ જ્ઞાપિત થયું, '**यो मद्भक्तः स मे प्रियः**' '**निष्किञ्चना वयं शश्वन्निष्किञ्चनजनप्रियाः**' ઇત્યાદિ પ્રભુનું જ કથન અત્ર પ્રમાણ છે '**नाहमात्मानमाशासे मद्भक्तैः साधुभिर्विना** ઇત્યાદિ વચનોએ ત લાભે—ભક્તના જ લાભે—પ્રભુએ સ્વની પૂર્ણતાને પણ કથી છે કિઞ્ચ સેવકો નિશ્ચય પ્રભુના અંશ છે, અન્યથા પ્રભુત્વ જ કયે પ્રકારે ઉપપન્ન થાય? અત અંશીએ અંશીની પૂર્ણતા દોષાર્થ નથી '**ममैवांशो जीवलोके जीवभूतः सनातनः** ઇત્યાદિ વાક્યથી જીવ અવિશેષે અંશ છે ત્યારે ભક્તમાં જ પૂર્ણતા કયે પ્રકારે એમ આશઙ્કા થાય તો કથે છે કે સત્ય, અંશના અને અંશીના સમ્બન્ધમાં તત્પૂર્ણતા કથની યુક્ત છે, પરન્તુ સમ્બન્ધ તો ભક્તોનો જ છે અન્યનો નથી, કારણ કે '**आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि मामप्राप्यैव कौन्तेय ततो यान्त्यधमां गतिम्**' એમ ભગવદ્વચન છે અન્યોનો તો સમ્બન્ધ પૂર્વે ઉપપાદિત જ છે યદ્વા, નિજથી—ભક્તથી—તર્પિત વસ્તુના લાભે જ પ્રભુ પૂર્ણ છે એમ અર્થ કરવો, કારણ કે '**यद्यदिष्टतमं लोके यच्चातिप्रियमात्मनः तत्तन्निवेदयेन्मह्यम्**' ઇત્યાદિ ભગવદપેક્ષાવચન છે યત્ર ભક્તસમ્બન્ધિવસ્તુલાભે પણ પૂર્ણતા છે તત્ર ભક્તલાભે પૂર્ણતામાં તો કહેવું જ શું એમ ભાવ છે કિઞ્ચ, '**अभक्तोपहृतं भूरि न मे तोषाय कल्पते**' વચનથી અભક્તસમર્પિતનું ગ્રહણ પણ કરતા નથી એમાં આશ્ચર્ય જ નથી, કારણ કે ભક્તાસમર્પિત પણ તદીયનું ગ્રહણ આપ કરે છે એ અભિપ્રાયે **मानं जनात्** ઇત્યાદિ કથે છે, અત્ર આ આશય છે ભક્ત તો નિરન્તર સ્વભાવના અનુસારે યથાદેશકાલ સર્વ સમર્પે જ છે, તથાપિ જીવસ્વભાવવશાત્ કાંઈક વિસ્મરે છે અથવા પ્રભુના અપેક્ષિતવિશેષને જાણતો નથી, ત્યારે પ્રભુ સ્વયં જ સ્વપ્નાદિદ્વારા અનુગ્રહાનુરૂપ તે જ્ઞાપિત કરાવીને પણ અઙ્ગીકાર કરે છે, તેથી **अविदुषो जनान्मानं वृणीते** એમ નિરૂપ્યું, અને વરણ પણ સ્વાપેક્ષાએ થાય છે, નહિ કે વરણીયાપેક્ષાએ, તેથી વરણાર્થક '**वृ**' ધાતુનો અને આત્મનેપદનો પ્રયોગ અત્ર કર્યો, તત્ર **करुण** ઇત્યાદિએ

હરિને વિષે સર્વેન્દ્રિયનું ઉત્તમોત્તમ સમ્બન્ધાત્મક છે. આ માર્ગમાં જ 'अक्षण्वतां फलमिदं न परं विदाम' એ ભાગવતવાક્ય અને 'सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता' તૈત્તિરીયોપનિષદ્વાક્ય અત્ર પ્રમાણ છે આ માર્ગમાં તત્સમ્બન્ધીમાં-ભગવાનના સમ્બન્ધીમાં-તદ્ભાવ ભગવદ્ભાવ-રાખવામાં આવે છે 'उद्धव पूजयाश्चमु' 'विना महत्पादरजोभिषेकम्' 'महत्ते विष्णो सुमतिं भजामहे' 'कीरातहूणान्ध्र पुलिन्दपुल्कसा' 'देवर्षिमें प्रियतम' 'मदनुग्रहो भवान्' 'त्वत्पादपोतेन महत्कृतेन' 'महतां कृपया यावत्' ઇત્યાદિ વાક્યસમૂહપ્રમાણે ભગવત્સમ્બન્ધી મહાપુરુષોમાં-ભગવદ્ભક્તોમાં-ભગવદ્ભાવનું સંરક્ષણ કરવામાં આવે છે [1]તદ્ભિન્નમાં-ભગવદ્બહિર્મુખમાં-વિરોધિતા વિરુદ્ધ ભાવ રખાય[2] છે, ઉદાસીનમાં સમભાવ રાખવામાં આવે છે આ માર્ગમાં વિદ્યમાન દેહાદિની-દેહ ઇન્દ્રિય પ્રાણ અન્તઃકરણ આદિની-સ્વીય રૂપે કરીને ભાવના કરવામાં આવતી નથી, અર્થાત્ તત્તદ્દેહાદિનું રક્ષણ મમતાએ કરવામાં આવતું નથી, પરોક્ષમાં પણ તદર્થત્વ છે, અર્થાત્ ભગવત્પરોક્ષમાં વિપ્રયોગાવસ્થામાં પ્રભુસંયોગના વિચારે કરીને જ દેહાદિનું પણ રક્ષણ ઉત્તરરમાનુભાવાર્થ કરવામાં આવે છે 'त्वयि धृतासवस्त्वां विचिन्वते' 'આપને વિષે ધૃત-ધારણ કરેલા-છે અસુ-પ્રાણ-જેમણે એવા ભક્તો આપને શોધે છે, વાક્ય અત્ર પ્રમાણ છે આ માર્ગમાં સેવ્યસ્વરૂપના ભજનમાં કોઈ પણ પ્રકારની કદાચિદ્ ઉપકૃતિની અપેક્ષા રાખવામાં આવતી નથી, કેવલ ભાવમાત્રનું જ પોષણ કરવામાં આવે છે પ્રભુ પણ ભક્તોને ફલનું દાન કરીને પણ ભજનનો અપવાદ કરતા નથી, કારણ કે ભક્તોનો ભાવોદ્રેક અતિપ્રચુર-અત્યુત્કટ-હોય છે આ માર્ગમાં સર્વલીલાનુભાવ હોવાથી સંયોગાવસ્થાની અપેક્ષાએ પણ વિપ્રયોગાવસ્થામાં વિશેષત સુખસમ્બન્ધ હોય છે આ માર્ગમાં સાધનનું અને ફલનું-ઉભયનું-સર્વત્ર મર્યાદામાર્ગથી વૈપરીત્ય હોય છે સાધન એ જ ફલ છે, અને ફલ એ જ સાધન છે આ માર્ગમાં ભક્તોની તત્સમ્બન્ધિની-ભગવત્સમ્બન્ધિની-કૃતિ હોતે સતે અભિમાનસમ્પર્કાભાવાર્થ અને દૈન્યના ઉદ્બોધાર્થ સદાસર્વદા સતત પશ્ચાત્તાપ—તાપાત્મક ક્લેશ—થયા કરે છે આ માર્ગમાં અન્તઃસ્થિત ભગવાનના આવિર્ભાવ થવામાં-બહિ પ્રાકટ્ય થવામાં—કોઈની પણ અપેક્ષા જ નથી, દૈન્ય જ સાધન છે, અને ફલ પણ વિપ્રયોગજ દૈન્ય છે આ માર્ગમાં સમસ્ત વિષયોનો ત્યાગ કરવામાં આવે છે વિષયાવિષ્ટ દુષ્ટ ચિત્તમાં હરિનો આવિર્ભાવ સર્વથા થતો નથી આ માર્ગમાં પ્રભુને સર્વભાવે દેહાદિનું—દેહ ઇન્દ્રિય પ્રાણ અન્તઃકરણ વિત્ત ગૃહ ઇત્યાદિ સર્વનું-જ સમર્પણ કરાય છે વિષયોનો વિષયત્વે કરીને ત્યાગ સતે પણ ભગવદર્થત્વે કરીને તદ્ગ્રહણ પણ 'आत्मनस्तु कामाय सर्वं प्रियं भवति' શ્રુત્યુક્ત પ્રકારે કરવામાં આવે છે अक्षण्वतां फलमिदं न परं विदाम'નું પરમ રહસ્ય આ જ છે

દ્વિતીય પ્રકરણ સમાપ્ત.

---

[1] પેલો બહિર્મુખ મહદ્' ઇત્યાદિ શબ્દે 'મહદ્'નો ઉપહાસ કરીને સ્વદ્રોહ દર્શાવી રહ્યા છે તે હવે પણ આનો ભાવ વિચારશો ?

[2] અત્ર એ શ્રીગોકુલેશનો અને તદીય અનન્ય ભાગવતનો જે કોઈ પણ દ્રોહ આચરે તેનો વિશેષ કરીને તેનો મુખભંગ કરવો જ એ ભક્તિમાર્ગીય પ્રણાલિકા છે

॥ श्रीवल्लभः ॥

निःसाधनता अने सर्वोद्धार.

પ્રકરણ ૩ જું.

श्रीकृष्णाश्रय.

શ્રીમદ્વલ્લભાચાર્યચરણ નિજભક્તહિતાર્થ પ્રકટિત પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ ગ્રન્થમા (૧) પ્રવાહી-આસુરી-(૨) માર્યાદિક અને (૩) પુષ્ટ એમ ત્રણ પ્રકારના જીવો છે એમ સુસ્પષ્ટ આજ્ઞા કરે છે આ પ્રવાહસૃષ્ટિ શ્રીહરિએ ઇચ્છામાત્રે-મને-ઉત્પન્ન કરી છે, આ પ્રવાહી-આસુર-જીવોનુ સ્વરૂપાદિ શ્રીમદ્ભગવદ્ગીતાના ૧૬ મા અધ્યાયમા વિશદ છે ૬ઠ્ઠા શ્લોકમા 'આ લોકમા બે ભૂતસર્ગ દૈવ અને આસુર જ છે, દૈવ વિસ્તરશ પ્રોક્ત છે, હે પાર્થ! આસુરસર્ગનુ શ્રવણ મારી પાસેથી કર' એમ શ્રીકૃષ્ણચન્દ્રે પ્રતિજ્ઞા કરીને સપ્તમ શ્લોકથી વિંશતિશ્લોકપર્યન્ત આસુર સર્ગનુ નિરૂપણ કર્યુ છે "આસુર જનો પ્રવૃત્તિને જાણતા નથી, તેઓમા નથી શૌચ, નથી આચાર, કે નથી સત્ય, જગત્‌ને અસત્ય, અપ્રતિષ્ઠ, અનીશ્વર, અપરસ્પરસમ્ભૂત અન્ય શુ? કેવલ કામહેતુક માને છે આ દૃષ્ટિને રક્ષીને તે નષ્ટાત્મા અલ્પબુદ્ધિ ઉગ્રકર્મા અહિત આસુરો જગતના ક્ષયાર્થે પ્રવર્તે છે દુષ્પૂર કામનો આશ્રય કરીને દમ્ભમાનમદાન્વિત અશુચિવ્રત આસુરો મોહને લીધે અસદ્ગ્રાહને ગ્રહીને પ્રવર્તે છે અપરિમેયા અને પ્રલયાન્તા ચિન્તાનો ઉપાશ્રય કરે છે કામનો ઉપભોગ જ પરમ છે જેમને એવા તેઓ આ જ [illegible] છે એમ નિશ્ચયવાન્ હોય છે આશાપાશશતોએ બદ્ધ કામક્રોધપરાયણ તેઓ કામભોગાર્થે અન્યાયે અર્થસઞ્ચયને ઇચ્છે છે, 'આજ આ મે લબ્ધ કર્યુ, આ મનોરથને પ્રાપ્ત કરીશ, આ મારુ છે અને આ ધન પુન મારુ થશે આ શત્રુને મે હણ્યો અને અપર શત્રુઓને પણ હણીશ, હુ ઈશ્વર છુ હુ ભોગી, હુ સિદ્ધ, હુ બલવાન્ અને હુ સુખી છુ હુ આઢ્ય છુ, હું અભિજનવાન્ છુ, મત્સદૃશ અન્ય કોણ છે? હું યજન કરીશ, હુ દાન આપીશ, હું મોદ પામીશ' એ પ્રકારે તેઓ અજ્ઞાને વિમોહિત છે અનેકચિત્તવિભ્રાન્ત મોહજાલસમાવૃત કામભોગમા પ્રસક્ત તેઓનો પાત અશુચિ નરકને વિષે થાય છે આત્મસમ્ભાવિત સ્તબ્ધ ધનમાનમદાન્વિત તેઓ દમ્ભે કરીને નામયજ્ઞોએ અવિધિપૂર્વક યજન કરે છે, અહંકાર બલ દર્પ કામ અને ક્રોધને સંશ્રિત અભ્યસૂયક તેઓ નિજ અને પરના દેહમા મારો પ્રદ્વેષ કરે છે, તે દ્વેષયુક્ત ક્રૂર નરાધમ અશુભ અસુરોને હુ સંસારમા આસુરી જ યોનિને વિષે અજસ્ર-વારંવાર-ક્ષિપુ છું અસુરી યોનિને પ્રાપ્ત થયેલા તે મૂઢ જનો જન્મે જન્મે મને પ્રાપ્ત કર્યા વિના જ તેથી અધમા ગતિને પ્રાપ્ત થાય છે" આ આસુર સૃષ્ટિના જીવ દેહ અને ક્રિયા દૈવસૃષ્ટિના જીવ દેહ અને ક્રિયાથી ભિન્ન છે એ પ્રથમ પ્રકરણમા સ્પષ્ટ થઈ જ ગયુ છે

માર્યાદિક જીવ દૈવ છે આ વૈદિક સર્ગ શ્રીહરિએ વચને કરીને પ્રકટ કર્યો છે આ દૈવજીવો વેદમા સ્થિતિ કરીને વૈદિક કર્મમાર્ગમા જ્ઞાનમાર્ગમા અને ભક્તિમાર્ગમા ક્રમશ [illegible] પ્રાપ્ત કરીને અક્ષરબ્રહ્મમા સાયુજ્યને પ્રાપ્ત કરે છે, કોઈક કૃપાવિશેષે પુરુષોત્તમમા પણ સાયુજ્યની પ્રાપ્તિ કરે છે આ એ કથનની [illegible] છે કે અન્ત્યજ ચાણ્ડાલ-જે વર્ગ અસ્પૃશ્ય છે તે-જ

માત્ર આસુરસૃષ્ટિ છે અને અન્ય સૃષ્ટિ આથી વર્ણાશ્રમધર્મે ઉત્તરોત્તર અધિક છે એમ સાધારણ લોકનુ જેમ મન્તવ્ય અસત્ય છે તેમ જ સાધારણ લોકમા પણ જે કર્મમાર્ગ વા જ્ઞાનમાર્ગ મનાય છે તે મન્તવ્ય પણ અશુદ્ધ છે ભાટ્ટપ્રભાકરથી અતીવ ભિન્ન વૈદિક કર્મમાર્ગનુ અને શઙ્કરાદિ માયાવાદીથી પરમભિન્ન જ્ઞાનમાર્ગનુ વિશુદ્ધ સ્વરૂપ શ્રીમદાચાર્યચરણે નિજ નિબન્ધાદિ ગ્રન્થોમા ઉપદિશ્યુ છે અખણ્ડ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ જ એ જ્ઞાનમાર્ગનુ વિશુદ્ધ રમણીય કમનીય સ્વરૂપ છે, અને તે શઙ્કરાદિ આચાર્યાભાસે ઉપદિષ્ટ માયાવાદાદિથી અતીવ વિલક્ષણ છે માયાવાદાદિથી શઙ્કરાચાર્યાભાસે અખણ્ડ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદને અશુદ્ધ કરી નાખ્યો હતો તેથી જ શ્રીમદાચાર્યચરણે પુન શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ પ્રસિદ્ધ કરીને વૈદિક માર્યાદિક સિદ્ધાન્તને દૃઢ કર્યો છે આ જ્ઞાનમાર્ગે માર્યાદિક દૈવજીવો ક્રમશ બ્રહ્મભાવને પ્રાપ્ત કરે છે એ સર્વથા અવિસ્મરણીય છે માયાવાદી આચાર્યાભાસે ઉપદિષ્ટ જ્ઞાન તો માયિક જ્ઞાન–અસદ્ જ્ઞાન–હોવાથી તેણે કરીને તો અન્ધતામિસ્રમા જ આસુરનો પાત થાય છે, તેથી વૈદિક માર્ગક્રમે અક્ષરબ્રહ્મમા અને કૃપાવિશેષે પુરુષોત્તમમા પણ જે સાયુજ્યની પ્રાપ્તિ તે તો શ્રીમદાચાર્યચરણે ઉપદિષ્ટ વૈદિક કર્મમાર્ગનું જ્ઞાનમાર્ગનુ વા ભક્તિમાર્ગનુ જ અવલમ્બન કરવાથી થાય છે કર્મમાર્ગ જ્ઞાનમાર્ગ ભક્તિમાર્ગ ઉપાસનામાર્ગ, યોગ, સાઙ્ખ્ય ઇત્યાદિ માર્ગાન્તરથી પુષ્ટિમાર્ગનુ વૈલક્ષણ્ય આગળ ઉપર અતીવ સ્પષ્ટ થઈ જશે અધુના તો એતાવદ્ જ પર્યાપ્ત છે કે વેદમા સ્થિતિકર્તા માર્યાદિક જીવોથી પણ પુષ્ટિસ્થ જીવો બહુ જ વિલક્ષણ છે કારણ કે પુષ્ટિસ્થ જીવો તો સાક્ષાત્ શ્રીકૃષ્ણના શ્રીઅઙ્ગમાથી જ વ્યુચ્ચરિત થયા છે આ દૈવશિરોમણિ પુષ્ટિજીવને શ્રીઅઙ્ગે–આનન્દમાત્રકરપાદમુખોદરાદિરૂપે–જ ફલપ્રાપ્તિ છે આ પુષ્ટિમાર્ગસ્થ જીવોનુ સાધન અને ફલ ઉભયે એક જ શ્રીગોકુલેશ છે, તેથી આ જીવોને સાધનાવસ્થામા તેમ જ ફલાવસ્થામા પણ શરણભાવના અર્થાત્ પ્રપત્તિ એ જ પરમ સર્વસ્વ છે ભગવચ્છરણભાવના જ નિસ્સાધનત્વે અવલમ્બન કરીને તેઓને કૃપાએ જ સર્વોત્કૃષ્ટ ફલની પ્રાપ્તિ થઈ જાય છે તેઓના જીવ દેહ અને ક્રિયા શ્રીકૃષ્ણના–પરિપૂર્ણ પુરુષોત્તમના–સમ્બન્ધી છે, તેથી શ્રીકૃષ્ણ પણ તેમને વશ છે તેઓ ફલરૂપ શ્રીકૃષ્ણની સેવાનું ફલ પણ ભગવચ્છરણભાવનાએ જ પ્રાપ્ત કરે છે ભગવચ્છરણભાવના એ જ તેમનો ત્યાગ છે વેદાધ્યયન, તપ, જ્ઞાન, ઇજ્યા, દાન વ્રત, હોમ, ઉપાસના, કર્મ, આચાર વિચાર ઇત્યાદિ મર્યાદામાર્ગીય ધર્મમા આ ભક્તોની નિષ્ઠા હોતી જ નથી, તેઓનુ પુરુષાર્થચતુષ્ટય પણ પુષ્ટિમાર્ગીય છે પુષ્ટિમાર્ગીય પુરુષાર્થ અને મર્યાદામાર્ગીય પુરુષાર્થ પણ ભિન્ન છે (૧) ધર્મ (૨)અર્થ (૩) કામ અને (૪) મોક્ષ એ મર્યાદામાર્ગીય પુરુષાર્થચતુષ્ટય તો પ્રસિદ્ધ જ છે પરન્તુ '**पुष्टिमार्गे हरेर्दास्य धर्मार्थो हरिरेव हि कामो हरेर्दिदृक्षैव मोक्ष कृष्णस्य चेद् ध्रुवम्**' વૃત્રાસુરચતુઃશ્લોકીની કારિકામા ઉક્ત પુષ્ટિમાર્ગીય પુરુષાર્થ તેથી વિલક્ષણ જ છે, (૧) હરિનુ દાસ્ય એ જ પુષ્ટિમાર્ગીય ધર્મ છે (૨) હરિ જ પુષ્ટિમાર્ગીય અર્થ છે, (૩) હરિની દિદૃક્ષા–દર્શનની ઇચ્છા–જ પુષ્ટિમાર્ગીય કામ છે અને (૪) કૃષ્ણના–કૃષ્ણસમ્બન્ધી–જ જો થઈ જવાય તો તે પુષ્ટિમાર્ગીય મોક્ષ છે, આ પ્રકારે પુષ્ટિમાર્ગીય દૈવશિરોમણિ જીવનુ સર્વસ્વ હરિ જ છે, અર્થાત હરિથી ઇતર કાંઈ પણ તેમને અભિલાષિત જ નથી, સાલોક્ય સાર્ષ્ટિ સામીપ્ય કે સાયુજ્ય ઇત્યાદિ મોક્ષની પણ આ જીવો ઇચ્છા કરતા નથી, કેવલ શ્રીહરિએ કૃપાએ દત્તા અનન્યા ભક્તિ જ તેમનો પરમ ઉત્તમોત્તમ સહજ મનોરથ હોય છે, અને તે પણ પ્રપત્તિમાર્ગે જ, શ્રીકૃષ્ણ ત જ સેવાસામર્થ્યે પરમ ફલની પ્રાપ્તિ તેઓ સ્વીકારે છે, અર્થાત્ સ્વકીય નિસાધનત્વની જ ભાવનાએ સદૈવ તાપક્લેશ કર્યા કરે છે ફલરૂપ શ્રીકૃષ્ણનો આશ્રય જ સર્વસાધન છે આ પ્રકારે શ્રીકૃષ્ણના કેવલ અનન્ય આશ્રયનુ–પ્રપત્તિનુ–શરણનુ–જ અવલમ્બન કરીને સર્વ

ધર્મોનો પરિત્યાગ તેઓ કરી શકે છે, તેથી તેમાં દોષની સ્વલ્પ પણ સમ્ભાવના નથી જ આ, શરણ સન્યાસરૂપ જ છે તેથી જેમ મર્યાદામાર્ગમા **'यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेत्'** **'तावत् कर्माणि कुर्वीत न निर्विद्येत यावता'** ઇત્યાદિ મર્યાદામાર્ગીય સન્યાસના આદેશમા વૈરાગ્યનુ કથન કર્યું છે અને અન્યમતે કર્મમાર્ગનો પરિત્યાગ જ ઉપદિશ્યો છે તેમ અત્ર પણ ભગવાન્ જ મોક્ષદાનસમર્થ છે એમ જ્ઞાન થયે જ શરણગમન થઈ શકે છે, તેથી આ પુષ્ટિમાર્ગીય શરણમા સર્વધર્મત્યાગની આજ્ઞા કરી છે તે સુપપન્ન જ છે સર્વધર્મપરિત્યાગપૂર્વક આ પુષ્ટિમાર્ગીય પ્રપત્તિથી ધર્મનો વિનાશ કોઇ પણ પ્રકારે થતો નથી એમ ન્યાસાદેશમા સુસ્પષ્ટ રીતિએ સમજાવ્યુ છે **'सर्वधर्मान् परित्यज्य'** ગીતાશ્લોકનુ અને **'त्यक्त्वा स्वधर्मं चरणाम्बुजम्'** ઇત્યાદિ ભાગવતશ્લોકનુ યથાર્થ અધ્યયન અને મનન કરવાથી આ પ્રપત્તિનુ મર્મ સ્પષ્ટ થઈ જશે શ્રીમદાચાર્યચરણે પણ **विवेकधैर्याश्रय** ગ્રન્થમા **'कलौ भक्त्यादिमार्गा हि दुःसाध्या इति मे मतिः'** એમ ઉપદિશ્યુ છે કલિયુગમા ભક્ત્યાદિ સર્વ માર્ગો નિશ્ચયે દુસ્સાધ્ય છે એમ મારુ મત છે—તત્ત્વદીપનિબન્ધમા પણ આપ આજ્ઞા કરે છે કે **'अधुना तु, कलौ सर्वे विरुद्धाचारतत्पराः स्वाध्यायादिक्रियाहीनास्तथाचारपराङ्मुखाः क्रियमाणं तथाचारं विधिहीनं प्रकुर्वते विक्षिप्तमनसो भ्रान्ता जिह्वोपस्थपरायणा व्रात्यप्रायाः स्वतोदुष्टास्तत्र धर्मः कथं भवेत्? षड्भिः सम्पद्यते धर्मस्ते दुर्लभतराः कलौ।** અર્થાત્ અધુના તો કલિયુગમા સર્વે બ્રાહ્મણાદિ ઉત્તમ ત્રૈવર્ણિક પણ વિરુદ્ધાચારને વિષે જ તત્પર છે, સ્વાધ્યાયાદિ ક્રિયાએ હીન છે, આચારથી પરાઙ્મુખ છે તેમ જ ક્રિયમાણ જે આચાર તે પણ વિધિહીનત્વે જ કરે છે, તેઓ વિક્ષિપ્તમનોયુક્ત છે, ભ્રાન્ત છે, જિહ્વોપસ્થપરાયણ છે પક્વાન્નભોજનાદિભોગમા અને સ્ત્રીસઙ્ગમા જ તત્પર છે, સર્વ વ્રાત્યપ્રાય છે, સ્વતોદુષ્ટ છે, તત્ર—આ પ્રકારે દુષ્ટ કલિયુગમા—ધર્મ ક્યાંથી સમ્ભવે? ધર્મ તો દેશકાલાદિની શુદ્ધતાએ સમ્પન્ન થાય છે, અને તે દેશકાલાદિ ષટ્ તો આ કલિયુગમા દુર્લભતર થઈ પડ્યુ છે ધર્મનો અને આચારનો જ દુરાગ્રહકર્તા જનોએ અત્ર સુવિચાર્ય છે કે શ્રીમહાપ્રભુજીએ જ સ્વતઃ સાક્ષાત્કારસેવાર્થ ઉપર કલિયુગના સ્વરૂપનુ દિગ્દર્શન કરાવ્યુ છે શ્રીમદ્ભાગવતના દ્વાદશસ્કન્ધના તૃતીયાધ્યાયનુ પણ અનુસન્ધાન અત્ર જિજ્ઞાસુને ઉપયુક્ત થશે જ્યારે આ પ્રકારે કર્મમાર્ગ—આચારમાર્ગ—દુષ્ટ જ થઈ જાય ત્યારે પુનઃ શુ કર્તવ્ય? એ આશઙ્કા થાય તો **विवेकधैर्याश्रय** ગ્રન્થની અનન્તર **श्रीकृष्णाश्रय** ગ્રન્થે શ્રીકૃષ્ણાશ્રય જ કર્તવ્ય છે એમ શ્રીમદાચાર્યચરણ જ ઉપદિશે છે, આ ગ્રન્થનુ સ્વરૂપ સુસ્પષ્ટરીતિએ અનુભવાય તેથી એ ગ્રન્થનો અનુવાદ આ પ્રકરણમા આપવામા આવશે શ્રીકૃષ્ણાશ્રય ગ્રન્થોપરિ શ્રીકલ્યાણરાયજીના વિવરણના પણ ગુર્જરાનુવાદ આપ્યો છે દેશ કાલ દ્રવ્ય મન્ત્ર કર્તા અને કર્મ એ ષટ્ની અશુદ્ધિ પણ કલિયુગમાં શ્રીકૃષ્ણાશ્રયે જ નિવૃત્ત થાય છે, તેથી પ્રથમ ષટ્ શ્લોકમાં શ્રીમદાચાર્યચરણે ઉપદિશ્યુ કે શ્રીકૃષ્ણનો જ આશ્રય કર્તવ્ય છે અને ચતુર્વિધ પુરુષાર્થ પણ શ્રીકૃષ્ણાશ્રયમા જ વર્તમાન થઈ જાય છે તેથી સપ્તમથી દશમપર્યન્ત શ્લોકચતુષ્ટયે પણ શ્રીકૃષ્ણાશ્રયનુ જ અવલમ્બન કર્યુ આ પ્રકારે ગ્રન્થનુ પરમસ્વારસ્ય શ્રીમદાચાર્યચરણે સ્વયં સ્પષ્ટ જ ભાષામા ઉપદિશ્યુ છે

श्रीकृष्णाश्रय.

વિવરણકર્તા શ્રીકલ્યાણરાયજી મઙ્ગલાચરણમાં કહે છે કે—જેમના લીલાતત્ત્વના સ્પર્શથી અન્ય આશ્રિત રહેતો નથી તે ગોપાનન્દદાયક શ્રીકૃષ્ણનો આશ્રય હુ કરુ છુ (૧) જેમની કૃપાદૃષ્ટિથી જન્તુ આનન્દથી ગોવિન્દને પ્રાપ્ત કરે છે તે નિજાચાર્યને હુ ભક્તિએ અર્થસિદ્ધ્યર્થ અભિવન્દુ છુ (૨)

४५. श्रुतेश्च ॥४॥

॥ सप्तममेकसूत्रं सहकार्यन्तराधिकरणम् ॥७॥

४६. सहकार्यन्तरविधिः पक्षेण तृतीयं तद्वतो विध्यादिवत् ॥१॥

॥ अष्टमं चतुःसूत्रं गृहिणोपसंहाराधिकरणम् ॥८॥

४७. कृत्स्नभावात्तु गृहिणोपसंहारः ॥१॥

४८. मौनवदितरेषामप्युपदेशात् ॥२॥

४९. अनाविष्कुर्वन्नन्वयात् ॥३॥

५०. ऐहिकमप्रस्तुतप्रतिबन्धे तद्दर्शनात् ॥४॥

॥ नवममेकसूत्रमेवम्मुक्तिफलानियम इत्यधिकरणम् ॥९॥

५१. एवं मुक्तिफलानियमस्तदवस्थावधृतेस्तदवस्थावधृतेः ॥१॥

इति श्रीमत्कृष्णद्वैपायनविरचिततत्त्वसूत्रेषूपनिषदां विद्याजनकतारूपसाधनाख्ये तृतीयाध्याये कर्मोपसंहारो नाम चतुर्थश्चरणः ॥

॥ चतुर्थाध्यायः ॥

॥ प्रथमश्चरणः ॥

॥ प्रथमं द्विसूत्रमावृत्त्यधिकरणम् ॥१॥

१. आवृत्तिरसकृदुपदेशात् ॥१॥

२. लिङ्गाच्च ॥२॥

॥ द्वितीयं त्रिसूत्रमात्माधिकरणम् ॥२॥

३. आत्मेति तूपगच्छन्ति ग्राहयन्ति च ॥१॥

४. न प्रतीकेन हि सः ॥२॥

५. ब्रह्मदृष्टिरुत्कर्षात् ॥३॥

॥ तृतीयं पञ्चसूत्रमादित्याद्यधिकरणम् ॥३॥

६. आदित्यादिमतयश्चाङ्ग उपपत्तेः ॥१॥

७. आसीनः सम्भवात् ॥२॥

८. ध्यानाच्च ॥३॥

९. अचलत्वं चापेक्ष्य ॥४॥

१०. स्मरन्ति च ॥५॥

॥ चतुर्थमेकसूत्रं यत्रैकाग्रताधिकरणम् ॥४॥

११. यत्रैकाग्रता तत्राविशेषात् ॥१॥

॥ पञ्चममेकसूत्रमाप्रायणाधिकरणम् ॥५॥

१२. आप्रायणात्तत्रापि हि दृष्टम् ॥१॥

॥ षष्ठं चतुःसूत्रं तदधिगमाधिकरणम् ॥६॥

१३. तदधिगम उत्तरपूर्वाघयोरश्लेषविनाशौ तद्व्यपदेशात् ॥१॥

---

४५. सूत्रमिदं न पठ्यते भास्कररामानुजनैम्बार्कमाध्वशैवैः ।

५० 'ऐहिकमपि' इति शाङ्करपाठः । 'अप्रस्तुते' इति नैम्बार्कपाठः । 'ऐहिकमप्रस्तुतप्रतिबन्धे तद्दर्शनात्' इति भास्करपाठः ।

४ 'न प्रतीके न हि सः' इति शाङ्कररामानुजमाध्वशैवभैक्षवः पाठः । 'न प्रतीकेन हि सः' इत्येव भास्करपाठः ।

११. 'तत्राविशेषात्' इत्येव भास्करपाठः ।

१४. इतरस्याप्येवमसंश्लेषः पाते तु ॥२॥

१५. अनारब्धकार्ये एव तु पूर्वे तदवधेः ॥३॥

१६. अग्निहोत्रादि तु तत्कार्यायैव तद्दर्शनात् ॥४॥

सप्तम त्रिसूत्रमतोऽन्याधिकरणम् ॥७॥

१७. अतोऽन्यापि ह्येकेषामुभयोः ॥१॥

१८. यदेव विद्ययेति हि ॥२॥

१९ भोगेन त्वितरे क्षपयित्वाथ सम्पद्यते ॥३॥

॥ इति श्रीमत्कृष्णद्वैपायनविरचिततत्त्वसूत्रेषु फलाख्ये चतुर्थध्याये जीवतः फलविचारो नाम प्रथमश्चरणः ॥

॥ द्वितीयश्चरणः ॥

॥ प्रथम चतुःसूत्र वाङ्मनोधिकरणम् ॥१॥

१. वाङ् मनसि दर्शनाच्छब्दाच्च ॥१॥

२. अत एव सर्वाण्यनु ॥२॥

३. तन्मनः प्राण उत्तरात् ॥३॥

४. सोध्यक्षे तदुपगमादिभ्यः ॥४॥

॥ द्वितीय द्विसूत्र भूताधिकरणम् ॥२॥

५. भूतेषु तच्छ्रुतेः ॥१॥

६ नैकस्मिन दर्शयतो हि ॥२॥

॥ तृतीय नवसूत्र समानाधिकरणम् ॥३॥

७. समाना चासृत्युपक्रमादमृतत्व चानुपोष्य ॥१॥

८. तदापीतेः संसारव्यपदेशात् ॥२॥

९. सूक्ष्मं प्रमाणतश्च तथोपलब्धेः ॥३॥

१०. नोपमर्देनातः ॥४॥

११. अस्यैव चोपपत्तेरूष्मा ॥५॥

१२. प्रतिषेधादिति चेन्न शारीरात् ॥६॥

१३. स्पष्टो ह्येकेषाम् ॥७॥

१४. स्मर्यते च ॥८॥

१५. तानि परे तथा ह्याह ॥९॥

॥ चतुर्थमेकसूत्रमविभागाधिकरणम् ॥४॥

१६. अविभागो वचनात् ॥१॥

---

१६ 'तत्कार्यायैव' इत्येव भैक्षवः पाठ ।

१७. 'अतोऽन्यदपीति' इति माध्वः पाठः ।

१८. इदं सूत्रमुपेक्षितं भास्करेणानर्थकमिति ।

१९ अथरहित शाङ्करभास्करभैक्षवपाठः ।

२. 'अत एव च' इति शाङ्करभास्करमाध्वशैवपाठः ।

४. 'सोध्यक्षेण' इति शैवःपाठः ।

५. 'भूतेषु तच्छ्रुते.' इत्येव भास्करपाठः । 'भूतेष्वत.' इति भैक्षवः पाठः ।

८ 'तदपीतेः' इति माध्वः पाठः ।

११. 'एष ऊष्मा' इति शाङ्करभास्करभैक्षवपाठः ।

१३. इदमन्तर्भावयन्ति पूर्वस्मिन् भास्कररामानुजनिम्बार्कशैवाः ।

॥ पञ्चममेकसूत्रं तदोकोऽधिकरणम् ॥५॥

१७. तदोकोऽग्रज्वलनं तत्प्रकाशितद्वारो विद्यासामर्थ्यात्तच्छेषगत्यनुस्मृतियोगाच्च हार्दानुगृहीतः शताधिकया ॥१॥

॥ षष्ठमेकसूत्रं रश्म्यधिकरणम् ॥६॥

१८. रश्म्यनुसारी ॥१॥

॥ सप्तमं[1] त्रिसूत्रं निश्यधिकरणम् ॥७॥

१९. निशि नेति चेन्न सम्बन्धस्य यावद्देहभावित्वाद्दर्शयति च ॥१॥

२०. अतश्चायनेऽपि दक्षिणे ॥२॥

२१. योगिनः प्रति स्मर्यते स्मार्ते चैते ॥३॥

॥ इति श्रीमत्कृष्णद्वैपायनविरचितेषु तत्त्वसूत्रेषु फलकाण्डे चतुर्थाध्याये म्रियमाणस्य फलविचारो नाम द्वितीयश्चरणः ॥

॥ तृतीयश्चरणः ॥

॥ प्रथमं चतुःसूत्रमर्चिराद्यधिकरणम् ॥१॥

१. अर्चिरादिना तत्प्रथितेः ॥१॥

२. वायुमब्दादविशेषविशेषाभ्याम् ॥२॥

३. तडितोऽधि वरुणः सम्बन्धात् ॥३॥

४. वरुणाच्चाधीन्द्रप्रजापती ॥४॥

---

१९. 'सम्बन्धात्' इति पठित्वा यावद्देहसूत्रांश पृथक्सूत्रत्वेन पठन्ति माध्वाः ।

२१. 'प्रति' इति शाङ्करभास्करभैक्षवपाठः ।

२. 'वायुशब्दात्' इति माध्वःपाठः ।

४. 'नव्यमपि सूत्रं केचन निवेशयन्ति' इत्यत्र 'वरुणाच्च' इत्यादि नितान्तस्फुरदेव *श्रीवल्लभसूत्रमेव निदर्शनमिति ब्रह्मसूत्राणां बहुकर्तृकत्वं सिसाधयिषुर्यत् कश्चिदाह* तदसदेव । श्रीवल्लभैर्नैवेदं सूत्रं नव्यं न्यवेशि । 'वरुणादधीन्द्रप्रजापती' इति शाङ्करभाष्ये, 'वरुणादुपरीन्द्रादिर्निवेशयितव्यः' इति रामानुजभाष्ये 'इन्द्रप्रजापती उक्तस्थानाद्वरुणादधि निवेशयितव्यौ' इति निम्बार्कभाष्ये, 'वरुणलोकात् प्रजापतिलोकमिति कौण्डिन्यश्रुतिः' इति माध्वभाष्ये, 'तदनन्तरमिन्द्रप्रजापतिलोकौ' इति शैवभाष्ये, 'तत इन्द्रस्ततः प्रजापतिः' इति भैक्षवभाष्ये चैतत्सूत्राक्षराणां स्फुटतमोपलम्भात् स्पष्टार्थत्वेनैव चास्य सूत्रस्य शाङ्करादिभिः 'स्थानान्तराभावात् पाठसामर्थ्याच्च' इत्येवम्भाष्यकरणाच्चेतिदिक् ॥

---

[1] प्रदीपकाराधिकरणमालाकारमतेनेदं षष्ठमेवाधिकरणम् । भाष्यप्रकाशिकाकाररश्मिकारमतेन चेदं सप्तममधिकरणम् ॥

द्वितीयं त्रिसूत्रमातिवाहिकाधिकरणम् ॥२॥

५. आतिवाहिकास्तल्लिङ्गात् ॥१॥
६ उभयव्यामोहात् तत्सिद्धेः ॥२॥
७. वैद्युतेनैव ततस्तच्छ्रुतेः ॥३॥

तृतीयमष्टसूत्रं कार्याधिकरणम् ॥३॥

८. कार्यं बादरिरस्य गत्युपपत्तेः ॥१॥
९. विशेषितत्वाच्च ॥२॥
१०. सामीप्यात्तु तद्व्यपदेशः ॥३॥
११. कार्यात्यये तदध्यक्षेण सहातः परमभिधानात् ॥४॥
१२. स्मृतेश्च ॥५॥
१३ परं जैमिनिर्मुख्यत्वात् ॥६॥
१४. दर्शनाच्च ॥७॥
१५. न च कार्ये प्रतिपत्त्यभिसन्धिः ॥८॥

चतुर्थमेकसूत्रमप्रतीकाधिकरणम् ॥४॥

१६. अप्रतीकालम्बनान्नयतीति बादरायण उभयथा दोषात् तत्क्रतुश्च ॥१॥

पञ्चममेकसूत्रं विशेषाधिकरणम् ॥५॥

१७. विशेषं च दर्शयति ॥१॥

इति श्रीमत्कृष्णद्वैपायनविरचितेषु तत्त्वसूत्रेषु फलाख्ये चतुर्थेऽध्याये गच्छतः फलविचारो नाम तृतीयश्चरणः ॥

॥ चतुर्थश्चरणः ॥

प्रथमं चतुःसूत्रं सम्पद्याविर्भावाधिकरणम् ॥१॥

१. सम्पद्याविर्भावः स्वेन शब्दात् ॥१॥
२. मुक्तः प्रतिज्ञानात् ॥२॥
३. आत्मा प्रकरणात् ॥३॥
४. अविभागेन दृष्टत्वात् ॥४॥

द्वितीयमष्टसूत्रं ब्राह्माधिकरणम् ॥२॥

५. ब्राह्मेण जैमिनिरुपन्यासादिभ्यः ॥१॥
६. चिति तन्मात्रेण तदात्मत्वादित्यौडुलोमिः ॥२॥

---

५. 'आतिवाहिकः' इति माध्वपाठः ।

६ इदं सूत्रं भास्कररामानुजनैम्बार्कशैवा न पठन्ति ।

१५. 'प्रत्यभिसन्धिः' इति रामानुजशैवपाठः ।

१६. 'उभयथादोषात्' इति शाङ्करभास्करभैक्षवपाठः । 'उभयथा च दोषात्' इति रामानुजमाध्वशैवपाठः ।

१ 'अविहाय' इति माध्वपाठः ।

६. 'चितिमात्रेण' इति भास्करमाध्वशैवपाठः । 'तदात्मकत्वात्' इति च रामानुजनैम्बार्कमाध्वशैवभैक्षवपाठः ।

॥ मतान्तरपाठसमेतो ब्रह्मसूत्रपाठः ॥

७ एवमप्युपन्यासात् पूर्वभावादविरोध
बादरायण ॥ ३ ॥
८ सङ्कल्पादेव च तच्छ्रुते ॥ ४ ॥
९ अत एव चानन्याधिपति ॥ ५ ॥
१० अभाव बादरिराह ह्येवम् ॥ ६ ॥
११ भाव जैमिनिर्विकल्पामननात् ॥ ७ ॥
१२ द्वादशाहवदुभयविध बादरायणोत ॥ ८ ॥

तृतीय द्विसूत्र तत्वभावाधिकरणम् ॥ ३ ॥

१३ तत्वभावे सन्ध्यवदुपपत्ते ॥ १ ॥
१४ भावे जाग्रद्वत् ॥ २ ॥

चतुर्थ द्विसूत्र प्रदीपाधिकरणम् ॥ ४ ॥

१५ प्रदीपवदावेशस्तथा हि दर्शयति ॥ १ ॥
१६ स्वाप्ययसम्पत्त्योरन्यतरापेक्षमाविष्कृत हि ॥ २ ॥

पञ्चमं षट्सूत्र जगद्व्यापाराधिकरणम् ॥ ५ ॥

१७ जगद्व्यापारवर्ज प्रकरणादसन्निहितत्वाच्च ॥ १ ॥
१८ प्रत्यक्षोपदेशादिति चेन्नाधिकारिकमण्डलोक्ते
॥ २ ॥
१९ विकारावर्ति च तथा हि स्थितिमाह ॥ ३ ॥
२० दर्शयतश्चैव प्रत्यक्षानुमाने ॥ ४ ॥
२१ भोगमात्रसाम्यलिङ्गाच्च ॥ ५ ॥
२२ अनावृत्ति शब्दादनावृत्ति शब्दात् ॥ ६ ॥

इति श्रीमत्कृष्णद्वैपायनविरचितेषु तत्त्वसूत्रेषु फलाख्ये चतुर्थेऽध्याये प्राप्तफलस्य फलविचारो नाम चतुर्थश्चरण ॥ ४ ॥

---

८ 'एव तु' इति शाङ्करभास्करशैवभैक्षवपाठ । 'एव तच्छ्रुते' इति रामानुजनैम्बार्कपाठ ।
९ चकाररहितो भैक्षव पाठ ।
११ 'अविकल्पमननात्' इति भास्करपाठ ।
१३ 'तन्वभावे' इति सर्वेप्येकदेशिन ।
१७ 'प्रकरणात्' इत्यादिसूत्रांश पृथक्सूत्रत्वेन पठन्ति माध्वा ।
१८ 'नेति चेन्न' इति भास्करनैम्बार्कपाठ ।
१९ 'स्थितिम्' इत्यादिसूत्रांशमुत्तरसूत्रेण योजयन्ति माध्वा । 'विकारावर्ति' इति भैक्षवपाठ ।
२१ 'साम्यम्' इति भास्करपाठ ।

॥ समाप्तानि श्रीमत्कृष्णद्वैपायनविरचितानि तत्त्वसूत्राणि ॥

શ્રેષ્ઠિજયકૃષ્ણદાસપોયરાસ્મારક.

	નામ.	મૂલ્ય
૧	ન્યાયાદેશ	૦-૨-૦
૨	સિદ્ધાન્તરહસ્ય	૦-૨-૬
3	An Examination of S'amkaras' refutation of the Samkhya Theory	1-0-0
૪	શ્રીમતી વેદસ્તુતિ	૦ ૧૦-૦
૫	શ્રીપુરુષોત્તમજીના અને શ્રીહરિરાયજીના ઉત્સવપ્રસંગે થયેલા વ્યાખ્યાનો	૦-૪-૦
6	Kathopaniscad	In Print

૩ ધીની વૈષ્ણવપરિષદ્ અને શ્રીપુરુષોત્તમસુન્દરાય યજ્ઞ પ્રયોગોમાં કેશવજી પરાગજી સુરજી જેવા ધનિકો ઉપસ્થિત કેમ થતા નથી? શું ધનિકવર્ગ એમ સ્વીકારે છે કે ધીના સમન્વય વિના જ કેવલ શ્રીમાત્રે સમ્પ્રદાયનો ઉત્કર્ષ સંસિદ્ધ થઈ જશે? રવિવારે એકાદ કલાકનો પણ અવકાશ પ્રાપ્ત કરવાની જે શ્રીમાન્ પુષ્ટિમાર્ગીયોને મહિચ્છામાત્ર પણ થતી નથી તે ધનાઢ્ય વર્ગને શ્રીમદ્ વલ્લભાધીશ્વર જ સન્મતિનું દાન કરે.

* * * * * *

૪ પુના વૈષ્ણવમંડળમા વે. સાગાણીએ પરિવેષ્ટાએ અને આ માસિકના તન્ત્રીએ યથાક્રમ 'ધર્મની પરિસ્થિતિ' 'બાલબોધ' અને 'શ્રીમદ્વલ્લભાચાર્યજીનો ઉપદેશ' વિષે વ્યાખ્યાન આપ્યા હતાં આ મણ્ડળમા અદ્યાવધિ થયેલા એક પણ વ્યાખ્યાનને પ્રસંગે શ્રીબાલકૃષ્ણજીના મન્દિરમાથી મુખ્ય પરિચારકાદિ એક પણ વ્યક્તિ ઉપસ્થિત થઈ નથી! પ્રાતઃકાળે મંગળાના દર્શનકર્તા શ્રદ્ધાવાન્ વર્ગને અન્ધશ્રદ્ધામા જ રાખવાની તેમની ઇચ્છા છે? શ્રદ્ધાવાન પણ વૈષ્ણવ ભગવદ્વિદ્યા પ્રાપ્ત કરે એ પણ રુચતુ નથી? બુદ્ધિયોગની વૃદ્ધિ થતા મન્દિરોની સુધારણા પ્રાપ્ત થશે જ એમ ભીતિ છે?

* * * * * *

૫ શ્રીમદાચાર્યચરણના તત્ત્વદીપનિબન્ધના 'સર્વનિર્ણય'નો અનુવાદ કરાવવાને વૈષ્ણવપરિષદે રૂા ૭૫૦) વિનિયોજવાનો નિશ્ચય કર્યો છે, અને મગનલાલ શાસ્ત્રીએ તે કાર્ય નિઃશુલ્ક જ કરી આપવાની પણ પ્રતિજ્ઞા કરી છે

* * * * * *

૬ સમ્પ્રદાયના કેટલાક અગ્રગણ્ય શ્રીમદ્ગોસ્વામીઓનુ વ્રજમા સમ્મેલન થયુ છે શ્રીયમુનાજી અને શ્રીગિરિરાજજી એ મહાનુભાવીઓની સન્મતિને પ્રાચીનમાર્ગે પ્રેરો

* * * * * *

૭ વે. તેલીવાલાને કકરપટ્ટીમાથી રશ્મિનો અમુક ત્રુટિત ભાગ પણ પ્રાપ્ત થઈ ગયો છે

॥ वेदस्तुतिशुद्धिः ॥

	पत्रम् ।	पङ्क्तिः ।	शुद्धम् ।
१.	८	२१.	सततदुरत्यया ।
२	१०	११.	ऽस्तुवे ।
३.	१२	१०	अगप० ।

॥ श्रीकृष्णाय नम ॥
॥ श्रीगोपीजनवल्लभाय नम ॥
॥ श्रीमदाचार्यचरणकमलेभ्यो नम ॥

क्वेमा स्त्रियोवनचरीर्व्यभिचारदुष्टा कृष्णे क्व चैष परमात्मनि रूढभाव'।
नन्वीश्वरोनुभजतोविदुषोपि साक्षाच्छ्रेयस्तनोत्यगदराज इवोपयुक्त ॥

पुष्टिसुधा

પુસ્તક પઞ્ચમ { સંવત ૧૯૮૨ / માર્ગશીર્ષ શુક્લ ૧૫ } તૃતીયાઙ્ક

॥ विषयानुक्रमणिका ॥

	विषय.	लेखकादि	पत्राङ्क
१	श्रीपुरुषोत्तमजीना प्राकट्योत्सव प्रसंगे थएला व्याख्यानो	प्रकाशक तन्त्री	१-२०
२	प्रासङ्गिक		१—४

* * *

પરિનિષ્ઠા
વે શા સ મગનલાલ ગણપતિરામ શાસ્ત્રી
એમ એ, બિ ઇ એસ્, એસ્ ટિ સિ,
એમ આર્ એ એસ્ (બા) પુના મિરિ

મુદ્રક
ગોવિન્દજી ડાહ્યાભાઈ નાયક
શ્રી 'અનાવિલ બન્ધુ' પ્રિ પ્રેસ
બગનપુરી ભાગોળ, સુરત

* * *

તન્ત્રી
ગોવિન્દલાલ હરિગોવિન્દ ભટ્ટ એમ એ
વડોદરા

પ્રકાશકતન્ત્રી
ઉજમશી બાપુજી કાપડીઆ બી એ
'પુષ્ટિસુધા' કાર્યાલય ધંધુકા

વાર્ષિક ન્યોછાવર રૂ ૨-૪-૦
પૃથગઙ્કના ૦-૪-૦

फार्बस गुजराती सभा
मुंबई ४

॥ दशदिगन्तविजयी श्रीमद्गोस्वामि-पुरुषोत्तमजी ॥

શ્રીમદ્વલ્લભસમ્પ્રદાયના એક પ્રખર વિદ્વાન્ ગોસ્વામી દશદિગન્તવિજયી શ્રીપુરુષોત્તમજીમહારાજનો પ્રાકટ્યોત્સવ ગયા શનિવારે હોવાથી તે ઉત્સવ ઉજવવાને એક મોટી જાહેર સભા વૈષ્ણવપરિષદ્‌ના કાર્યવાહક મણ્ડળ તરફથી અત્રેના માધવબાગમા સાંજના ૭ કલાકે પૂનાની દક્ષિણ કૉલેજના સંસ્કૃત વ્યાખ્યાતા મગનલાલ ગણપતિરામ શાસ્ત્રી એમ. એ.ના પ્રમુખપણા નીચે મળી હતી જે વેળાએ મોટામન્દિરવાળા ગોસ્વામિશ્રીમદ્ગોકુલનાથજીમહારાજ અને ચિ. શ્રીદીક્ષિતજી ઉપરાંત વૈષ્ણવ સ્ત્રીપુરુષો અને અન્ય વિદ્વાનો પણ મોટી સંખ્યામા ઉપસ્થિત થયા હતા

આ ઉત્સવ મુંબાઈમા પહેલવહેલો જાહેર રીતે ઉજવવામા આવેલો હોવાથી તેના નિમિત્તે તે સમ્પ્રદાયના હસ્તલિખિત અને છપાયલા ગ્રન્થોનુ પણ એક પ્રદર્શન—જે પ્રસઙ્ગ પણ આ સમ્પ્રદાયના ઇતિહાસમા પ્રથમ વાર જ બન્યો છે—ઉક્ત સ્થળે ગોઠવવામા આવ્યુ હતુ, અને તેમા અત્રેના મોટા મન્દિરમા શ્રીનાથબાવાના મન્દિરમા અને અન્ય વૈષ્ણવો પાસે જે જે હસ્તલિખિત ગ્રન્થો મળી શક્યા તેનુ ત્યા એક સારુ સઙ્ગ્રહસ્થાન ગોઠવાયુ હતુ, જેથી સમ્પ્રદાય સાહિત્યસામગ્રીના પણ અજ્ઞાત ન રહે તે માટે આચાર્યશ્રીથી માંડીને તેમના વંશજોએ અને અન્ય સામ્પ્રદાયિક વિદ્વાનોએ પણ તેને સમૃદ્ધ બનાવવાને બહુ શ્રમ વેઠેલો સ્પષ્ટ જણાતો હતો ત્યારે હવે તો તે ગ્રન્થો જેમની જેમની માલીકીમા છે તેનો પવિત્ર ધર્મ આ જ રહ્યો કે તેને વધુવાર સબડવા નહિ દેતા તેનો લાભ સત્વર સહુને મળે તેવો પ્રબન્ધ કરવો પ્રદર્શનમા શ્રીનાથજી ઉપરાંત આચાર્યશ્રીના અને અન્ય વિદ્વાન્ ગોસ્વામિમહારાજોના પણ ચિત્રો મૂકવામા આવ્યા હતા, જેમા ખાસ કરીને તે દિને જેમનો પ્રાકટ્યોત્સવ હતો, તે શ્રીપુરુષોત્તમજીમહારાજની આ પ્રસઙ્ગને માટે ખાસ એન્લાર્જ કરવામા આવેલી છબી સહુનુ ધ્યાન ખેંચી રહી હતી આ પ્રદર્શન ખુલ્લુ મેલવાની શુભ ક્રિયા મોટામન્દિરવાળા શ્રીમદ્ગોસ્વામી શ્રીગોકુલનાથજીમહારાજના હસ્તક થનાર હોવાથી ત્યા શાસ્ત્રીના પ્રમુખપણા નીચે સભા મળવા પૂર્વે તરત એક **બીજો** મેળાવડો કરવામા આવ્યો હતો, તે પ્રસઙ્ગે ઉક્ત પ્રદર્શન ખુલ્લુ મેલતાં શ્રીમદ્ગોકુલનાથજીમહારાજે એક મનનીય ભાષણ કર્યુ હતુ

સાંજના ૫-૩૦ કલાકે શ્રીગોકુલનાથજીમહારાજ લાલબાવા શ્રીગિરિધરલાલજી તથા ચિ. શ્રી દીક્ષિતજી સાથે પધારતા ત્યા તેમને ખાતે જે એક સભા ભરવામા આવી હતી, તેના પ્રારમ્ભમા વૈષ્ણવ પરિષદ્‌ના કાર્યવાહક મન્ત્રી વૈ. ત્રિકમદાસ ચકુભાઈએ તે દિવસના મેળાવડાનો હેતુ સમજાવ્યા પછી તેમણે શ્રીગોકુલનાથજીમહારાજને ઉક્ત પ્રદર્શન ખુલ્લુ મેલવાની વિજ્ઞપ્તિ કરી હતી

શ્રીગોકુલનાથજીમહારાજનુ વિવેચન

પ્રદર્શન ખુલ્લુ મેલતા શ્રીગોકુલનાથજીમહારાજે હિન્દી ભાષામા જણાવ્યુ હતુ કે આજે અહિ હસ્તલિખિત અને મુદ્રિત સામ્પ્રદાયિક ગ્રન્થોનુ જે પ્રદર્શન ભરવામા આવ્યુ છે તે ઉપરથી તમે જોઈ શકશો કે આ સમ્પ્રદાયમા પ્રચારકાર્ય પહેલેથી જ થતુ હતુ, જો કે તે હાલની અત્યારની રીતે થતુ ન હતુ આ પહેલા મોટે ભાગે પ્રવચનોદ્વારા પ્રચારકાર્ય થતુ હતુ આ માટે આ સમ્પ્રદાયના વિદ્વાન્ ગોસ્વામીઓ પર્યટન કરતા હતા અત્રે આ જાણવુ જોઈએ કે તે સમયમા પર્યટનને

માટે આજના જેટલી રેલ્વે વગેરે વાહનોની અનુકૂલતા ન હતી, અને તેથી સમ્પ્રદાયની પ્રગતિને અર્થે પાદપર્યટન પ્રયત્નો કરવામાં આવ્યા હતા મહાપરિશ્રમે ગુજરાત કાઠીઆવાડ કચ્છ મારવાડ ઉત્તરહિંદ બંગાલ મહારાષ્ટ્ર અને છેક લંકાપર્યન્ત આ સમ્પ્રદાયની પ્રવૃત્તિ જોવામાં આવે છે તે સર્વે વિદ્યા પ્રતિ તેમની સુરુચિનો સાક્ષાત્કાર કરાવે છે આ પછી વિદ્યાપરની દૃષ્ટિ કમી થઈ, અને અધ્યયન અને અધ્યાપન ન રહ્યાં અધ્યયન અને અધ્યાપન નષ્ટ થયાં એવું અમારું કહેવું નથી પણ તે નષ્ટપ્રાય તો થયાં જ, એટલે બાહ્ય લોકો એમ માનવા લાગ્યા કે આ સમ્પ્રદાયમાં ૮૪ અને ૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓનું અને તેવું જ સાહિત્ય છે, પણ જેને આકર ગ્રન્થો કહે છે તેવું સાહિત્ય નથી. આપણે ત્યાં દ્રવ્ય સમય કે વિદ્વાનોની ખોટ નથી, છતાં અમારે આ કહેવું જોઈએ કે આપણા ત્યાંના જેટલું જલદીથી થવું જોઈએ તેટલું મુદ્રણ થતું નથી આપણે આપણા ગ્રન્થો જે સંસ્કૃતમાં છે તે તે ભાષામાં જ પ્રકટ કરી સન્તોષ માનવાનો નથી પણ તેના અનુવાદો પણ પ્રકટ કરવા જોઈએ તે અનુવાદો પણ માત્ર ગુજરાતીમાં કે હિંદીમાં જ નહિ, પરન્તુ યૂરપ અમેરિકા જાપાન વગેરે દેશમાં જ્યાં જ્યાં મોટી યુનિવર્સિટિઓ હોય તે તે દેશની ભાષાઓમાં પણ આપણા ગ્રન્થોના અનુવાદ પ્રસિદ્ધ કરવા જોઈએ ઉપરાંત આ દેશની પણ તેલુગુ તામિલ વગેરે ભાષાઓમાં પણ અનુવાદ કરવા જોઈએ કે જેથી તત્ત્વજ્ઞાનના શોખીનો આપણો સિદ્ધાન્ત શું છે તે જાણતા થાય તે ગ્રન્થો સાથે પ્રસ્તાવનાદ્વારા આપણે તે ગ્રન્થોના કર્તાઓનો પણ પરિચય કરાવવો જોઈએ આ સમ્બન્ધમાં આપણે ત્યાં જેટલું અનાદર અને અનવધાનતા છે એટલું બાધક છે આ દિશામાં અત્યારપર્યન્ત આપણે જે સફલતા પ્રાપ્ત કરી છે તે નહિ જેવી છે છેલ્લાં ૭-૮ વર્ષમાં આપણે ત્યાં પ્રવૃત્તિની શરૂઆત થઈ છે તેને અંગે મુંબાઈ યુનિવર્સિટિમાં એમ. એ. ના અભ્યાસક્રમના આપણા આચાર્યચરણના "અણુભાષ્ય"ના અધ્યાપનનો પ્રબન્ધ થયો છે અને સાંભળવા મુજબ આવતા વર્ષથી શ્રીપુરુષોત્તમજીના ભાષ્યપ્રકાશ તથા શુદ્ધાદ્વૈતમાર્તણ્ડ તેમ જ ભક્તિસૂત્રના અભ્યાસ માટેનો પણ ત્યાં પ્રબન્ધ કરાયો છે તો એ કાર્યમાં જે અનુકૂલતા થાય છે તેને ભગવદિચ્છા ગણીને આપણે હવે સચેત થવાની જરૂર છે આપણે ત્યાં સાહિત્યની વિપુલતા છે કયું પુસ્તક ઉત્તમ અને કયું નહિ, તેની અમો સરખામણી કરવા ચાહતા નથી બધાએ ગ્રન્થો ઉત્તમ છે, પણ કેટલાક કેવલ સામ્પ્રદાયિક છે અને અસામ્પ્રદાયિકોને તે ઓછા ઉપયોગી છે જેઓ સરલ રચના હોઈ બીજા સાહિત્ય અને તત્ત્વજ્ઞાનને સરખાવવા ઇચ્છે છે તેમને સરખામણીની મદદ માટે આપણા આકર ગ્રન્થોની પ્રસિદ્ધિની બહુ જરૂર છે, અને તેથી તેનો પ્રચાર થવો ઘટે છે આજના પ્રદર્શનનો આ જ હેતુ છે કે આપણે ત્યાંના આકર ગ્રન્થોની સહુને માહિતી થાય તેવા ગ્રન્થોની કિમ્મત પ્રેમી વિદ્વાનો જ કરી શકે આપણે ત્યાં સરસ મકાન બાંધ્યું હોય તો સહુને દેખાડવાની મરજી થાય તેમ આપણને આ બધા આ ગ્રન્થો તેવા વિદ્વાનોને દેખાડતાં આનન્દ થાય છે સંસ્કૃતના જાણકાર અભ્યાસીઓને આપણે આપણું સંસ્કૃત સાહિત્ય દેખાડી દાવા સાથે કહી શકીએ અને ભલામણ કરીએ કે તેનું અવલોકન કરો. શાકવાળા કે ઘાંસવાળા કાંઈ ઝવેરાતનું મૂલ્ય કરી શકતા નથી, તે તો ઝવેરી જ કરી શકે છે અહિંના પ્રદર્શનમાં અમુદ્રિત તો ઠીક પણ સર્વે મુદ્રિત ગ્રન્થો પણ ફક્ત બે જ દિવસમાં આ પ્રદર્શન ભરવાનું થવાથી એકઠા કરી શકાયા નથી વૈ. ત્રિમહલ્મે એ માટે અથાગ શ્રમ કર્યો છે, તેમ કરીને એમણે આચાર્યશ્રીની સેવા જ કરી છે તેવાઓને વધુ ધન્યવાદો આપીને તેમનું હૃદય દુખવવા ચહાતો નથી

બાદ શ્રીગોકુલનાથમહારાજ વગેરેએ પ્રદર્શન નિરીક્ષી તે ખુલ્લું મુકાયાનું જાહેર કર્યું હતું

પ્રાકટ્યોત્સવ નિમિત્તેની સભા

આ પછી સાંજના ૬–૩૦ વાગે શ્રીપુરુષોત્તમજીમહારાજના પ્રાકટ્યોત્સવ નિમિત્તેની સભા ત્યાં જ મળી હતી રા. બ. સુન્દરદાસ નારાયણદાસ સોલિસિટરની દરખાસ્ત અને રા. જમનાદાસ કાનજીના ટેકા સાથે સભાનું પ્રમુખસ્થાન વ્યાખ્યાતા મગનલાલ શાસ્ત્રીએ લીધું હતું

વૈ. મૂલચંદ તુલસીદાસ તેલીવાલા બી૦ એ૦, એલ૦ એલ૦ બી૦–જેમણે મુંબાઈ યુનિવર્સિટિનું ઝાલાવેદાન્તપ્રાઇઝ મેળવ્યું છે તેમણે–દશદિગન્તવિજયી શ્રીપુરુષોત્તમજીમહારાજના જીવનચરિત્રાદિ ઉપર ઇંગ્રેજીમાં વ્યાખ્યાન કર્યું હતું, જેનો અનુવાદ નીચે પ્રકારે છે

વૈ. મૂલચન્દ તેલીવાલાના ઇંગ્રેજી ભાષણનો અનુવાદ

વૈ. મૂલચન્દ તેલીવાલાએ મઙ્ગલાચરણ કર્યા બાદ જણાવ્યું કે આજના ભાષણનો વિષય શ્રીમદ્ગોસ્વામી શ્રીપુરુષોત્તમજીમહારાજનું જીવનચરિત્ર છે, પણ તે વિષય ઉપર આવતાં પહેલાં તેઓ જે વંશમાં પ્રાદુર્ભાવ પામ્યા તે વંશનો કાંઇક ખ્યાલ આપવો ઉચિત ગણીને તે અત્ર પ્રથમ આપું છું

શ્રીવલ્લભાચાર્યજી

શ્રીપુરુષોત્તમજીમહારાજ આ પુષ્ટિસમ્પ્રદાયના સ્થાપક શ્રીવલ્લભાચાર્યજી, જેઓ અદ્વિતીય સમર્થ આચાર્ય હતા, તેમનાથી સાતમી પેઢીએ થયા હતા વૈષ્ણવો વલ્લભાખ્યાનનો પાઠ નિત્ય કરે છે, એ ગ્રન્થના બીજા બીડામાં બહુ ટુંકામાં શ્રીમહાપ્રભુજીનું જીવનચરિત્ર આપેલું છે એ બીડામાં જણાવ્યા અનુસાર વિદ્યાનગરના રાજા કૃષ્ણદેવે શ્રીવલ્લભાચાર્યજીને કનકાભિષેક કરીને ભારતવર્ષના તે સમયના મુખ્ય આચાર્યશ્રીનું પદ સમર્પ્યું, તે સમયથી આચાર્યશ્રી ભારતવર્ષના મહિષ્ઠ આચાર્ય તરીકે ગણાયા, અને ત્યારથી આપશ્રીએ નિજ માર્ગનો પ્રચાર પોતાના ઉપદેશથી દેશના વિવિધ ભાગોમાં કરવા માંડ્યો કૃષ્ણદેવરાજાનો આપશ્રી સાથેનો સમ્બન્ધ શ્રીમહાપ્રભુજીએ શ્રીમદ્ભાગવત ઉપર લખેલી શ્રીસુબોધિનીનામની ટીકાના પ્રથમ સ્કન્ધના મઙ્ગલાચરણના પ્રથમ શ્લોકમાં " वन्दे श्रीकृष्णदेवं" શબ્દોએ શ્લેષથી સૂચવાતું હું માનું છું. તે ઉપરાન્ત માધ્વસમ્પ્રદાયના હાથમાં મળી આવેલા 'વ્યાસરાજચરિત' નામના ગ્રન્થમાં પણ શ્રીવલ્લભાચાર્યજીને કૃષ્ણદેવરાજાએ વ્યાસતીર્થના પ્રમુખપણા હેઠળ સન્માન આપ્યાનું જણાવ્યું છે આ શ્રીમહાપ્રભુજીને–શ્રીવલ્લભાચાર્યજીને–સંસારની પ્રવૃત્તિઓમાં ચિત્ત જ ન હતું અને તેથી અડેલમાં બિરાજીને અનેક ગ્રન્થો લખીને વૈષ્ણવોને સદુપદેશ આપીને શ્રીગિરિરાજની ટેકરી ઉપર શ્રીગોવર્ધનનાથજીનું મન્દિર સ્થાપીને સ્નેહપ્રધાન સેવામાર્ગ શ્રીમદાચાર્યચરણે પ્રકટ કર્યો.

શ્રીવિઠ્ઠલનાથજી

શ્રીમહાપ્રભુજી પછી તેમના દ્વિતીયપુત્ર શ્રીવિઠ્ઠલનાથજી થયા તેઓ સં ૧૬૨૦ સુધી અડેલમાં બિરાજ્યા, પરન્તુ ત્યારપછી પોતે શ્રીગોકુલમાં જઈ રહેવા લાગ્યા તે સમયે તેઓ મોગલ શહેનશાહ અકબરના સમ્બન્ધમાં આવ્યા, અને પોતાની વિદ્યાનો ભગવદ્ભાવનો અને સદાચરણનો પ્રભાવ તેની ઉપર પાડ્યો, જેના સુપરિણામે અકબરે શ્રીવિઠ્ઠલનાથજીને ગોકુલ અને યતિપુરા ગામો ભેટ કર્યા આ વાત ખાલી ગપ નથી અકબરે શ્રીવિઠ્ઠલનાથજીને આપેલી સનદોમાં આ વાત સ્પષ્ટ કરેલી છે એ સનદો શ્રીનાથદ્વારાના શ્રીમાન્ તિલકાયિતમહારાજશ્રીની પાસે છે, અને તે થોડા વખતમાં અમે છપાવીને પ્રસિદ્ધ કરનાર છીએ

મહારાજો "ગોસ્વામી" ક્યારથી કહેવાયા ?

અત્રે આ સાથે હું એક બીજી વાત ઉપર તમારું ધ્યાન ખેંચીશ તે એ છે કે અકબરે આપેલી શરુઆતની સનદોમા શ્રીવિઠ્ઠલનાથજીને "વિપ્ર" અથવા તો "શ્રીદીક્ષિત શ્રીવિઠ્ઠલરાય" એમ સમ્બોધ્યા છે, પણ જ્યારથી તે સનદોદ્વારા તેમણે તેઓશ્રીની ગાયો ગમે તે જગાએ અને રાજગોચર જમીનપર પણ ચરવા દેવાનો પરવાનો આપ્યો, ત્યારથી તે પછીની સનદોમા શ્રીવિઠ્ઠલનાથજીને 'ગોસ્વામી' તરીકે સમ્બોધ્યા છે, અને આ સમ્પ્રદાયમા આચાર્ય તો માત્ર શ્રીવલ્લભાચાર્યજી જ છે, તેથી શ્રીગુસાંઇજી શ્રીવિઠ્ઠલનાથજીથી માંડીને અત્યાર સુધીના તેમના સર્વ વંશજો 'ગોસ્વામી"ના નામથી જ ઓળખાય છે

શ્રીપુરુષોત્તમજીમહારાજ

દશદિગન્તવિજયી શ્રીપુરુષોત્તમજીમહારાજ–કે જેમનો પ્રાકટ્યોત્સવ અહિં ઉજવીએ છીએ તેઓશ્રી–શ્રીગુસાંઇજીના તૃતીય લાલજી શ્રીબાલકૃષ્ણજીના વંશમા ચોથી પેઢીએ થયા છે આપશ્રીનો પ્રાદુર્ભાવ કેટલાકોના મત મુજબ સંવત્ ૧૭૧૪મા અને બીજાઓના મત મુજબ ૧૭૨૪મા ભાદરવા સુદ ૧૧ ને દિવસે શ્રીગોકુલમા થયો હતો આ સમ્બન્ધમા ભાઇ ત્રિકમદાસે "પુષ્ટિભક્તિસુધા" માસિકના પઞ્ચમ વર્ષના તૃતીય અઙ્કમાંથી શ્રીપુરુષોત્તમજીના વિષયમા મારો લખેલો લેખ આજે જ પહેલા આજની સભામા અત્રે વાંચી ગયા છે, એટલે તે સમ્બન્ધમા હું તે વાતો ફરી કહેતો નથી, પરન્તુ તે લેખ લખ્યા પછી જે કેટલીક નવી બીનાઓ તેઓશ્રીના સમ્બન્ધમા મારા જાણવામા આવી છે તે અહિં જણાવીશ તે લેખમાં મેં ૧૮૨૦મા તેમને કાશીસ્થ વેણીભટ્ટ જોડે શાસ્ત્રાર્થ થયો એમ જણાવ્યું છે અને તે આધારે શ્રીપુરુષોત્તમજી ભૂતલ ઉપર ૯૬ વર્ષ બિરાજ્યા એમ મેં ત્યારે અનુમાન કર્યું હતુ, પરન્તુ સુરતના શ્રીબાલકૃષ્ણજીના મન્દિરમા આપશ્રીએ સંવત્ ૧૭૮૭મા કરેલું દાનપત્ર મળી આવ્યું છે, અને "વેણુનાદ" માસિકમા એ દાનપત્ર છપાયું પણ છે, તે પત્ર કોર્ટમા રજુ પણ થયેલું હતું, એ દાનપત્રના આધારે શ્રીપુરુષોત્તમજી ૧૭૮૭ પછી ઝાઝું બિરાજ્યા હોય એમ મને લાગતું નથી, એટલે કે બહુ તો તેઓ ૬૩ વર્ષ ભૂતલપર બિરાજ્યા

શ્રીપુરુષોત્તમજીનો વિદ્યાભ્યાસ

સમ્પ્રદાયની ગાથાઓ શ્રીપુરુષોત્તમજીને અગાધ જ્ઞાન અલૌકિક રીતે પ્રમેય બલથી પ્રાપ્ત થયાનુ આપણને જણાવે છે, પરન્તુ શ્રીપુરુષોત્તમજીએ પોતાનો સમય મોજશોખમા નહિ ગુમાવતા વિદ્યાપ્રાપ્તિને માટે ઘણુ ભારે શ્રમ લીધેલો જણાય છે 'પદરત્ન'ના મઙ્ગલાચરણમા 'સ તાદૃશો નિષદ્' ઇત્યાદિ શબ્દોથી પોતે લૌકિક રીતે પ્રાપ્ત થયેલા જ્ઞાનનો પ્રકાર દર્શાવે છે પુરુષોત્તમજીના ઉપર બે ગોસ્વામીઓનો ઉપકાર થયેલો દીસે છે એક એમના ગુરુ શ્રીકૃષ્ણચન્દ્રજીમહારાજનો અને બીજા એમના કાકા શ્રીવ્રજરાજજીમહારાજનો શ્રીવ્રજરાજજીદ્વારા શ્રીપુરુષોત્તમજીને શ્રીબાલકૃષ્ણજીના સ્વરૂપની પ્રાપ્તિ થઈ શ્રીવ્રજરાજજી સમ્પ્રદાયમા એક પ્રતાપી બાલક થયા, પરન્તુ એમની વિદ્યાસમ્પત્તિમા અને સર્વમાન્ય વિચારશૈલીમા કારણભૂત તો એમના કાકા અને ગુરુ શ્રીકૃષ્ણચન્દ્રજી જ છે શ્રીપુરુષોત્તમજીએ પોતાના પિતાના અને દાદાના નામથી પણ ગ્રન્થો જોડ્યા છે, અને આથી મારુ એવું માનવું હતું કે શ્રીકૃષ્ણચન્દ્રજીની 'ભાવપ્રકાશિકા' વૃત્તિ પણ શ્રીપુરુષોત્તમજીએ પોતાના ગુરુના નામથી જોડી હશે આ માન્યતાને મારી પાસેની પ્રતિમા લખાયેલા 'ઇયં વૃત્તિર્ગોસ્વામિપુરુષોત્તમેન સ્વગુરુનામ્ના કૃતેતિ શુભમ્' શબ્દોથી કાંઇ સમર્થન

કરી લેતા આ પ્રથમ નકલોમા શ્રીપુરુષોત્તમજીના પાઠથી શોધ કરેલા સુધારાવધારા આવતા નહિ અને તેને લીધે પાઠભેદ પ્રચલિત થતા શ્રીપુરુષોત્તમજીએ પાઠની શોધીને જે ભાગ ઉમેર્યો હોય તે પહેલા લેખ ઉપરથી થયેલી નકલમા ન હોય એ સ્વાભાવિક છે, તેમ જ શ્રીપુરુષોત્તમજીનો પાઠની ઉમેરેલો ભાગ જો કે કોઈક વખતે તેના પૂર્વ ભાગ સાથે બંધ બેસતો ન હોય તથાપિ તે પણ તેટલો જ પ્રામાણિક છે આ ઉપરથી ચોક્કસ ભાગો ક્ષેપક હોવાની પાશ્ચાત્ય લેખકોની સૂચના સાવધાનતાથી સ્વીકારવી જોઈએ શ્રીપુરુષોત્તમજીનો ભાષાનો પરિચય પણ તેવો જ ગૂઢ હતો સમ્પ્રદાયની શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજી અને શ્રીગોકુલનાથજીની ભાષાઓમા જે તારતમ્ય હતુ તે બહુ સ્પષ્ટ રીતે જોઈ શકતા, અને તેના બળે સમ્પ્રદાયમા શૈલીવિવેક સિદ્ધ થયો શ્રીપુરુષોત્તમજીની લેખનપદ્ધતિ સર્વમાન્ય છે સમ્પ્રદાયના અને સમ્પ્રદાયની બહારના પણ એમનુ કથન સરલતાથી સ્વીકારે છે જે શ્રીહરિરાયજી વગેરેની છે પ્રમેયપદ્ધતિ તેનો આદર આપ ક્વચિદ્ જ કરે છે

પ્રતાપી વંશ

દુન્યામા ભાગ્યે જ એવો કોઈ વંશ હશે કે જેની સરખામણી શ્રીવલ્લભકુલ સાથે કરી શકાય શ્રીમહાપ્રભુજીએ અણુભાષ્યના રાા અધ્યાય લખ્યા અને ભાષ્યનો બાકીનો ૧ાા અધ્યાય શ્રીગુસાંઈજીએ લખ્યો, અને સમ્પૂર્ણ બ્રહ્મસૂત્રનુ ભાષ્ય પ્રકટ કર્યું બાણના પુત્રે બાણની કાદમ્બરી પૂર્ણ કરી તો તેના તે લૌકિક કાર્યના વખાણ સૌ કરે છે આ તો પુત્રે પિતાશ્રીનો અપૂર્ણ રહેલો શાસ્ત્રીય ગ્રન્થ પિતાના જ દૃષ્ટિબિન્દુથી પૂર્ણ કર્યો એટલુ જ નહિ પરન્તુ પિતાની શાસ્ત્રીય દૃષ્ટિ પણ એવી સુન્દર રીતે સાચવી રાખી કે પિતા પોતાના અપૂર્ણ ભાગનુ શ્રીગુસાંઈજીએ કરેલુ ભાષ્ય સ્વયં જુએ તો પોતે પુત્રને સહજ ધન્યવાદ આપ્યા વિના રહે નહિ શ્રીગુસાંઈજી પછી થયેલા તેમના સાતે બાળક વિદ્વાન્ હતા તેમા ચતુર્થ શ્રીગોકુલેશ થયા, તેમણે ચિદ્રૂપ જેવા સન્યાસીનુ જહાંગીર પાસે ન્યાય્ય માનભઙ્ગ કરાવી સામ્પ્રદાયિક તિલકમાળાનુ રક્ષણ કાશ્મીરપર્યન્ત જઈને કર્યું શ્રીગોકુલેશ પછી શ્રીકલ્યાણરાયજી અને શ્રીદેવકીનન્દનજી થયા, જેમના લેખો પણ તેવા જ પ્રતિભાવન્ત છે શ્રીકલ્યાણરાયજી પછી શ્રીહરિરાયજી થયા આ પ્રમેયની મૂર્તિ ભૂતલપર ૧૨૦ વર્ષ બિરાજી શુદ્ધ ચારિત્ર વિના નિર્મલ જીવન વિના—આટલુ દીર્ઘ આયુષ્ય લૌકિક રીતે વિચારતા સમજાતુ નથી શ્રીહરિરાયજીની ૮૨ વર્ષની વયે લખેલો ગ્રન્થ મારી પાસે છે, અને તેના અક્ષર આપ જોશો તો સમજમા પડશે કે તે અક્ષરોમા ઘડપણનુ ચિહ્ન—ધ્રુજાપણુ—બિલકુલ નથી શ્રીહરિરાયજી પછી શ્રીપુરુષોત્તમજી અને તેમની પછી પોતાને પૂર્ણવેત્તા તરીકે ઓળખાવનાર 'રશ્મિ'કાર યોગી શ્રીગોપેશ્વરજી થયા યોગી ગોપેશ્વરજી શ્રીહરિરાયજીના ગૃહમા થયા, એટલે પ્રમેયપદ્ધતિ એમને વારસામા મળી હતી, અને પોતે શ્રીપુરુષોત્તમજીના ગ્રન્થોના અભ્યાસી પણ થયા, આથી એમના ગ્રન્થોમા પ્રમાણ અને પ્રમેય એ બન્ને પદ્ધતિના મિશ્રણનો પ્રયત્ન જોવામા આવે છે આ શ્રીગોપેશ્વરજીના બે ગોસ્વામી શિષ્ય થયા, આમાના એક કાશીવાળા શ્રીગિરિધરજી—જેમણે અણુભાષ્યનુ "વિવરણ" કર્યું અને વિદ્વન્મણ્ડનની "હરિતોષિણી" ટીકા તેમ જ "શ્રુતિરહસ્યાદિ" ગ્રન્થો લખ્યા છે—અને દ્વિતીય દ્વારકેશજી, જેમણે ષોડશ ગ્રન્થની ટીકા લખી છે ઉદરના કોટાવાળા શ્રી કનૈયાલાલજીએ કોઈ સંન્યાસીના લખેલા 'સત્પક્ષના ખણ્ડનમા પ્રભઞ્જન' લખ્યો છે આ પ્રકારે શ્રીમહાપ્રભુજીથી આરમ્ભી અદ્યાવધિ થયેલી વિદ્વાન્ વંશજોની પરમ્પરાએ અને તેવા જ ભગવદીયોની પરમ્પરાએ જોતા આપણને એમ થાય છે કે આપણા પૂર્વજોએ આ સમ્પ્રદાયનો સ્વીકાર કર્યો છે

તેમા તેમણે કોઇ પણ પ્રકારે ભુલ કરી નથી અને તેઓ છેતરાયા નથી એટલુ જ નહિ પણ તેમના કરેલા ટીકાગ્રથી આપણુ પણ અહોભાગ્ય છે કે આવા પ્રતાપી બાલકોનો અલૌકિક પ્રસાદ આપણને મલી શકે છે

વૈ તેવીવાથા બાદ વૈ ધીરજલાલ વ્રજદાસ સાંકલીઆએ શ્રીપુરુષોત્તમજીમહારાજના જીવનચરિત્રમા અને લખાણોમા રહેલા ગૂઢ રહસ્યો ગુજરાતી ભાષામા સવિસ્તર સમજાવ્યા હતા

વૈ ધીરજલાલ વ્રજદાસ સાંકલીઆ બી એ એલ્ એલ્ બીનુ ભાષણ

કેટલાક સમય ઉપર ટાઉન હૉલની સભામા કવિ નાનાલાલે કહ્યુ હતુ કે 'ખાસ નોંધી રાખવા જેવી એક વાત એ છે કે ૪૫૦ વર્ષ સુધી એક જ વંશમા—એટલે કે શ્રીવલ્લભાચાર્યના વંશમા—એટલા બધા વિદ્વાન આચાર્યો અને ધર્મગુરુઓ ઉત્પન્ન થયા છે, અને તેમણે એટલુ મોટુ ધર્મનુ સાહિત્ય પોતાની પાછળ મૂક્યુ છે કે એવો બીજો કોઇ પણ વંશ આપણને ભાગ્યે જ મળશે કે જેણે હિંદુધર્મની કટોકટીના વખતમા આટલી મોટી સેવા કરી હોય ' વૈષ્ણવ પરિષદની બેઠકોમા મહારાજોને મોગલપાદશાહો તરફથી મળેલા બક્ષિસપત્રો વાચવામા આવ્યા હતા તે ઉપરથી સ્પષ્ટ માલમ પડે છે કે મોગલપાદશાહો પણ આપણા મહારાજોને ઘણુ જ સન્માન આપતા હતા એ દેખાડી આપે છે કે આપણા સમ્પ્રદાયમા પોલ પોલ નથી, તે તો તત્ત્વ ઉપર રચાયલો છે, અને તેને જ લીધે તે સદૈવ ટકી રહેશે જ

આજે આ સભામા મારો ઉદ્દેશ એ છે કે શ્રીમદ્વલ્લભાચાર્યજી શ્રીગુસાંઇજી શ્રીપુરુષોત્તમજી વગેરે આપણા મશહુર આચાર્યોની તથા તેમના ગ્રન્થોની ખાસ ખુબીઓ શુ છે તે તમને સર્વને દર્શાવવી

પહેલી ખુબી—પ્રભુસાન્નિધ્યનો અનુભવ

શ્રીભાગવત ઉપરની શ્રીવલ્લભાચાર્યની "શ્રીસુબોધિની ' ટીકાના વાચનારના ધ્યાન ઉપર તેઓશ્રીની જે પહેલી ખુબી આવે છે તે એ છે કે જ્યારે આપણે "શ્રીસુબોધિની" વાચતા હોઇએ છીએ ત્યારે આપણી સમક્ષ પ્રભુનુ સાન્નિધ્ય આપણને સ્પષ્ટ રીતિએ ભાસે છે અને આપણી સામેનો ભૌતિક સ્થલ વગેરે અદૃશ્ય થઇ જતા જાણે કે પ્રભુની લીલા આપણી સમક્ષ જ ઉપસ્થિત હોય એવુ આપણને લાગે છે યદ્યપિ એ વાત ચર્મચક્ષુથી જણાય તેવી નથી, મનન કરીએ તો અનુભવ મેળવાય ત્યારે સમજવામા આવે તેવી છે એવુ છતા પણ 'શ્રીસુબોધિની' વાચતા આપણને લાગે છે કે મોટો ભાગ આપણે સમજતા નથી અને તેમાથી ધ્વનિરૂપે જ ઘણા ઘણા અવ્યક્ત વિચારો લાગ્યા કરે છે અને અહિં શ્રીપુરુષોત્તમજીની પોતાની ઉત્તમ વિદ્વત્તા અને સાહિત્ય આપણને બહુ મદદ કરે છે બ્રહ્મસૂત્ર ઉપરના પોતાના અણુભાષ્યમા તો શ્રીવલ્લભાચાર્યજી એટલુ ટુકમા લખે છે કે જો શ્રીપુરુષોત્તમજીએ એના ઉપર પ્રકાશ ન લખ્યો હોત તો આપણને "અણુભાષ્ય"ની ખુબીઓની સમજ જ ન પડત કેટલીક વાર તો શ્રીપુરુષોત્તમજીને 'અણુભાષ્ય"ના બે નાના નાના વાક્યોનો સમ્બન્ધમાત્ર દર્શાવવાને પાનાને પાના લખવા પડ્યા છે

બીજી ખુબી-આસ્તિક્ય

શ્રીમદ્વલ્લભાચાર્યની બીજી ખુબી એમનુ આસ્તિક્ય અથવા શ્રદ્ધા છે, કે જેને લઇને શ્રીમદ્ભાગવતને સમજાવવામા પોતે વેદના મન્ત્રાદિનો ઘણો જ ઉપયોગ કર્યો છે પોતાને મત વેદ એ પ્રભુનો નિઃશ્વાસ જ છે વેદમા વૃથા અર્થવાદ હોઇ શકે જ નહિ, એનો પ્રત્યેક શબ્દ તો શુ પણ પ્રત્યેક અક્ષર પણ સત્ય છે એમ એમનુ મન્તવ્ય છે વેદમાથી એક માત્રા જેટલુ પણ ખસવુ

એમને રુચતુ નથી, એટલુ જ નહિ પણ તેમા તેઓ મહાપાપ સમજે છે બ્રહ્મ, જીવ, જગત્ ત્રણેના સ્વરૂપના સમ્બન્ધમાં તેઓ, તેમ જ માને છે બ્રહ્મના સમ્બન્ધમા વેદે કહ્યુ કે 'तदेजति' 'तन्नैजति,' માટે એ બંને વાક્યને સત્ય માનવા, અને પ્રભુને વિરુદ્ધધર્માશ્રયી માનવા વેદે કહ્યુ કે **अनणु अह्रस्वम् अदीर्घम् सर्वेशान सर्वस्य वशी,'** તેથી એ બને વાક્યને સત્ય માનવા, અને બ્રહ્મને-એટલે કે પ્રભુને-નિર્ધર્મક અને સધર્મક બને માનવા વેદના સર્વ જ વિભાગને સરખુ જ વજન આપવુ, અને તેથી સધર્મકત્વપ્રતિપાદક ભાગને ગૌણ માનવો નહિ **विस्फुलिङ्गा** શ્રુતિ કહે છે કે જીવ અંશ છે, માટે 'अंशो नानाव्यपदेशात्' સૂત્રના વ્યાખ્યાનપ્રસંગે પણ इव ઉમેરવો નહિ બ્રહ્મ અંશી છે, જીવ અંશ છે, તે છતા બ્રહ્મમા વિભાગ થતા નથી એમ માનવુ, કેમકે શ્રુતિ એમ કહે છે કે જો આપણને સમજ ન પડે તો 'तपो विधेयम्' અથવા તો મોટાઓને પૂછવુ, પણ સર્વનો વિપ્લવ કરવો નહિ તર્કથી આપણી મતિને ઉંધે રસ્તે ખેંચી જવી નહિ જગતના સમ્બન્ધમા પણ '**सर्वं खल्विदं ब्रह्म**' શ્રુતિનો યથાર્થ અર્થ કરી જગતને આપ સત્ય માને છે, અને તે ઉત્પન્ન કરવા છતા બ્રહ્મનુ અવિકારિત્વ સ્વીકારે છે એ પ્રકારે પોતાના તત્ત્વજ્ઞાનની રચના તેઓ તર્ક ઉપર કરતા નથી, પરન્તુ જે કહેવાનુ હોય તે શ્રુતિને જ અધીન રહીને કહે છે

શ્રીમદ્વલ્લભાચાર્યની આ ખુબી ડૉ. ભાંડારકર જેવા વિદ્વાને જોઈ લીધી હતી અને તેથી જ એમણે પોતાના Vaishnavism નામના ગ્રન્થમા લખ્યુ કે **બાદરાયણ વ્યાસને અક્ષરશ અનુસર્તા તો શ્રીમદ્વલ્લભાચાર્ય** જ છે આ અભિપ્રાય માટે દર્શાવવામા આવેલુ જેવુ તેવુ આ માન નથી રા. નર્મદાશંકર દેવશંકર મહેતા કે જેઓ [illegible] વેદાન્ત [illegible] છે અને જેઓ શંકરાચાર્યના એક ચુસ્ત અનુયાયી છે, તેઓએ પણ ફરી ફરીને કહ્યુ છે કે **વ્યાસના મતને શબ્દશ અનુસર્તા તો શ્રીવલ્લભાચાર્ય** જ છે અમે [illegible] આ મત સમજી શકતા નથી સર્વ ખંડોમા **ભરતખંડ** ઉત્તમ છે, અને તેમાએ ઉત્તમોત્તમ ધર્મ આપણો છે, અને તે માનીએ અને પાળીએ ત્યારે જ આપણુ જીવન સાર્થક થાય

આ પ્રસંગે વ્યાસના બ્રહ્મસૂત્રનો કબજો આપણી પાસે હોવાથી આપણા ઉપર એક મોટી જોખમદારી આવી પડી છે, તે એ કે જેમ બને તેમ જલદીથી આપણો સિદ્ધાન્ત દુનિયામા સર્વત્ર પ્રકટ કરવાને સઘળા ઉપાયો યોજવા આપણા ગ્રન્થોની અંદર ફરી ફરીને કહ્યુ છે કે કલિયુગમા પ્રભુપ્રાપ્ત્યર્થ ભક્તિમાર્ગ વિના બીજો ઉપાય નથી, અને આપણો ભક્તિમાર્ગ નિર્ગુણ હોવાથી એમ લાગે છે કે પ્રભુએ પોતાની પ્રાપ્તિ માટે આ માર્ગ આપ પસંદ કર્યો છે આ સમ્બન્ધમા શ્રી પુરુષોત્તમજીએ લીધેલો શ્રમ નોંધી લેવા યોગ્ય છે પોતાના સમયમા બ્રહ્મસૂત્ર ઉપર જેટલા ભાષ્યો મળી શકતા હતા તે સર્વનુ પોતે અતિસૂક્ષ્મ રીતિએ નિરીક્ષણ કર્યું છે અને પ્રત્યેક અધિકરણને અન્તે નિરનિરાળા મતો ટાંકીને વિચારથી કેટલુ ગ્રાહ્ય છે અને કેટલુ અગ્રાહ્ય છે કેટલુ સમ્મત છે અને કેટલુ દુષ્ટ છે તે નિષ્પક્ષપાત રીતિએ પોતે જણાવ્યુ છે

ત્રીજી ખુબી—ભાષા પરનો કાબુ

શ્રીમદ્વલ્લભાચાર્યની ત્રીજી ખુબી તે એમનો ભાષા ઉપરનો-એટલે શબ્દો ઉપરનો-કાબુ છે "શ્રીસુબોધિની' વાંચતા ઘણા સ્થળો એવા આવે છે કે તે વાક્યોમાથી અને શબ્દોમાથી પોતે રહસ્ય જ્યારે ખેંચીને કાઢે છે ત્યારે તો આપણે આશ્ચર્યરસમા ગરકાવ થઈ જઈએ છીએ અને એ રસમા—રહસ્યમા—સમાધિરત થઈ જઈએ છીએ એવા સમયે '**अर्थं तस्य विवेचितुं ना हि विभु-**

वैश्वानराद् वाक्पते', વાક્યની સત્યતા આપણને સ્ફુરે છે, અને આપણે દુનિયાને ભુલી જઈએ છીએ. આ સર્વ એ ગ્રન્થો વાચવાથી સમજાય છે.

ચોથી ખુબી-વિશિષ્ટ યોગ્યતા

શ્રીમદ્વલ્લભાચાર્યની ચોથી ખુબી એમનું અગાધ પાણ્ડિત્ય અને દૈવી જીવોના આચાર્ય તરીકેની તેમની વિશિષ્ટ યોગ્યતા છે એઓ પોતે પોતાને પ્રભુની આજ્ઞા થયાનું તથા અગ્નિ તરીકે પોતાની આચાર્યત્વની યોગ્યતાનું સ્પષ્ટ કથન કરે છે, અને શ્રીપુરુષોત્તમજી શાસ્ત્રોમાંથી ફકરાઓ ટાંકીને એ યોગ્યતાનું સમર્થન કરે છે

પાંચમી ખુબી—નિરપેક્ષતા

શ્રીમદ્વલ્લભાચાર્યની પાંચમી ખુબી એમની અત્યન્ત નિરપેક્ષતા છે એ બાબતમાં હું કેટલાક વાક્ય આપીશ

(૧) ભક્તે ભક્તિ વધારવાને શું કરવું જોઈએ તે દર્શાવતા નિબન્ધમાં પોતે કહે છે કે—

जगन्नाथे विठ्ठले च श्रीरङ्गे व्यङ्कटे तथा ।
यत्र पूजाप्रवाहः स्यात् तत्र तिष्ठेत तत्परः ॥
सर्वनिर्णय श्लो. २५३.

એટલે કે—શ્રીજગન્નાથજીમાં, શ્રીવિઠ્ઠલનાથજીમાં, શ્રીરઙ્ગજીમાં અથવા શ્રીવ્યઙ્કટેશમાં—જ્યાં જ્યાં પૂજાનો પ્રવાહ વહેતો હોય ત્યાં—તત્પર થઈને રહેવું

આચાર્યશ્રીને જો પોતાનો વાડો બાંધવાની લેશમાત્ર પણ ઇચ્છા હોત તો આપ આવું લખત ખરા કે?

(૨) જ્યારે પોતે ધર્મપત્નીની આજ્ઞા લીધા પછી સન્યાસગ્રહણ કર્યું ત્યારે પોતાની પાછળ કોઈ પણ રાખવાની ઇચ્છા ન કરતા પોતાની પર્ણકુટીને પણ આગ લગાડી મુકી તેમ જ જ્યારે પોતે શ્રીગઙ્ગાજીના કિનારા ઉપર મૌનવ્રત ધારણ કરી બેઠા હતા તે વખતે શ્રીદામોદરદાસજી અને પોતાના બે પુત્રોએ—શ્રીગોપીનાથજીએ અને શ્રીગુસાંઈજીએ—કંઈક શિક્ષાના વચન વિષે પ્રાર્થના કરી ત્યારે પોતે વાલુકામાં પોતાની અઙ્ગુલિથી શું લખ્યું તે જગજાહેર છે

यदा वहिर्मुखा यूयं भविष्यथ कथञ्चन ।
तदा कालप्रवाहस्था देहचित्तादयोप्युत ॥
सर्वथा भक्षयिष्यन्ति युष्मानिति मतिर्मम ।
शिक्षाश्लोका.

એટલે કે જ્યારે તમે કોઈ પણ રીતે ભગવાનથી બહિર્મુખ થશો ત્યારે કાલપ્રવાહને વિષે રહેલા દેહચિત્તાદિ પણ તમારું ભક્ષણ કરશે એવી મારી મતિ છે

આ ઉપરથી આપણને **ब्रह्मसम्बन्ध** વિષે કેટલાએક પ્રશ્નો હાલના સમયમાં થાય છે તેના ઉત્તર તરીકે ઘણું ઘણું સમજવાનું મળે છે શ્રીદામોદરદાસજી **ब्रह्मसम्बन्ध** લેનાર વૈષ્ણવોમાં પ્રથમ હતા અને શ્રીગોપીનાથજી તથા શ્રીગુસાંઈજી તો પોતાના પુત્રો હતા, એટલે અનિવેદિતના સમ્બન્ધ

માં આવેલા છતા પણ પોતે સ્પષ્ટ આજ્ઞા કરી કે 'માત્ર **ब्रह्मसम्बन्ध** લેવાથી બધુ થઈ ગયું અને પાપ સ્પર્શ નથી કરતુ' એમ સમજતા નહિ આના પ્રમેયબલ ઉપર વિશ્વાસ રાખીને **બહિર્મુખ થશો** નહિ તમે મારા ગમે તેટલા નિકટના સમ્બન્ધી હો છતા પણ જો તમે કોઈ પણ કાળે કોઈ પણ કારણવશ બહિર્મુખ થશો તો કાળપ્રવાહમા રહેલા દેહચિત્ત જરૂર તમારું ભક્ષણ કરશે આના કરતા વધારે સ્પષ્ટ રીતે કોઈ પણ હાલના વૈષ્ણવોનુ કર્તવ્ય શુ તે કહી શકે નહિ, અને એમના જ સમ્પ્રદાયમા રહેલા આપણે એમના વચનથી વિરુદ્ધ ચાલીએ તો એમા આપણે શ્રીવલ્લભાચાર્યની આજ્ઞાનો ભઙ્ગ કરીએ છીએ અને એના પરિણામ માઠા આવે એમ જ સમજવુ 'ખાઈ પી મઝા કરો' ઉપદેશ એ પુષ્ટિમાર્ગમા નથી જ એમ મારુ નમ્ર માનવુ છે

(૩) શ્રીમદ્વલ્લભાચાર્યજી પોતાના કોઈ પણ ગ્રન્થમા એમ કહેતા નથી કે **ब्रह्मसम्बन्ध** મારા વંશજો દ્વારા જ લેવુ, ઉલટું, નિબન્ધમા તો પોતે આજ્ઞા કરે છે કે

कृष्णसेवापरं वीक्ष्य दम्भादिरहितं नरम् ।
श्रीभागवततत्त्वज्ञ भजेज्जिज्ञासुरादरात् ॥
तदभावे स्वयं वापि मूर्ति कृत्वा हरेः क्वचित्
परिचर्या सदा कुर्यात् तद्रूपं तत्र च स्थितम् ॥
सर्वनिर्णय. श्लो. २२५–६.

એટલે કે શ્રીકૃષ્ણસેવામા તત્પર દમ્ભાદિરહિત અને નર હોય એવા અને શ્રીભાગવતના તત્ત્વને સમજનાર એવા ગુરુને જિજ્ઞાસુએ આદર સહિત ભજવા, જો એવા ગુરુ ન પણ મળે તો પોતે શ્રીહરિની મૂર્તિ કરીને સદા તેની પરિચર્યા કરવી, કેમકે 'હરિનું' રૂપ તે મૂર્તિમા સ્થિત છે જ

આના કરતા વધારે નિરપેક્ષતાસાધક અને વાડા બાંધવા વિરુદ્ધ બીજુ શુ હોઈ શકે ?

(૪) વળી **भक्तिवर्धिनी** ગ્રન્થમા પોતે કહે છે કે—

व्यावृत्तोपि हरौ चित्तं श्रवणादौ यतेत् सदा ।
ततः प्रेम तथासक्तिर्व्यसनं च यदा भवेत् ॥
वीजं तदुच्यते शास्त्रे दृढं यन्नापि नश्यति ।
स्नेहाद्रागविनाशः स्यादासक्त्या स्याद् गृहारुचिः ॥
गृहस्थानां वाधकत्वमनात्मत्वं च भासते ।
यदा स्याद्व्यसनं कृष्णे कृतार्थः स्यात् तदैव हि ॥
तादृशस्यापि सततं गेहस्थानं विनाशकम् ॥

એટલે કે જે વેપાર રોજગાર કરતા હોય તો પણ હરિને વિષે શ્રવણાદિમા સદા ચિત્ત રાખવુ. અને એવી રીતે ચિત્ત રાખતા જ્યારે પ્રેમ આસક્તિ અને વ્યસન સિદ્ધ થાય ત્યારે બીજ દૃઢ થયુ એમ શાસ્ત્રમા કહેવાય છે, કે જે બીજનો નાશ થતો જ નથી સ્નેહથી સસારમા રાગનો વિનાશ થાય છે, પ્રભુમા આસક્તિથી ગૃહ ઉપર અરુચિ થાય છે, ઘરમાનુ સર્વ બાધક અને અનાત્મ ભાસે છે, અને જ્યારે કૃષ્ણમા વ્યસન થાય ત્યારે તે ભક્ત કૃતાર્થ થાય છે, પણ જો હમેશા ગૃહમા રહેવાનુ થાય તો તે તાદૃશનો વિનાશ કરે છે

આથી પણ પોતે સ્પષ્ટ આજ્ઞા કરી કે '**ब्रह्मसम्बन्ध** લેવાથી કૃતાર્થ થઈ ગયા અને હવે કર્તવ્ય કાંઈ પણ રહ્યુ જ નથી, અમારા સર્વ કર્મો અમારે માટે કરી મૂક્યા છે' એમ સમજવુ નહિ, પરન્તુ શ્રીમહાપ્રભુજીની સ્પષ્ટ આજ્ઞા પ્રમાણે હમેશા પ્રભુમા ચિત્ત યોજવુ અને તે પ્રમાણે કરવાને જે બની શકે તે હમેશા કરવાને પ્રયત્ન કરવો

છઠ્ઠી ખુબી—નિર્ગુણ રસરૂપ બ્રહ્મનુ નિરૂપણ

શ્રીમદ્વલ્લભાચાર્યની છઠ્ઠી ખુબી તે નિર્ગુણ રસરૂપ બ્રહ્મનુ એટલે '**रसो वै स**'નુ નિરૂપણ. આ એમની ખાસ ખુબી છે અને આ નિરૂપણને લીધે સર્વે વેદાન્તાચાર્યોમા એમને પ્રથમ સ્થાન ઘટે છે **रस** વિષે એમણે "શ્રીસુબોધિની"મા ભિન્ન ભિન્ન સ્થળે ઘણુ લખ્યુ છે એનુ મુખ્ય ઉદ્ઘાટન **वेणुगीत**મા અને **रासपञ्चाध्यायी**મા ખાસ કરીને કર્યુ છે, અને **रस** મનનો વિકાર નથી એ તત્ર સ્પષ્ટ કર્યુ છે **वेणुगीत**મા શ્રીવલ્લભાચાર્યજીએ અતિસૂક્ષ્મ રીતે દર્શાવેલો શ્રીગુસાઈજીએ અનુભવેલો, અને શ્રીપુરુષોત્તમજીએ બહુ શ્રમ લઈ પ્રકટ કરેલો **रसनिष्पत्तिप्रकार** સમગ્ર બ્રહ્મવાદમા અદ્વિતીય છે તેમ જ **रासपञ्चाध्यायी**મા તેનુ જે ઉદ્ઘાટન શ્રીપુરુષોત્તમજીએ કર્યુ છે તે પણ તેટલુ જ અલૌકિક છે

श्रुतौ हि—'असद् वा इदमग्र आसीत् ततो वै सदजायत तदात्मान स्वयमकुरुत तस्मात् तत् सुकृतमुच्यत' इति 'यद्वै तत् सुकृत,' 'रसो वै स रस ह्येवाय लब्ध्वाऽऽनन्दी भवती' त्येव पूर्वसृष्टेरसाधुत्व तत सृष्टस्य तस्य साधुत्व, साधुत्वे स्वात्मरूपत्वरूप हेतु तस्य सुकृतत्व, सुकृतस्य रसत्व, रसस्यानन्दरूपता च बोधिता ।

तत्र यदि उद्बोधकादिप्रणाडी न विवक्षिता स्यात्, आत्मकरण न वदेत्, यदि वा सर्वसामान्या स्यात् पूर्वसृष्टेरसाधुत्वमनेवरूपतां च वा न वदेत्। यदि च रसस्य मनोविकारित्व लौकिकत्व वा विवक्षितं स्यात् तदाप्यात्मकरण आनन्दरूपत्वं च न वदेत्। अत उद्बोधकादिवैशिष्ट्य श्रुतिसिद्धम्। तदेतदुक्त **तत्स्वरूपस्यैव तथात्वादित्यन्तेन।**

तया च प्रणाड्यङ्गीकारेपि न भगवद्रूपहानिरित्यर्थ । किं च, अनुकृत्यधिकरणे सर्वस्य भगवदनुकारित्वं 'तमेव भान्तमनु भाति विश्व' मितिविषयवाक्येन प्रतिपादित, अत प्रकृतेपि यदि लौकिको रस प्रतिपाद्यते तदापि मूलरसानुकारित्वेनैव तत्स्वरूप निध्यनीतदृष्टान्तेन सोपि रसोनुमीयताम्। अय लौकिक परिच्छिन्न । मात्रोपजीवनश्रुते । स त्वपरिच्छिन्न । भूमत्वात्। तथा च लोकेनुकरणमात्रेण तदाभासस्यैव प्राकट्य न तु तस्य। इति न जीवस्य तत्करणेपि तद्रससम्बन्धलेश । शास्त्रप्रणयन तु दृतस्त्रस्यैव परिचायनायेति तत्रैव स्फुटम्। वस्तुतस्तु **पाद्मे पातालखण्डे रामाश्वमेधे** शेषवात्स्यायनसवादाद् वैष्णवत्वमवगम्यते। एव भरतस्यापि। नाट्यशास्त्रान्तमोक्षकथनात्। किंचाग्नेयोपि प्रणेता नाट्यशास्त्रस्य। स च परमभक्तो जनकतनयाप्राणनाथस्य। अतस्तादृशो य एतावान् प्रयास स न

માં આવેના છતા પણ પોતે સ્પષ્ટ આજ્ઞા કરી કે 'માત્ર **બ્રહ્મસમ્બન્ધ** લેવાથી બધુ થઈ ગયું અને પાપ સ્પર્શ નથી કરતુ' એમ સમજતા નહિ મારા પ્રમેયબલ ઉપર વિશ્વાસ રાખીને **બહિર્મુખ થશો** નહિ તમે મારા ગમે તેટલા નિકટના સમ્બન્ધી હો છતા પણ જો તમે કોઇ પણ કાલે કોઇ પણ કારણસર બહિર્મુખ થશો તો કાલપ્રવાહમા રહેલા દૈહચિત્ત જરુર તમારુ ભક્ષણ કરશે આના કરતાં વધારે સ્પષ્ટ રીતે કોઇ પણ હાલના વૈષ્ણવોનુ કર્તવ્ય શુ તે કહી શકે નહિ. અને એમના જ સમ્પ્રદાયમા રહેલા આપણે એમના વચનથી વિરુદ્ધ ચાલીએ તો એમા આપણે શ્રીવલ્લભાચાર્યની આજ્ઞાનો ભઙ્ગ કરીએ છીએ અને એના પરિણામ માઠા આવે એમ જ સમજવુ 'ખાઈ પી મઝા કરો' ઉપદેશ એ પુષ્ટિમાર્ગમા નથી જ એમ મારુ નમ્ર માનવુ છે

(૩) શ્રીમદ્વલ્લભાચાર્યજી પોતાના કોઇ પણ ગ્રન્થમા એમ કહેતા નથી કે **બ્રહ્મસમ્બન્ધ** મારા વંશજો દ્વારા જ લેવુ, ઉલટુ, નિબન્ધમા તો પોતે આજ્ઞા કરે છે કે

कृष्णसेवापरं वीक्ष्य दम्भादिरहितं नरम् ।
श्रीभागवततत्त्वज्ञ भजेज्जिज्ञासुरादरात् ॥
तदभावे स्वयं वापि मूर्ति कृत्वा हरेः क्वचित्
परिचर्या सदा कुर्यात् तद्रूपं तत्र च स्थितम् ॥
सर्वनिर्णय. श्लो. २२५–६.

એટલે કે શ્રીકૃષ્ણસેવામા તત્પર દમ્ભાદિરહિત અને નર હોય એવા અને શ્રીભાગવતના સમજનાર એવા ગુરુને જિજ્ઞાસુએ આદર સહિત ભજવા, જો એવા ગુરુ ન પણ મળે તો શ્રીહરિની મૂર્તિ કરીને સદા તેની પરિચર્યા કરવી, કેમકે હરિનુ રૂપ તે મૂર્તિમા સ્થિત છે જ

આના કરતા વધારે નિરપેક્ષતાસાધક અને વાડા બાંધવા વિરુદ્ધ બીજુ શુ હોઈ શકે ?

(૪) વળી **ભક્તિવર્ધિની** ગ્રન્થમા પોતે કહે છે કે—

व्यावृत्तोपि हरौ चित्तं श्रवणादौ यतेत् सदा ।
ततः प्रेम तथासक्तिर्व्यसनं च यदा भवेत् ॥
वीजं तदुच्यते शास्त्रे दृढं यन्नापि नश्यति ।
स्नेहाद्रागविनाशः स्यादासक्त्या स्याद् गृहारुचिः ॥
गृहस्थानां वाधकत्वमनात्मत्वं च भासते ।
यदा स्याद् व्यसनं कृष्णे कृतार्थः स्यात् तदैव हि ॥
तादृशस्यापि सततं गेहस्थानं विनाशकम् ॥

એટલે કે જો વેપાર રોજગાર કરતા હોય તો પણ હરિને વિષે શ્રવણાદિમાં સદા ચિત્ત રાખવુ, અને એવી રીતે ચિત્ત રાખતા જ્યારે પ્રેમ આસક્તિ અને વ્યસન સિદ્ધ થાય ત્યારે બીજ દૃઢ થયુ એમ શાસ્ત્રમા કહેવાય છે, કે જે બીજનો નાશ થતો જ નથી સ્નેહથી સંસારમા રાગનો વિનાશ થાય છે પ્રભુમા આસક્તિથી ગૃહ ઉપર અરુચિ થાય છે, ઘરમાનુ સર્વ બાધક અને અનાત્મ ભાસે છે, અને જ્યારે કૃષ્ણમા વ્યસન થાય ત્યારે તે ભક્ત કૃતાર્થ થાય છે, પણ જો હમેશા ગૃહમા રહેવાનુ થાય તો તે તાદૃશનો વિનાશ કરે છે

આથી પણ પોતે સ્પષ્ટ આજ્ઞા કરી કે 'બ્રહ્મસમ્બન્ધ લેવાથી કૃતાર્થ થઈ ગયા અને હવે કર્તવ્ય કાર્ય પણ રહ્યુ જ નથી, અમારા સર્વ કર્મો અમારે માટે કરી મૂક્યા છે' એમ સમજવુ નહિ, પરન્તુ શ્રીમહાપ્રભુજીની સ્પષ્ટ આજ્ઞા પ્રમાણે હમેશા પ્રભુમા ચિત્ત યોજવુ અને તે પ્રમાણે કરવાને જે બની શકે તે હમેશા કરવાને પ્રયત્ન કરવો

છઠ્ઠી **ખુબી**—નિર્ગુણ રસરૂપ બ્રહ્મનુ નિરૂપણ

શ્રીમદ્વલ્લભાચાર્યની છઠ્ઠી ખુબી તે નિર્ગુણ રસરૂપ બ્રહ્મનુ એટલે '**रसो वै स**'નુ નિરૂપણ. આ એમની ખાસ ખુબી છે અને આ નિરૂપણને લીધે સર્વે વેદાન્તાચાર્યોમા એમને પ્રથમ સ્થાન ઘટે છે **रस** વિષે એમણે "શ્રીસુબોધિની"મા ભિન્ન ભિન્ન સ્થળે ઘણુ લખ્યુ છે એનુ મુખ્ય ઉદ્ઘાટન **वेणुगीत**મા અને **रासपञ्चाध्यायी**મા ખાસ કરીને કર્યુ છે, અને **रस** મનનો વિકાર નથી એ તત્ત્વ સ્પષ્ટ કર્યુ છે **वेणुगीत**મા શ્રીવલ્લભાચાર્યજીએ અતિસૂક્ષ્મ રીતે દર્શાવેલો, શ્રીગુસાંઈજીએ અનુભવેલો, અને શ્રીપુરુષોત્તમજીએ બહુ શ્રમ લઈ પ્રકટ કરેલો **रसनिष्पत्तिप्रकार** સમગ્ર બ્રહ્માણ્ડમા અદ્વિતીય છે તેમ જ **रासपञ्चाध्यायी**મા તેનુ જે ઉદ્ઘાટન શ્રીપુરુષોત્તમજીએ કર્યુ છે તે પણ તેટલુ જ અલૌકિક છે

श्रुतौ हि—'असद् वा इदमग्र आसीत् ततो वै सदजायत तदात्मानं स्वयमकुरुत तस्मात् तत् सुकृतमुच्यत' इति 'यद्वै तत् सुकृतं' 'रसो वै सः रसं ह्येवायं लब्ध्वानन्दी भवति' इत्येव पूर्वसृष्टेरसाधुत्वं ततः सृष्टवतस्तस्य साधुत्वं, साधुत्वे स्वात्मरूपत्वस्य हेतुः तस्य सुकृतत्वं, सुकृतस्य रसत्वं, रसस्यानन्दरूपता च बोधिता।

तत्र यदि उद्बोधकादिप्रणाडी न विवक्षिता स्यात्, आत्मकरणं न वदेत्, यदि वा सर्वसामान्या स्यात् पूर्वसृष्टेरसाधुत्वमनेवरूपतां च वा न वदेत्। यदि च रसस्य मनोविकारित्वं लौकिकत्वं वा विवक्षितं स्यात् तदात्मकरणम् आनन्दरूपत्वं च न वदेत्। अत उद्बोधकादिवैशिष्ट्यं श्रुतिसिद्धम्। तदेतदुक्तं **तत्स्वरूपस्यैव तथात्वादित्यन्तेन।**

तथा च प्रणाड्यङ्गीकारेऽपि न भगवद्रूपत्वहानिरित्यर्थः। किं च, अनुकृत्यधिकरणे सर्वस्य भगवदनुकारित्वं 'तमेव भान्तमनु भाति विश्वम्' मितिविषयवाक्येन प्रतिपादितम्, अतः प्रकृतेऽपि यदि लौकिको रसः प्रतिपाद्यते तदापि मूलरसानुकारित्वेनैव तत्स्वरूपं सिध्यतीत्येतद्दृष्टान्तेन सोऽपि रसोऽनुमीयताम्। अथ लौकिकः परिच्छिन्नः। मात्रोपजीवनश्रुतेः। स त्वपरिच्छिन्नः। भूमत्वात्। तथा च लोकेऽनुकरणमात्रेण तदाभासस्यैव प्राकट्यं न तु तस्य। इति न जीवस्य तत्करणेऽपि तद्रससम्बन्धलेशः। शास्त्रप्रणयनं तु दूरतस्तस्यैव परिचायनायेति तत्रैव स्फुटम्। वस्तुतस्तु पाद्मे पातालखण्डे रामाश्वमेधे शेषवात्स्यायनसंवादाद् वैष्णवत्वमवगम्यते। एवं भरतस्यापि। नाट्यशास्त्रानुमोक्षकथनात्। किं चाञ्जनेयोऽपि प्रणेता नाट्यशास्त्रस्य। स च परमभक्तो जनकतनयाप्राणनाथस्य। अतस्तादृशा य एतावान् प्रयासः स न

त्रिवर्गोपयोगितया जीवार्थं । अपि तूक्तरीत्या मोक्षसाधनपर्यन्ततया । किञ्च वात्स्यायनेन साम्प्रयोगिकाधिकरणे "ऋचां दशतयीनां च चतुःषष्टिसञ्ज्ञितत्वादिहापि तदर्थसम्बन्धात् पाञ्चालसम्बन्धाच्च बह्वृचैरेषा पूजार्थं संज्ञा प्रवर्तितेत्येके" इति सूत्रयता सम्प्रयोगाङ्गचुम्बनादीनामृगर्थत्वं प्रदर्शितम् । "सर्वे वेदा यत्पदमामनन्ति" "वेदैश्च सर्वैरहमेव वेद्यः" इति श्रुतिस्मृतिभ्यां वेदस्य भगवत्परत्वं सिद्धम् । एवं सत्यस्य शास्त्रस्य तत्समानाधिकरण्ये वेदवत्परोक्षवादेन लीलासहितभगवत्प्रतिपादकत्वं युक्तमेव । गान्धर्वस्य सामवेदोपवेदत्वाच्च । अत एवमर्थाज्ञातॄणां जीवानां भ्रान्तिरित्येतदाद्यभिसन्धायोक्तं 'तच्चे'त्यादि 'बुध्यस्वे'त्यन्तम् । तस्मान्न कोऽपि शङ्कालेश इति दिक् ॥

એટલે કે વેદમાં કહ્યું છે કે "પ્રથમ આ અસત્ હતું, તેમાંથી સત્ ઉત્પન્ન થયું તેણે આત્માને સ્વયં કર્યો, તેથી તે સુકૃત કહેવાય છે આ જે છે તે સુકૃત છે, 'તે' રસ છે, આ 'રસને પ્રાપ્ત કરીને આનન્દી થાય છે" એ પ્રમાણે પૂર્વ સૃષ્ટિનું અસાધુત્વ, પછી સૃષ્ટ્યન્તરનું સાધુત્વ, સાધુત્વમાં સ્વાત્મરૂપત્વરૂપ હેતુ તેનું સુકૃતત્વ, સુકૃતનું રસત્વ, અને રસની આનન્દરૂપતા જણાવી ત્યાં જો ઉદ્બોધક વગેરે પ્રણાડીની વિવક્ષા ન હોત તો આત્માનું કરવાપણું ન કહેત. જો તે પ્રણાડી સર્વસામાન્ય હોત તો પૂર્વસૃષ્ટિનું અસાધુત્વ અને આવું રૂપ તેનું ન હોત 'એમ ન કહેત જો રસનું મનોવિકારિત્વ અથવા લૌકિકત્વ વિવક્ષિત હોત તો પણ આત્મકરણ અને આનન્દરૂપત્વ ન કહેત, માટે ઉદ્બોધક વગેરે વિશિષ્ટતા શ્રુતિસિદ્ધ જ છે તેથી જ શ્રીટિપ્પણીજીમાં **तत्स्वरूपस्यैव तथात्वात्** સુધીનો પ્રસઙ્ગ કહ્યો, અને તેથી જ પ્રણાડીનો અઙ્ગીકાર કરવા છતાં ભગવદ્રૂપત્વની હાનિ થતી નથી વળી બ્રહ્મસૂત્રોમાં પણ '**अनुकृति**' અધિકરણના "**तमेव भान्तमनुभाति विश्वम्**" વિષયવાક્યે ભગવાનનું અનુકરણ સર્વે કરે છે એમ પ્રતિપાદન કર્યું. માટે પ્રસ્તુત પ્રસઙ્ગમાં પણ લૌકિક રસનું જ પ્રતિપાદન છે એમ કહેવામાં આવે તો પણ **મૂલરસ**ના અનુકરણથી જ લૌકિક રસનું પણ સ્વરૂપ સિદ્ધ થાય છે એમ એ દૃષ્ટાન્તે અલૌકિક રસનું પણ અનુમાન કરી લેવું આ લૌકિક રસ પરિચ્છિન્ન છે અને અલૌકિક તો અપરિચ્છિન્ન છે, કારણ કે તે **ભૂમા** છે, અને તેટલા માટે લોકમાં માત્ર અનુકરણ હોવાથી અલૌકિક રસના આભાસમાત્રનું પ્રાકટ્ય છે, રસનું નથી માટે ઉગ્ર અનુકરણ કરે તો પણ અલૌકિક રસના સમ્બન્ધનો લેશ માત્ર પણ તેને પ્રાપ્ત થતો નથી રસશાસ્ત્રમાં જે વર્ણન કર્યું તે તો દૂરથી જ—તેનો એટલે અલૌકિક રસનો પરિચય કરાવવાને માટે જ—એમ તે શાસ્ત્રમાં સ્પષ્ટ કહ્યું છે વસ્તુતઃ તો પદ્મપુરાણમાં રામાશ્વમેધમાં શેષ અને વાત્સ્યાયનના સંવાદથી વાત્સ્યાયનઋષિ વૈષ્ણવ છે એમ માલમ પડે છે તેમ જ ભરતમુનિ પણ વૈષ્ણવ છે, કેમકે નાટ્યશાસ્ત્ર જાણનારને મોક્ષ પ્રાપ્ત થાય છે એમ કહ્યું છે વળી હનુમાન્ પણ નાટ્યશાસ્ત્રના પ્રકટકર્તા છે, તે જનકતનયાપ્રાણનાથના પરમભક્ત છે, માટે એવાઓનો જે કામશાસ્ત્ર અને નાટ્યશાસ્ત્ર રચવાનો આટલો બધો પ્રયાસ દૃષ્ટિગોચર થાય છે તે જીવને અર્થે ધર્મ અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થમાં ઉપયોગી થવાને માટે ન જ હોય, પણ ઉપર કહ્યું તેમ મોક્ષના સાધનરૂપ જ હોય વળી વાત્સ્યાયન ઋષિએ સામ્પ્રયોગિક અધિકરણમાં એમ સૂત્ર લખ્યું કે "**ऋचां दशतयीनां च चतुःषष्टिसञ्ज्ञितत्वादिहापि तदर्थसम्बन्धात् पाञ्चालसम्बन्धाच्च बह्वृचैरेषा पूजार्थं संज्ञा प्रवर्तितेत्येके**" એ સૂત્રથી સમ્પ્રયોગના ચુમ્બનાદિ અઙ્ગ પણ ઋચાનો અર્થ જ છે એમ દર્શાવ્યું "સર્વે વેદ જેના પદનું મનન કરે છે" "સર્વે વેદે હું જ જાણવા યોગ્ય છું" એ શ્રુતિથી અને સ્મૃતિથી વેદ ભગવત્પર છે એ સિદ્ધ છે એમ હોવાથી આ કામશાસ્ત્રને અને નાટ્યશાસ્ત્રનું પણ વેદનું સમાન અધિકરણ હોવાથી વેદવત્ પરોક્ષવાદે

લીનમણિ ભગવાનનું અભિધાન કરે એ યુક્ત જ છે વળી ગાન્ધર્વવેદ પણ સામવેદનો જ ઉપવેદ છે માટે આ પ્રમાણે અર્થની સ્ફૂર્તિ જે જીવોને થતી નથી તેઓ ભ્રાન્ત થાય છે એમ સમજીને જ શ્રીગુસાંઈજીએ શ્રીટિપ્પણીજીમાં લખ્યું કે "અજ્ઞાનને લીધે આ રસ વિશેષ રીતે અનુભવી શકાતો નથી માટે તેના જ્ઞાનને માટે ભરત અને વાત્સ્યાયન મુનિએ તેના સ્વરૂપનું નિરૂપણ કર્યું કે ભગવાને આમ નૃત્ય કર્યું, આમ રમણ કર્યું જીવો તો જેમ અજ્ઞાની શ્રુતિને જીવપર ઘટાવે છે તેમ આ બે શાસ્ત્રોને પણ જીવપરત્વે ઘટાવીને પરમ ક્લેશને પામે છે એમ સમજવું માટે આ આગમમાં કાંઈ પણ શઙ્કાનેય નથી એ પ્રમાણે નિદર્શન.'

વેણુગીતમાં 'बर्हापीडं नटवरवपु' શ્લોક પ્રસિદ્ધ છે ત્યાર પછી તરત જ 'इति वेणुरवं राजन्' શ્લોક આવે છે, बर्हापीडથી પ્રારમ્ભાતા આખા શ્લોકનું તાત્પર્ય વેણુરવ અથવા વેણુશબ્દ છે મતલબ કે नटवरवपु कर्णयोः कर्णिकारं वैजयन्ती माला સર્વ આભરણો આખું શ્રીઅંગ, ગોપવૃન્દ વૃન્દારણ્યપ્રવેશ એ સર્વ જ વેણુરવ છે આથી સ્પષ્ટ માલમ પડે છે કે શ્રીકૃષ્ણનું શરીર આધિભૌતિક ન હતું શ્રીસુબોધિની ૩-૨૬-૩૧ માં શ્રીમદ્વલ્લભાચાર્યજી કહે છે કે અર્થ શબ્દનો આશ્રય કરી રહે છે ઘટપટાદિના ત્રણ રૂપ છે તેમાં જે આધિદૈવિક રૂપ તે सर्व શબ્દનિષ્ઠ છે, શબ્દ માત્રથી જ સમજાય છે શબ્દે નિત્ય સમ્બદ્ધ છે, માટે बर्हापीड 'अक्षण्वतां'માં જે દર્શન થતાં તે આધિદૈવિક અર્થનાં સમજવાં વેદવ્યાસે પ્રથમ શ્લોકમાં જ પોતે यत्र 'त्रिसर्गो मृषा' (ભા ૧-૧-૧) માં એ વાત સ્પષ્ટ કહેલી છે, અને જે લોકો તે ન સમજતાં દૃશ્ય એટલે રસરૂપ પરબ્રહ્મનો અને વિષયનો વિપ્લવ કરે છે તેઓ મૂર્ખ છે એમ કહ્યા વગર અમને ચાલતું નથી શ્રીમદ્વલ્લભાચાર્ય કોઈક સ્થળે કહે છે કે 'ननु निरिन्द्रिय, कथं रेमे' એ પૂર્વપક્ષનું સમાધાન 'स आत्मानं स्वयमकुरुत' છે, એટલે કે પોતે પોતારૂપ રમણની સર્વ સામગ્રી થઈને રમ્યા

रस ગૂઢ છે, અન્તરાત્મા છે, વિષય બાહ્ય છે, ઇન્દ્રિયગ્રાહ્ય છે रस અથવા પ્રભુ કોઈક વાર જ કૃપા કરી પ્રગટ થાય છે, માત્ર યોગ તેને પ્રકટ કરવા સમર્થ નથી માત્ર જ્ઞાન તેને પ્રકટ કરવા સમર્થ નથી, મુક્તિની ઇચ્છા કરનાર ભક્તિ પણ તેને પ્રકટ કરવા સમર્થ નથી, એકાન્ત ઇન્દ્રિયના વિષયોનો સર્વથા ત્યાગ થાય છે ત્યારે અને જ્યારે ભક્તને પોતાના પ્રકટ થવાના અધિષ્ઠાન તરીકે પ્રભુ વરે છે ત્યારે જ रस અથવા પ્રભુ પ્રકટ થાય છે વિરહ એ હૃદ્રોગ, છે અને रस હૃદયનો નીલમણિ છે रसને પ્રકટ કરવાની પ્રણાલી આ પ્રકારે શ્રીમદ્વલ્લભાચાર્યે અને શ્રીવિઠ્ઠલેશે આપણને સમજ પડે તેટલા વિસ્તારથી શ્રીપુરુષોત્તમજીએ પણ પ્રગટ કરી છે, અને આ પ્રાકટ્યને માટે સમગ્ર ભૂમણ્ડળ એ ત્રણે આચાર્યોનું તો સર્વદા ઋણિ રહેશે

સાતમી ખુબી—કૃપા.

શ્રીવલ્લભાચાર્યની સાતમી ખુબી એમની કૃપા છે "સુબોધિની વાચતાં આપણને એ કૃપા પ્રકટતા સ્ફુરે છે, અને શ્રીપુરુષોત્તમજીએ અને યોગિગોપેશ્વરજીએ અત્યન્ત પરિશ્રમ લઈ દૈવી જીવોના વાચન માટે સર્વ સાહિત્ય સુલભ કરી મૂક્યું છે આપણા કૃપામાર્ગમાં કૃપા વિષે બહુ વર્ણન કરી શકાય, પણ પિષ્ટપેષણ કરીને આપનો સમય લેવો ઉચિત નથી

શ્રીપુરુષોત્તમજીની ખાસ ખુબીમાંની એક એમની Research capacity અથવા પ્રાચીન સંશોધન કરવાની શક્તિ છે શ્રીમદ્વલ્લભાચાર્યજીનો पत्रावलम्बन નામનો ખાસ વાદ ગ્રન્થ અપૂર્ણ હતો, એમણે શોધખોળ કરી શ્રીમહાપ્રભુજીના હસ્તાક્ષરનું પ્રાચીન પત્ર મેળવી, પોતે તે ગ્રન્થ મેળવીને તે પૂરો કર્યો વળી શ્રીગુસાંઈજીના હસ્તાક્ષરનો લખેલો સમગ્ર श्रीटिप्पणीजी ગ્રન્થ પોતે પ્રાપ્ત કરીને

પોતે સુરતમા શ્રીબાલકૃષ્ણજીના મન્દિરમા સેવામા રાખ્યો કે જેથી હાલમા તેનો ઉપયોગ કરીને પ્રભુકૃપાથી અમે **श्रीटिप्पणी**જી શુદ્ધ છાપી શક્યા

શ્રીપુરુષોત્તમજીની બીજી ખુબીઓ એ છે જે શ્રીસુબોધિનીમા તેમ જ અન્ય શ્રીગુસાંઈજીના જે જે લેખો ભળી ગયા હતા તે એમણે છુટા કર્યા આથી આજે પણ શ્રીવલ્લભાચાર્યના ગ્રન્થના વાચકને વાચતા જે જે શઙ્કાઓ ગ્રન્થ વિષે થાય તેનો નિર્ણય કરવાને સુલભ પડે છે

જો કે શ્રીપુરુષોત્તમજી ધર્મના અને તત્ત્વજ્ઞાનના ગ્રન્થોના લેખક છે છતાં એઓ સુરતના હોવાથી એમનામા યોગ્ય સ્થલે humour એટલે હાસ્યરસ સ્વાભાવિક રીતે પ્રકટ થઈ આવે છે. એમના **प्रकाश**મા તેમજ વાદગ્રન્થોમા એના ઘણા સ્થલ નજરે પડે છે

સમ્પ્રદાયમા કેટલાકનુ માનવુ એવુ છે કે શ્રીપુરુષોત્તમજીમા શ્રીહરિરાયજી કરતા ભક્તિભાવ કાંઈક ન્યૂન હતો અને તેથી તેમની વિદ્વત્તાને ઉતારી પાડવામા કેટલાક આનન્દ માને છે તે વિષે એક ડોસાની વાર્તા તેઓ રજુ કરે છે કે પુરુષોત્તમજીને શઙ્કા થઈ ત્યા 'શ્રીહરિરાયજી પાસેથી મે આમ સાભળ્યુ હતુ' એમ કહીને તે ડોસીએ શ્રીપુરુષોત્તમજીની શઙ્કાનુ સમાધાન કર્યુ ! મારા નમ્ર મત પ્રમાણે આવી વાર્તાઓ ઉપર વધારે લક્ષ ન આપતા શ્રીહરિરાયજી અને શ્રીપુરુષોત્તમજીના ગ્રન્થો વાચી તેમાથી પોતે નિર્ણય કરી લેવો એ ઉત્તમ પક્ષ છે, જ્યારે સમ્પ્રદાયની અંદર સડો પેઠો હતો અને વાચન લેખનનુ અંધારુ થઈ ગયુ હતુ તે સમયે શ્રીપુરુષોત્તમજીએ સમ્પ્રદાયની જે સેવા કરી છે અને દુન્યાને સમ્પ્રદાયની વિદ્વત્તા દર્શાવી છે તે શ્રીહરિરાયજી કદાપિ કરી શકત નહિ

છેવટે ટુકમા એટલુજ કહેવાનુ કે આપણા સમ્પ્રદાયમા ગ્રન્થોરૂપ જે **निधि** છે તેવી ભૂતલ ઉપર બીજે કોઈ પણ સ્થલે એટલે યૂરોપ વગેરેમા પણ નથી, માટે એ **निधि**ની અવગણના ન કરતા બને એટલો સમય વૈષ્ણવો ગ્રન્થો વાચવા સમજવામા ગાળશે તો ભગવત્કૃપાથી ભગવત્સાક્ષાત્કાર તેમને થયા વિના રહેશે નહિ [૧]

શ્રીગોકુલનાથજી મહારાજે શ્રીપુરુષોત્તમજી મહારાજની છબીને પુષ્પહાર પહેરાવ્યા અને સભાના પ્રમુખ વ્યા૦ શાસ્ત્રીએ શ્રીગોકુલનાથજીમહારાજને અને શ્રીગિરિધરજીમહારાજને પુષ્પહારો પહેરાવ્યા પછી શ્રીગોવર્ધનનાથજી આચાર્યશ્રી વગેરેની 'જય' બોલાવી સભા વિસર્જિત થઈ હતી

श्रीपुरुषोत्तमोत्सव.

દ્વિતીયદિનકાર્ય

શ્રીવલ્લભસમ્પ્રદાયના દશદિગન્તવિજયી શ્રીપુરુષોત્તમજીમહારાજના પ્રાકટ્યોત્સવની બીજા દિવસની ઉજવણી વૈષ્ણવ પરિષદ્‌ના કાર્યવાહક મણ્ડલના આશ્રય નીચે ગયા રવિવારે સાજે પાચ વાગે મુમ્બાઈ માધવબાગમા ડેક્કન કૉલેજના સસ્કૃતના વ્યાખ્યાતા મગનલાલ ગણપતિરામ શાસ્ત્રી એમ૦ એ૦ ના પ્રમુખપણા નીચે કરવામા આવી હતી, જે વેલાએ અત્રેના મોટા મન્દિરવાળા શ્રીગોકુલનાથજીમહારાજના લાલબાવા ચિ૦ શ્રીદીક્ષિતજી અને લાલબાવાના મન્દિરવાળા શ્રીરણછોડલાલજી મહારાજના લાલબાવા ચિ૦ શ્રીરતનલાલજી મહારાજ તેમ જ અન્ય પણ શ્રોતાઓ મોટી સઙ્ખ્યામા ઉપસ્થિત થયા હતા

આરમ્ભમા પ્રમુખે શાસ્ત્રી ચીમનલાલ તરફથી શ્રીગોકુલાધીશના મન્દિરના સઙ્ગ્રહમાથી આવેલા શ્રીપુરુષોત્તમજીના 'આવરણભઙ્ગ' ના હસ્તાક્ષરના દર્શન કરાવ્યા હતા

---

[૧] નિસ્સાધનતાવાદીઓ સ્વસિદ્ધાન્તને સાગ્રહ સ્થાપે તત્પ્રાક્ વૈ ધીરજભાઈનુ આ વક્તવ્ય ગ્રહશે ? પૂર્વપક્ષના યથાર્થ જ્ઞાનાનન્તર જ ઉત્તરપક્ષ સુદૃઢ થઈ શકે છે

શાસ્ત્રી ચીમનલાલનુ ભાષણ

તે પછી શુ. ર. શાસ્ત્રી ચીમનલાલે શ્રીપુરુષોત્તમજીમહારાજે વિદ્યાગ્રહણ કયે પ્રકારે કર્યું તેનું કેટલુંક વિવેચન કર્યા પછી જણાવ્યું કે તેઓશ્રી પાલખીમા પધારતા ત્યા પણ ગ્રન્થોની આવૃત્તિ કર્યા કરતા, અને તે પાલખીમા પુસ્તકોનો વિશેષ ભાર ન થાય તે માટે ખાસ ઝીણા અક્ષરે લિખિત પ્રતિ પોતા પાસે રાખતા હતા પરદેશમા પધારતા ત્યા પણ બીજા સામાનના ગાડા રાખવાને બદલે હસ્તલિખિત ગ્રન્થોના કયારેક વીસ જેટલા ગાડા પોતાની સાથે રાખતા હતા, એટલી તેમની રુચિ વિદ્યા પ્રતિ હતી ભાષ્યમા શ્રીમહાપ્રભુજીનો અને શ્રીગુસાંઇજીનો ભાગ પહેલવહેલા પૃથક્ તેઓશ્રીએ જ કર્યો અને તે કાર્ય તેમણે બન્નેની ભાષાશૈલીથી જ સ્પષ્ટ કર્યું શ્રીપુરુષોત્તમજીમહારાજ શ્રીમહાપ્રભુજીથી સાતમી પેઢીએ હતા, કે જે સાત પેઢીમા પણ શ્રીગુસાંઇજી શ્રીગોકુલનાથજી અને શ્રીહરિરાયજી ઇત્યાદિ પણ પ્રસિદ્ધ વિદ્વાન્ થયા જ હતા શ્રીપુરુષોત્તમજી પોતાના ગ્રન્થની જ ત્રણ પ્રતિઓ કરાવતા તેમાની એક ચાપાસેનીવાળા શ્રીવિઠ્ઠલરાયજી ઉપર મોકલતા એક પોતાની પાસે રાખતા, અને એક કોઇ પણ યોગ્ય પાત્ર જો મળતો તો તેને દાન કરતા 'ઇન્દ્રિયાશ્વવિનિગ્રહ' વિષે આચાર્યશ્રીના વચનપરની તેઓશ્રીની ટીકા વાચનારને સ્પષ્ટ થશે કે આપ નીતિના મહાન્ શિક્ષક હતા, તેમની ભાષાશૈલી હાલની વૈજ્ઞાનિક શૈલીને પણ ટક્કર મારે એવી સમીક્ષામય હતી

વૈ. વાડીલાલ નગીનદાસ શાહ

વૈ. વાડીલાલ નગીનદાસ શાહે શ્રીપુરુષોત્તમજીમહારાજને શ્રીમહાપ્રભુજીના અને શ્રીગુસાંઇજીના 'ટીકાકાર' તરીકે ઓળખાવતા તેમના સ્વતન્ત્ર ગ્રન્થોના નામ આપ્યા હતા તેઓશ્રીએ શ્રીમદાચાર્યચરણને શરણ માનીને ગ્રન્થોનુ અધ્યયન કરવામા સ્વમાર્ગનો ઉત્કર્ષ માન્યો હતો જ્ઞાનની અપેક્ષામા પણ ભગવન્નિષ્ઠ જ્ઞાન ઉપર ભાર મૂકીને જ્ઞાનાદિવિશિષ્ટ ધર્મિસ્વરૂપ શ્રીકૃષ્ણના જ ચરણમા એમણે પુષ્ટિમાર્ગના ફલનો પ્રકાર મૂક્યો હતો આપણો માર્ગ શ્રુતિસ્મૃતિપુરાણમા પણ પ્રસિદ્ધ છે, એટલુ જ નહિ પણ ભગવાને શ્રીમુખે કહ્યો છે તેથી આપણો સમ્પ્રદાય એકકાલાવચ્છેદે લોકવેદાતીત અને વેદમૂર્ધન્ય પણ છે પુષ્ટિમાર્ગમા સેવ્ય શ્રીનાથજીનુ સ્વરૂપ કાળભૈરવથી અત્યન્ત ભિન્ન જ છે એમ સમજાવવા બન્નેના ચિત્રો સભાને દેખાડ્યા પછી શ્રી આચાર્યચરણના અનન્ય શરણે સ્થિતિ કરીને રૂપસેવા અને નામસેવા ઉભયે પણ આનન્દનો આગ્રહ વૈ. વાડીલાલભાઇએ કર્યો હતો

વૈ. સુન્દરલાલ મણિલાલ વકીલનાએ 'પ્રસાદના ટોપલા'નો અર્થ 'કૃપારૂપ પ્રસાદે સિદ્ધ થયેલા ગ્રન્થોના પટારાના પટારા' એવો કર્યો હતો, અને જણાવ્યુ હતુ કે આચાર્યશ્રીના ગ્રન્થોની ટીકામા તેમનો 'પ્રકાશ' ગ્રન્થ સર્વોત્તમ જ છે વારંવાર નૃસિંહભટ્ટજીનો પણ ઉપન્યાસ એઓશ્રી કરે છે આ સમ્પ્રદાયના વિદ્વાન્ ગોસ્વામીઓમા એમનુ સ્થાન અગ્રગણ્ય છે 'જૈમિનિ ભાષ્ય' ઉપર પણ એમનુ વિવરણ છે નૂતન પદ્ધતિઓ શોધી આપીને તેમ જ યોજીને દર્શાવીને શ્રીપુરુષોત્તમજીએ પોતાની સમીક્ષાશક્તિનો સાક્ષાત્કાર એમના વાચકોને કરાવ્યો છે એમના દૃષ્ટાન્તો પણ સરલ અને સમજી શકાય તેવા હોય છે શ્રીગુસાંઇજીનો શ્રીભાગવતાર્થપ્રકાશ અપૂર્ણ હતો ત્યાથી તેઓશ્રીએ 'આવરણભઙ્ગ' સમાપ્ત કરીને 'યોજના' નામનો ગ્રન્થ કર્યો 'ઇન્દ્રિયાશ્વવિનિગ્રહ' ઉપરની ટીકા કરીને વિષયની પૂરી નિન્દા કરીને રસનો અને વિષયનો ભેદ તેમણે દર્શાવ્યો છે 'ભાગવતશઙ્કાનિરાસવાદ' ગ્રન્થ લખીને એઓશ્રીએ ભાગવત બોપદેવકૃત નથી પણ શ્રીશઙ્કરાચાર્યના પણ પરમગુરુ ગૌડપાદાદિએ પણ તેનો ઉપન્યાસ કર્યો છે એમ સિદ્ધ કર્યુ છે સારસ્વતનિમા પણ ભાગવતનો ઉપન્યાસ કરેલો દેખાય જ છે શ્રીકૃષ્ણના તિરોધાન પછી તરત જ નામરતિનાશક આ શ્રીભાગવતરૂપ સૂર્યનો પ્રકાશ થયો છે એમ શ્રીપુરુષોત્તમજીએ બહુ સબલ પ્રમાણોથી સિદ્ધ કર્યું છે, અને તેથી આપણુ કર્તવ્ય છે કે એમના ગ્રન્થરૂપ નિધિનુ અધ્યયનરૂપ સંરક્ષણ કરવુ

વૈ. સુન્દરલાલે કરેલુ ભાષણ નીચે અક્ષરશઃ આપવામા આવે છે

सुन्दरलाल मणिलाल वकीलना

बी ए एल एल बी नुं

भाषण.

પૂજ્ય સભાપતિમહોદય તથા પરમભાગ્યવાન્ વૈષ્ણવો,

દશદિગન્તવિજયી ગોસ્વામી શ્રીપુરુષોત્તમજીના સમ્બન્ધમા મને પ્રમુખ વે શા સ શાસ્ત્રીજી મહારાજ તરફથી મારુ મન્તવ્ય શુ છે તે જણાવવાની આજ્ઞા થઈ છે તો મારે આપની સમક્ષ મારા વિચારો સંક્ષેપમા જણાવવા જોઇએ અત્યન્ત શોચનીય વાત છે કે જનસમાજ એવું માને છે કે 'પુષ્ટિસમ્પ્રદાયમા મહાપ્રસાદ તથા ઠોરપુરીના ટોપલા વિના બીજુ કાઇ દેખાતુ નથી" આવા જનસમાજને પણ ઉત્તર આપવાને દશદિગન્તવિજયી ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી-કે જેઓશ્રીનો પ્રાકટ્યોત્સવ ઉજવવાને આજે આપણે અત્ર મળ્યા છીએ-તેઓશ્રીએ પોતે પોતાના નવલક્ષ પર સંસ્કૃત સાહિત્ય વારસામા આપીને આપણને તેવા દુર્વાદીઓનો પક્ષ નિર્બલ કરવાનુ 'સામર્થ્ય' આપ્યુ છે દશદિગન્તવિજયી શ્રીપુરુષોત્તમજીના ગ્રન્થો એટલા બધા વિસ્તૃત અને ગહન છે કે તેવી જ્ઞાનશક્તિથી પરિપૂર્ણ સાહિત્ય આધુનિક સમયમા કોઇ પણ વિદ્વાન્ લખી શકે એમ નથી એમણે રચિત ગ્રન્થનુ માપ નવલક્ષ શ્લોક અર્થાત્ નવમહાભારતજેટલુ છે એમના તેમ જ અન્ય ગોસ્વામીના ગ્રન્થો આપણી સમક્ષ હાલ જાહેરમાં પ્રકટ થયેલુ ગ્રન્થપ્રદર્શન બતાવે છે, તે ઉપરાન્ત પણ એટલા બધા છે કે આપણે જનસમાજને એમ બતાવી શકીએ કે પુષ્ટિસમ્પ્રદાયમાં મહાપ્રસાદનાં ટોપલા છે એટલુ જ નહિ પણ તેની બરાબર ટોપલેટોપલા ભરેલા અમૂલ્ય હીરા જેવાં ગ્રન્થો પણ વિદ્યમાન છે શ્રીપુરુષોત્તમજી પોતે એક મહાધુરન્ધર વિદ્વાન્ હતા એમના ગ્રન્થો વાચવામાં આવે છે ત્યારે મારા જિજ્ઞાસુ શિષ્યને તો અવશ્ય અન્ય સર્વ શાસ્ત્ર જેવા કે અન્ય સર્વ આચાર્યના વેદાન્તભાષ્યો, પૂર્વમીમાંસા, વ્યાકરણ, વૈદ્યક, ન્યાય, સાંખ્ય, વૈશેષિક, જ્યોતિઃશાસ્ત્ર, નાટ્યશાસ્ત્ર, સંગીતશાસ્ત્ર ઇત્યાદિ સર્વ જ શાસ્ત્રનો અભ્યાસ કરવો પડે છે શ્રીમદ્વલ્લભાચાર્યજીના ગૂઢ તથા કઠિન વચનામૃત સમજાવવામા તે સર્વ વાક્યો ઉપનિષદ્ વેદ ગીતા શ્રીમદ્ભાગવત તેમ જ અન્ય પુરાણમાથી તેમ જ બીજે પણ સર્વ સ્થળેથી અધ્યાય તથા શ્લોકના અંક સાથે ટાંકી આપે છે, અને જિજ્ઞાસુ વાચકને યુક્તિપુરઃસર શ્રીમદ્વલ્લભાચાર્યજીના તે વાક્યોનુ સ્વારસ્ય સચોટ રીતે સમજાવે છે આધુનિક સમયના વિદ્વાનો જેમ Index learning ની પદ્ધતિએ પોતાના પ્રમાણવાક્યો ક્યા અધ્યાયમા અને ક્યા ગ્રન્થમા છે તે ગોખી આપે છે તેમ શ્રીપુરુષોત્તમજી પણ પોતાના વાક્યો ક્યા ગ્રન્થમા ક્યા સમ્બન્ધમા ક્યા પ્રકરણમા અને ક્યા અધ્યાયમા છે તેનો પણ ઉપન્યાસ કરી દે છે જેથી અલ્પબુદ્ધિના અને અલ્પાયુષ્ય પણ વાચકનો સમય બચે છે અને તેની ઇચ્છા હોય તો તે તે ગ્રન્થ પાસે રાખીને પણ પૂર્વાપર સમ્બન્ધ તે સમજી શકે છે શ્રીપુરુષોત્તમજીની શૈલી વિદ્વત્તાથી સમ્પૂર્ણ છે કોઇ પણ જિજ્ઞાસુના હસ્તમા એમનો ગ્રન્થ જાય તો તે ગ્રન્થની ભાષા પૂર વેગથી તેના મગજમા પહોંચે છે. શ્રીપુરુષોત્તમજી પોતાનુ મન્તવ્ય શાસ્ત્રીય રીતિએ સમજાવે છે શ્રીપુરુષોત્તમજીનો અભ્યાસ એમના પોતાના જમાનામા કે જ્યારે છાપવાની પ્રથા ન હતી અને પુસ્તકો હસ્તલિખિત હોઈ દુર્લભ હતા

ત્યારે પણ હાલના પશ્ચિમના વિદ્વાનોની વૈજ્ઞાનિક પદ્ધતિને ટક્કર મારે એવો હતો એ કંઈ જેવું તેવું આશ્ચર્ય નથી. કોઈ પણ સિદ્ધાન્ત મોટા લોકોનો છે માટે બુદ્ધિમાં ઉતરે કે ન ઉતરે તો પણ સ્વીકારી જ લેવો એવું પોતે માનતા ન હતા, પરન્તુ તે સિદ્ધાન્ત શાસ્ત્રીય રીતે પ્રમાણપુરઃસર કેમ સમજી શકાય અને બીજાને કેમ સમજાવી શકાય તેનો સબલ પ્રયાસ કરતા એમ એમના ગ્રન્થો સિદ્ધ કરી આપે છે. શ્રીમદ્વલ્લભાચાર્યજીના પ્રત્યેક ગ્રન્થ ઉપર પોતે સુવિસ્તૃત પ્રમાણપુરઃસર ટીકાઓ લખી છે, એ ટીકાઓમાં શ્રીપુરુષોત્તમજી ક્વચિત્ એમ જણાવે છે કે "અહીં મૂલ ગ્રન્થ ત્રુટિત છે, અહીં લેખકના દોષને લીધે પઙ્ક્તિ જતી રહી છે, અહીં મૂલ ગ્રન્થની પઙ્ક્તિઓ ઉપરાછાપરી લેખકના ભ્રમને લીધે લખાઈ ગઈ છે, મૂલ ગ્રન્થ શ્રીમદ્વલ્લભાચાર્યજીનો છે તથાપિ અહીં શ્રીપ્રભુચરણ શ્રીગુસાંઈજીનો ભાગ લખવામાં આવ્યો છે એમ દીસે છે, અહીં ઉપનિષદ્‌ના વાક્યમાં શ્રીમહાપ્રભુજીએ દક્ષિણના પણ્ડિતોમાં પ્રચલિત દ્રવિડ પાઠ સ્વીકાર્યો છે, યદ્યપિ ઉપનિષદ્‌ની પ્રચલિત પ્રતિમાં એ પાઠ નથી", ઇત્યાદિ ઇત્યાદિ. એટલું જ નહિ પણ શ્રીપુરુષોત્તમજી શ્રીમહાપ્રભુજીના જૈમિનિભાષ્યમાં તથા પત્રાવલમ્બનગ્રન્થમાં તેમ જ અન્ય ગ્રન્થોમાં મૂલ ગ્રન્થ ક્વચિત્ ત્રુટિત થતો હોય તો પોતાની 'પ્રકાશ' નામની ટીકામાં પૂર્વાપર સમ્બન્ધ ધ્યાનમાં લઈને શ્રીમહાપ્રભુજીનો ત્રુટિત ભાગ શું હશે તે પ્રામાણિક દૃષ્ટિથી ખોળવાનો પ્રયાસ કરે છે અને ગ્રન્થ સમ્પૂર્ણ કરવા આવશ્યક સંકલના પણ યોજી આપે છે. શ્રીપુરુષોત્તમજી સામ્પ્રદાયિક સિદ્ધાન્ત સમજાવવામાં ક્વચિત્ એવાં તો સર્વમાન્ય દૃષ્ટાન્તો આપી દે છે કે જેથી પ્રાકૃત લોકો પણ એમના સિદ્ધાન્તનું રહસ્ય સત્વર સમજી શકે છે. જેમ કે પુષ્ટિમાર્ગ શાસ્ત્રદૃષ્ટિથી સિદ્ધ થાય છે એટલું જ નહિ પણ લોકો પોતાના વ્યવહારમાં પણ તે માર્ગ સ્વીકારે છે. આ રહસ્ય સમજાવવા શ્રીપુષ્ટિપ્રવાહમર્યાદાગ્રન્થના પ્રકાશમાં પોતે એક દેવાળીઆનું દૃષ્ટાન્ત આપે છે, દેવાળીઆએ લેણદારોના પૈસા સાચેસાચા લીધા હોય છે અને આપી શકતો નથી, તેથી લોકો તેની પાસેથી રૂપીઆની બે આની પણ લઈને તેની સાથે માંડવાળ કરે છે. અરે! તદ્દન અશક્ત અને નિર્ધન હોય તો પોતાના લેણાની પાઈ પણ લેતા નથી, તેને એમ નથી કહેતા કે 'તેં અમારા પૈસા લીધા છે તેથી પૂરેપૂરા આપ', પણ તેના ઉપર કૃપા કરી તેને દેવામાંથી મુક્ત કરે છે, એટલું જ નહિ પણ હાલની બ્રિટિશ સરકાર નિરાધાર દેવાળીઆને નાદાર કોર્ટનો આશ્રય આપી દેવામાંથી મુક્ત કરે છે. "જો લૌકિક રાજા તથા લૌકિક લેણદારો પણ વ્યવહારમાં જમાઉધારનો વિચાર કરતા નથી પરન્તુ અન્તે અશક્ત નિષ્કિઞ્ચન દેવાળીઆ ઉપર કૃપા જ કરે છે તો અખિલ વિશ્વના પ્રભુ ભગવાન્ શ્રીકૃષ્ણ નિઃસાધન જીવ ગમે તેવો દુષ્ટ હોય અને કોઈ પણ પ્રકારનું પુણ્ય ન કરતો હોય તો પણ તેવા દુષ્ટ જીવ ઉપર કૃપા કરે અને તેનો પણ ઉદ્ધાર અજામિલાદિવત્ કરી દે એમાં શું આશ્ચર્ય!" વૈષ્ણવો! શ્રીપુરુષોત્તમજીના સમયમાં આધુનિક નાદારનો કાયદો હશે કે કેમ એ પ્રશ્ન છે, તથાપિ શ્રીપુરુષોત્તમજી કંઈ અપૂર્વ તથા નવીન દૃષ્ટાન્ત આપી પુષ્ટિમાર્ગનો સિદ્ધાન્ત જનસમાજને સમજાવે છે! આથી સિદ્ધ થાય છે કે શ્રીપુરુષોત્તમજીનો અભ્યાસ તથા એમના ગ્રન્થો Scientific અર્થાત્ વૈજ્ઞાનિક પદ્ધતિથી પરિપૂર્ણ હતા.

શ્રીપુરુષોત્તમજી 'ભાષ્યપ્રકાશ' નામના પોતાના ગ્રન્થમાં શ્રીબ્રહ્મસૂત્રમાં અન્ય ભાષ્યકારોના તત્ર શા અભિપ્રાય છે તેમાં શા દોષ છે, તેઓ શી રીતિએ અને કયાં પર્યન્ત આપણને મળતા આવે છે તથા આપણા શ્રીમદ્વલ્લભાચાર્યજી તેમનાથી શા માટે જુદા પડે છે એ સર્વ પ્રમાણપુરઃસર શાસ્ત્રીય રીતિએ સમજાવે છે. ટુંકમાં દશદિગન્તવિજયી ગોસ્વામિશ્રીપુરુષોત્તમજી જો અદ્ય પણ પ્રકટ થાય તો દુનિયાના વિદ્વાનો તેમને અગ્રગણ્ય સ્થાન આપ્યા વિના રહે નહિ જ. નીતિ તથા ઇન્દ્રિયવિજયની બાબતમાં શ્રીપુરુષોત્તમજી એક Strict disciplinarian હતા અર્થાત્ પોતાના અનુયાયીને સરલ નીતિમય પવિત્ર અને ભક્તિમય જીવન આચરણમાં મૂકવાનો ઉપદેશ આપતા

કરતા હતા શ્રીપુરુષોત્તમજી નિજ રસાત્મક ભક્તિમાર્ગ 'નિન્દાય' નહિ તેને માટે પોતાના અનુયાયી'ઓને રસ અને રસાભાસનું તારતમ્ય સમજાવતા શ્રીપુરુષોત્તમજી સ્પષ્ટ આજ્ઞા કરે છે કે 'લૌકિક નાયક વા નાયિકામા શૃઙ્ગારરસ સર્વથા નથી તેમા રસ નથી પણ રસાભાસ છે તેથી તેના લૌકિક નાયકનાયિકાના રસ શોધવાનો મિથ્યા પ્રયાસ કરીને તમારા અલ્પ પણ અમૂલ્ય આયુષ્યનો અને ભગવદ્દત્ત શક્તિઓનો વૃથા વ્યય કરશો નહિ, જો તેમ કરશો તો તમે તમારા પુરુષાર્થથી ભ્રષ્ટ થશો અને ભગવાનથી દૂર થશો, રસનુ સ્વરૂપ ભગવાન્ છે, રસના ભોક્તા પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્ર, છે. રસ-સામગ્રી તથા રસભોગ પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રને છાજી શકે આપણા જેવા તુચ્છ પામર જીવો લૌકિક નાયકનાયિકામા રસ પ્રાપ્ત ન કરતા રસાભાસમાત્ર પ્રાપ્ત કરીને કેવલ સ્વાર્થથી ભ્રષ્ટ જ થાય છે, શ્રીમદાચાર્યચરણના તત્ત્વાર્થદીપનિબન્ધના સર્વનિર્ણયપ્રકરણમા શ્રીમદાચાર્યજી એવી આજ્ઞા કરે છે કે " શક્ત્યનુસાર સ્વધર્માચરણ, વિધર્મથી નિવર્તન, અને સર્વથા ઇન્દ્રિયરૂપી અશ્વનો સારી રીતિએ વિનિગ્રહ આ ત્રણનો સર્વથા ત્યાગ ન કરવો, વૈરાગ્ય અને પરિતાપનો ત્યાગ સર્વથા ન કરવો, જો ઇન્દ્રિયરૂપી અશ્વનો નિગ્રહ કરવામા આવે તો જ ઇષ્ટ દેશની–ભગવત્સ્વરૂપની–પ્રાપ્તિ થાય છે, આ ત્રણનો તો ક્રીડાર્થે પણ ત્યાગ ન કરવો.' આ વચનામૃતનુ વિવરણ કરતા શ્રી પુરુષોત્તમજી પોતાની 'આવરણભઙ્ગ' નામની ટીકામા લખે છે કે 'જે અનિષિદ્ધભોગ છે તે પણ ઇન્દ્રિયને તૃપ્ત કરવાને કર્તવ્ય નથી પરન્તુ સેવામા બાધકભૂત જે કામ છે તેને નિવૃત્ત કરવાને જ કરવાનો છે, ભગવદ્ભક્તે એવો વિચાર કરવો જોઈએ કે જેઓ સમૃદ્ધ છે, મહાયોગવાન્ છે, અને સુરતના વિષયમા ચતુર છે તેવા ઇન્દ્રાદિ દેવતાઓની સમાનતા હુ તુચ્છ જીવ ક્યાથી કરવાની હિમ્મત ધરી શકુ ! ક્યા તેમનુ સામર્થ્ય અને ક્યા મારુ સ્વરૂપસામર્થ્ય ! મારા જેવા તુચ્છ જીવનો ભોગ કેટલો અને કેવો તુચ્છ હોઈ શકે ! મારી તે કેવી નાયિકા હોઈ શકે ! અને મારા તે સુરતવિષયના શા ઉપકરણ હોઈ શકે ! એ તુચ્છ નાયિકામા, તથા ભોગાદિમા આસક્ત થઈ મ્હારે મારો પુરુષાર્થ શુ કરવા નષ્ટ કરવો જોઈએ ! " પુરુષ " શબ્દનો અર્થ " નરક " થાય છે **યોષિત્** શબ્દે પણ વિશેષે કરીને તે જ " નરક " અર્થ કથાય છે સ્ત્રીઓ શાલાવૃકનુ હૃદય છે–શાલાવૃકની માફક ક્રૂર છે એવા લૌકિક સ્ત્રીપુરુષ નાયકનાયિકાના કામવિષયમા સુખાનુભવ થાય એ તો ભ્રાન્ત જીવના અનુભવસમાન છે, કારણ કે અગ્રે એ રસાભાસમા સુખ નથી એ પ્રકારનો બાધ તો ઉભય કામુકને પ્રત્યક્ષ સિદ્ધ થઈ જાય છે એવા લૌકિક કામનુ ફલ સસાર ઉદ્ભવે છે અને એ સસાર દુઃખમય છે એ પણ સર્વમાન્ય સિદ્ધાન્ત છે" લૌકિક કામવિષયમા ભગવદ્રસસમ્બન્ધનો અભાવ છે **વેણુગીત**ના પ્રારમ્ભના શ્રીસુબોધિનીજીમા શ્રીમદ્વલ્લભાચાર્યજી કહે છે કે " આસક્તિની પૂર્વે પ્રેમ છે, તે પ્રેમ પણ હરિ ભગવાન્ પોતે જ–અન્ય લૌકિક નાયક નહિ–કરે છે અને પ્રેમના ઉદ્બોધક પદાર્થો પણ હરિ પોતે જ કરે છે અન્ય કોઈ પણ (લૌકિક નાયકાદિ) કરી શકતા નથી " આ કારિકા એમ સ્પષ્ટ પ્રતિપાદન કરે છે કે શ્રીકૃષ્ણ ભગવાન્ વિના અન્ય લૌકિક નાયકાદિ જો પ્રેમના ઉદ્બોધક થવા જાય છે તો તેથી સર્વથા ભગવદ્ભાવની ઉત્પત્તિ થતી નથી જો લીલાસ્થ ભગવદીયની પણ આવી દશા છે તો ઇદાનીન્તન તુચ્છ જીવની વાત તો દૂર જ રહી લૌકિક ભોગ સવિઘ્ન છે, અલ્પ છે, અને ઘાતક છે, તેથી એનો ત્યાગ કરવો," એથી સિદ્ધ થાય છે કે ભગવલ્લીલાના દૃષ્ટાન્તને અનુસરીને જે લોકો અન્ય જીવોને લૌકિક કામવિષયમા પ્રવર્તાવે છે અને પોતે પણ તેમા પ્રવૃત્ત થાય છે તેવા સર્વ જીવોને ભગવાનથી વિમુખ સમજવા અને તેમનો સઙ્ગ સર્વથા ત્યજીને સર્વ ઇન્દ્રિયનો નિગ્રહ કરવો જોઈએ આ રીતિએ અલૌકિક ભગવદ્વિષયક રસમાર્ગ અને લૌકિક રસાભાસનો જે મહાન ભેદ છે તે સમજવાને અને તદનુસાર સર્વેન્દ્રિયનો વિનિગ્રહ કરવાને નિજ સમ્પ્રદાયના સર્વ અનુયાયીઓને તેમના કલ્યાણને અર્થે જ શ્રીપુરુષોત્તમજી એક સખ્તમા સખ્ત ધર્માચાર્યત્વે આજ્ઞા કરે છે શ્રીપુરુષોત્તમજીના ગ્રન્થોનો અભ્યાસ કરો અને ન થઈ શકતો હોય અભ્યાસી શાસ્ત્રિવર્ગ તેમ જ યુનિવર્સિટિના સસ્કૃત સાથે ઉત્તીર્ણ ગ્રેજ્યુએટોનો સમાગમ કરો, 'અને તેમને તેમના અભ્યાસમા ઉત્તેજન આપો-

બીજી મોટી વાત એ છે કે આપણે આધુનિક સમયમાં નિરન્તર શ્રીમદ્ભાગવતનો નિરંતર પાઠ કરવાની તથા તેનો અર્થ સમજવાની શ્રીમદાચાર્યચરણની આજ્ઞાનું ઉલ્લંઘન કરીએ છીએ, એટલું જ નહિ પણ મલિન રસાભાસ સાહિત્ય વાંચીએ છીએ અને આપણા અમૂલ્ય વૈષ્ણવ મનુષ્યદેહનો અપવ્યય કરીએ છીએ શ્રીમદ્વલ્લભાચાર્યજીની આજ્ઞાને અનુસરવાને આપણે સ્વરૂપસેવા તથા નામસેવા ઉભયે કરવાની છે સેવારસ તથા કથારસનો આસ્વાદ લેતા આપણે શીખવું જોઈએ રાત્રિના સમયમા કથારસનો આસ્વાદ કરવાને શ્રીમદ્ભાગવતશાસ્ત્રના અર્થને સમજાવે એવી શ્રીમદ્વલ્લભાચાર્યજીની શ્રીસુબોધિનીજી ટીકા પ્રતિદિન વૈષ્ણવસમાજમાં વંચાવી જોઈએ એ શ્રીસુબોધિનીજી ગ્રન્થ ભાષ્યજેવો રમ્ય છે અને દુર્બોધ પણ છે, તો તેના અર્થ સમજાવે એવું શ્રીમત્ પ્રભુચરણ શ્રીગુસાંઈજી, શ્રીગોકુલનાથજી શ્રીહરિરાયજી તથા શ્રીપુરુષોત્તમજીના પ્રકાશ લેખ ઇત્યાદિ અનેક પ્રકારનું સાહિત્ય ભરપૂર છે તે સર્વ સાહિત્યસામગ્રી આપણે પ્રાપ્ત કરી, એકત્રિત કરી, તેનું સુન્દર મુદ્રણ કરી, વૈષ્ણવ સૃષ્ટિમા તેનો સુપ્રસાર કરવો જોઈએ એ ઉપરાન્ત શ્રી સુબોધિનીજીને અનુસરતું શ્રીમદ્ભાગવતનું ભાષાન્તર શ્રીસુબોધિનીજીનું તથા તેના સાહિત્યનું ભાષાન્તર પ્રત્યેક સ્કન્ધવાર થવું જોઈએ આ નામસેવા ઉપાડી લેવાને સામ્પ્રદાયિક શાસ્ત્રીઓ, ગ્રેજ્યુએટો તથા ધનાઢ્ય શેઠીઆઓ તત્પર થશે એમ આશા રાખું છું શ્રીમદ્ભાગવત શાસ્ત્ર એક કપોલકલ્પિત પુરાણ બોપદેવે રચ્યું છે એવી માન્યતા તો હવે તદ્દન અસત્ય છે એમ સિદ્ધ થઈ ગયું છે શ્રીમદ્ભાગવતશાસ્ત્ર એવું કપોલકલ્પિત હોત તો શ્રીમદ્વલ્લભાચાર્યજી ઉપરાન્ત તેમના પૂર્વના પણ વિષ્ણુસ્વામી મધ્વાચાર્ય રામાનુજાચાર્ય તથા શ્રીધરાદિ પાવન ટીકાકારો એવા ગપાટક પુરાણ પછાડી પોતાનું અમૂલ્ય આયુષ્ય વ્યતીત કરત નહિ શ્રીમદ્ભાગવત એવું કપોલકલ્પિત નથી એ શાસ્ત્ર એવું તો કઠિન છે કે કોઈ પણ સમર્થ વિદ્વાનની પરીક્ષા એ શાસ્ત્રમા થઈ શકે છે શ્રીમદ્ભાગવતમા વેદસ્તુતિનો ભાગ એવો તો કઠિન છે કે તે સમજાવવામા ભલભલા વિદ્વાનો ભૂલ કરે છે શ્રીમદ્ભાગવતશાસ્ત્રમા વેદના, ઉપનિષદ્ના, ગીતાના તથા અન્ય શાસ્ત્રના અક્ષરશઃ વાક્યો, શબ્દો અને આખ્યાનો મળી આવે છે શ્રીમદ્ભાગવતશાસ્ત્ર વેદવ્યાસજીનો અન્તિમ ગ્રન્થ છે, અને તેમા વેદવ્યાસજીએ પોતાની અખૂટ જ્ઞાનશક્તિ સંયોજી દીધી છે એ શાસ્ત્રથી જ ઉચ્ચકોટિના તેમ જ સ્ત્રીશૂદ્રાદિ નીચ કોટિના યાવન્માત્રજીવનો ઉદ્ધાર થઈ શકે છે એવો કરુણાયુક્ત ગ્રન્થ શ્રીવેદવ્યાસજીએ કલિયુગના જીવોના કલ્યાણને અર્થે પ્રકટ કર્યો છે એ ઉત્તમ શાસ્ત્રનો સમ્બન્ધ કોઈ પણ રીતે જીવને થાય તો યથાકથંચિત્ તે જીવ સંસાર તરવા સમર્થ થશે એમ સમજી શ્રીમદ્વલ્લભાચાર્યજીએ શ્રીમદ્ભાગવતશાસ્ત્ર ઉપર સમ્પૂર્ણ પરિશ્રમ લીધો છે, અને શ્રીસુબોધિનીજી ઉપરાન્ત શ્રીમદ્ભાગવતાર્થ નિબન્ધ, ત્રિવિધલીલાનામાવલિ, શ્રીપુરુષોત્તમસહસ્રનામ, શ્રીમદ્ભાગવતક્રમણિકા ઇત્યાદિ અનેક નાના મોટા ગ્રન્થો રચ્યા છે, કે જેથી ગમે તે કક્ષાનો ન્હાનો વા મોટો માણસ અજ્ઞાની વા પણ્ડિત શ્રીમદ્ભાગવતશાસ્ત્રનો સમ્બન્ધ પ્રાપ્ત કરે અને એ શાસ્ત્રના સમ્બન્ધથી પોતાનું કલ્યાણ કરી શકે તેથી જ શ્રીમદ્ભાગવતનો અર્થ ન સમજાય તો પણ શ્રીમદ્ભાગવતશાસ્ત્રનો પાઠ નિરન્તર નિયમપૂર્વક આદરસહિત કરવાની આજ્ઞા કરે છે શ્રીવલ્લભાચાર્યજીની એ આજ્ઞાનું પરિપાલન આધુનિક વૈષ્ણવ સૃષ્ટિમાથી કેટલા કરે છે ! અરે પાઠ કરવાનું તો દૂર રહ્યું પણ શ્રીમદ્ભાગવતશાસ્ત્રનો મૂળ ગ્રન્થ આપણા સમ્પ્રદાયના પાઠ સાથે આપણે અદ્યાપિપર્યન્ત મુદ્રિત પણ કરાવી શક્યા નથી, એ આપણું દુર્ભાગ્ય છે ! કશું ન થાય તો શ્રીમદ્ભાગવતનો મૂલ ગ્રન્થ જેવો મળે તેવો આપણે આપણા પુસ્તકાલયમા પધરાવી તેની સેવા કરવાનો તથા તેનો યથાશક્તિ પાઠ કરવાનો નિયમ કરવો જોઈએ વેદસમ્મિત શ્રીમદ્ભાગવતશાસ્ત્રને વેદસંજ્ઞા વેદવ્યાસજીએ નથી આપી, તેનું કારણ એટલું જ છે કે પોતાના પછી થનારા આસુરવ્યામોહ કરનારા બુદ્ધાવતારમા એ શાસ્ત્ર પણ કલુષિત ન થઈ જાય બુદ્ધભગવાને

સર્વ વૈદાદિ શાસ્ત્રનો ઉચ્છેદ કર્યો, પણ શ્રીમદ્ભાગવતાદિ પુરાણનુ પોતે નિરાકરણ કર્યું નહિ, કારણ કે તે એમ સમજતા હતા કે એ જ પુરાણ એવુ છે કે જેના આશ્રયે કલિયુગમા દૈવ જીવ તરી જશે જો વેદવ્યાસજીએ શ્રીમદ્ભાગવતશાસ્ત્રનુ વેદત્વ મુક્તકણ્ઠે કહી દીધુ હોત તો વેદના નિરાકરણે એ શાસ્ત્રનુ નિરાકરણ પણ બુદ્ધાવતારમા થઈ ગયુ હોત અને કલિકાલમાં તરવાનુ એટલું એક સાધન પણ ચાલ્યુ ગયુ હોત યદ્યપિ શ્રીમદ્ભાગવતશાસ્ત્ર વેદતુલ્ય છે તો પણ વેદવ્યાસજીએ આ ઉદ્દેશથી એ શાસ્ત્રને 'વેદ' એવી સંજ્ઞા આપી નથી એ શાસ્ત્ર નિગમકલ્પતરુનુ ગલિત ફલ છે, અને એ શાસ્ત્ર વ્યાસજીને એટલુ બધુ સન્તોષપદ થયુ હતુ અને શ્રેષ્ઠ થયુ હતુ કે પોતાના પુત્ર શુકદેવજીને અતિશ્રેષ્ઠ વસ્તુ તરીકે વારસામા એ શાસ્ત્ર પોતે ભણાવ્યુ હતુ, અને શ્રીશુકદેવજીએ કલિકાલમા નિગ્રહકરણાર્થ પરીક્ષિતને કહ્યુ હતુ શ્રીમદ્ભાગવતશાસ્ત્ર વેદના અર્થનુ ઉપબૃંહણરૂપ છે વેદના તથા ગીતાના અર્થનુ વિપુલીકરણ શ્રીમદ્ભાગવતશાસ્ત્ર કરે છે 'અલ્પશ્રુતથી વેદને ભય થાય છે કે આ જીવ પોતાની મન્દમતિને લીધે મારા સત્ય અર્થનો અનર્થ કરશે, તેથી હે ઋષિમુનિઓ તમે મારા અર્થનું વિપુલીકરણ ઇતિહાસ તથા પુરાણાદિ શાસ્ત્રની સહાયથી કરજો' એ સિદ્ધાન્તને અનુસરી શિષ્ટ આચાર્યો વેદના અર્થનુ ઉપબૃંહણ શ્રીમદ્ભાગવતશાસ્ત્રથી કરે છે આવા અત્યુત્તમ અને અપૂર્વ તથા વેદવ્યાસના પણ અન્તિમ તથા શ્રેષ્ઠ ગ્રન્થનુ સેવન શ્રીમદ્વલ્લભાચાર્યજીની આજ્ઞાને અનુસરી આપણે કરીશુ તો આપણે અવશ્ય કૃતાર્થ થઈશુ પોલ પત્ર તથા અન્ય મલિન સાહિત્ય વાચવામા આપણે આપણો અમૂલ્ય સમય વ્યતીત કરશો તેના કરતા શ્રીમદ્ભાગવતશાસ્ત્રનું તથા શ્રીમદાચાર્યચરણના ગ્રન્થોનુ જો આપણે પરિશીલન કરીએ તો આપણુ કેટલું બધુ સદ્ભાગ્ય થાય!

વૈ. દેવીદાસ માધવજી

ભ શેઠ દેવીદાસ માધવજી જે પી એ સામ્પ્રદાયિક સાહિત્યની વિશાલતા ઉપર ભાર મૂકીને એ પ્રસાદ લેવાની યોગ્યતા પ્રાપ્ત થાય એવી પ્રભુ કૃપા કરે એવી ઇચ્છા પ્રદર્શિત કરી હતી

શા હરિકૃષ્ણશાસ્ત્રી

વૈ હરિકૃષ્ણશાસ્ત્રીએ સમ્પ્રદાય હવે સુષુપ્તિમાથી જાગૃત થવા માડ્યો છે, અને નામસેવાના આચાર્ય શ્રીપુરુષોત્તમજી છે એમ જણાવી કહ્યુ કે 'પ્રકાશ' ઉત્તમોત્તમ હોઈ કોઈ પણ વાદીનો પરાજય કરવા સમર્થ છે 'પ્રસ્થાનરત્નાકર'મા તેઓશ્રીએ દર્શનમાત્રની સમીક્ષા કરીને શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ સર્વોત્તમ છે એમ તારતમ્યપૂર્વક સિદ્ધ કરી બતાવ્યુ છે ઉક્ત શાસ્ત્રીએ શ્રીહરિરાયજી અને શ્રીપુરુષોત્તમજીવિષયિણી આખ્યાયિકાનો અર્થ કરી આપ્યો હતો

શ્રીદીક્ષિતજી.

શ્રીગોકુલનાથજી મહારાજના લાલબાવા ચિ શ્રી દીક્ષિતજીએ શ્રીપુરુષોત્તમજીને વન્દન કરી જણાવ્યુ કે શ્રીમહાપ્રભુજીના અને શ્રી ગુસાંઈજીના ગ્રન્થોનુ અધ્યયન શ્રીપુરુષોત્તમજીની પ્રણાલિકાએ પ્રમાણપૂર્વક કરીને શ્રીહરિરાયજી આદિએ કરેલા ભાવાત્મક ગ્રન્થો હૃદયમા પધરાવીને વૈષ્ણવોએ કૃતાર્થ થવુ ઘટે છે પ્રકાશકાનન્દનુ ઐતિહ્ય પણ કથીને આ ચિ લાલબાવાએ ઉપસંહાર કર્યો હતો

શ્રીવલ્લભલાલજી

શ્રીરણછોડલાલજી મહારાજના લાલબાવા ચિ શ્રીવલ્લભલાલજીએ ચતુઃશ્લોકીનુ વ્યાખ્યાન કરીને શ્રીકૃષ્ણનું સેવાસ્મરણ એ જ વૈષ્ણવોનો ધર્મ જણાવ્યો હતો

વૈ નારણદાસ સાગાણીએ સત્યને પ્રકાશમા આણવા વૈષ્ણવોએ વ્રત લેવાનો આગ્રહ કર્યો હતો

વૈ રણછોડદાસ વરજીવનદાસ પેટલાદીએ અત્યાર સુધી અપ્રાપ્ય શ્રીભાગવતપરની આચાર્યશ્રીની સૂક્ષ્મટીકા તેમ જ શ્રી પુરુષોત્તમજીના પણ ત્રણ પત્રો પોતા પાસે હોવાનું જણાવ્યુ હતુ

વૈ શા સ મગનલાલ શાસ્ત્રીજીએ પ્રમુખત્વે કરેલો ઉપસંહાર

શ્રીમદ્ગોસ્વામી શ્રીપુરુષોત્તમજીમહારાજનો પ્રાકટ્યોત્સવ આપણે પ્રથમ જ વાર આ મુંબાઈમાં ઉજવવાને પરિષદ્ભાગે મળ્યા છીએ, અને તેમાં ઉભય દિવસે શ્રીમાન્ ગોસ્વામીઓ અત્ર ઉપસ્થિત થયા છે એ આપણો અહોભાગ્ય છે આપણો બ્રહ્મવાદ જ નિત્ય સનાતન વૈદિક ધર્મ છે, અને જો કોઈ પણ વાડા બન્ધાયા હોય તો તે આપણા અખણ્ડ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના જ કેવળ એકદેશ છે વેદના પ્રારમ્ભમાં મધ્યમાં અને અન્તમાં બ્રાહ્મણોમાં કલ્પસૂત્રાદિમાં આરણ્યકમાં ઉપનિષદ્માં આ અખણ્ડ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ વિના અન્ય કાંઈ પણ ઉપદિષ્ટ નથી શ્રીમદ્ભગવદ્ગીતામાં પુરુષોત્તમ શ્રીકૃષ્ણ અક્ષરે અક્ષરે આ બ્રહ્મનિનાદ કરે છે કૃષ્ણદ્વૈપાયન વેદવ્યાસ બાદરાયણ પણ બ્રહ્મસૂત્રમાં એ જ બ્રહ્મવાદનો ભક્તિસાધનત્વે ઉપદેશ કરીને પ્રપત્તિનો–શરણનો–સંગ્રહ કરે છે, અને સર્વોત્કૃષ્ટ શ્રીમદ્ભાગવત પ્રસ્થાન તો પદે પદે અનુગ્રહાત્મિકા પુષ્ટિનો જ ડિણ્ડિમઘોષ કરે છે

શ્રીપુરુષોત્તમજીના ગ્રન્થના લક્ષણો વિષે વૈ તેલીવાલાએ અને શ્રીમદ્વલ્લભાચાર્યાદિની નિઃસ્પૃહતા વિષે વૈ ધીરજલાલ ભાઈએ એટલું તો વિવેચન કર્યું છે કે તે વિષે વિશેષ વિવેચન ન કરતાં શ્રીમદાચાર્યચરણ શ્રીવિઠ્ઠલેશ, શ્રીગોકુલેશ, શ્રીહરિરાયજી ઇત્યાદિએ જે પ્રમેયાત્મક ભાવ પ્રધાન માર્ગનું નિરૂપણ કર્યું છે તે જ સિદ્ધાન્તને પ્રમાણત્વે પોષક શ્રીપુરુષોત્તમજીના અમુક ગ્રન્થોનો પરિચયમાત્ર હું આપને કરાવીશ

'ભાષ્યપ્રકાશ" શ્રી પુરુષોત્તમજીનો ઉત્તમોત્તમ ગ્રન્થ છે, અને તેની ઉત્તમતા એ છે કે તેના પ્રત્યેક સૂત્રમાં અધિકરણમાં શ્રીમદ્વલ્લભાચાર્યજીના જ સિદ્ધાન્તના સ્પષ્ટીકરણમાત્રે સન્તોષ નહિ માનતાં શઙ્કર ભાસ્કર રામાનુજ મધ્વ ભિક્ષુ અને નીલકણ્ઠ એ ૭ ટીકાકારોની ટીકામાંથી પણ અક્ષરશ ઉપન્યાસ કરીને તેમની સુન્દર મીમાંસા કરીને બ્રહ્મસૂત્રનો સિદ્ધાન્ત અખણ્ડ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ જ છે એમ આધુનિક વિદ્વાનોને પણ અત્યન્ત આદરણીય શૈલીથી પ્રતિપાદન કર્યું છે ઉપનિષદ્ની દીપિકાઓ, શ્રીમદ્ભગવદ્ગીતાની–તેમના પિતૃચરણશ્રી વ્રજરાજકૃત ગીતટીકાની–પરિશુદ્ધિ, ભાષ્યપ્રકાશ, સુબોધિનીપ્રકાશ, આવરણભઙ્ગ, નિબન્ધયોજના, જૈમિનિસૂત્રભાષ્યવિવરણ, ષોડશગ્રન્થવિવૃતિ, પ્રહસ્તાદિવાદગ્રન્થ અને પ્રસ્થાનરત્નાકર ઇત્યાદિ મર્મપૂર્ણ ગ્રન્થોમાં આ લક્ષણો કોઈ પણ વાચકને સુપ્રતીત થયા વિના રહે તેમ નથી શ્રીપુરુષોત્તમજીની વૃત્તિ કેવળ શાસ્ત્રી હતી સામ્પ્રત આરોપિત રાજસવૃત્તિ આ વિદ્વાન્ ગોસ્વામીમાં લેશમાત્ર પણ ન હતી પ્રાપ્ત સમ્પત્તિનો પણ ભગવદ્વિધાના પ્રચારમાં જ તેઓશ્રીનો વિનિયોગ સર્વથા આદરણીય છે, તેથી આપણા સમ્પ્રદાયનું–વિશેષત આ શ્રીપુરુષોત્તમજીની શ્રેણીનું–ભવિષ્ય અત્યન્ત ઉજ્જ્વળ છે એમ હું આગ્રહપૂર્વક કહું છું જે માર્ગ અખણ્ડ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ ઉપર પ્રકટ થયો છે, જે માર્ગ અનન્ય ભક્તિનો અત્યન્ત આગ્રહ કરે છે, અને જે માર્ગમાં કાંઈ પણ શક્ય ન હોય તો કેવળ પ્રભુના શરણમાત્રનો પણ ઉપદેશ છે, એ માર્ગ વિશ્વધર્મ થયા વિના સર્વથા રહેશે જ નહિ, અને તેથી આજે અને આજે જ આપણે એક શ્રીપુરુષોત્તમમણ્ડળનું સ્થાપન કરીએ જેમાં એક પાઈની પણ મારે કોઈની અપેક્ષા નથી પરન્તુ જેના આપે સર્વેએ આપના કાળનો થોડોક ભોગ આપીને પ્રતિરવિવાર વા પ્રતિસોમવાર, અથવા તો ઉભય દિવસ અથવા પ્રતિપક્ષે પણ એક વાર અવશ્ય શ્રીપુરુષોત્તમજીના ગ્રન્થોનું અધ્યયનાધ્યાપન કરવું છે આ મણ્ડળે ક્યાં અને ક્યારે મળવું ઇત્યાદિનો નિર્ણય કરવાને વૈ ધીરજલાલ સાકરીઆ વૈ મૂલચંદ તેલીવાલા, વૈ વાડીલાલ નગીનદાસ શાહ, વૈ જગજીવનદાસ ગોવર્ધનદાસ, વૈ ગોવર્ધનદાસ જમનાદાસ વૈ સુન્દરલાલ મણિલાલ, વે શા સ ચીમનલાલ હરિશંકર અને વે-શા સ હરિકૃષ્ણ વીરજી એટલા વૈષ્ણવોને હું આ સન્દર્ભમાં નિયોજું છું અને તેમને જે કોઈ પણ સહાયકની અપેક્ષા હોય તો એવા અન્ય પણ નામોની વૃદ્ધિ કરી લેવાને આ સમસ્ત માર્ગીઓને પૂર્ણ અધિકાર પણ આપું છું [1]

---

[1] આ મણ્ડળ મુંબઈમાં સ્થપાયું છે એટલું જ નહિ પરન્તુ પ્રતિરવિવારે પૂનાથી મગનલાલ શાસ્ત્રી મુંબઈ આવીને અણુભાષ્યનું અને પ્રતિસોમવારે શ્રીપુરુષોત્તમજીના વાઙ્મયનું રમ્ય પ્રવચન કરે એ જણાવતાં આનંદ થાય છે

મારે તો અન્ય સૂચનાદ્વય અણુભાષ્ય વિષે કરવાનુ છે એમાની પ્રથમ સૂચના એ છે કે અદ્યપર્યન્ત અણુભાષ્ય પર્યાયે પ્રતિતૃતીયવર્ષે લઈ શકાતુ હતુ, પણ હવેથી તો તે પ્રતિવર્ષ એમ એ.ની પરીક્ષામા લઈ શકાશે પહેલા અણુભાષ્ય એકલુ જ લેવાતુ, જ્યારે હવે તે શ્રીપુરુષોત્તમજીના પ્રકાશ સાથે લેવાતું છે ભાષ્યપ્રકાશનું અધ્યયન તેના ગુર્જર વા આઙ્ગ્લ અનુવાદ વિના દુષ્કર છે તેથી પ્રથમ તો આપણે આ અનુવાદ સિદ્ધ કરવો ઉચિત છે એમ. એ.મા વેદાન્ત લેનાર પ્રાયઃ "સુત ગોકુલજી ઝાલા વેદાન્ત" પારિતોષિકાર્થં પ્રયત્ન કરે છે અને શાઙ્કરવેદાન્તમાં અમુક વર્ષે જે પુસ્તકો નિયોજ્યા હોય છે તે જ પુસ્તકો સુત ગોકુલજી ઝાલા વેદાન્ત પારિતોષિકાર્થે પણ નિયુક્ત હોવાથી યદ્યપિ આપણું ભાષ્ય અનિવાર્ય નિયોજાયુ તથાપિ આપણુ અણુભાષ્ય લે તેવો પરીક્ષ્ય ભાગ્યે જ આવશે, કારણ કે શાઙ્કરભાષ્યનુ ભાષાન્તર થયલુ છે અને શાઙ્કરવેદાન્ત લેવાથી તે સ્વલ્પ શ્રમે શઙ્કર વેદાન્તમા ઉત્તીર્ણ થાય છે, અને ઝાલા પારિતોષિક પણ પ્રાપ્ત કરી જાય છે આ વૈષમ્યના પ્રતિવિધાનાર્થે આપણામાથી ધનિક વૈષ્ણવોએ અતિસત્વર એક સ્કૉલરશિપ માટે અથવા એક પારિતોષિક માટે અમુક રકમ યુનિવર્સિટિને સોંપ્યા વિના અન્ય ગતિ જ નથી. ખાનગી પારિતોષિક મહારાજશ્રી શ્રીગોકુલનાથજી આપે એ તેઓશ્રીને અને આપણા સમ્પ્રદાયને યદ્યપિ શોભાસ્પદ જ છે, તથાપિ યુનિવર્સિટિમાથી પારિતોષિકલાભ પ્રાપ્ત થાય નહિ તત્પર્યન્ત અણુભાષ્ય લઈને પણ ઉત્તીર્ણ પરીક્ષ્યને અગ્રે રાજ્યાદિમા લાભ થવાનો સમ્ભવ બહુ જ ન્યૂન છે આ સપ્તાબ્દ વર્ષમા માત્ર એક જ છાત્ર અણુભાષ્ય લઈને એમ. એ.મા ઉત્તીર્ણ થયો છે, અને તે પણ અમુક સંયોગોને લીધે જ યદિ આવી જ ઉપેક્ષા અણુભાષ્ય માટે રાખવામા આવશે તો મને એમ પણ ભય રહે છે કે જેમ શૈવ ભાષ્ય માટે કોઈ પણ પરીક્ષ્ય નહિ આવવાથી તે ભાષ્ય અધ્યયનક્રમમાથી નીકળી ગયુ, તેમ આપણા અણુભાષ્યનુ પણ કદાચિત્ થઈ જાય. પ્રભુ આપણને જાગૃતિ આપો

ઉપકાર

પ્રમુખે પ્રત્યુપકાર માનતા જણાવ્યુ કે 'મારો ઉપકાર માનવો જો એ નહિ, કારણ કે હુ તો મારુ કર્તવ્ય જ કેવલ કરુ છુ, અને હુ સર્વ વૈષ્ણવ પાસે આશીર્વાદ યાચુ છુ કે મારુ કર્તવ્ય કરવાના સામર્થ્યનું દાન મને આપના આશીર્વાદથી શ્રીમહાપ્રભુજી કરે ' આગળ ચાલતા પોતા ઉપર અત્યાચાર થવાની કિંવદન્તી અત્યન્ત અસત્ય જ છે એમ જણાવતા પ્રમુખે જણાવ્યુ કે શ્રીમહાપ્રભુજી મારા સેવ્ય છે અને તેમના જ વંશજ શ્રીગોકુલનાથજી મહારાજ હોવાથી શ્રીમહાપ્રભુજીદ્વારા મારો અને શ્રીગોકુલનાથજી મહારાજનો સમ્બન્ધ લૌકિક વા અનિત્ય નથી. પરન્તુ નિત્ય અને આધિદૈવિક છે અને તેથી યત્ર શ્રીગોકુલનાથજી તત્ર ધર્માર્થે હુ અને યત્ર હુ તત્ર શ્રીગોકુલનાથજી પણ એમ તમે નિશ્ચયતે જ માનજો. એટલુ જ નહિ પણ વૃત્રાસુરપ્રસઙ્ગમા જેમ દધીચિમુનિએ પોતાના અસ્થિનો ઉપયોગ દર્શાવ્યો હતો, તેમ જો આપણા દૈવમાર્ગના રક્ષણાર્થે આ મારા અસ્થિનો પણ ઉપયોગ થઈ શકતો હોય તો તે ઉપયોગ કરવાને અર્થાત્ મારી પાસેથી જે સેવા આપને ઉચિત લાગે તે સર્વથા લેવાને આપ સર્વેને પરિપૂર્ણ સત્તા છે સમ્પ્રદાયના ભાવિહિતાર્થં જ મારે મહારાજશ્રીને કટુ વિજ્ઞપ્તિ કરવી જ પડે છે તેટલામાત્રથી મારા ઉપર અત્યાચાર થનાર છે એ કિંવદન્તી અસત્ય છે, અને એવા અસત્યનો આશ્રય લેનાર કદાપિ વિજયી થઈ શકશે નહિ આપણા સમ્પ્રદાયમા એ સદાચાર તો સુવિદિત જ છે—અને શ્રીગુસાંઈજીના સમયથી એ ચાલ્યો જ આવે છે—કે સેવક-શિષ્યો-સવિનય નિજ કથનીય ગુરુને કહે જ છે, અને ગુરુ પણ શિષ્યને નિજ ઉપદેષ્ટવ્ય ભાવપૂર્વક ઉપદિશે જ છે, પરન્તુ તેટલામાત્રથી પરસ્પર વૈમનસ્ય છે એમ લોકમા દર્શાવવાનો પ્રયત્ન અસત્ય હોવાથી નિષ્ફલ છે

સમાપ્તિમા શ્રીગોવર્ધનનાથજીની શ્રીમહાપ્રભુજીની શ્રીગુસાંઈજીની અને શ્રીપુરુષોત્તમજીમહારાજ-પ્રભુજીના જયઘોષાનન્તર સભાવિસર્જન થયુ હતુ

॥ श्रीगोकुलेशः ॥

श्रीगोकुलेशग्रन्थप्रचारकसमाज

સંવત્ ૧૯૮૨ના પોષ શુક્લ ત્રયોદશી રવિવાસરે કપડવણજ મુકામે પરમભગવદીય ભાગ્યરાશિ શ્રીવ્હેનજીરાજના મહામંગલપ્રાકટ્યોત્સવપ્રસંગે તેઓશ્રીના કોઠામા અનન્ય વૈષ્ણવોની એક સભા મળી, તેમા શ્રીગોકુલેશજીના ગૃહના અપ્રસિદ્ધ હસ્તલિખિત સસ્કૃત અને પ્રાકૃત ગ્રન્થોની (મંડલોની) પ્રસિદ્ધિ કરવાના ઉદ્દેશથી એક સમાજ સ્થાપીને નીચે પ્રમાણે ઠરાવ કરવામા આવ્યા હતા —

(૧) આ સમાજનું નામ ‘શ્રીગોકુલેશગ્રન્થપ્રચારક સમાજ’ રાખવામા આવે છે

(૨) આ સમાજમા બે પ્રકારના સભ્યો રાખવામા આવે છે —(અ) જીવનપર્યન્તના સભાસદો (આ) સામાન્ય સભાસદો

(૩) એક જ વાર માત્ર રૂા પચીસ ભરનાર જીવનપર્યન્તનો સભાસદ ગણાશે, અને પ્રતિવર્ષ રૂા બે ભરનાર સામાન્ય સભાસદ ગણાશે

(૪) જીવનપર્યન્તના સભાસદોના નાણાનુ આ સમાજ માટે કાયમ ફંડ રહેશે, અને તેના વ્યાજમાત્રનો જ ઉપયોગ મુદ્રણાદિ કાર્યમા થશે

(૫) આ સમાજ શ્રીગોકુલેશસુધાસિન્ધુકલ્લોલ ઇત્યાદિ સંસ્કૃત ગ્રન્થો, તેનાં ભાષાન્તર, માલાપ્રસંગાદિ પ્રાકૃત ગ્રન્થો પ્રસિદ્ધ કરશે

(૬) આરમ્ભમા શ્રીકલ્લોલ પ્રસિદ્ધ કરવામા આવશે

(૭) સસ્કૃતગ્રન્થપ્રસિદ્ધિનુ કાર્ય વે. શા સ મગનલાલ ગણપતિરામ શાસ્ત્રીજી એમ્ એ નિઃશુલ્ક કરશે, તે જ પ્રકારે ભ નાનુલાલ નારાયણદાસ ગાધી એમ્ એ એલ્ એલ બી ભાષાન્તરકાર્ય અને ભ. ઉજમશી બાપુલાલ કાપડીયા બી એ તેની મુદ્રણાદિવ્યવસ્થા કરશે

(૮) ભ ઉત્સવલાલભાઈને તથા ભ ગિરિધરલાલભાઈને આ સમાજના કોશાધ્યક્ષ એક વર્ષ માટે નીમવામા આવે છે, તેઓ જ નાણાં વસુલ કરશે, રકમ વ્યાજે મૂકશે, અને આવકનો તથા ખર્ચનો હિસાબ રાખશે

(૯) જીવનપર્યન્તના તથા સામાન્ય સભાસદોને આ સમાજે પ્રસિદ્ધ કરેલા ગ્રન્થો વિના મૂલ્યે આપવામા આવશે

(૧૦) નાણા મોકલનાર સભાસદોને કોષાધ્યક્ષની સહીથી પહોચ મોકલવામાં આવશે

(૧૧) આ કાર્યને માટે નીચેના પાચ વૈષ્ણવો દરેક સો રૂપિયાની તસલમાત વગર વ્યાજે બે વર્ષને માટે આપવાનુ કબુલ કરે છે —૧ ભ ઉત્સવલાલ માકલચંદ ૨. ભ નાથજીભાઈ ભોગીલાલ ૩ નાનુલાલ નારાયણદાસ ગાધી ૪ શ્રીખાંગ્યા ભરૂચી વૈષ્ણવ સમાજ ૫ ભ ગિરિધર મૂલજી

(૧૨) સભ્યોની આવતી વાર્ષિક સભા ક્યા અને ક્યારે મળશે તે પછીથી આ માસિકમા જણાવવામા આવશે

ગિરિધર મૂલજી શાહ.

નોંધ —જે વૈષ્ણવોએ સભાસદત્વે નામ નોંધાવ્યા છે તેઓ સત્વર જ નાણા પ્રેષી આપશે, અને જે ભાગ્યવાનો સભાસદ થવા ઇચ્છતા હોય તેઓ પણ ‘ભ ગિરિધર મૂલજી શાહ ખધુકા’ એ શિરનામે નાણા પ્રેષીને નામ નોંધાવશે એમ અભ્યર્થના છે.

વ્યવસ્થાપક, ઉજમશી બાપુલાલ કાપડીયા બી. એ.

॥ श्रीकृष्णाय नम ॥

॥ श्रीगोपीजनवल्लभाय नम ॥

॥ श्रीमदाचार्यचरणकमलेभ्यो नम ॥

क्वेमा स्त्रियोवनचरीर्व्यभिचारदुष्टा कृष्णे क्व चैष परमात्मनि रूढभाव ।
नन्वीश्वरोनुभजतोविदुषोपि साक्षाच्छ्रेयस्तनोत्यगदराज इवोपयुक्त ॥

पुष्टिसुधा

પુસ્તક ૫ { સંવત ૧૯૮૨ પૌષમાઘફાલ્ગુન શુક્લ ૧૫ } અંક ૪, ૫, ૬

પરિવેષ્ટા
વે શા મ મગનલાલ ગણપતિરામ શાસ્ત્રી
એમ્ એ, મિ ઇ એસ્, એમ્ ટિ મિ,
એમ્ આર્ એ એસ્ (બૉ) પુના મિટિ

મુદ્રક
ગોવિન્દજી ડાહ્યાભાઈ નાયક
શ્રી ‘અનાવિલ બન્ધુ’ પ્રિ પ્રેસ
બરાનપુરી ભાગોળ, સુરત

* * *

તન્ત્રી
ગોવિન્દલાલ હરિગોવિન્દ ભટ્ટ એમ્ એ.
વડોદરા

પ્રકાશકતન્ત્રી
ઉજમશી બાપુજી કાપડી બા. બી. એ.
“ પુષ્ટિસુધા ” કાર્યાલય, ધંધુકા

વાર્ષિક લવાજમ રૂ ૨-૪-૦

છુટક અંકના ૦-૪-૦

વિષયાનુક્રમણિકા.

	વિષય.	લેખક.	પૃષ્ઠ.
૧	ભાગવતભાષ્ય.	તંત્રી	૧-૩
૨	ભેટ કે આનંદઅશ્રુ ?	રા. ઓઝા, બી એ.	૪
૩	ત્રિવિધનામાવલી.	તંત્રી	૪-૮
૪	નાગરભાઇજીકૃત પદો	રા. ઉત્સવલાલ.	૯-૧૦
૫	A short note on निवेदिभि समर्प्यैव	રા. ઉજમશી, બી એ	૧૦-૧૪, ૩૯-૪૫
૬	મિ. વસંતરામને ઉત્તર	રા. ઉત્સવલાલ	૧૫-૨૧
૭	જ્ઞાન અને ભક્તિ.	તંત્રી	૨૧-૨૭
૮	મુંબઈના વૈષ્ણવોનો પોલ પત્ર સામે પોકાર.	રા. સુધાકર.	૨૭-૩૬
૯	પુષ્ટિપાઠાવલિ	રા. નાનુભાઈ ગાંધી, એમ્. એ. એલ્.એલ્. બી.	૩૭-૩૯
૧૦	અણુભાષ્ય.	તંત્રી.	૪૬-૫૪
૧૧	ફૂલકુંવરબાઇકૃત વિજ્ઞપ્તિ	રા. પરીખ, બી. એ.	૫૫-૬૦
૧૨	કઠોપનિષદ્	તંત્રી	૬૧-૬૬
૧૩	પ્રાસંગિક નોંધ		૬૬-૭૦
૧૪	એક શંકા	એક જિજ્ઞાસુ વૈષ્ણવ	૭૦

મુંબઈ ૪

भागवतभाष्य.

બંગાળના પંડિત શ્રીહરિદાસ વિદ્યાવાગીશ ભાગવતાચાર્યે કલકત્તા ઓરીએન્ટલ સીરીઝમાં બંગાળી લિપિમાં શ્રીમદ્ભાગવતમધ્યગત બ્રહ્મસૂત્ર નામનો ગ્રન્થ હમણાં જ પ્રસિદ્ધ કર્યો છે. પંડિત હરિદાસ તે પુસ્તકની પ્રસ્તાવનામાં જણાવે છે કે શ્રીમદ્ભાગવત એ બ્રહ્મસૂત્રનું અકૃત્રિમ ભાષ્ય છે, કારણ કે શ્રીકૃષ્ણ દ્વૈપાયન વેદવ્યાસ વેદાન્તસૂત્રના પ્રણેતા છે અને તેમણે 'શ્રીનારદના 'ઉપદેશથી બ્રહ્મસૂત્રના અકૃત્રિમ ભાષ્યરૂપ શ્રીમદ્ભાગવત ગ્રન્થ રચ્યો છે ઘણા સમયથી શ્રીમદ્ભાગવતને બ્રહ્મસૂત્રનાં ભાષ્ય તરીકે સ્વીકારવામાં આવે છે તે વિષે પ્રમાણો પણ ઘણાં છે ગરુડપુરાણમાં કેટલાક શ્લોકોમાં સ્પષ્ટ રીતે જોવામાં આવે છે કે શ્રીમદ્ભાગવત એ બ્રહ્મસૂત્રનું ભાષ્ય છે તેમાંના બે ત્રણ નીચે આપવામાં આવે છે

अर्थोऽयं ब्रह्मसूत्राणां भारतार्थविनिर्णयः ।
गायत्रीभाष्यरूपोऽसौ वेदार्थपरिबृंहितः ॥
पुराणानां सामरूपः साक्षाद्भगवतोदितः ।
द्वादशस्कन्धयुक्तोऽयं शतविच्छेदसंयुतः ॥
ग्रन्थोऽष्टादशसाहस्रः श्रीमद्भागवताभिधः । -

ષટ્સંદર્ભમાં પણ લખવામાં આવ્યું છે કે -ब्रह्मसूत्राणामर्थस्तेषामकृत्रिमभाष्यभूत-इत्यर्थः । શ્રીચૈતન્યચરિતામૃત કહે છે કે -

अत एव भागवत सूत्रेर अर्थरूप ।
निज कृत सूत्रेर अर्थ भाष्यस्वरूप ॥

તાત્પર્ય કે ભાગવત બાદરાયણે પોતે રચેલા બ્રહ્મસૂત્રનું અકૃત્રિમ ભાષ્ય છે શ્રીમદ્ભાગવતમાં પણ આ વિષયને લગતા શ્લોકો મળી આવે છે ઉદાહરણ તરીકે सर्ववेदान्तसार हि श्रीभागवतमिष्यते, सर्ववेदेतिहासाना सार सार समुद्धृतम એટલું જ નહિ પણ બ્રહ્મસૂત્ર અને ભાગવતના આંતર પ્રમાણો આ વાત સ્પષ્ટ રીતે સિદ્ધ કરી આપે છે દાખલા તરીકે બ્રહ્મસૂત્રનું जन्माद्यस्य यत ઇત્યાદિ સૂત્ર લઇએ આ જ સૂત્રનો અર્થ શ્રીમદ્ભાગવતના પ્રથમ શ્લોક जन्माद्यस्य यतोऽन्वयात् ઇત્યાદિમાં મળી આવે છે સારાંશ એ જ કે ભાગવત એ બ્રહ્મસૂત્રના ભાષ્યરૂપ છે

પંડિત હરિદાસની બંગાળી પ્રસ્તાવનાનો સાર ઉપર પ્રમાણે છે શ્રીપુરુષોત્તમજી પણ પોતાના ભાષ્યપ્રકાશમાં જણાવે છે કે નારદજીના ઉપદેશથી જ શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસે ભાગવત રચ્યું શ્રીમદ્ભાગવતને ઓળખવા પ્રમાણમાં લગભગ બધા પ્રમાણ તરીકે સ્વીકારે છે, પણ તેને વેદ, બ્રહ્મસૂત્ર અને ગીતા એ ત્રણ પ્રસ્થાનની સાથે ચોથા પ્રસ્થાન તરીકે ગણનાર શ્રીવલ્લભાચાર્યજી જ છે, અને તેમાં જ

તેઓશ્રીનું વ્યક્તિત્વ અને મહત્તા છે. આ ચાર પ્રસ્થાનની બે કોટિ પાડવામા આવી છે. પ્રથમ કોટિમા વેદ અને બ્રહ્મસૂત્ર અને બીજી કોટિમા ગીતા અને ભાગવત. ભાગવતને શ્રીમહાપ્રભુજી વેદતુલ્ય (यथा वेदास्तथा भागवतम् સુ. ૧-૧-૧) સ્વીકારે છે. ચારે પ્રસ્થાનમા એક જ અર્થનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તો પણ ભાષા અને વિચારપદ્ધતિના સામ્યને લીધે ઉપર જણાવેલી બે કોટિઓ પડી શકે છે.

શુદ્ધાદ્વૈતમા ચોથા પ્રસ્થાન તરીકે સ્વીકારાએલું શ્રીમદ્ભાગવત બ્રહ્મસૂત્રનું ભાષ્ય કેવી રીતે થઈ શકે, એ જિજ્ઞાસા સર્વ વૈષ્ણવોને અને અન્ય વિદ્વાનોને હોય એ સ્વાભાવિક છે. એ જિજ્ઞાસા તૃપ્ત થાય, એ હેતુથી અહી સૂત્ર અને તેના અર્થવાળા ભાગવતના શ્લોકો આપવામા આવ્યા છે. સાથે સાથે સૂત્રનો અણુભાષ્યને અનુસરતો અર્થ આપ્યો છે.

પ્રથમાધ્યાય.

પ્રથમપાદ

अथातो ब्रह्मजिज्ञासा ॥ १ ॥

अत -કર્માદિ કરતા ઉત્તમ-અધિક-જ્ઞાન જ પુરુષાર્થને સાધી શકે એમ છે તેથી ब्रह्म બ્રહ્મ અને તેને લગતી સર્વ બાબતોનો जिज्ञासा વિચાર अथ આરંભાય છે-કરવામા આવે છે ૧

ભાગવત ભાષ્ય—

ब्रह्म ते हृदयं शुक्लं तपःस्वाध्यायसंयमैः ।
यत्रोपलब्धं सद्व्यक्तमव्यक्तं च ततः परम् ॥ १०-८४ १९
वदन्ति तत्तत्त्वविदस्तत्त्वं यज्ज्ञानमद्वयम् ।
ब्रह्मेति परमात्मेति भगवानिति शब्द्यते ॥ १-२-११
जिज्ञासितं सुसंपन्नमपि ते महदद्भुतम् ।
कृतवान भारतं यस्त्वं सर्वार्थपरिबृंहितम् ॥ १-५-३
जिज्ञासितात्मयाथात्म्यो मुनेर्व्याससुतादसौ ।
हित्वेदं नृप गङ्गायां यास्यत्यद्धाकुतोभयम् ॥ १-१२-२८

जन्माद्यस्य यतः शास्त्रयोनित्वात् ॥ २[1] ॥

(તે જ બ્રહ્મ કે) यत -જેમાથી अस्य-આના-આ દૃશ્યમાન પ્રપંચના जन्मादि-જન્મ વગેરે-જન્મ, સ્થિતિ અને પ્રલય, (કે) અથવા (તે જ બ્રહ્મ કે) यत -જેમાથી आद्यस्य-આદ્ય

---

[1] પંડિત હરિદાસ અહી યોગવિભાગથી शास्त्रयोनित्वात्‌ને ભિન્ન સૂત્ર તરીકે સ્વીકારે છે.

આનો जन्म-જન્મ (છે) शास्त्र-શાસ્ત્રમા-પૂર્વકાણ્ડ અને ઉત્તરકાણ્ડમા-(તે જ બ્રહ્મને) योनित्वात् કારણ તરીકે (વર્ણવવમા આવે છે) તેથી

ભા ભા जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञः स्वराद्
तेने ब्रह्म हृदा य आदिकवये मुह्यन्ति यत्सूरयः ।
तेजोवारिमृदां यथा विनिमयो यत्र त्रिसर्गो मृषा
धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ॥ १-१-१

जन्म कर्म च विश्वात्मन्नजस्याकर्तुरात्मनः ।
तिर्यङ्नृषिषु यादस्सु यदत्यन्तविडम्बनम् ॥ १-८-३०

शास्त्रेष्वियानेव सुनिश्चितो नृणां
क्षेमस्य सध्र्यग्विमृशेषु हेतुः ।
असङ्ग आत्मव्यतिरिक्त आत्मनि
दृढा रतिर्ब्रह्मणि निर्गुणे च या ॥ ४-२२-२१[1]

तत्तु समन्वयात् ॥ ३ ॥

(તે જ બ્રહ્મ) तु-તો तत्-સમવાયિકારણ (છે) समन्वयात्-બરોબર અનુવૃત્ત હોવાના કારણથી-અનારોપિત અને અનાગન્તુક રીતે કાર્યમાત્રમા અન્વિત હોવાના કારણથી-સચ્ચિદાનન્દરૂપના અસ્તિ ભાતિ અને પ્રિયરૂપે અન્વયના કારણથી--કાર્યમાત્રમા અનુસ્યૂત હોવાથી

ભા૦ ભા૦ एतावदेव जिज्ञास्यं तत्त्वजिज्ञासुनात्मन. ।
अन्वयव्यतिरेकाभ्यां यत्स्यात्सर्वत्र सर्वदा ॥ २-९-३५

अहमेवासमेवाग्रे नान्यद्यत्सदसत्परम् ।
पश्चादहं यदेतच्च योऽवशिष्येत सोऽस्म्यहम् ॥ २-९-३२

---

[1] શાસ્ત્રમા-વેદમા-બ્રહ્મને જગતનુ કારણ કહ્યુ છે, તેથી જ બ્રહ્મ જગત્કારણ છે અર્થાત્ બ્રહ્મવિષયમા શાસ્ત્ર જ પ્રમાણ છે આ પ્રકારનો ધ્વનિ સૂત્રમાથી નીકળે છે, અને તે જ અર્થ ચતુર્થ સ્કન્ધના શ્લોકમાં પ્રતીત થાય છે.

ભેટ કે આનંદઅશ્રુ ?

એક અલ્પ બાળક મહાપ્રભો ! તુજ ભેટ ક્યાં જઈ શોધશે ?
સંપૂર્ણ પ્રભુ તુજ યોગ્ય એવી ભેટ જગતથી કયમ થશે ?
જગતિમિર વેધી નજર જ્યારે ભક્તિ માટે ઝંખશે,
શ્રીનાથનું તો રૂપ ત્યારે મૂર્તિમાંહે પ્રકટશે
"ફળ, પુષ્પ, જળ કે પત્ર પોતે ભક્તિભાવે અર્પી શકે,"
એ વચન અમૃત ભક્ત માટે શ્રીકૃષ્ણ શ્રીમુખ ઉચરે,
હો વિશ્વ ઊંડું અગાધ, પામર ઘોર ગર્જન હો કરે,
પ્રભુભક્ત સાચો અન્યના અપરાધથી શાને ડરે !
એ માનપાન કદી ન ચાહે, નિત્ય સેવી લગનમે,
પ્રભુભક્ત મુક્તિ એ ચહે—"હરિ નિત્ય સેવું હું તને"
ફુલહાર કે તલવાર જો કદી ગરદને આવી પડે,
અણુમૂલ વૈષ્ણવ ભક્ત તો તે ઝીલતા ખડખડ હસે !
તુજ ભક્તહિત જન્માન્તરોના લાખ નવનીત મધરે,
જ્યાં પૂર્ણ પ્રેમે મથન હો ! ભગવત્સ્વરૂપ ! તું આદરે !
એ સ્વાદ લેવા ઓ ! પ્રભો ! તું ગોપરૂપે અવતરે,
લીલા વિભવ વિસ્તારતા ચૈતન્ય કેવા ઉભરે !!
તુજ દિવ્યભગવત્રૂપ મૂર્તિ નયન માંહી તરવરે,
તે અલ્પ જીવને આપથી ભોગવવા શી ઉદ્ગમે !!!
તો ભેટ ભક્તિભાવભરી ભક્ત ત્હારી શી કરે ?
આનંદ અશ્રુ વહતા તુજ ચરણકમળે ખરી પડે !!

શાન્તિલાલ વિ. ગારાભાઈ ઓઝા બી. એ. (ઑનર્સ)

ત્રિવિધ નામાવલી.

ત્રિવિધ નામાવલી નામનો ગ્રન્થ શ્રીમહાપ્રભુજીએ રચેલો છે આ ગ્રન્થ રચવાનું પ્રયોજન એજ કે શ્રીમદ્ભાગવતનો પાઠ થોડાજ સમયમાં થઈ શકે અને તેનું તાત્પર્ય સરળતાથી ધ્યાનમાં આવે જેમ દરેક મોટા ગ્રન્થના સારરૂપે નાનો ગ્રન્થ હોય છે તેમ શ્રીમદ્ભાગવતનું આ ત્રિવિધ નામાવલી સૂક્ષ્મ સ્વરૂપ છે આ ગ્રન્થમાં શ્રીકૃષ્ણભગવાનની લીલા દર્શાવનારા નામોનો સંગ્રહ કરવામાં આવ્યો છે અને તેથીજ તેને નામાવલીનું નામ આપ્યું છે આ નામાવલીમાં ત્રિવિધ—ત્રણ જાતના—નામનો સમાવેશ કરવામાં આવ્યો છે ભગવાનની લીલાના મુખ્ય ત્રણ ભાગ પાડ્યા છે એક બાલ લીલા, બીજી પ્રૌઢ લીલા અને ત્રીજી ગજલીલા આ ત્રણ લીલાના નામ આ ગ્રન્થમાં છે તેથીજ તેનું નામ ત્રિવિધ નામાવલી

જગતમાં વસ્તુનું મહાત્મ્ય જણાય ત્યારે તેની કિંમત અને અગત્યતા માલમ પડે છે ભક્તિમાર્ગમાં પણ આ નિયમનો પ્રચાર જોવામાં આવે છે, અને તેનો દાખલો નારદજીએ આપેલી

ભક્તિની વ્યાખ્યામા મળી આવે છે નારદજી કહે છે કે माहात्म्यज्ञानपूर्वं सुदृढ स्नेहो भक्तिः । ભગવાનનુ માહાત્મ્ય જાણી તેમા સુદૃઢ સ્નેહ કરવો તે ભક્તિ ભક્તિનુ આ સામાન્ય લક્ષણ છે તેજ પ્રમાણે આ ત્રિવિધનામાવલીનુ માહાત્મ્ય જણાયાથી તેની કિમ્મત ભાવમા પેસે તે ગ્રન્થનુ માહાત્મ્ય શ્રીમહાપ્રભુજી એ ગ્રન્થના અંત ભાગમા નીચે પ્રમાણે આપે છે—

बाललीलानामपाठात् श्रीकृष्णे प्रेम जायते ।
आसक्तिः प्रौढलीलाया नामपाठाद्भविष्यति ॥
व्यसनं कृष्णचरणे राजलीलाभिधानतः ।
तस्मान्नामत्रयं जाप्यं भक्तिप्राप्तीच्छुभिः सदा ॥

આનુ તાત્પર્ય એ જ કે ભગવાનની બાલલીલાના નામોના પાઠથી શ્રીકૃષ્ણપ્રભુમા પ્રેમ ઉત્પન્ન થાય છે, પ્રૌઢલીલાના નામોના પાઠથી પ્રભુમા આસક્તિ થાય છે અને રાજલીલાના નામોના પાઠથી વ્યસન પ્રાપ્ત થાય છે જે ફળ અનેક સાધનોથી ન મળે તે ફળ ભગવાનની ત્રિવિધ લીલાના નામના પાઠથી મળે છે એમ શ્રીમહાપ્રભુજીનો ઉપદેશ છે પ્રેમ, આસક્તિ અને વ્યસન મળે તો પછી બાકી શુ રહ્યુ ? જેને આ ત્રણે સિદ્ધ થયા છે તે તો કૃતાર્થ જ થઈ ગયેલ છે આથી આ ત્રિવિધ નામાવલીનો પાઠ વૈષ્ણવો ભાવથી કરે છે અને કરવો જોઈએ શ્રીમહાપ્રભુજી પણ આજ્ઞા કરે છે કે જેને ભક્તિની ઇચ્છા હોય તેણે આ ગ્રન્થનો પાઠ કરવો

આ ગ્રન્થ સંવત્ ૧૯૭૭મા ગ. તેલીવાળાએ એક ટીકા સાથે છાપ્યો છે આ ટીકા શ્રીગોકુલોત્સવજીની છે એમ રા. તેલીવાળા ગ. કલ્યાણજી શાસ્ત્રોની સૂચનાને આધારે કહે છે દરેક ગ્રન્થને અંતે ઇતીશ્રી હોય છે એવી ઇતિશ્રી આ ટીકાને અંતે જોવામા નથી આવતી, આથી અનુમાનનો અને સામ્પ્રદાયિક પરંપરાનો આધાર લેવો રહ્યો

ગ્રન્થની અગત્યતા આચાર્યચરણના જ શબ્દોમા સ્પષ્ટ સિદ્ધ થઈ છે, તેથી જ અહી તે ગ્રન્થ અને તેની ટીકાને આધારે સરળ વિવરણ આપવા લેખકની પ્રવૃત્તિ થઈ છે

શ્રીગોકુલોત્સવજી નીચે પ્રમાણે મંગલાચરણ કરે છે -

જેમણે ઉપર ભૂમિને સરસ અને સુગંધમય બનાવી છે એવા મહાશય શ્રીમદાચાર્યચરણ કમલમા હુ નમુ છુ જેમણે કરુણાથી મારા હૃદયમા સેચન કર્યુ છે એવા શ્રીમદ્વિઠ્ઠલેશચરણકમળની ભાવના કરુ છુ, અને પછી આ નામાવલીરૂપ કલ્પવૃક્ષના અદ્ભુત અને ઉજ્જ્વલતાના ભોગરૂપ ભાવ ફૂલોનુ વિવરણ કરવામા આવે છે

કલિકાલના દોષથી જીવોનો ઉદ્ધાર શી રીતે થશે એમ વિચાર કરી પ્રથમ પરમકૃપાળુ ભગવાને પોતે જ પોતાના પ્રાદુર્ભાવ સમયે પોતાની નામલીલારૂપ શ્રીભાગવતને પ્રગટ કર્યુ કલિયુગમા આખા ભાગવતનુ શ્રવણ અને પઠન અશક્ય હોવાથી પોતાના ભક્તો—સેવકો—તરફ દયા લાવી અપાર દયાળુ એવા શ્રીમદાચાર્યચરણે શ્રીમદ્ભાગવતમાથી સારરૂપ એક હજાર નામ શ્રીપુરુષોત્તમનામસહસ્રરૂપે પ્રસિદ્ધ કર્યા કે જેના પાઠથી સમ્પૂર્ણ શ્રીમદ્ભાગવતના અર્થનુ જ્ઞાન થાય આજ ભાવ ' सहस्रं यैस्तु पठितं पठितं स्याच्छुकामृतम् ' (જેમણે એક હજાર નામોનુ પઠન કર્યુ છે તેમણે શ્રીમદ્ભાગવતરૂપ શુકામૃતનુ પઠન કર્યુ છે) એ શ્રીપુરુષોત્તમનામસહસ્રના ચોથા શ્લોકમા સ્પષ્ટ જોવામા આવે છે. પણ તે ગ્રન્થમા બધા અવતારના ચરિત્ર અને ધર્મ સાથે નામ

એકઠા આપેલા હોવાથી મુખ્ય નિરોધલીલાના નામ જૂદા ન નીકળી શકે અને તેથી તેનુ જ્ઞાન પણ ન મળે એટલે બધા નામોની સરખી રીતે આવી એક જ પ્રકારની પ્રવૃત્તિ થાય આથી ત્રણ પ્રકારના-સાત્વિક, રાજસ અને તામસ-ભક્તોના નિરોધ માટે ત્રણ પ્રકારની જે લીલા કરવામા આવી તે લીલાના નામ શ્રીપુરુષોત્તમનામસહસ્રમાંથી જૂદા કાઢી લીધા તેમા પણ કેટલાક મૂલરૂપના નિત્ય લીલા સબંધી નામો છે, અને કેટલાક અવતારરૂપના જૂદા જૂદા ચરિત્ર દર્શાવનારા નામો છે. તેથી પ્રથમ મૂલરૂપના નિત્યલીલાના સબંધમા આવેલા નામોનુ શ્રીમહાપ્રભુજી નિરૂપણ કરે છે અને ફળસહિત નામનિરૂપણની પ્રતિજ્ઞા કરે છે –

नामावलीं प्रवक्ष्यामि केशवस्यातिवल्लभाम् ।
यस्याः सङ्कीर्तनाद्विष्णुरात्मानं सम्प्रयच्छति ॥ १ ॥

અર્થ —જેના સંકીર્તનથી-પાઠનથી-વિષ્ણુ (આત્માનુ-સ્વરૂપાનન્દનુ દાન કરે છે એવી અતિ પ્રિય કેશવની નામાવલી કહુ છુ)

વિવરણ-શ્લોકમા 'કેશવ' પદ છે એટલે બ્રહ્મા અને શિવને પણ મોક્ષ આપનાર વિષ્ણુ છે એ માહાત્મ્યનુ સૂચન થાય છે કારણ કે 'કેશવ' પદનો અર્થ શ્રીસુબોધિનીજીમાં **कश्च ईशश्च केशौ, केशयोर्वममृत यस्मादिति । तयोरप्यानन्ददायी ।** (**क**=બ્રહ્મા **ईश**=શિવ, **व**=અમૃત, બ્રહ્મા અને ઈશને અમૃત-મોક્ષ-જેમાથી મળે છે તે 'કેશવ' કહેવાય છે અર્થાત્ બ્રહ્મા અને શિવને પણ આનન્દ આપનાર) એ પ્રમાણે આપવામા આવ્યો છે આ ઉપરાંત એ પદ ઉપરથી કેશ-વાળ-ને લીધે જણાતા સૌન્દર્યનો પણ ધ્વનિ નીકળે છે અને તેથી બાલલીલાત્મક ભગવાનની નામાવલીની પ્રતિજ્ઞાનુ સૂચન થાય છે શ્લોકમા '**प्रवक्ष्यामि**'માં **प्र** ઉપસર્ગ છે તેનુ તાત્પર્ય એ છે કે જેમ જેમ જે લીલાથી ભક્તોનો નિરોધ કરવામાં આવ્યો તેમ તેમ જ તે લીલાના નામોનુ નિરૂપણ કરવામા આવશે, અને તેથી જ તે નામાવલી અતિ પ્રિય થઈ પડશે એમ **अतिवल्लभाम** વિશેષણથી જણાય છે આનો સાર એટલો જ કે લોકોત્તર સૌન્દર્યના અવલોકનથી પ્રેમનો ઉદ્ગમ-ઉદય-થાય છે અને તેના પરિણામે તેના રૂપમા, ચરિત્રમા અને નામમા પણ અતિ પ્રેમ ઉત્પન્ન થાય છે

અહીં કોઈને એમ શંકા થાય કે જો વસ્તુસ્થિતિ ઉપર પ્રમાણે હોય તો માહાત્મ્ય જ્ઞાનપૂર્વક સ્નેહ ઉત્પન્ન થયા પછી મુક્તિરૂપી ફળ મળે છે એમ કહેવામા શો વિશેષ છે-શુ તાત્પર્ય છે? આ શંકા દૂર કરવા નામાવલીના પાઠનુ ફળ શ્લોકના **यस्या** ઇત્યાદિ બીજા ભાગમા આપવામા આવે છે તેમા એમ જણાવ્યુ છે કે આ પાઠાવલીનો જો ભાવપૂર્વક પ્રેમથી બરાબર પાઠ કરવામાં આવે તો **विष्णु**-પોતે રસથી વ્યાપ્ત એવા પ્રભુ-પોતાના આત્માનુ દાન કરે છે, પોતાના સ્વરૂપનો આનન્દ ચખાડે છે મૂલમા **सम्प्रयच्छति** ।। **सम** ઉપસર્ગ છે, તેથી એમ જણાય છે કે ભગવાન્ સદા ભક્તને અધીન થઈને જ રહે છે જેમ ભક્તોએ ભગવાનને સર્વ વસ્તુનુ સમર્પણ કર્યું છે તેમ ભગવાન્ પણ તેવા ભક્તોને પોતાનુ સર્વસ્વ સમર્પણ કરે છે, પોતે તેના દાસ થઈને રહે છે શ્રીમદ્ભાગવતમા પણ **मदन्यस्ते न जानन्ति नाहं तेभ्यो मनागपि ।** (તેઓ મારા વિના કાંઈ પણ જાણતા નથી અને હુ તેમના વિના બીજુ કાંઈ પણ જાણતો નથી) એ શ્લોકમા આજ સિદ્ધાન્ત સ્પષ્ટ જોવામા આવે છે ૧.

આ પ્રમાણે શ્રીમહાપ્રભુજીએ નામાવલીની પ્રતિજ્ઞા કરી હવે આપશ્રી બધા નામો ક્રમવાર આપે છે.

श्रीकृष्णाय नमः ॥ १ ॥

અર્થ -શ્રીકૃષ્ણને નમસ્કાર

વિવરણ -'શ્રીકૃષ્ણ' એ નિત્યલીલામા વિરાજતા મૂલસ્વરૂપનુ નામ છે 'કૃષ્ણ' શબ્દનો અર્થ પરમ વસ્તુ-પરમકાષ્ઠાપન્ન વસ્તુ-The highest entity-થાય છે યૌગિક અર્થ પણ એ જ પ્રમાણે છે **कृषिर्भूवाचकः शब्दो णश्च निर्वृतिवाचकः । तयोरैक्यं परं ब्रह्म कृष्ण इत्यभिधीयते ॥** (કૃષ્ સત્તાવાચક છે અને ण નો અર્થ આનંદ થાય છે તે બેનુ ઐક્ય એ જ પર બ્રહ્મ, અને તે જ શ્રીકૃષ્ણ કહેવાય છે) એ શ્લોકમા કૃષ્ણ શબ્દની વ્યુત્પત્તિ આપવામા આવી છે **पर ब्रह्म यतो ध्यायति रसति भजति, मत्त परतर नान्यत किञ्चिदस्ति धनजय, अक्षरादपि चोत्तम** ઇત્યાદિ શ્રુતિ અને સ્મૃતિના વાક્યોથી સ્પષ્ટ જણાય છે કે કૃષ્ણ પર બ્રહ્મ છે શ્રીમહાપ્રભુજી સિદ્ધાન્તમુક્તાવલીમા આજ્ઞા કરે છે કે **पर ब्रह्म तु कृष्णो हि** (કૃષ્ણ જ પર બ્રહ્મ છે) આ કૃષ્ણરૂપી પરમ વસ્તુને જ્યારે પોતાને બહાર રમણ કરવાની ઇચ્છા થાય છે ત્યારે તે મૂલરૂપ શ્રી-આધિદૈવિક શક્તિ-સાથે રમણ કરે છે એમ '**श्रीकृष्ण**' પદથી જણાય છે, અને તેથી જ '**स्वधामनि ब्रह्मणि रंस्यते नम**' એ પ્રમાણે કહેવામા આવ્યુ છે ઉત્તમ પ્રકારના ભક્તોના નિરોધને માટે ભગવાન્ લોકમા પ્રગટ થયા છે, એટલે 'શ્રીકૃષ્ણ' પદમા અવતારરૂપનો પણ સમાવેશ થાય છે અર્થાત્ મૂલરૂપ શ્રીકૃષ્ણને નમસ્કાર

જેમ અહી **नम** પદથી નમસ્કાર કરવામા આવ્યો છે, તેમ આખા નામાવલી ગ્રન્થમા સર્વત્ર **नम** પદથી નમસ્કાર કરવામા આવ્યા છે આ ઉપરથી જણાય છે કે કૃષ્ણ જેવી પરમકાષ્ઠાપન્ન વસ્તુ માટે જીવથી નમસ્કાર વિના કાંઇ બની શકે એમ નથી પરમાત્માને આપવા જેવી એક પણ વસ્તુ જીવ પાસે નથી એટલે એને તો નમસ્કાર કરે જ છુટકો **किमासनं ते गरुडासनाय** એ શ્લોકમા પણ આજ ભાવ સ્ફુરે છે જીવની નિરસાધન દશાનુ આ ખરેખર ચિત્ર છે નિરસાધનતમા જ દીનતા આવે છે, એટલે આ દશામા જીવ દીન બને છે અમારૂ દૈન્ય જોઇને હે પ્રભો! તમે અમારા ઉપર કૃપા કરો એ ભાવ પણ **नम** પદમાથી નીકળે છે

श्रीकृष्णाय પદમા અને સર્વત્ર ચતુર્થી વિભક્તિનો પ્રયોગ કરવામા આવ્યો છે તેથી જણાય છે કે નમસ્કારનો સ્વરૂપમા વિનિયોગ થાય

અહી કોઇને શંકા થાય કે બાલલીલાના નામો આપવાની પ્રતિજ્ઞા કરવામા આવી છે, તો મૂલરૂપના નામો સાથે બાલલીલાના નામોની સંગતિ-સંબંધ-શી રીતે હોઇ શકે? આના ઉત્તરમા જણાવવાનુ કે આ તો વિરોધનો આભાસ જ છે ભગવાનની બધી જ લીલાઓ નિત્ય છે, અને તેથી બાલલીલા પણ નિત્ય છે, એટલે બાલલીલા એ મૂલલીલારૂપ જ છે આથી કોઇપણ પ્રકારનો વિરોધ રહેતો નથી આ વસ્તુનુ સૂચન કરવાને માટે પ્રારંભમા 'કેશવ' પદથી બાલલીલાના સૌન્દર્યનો બોધ થાય છે એમ કહેવામા આવ્યુ છે યશોદાજીના ઉત્સંગ-ખોળા-મા રમનારજ મૂલરૂપ છે, તેથી પ્રથમ મૂલરૂપનુ નામ જ આપવામા આવ્યુ છે સારાંશ એટલો જ કે જૂદા જૂદા સ્વરૂપ, જૂદી જૂદી લીલા અને જૂદા જૂદા લીલામધ્યપાતી ભક્તો હમેશા તે જ પ્રમાણે લીલાસહિત જ રહે છે, એટલે કોઇ પણ જાતનો વિરોધ આવતો નથી ૧

ઉપર 'કૃષ્ણ' શબ્દનો અર્થ પરમકાષ્ઠાપન્ન વસ્તુ એ પ્રમાણે કરવામા આવ્યો છે પણ તે વસ્તુનુ સ્વરૂપ કેવુ છે તે જાણવાની ઇચ્છા દરેકને થાય અને વળી કોઇને તો એવી શંકા પણ થાય કે મૂલરૂપ જે કૃષ્ણ તે તો અલૌકિક છે અને ભક્તો તો જીવ છે, તો તે ભક્તો મૂલરૂપની

નિત્યલીલામા શી રીતે ભાગ લઇ શકે? લૌકિક જીવરૂપ ભક્તો અલૌકિક પ્રભુરૂપી નિત્યલીલામા શી રીતે હોઇ શકે? આ પ્રકારની શંકા દૂર કરવાને અને પ્રભુરૂપના સ્વરૂપનુ જ્ઞાન આપવાને શ્રી મહાપ્રભુજી નીચેનુ નામ આપે છે —

नराकृतये नमः ॥ २ ॥

અર્થ — નરના જેવી-મનુષ્યના જેવી-આકૃતિ જેની છે એવા (શ્રી કૃષ્ણ) ને નમસ્કાર, અથવા તો (ભક્તોના) જીવ અને આકૃતિરૂપ એવા (શ્રી કૃષ્ણ) ને નમસ્કાર.

વિવરણ -**नराकृति** એટલે નરના જેવી-માણસના જેવી-આકૃતિ છે જેની એવા શ્રીકૃષ્ણ. માણસના જેવી આકૃતિ એમ કહેવામા આ લોકનો દાખલો લેવામા આવ્યો છે, પણ તેનાથી એમ સમજવાનુ નથી કે શ્રીકૃષ્ણની આકૃતિ લૌકિક છે તે,તો મહાનન્દરૂપજ છે શ્રીકૃષ્ણ પોતે આનન્દરૂપ છે અને તેમની આકૃતિ પણ મહાનન્દરૂપ જ છે આપણને કાંઇક ખ્યાલ આવે એટલા સારૂ જ લૌકિક ઉદાહરણ આપવામા આવ્યુ છે **नराकृति** પદથી એમ પણ સમજાય છે કે મૂળભૂત પુરુષ શ્રીકૃષ્ણ એકલાજ છે અને તેમણેજ બીજાઓને દૃષ્ટાન્ત તરીકે પુરુષ બનાવ્યા છે, [illegible] અન્ય કોઇ પણ ખરેખર પુરુષ નથી એ **नराकृति** પદનો ભાવ છે, અને તેથીજ શ્રીકૃષ્ણ સર્વના પતિ છે અને પતિ તરીકે તેમનુ જ ભજન કરવુ યોગ્ય છે જેમ પતિવ્રતા સ્ત્રી પોતાના પતિમા જ આસક્ત હોય છે અને રાતદિવસ તેનુજ ચિંતન અને ભજન કરે છે તેમ સર્વેએ સર્વના પતિરૂપ શ્રીકૃષ્ણનુ જ પતિ તરીકે ભજન કરવુ ઉચિત છે આ પ્રકારનો જ્યારે આપણે અર્થ કરીએ ત્યારે **नराकृति** પદનો વિગ્રહ નરરૂપ આકૃતિ છે જેની એમ થાય

હવે જીવરૂપી ભક્તો અલૌકિક પ્રભુસ્વરૂપ શ્રીકૃષ્ણ સાથે નિત્યલીલામા શી રીતે હોઇ શકે એ બીજી શંકાનુ સમાધાન **नराकृति** પદથી કરવામા આવે છે આ પક્ષમા **नराकृति**મા જે **नर** પદ છે તેનો અર્થ ભક્તોનો જીવ એમ થાય છે, અને આખા **नराकृति** પદનો અર્થ ભક્તોના જીવ અને આકૃતિરૂપ એવા શ્રીકૃષ્ણ એવો થાય છે આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે જે ભક્ત લોકો છે તેમના દેહ, પ્રાણ, ઇન્દ્રિયો અન્તઃકરણ, જીવાત્મા વગેરે જે કોઇ વસ્તુ છે તે શ્રીકૃષ્ણ જ છે, તે લૌકિક નથી જ્યારે ભક્તના દેહ, પ્રાણ વગેરે શ્રીકૃષ્ણરૂપ છે ત્યારે તે સર્વ રીતે અલૌકિક જ હોવા જોઇએ અને તેથી અલૌકિક શ્રીકૃષ્ણ સાથે નિત્યલીલામા અલૌકિક ભક્તો સુખેથી આનન્દ લઇ શકે એમા જરા પણ વિરોધ આવતો નથી

પરબ્રહ્મરૂપી જે ભગવાન્ તે શ્રીકૃષ્ણથી બીજો કોઇ પદાર્થ ન હોઇ શકે? આ શંકાનુ નિરાકરણ કરતા શ્રીમહાપ્રભુજી કહે છે કે —

परब्रह्मणे नमः ॥ ३ ॥

અર્થ પરબ્રહ્મને નમસ્કાર

વિવરણ — જે પદાર્થ શ્રીકૃષ્ણ તરીકે ઓળખાય છે તે જ પદાર્થ પરબ્રહ્મરૂપ છે શ્રીકૃષ્ણ એ જ પરબ્રહ્મ છે બીજે સ્થળે જે બ્રહ્મપદ જોવામા આવે છે તે બ્રહ્મપદનો અર્થ અક્ષરબ્રહ્મ થાય છે, પરબ્રહ્મ નહિ, અને તે અક્ષરબ્રહ્મરૂપ પરબ્રહ્મરૂપ શ્રીકૃષ્ણનુ વિભૂતિરૂપ છે અને તેથી જ શ્રીકૃષ્ણને પરબ્રહ્મ કહેવામા આવે છે અને અક્ષરવિભૂતિને માત્ર બ્રહ્મ કહેવામા આવે છે ગીતાજીમા પણ '**अक्षरादपि चोत्तम**' એ શ્લોકમા સ્પષ્ટ જોવામા આવે છે કે શ્રીકૃષ્ણ—પુરુષોત્તમ—એ અક્ષરબ્રહ્મથી પર છે અને તેથી તે પરબ્રહ્મ કહેવાય છે **परब्रह्म** પદથી લોક અને વેદમા પ્રચલિત-પ્રસિદ્ધ- એવા પરમાત્માનો બોધ થાય છે, અને પહેલા જે **श्रीकृष्ण** પદ હતુ તેનો અર્થ લોક અને વેદથી અતીત પરમાત્માનો બોધ થાય છે ૩

नागरभाईजीकृत पदो[1].

पद १

दोष तहां नहिं स्नेहनु मूल, समूल ए बात सिद्धान्त छे जाणो ॥
स्नेहथी प्राप्त छे, दुर्लभ जे फल, वल्लभलीलानु, ए उर आणो ॥१॥
पूरण होय, मनोरथ नागर, रहे अवशेष न, एकुए दाणो ॥
जगमें जीवन, जीवन स्नेहथी, होय वियोग ते जीव छे राणो ॥२॥

पद २

स्नेहनु प्रात न, वेदसिद्धांत छे, भ्रांतथी लोक, कहे छे विषय ए ॥
स्नेहथी सगमे जीवनवल्लभ, स्वास्थ नहिं ते, बीजे वसे ए ॥१॥
स्नेहथी लीलामां, प्राप्त ए नागर, स्नेहथी वल्लभ दानविशेए ॥
स्नेहथी छे फल, प्रापत वल्लभ, स्नेह विना नहिं, लीला दीसे ए ॥२॥

पद ३

लोभ विषय महिं मग्न रहे मन, लग्न नहिं पल वल्लभरूपे ॥
आठहु जाम, रहे मन काम है, धाम रहे ज्यों पर्यो अंध कूपे ॥१॥
एई विचार अपार अपार है, ध्यान हि रहे जिय कुरूपे ॥
यह दुःखसागर, तेजु छुडावन, नागरको एक गोकुल भूपे ॥२॥

पद ४

श्रीवल्लभलाल रसालकी बातें, सो कौनकरे बिनु, भक्त भरूची ॥
वाछल्यताके स्वरूप अनूप ए सेवा रसात्मक, भावे सूची[2] ॥१॥
स्वारथ अंश न, सदाय रूपमें, वल्लभदानके पानकी रुची ॥
अनन्य मनोरथी मग्न प्रेमके, नागरदास रहे दृष्ट ऊंची ॥२॥

पद ५

कहा परपंच रच न प्रेमको, प्रेम बिना नहिं, दीन सोहावे ॥
दीन बिना न कृपाफलदान, कृपा बिनु वल्लभ नेक न जोवे ॥१॥
वल्लभजी बिनु ना रस प्रापत, प्रापत नाहिं, सो सपदि खोवे ॥
नागर एसो विचार प्रपंचको, तातें प्रपंचे तु मति मोहवे ॥२॥

---

[1] કાર્તિક સુદિ એકાદશી પ્રબોધિની રાત્રિએ જાગરણ સમયે વિવાહખેલ 'વૃષભાન ગોપ બરસાનો' પદ ગવાય છે, તેના કર્તા અને અષ્ટસખાના પદો સાથે જેમના અનેક કીર્તનપદો ગવાય છે તે નારાયણદાસ ભરુચના વતની હતા, અને જ્ઞાતિએ વાયડા વાણીઆ હતા ઉપરોક્ત વિવાહખેલ સપ્તગૃહમાં ગવાય છે ભરુચિ વૈષ્ણવોમાં તે દાદા નારાયણજીને નામે સુપ્રસિદ્ધ છે શ્રીગોકુલેશજીના અનેક ધવલકીર્તનો તેમણે અનન્યભાવે કર્યા છે તે દાદા નારાયણજીના પુત્ર મહદ્ ભગવદીય શ્રીગોકુલભાઈજી તેમણે શ્રીસ્વરૂપાનુભવોત્સવ ગ્રન્થ ધવલમાલ્યથી કર્યો છે તેમના પુત્ર તે શ્રીનાગરદાસ અથવા નાગરભાઈજી તેમનો જન્મ આશરે સંવત્ ૧૬૯૨-૧૬૯૩માં હતો તેઓ ભૂતલોપરિ લગભગ શતવર્ષપર્યન્ત રહ્યા હતા જીવનનો ઘણો સમય શ્રીવલ્લભઘાટ શ્રીગોકુલેશપુરમાં જ તેમણે વ્યતીત કરીને શ્રીગોકુલેશનાજ સ્વરૂપનો આનન્દ અનુભવ્યો હતો શ્રીગોકુલેશના આસુરવ્યામોહાનન્તર ભરુચિવૈષ્ણવોનુ આદર્શ તે નાગરભાઈજી.

[2] સૂક્ષ

पद ६

सगत नीचने, मीच भली सुनि, नीचकी सगतते कुल लाजे ॥
निर्लजताइ, बढे निसवासर, लाजकी लाजमो, लाजते भाजे ॥१॥
धर्मविचार रहे न कछु तब छार ले हाथन आनन माजे ॥
सग तके सम व्हे भले नागर, सग समान करे सब काजे ॥२॥

पद ७

महदके धर्मके पक्ष रहे मन, सोई समूल कुलीनको जानो ॥
पुष्टमे पुष्ट रहे निज भेदसो, दुष्टविजातिसु त्याग प्रमानो ॥१॥
अन्य संबधकी गध न लागई, श्रीगोकुलनाथसो नेह निवानो ॥
सोई तो शुद्ध विशुद्ध भरूची वल्लभलील समाजमे मानो ॥२॥

उत्सवलाल साकलचंद परीख

॥ श्रीवल्लभ ॥

A short note
on
निवेदिभिः समर्प्यैव सर्वं कार्यमिति स्थितिः[2]।

(Kapadia Ujamshi Bapulal)

Although we are conscious of the fact that the present-day differences between the Bharuchees and the Nimadias are no more based on any conscious conflict of doctrine, but merely on external ceremonies and pious frauds of Priestcraft, we propose, in this short essay, to give a logical explanation of the above-mentioned apodeictic proposition Much mischief has been played by examples of invalid inferences from the various theories, propounded by the greatest reformers of the age There are many laymen who bring forth fallacious arguments which appear to be conclusive when they are not, and although it would be absurd to hope to discover the nature of true and scientific thinking in the procedure of a fallacious or jealousy-biased mind, there are persons who honestly try to avoid fallacious arguments, if their invalidity be pointed out to them and hence it is proposed to give a logical interpretation of one of the secret teachings of Shrimad Vallabhacharya, by detecting the fallacies and discussing the various terms used in the proposition

---

[1] भरुचु [2] Vide सिद्धान्तरहस्यम्।

The neophyte, who wishes to follow the Path of Grace of the Almighty Krishna, first attends the ceremony called आत्मनिवेदन-self surrender to Brahman-or ब्रह्मसम्बन्ध-connection with or relation to the Almighty Brahman, who is faultless and endowed with all divine virtues, who is devoid of material body and its attributes, who is omnipresent and omniscient, who is All-Bliss-hands, feet, mouth belly, etc., who is devoid of the three qualities of matter, who is a substratum of all the diametrically opposite attributes, and who is the Creator, the Protector and the Destroyer of this universe The essence of the Path of Grace is that a devotee should completely surrender himself to the will of the Almighty, and he or she who thus takes a vow to be at the absolute disposal of the Lord is technically called a निवेदित.

Vallabhacharya, in सिद्धान्तरहस्य, one of the sixteen प्रकरण works by Him, declares that, "What [1] is dictated by God incarnate on the midnight of the eleventh day of the bright half of the month of Shravana is declared ad verbatim By the performance of a relation to Brahman all sorts of depravity of one's body and soul are removed without fail [2] All the sins are thought to be divided into five classifications They are -(1) natural or pertaining to five elements, (2) those that arise on account of time and space, (3) those described in the various worlds (ब्रह्मलोकादि) and Vedic rituals, (4) those arising out of contact (with unclean substances), and (5) those produced by the touch of अनधिकारी persons (The word च in the verse adds many accidental sins also, such as unclean sight etc) All the above-mentioned five kinds of sins are not to be regarded in any case" Thus in the three verses Shrimad Vallabhacharya positively propounded that all the five kinds of various sins physical and spiritual, mentioned in the Scriptures, cease to have the force of impeding the Divine Evolution of the initiated, and that what He declared was on the authority of the Almighty Himself No sane man can object to the theory of complete renunciation of the self to the sweet will of the Almighty, when it removes the various sins and is attended by the spiritual evolution, much less, when it is propounded through the imperative order of the Almighty Himself, But one objection can be raised to the theory What is the use of such a novel peformance when the above-mentioned five sorts of sins are shaken off by Vedic rituals and ceremonies already in vogue ?

---

[1] श्रावणस्यामले पक्षे एकादश्यां महानिशि। साक्षाद्भगवता प्रोक्तं तदक्षरश उच्यते॥ ब्रह्मसम्बन्धकरणात् सर्वेषां देहजीवयोः। सर्वदोषनिवृत्तिर्हि दोषाः पञ्चविधाः स्मृताः॥ सहजा देशकालोत्था लोकवेदनिरूपिताः। संयोगजाः स्पर्शजाश्च न मन्तव्याः कथंचन॥

[2] The term सर्वेषाम् in the verse suggests that all persons irrespective of their castes or creed can shake off all sorts of depravity, not only of their bodies but of their souls as well It ought to be remembered that persons of the lowest castes, the cobblers, the carpenters, the pariahs, the robbers, the sinners, the adulteresses, women and such like persons were openly admitted in the Path of Grace,

The first line of the fourth verse sets aside this objection with a negative force 'Otherwise-in any other way-complete cessation of all the various sins can not be brought about "[1] The performance of the relation to Brahman (ब्रह्मसम्बन्धकरण) is the only way which annihilates the various sorts of deprivity of one's body and soul

But, then, how should the initiated lead his life ? What is the भक्तिमार्गीय obligation upon him ? Vallabhacharya in the next line gives the only possible immediate deduction of the theory of self-surrender, again with a negative force "Therefore the devotee should abandon all things whatever are not dedicated to the almighty" In the Path of Devotion the very contact with substances not consecrated to the Lord is regarded as sinful, and hence the devotee is advised to abandon all those things which are not dedicated to Him He should not make use of those unconsecrated things for himself The intelligent will at once understand that the second line of the fourth verse [2] is merely a logical deduction of the proposition "one should completely surrender himself to the will of the Lord" Again, the first line of the sixth verse [3] 'Therefore one should first offer one's everything to the Lord,' and the second line of the fourth verse 'Therefore one should abandon those things whatever unconsecrated to the Lord' imply the same sense The latter is the immedidate inference from the former

But though the theory of self-surrender appears to be attractive and homely, it is attended with many practical disadvantages, for a sincere devotee To put it into practice is a very difficult task It is a vow as difficult as walking on the edge of a sword, and the novice is often perplexed in following it ad verbatim A devotee is necessarily obliged to dedicate his everything to the Lord, and he is prohibited to enjoy whatever is undedicated

---

[1] अन्यथा सर्वदोषाणां न निवृत्तिः कथंचन । [2] असमर्पितवस्तूनां तस्माद्वर्जनमाचरेत् ॥

[3] तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम् ।

But, then, how can he accomplish various customary or scriptural observances, when they are made conform servilely to a hard and fast rule of self-surrender–आत्मनिवेदन–सर्वसमर्पण–? It is easy to understand that there are many occasions in human life, which inevitably produce practical perplexities and uncertainties This difficulty is so serious that all systems of religion or morality have to give a detailed account of particular duties For the solution of doubtful cases of individual action, it is well known that the acumen and industry of ecclesiastical writers on स्मृति was directed in consequence of which we have the growth of ecclesiastical jurisprudence and the penitential books, furnishing a continuous procedure of casuistical discussion Casuistry is an attempt to foresee all the different cases of action which may conceivably occur, and then to provide the exact rule for each case in advance Is it possible for Vallabhacharya to make a detailed discussion as to what should be abandoned?

He gets a highly generalized and formal principle from the Almighty incarnate, and He can not swerve even an inch from it But the more general the rule the vaguer and less applicable it is, and between a highly general and formal principle and particular cases of individual action the ordinary persons require intermediate generalizations. But, again, Vallabhacharya was fully aware of the dangers and evils that attended the building up of such casuistical discussion also In the first place, casuistry tends to magnify the letter of religious morality at the expense of its spirit–भाव When doubtful points are closely scrutinized and illustrated by fictitious cases, there naturally arises a tendency to waken the spirit of a theory in ordinary brains Secondly, human conduct is regulated through specific injunctions and prohibitions Thirdly, it tends to deprive religious life of freedom and spontaneity, and reduces it to a more or less servile conformity to externally imposed rules Therefore, (in order to avoid these dangers and evils), whenever any practical difficulty came before Vallachacharya, the only answer that he give was–निवेदिभि समर्प्यैव सर्वं कार्यमिति स्थिति, and thus He safely avoided a casuistical discussion.

The term निवेदिभि means 'by those who are initiated in the doctrine of complete renunciation of the self to the Almighty'

समर्प्य means 'having dedicated' It is a gerund form with a य (ल्यप्) suffix attached to the root The gerund always denotes a prior action, or an action **completed** before another

एव means 'only' This is a very mischievous word In Sanskrit literature the word एव lays empphasis on the word which it follows and therefore समर्प्यैव means 'only after dedication'

सर्वम् means 'all' i e all customary (लौकिक) and scriptural (वैदिक) obs-rvances (कार्याणि)

कार्यम् means 'fit to be performed' This is the potential passive participle (कृत्य प्रक्रिया) by the suffix य Potential passive participle conveys the various senses of **fitness, obligation, or necessity, discharging of debt by the debtor,** &c Here it conveys the sense of 'fitness', because the sense of 'obligation' is conveyed by the word 'स्थिति'

इति-means 'this'

स्थिति -Shrimad Gokulnathji says that स्थिति means अनुल्लङ्घ्याज्ञा, It, therefore, means 'Imperative law'

Thus the whole proposition can be safely translated into English in this way -"This is the imperative law that all the customary and scriptural observances are fit to be performed only after dedicating them (to the Lord)" But what is the import of this proposition? Does it bring out the sense that 'all the customary and scripture observances must be performed and they must be dedicated,'[1] or that 'No customary or Scriptural observance should be performed without dedication i. e. all actions whatever are intended to be performed should not be done without dedication'[2] We shall prove that the latter rendering is the only correct one (અપૂર્ણ)

---

[1] Mr Vasantram lays a gross stress on the word सर्वम्, and mars the very spirit of the proposition Vide Bharuchi Nimadia Kathha. P 163 "આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે 'તાદૃશ નિવેદીને પણ લૌકિક લાગુ પડેલાં છે . . આવા નિર્મલ અર્થમાં '[illegible]' આદિ પદો પરના ગળવામાંથી ઉમેરીને તેવા ક્લિષ્ટ અને અપ્રગલ્ભ અર્થો ઉભા કરવાથી શ્રીમદાચાર્યવાણીનો અનર્થ કરવાનું કેટલું પાપ લાગે છે?, આથી સિદ્ધાંત એ થયો કે નિવેદન કરીને જ લૌકિક વૈદિક કરવાં, લૌકિક વૈદિક છોડવાં નહિ, એ તો પ્રથમથીજ માલુમ છે."

મિ૰ વસન્તરામને ઉત્તર.[1]

સાહેબ,

તા ૧૫-૧૦-૨૫ તથા ૨૯-૧૦-૨૫ ના ' ગુજરાતી કેસરી ' માં વસન્તરામ શાસ્ત્રીએ પુન પોતાની ટેવ મુજબ અનન્ય ભગવદીયોની નિન્દા આરમ્ભી છે યદ્યપિ તેણે કરેલ આક્ષેપોનો ઉત્તર અનન્ય ભગવદીયો તરફથી અપાઈ જ ગયેલ છે, છતા 'કુતરાની પૂછડી વાંકી ને વાંકી " ન્યાય પ્રમાણે પોતાના સ્વભાવ પ્રમાણે તેણે પુન પુન તે જ આક્ષેપો કરેલ છે તેની પેઠે પુન પુન પિષ્ટપેષણ કરવાની આવશ્યકતા નહિ હોવાથી આ લેખમા પાછલા લેખોનો ઉલ્લેખ માત્ર કરવામા આવશે

મિ૰ વસન્તરામ લખે છે કે ખરરુચિવૈષ્ણવોએ ' તદ્દન નવો જ વાડો બાંધ્યો હતો, ' પણ સત્ય તો એ છે કે શ્રીવલ્લભાચાર્યજીએ વેદથી પ્રારમ્ભી શ્રીમદ્ભાગવતપર્યન્તના ચાર પ્રસ્થાન સ્વીકારી કલિયુગના દૈવજીવોદ્ધારાર્થ જે પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યો, તેનો જ વિસ્તાર શ્રીમહાપ્રભુજીના પણ બે બાલકોમાંથી માત્ર શ્રીગુસાંઈજીએ કર્યો, અને શ્રીગુસાંઈજીના પણ સાત પુત્રમાંથી શ્રીગોકુલનાથજીએ જ નિજ પિતાના અને પિતામહના માર્ગનો સમ્યક્ પ્રચાર આગ્રહપૂર્વક કર્યો. અને ખરુચિવૈષ્ણવો શ્રીવલ્લભાચાર્યજી, શ્રીગુસાંઈજી અને શ્રીગોકુલેશના અનાદિસિદ્ધ સનાતન પુષ્ટિમાર્ગનો જ સ્વીકાર કરે છે

અનન્ય ભગવદીયોને ગાલિપ્રદાન કરતા મિ વસન્તરામે શ્રીગોકુલનાથજી ઉપર પણ આક્ષેપ કર્યો છે "શ્રીગોકુલનાથજી વિદ્વાન્, ચતુર, મુસદ્દી અને ખૂબસુરત હોવાથી એઓશ્રીએ ગુજરાતના ઘણા ભોળા માણસોને પોતાનામા મુગ્ધ બનાવી દીધા હતા " મુગ્ધ બનનાર વૈષ્ણવો ભોળા, અક્કલ વિનાના, તેથી તેઓ દોષરહિત, અને મુગ્ધ બનાવનાર 'ચતુર મુત્સદ્દી', તેથી વૈષ્ણવો મુગ્ધ થયા, તેમા કાંઈ પણ અઘટિત થયુ હોય તો દોષ કોનો ગણાય તે મિ વસન્તરામ જોઈ શકે છે ?

શ્રીગોકુલનાથજી પુરુષોત્તમ નથી એ મત સિદ્ધ કરવા મિ વસન્તરામે તેઓશ્રીની દીનતા દર્શાવનાર તેઓશ્રીની સર્વોત્તમસ્તોત્રની [illegible] ટીકાના અન્તિમ શ્લોકનો ઉલ્લેખ કર્યો છે દીનતા દર્શાવે તે પુરુષોત્તમ ન જ હોઈ શકે એવુ સ્માર્ત મિ વસન્તરામનુ મન્તવ્ય જણાય છે, પરન્તુ તેમને ભાન નથી કે શ્રીકૃષ્ણે દીનતા દર્શાવેલી છે શ્રીકૃષ્ણ અક્રૂરને કહે છે —

त्वं नो गुरुः पितृव्यश्च श्लाघ्यो बन्धुश्च नित्यदा ।
वयं तु रक्ष्याः पोष्याश्च अनुकम्प्याः प्रजा हि वः ॥

श्रीमद्भागवत १०-४८-२९

વળી જુઓ શ્રીમદ્ભાગવત ૧૦-૭૩-૨૦, ૧૦-૮૯-૯ ભૃગુઋષિએ પાટુ મારતાં શ્રીકૃષ્ણ ભગવાને કેટલી દીનતા દર્શાવી તેથી શું શ્રીકૃષ્ણમાંથી ભગવત્ત્વ જતુ રહ્યુ ? ઋષિઓનો નિર્ણય ત્યાં જ જુઓ.

---

[1] આ લેખની સાથેનો પત્રમા રા૰ ઉત્સવલાલ સાકલચંદ પરીખ જણાવે છે કે "આ વિષયની ચર્ચા 'ગુજરાતી કેસરી'મા ચાલતી હતી તેમા અમારો એક લેખ પ્રથમ છાપવામા આવ્યો હતો, અને જ્યારે આ બીજો લેખ તે પત્રના તન્ત્રી ઉપર છાપવાને માટે મોકલવામા આવ્યો ત્યારે આ લેખને તે પત્રમા નિષ્કારણ સ્થાન આપવામા આવ્યુ નહિ, તો આપના પુષ્ટિસુધામા તે છાપી જનસમાજને અમારુ વક્તવ્ય જણાવશો "

— તન્ત્રી

"**मां पुरुषोत्तम . .**"થી જે પંક્તિઓ શ્રીગોકુલનાથજીની ટાંકી છે તે આક્ષેપ કેવલ અસત્ય છે આનો ઉત્તર લંબાણથી અપાઇ ગયલ છે જૂઓ ભદ્રરુચિ-નીમડીઆ કલહ, પત્ર ૧૨ થી ૧૭ આ લેખનો ઉત્તર આપી નહિ શકાતા પુન પુન તે જ આક્ષેપ કર્યા કરવો એ મૌર્ખ્ય છે વળી આ પણ **निश्चित्य**ને સ્થાને **मत्वा** પાઠ મિ વસન્તરામે બુદ્ધિપૂર્વક કલ્પ્યો છે એ શું ધાર્ષ્ટ્યની પરિસીમા નથી ?

શ્રીગોકુલનાથજીને માત્ર ગુરુ ગણાવવા પ્રયાસ કરનાર મિ વસન્તરામ ! તમે આધુનિક સર્વ વલ્લભવંશ્યોને કેવા મનાવો છો ? તે સર્વને પૂર્ણ પુરુષોત્તમ મનાવો છો કે માત્ર ગુરુ જ ? ગુરુનાં પણ લક્ષણો તેમનામા નથી એ તો તમારા લેખ ઉપરથી પણ સ્પષ્ટ જ જણાય છે છતાં તમે ભોળા વૈષ્ણવોને તે સર્વ પૂર્ણ પુરુષોત્તમ છે એમ સમજાવી તેમનું ઉચ્છિષ્ટ અપાવો છો આવા સર્વ વલ્લભવંશ્યને પૂર્ણ પુરુષોત્તમ મનાવનાર તમે શ્રીગોકુલનાથજી પૂર્ણ પુરુષોત્તમ ન હતા એમ કયા પ્રમાણથી કહી શકો છો ? પુષ્ટિમાર્ગીય ગ્રન્થોમા પુરુષોત્તમનું શું લક્ષણ છે એ કાંઇ વિદિત છે?

અનન્યતાથી શ્રીગોકુલનાથજીની સેવા કરવી તેમા પાખણ્ડને કયા સ્થાન છે ? તમારી પાખણ્ડની વ્યાખ્યા જ વિચિત્ર હશે પાખણ્ડ એટલે શું તે જૂઓ કોઇ પણ શિષ્ટ શબ્દકોષમાંથી તેનો અર્થ જૂઓ તો તમને જણાશે કે અનન્યતાથી શ્રીગોકુલેશની ભક્તિ કરવામા પાખણ્ડને જરા પણ અવકાશ નથી જ

શ્રીપાદુકાજીની સેવા વિષે મિ વસન્તરામ જે કહે છે તે કેવલ તેમનું અજ્ઞાન જ દર્શાવે છે શ્રીગોકુલેશજીની પાદુકાજીની સેવા તેઓશ્રી ભૂતલ પર પ્રકટ વિરાજતા ત્યારે પણ સર્વથા થતી જ. મિ૦ વસન્તરામને પણ કબૂલ તો કરવું જ પડે છે કે 'શ્રીગોકુલનાથજીની અનેક પાદુકાઓ હતી' એટલે શ્રીગોકુલનાથજીની પાદુકાજીની સેવા તો મિ૦ વસન્તરામ નવો વાડો કલ્પાયાનું કહે છે તે પૂર્વે પણ થતી જ ત્યારે પછી તે જ પાદુકાજીની સેવાનો માર્ગ એ નવો વાડો કેમ કહેવાય ? શ્રીગોકુલનાથજીના સમયમા તેઓશ્રીની અનેક પાદુકાઓ હતી એમ સ્વીકાર્યા પછી નવી પાદુકાઓ ગોઠવવાનો અવકાશ જ રહેતો નથી વળી શ્રીગુસાંઇજીના પ્રથમ પુત્ર શ્રીગિરિધરજીનો લીલામા પ્રવેશ થયો ત્યાર પછી તેઓશ્રીની પાદુકાજીને શ્રીમહાપ્રભુજીના અને શ્રીગુસાંઇજીના પાદુકાજી સાથે શ્રીગોકુલેશજીએ જ પધરાવ્યા અને અદ્યાવધિ પણ ગોસ્વામિબાલકોના જીવન પછી તેમની પાદુકાને તેમના મન્દિરમાં સ્થાપે છે, અને કહેવાતા પુષ્ટિમાર્ગીય સેવકો જીવનાનન્તર તેવી તેવી પાદુકાની સેવા પણ કરે છે જ, તેથી પાદુકાની સેવાને વાડો ગણવામા આવે તો એવા તો ૯૦૧ થી અધિક વાડા ક્યારનાએ થઇ જ ચુક્યા છે તારતમ્ય એટલું જ છે કે ઇતર વૈષ્ણવો પાદુકાની પણ સેવા ગુરુત્વબુદ્ધિથી કરે છે, અને તેથી સાથે સાથે પુરુષોત્તમનું પણ સ્વરૂપ સેવાર્થ પધરાવે જ છે જ્યારે શ્રીગોકુલનાથજી સાક્ષાત્ પુરુષોત્તમ હોવાથી ભદ્રરુચિ વૈષ્ણવો આગ્રહપૂર્વક અનન્યતાથી કેવલ તેઓશ્રીની પાદુકાની જ સેવા કરતા આવ્યા છે આ દૂષણ નથી, પરન્તુ ભૂષણ છે

શ્રીમહાપ્રભુજીની અને શ્રીગુસાંઇજીની પાદુકા સાથે કેવલ શ્રીગિરિધરજીની જ પાદુકા વિરાજી શકે અને શ્રીગોકુલેશજીની ન વિરાજે એ પણ ભ્રાન્તિ છે. મુમ્બાઇમા શ્રીબાલબાવાના મન્દિરમાં શ્રીમહાપ્રભુજીની પાદુકાજીની સાથે જ શ્રીગોકુલેશજીની પાદુકાજી વિરાજે છે, અને આ પાદુકાઓ એક પડઘે વિરાજે છે, જ્યારે શ્રીકલ્યાણરાયજીની અને શ્રીહરિરાયજીની પાદુકાઓ બીજે પડઘે વિરાજે છે

મૂર્તસ્વરૂપની સેવાનો બોધ પુષ્ટિમાર્ગમા હોય અને પાદુકાજી મૂર્તસ્વરૂપ ન હોય તો પાદુકાજીની સેવા પુષ્ટિમાર્ગમા થઇ જ ન શકે પુષ્ટિમાર્ગમા પાદુકાજીની સેવા થાય છે એમ તમે તેમ કબૂલ પણ કરો છો તો પછી ભરરુચિઓ પાદુકાજીની સેવા કરે તેમાં જ તમને કેમ દ્વેષ સ્ફુર્યો? વસ્તુત મૂર્ત એટલે આકારવાળુ ભરરુચિઓ જેની સેવા કરે છે તે પણ સાકાર હોવાથી મૂર્તસ્વરૂપ જ છે

શ્રીકૃષ્ણસેવાને અર્થે જ શ્રીપાદુકાજીની સેવા થાય છે એ પણ અસત્ય છે વસ્તુત સ્વતન્ત્રતાથી પણ શ્રીપાદુકાજીની સેવા કરવાનો બોધ શ્રીગોકુલેશજીએ જ કરેલ છે **'तस्मान्मार्गाचार्येषु प्रभुबुद्ध्या तेषां चरणारविन्दयो सेवनं प्रभुवदेव । परन्तु यदि पृथक्त्वेन तयोरेव सेवन स्यात् तदा तथा विधित्वेन तयैव सेवनं परमोपपन्नमस्ति.'** શ્રીઠાકુરજીની સેવાથી પૃથક્ માત્ર ચરણારવિન્દની જ સેવા પ્રભુસેવાની પ્રમાણે જ કરવી અને આ પ્રમાણે કેવલ **ચરણારવિન્દની સેવા કરવી એ જ પરમ યોગ્ય છે.** તેથી શ્રીકૃષ્ણસેવાને અર્થે જ ચરણારવિન્દની સેવા થઇ શકે એ મિ વસન્તરામનુ કથન અસત્ય છે, અને તેમનુ સામ્પ્રદાયિક અજ્ઞાન પ્રસિદ્ધ કરે છે ગોકુલમા શ્રીઆચાર્યજીના મન્દિરમા પણ કેવલ શ્રીમહાપ્રભુજીના જ શ્રીપાદુકાજીની સેવા થાય છે ત્યા શ્રીપાદુકાજી પલંગડીમા બિરાજતા નથી પરન્તુ શ્રીકૃષ્ણવત્ સિંહાસનોપરિ ગાદીતકીએ બિરાજે છે કપડવણજમા શ્રીગોકુલેશની પાદુકા શ્રીઠાકુરજીના સિંહાસનની પડખે પલંગડી પર બિરાજતી નથી, પરન્તુ સાથે જ સિંહાસનરૂપ પર બિરાજે છે

'નીમડીઆ'નો અર્થ પણ સ્માર્ત મિ વસન્તરામને વિદિત નથી "નેમ" એટલે અર્ધો એ શબ્દ ઉપરથી 'નીમડીઆ' શબ્દ થયો નીમડીઆ એટલે અર્ધા આ માર્ગમા અને અર્ધા અન્ય માર્ગમાં ભરરુચિ એટલે પુષ્ટિમાર્ગમા જ પૂર્ણ રુચિવાળા, પુષ્ટિમાર્ગ વિના જેને કાંઇ રુચે નહિ તેવા શ્રીગોકુલેશ પ્રભુના અનન્ય ભક્ત, 'નીમડીઆ' એટલે પુષ્ટિમાર્ગ પ્રતિ માત્ર અર્ધી રુચિવાળા અને અર્ધી મર્યાદામાર્ગ પ્રતિ અથવા કર્મમાર્ગ પ્રતિ રુચિવાળા 'નીમડીઆ' એટલે 'નિયમડીયા' નહિ, પુષ્ટિમાર્ગના નિયમ પાળનાર તો સર્વથા નહિ જ, પરન્તુ મર્યાદામાર્ગીય અને તેથી પણ હીન અનાર્ય નિયમોને પાળનાર પુષ્ટિમાર્ગના નિયમો ક્યા નીમડીયાઓને પાળવા છે? શ્રીકૃષ્ણની અનન્ય ભક્તિ નીમડીયાને ક્યા ગમે છે? તેમને તો શ્રીકૃષ્ણ, શિવ, શક્તિ, હનુમાન્, ગણેશ, ઇન્દ્ર, કુબેર, અરે! મસ્જીદ અને તાબૂત પણ સમાન છે નીમડીઆ એટલે સર્વ દેવને સમાન ગણી પૂજનાર **'ब्रह्मैव सत्यमखिलम्'** સર્વ બ્રહ્મ જ છે, તો પછી શ્રીકૃષ્ણમા અને ગણેશ હનુમાન્મા શો ભેદ છે? કાંઇ જ નથી, એમ નિર્વિશેષત્વ માની શ્રીકૃષ્ણ, શિવ, હનુમાન્ ગણેશ, સર્વ દેવોમા થોડી થોડી પ્રીતિ રાખનાર ટૂંકામા નીમડીઆ એટલે—

ब्रह्मैव सत्यमखिलं न हि किञ्चिदन्यत्
तस्मान्न मे सखि परापरभेदबुद्धिः ।
जारे तथा निजवरे सदृशोऽनुरागो
व्यर्थं किमर्थमसतीति कदर्थयन्ति ॥

એવા મતવાળી પુંશ્ચલીઓ, તેથી જ નિમડીઆ એટલે પુંશ્ચલીપંથી ભરરુચિઓ શ્રીગોકુલેશજીના ચરણકમળની જ અનન્યતાથી સેવા કરે છે તેથી જો તેઓ 'પાવડીઆ' કહેવાતા હોય તો શ્રીકૃષ્ણને સર્વ જ સમર્પણ કર્યા પછી પણ પોતાની સમર્પણમન્ત્રની પ્રતિજ્ઞાનો નિતાન્તભંગ કરી શિવ, હનુમાન્, ગણેશ, આદિ સર્વ દેવોની ઉપાસના કરનાર નીમડીઆને 'પુંશ્ચલીપંથી' જ કહી શકાય. તેથી 'નીમડીઆ' એટલે 'પુંશ્ચલીપંથી' જો તેઓ ભરરુચિપંથને પાવડીઆ પંથ તરીકે સંબોધને તો તેમને આ તેઓના યથાર્થ અભિધાનથી જ અમે સંબોધીશું

સતીનું અસ્તિત્વ કુલટાને ખૂંચે તેમ ભરરુચિઓની અનન્યતા પોતામાં નહિ હોવાથી નીમડીઆઓ જરૂર લાજે, તેથી જ તેઓ નાત મહાજન અને તેઓના સ્તમ્ભરૂપ ગૌરવાભિમાનીઓ પાસે ભરરુચિઓને નાતબહાર મૂકાવે તેવા ગુલામીખતનો કોઈ પણ અર્થ જ નથી. (જૂઓ, ભરરુચિનીમડીઆકલહ પૃ ૧૩૯ થી ૧૪૬)

તેલમર્દનના રિવાજ સમ્બધી મિ૦ વસન્તરામ ઉલ્લેખ કરે છે તે સમ્બન્ધમાં તેમને પૂછવાનું કે નીમડીઆઓ તેલમર્દન કરે છે કે કેમ ? તમારા શિષ્ય (?) દીનકર કરે પણ તેલમર્દનનો રિવાજ નીમડીઆઓમાં પણ હોવાનું કબૂલ કર્યું છે (જુઓ તમારી જ પતાકા પુ ૮ પૃ ૧૫૫) બલ્કે તો તેમણે તેલ સાથે હલદરનો પણ પ્રયોગ કર્યો છે અંકલેશ્વરમાં તેમણે તમારા બાપાશ્રીનો ઉત્સવ ઉજવતાં તેલના અને હલદરના કેટલા ડબા વાપર્યા તે હિસાબ પ્રથમ પ્રસિદ્ધ કરો. વળી તગડીમાં તમે પોતે તેલ છાંટણાનો ખેલ સ્ત્રીઓ સાથે ખેલી 'આજે અમે તો સ્નેહ નગરમાં જઈ આવ્યા' એમ ફૂલાયા (જુઓ પુષ્ટિસુધા પુ ૩ અંક ૮-૯ પૃ ૭૬) બલ્કે તમે વર્ણાશ્રમને પણ ઉંચે મૂક્યો ! છતા ભરરુચિઓ સામે જ તેલ સમ્બન્ધી આક્ષેપ કેમ કરો છો ? વસ્તુત 'વાંકી પાઘીઓ પાડી વિલાયતી જરી જેવા ઝીણા વસ્ત્રો પહેરી' આવેલી 'સુરતી લાલણો'ને (જુઓ પતાકા પુ ૮ પૃ ૧૫૫) રંગવાનું નહિ ચૂકનાર નીમડીઆ પંથમાં જ તેલ હલદર આદિનો ઉપયોગ આવશ્યક ગણો

બ્હેન મણિએ ઉત્સવમાં વેં'મુવો ઉપર ફૂલેલ છાંટ્યું તે સમ્બન્ધમાં ન્યાયમૂર્તિ અને ન્યાય સમ્બન્ધી મિ વસન્તરામ લખે છે તે કેવલ અસત્ય છે આ સમ્બન્ધમાં બ્હેન મણિના તથા મિ કેશવલાલભાઇના પત્રો પુષ્ટિસુધા પુ ૩ અંક ૧૦ પૃ ૧૦૩-૧૦૪ માં છપાયલ છે તે ઉપરથી મિ વસન્તરામ માત્ર ભરરુચિઓ પર આક્ષેપ કરવા અસત્ય લખે છે એમ તરત જ જણાઈ આવે છે બ્હેન મણિ કદાપિ પૂના ગઈ જ નથી, ભરરુચિઓએ પૂનામાં કોર્ટ કરી નથી, ન્યાય કર્યો નથી. મિ વસન્તરામ કહે છે તેવો નિર્ણય પણ આપ્યો નથી ઉક્ત વિષયમાં ઉપર જણાવેલ બે પત્રો જ પૂરતા છે આ સમ્બન્ધમાં હું કાંઈ [illegible] પણ નથી, પરન્તુ અસત્યપ્રિય મિ વસન્તરામને જ આ અસત્ય લખાણ માટે લાજી મરવાનું જ રહ્યું

ગો શ્રીરમણલાલજી મહારાજના સમ્બન્ધમાં મિ વસન્તરામ જે લખે છે તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે મહારાજશ્રીના પત્રમાં મહારાજશ્રીએ સહી કરેલી એમ કહે તો તે પણ કબૂલ જ કરે છે, છતા તેમણે આ પત્ર બનાવટી ગણાવવા ભગીરથ પ્રયાસ કરેલ. (જૂઓ મુ. વર્તમાન તા ૨૬-૧૧-૧૯૨૩, તા ૧૫-૧-૧૯૨૪) વલ્લભકુલને પૂજ્ય અને પુરુષોત્તમ મનાવવા પ્રયાસ કરનાર મિ. વસન્તરામ પોતે વૃદ્ધતમ શ્રીરમણલાલજી જેવા અનન્ય મહારાજશ્રીને પણ ધમાવતાં ચૂક્યા નથી.

મિ વસન્તરામ તેનડુ આહલગુના ટોળકી અને તેના નિર્ણયના સમ્બન્ધમા બહુ બણગા ફૂકે છે, ત્યા તેમણે ‘શુધ્ધ ન્યાય’ છણાવ્યો તે જૂઓ મિ. વસન્તરામ લખે છે કે ‘બન્ને પક્ષના નખાણો બહાર પડી ગયા હતા.’ બન્ને પક્ષ તે કોણ ? ભરરુચિ અને નીમડીઆ, તેથી આ બે પક્ષકાર થયા છતા આગળ લખે છે કે ભરરુચિઓ ‘પુષ્ટિમાર્ગમા હોય તો તેમને પણ એક પક્ષકાર તરીકે બોલાવવા રહ્યા’ એટલે ભરરુચિઓ પક્ષકાર ન હતા આ પ્રમાણે પરસ્પર વદતોવ્યાઘાત થાય છે એ પણ મિ વસન્તરામને ભાન રહેતુ નથી વળી તે લખે છે કે ભરરુચિઓ ‘વલ્લભકુળને કયા માને છે ? તો શા માટે તેમને એક પક્ષકાર તરીકે ગણવામા આવે ?’ રે રે મૂઢ ! પક્ષકાર હોય તેનો જ ન્યાય થાય, પક્ષકાર હોય તેને જ નિર્ણય બન્ધનકર્તા ગણાય જે નિર્ણયમા ભરરુચિઓ પક્ષકાર ન હતા, તે નિર્ણય ભરરુચિઓને બન્ધનકર્તા નથી, એ નિર્ણયજ નથી એ માત્ર નીમડીઆઓનો પ્રલાપ જ છે આવા મિથ્યા પ્રલાપરૂપ નિર્ણય કરી શ્રીનાથદ્વારાધીશે પોતાના ન્યાયશાસ્ત્રના ઉડા જ્ઞાનનુ સર્વને ભાન કરાવ્યુ છે ! સ્માર્તશાસ્ત્રીઓ ઉપર જ અમારો આધાર છે એમ જગતને જણાવ્યુ છે આવા પ્રલાપને ‘ન્યાય’ અથવા ‘નિર્ણય’ કહેનારે તેના ન્યાયશાસ્ત્રના પામર જ્ઞાન માટે લાજી મરવુ જ રહ્યુ આ ટોળકીએ જો કઇ પણ સિધ્ધ કર્યુ હોય તો તે માત્ર એટલુ જ કે મહારાજો નીમડીઆઓના સપક્ષ હોવાથી તેઓ હવે તો ન્યાયાસનના પણ અનધિકારીજ છે

શ્રીકૃષ્ણના અનન્ત સ્વરૂપમા શ્રીગોકુલનાથજી મુખ્ય સ્વરૂપ છે શ્રીગોકુલનાથજી પૂર્ણ પુરુષોત્તમ જ છે (જૂઓ ભરરુચિ નીમડીઆ કલહ ઉપોદ્ઘાત પૃ ૩-૪, અને વાચો શ્રીવલ્લભગીત) પુષ્ટિમાર્ગીય કોઇ પણ સ્વરૂપમા જે ભક્તની પ્રીતિ હોય તે સ્વરૂપની તે સેવા સુખે કરે શ્રીગોકુલેશજીના ચરણારવિન્દની ભરરુચિઓ સેવા કરે છે તે પણ મૂર્ત સ્વરૂપ જ છે એ તો ઉપર જ દર્શાવ્યુ છે, તેથી શ્રીહરિરાયજીના વાક્યનો પણ બાધ નથી જ પ્રતિબિમ્બને અસલથી ભિન્ન કહેનાર નીમડીઆ હવે તો સર્વ શ્રીવલ્લભવંશને શ્રીઆચાર્યજી સમાન કહી શકે જ નહિ વળી ‘તાતતણો પ્રતિબિમ્બ’ પછી ‘શોભા સકલ કુટુમ્બ’ શબ્દો આવે છે ‘સકલ કુટુમ્બ’ની-શ્રીમદ્વિઠ્ઠલેશ્વરપ્રભુચરણ તથા સાતે લાલજી વિગેરે સર્વ કુટુમ્બની-શોભા શ્રીગોકુલેશ જ છે એમ તો વલ્લભાખ્યાનકાર અનન્ય શ્રીગોપાલદાસજી પણ કથે છે

‘**स्ववंशे**’ મા વંશનો અર્થ ‘પુત્ર’ જ થાય છે, કારણ કે શ્રીગોકુલેશપ્રભુની ટીકાનો ઉલ્લેખ મિ૦ વસન્તરામ કરે છે તે પહેલા **भुवि भक्तिप्रचारैककृते स्वान्वयकृत्**’ નામની ટીકામા ‘અન્વય’ શબ્દનો અર્થ ‘પુત્ર’ જ કરેલ છે ‘**स्वान्वयकृत् स्ववंशकर्ता अत्रान्वयपदस्य पुत्रपरत्वं ज्ञेयम्**’ તેથી ‘અન્વય’ એટલે ‘વંશ,’ આ શબ્દો પુત્રપરત્વે છે એવી સ્પષ્ટ આજ્ઞા છે આ પુત્ર પણ ઔરસ પુત્ર જ છે એમ દર્શાવવા **पिता** પદ યોજ્યુ છે તેથી ‘અન્વય’ અથવા ‘વંશ’ નો અર્થ ‘સર્વ ઔરસ સન્તાનો’ નથી, પરન્તુ ‘ઔરસ પુત્ર શ્રીમદ્વિઠ્ઠનપ્રભુ’ જ છે અને તેઓશ્રીમા શ્રીમદાચાર્યચરણનુ સર્વ માહાત્મ્ય હતુ, પરન્તુ મિ૦ વસન્તરામ કહે છે તેવોજ અર્થ કરીએ તો ‘કમતા’ વેશ્યાની સાથે સ્ત્રીવેશમા ફેરા પડાવનાર મહારાજોમા (જુઓ સાંજવર્તમાન તા ૮-૫-૧૯૨૪) પણ આવુ અશેષ માહાત્મ્ય છે એમ આપણે બુદ્ધિવિરોધે પણ સહીને માનવુ પડે, તેથી મારા ઉપર દયા ન ખાતા મિ૦ વસન્તરામે પોતે જ તેમના વાણીઆ વિદ્યાગુરુ પાસે જઇ પુષ્ટિમાર્ગીય ગ્રન્થોનો પુન અભ્યાસ કરવો જ રહ્યો મિ૦ વસન્તરામ પણ પોતાના સર્વોત્તમસ્તોત્રના ભાષાન્તરમા જે કહી ચૂક્યા છે તેનુ પણ તેમને અવધાન નથી ૨૦૭ મે પત્રે તેઓ પણ કબુલ કરે છે કે ‘શ્રીચાચાગોપેશ્વરજી ‘વંશ’ શબ્દનો અર્થ ‘શ્રીગુસાંઇજી’ કરે છે.

મિ વસન્તરામને એક એવી કુટેવ છે કે ગમે તે શબ્દો શ્રીહરિરાયજીના અથવા શ્રીપુરુષોત્તમજીના વચન છે તેમ કહી લખી નાખે છે શ્રીહરિરાયજીના નામથી બનાવટી ગ્રન્થ તેમણે વેણુનાદમા (વર્ષ ૨ અંક ૧૦ થી ૧૨ પૃ ૪૦) પ્રસિદ્ધ કરેલ, તેમ જ અહીં નથી એમ સ્પષ્ટ કરવાને તે પંક્તિ શ્રીહરિરાયજી અથવા શ્રીપુરુષોત્તમજીએ કયા ગ્રન્થમા કયે સ્થળે લખી છે તે દર્શાવવામા આવે ત્યારે જ તટસ્થ વાચક તેનુ પ્રામાણ્ય જોઇ શકે

આ પંક્તિઓમા 'आधुनिकतीर्थानाम्'નો અર્થ 'શ્રીવલ્લભ વંશના વિદ્યમાન બાળકો' કરવામા પ્રમાણ મિ વસન્તરામ આપશે? ત્યાર પછી જ આનો ઉત્તર દેવો યોગ્ય છે

શ્રીગોકુલનાથજીએ બ્રહ્મસમ્બન્ધ મન્ત્રોપદેશ વસ્ત્રદ્વારા જ ગ્રહણ કરવો એવો ઉપદેશ કર્યાનુ મિ વસન્તરામ કહે છે તો એવી આજ્ઞા કયા ગ્રન્થમા કયે સ્થળે કરી તે કેમ જણાવતા નથી?

'तथापि मार्गभूतमूलाचार्यनाद्दाय' વિગેરે શ્રીપુરુષોત્તમજીના પિતામહ શ્રીયદુનાથજીએ પત્રદ્વારા બ્રહ્મસમ્બન્ધ આપવામા વિરોધ દર્શાવ્યો તે જ વિરોધ તો કેવલ અનુવાદ સ્માર્તવાક્ય પ્રમાણે અહિં પુરુષોત્તમજી કરે છે ભગવન્માર્ગમા તો ગર્ભસ્તુતિના **'स्वय समुत्तीर्य सुदुस्तर द्युमन्'** શ્લોકના વ્યાખ્યાનથી ભક્તિમાર્ગપ્રવર્તકત્વ ભક્તોનુ જ સિદ્ધ છે, અને પત્રદ્વારા નામગ્રહણમા જેમને લેશમાત્ર પણ સન્દેહ હોય તેમણે ઉક્ત શ્લોકનો અર્થ બરાબર સમજવો રહ્યો (જૂઓ ભ ની ક પૃ ૧૮૦) શ્રીગોકુલેશના પ્રકટ પત્રની વિરુદ્ધ શ્રીપુરુષોત્તમજીનુ આ કથન માત્ર **'सर्वं स्वार्थं समीहते'** ન્યાયથી જ પ્રવર્તેલુ છે પત્રદ્વારા નિષેધવાક્ય પણ અમારા સિદ્ધાન્તથી વિરુદ્ધ નથી, કારણ કે શિષ્યે ગુરુના સમાનાધિકરણમા તો તેના સમીપ ઉપસ્થિત થઇને જ બ્રહ્મસમ્બન્ધ લેવુ જોઇએ, અન્યથા શિષ્યમા અહંકાર જણાય, પરંતુ જ્યા ગુરુ શિષ્યનુ સામાનાધિકરણ્ય નથી ત્યા પત્રદ્વારા પણ બ્રહ્મસમ્બન્ધ થઇ શકે જ નહિ એમ તો કોઇ શ્રુતિ સ્મૃતિ તેમ જ શ્રીમદાચાર્યાદિવાક્ય પણ ઉપલબ્ધ નથી જ, અને તેથી જ તમારા મતમા પણ **असूर्य पश्य** વર્ગનુ પત્રદ્વારા બ્રહ્મસમ્બન્ધ પ્રસિદ્ધ છે વળી પુષ્ટિમાર્ગથી વિરુદ્ધ આચારનુ સમર્થન કરતા નન્દકિશોર વા રમાનાથજી જેવા શાસ્ત્રીની તો મને લેશ માત્ર પણ પરવા નથી

પુષ્ટિમાર્ગમા શ્રીવલ્લભવંશ્ય વિના કોઇએ દીક્ષા આપી નથી એ પણ અસત્ય જ છે ચાચા હરિવંશજીએ દીક્ષા આપ્યાનુ સર્વત્ર પ્રસિદ્ધ છે ૨૫૨ વાર્તા પૈકી ચાચા હરિવંશજીની વાર્તા મિ વસન્તરામે વાંચવી પોતે અસત્યનો આશ્રય કર્યો છે એમ આ વાર્તા વાચવાથી તેમની ખાત્રી થશે મહારાજોના અનાચાર અને અન્યાય હવે તો સર્વત્ર પ્રસિદ્ધ જ છે આશા છે કે મિ વસન્તરામ મહદ્ભક્તોની અસત્ય નિન્દા નહિ કરે, અને મહારાજોના અનાચાર અધિક પ્રસિદ્ધ કરવાની અમને ફરજ નહિ પાડે

લોકવેદત્યાગસમ્બન્ધમા તો મિ વસન્તરામે કેવલ વિતણ્ડાવાદનો જ આશ્રય કર્યો છે બ્રહ્મસમ્બન્ધ લીધા પછી પણ વૈષ્ણવોએ સન્ધ્યા, હોમ, યાગાદિ, વૈદિક તથા સ્માર્ત કર્મ અવશ્ય કરવા જ જોઇએ એમ નન્દકિશોરે કહેલી તે સિદ્ધ કરવા નિબન્ધ તથા બાલબોધમાથી જે પ્રમાણો આપેલ તે પ્રમાણોનો અર્થ કરી મે સ્પષ્ટ દર્શાવ્યુ કે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને સમ્બોધી લખાયલ તે વાક્યો નથી તેનો કાંઇ ઉત્તર નહિ આપી શકવાથી મિ વસન્તરામ યદ્વા તદ્વા બકવાદ જ કરવા મંડી પડ્યા છે. વૈદિકને તિલાંજલિ આપવાનુ બ્રહ્મર્ષિઓએ કયા કહેલ છે કે અસત્ય કાંઇ લઇ મિ વસન્તરામે તેઓને ગાલિપ્રદાન કરવાનો ઇજારો લીધો. મારા લેખમા જ મે સ્પષ્ટ કર્યુ છે કે આ વૈદિક ધર્મ પુષ્ટિમાર્ગમા મુખ્ય નથી, પરન્તુ માત્ર શક્તિપ્રમાણે જ તે તો આચરવાના છે. શક્તિ ન હોય તો તે આચરવાની આવશ્યકતા પણ નથી. અન્યથા મિ. વસન્તરામે પણ સર્વ

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટે **'यावज्जीवमग्निहोत्रं जुहुयात्'** વિધ્યનુસાર 'શ્રૌતસ્માર્ત' અગ્નિહોત્રની આવશ્યકતા પ્રાપ્ત થાય, અને તે નહિ આચરતા પ્રત્યવાય પણ આપને થાય વળી, જ્યાં વૈદિક ધર્મો પુષ્ટિમાર્ગીય ધર્મથી વિરુદ્ધ હોય, જ્યાં આ ધર્મો આચરતા જતા અનન્ય ભક્તિધર્મની હાનિ થતી હોય, ત્યાં અવશ્ય આ વૈદિક ધર્મો ત્યાજ્ય જ છે ભગવાને પણ ઉદ્ધવને આવોજ ઉપદેશ કર્યો છે **तस्मात्त्वमुद्धवोत्सृज्य चोदनां प्रतिचोदनाम्। प्रवृत्तिं च निवृत्तिं च श्रोतव्यं श्रुतमेव च ॥** ઇત્યાદિ એકાદશ વાક્યો વાંચો[1] આનો ઉલ્લેખ નીમડીઆ પંથના સ્તમ્ભરૂપ તિલકાયિને તેમના ભાષણમા કરેલ તે પણ મે દર્શાવેલ છે આ સનનો ઉત્તર નહિ આપી શકવાથી સ્માર્ત મિ વસન્તરામે કેવળ બકવાદ કરી ભરરુચિઓને અપત્ય ગાળિપ્રદાન કર્યુ છે

ખરે ! પુષ્ટિમાર્ગ વિરહાગ્નિમા જ સીજવાનો અનન્યતાનો ધર્મ છે, સગવડીઓ પંથ નથી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે નિરન્તર બ્રહ્મસમ્બન્ધનુ સ્મરણ રાખી પોતાના પ્રતિ શ્રીગોકુલેશજીના જ ચરણકમલનુ ધ્યાન ધરવુ જોઈએ અને એ પ્રભુનો સાક્ષાત્કાર થાય ત્યાં સુધી વિરહાગ્નિમા સીજ્યા કરવુ જ જોઈએ નિજ પ્રભુના ચરણકમલનુ ધ્યાન ભૂલી, ધન, પુત્ર, દાસ આદિ લૌકિક કે સ્વર્ગાદિ પારલૌકિક લાભ પ્રાપ્ત કરવાને અર્થે શિવ, ગણેશ, હનુમાનાદિ દેવોની ઝંખના અથવા સ્તુતિ કરે એટલે તે પુષ્ટિમાર્ગથી ભ્રષ્ટ થઈ નીમડીઓ થયો, વિરહાગ્નિમાં નહિ સીજતા સગવડપંથી થયો ભરરુચિ વૈષ્ણવ અન્ય કોઈ દેવની સ્તુતિ અથવા ઉપાસના કદાપિ કરતા જ નથી, પરતુ આ સર્વ દોષ નીમડીઆઓમા જ દૃશ્યમાન થાય છે

પ્રભુ નીમડીઆઓને વ્યભિચાર તજાવી અનન્યતાનુ દાન કરે તો જ તેમનુ શ્રેય થાય, નહિ તો તેમનુ અમોઘ પતન થયા જ કરશે. એવી શ્રીગોકુલેશપ્રભુની ઇચ્છા !

ઉત્સવલાલ સાંકલચંદ

જ્ઞાન અને ભક્તિ.

બ્રહ્મ અને તે વિષેની સર્વ બાબતોનો વિચાર વેદ અને ઉપનિષદના આધારે જ કરવાનો હોય છે તેમા મનુષ્યના તર્કનો અવકાશ જરા પણ નથી. કારણકે મનુષ્યનો તર્ક અસ્થિર છે, ક્ષણે ક્ષણે ફરતો જાય છે, એટલે એવી અસ્થિર વસ્તુ ઉપર આધાર રાખવો ઠીક ગણાય નહિ આ હેતુથી જ કઠોપનિષદમા **नैषा तर्केण मतिरापनेया**—પરમાત્માના વિષયમા આપણી બુદ્ધિને આપણા તર્કથી ન દોરવી—એમ કહેવામા આવ્યુ બ્રહ્મસૂત્રકાર શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસ પણ આ જ તાત્પર્યનુ એક સૂત્ર લખે છે અને તે **तर्काप्रतिष्ठानात्** છે પરમાત્મના વિષયમા શબ્દ જ—વેદ જ—પ્રમાણ છે, અન્ય નહિ, અને તેથી જ બ્રહ્મસૂત્રમા **शब्दमूलत्वात्, शास्त्रयोनित्वात्** જેવા સૂત્રો જણાય છે સારાંશ એજ કે ઉપનિષદનો અને બ્રહ્મસૂત્રકારનો અભિપ્રાય એવો છે કે બ્રહ્મવિચારમા વેદને જ પ્રમાણ માનવો, મનુષ્યતર્કને નહિ અને જો આપણે પણ ઉપનિષદને અને બ્રહ્મસૂત્રકારને અનુસરવુ હોય—અને તે પ્રમાણે અનુસરવુ જ જોઈએ—તો તે જ અભિપ્રાય આપણે સ્વીકારવો જ પડે

---

[1] આ જ સિદ્ધાન્તનુ બ્રહ્મસૂત્રના **आदरादलोपः** સૂત્રમા અને તેના ઉપરના અણુભાષ્યમા સ્પષ્ટ અને સુંદર રીતે પ્રતિપાદન કરવામા આવ્યુ છે. તંત્રી.

હવે પ્રસ્તુત વિષયમાં આવીએ ઉપનિષદો વાચતા આપણને જણાય છે કે મુક્તિના ઉપાય તરીકે કોઈ સ્થળે જ્ઞાન હોય છે તો બીજા કોઈ સ્થળે ભક્તિ હોય છે આવી પરિસ્થિતમા જે માણસો ચુસ્ત વૈદિક છે–એટલે કે વેદના અક્ષરે અક્ષરને પ્રમાણ તરીકે સ્વીકારે છે–તેઓ તો જ્ઞાન અને ભક્તિ એ બન્નેને મુક્તિના સાધન તરીકે સ્વીકારશે અને તે ઉપરથી એવા અનુમાન ઉપર આવશે કે જ્ઞાન અને ભક્તિ એ બે મુક્તિના સાધનો છે અને તેથી તે બન્ને સરખી કિમ્મતના છે અર્થાત્ ભક્તિ જ્ઞાનથી શ્રેષ્ઠ નથી, તેમ જ્ઞાન પણ ભક્તિથી શ્રેષ્ઠ નથી એવુ અનુમાન બાધશે આ અનુમાન ખરૂ છે કે ખોટુ છે તેનો વિચાર અહીં કરવાનો છે

પ્રથમ આપણે જ્ઞાનની વાત કરીએ તેને માટે બૃહદારણ્યકોપનિષદના ચોથા અધ્યાયના ચોથા બ્રાહ્મણના કેટલાક મન્ત્રોનો વિચાર પ્રથમ કરવો પડશે તે બ્રાહ્મણના ઓગણીસમા મન્ત્રથી આપણે આરંભ કરવાનો છે બધા મન્ત્રો અહી ન આપતા તેનો સાર માત્ર આપવામા આવે છે

જેને વેદાન્તમા બ્રહ્મ કહેવામા આવે છે તેને ગીતાજીમા પરમાત્મા અને ભાગવતમા ભગવાન્ કહેવામા આવે છે, એટલે આ ત્રણ જૂદા જૂદા શબ્દોથી ત્રણ જૂદી જૂદી વસ્તુઓનો બોધ થતો નથી પણ એક જ વસ્તુનો બોધ થાય છે એ ત્રણે શબ્દોનો અર્થ એક જ છે શબ્દભેદથી વસ્તુનો ભેદ અવશ્ય હોવો જ જોઇએ એવો જગતનો પણ નિયમ નથી આ બ્રહ્મ–પરમાત્મા–ભગવાન્–એક જ છે અને તેના દર્શન–તેનો અનુભવ–મનથી જ થઈ શકે છે આ હેતુથી જ મહાનુભાવી આચાર્યો માનસી સેવાને સર્વથી ઉત્તમ સ્વીકારે છે પરમાત્મા આપણા પ્રાકૃત નેત્રોથી જણાતા નથી પણ એકલા મનથી જ એમનો સાક્ષાત્કાર થાય છે આ બ્રહ્મરૂપી પદાર્થ એક જ છે, અદ્વૈત છે, અને જો કોઈ તેને અનેક અથવા દ્વૈત તરીકે સ્વીકરશે તો તે આ ભવસાગરમા જન્મમરણના ફેરામાથી મુક્ત થવાનો નથી બ્રહ્મ એક છે અને જે ભેદ જણાય છે તે વાસ્તવિક અથવા ઔપાધિક ભેદ નથી પણ ઐચ્છિક ભેદ છે મન્ત્રમા ઐચ્છિક ભેદનો નિષેધ કરવામા આવતો નથી કારણ કે બીજે સ્થળે આ જ ઐચ્છિક ભેદનુ સ્પષ્ટ પ્રતિપાદન કરવામા આવે છે મન્ત્રમા ઐચ્છિક ભેદ સિવાયના વાસ્તવિક અને ઔપાધિક ભેદનો નિષેધ કરવામા આવ્યો છે, કારણ કે બધા ઉપનિષદોમા કોઇ પણ ઠેકાણે વાસ્તવિક દ્વૈતનુ પ્રતિપાદન કરવામા નથી આવ્યુ, એને બદલે તો **यत्र द्वैत तत्र भयम्** એ તાત્પર્યના મન્ત્રો જોવામા આવે છે ઔપાધિક ભેદને માટે એટલુ જ કહેવાનુ કે વેદમા ઉપાધિ નામનો શબ્દ જ મળતો નથી તો ઉપાધિમૂલક ભેદનો પ્રસગ જ ક્યાથી હોય ?

બ્રહ્મનુ દર્શન અદ્વૈતભાવનાથી જ કરવાનુ છે આ બ્રહ્મ અપ્રમેય છે–તેનુ જ્ઞાન સમ્પૂર્ણ રીતે મળી શકે એમ નથી જ્યા વેદ એમ કહે છે કે यतो वाचो निवर्तन्ते—જ્યાથી વેદના મન્ત્રો અને વાણી પાછા ફરે છે–ત્યા મનુષ્યના પ્રયત્નથી બ્રહ્મનુ જ્ઞાન શી રીતે મેળવી શકાય ? ક્યા વેદનુ સામર્થ્ય અને ક્યા મનુષ્યની પામર સ્થિતિ ? જ્યા વેદ અસમર્થ નીવડે ત્યા પામર જીવ હજાર વાર અસમર્થ થાય આમા બીજી એક બાબત ધ્યાન ખેંચે એવી છે પરમાત્મા સર્વવ્યાપક છે, સર્વને વ્યાપીને રહ્યા છે તે એક જ છે એટલે પરમાત્માના જેવો બીજો સર્વવ્યાપક પદાર્થ કોઇ નથી તેથી પરમાત્મા વ્યાપક અને અન્ય સર્વ વસ્તુઓ વ્યાપ્ય છે હવે વ્યાપ્યને વ્યાપકનુ સમ્પૂર્ણ જ્ઞાન ક્યાથી હોઇ શકે ? મનુષ્યના પગનાથી હાથીના પગલાનુ સમ્પૂર્ણ માપ શી રીતે લેવાય ? તેથી જ પરમાત્માનુ સમ્પૂર્ણ જ્ઞાન મેળવવામા વેદની અશક્તિ માલમ પડે છે તત્ત્વજ્ઞાનની દૃષ્ટિથી પણ આ સ્થિતિ આવશ્યક અને ઇષ્ટ છે બ્રહ્મ ધ્રુવ છે, નિશ્ચળ છે તે વિરજ છે એટલે કે ત્રણ ગુણથી અતીત છે, નિષ્કલંક છે, આકાશથી પણ પર છે તાત્પર્ય કે તે સર્વત્ર વ્યાપક છે અને તેના જેવો બીજો વ્યાપક પદાર્થ એક પણ નથી.

આ જ પરમાત્માને ધીર, બુદ્ધિમાન્ અને વેદાધ્યયન કરનારા પુરુષે ખરેખર રીતે ઓળખવાનો છે મુખ્ય કાર્ય પરમાત્માનુ જ્ઞાન મેળવવાનુ છે બહુ શબ્દો જાણ્યા પછી—બહુ જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી-પણ જો પરમાત્મા ન ઓળખાય તો તે શબ્દ અને જ્ઞાન નિરર્થક છે, વાણીનો ખોટો વ્યય છે આ આત્મા મહાન્ છે, અજ છે, પ્રાણોમા—ઇન્દ્રિયોમા— વિજ્ઞાનમય છે હૃદયને વિષે જે આકાશ છે તે આકાશમા આ પરમાત્મા શયન કરે છે સર્વના નિયન્તા છે સર્વના રાજા-પતિ-છે સારાં કાર્યોથી પરમાત્માનો ઉત્કર્ષ થતો નથી તેમ અસાધુ-ખરાબ-કાર્યોથી પણ અપકર્ષ થતો નથી આ પરમાત્મા સર્વના ઇશ્વર છે, ભૂતોના અધિપતિ છે, ભૂતપાલ છે આ લોકોને એક બીજાથી જુદા રાખવાને માટે તે એક ભેદક સેતુ છે આવા પરમાત્માને બ્રાહ્મણો યજ્ઞ, દાન તપ, અનશન-ઉપવાસ-વગેરે સાધનો કરીને ઓળખવાની ઇચ્છા રાખે છે બ્રહ્મને જાણ્યા પછી મુનિ થાય છે આ જ બ્રહ્મને પોતાનો લોક-પોતાનું ગન્તવ્ય સ્થાન-માની સાધુઓ-સન્યાસીઓ-ને બ્રહ્મને પ્રાપ્ત કરે છે-બ્રહ્મલોકમા જાય છે આ સિદ્ધાન્ત પૂર્વજો બરોબર જાણતા હતા અને તેથી જ પ્રજાની ઇચ્છા રાખતા ન હતા અને કહેતા કે અમારો આ આત્મા અમારા લોક રૂપ છે-અમારી પ્રાપ્ય વસ્તુ છે, તો પછી અમારે પ્રજાનુ શુ કામ છે? એટલે જગતમા જે ત્રણ એષણાઓ-કામનાઓ-(પુત્રની કામના, વિત્તની કામના અને લોકની કામના) છે તે ત્રણે એષણાનો સર્વથા ત્યાગ કરીને તે બ્રાહ્મણો ભિક્ષાચર્યા કરતા જે પુત્રૈષણા છે તે વિત્તૈષણા છે, અને જે વિત્તૈષણા છે તે લોકૈષણા છે આ બન્ને એષણાઓ જ—કામનાઓ જ—છે આ ઉપરથી એટલુ તો સ્પષ્ટ જણાય છે કે જ્યા સુધી વાસનાનો સમૂલ નાશ નથી થતો ત્યા સુધી પરમાત્માનુ જ્ઞાન અને પ્રાપ્તિ થઇ શકતી જ નથી આથી ભગવાન્ જેના ઉપર કૃપા કરે છે તેને પ્રથમ નિરોધ સિદ્ધ કરી આપે છે નિરોધ એટલે આ પ્રપંચને ભૂલી પરમાત્મામા અનુરાગ આસક્તિ રાખવી તે ઉપનિષદ્‌મા પણ આ જ અર્થ સ્પષ્ટ રીતે જોવામા આવે છે

પરમાત્માનુ યથાસ્થિત વર્ણન મનુષ્યથી થઇ શકતુ નથી કારણ કે મનુષ્યની શક્તિ પરિમિત છે તેથી ઉપનિષદ્‌મા પરમાત્માને **नेति नेति** કહેવામા આવે છે પરમાત્મા આવા છે અમુક પ્રકારના છે એમ આપણાથી કહી શકાતુ નથી તાત્પર્ય એ કે બ્રહ્મનુ જ્ઞાન સમ્પૂર્ણાંશે આપણને આપણા સાધનો વડે મળી શકતુ નથી, પણ પરમાત્મા કૃપા કરે તો અનાયાસે, કોઇ પણ સાધનની અપેક્ષા વિના, પરમાત્માના યથાસ્થિત સ્વરૂપનો અનુભવ થાય છે પરમાત્મા અગૃહ્ય છે અહીં પરમાત્માની એતાવન્માત્રતાનો નિષેધ કર્યો છે ગ્રહણ કરી શકાય એવા નથી કારણકે આપણાથી તેમનુ ગ્રહણ થઇ શકે એમ નથી તેમનુ લૌકિક પ્રમાણોથી ગ્રહણ થઇ શકતુ નથી તે અવિનાશી છે કારણ કે તેમનો નાશ કોઇ દિવસ થતો નથી તે અસંગ છે કારણ કે તેમને કોઇનો સંગ લાગતો નથી, તે બદ્ધ નથી, તેમને કોઇ પણ પ્રકારની વ્યથા થતી નથી, તેમને કોઇ જાતની ઇજા થતી નથી, કોઇ દુઃખ હોતુ નથી આનન્દમય પરમાત્માને દુઃખ ક્યાંથી હોય?

ઉપરના વર્ણનથી એમ જણાય છે કે પરમાત્મા જડથી વિલક્ષણ છે એવા પરમાત્માને, જે ઓળખે છે તેને નીચેના વિચારો નડતા નથી એક વિચાર તો એ કે આથી મે પાપ કર્યું અને બીજો વિચાર આ કે મે આથી કલ્યાણ કર્યું આ બન્ને વિચારો બ્રહ્મજ્ઞાનીઓને દુઃખ નથી આપતા જ્યા બ્રહ્મને દુઃખ નથી ત્યા બ્રહ્મવિત્‌ને પણ સાધુ અસાધુ કર્મની ચિન્તા નથી હોતી કૃત અને અકૃત-કરેલા અને ન કરેલા-કાર્યો એને કોઇ પણ પ્રકારની અસર કરી શકતા નથી તેને જે પ્રાપ્ત કરવાનુ છે તેમા કોઇ પણ પ્રકારનો પ્રતિબંધ કરતા નથી આ જ ભાવ એક ઋચામા પણ જોવામા આવે છે બ્રાહ્મણનો-બ્રહ્મજ્ઞાનીનો-ઉપર જણાવેલો મહિમા નિત્ય છે તે મહિમા એ કે કર્મથી તેનો ઉત્કર્ષ કે અપકર્ષ થતો નથી ઉપર જેનુ વર્ણન કરવામા આવ્યુ છે એવા પરમાત્માને જાણીને તે જ પરમાત્માના પદનુ-ચરણ અથવા સ્થાનનું-જ્ઞાન પ્રાપ્ત કરે છે પરમાત્માનુ પદ તે અક્ષર બ્રહ્મ.

કારણ કે ગીતામા ભગવાન્ પોતે જ આજ્ઞા કરે છે કે **तद्धाम परमं मम** તે મારું પરમ ધામ છે. આ પ્રમાણે અક્ષરબ્રહ્મને જાણે ત્યારે પાપ કર્મોથી તે બ્રહ્મવિત્ જરા પણ લેપાતો નથી અક્ષરબ્રહ્મનુ જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી પાપ કર્મોની અસર થતી નથી પછીથી અક્ષરબ્રહ્મનુ જ્ઞાન મેળવવાના સાધનો આપવામા આવ્યા છે કયા કયા સાધનો કરીએ તો અક્ષરબ્રહ્મનુ જ્ઞાન મળે ? શાસ્ત્રમા જે પ્રમાણે વર્ણન છે તે પ્રમાણે જ્ઞાન પ્રાપ્ત કરીને અતઃકરણનો અને બહારની ઇન્દ્રિયોનો નિગ્રહ કરીને, સર્વ પ્રકારની વાસનાઓને દૂર કરીને, અનેક પ્રકારના દુઃખ સહન કરવાની શક્તિવાળા થઇને, આસ્તિક્યબુદ્ધિ રાખીને પોતાના શારીર આત્મામા અક્ષરબ્રહ્મનુ દર્શન કરવુ આવા પ્રકારનું દર્શન થાય છે ત્યારે દરેક પદાર્થને આત્મા તરીકે જુવે છે, બધા પાપોને તરી જાય છે. એટલુ જ નહિ પણ સર્વ પાપોને બાળી નાખે છે ને પાપ કાર્ય કરતો નથી, નિર્મલ થાય છે, શકા વગરનો થાય છે

બૃહદારણ્યકના ઉપયોગી મત્રોનો સાર ઉપર આપ્યો તેમા પાપને તરી જવા રૂપી બ્રહ્મજ્ઞાનનુ મહાત્મ્ય જોવામા આવે છે જેણે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે સર્વ પાપોને તરી જાય છે એ વાત એ મત્રોમા સ્પષ્ટ છે જ્ઞાનથી સસારમાથી મુક્તિ મળે છે એટલે સ્વાભાવિક રીતે જ જ્ઞાનના પરિણામે બધા પાપો તરી જવાય આ પ્રમાણે જ્ઞાનની સ્થિતિ છે

હવે ગોપાલતાપનીય ઉપનિષદ્મા ભક્તિને મુક્તિના સાધન તરીકે વર્ણવવામા આવી છે ત્યાં એમ કહેવામાં આવ્યુ છે કે **यो भजति सोऽमृतो भवति**-જે ભજે છે તે અમૃત થાય છે, મોક્ષ મેળવે છે આગળ જતા એ જ ઉપનિષદ્મા **मुक्तो भवति संसृते**-સસારમાથી તે (ભક્ત) મુક્ત થાય છે-એવા વાક્યો જોવામા આવે છે જેવો જેવો અધિકારી તેવુ તેવુ તેવુ સાધન કોઇ ભક્તિને સાધન તરીકે સ્વીકારે તો કોઇ જ્ઞાનને સાધન તરીકે સ્વીકારે આ પરિસ્થિતિમા જ્ઞાન અને ભક્તિનો વિરોધ આવતો નથી, પણ તેમા એક શકા રહે છે. અને તે નીચે પ્રમાણે છે બૃહદારણ્યકમા ઉપર જણાવ્યુ તે પ્રમાણે એમ કહેવામાં આવ્યુ છે કે જે અક્ષરબ્રહ્મને જાણે તે પાપને તરી જાય આ ઉપરથી એટલુ તો સ્પષ્ટ જણાય છે કે જ્ઞાન પ્રાપ્ત કરવાની દશામા પણ પાપ હોઈ શકે છે આ પ્રમાણે જો ન સ્વીકારીએ તો **य एवं वेद स पाप्मानं तरति** એ શ્રુતિનો વિરોધ આવે છે, માટે અન્યથાનુપપત્તિથી આપણે સ્વીકારવુ પડશે જ કે જ્ઞાનદશામા પાપ હોઈ શકે છે વળી જ્ઞાન અને ભક્તિ એ બન્નેને સરખી રીતે મુક્તિના સાધન તરીકે જણાવવામા આવ્યા છે તેથી એવો સદેહ થાય કે જેમ જ્ઞાનદશામા પાપ હોય છે તેમ ભક્તિદશામા પાપ હોઈ શકે કે ન હોઇ શકે ? આના ઉત્તરમા કોઇ કહેશે કે શ્રુતિમા તો પાપના નાશની સામાન્ય વાત છે, અને તે ઉપરાત મુક્તિ મળે તે પહેલા તો અવશ્ય પાપનો નાશ થવો જોઇએ, તેથી શ્રુતિમા એક સ્થળે જે નિર્ણય કર્યો છે તે નિર્ણય બીજે સ્થળે પણ સ્વીકારવો જોઇએ આથી સ્પષ્ટ માલમ પડે છે કે જેમ જ્ઞાનદશામા પાપ હોઈ શકે છે અને જ્ઞાનના બળે તે પાપને તરી જવામા આવે છે તેમ ભક્તિદશામા પણ પાપ હોઇ શકે અને પછીથી ભક્તિના પ્રતાપે તે પાપ બળી જાય

ઉપર જણાવેલુ સમાધાન આપણને પણ એકદમ ખરૂ લાગશે પણ પહેલા જણાવ્યુ તે પ્રમાણે આપણે ધ્યાનમા રાખવુ જોઇએ કે પરમાત્માના વિષયમા મનુષ્યતર્ક નકામો છે. શ્રુતિમા અને તેને અવિરુદ્ધ સ્મૃતિમા જે કહેવામા આવ્યુ હોય તે સર્વથા સ્વીકારવાનુ છે આ વિષયમા ભગવાનના જ્ઞાનાવતાર બાદરાયણ મહર્ષિએ પોતના બ્રહ્મસૂત્રોમા સુંદર નિર્ણય આપ્યો છે તે મહર્ષિ **सम्पराये तर्तव्याभावात्** નામનુ સૂત્ર ત્રીજા અધ્યાયના ત્રીજા પાદમા યોજે છે સૂત્રનો અક્ષરાર્થ એ કે ભક્તિદશામા જ તરવાના પાપોનો અભાવ છે **सम्पराय** શબ્દનો અર્થ પરલોક પણ થાય છે, અને જ્યારે આ અર્થ લઇએ ત્યારે સૂત્રનો અર્થ એવો થાય કે જ્યારે પરલોક પ્રાપ્ત કરવાનો

હોય છે ત્યારે પાપનો અભાવ હોય છે **सम्पराय** શબ્દનો અર્થ ભક્તિમાર્ગ શી રીતે આવ્યો તે પણ જોવા જેવુ છે **पर** એટલે પુરુષોત્તમ, **अय** એટલે જ્ઞાન અને **सम्** એટલે સમ્યક્—સારુ—પુરુષોત્તમનુ સારુ જ્ઞાન જે સાધન વડે મળે તે સાધન **सम्पराय** કહેવાય આ સાધન તે ભક્તિમાર્ગ છે અને તેથી જ **सम्पराय** શબ્દનો અર્થ ભક્તિમાર્ગ અથવા ભક્તિદશા કરી શકાય એ જ શબ્દનો બીજી રીતે વિગ્રહ કરીએ તો પણ એનો અર્થ ભક્તિમાર્ગ થાય છે **पर** એટલે પુરુષોત્તમ **अय** એટલે ગમન, પ્રવેશ અને **सम्** એટલે સમ્યક્, સારી રીતે, **सम्पराय** એટલે જે સાધન વડે પુરુષોત્તમમા પ્રવેશ થાય તે સાધન, અર્થાત્ ભક્તિમાર્ગ આ છે ના બે વ્યાખ્યાનથી એમ માલમ પડે છે કે પુરુષોત્તમનુ જ્ઞાન અને પ્રાપ્તિનુ સાધન ભક્તિમાર્ગ છે

કોઈને અહીં એમ શકા થાય કે **सम्पराय** નો યૌગિક અર્થ લેવાનુ કાંઈ પણ પ્રયોજન નથી, કારણ કે તે **रूढिर्योगमपहरति**–રૂઢ અર્થ યૌગિક અર્થ કરતા વધારે બળવાન્ છે–એ ન્યાયથી વિરુદ્ધ છે માટે યૌગિક અર્થ ન લેતા રૂઢ અર્થ લેવો જોઈએ આના સમાધાનમા જણાવવાનુ કે જ્ઞાનમાર્ગમા અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે અને ભક્તિમાર્ગમા પુરુષોત્તમની પ્રાપ્તિ થાય છે પુરુષોત્તમ અક્ષરબ્રહ્મથી પર છે એટલે જ્ઞાનમાર્ગમા અને ભક્તિમાર્ગમા વિશેષ છે અને તેથી ભક્તિમાર્ગ જ્ઞાનમાર્ગ કરતા ઉત્તમ છે આ ઉત્તમતા બતાવવાને સારુ **सम्पराय**નો યૌગિક અર્થ લેવામા આવ્યો છે સારાશ એ જ કે જ્ઞાનથી ભક્તિ ઉત્તમ છે, કારણ કે એકમા અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ છે અને બીજામા પુરુષોત્તમની પ્રાપ્તિ છે, તેથી ભક્તિની પહેલા જ સર્વ પાપોનો નાશ થવો યોગ્ય છે, નહિ કે ભક્તિદશામા

અહીં પણ એક શકા થાય કે ભક્તિમાર્ગનો જ્ઞાનમાર્ગથી ઉત્કર્ષ જ શી રીતે અને કયા પ્રમાણોને આધારે સિદ્ધ કરો છો ?

આનુ સમાધાન શ્રીમહાપ્રભુજી ઘણુ સારુ આપે છે જ્યારે મનુષ્ય બ્રહ્મભૂત થાય છે ત્યારે તેને ભક્તિનો સ્વાદ ચાખવાનો અમૂલ્ય અવસર મળે છે, અને જ્યારે બ્રહ્મભાવ પછી ભક્તિ આવી હોય ત્યારે પુરુષોત્તમના સ્વરૂપનુ યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરે છે પુરુષોત્તમનુ પૂર્ણ જ્ઞાન **ભક્તિથી જ** મળી શકે છે, કારણ કે ભગવાન પોતે ગીતામા આજ્ઞા કરે છે કે **भक्त्या माममिजानाति**–ભક્તિના સાધન વડે મને તે ઓળખે છે જ્ઞાનમાર્ગમા અક્ષરબ્રહ્મના **સાક્ષાત્કાર પછી** પુણ્ય અને પાપ કર્મોની નિવૃત્તિ થાય છે અને પછી સુખની પ્રાપ્તિ થાય છે, પણ ભક્તિમાર્ગમા તો **સર્વ પાપનો નાશ થયા પછી જ ભક્તિ ઉદ્ભવે** છે અને ત્યારથી જ સુખની પ્રાપ્તિ થાય છે આથી જ્ઞાનમાર્ગ કરતા ભક્તિમાર્ગ ઉત્કૃષ્ટ છે એ વાત સિદ્ધ થાય છે ભક્તિમાર્ગમા ભક્તિના પ્રાદુર્ભાવ પહેલા જ પાપનો નાશ થાય છે એ વાતને પોષે એવા અનેક વાક્યો શાસ્ત્રમાથી મળી આવે છે શ્રીમદ્ભાગવતના છઠ્ઠા સ્કન્ધના ચૌદમા અધ્યાયમા એમ કહેવામા આવ્યુ છે કે **मुक्तानामपि सिद्धाना नारायणपरायण । सुदुर्लभ प्रशान्तात्मा कोटिष्वपि महामुने ॥** મુક્ત અને સિદ્ધ પુરુષોમા નારાયણપર તો કરોડમા કોઈક જ હોય છે બ્રહ્મસૂત્રના **मुक्तोपसृप्यव्यपदेशात्** નામના સૂત્રમાથી પણ આજ ધ્વનિ નીકળે છે બીજે સ્થળે પણ નીચેના શ્લોકો જોવામા આવે

जन्मान्तरसहस्रेषु तपोध्यानसमाधिभि । नराणा क्षीणपापाना कृष्णे भक्ति प्रजायते ॥
जन्मान्तरसहस्रेषु समाराध्य वृषध्वजम् । वैष्णवत्व लभेत् कश्चिन् सर्वपापक्षयादिह ॥

હજારો જન્મો પછી તપ, ધ્યાન, સમાધિ વગેરે સાધનોથી સર્વ પાપ નાશ પામ્યા પછી કૃષ્ણમાં ભક્તિ થાય છે સર્વ પાપના ક્ષય પછી જ વૈષ્ણવત્વ પ્રાપ્ત થાય છે[1]

ઉપર કહ્યુ તેનો સાર એ જ કે પાપનો નાશ થાય ત્યાર પછીજ ભક્તિ સભવી શકે, અને તેથી જે ખરેખરો ભક્ત છે તેને પાપ જેવી તરવાની વસ્તુ જ હોતી નથી આ કારણથી જ જ્ઞાનમાર્ગ કરતા ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે, જ્ઞાન કરતા ભક્તિ ચઢે છે

અહી કોઇને શકા થાય કે શ્રુતિમા તો **य एवं वेद**–જે આ પ્રમાણે જાણે છે–એવુ સામાન્ય વચન છે, તેથી જેમ અક્ષર બ્રહ્મને જાણનારને પાપાદિ તરવાના હોય છે તેમ પુરુષોત્તમને જાણનારને પણ પાપાદિ તરવાના હોવા જોઇએ

આ શકાનુ નિરાકરણ શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસ **तथा ह्यन्ये** એ સૂત્રભાગથી કરે છે **तथा** એટલે જ્ઞાન પછી જે પાપવાળાઓ હોય છે તે **अन्ये** ભક્તિમાર્ગીયોથી પૃથક્–જુદા–છે આ વાત ઉપપન્ન–યોગ્ય–છે એમ **हि** શબ્દનો અર્થ થાય છે આથી ઉપરની શકાને સ્થાન રહેતુ નથી,

વાદી કહેશે કે આ બધી વાત ખરી પણ તેમા એક વિરોધ આવે છે અને તેથી તમે અત્યાર સુધી જે સિદ્ધ કર્યુ તે બધુ અસત્ય ઠરે છે તે વિરોધ આ પ્રમાણે છે ભક્તિમાર્ગમા શ્રીગોપીજનનુ આદર્શ રાખવામા આવે છે, એટલે તે ઉત્તમ પ્રકારના ભક્તો છે એ વાત સિદ્ધ થાય છે તેમની ભક્તિદશાની સ્થિતિનો વિચાર કરતા જણાય છે કે તેઓ સુખી ન હતા પણ અનેક પ્રકારનુ દુ ખ વેઠતા હતા તે વિષે શ્રીમદ્ભાગવતમા કહ્યુ છે કે **दुःसहप्रेष्ठविरहतीव्रतापधुताशुभाः । ध्यानप्राप्ताच्युताश्लेषनिर्वृत्या क्षीणमङ्गला ॥** દુ સહ એવો જે પ્રિયતમનો વિરહ, તે રૂપી અગ્નિ, તેના **તાપથી** જેમના સર્વ અશુભનો નાશ થયો છે તેવા શ્રીગોપીજન વિરહાગ્નિના તાપનો અનુભવ અને દુ ખ શ્રીગોપીજનને થયુ હતુ અને તેમના પુણ્ય અને પાપનો નાશ થયો હતો એમ આ શ્લોક ઉપરથી જણાય છે જ્યારે શ્રીગોપીજનરૂપી તમારા ભક્તિમાર્ગના આદર્શભક્તોને પણ આવા પ્રકારનુ દુ ખ સહન કરવાનુ હોય છે તો પછી સાધારણ ભક્તની દશાનુ તો શુ જ કહેવુ ? તાત્પર્ય એ કે ભક્તિમાર્ગમા શ્રીગોપીજન જેવા ભક્તોથી આરભીને તે એક સાધારણ ભક્ત સુધીના દરેક ભક્તને દુ ખનો અનુભવ કરવો પડે છે આથી ભક્તિમાર્ગમા ભક્તને કોઇ પણ પ્રકારનુ પાપ–દુ ખ–હોતુ નથી. એ વાત કપોલકલ્પિત જ લાગે છે, મનોરથમાત્ર છે, અને આમ છે તો પછી જ્ઞાનથી ભક્તિના ઉત્કર્ષની વાત જ ક્યા રહી ?

આ શકાનુ સમાધાન બાદરાયણ મહર્ષિ **छन्दत उभयाविरोधात्** સૂત્રથી કરે છે **छन्द** એટલે ઇચ્છા કેટલાક ભક્તિમાર્ગીયોના પાપોનો ભક્તિની પહેલા નાશ નથી થતો તેનુ કારણ ભગવદિચ્છા છે જ્યારે ભગવાનની એવી ઇચ્છા થાય કે આ ભક્તને વિરહાગ્નિનો તાપ આપી તેના પાપનો નાશ કરવો છે ત્યારે તે ભક્તના પાપ ભક્તિના પ્રાદુર્ભાવ પહેલા નાશ પામતા નથી અને ભક્તિદશામા ચાલુ રહે છે તેથી ભક્તિની પહેલા પાપનો નાશ થાય છે એવા વાક્યોને ભક્તિની પછી પાપનો નાશ થાય છે એ તાત્પર્યના વાક્યો સાથે કોઇ પણ પ્રકારનો વિરોધ આવતો

---

[1] આ ઉપરથી જે લોકો પોતાને ભક્તિમાર્ગીય અથવા તો વૈષ્ણવ કહેવડાવવા માગે છે તેમણે ખાસ ધ્યાનમા રાખવુ કે સર્વ પ્રકારના પાપો નષ્ટ થાય છે ત્યાર પછી જ ભક્તિનો ઉદય થાય છે પાપ હોવા છતા પણ એમ કહેવામા આવે કે અમે તો ભક્તિ કરીએ છીએ અને તેના પ્રમાણમા अपि चेत्सुदुराचार ઈત્યાદિ શ્લોક આપીને પોતાના પાપનો બચાવ કરવામા આવે તો ત્યા મૂર્ખતાની અવધિ જ આવી ગઇ [illegible]

નથી ભક્તિની પહેલા પાપનો નાશ થવો જોઈએ એ સામાન્ય નિયમ છે અને તેના અપવાદરૂપે ભક્તિની પછી પાપનો નાશ થાય છે આ અપવાદ ભગવાનની ઇચ્છાને લીધે જ પ્રાપ્ત થાય છે ભગવાનની આ ઇચ્છાવિશેષમા પણ પ્રયોજન રહેલુ છે ભગવલ્લીલાનો આનન્દ લેનારા ભક્તોનો સ્નેહ ઉપાધિવાળો નથી હોતો, તેમનુ શરીર પણ સગુણ-પ્રાકૃત-હોતુ નથી અને તેમને સુકૃત કે દુષ્કૃત-પુણ્ય કે પાપ હોતુ નથી આ સિદ્ધાન્ત દર્શાવવાને માટે ભગવાને કેટલાક ગોપીજનોમા વિપરીત ધર્મો મૂક્યા અને તેને પરિણામે ભગવત્પ્રાપ્તિમા પ્રતિબન્ધ નાખ્યો, અને ત્યાર પછી તે વિપરીત ધર્મવાળી દશાનો પોતે જ નાશ કરી પોતાની લીલામા તે ગોપીજનોને ભાગીદાર બનાવ્યા આના પ્રયોજનો ભગવાનની ઇચ્છાવિશેષમા જોવામા આવે છે આ ઇચ્છાવિશેષ ઉપરથી આપણે એવો સામાન્ય નિયમ કાઢી ન શકીએ કે ભક્તિ પછી પાપનો નાશ થાય છે કોઈ ખાસ પ્રયોજન હોય છે ત્યારે જ સામાન્ય નિયમના અપવાદરૂપે ભક્તિ પછી પાપ નાશ થાય છે આ વિષયમા અગ્નિનો દાખલો ઘણો સારો છે કેટલાક મન્ત્રોની એવી શક્તિ હોય છે કે તે મન્ત્રો જ્યારે બોલવામા આવે ત્યારે અગ્નિની દાહક શક્તિ તિરોહિત થાય છે અને તે અગ્નિ કોઈને બાળી શકતો નથી આથી આપણે એમ ન કહી શકીએ કે અગ્નિમા દાહક શક્તિ નથી અગ્નિમા જે બાળવાનો ગુણ હતો તે ગુણ મન્ત્રના પ્રતિબન્ધથી તિરોધાન પામ્યો છે અમુક સયોગમા પોતાની શક્તિ ગુમાવી બેસે છે, હમેશને માટે નહિ તે જ પ્રમાણે ભક્તિમાર્ગની સ્થિતિ છે

સાર એટલો જ કે ભક્તિની પહેલા જ પાપનો નાશ થાય છે એ સામાન્ય નિયમ છે અને ભક્તિની પછી પાપ નાશ પામે છે તે અપવાદ છે જ્ઞાનમાર્ગમા તો જ્ઞાન પછી જ પાપ નાશ પામે છે આથી ભક્તિમાર્ગનો જ્ઞાનમાર્ગથી ઉત્કર્ષ સિદ્ધ થઈ જાય છે

ગોવિન્દલાલ

મુબઈના વૈષ્ણવોનો પોલ પત્ર સામે પોકાર.

સ્થળ— માધવબાગ **સમય**—તા ૨૧-૨-૨૬ સાજના ૭ વાગે

પ્રમુખ— મોરબીના દિવાન રા રા રણછોડદાસ વૃન્દાવનદાસ પટવારી

મુખ્ય વક્તાઓ— ડેક્કન કૉલેજના સસ્કૃતના પ્રોફેસર અને પુષ્ટિમાર્ગના અદ્વિતીય મર્મજ્ઞ વિદ્વાન્ શાસ્ત્રી મગનલાલ ગણપતરામ, મુબઈ હાઈકોર્ટના વકીલ રા રા વાડીલાલ નગીનદાસ શાહ અને રા રા મૂલચન્દ્ર તુલસીદાસ તેલીવાળા

ગોસ્વામિશ્રીગોકુલનાથજીનો ઉપસંહાર.

વ્યાખ્યાનોનો સાર—પુષ્ટિમાર્ગ વૈદિક છે પોલ પત્રમા શ્રીવલ્લભાચાર્યજી સામે કરવામા આવેલા આક્ષેપોનો સપ્રમાણ પરિહાર આક્ષેપ કરનારાઓ સામે પગલા લેવાની, યોગ્ય સૂચના. નિન્દાનુ અસત્ય સ્વરૂપ અને વૈષ્ણવોનુ કર્તવ્ય

મુબઈ ખાતેથી પ્રગટ થતા 'પોલ' પત્રમા વૈષ્ણવ સપ્રદાય અને શ્રી વલ્લભાચાર્યજી પર થતા રહેલા ચાલુ આક્ષેપોથી વૈષ્ણવજનતામા ખળભળાટ થયો છે વૈષ્ણવસૃષ્ટિને આ આક્ષેપો અસહ્ય થઈ પડ્યા છે અને તે સામે પોતાનો મજબુત પોકાર મુબઈ શહેરમા જાહેર

સમાચો આરીતે બહાર પડવામા આવ્યો છે આ બાબતમા આક્ષેપોનો રદિયો આપવા માટે મુબઈના વૈષ્ણવોની મોટી જાહેર સભા રવિવારે સાજના ૬ કલાકે માધવબાગના વિશાળ ચોગાનમા મોરબી સ્ટેટના દિવાન સાહેબ શ્રીયુત રણછોડદાસ વૃન્દાવનદાસ પટવારીના પ્રમુખપણા હેઠળ મળી હતી, જે વેળાએ વૈષ્ણવ સ્ત્રી પુરુષોની ઘણી મોટી સખ્યાએ હાજરી આપી હતી આ વખતે હાજર રહેલાઓને બેસવાને માટે જમીનપર જાજમો પાથરવામા આવી હતી આજની સભામા ભુલેશ્વર મોટા મદિરવાળા ગોસ્વામી શ્રી ગોકુલનાથજી મહારાજ, તેમના લાલજી શ્રીગિરિધરલાલજી શ્રીદીક્ષિતજી તથા ગોસ્વામી શ્રીમગનલાલજી મહારાજે પણ હાજરી આપી હતી

શ્રીગોકુલનાથજી મહારાજને આવકાર

ગોસ્વામી શ્રીગોકુલનાથજી મહારાજ પોતાના લાલજી સાથે આવી પહોચતા સર્વેએ ઉભા થઇને વદન કર્યું હતુ અને તેમના નામનો જયઘોષ કરી આવકાર આપ્યો હતો મહારાજ શ્રીની બેઠક આગળ શ્રીનાથજી તથા શ્રીવલ્લભાચાર્યજીના ચિત્રજી પધરાવવામા આવ્યા હતા સભાની વ્યવસ્થા શ્રીવલ્લભ સ્વયસેવક મડળ ઠીક જાળવતુ હતુ સભાના કામકાજની શરૂઆત પહેલા કીર્તનમડળીએ પણ ભજનની ધુન ઠીક જમાવી હતી

સભાનુ કામકાજ શરૂ થતા રા૦ ત્રિકમદાસ ચતુભાઇએ સભા સબધની જાહેર ખબર વાચી સભળાવી હતી

મી૦ જમનાદાસ હરખજી સઘવીએ આજની સભાના પ્રમુખપદ માટે મોરબીના દિવાન સાહેબ શ્રીયુત રણછોડદાસ પટવારીની દરખાસ્ત કરી હતી જેને શ્રી નારણદાસ પુરસોતમદાસે ટેકો આપતા તાળીઓના અવાજો વચ્ચે શ્રીયુત પટવારીએ પ્રમુખપદ લીધુ હતુ

પ્રમુખ શ્રીયુત પટવારીનુ ભાષણ

પ્રમુખ શ્રીયુત રણછોડદાસ વૃન્દાવનદાસ પટવારીએ શરૂઆતમાં હાજર રહેલાઓ પાસે ભગવત્સ્મરણ કરાવ્યુ હતુ અને ભાગવતનો શ્લોક પઢાવ્યો હતો અને તેમણે પરમેશ્વરના નામની જુદી જુદી જય બોલાવી હતી અને પુષ્ટિમાર્ગના દ્રોહીઓનુ પણ પ્રભુ ભલુ કરો એવી પ્રાર્થના કરી હતી

બાદ તેમણે જણાવ્યુ કે મારામા ઉપદેશ આપવાનુ સામર્થ્ય નથી તેમજ વૈશ્ય હોવાથી ઉપદેશ આપવાનો મારો અધિકાર પણ નથી ખરૂ વૈષ્ણવત્વ મારાથી ઘણુ દૂર છે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાતો મુજબનુ વૈષ્ણવત્વ આપણાથી ઘણુ દૂર છે

આજની સભામા તે સિદ્ધાત રજુ કરવાનો વિચાર હતો પણ આજનો હેતુ તો આક્ષેપોનો જવાબ આપવાનો છે.

ખરો વૈષ્ણવ કોને કહી શકાય ?

ભગવદ્ગીતાના અભ્યાસીઓ મુબઇમા પુષ્કળ છે કોઇ પણ વૈષ્ણવ જો ખરો હોવાનો દાવો કરતો હોય તો તેણે શ્રીકૃષ્ણની આજ્ઞા અને ઉપદેશનુ પાલન કરવુ જોઇએ પ્રભુને એ ભક્ત પ્રિય છે કે જે પોતે ઉદ્વેગ ન કરે અને બીજાને ઉદ્વેગ ન કરાવે અને અહિંસાનુ સપૂર્ણ પાલન કરે હુ આ સિદ્ધાત તરફ તમારુ લક્ષ ખેચવા માગુ છુ મનમા ઉદ્વેગ થયો હોય તો પ્રભુમા ચિત્ત ન રહી શકે પ્રભુમા ચિત્ત રાખવાનો પણ મહાપ્રભુજીનો સિદ્ધાત છે જેણે મહાપ્રભુજીના સિદ્ધાતો વાચ્યા છે તે જાણે છે કે ક્ષણવાર પણ પ્રભુનુ સ્મરણ ભૂલાય તો અસુરાવેશ આવે અહીંના કેટલાક છાપાઓ વાચતા મોરબીમા બેઠા મને જણાયુ કે વૈષ્ણવોના કેટલાક ફોઈઓની ચળવળથી કેટલાક વૈષ્ણવોને હીસ્ટીરીઆનુ દરદ લાગુ પડ્યુ છે, આપણા સપ્રદાયમા જેટલુ સાહિત્ય

છે તેટલુ બીજા કોઈ પણ સપ્રદાયમા નથી સમાજના ગ્રથો અને બાઇબલ કેસનુ અવલોકન કરવા પછી હુ એ નિર્ણય પર આવ્યો છુ કે આપણા સપ્રદાયનુ કોઇ ખડન કરી શકે તેમ નથી

ગાળો દેવી એ કોઇ સિદ્ધાત નથી

ગાળીપ્રદાન એ કોઇ સિદ્ધાન્ત નથી આપણે ગાળીપ્રદાન કરવાનુ નથી દરેક વ્યાખ્યાતાને નમ્રપણે અરજ કરીશ કે તેઓ કોઇએ ગાળીપ્રદાનનો ઉપયોગ કરવો નહિ તમો મને જો વખત આપશો તો હુ ઉપસહારમા આ સિદ્ધાતો વિષે બોલીશ પણ મને લાગે છે કે તમે મને અર્ધો કે પોણો કલાક પણ નહિ આપી શકો, એટલે આવતી કાલે હુ આપની સેવામા હાજર થઇ આ સબધમા બોલીશ

શ્રીવલ્લભાચાર્યજીને કન્યા હતી કે?

શા ગૌરગોપાલશર્માએ જણાવ્યુ કે આપણા સંપ્રદાય અને શ્રીવલ્લભાચાર્યજી પર ટીકા કરનારાઓ એવો આક્ષેપ કરે છે કે શ્રીવલ્લભાચાર્યને એક પુત્રી હતી, અને તેમણે તેને શ્રી ચૈતન્ય વેરે આપી હતી આ બીના તદ્દન ગલત છે આપણા શ્રીવલ્લભાચાર્યજીને કન્યા હતીજ નહીં પરતુ જે વલ્લભાચાર્યને પુત્રી હોવાની બીના છે તેનુ નામ વલ્લભાચાર્ય નહીં પરતુ વલ્લભમિશ્ર હતુ અને વલ્લભમિશ્ર તથા શ્રીવલ્લભાચાર્યજીને કઇ સબધ ન હતો

શા વાડીલાલ નગીનદાસ શાહ

શા વાડીલાલ નગીનદાસ શાહે જણાવ્યુ કે શ્રીમદ્વલ્લભાચાર્યના ગ્રથનુ અધ્યયન કરીને તેમના ગ્રથ કે સિદ્ધાતો પર આક્ષેપ કરવામા આવતો હોય તો તેનો રદીઓ આપણે આપવા તત્પર થવુ જોઇએ પરતુ પુષ્ટિમાર્ગના સિદ્ધાતો શા છે, શ્રીમદ્વલ્લભાચાર્યના સિદ્ધાતો શા છે તે જાણ્યા વગરજ પુષ્ટિમાર્ગ પર આક્ષેપો કરવામા આવે છે સદ્બુદ્ધિથી આક્ષેપ કર્યો ત્યારેજ કહી શકાય કે જ્યારે આક્ષેપ કરનારે પુષ્ટિમાર્ગના સિદ્ધાતોનુ મનન કર્યુ હોય

ખુલ્લી ચેલેજ

આપણા આચાર્યચરણ પર ઘણા નીચ આક્ષેપો કરવામા આવે છે તેના સબધમા હુ ખુલ્લુ ચેલેજ અહી આપુ છુ કે શ્રીમદ્વલ્લભાચાર્યના સન્યાસના ગ્રથમાથી અથવા અન્ય ગ્રન્થોમાથી વ્યભિચારને પોષક એક પણ શબ્દ કહાડી આપે તો તેનો ગુલામનો ગુલામ થવા તૈયાર છુ ચેલેજમા રૂપીઆની રકમ મુકી હોય તો રૂ ૧ થી ૫ હજાર, દશ હજાર સુધીની ચેલેજ કરવા તૈયાર છુ પરતુ આ તો ફક્ત પુષ્ટિમાર્ગને હલકો પાડવા માટેજ આવો ધધો લઇ બેઠા છે ટુકમા એટલુજ કે આપણે કદી ગાળીદાનનો ઉત્તર ગાળીદાનથી આપીએ નહી જો શાસ્ત્રાર્થ રીતસર કરવો હોય તો શ્રીમાન્ મગનલાલ શાસ્ત્રીજી અને બીજા વિદ્વાનો તેવો શાસ્ત્રાર્થ કરવા તૈયાર છે (તાળીઓ) કૃષ્ણદાસની વાર્તામા વ્યભિચાર પોષક કે નીતિને બાધ આવે તેવો કોઇ પણ ભાગ નથી કે જે વિષેનુ ચિત્ર વિરોધીઓએ મારા ચેલેજના જવાબમા મોકલી આપ્યુ હતુ પુષ્ટિમાર્ગીય સિદ્ધાંત શુ અને તેના ગ્રન્થો કયા ને જોવા હોય તો શ્રીમદ્વલ્લભાચાર્યના ગ્રન્થો જોવા જોઇયે જો તેઓ એમ કબુલ કરે તો શ્રીમદ્વલ્લભાચાર્યના કોઇ પણ ગ્રન્થમા વ્યભિચાર પોષક શબ્દ નથી જો તેઓનામા સદ્બુદ્ધિ હોય તો અને શુદ્ધનિષ્ઠાથી તેમણે આક્ષેપો કર્યા હોય તો તેઓએ આ બીનાનો સ્વીકાર કરવો જોઇએ અને જો તેઓ તેમ કરે તો પુષ્ટિમાર્ગના બીજા ગ્રન્થોના સબધમા પણ હુ પુરવાર કરી આપીશ કે અમારા પુષ્ટિમાર્ગના સિદ્ધાતો અને

કારિકામાં ઉપદેશ સૌથી પ્રથમ વિષ્ણુસ્વામીએ કરેલો છે ટુંકમાં એટલું જ કહીશ કે વિષ્ણુસ્વામી શંકરાચાર્યના શિષ્ય હતા તેવું કંઈ હાલના ગ્રંથોમાંથી મળી આવતું નથી

બિલ્વમંગળ માયાવાદી હોવાની ખરી વાત

હવે બિલ્વમંગળ માયાવાદી હતા એવો આક્ષેપ કરવામાં આવે છે તે સંબંધમાં હું કહીશ કે તે વાત સત્ય છે પરંતુ તે અપવાદ રૂપ છે શ્રીબિલ્વમંગળે કૃષ્ણકર્ણામૃત બનાવ્યું છે, તેઓ શ્રી વિઠ્ઠલેશના ભક્ત હતા તેઓ ભક્તિમાં માયાવાદ ભુલી ગયા હતા અને તેમનું હૃદય ભક્તિમય બની ગયું હતું

શ્રીલક્ષ્મણ ભટ્ટજી ગોપાલના ઉપાસક

આગળ ચાલતાં આક્ષેપકાર લક્ષ્મણ ભટ્ટજીના વંશજો માયાવાદી કેમ નહીં એમ કહે છે તેના સંબંધમાં એટલુંજ કહેવાનું કે જો આક્ષેપકારે સુબોધિનીનું પહેલું પાનું વાંચ્યું હોત તો તેને જણાત કે શ્રીલક્ષ્મણ ભટ્ટજી ગોપાલના ઉપાસક હતા એવું શ્રી વલ્લભાચાર્યજી સ્પષ્ટ કહે છે તેનાને માયાવાદી કહેવા તેનો કંઈ અર્થ નથી તેઓ તો કંઈપણ આ બાબતમાં ઉંડા ઉતર્યા વગર પોતાના ઉદર પોષણ માટે આવા આક્ષેપો કરવામાંજ પોતાનું સર્વ માની લે છે

માયાવાદનું કરેલું ખંડન

શ્રીવલ્લભાચાર્યજી અક્ષરે અક્ષરે માયાવાદનું ખંડન કરે તે પોતે માયાવાદી ક્યાંથી હોઈ શકે? જેઓ બ્રહ્મસૂત્રના ૨-૨-૨૬ ઉપરના અણુભાષ્યમાં માયાવાદનું સ્પષ્ટ ખંડન કરે છે તેઓમાં માયાવાદનો ગંધ પણ ક્યાંથી હોય[૧]?

આ ઉપરથી તો માત્ર એટલુંજ જણાઈ આવે છે કે તેવાને કદાચ તેવા દેખાતા હશે પરંતુ ઐતિહાસિક શોધખોળોથી તે પુરવાર કરી શકે તે બનવાજોગ નથી

---

[૧] બ્રહ્મસૂત્ર ૨-૨-૨૧ ઉપરનું અણુભાષ્ય નીચે પ્રમાણે છે —

एव सत कारणत्व पूर्वपाद उपपाद्यासत कारणत्व निराकृत्य व्यासचरणैर्वेदानामव्याकुलत्वे सपादितेपि पुनस्तद्व्यामोहनाय प्रवृत्तस्य भगवतो बुद्धस्याज्ञया ' त्व च रुद्र महाबाहो मोहशास्त्राणि कारय ' (व० पु० ७० । ३६) ' अतथ्यानि वितथ्यानि दर्शयस्व महाभुज । स्वागमं कल्पितैस्त्व च जनान्मद्विमुखान् कुरु ॥' (प पु उ) इत्येवरूपया महादेवादय स्वांशेनावतीर्य वैदिकेषु प्रविश्य विश्वासार्थं वेदविभागान् यथार्थानपि व्याख्याय सदसद्विलक्षणामसदपरपर्यायामविद्या सर्वकारणत्वेन स्वीकृत्य तन्निवृत्त्यर्थं जातिभ्रंशरूप सन्यासपाखण्ड प्रसार्य सर्वमेव लोक व्यामोहितवन्त । व्यासोपि कलह कृत्वा शङ्कर शप्त्वा तूष्णीमास । अतोग्निना मया सर्वत सदुद्धारार्थ यथाश्रुति श्रुतिसूत्राणि योजयता सर्वो मोहो निराकृतो वेदितव्य ।

ઉપરના ભાષ્યનો સાર નીચે પ્રમાણે —

દૈત્યોને મુગ્ધ કરવાની પ્રવૃત્તિવાળા બુદ્ધ ભગવાનની આજ્ઞાથી મહાદેવ વગેરે દેવો પોતાના અંશ વડે પૃથ્વી ઉપર અવતરી વૈદિક શિષ્ટ પુરુષોમાં પ્રવેશ કરી વિશ્વાસ મેળવવા ખાતર વેદવિભાગનું બરોબર વ્યાખ્યાન કરીને સત અને અસતથી વિલક્ષણ એવી અવિદ્યાને સર્વના કારણ તરીકે સ્વીકારીને, અવિદ્યાને દૂર કરવા જાતિના ભ્રંશરૂપ સન્યાસપાખણ્ડનો પ્રચાર કરીને આખા જગતને મોહાન્ધકારમાં નાખ્યું વ્યાસ ભગવાને આ કાર્ય માટે ઘણો કલહ કર્યો અને શંકરને શાપ આપી શાંત બેસી રહ્યા તેથી અગ્નિરૂપી જે હું તેણે સત્પુરુષોના સમ્પૂર્ણ ઉદ્ધાર માટે શ્રુતિઓનો યથાર્થ અર્થ આપ્યો અને સર્વ મોહનું નિરાકરણ કર્યું

પુષ્ટિમાર્ગના ભદ્રંભદ્રવાદીઓ શ્રીમહાપ્રભુજીના આ વચનો વાંચી વિચાર કરશે? તંત્રી

શ્રીવલ્લભાચાર્યજી તો બ્રહ્મવાદી હતા

આચાર્યની યોગ્યતા એ છે કે તેમના મત પુરુષો શુદ્ધ હોવા જોઈએ જો તેમ ન હોય તો ગમે તેવા અગડમ બગડમ આચાર્ય બની જાય અમે તો એટલે સુધી કહીએ છીએ કે શ્રીવલ્લભાચાર્યજી તો શું પણ તેમની સાત પેઢી બ્રહ્મવાદી હતી

શ્રીલક્ષ્મણ ભટ્ટજીએ સન્યસ્ત લઈ તેનો ત્યાગ કરેલો કે ?

આક્ષેપ કરનારનું વળી કંઈક મગજ ચસકે છે અને કહે છે કે શ્રીલક્ષ્મણ ભટ્ટજીએ સન્યસ્ત લીધા પછી તેનો ત્યાગ કર્યો હતો એટલે કે તેઓ ઓકેલું ખાઈ ગયા છુ તો આ આક્ષેપકારને એટલુંજ પૂછું છું કે તમે મનુસ્મૃતિનો છઠ્ઠો અધ્યાય જોયો છે કે વાંચ્યો છે કે જેમાં સન્યસ્તાશ્રમ વિષે વર્ણન કરવામાં આવ્યું છે આનો જવાબ એટલોજ કે આ બધી વાત બનાવટી છે લક્ષ્મણ ભટ્ટજીના પિતા વલ્લભભટ્ટજી ગૃહસ્થ હતા અને જો લક્ષ્મણભટ્ટજીએ કદાચ સન્યસ્ત લીધું હોય અને તેમના પિતા વલ્લભભટ્ટજીએ તેમને પાછા આણ્યા હોય તો તેમાં કંઈ પણ અઘટિત ગણી શકાય નહી. કારણ કે લક્ષ્મણભટ્ટજીએ ગૃહસ્થાશ્રમધર્મનું પાલનજ કર્યું ન હતું અને તેથી તેઓ સન્યસ્તધર્મના અધિકારી ન હતા શ્રીલક્ષ્મણભટ્ટજી ગોપાલભક્ત હતા અને તેમના પિતા તેમના કુટુંબમાં થયેલ ૯૫ યજ્ઞોમાં પાંચ યજ્ઞોનો ઉમેરો કરીને શ્રીવલ્લભાચાર્યજીનો પ્રાદુર્ભાવ કર્યો હતો બાકી લક્ષ્મણભટ્ટજી સન્યસ્ત થયા અને તે પછી ગૃહસ્થાશ્રમી થયા તે વાતનો પુરાવો ઐતિહાસિક રીતે મળી શકતો નથી તમે જેને પાગલ કહો છો તે એટલું તો સમજે છે કે ચોક્કસ લખાણ કરવા જતા જેનજાત્રા કરવી પડે તેથી માત્ર એટલોજ ગોળા ફેંકે છે કે શ્રીવલ્લભાચાર્યજીની ઉત્પત્તિ જુદી રીતે થઈ છે આનો અર્થ તમોને જેમ ફાવે તેમ સમજો અમે પૂછીએ છીએ કે આ લખવાનો અર્થ શો ? શું તેમના પિતાશ્રી લક્ષ્મણભટ્ટજી નહીં ? જો તેમ કહેવા માગતા હો તો તે બતાવે કે તેમના માતાપિતા કોણ ? તે એમ કહે છે કે શ્રીમહાપ્રભુજીએ પણ સન્યસ્તનો ત્યાગ કર્યો હતો અમે પૂછીએ છીએ કે આ બીના કયા ઇતિહાસમાં લખેલી છે તે બતાવે. શ્રીવલ્લભાચાર્યજીએ બ્રહ્મચર્યાશ્રમનું પૂર્ણ રીતે પાલન કીધા બાદ, ગૃહસ્થાશ્રમનું પૂર્ણ રીતે પાલન કીધા બાદ, ગૃહસ્થાશ્રમ ધર્મ ભોગવી તેમણે બાવનમે વર્ષે ૧૫૮૭ મા વૈશાખ સુદિ ૧૦ ને દિવસે સન્યસ્ત લીધું હતું આ સન્યસ્ત કંઈ હાલમાના કેટલાકના જેવો નહી પરંતુ શુદ્ધ સન્યસ્ત હતો. ક્ષમા કરજો કે અત્રે કહેવાયું છે કે ગાળીનો ઉપયોગ કરવો નહી, પરંતુ જે શબ્દો ગ્રંથોમાં હોય તે કહેવાનો શું મને અધિકાર નહી કે ? અને તે જો હું તમોને ન કહું તો શું જંગલમાં જઈને કહું ? (તાળીઓ) શ્રીવલ્લભાચાર્યજી કંઈ એમ નથી કે ગમે તેને સીંગડું મારે તેમને સત્પુરુષોના ઉદ્ધારને માટે આકાંક્ષા છે આ બધું કહેવાનો ઉદ્દેશ માત્ર એ હતો કે તેમના વખતમાં સન્યસ્ત પાખંડ ચાલતું હતું તેમાંથી રક્ષણ કરવા માટે શ્રીવલ્લભાચાર્ય પ્રગટ થયા (તાળીઓ)

વર્ણાશ્રમધર્મના રક્ષક

શ્રીવલ્લભાચાર્યજી સન્યાસ્તના દુશ્મન ન હતા, પરંતુ સન્યસ્ત પાખંડના દુશ્મન હતા હાલમાં તો એટલું જ કહેવું બસ છે કે શ્રીમદ્વલ્લભાચાર્યજી વર્ણાશ્રમના રક્ષક હતા અને તેમને પણ તેઓ પ્રભુનો અંશ હોવા છતાં પણ ધર્મોનું પાલન કરવું પડયું હતું કારણ કે જો તેઓ પોતે તેનું પાલન ન કરે તો પછી તેની અસર તેમના અનુયાયીઓ પર ઓછી થાય આ પછી તેઓશ્રીએ ગૃહસ્થધર્મનું પાલન કરીને અને પોતે ભક્તિમાર્ગસન્યાસ ગ્રહણ કર્યો હતો

કોર્ટમાં ઘસડો કે ઈશ્વર સ્મરણ કરો

તે શ્રીવલ્લભાચાર્યજી અને શ્રીમહાલક્ષ્મીમાજીને લાકડે માકડુ કહે છે મને તો દયા આવે છે કે તમે એવા કેવા નિર્માલ્ય થઇ ગયા છો કે જાણે કંઇ બન્યુજ ન હોય તેમ બેસી રહ્યા છો મારૂ તો એટલુજ કહેવુ છે કે કા તો તમે વીરરસ ધારણ કરીને તેને કોર્ટમાં ઘસડો અને તેમ ન થઇ શકતુ હોય તો ઈશ્વરસ્મરણ કરો પરતુ આવી રીતે તટસ્થવૃત્તિ ધારણ કરીને જોયા કરવુ જોઇએ નહીં, અને હા, સભાઓ ભરીએ છીએ—સભાઓ ભરીએ છીએ એમ કહેવુ અને સભાઓ ભરીને કઇ કાર્ય ન કરવુ તેમા કઇ અર્થજ નથી

એક માર્ગ નકકી કરો

તમારે એક માર્ગ નકકી કરવો જોઇએ કે તમે શુ પગલુ સભાઓ ભરી લેવા માગો છો કારણ કે ખોટો કાળક્ષેપ કરવો તે ઠીક નથી કા તો કેસ યા તો નિર્ણય કરો કે અમારે શ્રીવલ્લભાચાર્યજીના ગ્રથોનુ અધ્યયનજ કર્યા કરવુ છે અકબર બાદશાહે આપણા ગોસ્વામી બાળકોને 'ગોસ્વામી'ની પદવી આપી છે અને તેમના વશજો અદ્યાપિ સુધી ભોગવી રહ્યા છે તેઓ કાઇ ગોસાઈના બાળકો નથી. આ પદવી તો આચાર્યશ્રીની ધર્મવૃત્તિ જોઇને જ અકબર બાદશાહે આપી હતી, અને વધુમાં બાદશાહે કેટલીક જમીન પણ ગાયોના ચારા માટે આપી છે હુ આવા આક્ષેપો કરનારને એટલુજ પૂછુ છુ કે પદરમા સૈકાથી આજ સુધીમા શ્રીવલ્લભાચાર્ય અને શ્રીગૌરાગ ચેતન્યજી સિવાય ત્રીજી કઇ વ્યકિત દેખાડી આપો છો કે? (તાળીઓ), શ્રીગૌરાગ ચેતન્યે પશ્ચિમનો પ્રદેશ અને શ્રીવલ્લભાચાર્યજીએ પૂર્વનો પ્રદેશ લીધો અને એ રીતે એ બન્ને આચાર્યોના અનુયાયીઓ પૂર્વ અને પશ્ચિમમા વસેલા છે (તાળીઓ)

કોણ કહે છે કે શ્રીવલ્લભાચાર્યજી જ્ઞાતિ બહાર હતા ?

આગળ ચાલતા એવો પણ અક્ષેપ કરવામા આવે છે કે શ્રીવલ્લભાચાર્યજી જ્ઞાતિ બહાર હતા હુ પૂછુ છુ કે એનો કઇ દસ્તાવેજ કે રેકર્ડ છે કે?

વળી એમ પણ તે કહે છે કે શ્રીવલ્લભાચાર્યજી સાથે તૈલગજ્ઞાતિ વ્યવહાર રાખતી નથી આનો જવાબ એજ છે કે તેમનો આ જ્ઞાતિનો વ્યવહાર ચાલુજ છે અને તેમનો કન્યાની આપ લેનો વ્યવહાર પણ તેજ જ્ઞાતિમા ચાલે છે

ગોસ્વામી મહારાજો ઉતરતી કોટિના બ્રાહ્મણ છે કે ?

અગાડી એ વાત કહે છે કે પુષ્ટિમાર્ગીય મહારાજો સર્વ બ્રાહ્મણોમા ઉતરતા છે ? હું એને એ પુછુ છુ કે કોને ચડતા કહેવા અને કોને ઉતરતા કહેવા ? ૪૫૦ વર્ષ સુધી સતત બ્રહ્મવા'ની પ્રતીતિ કરનાર બીજો કોઇ પણ બ્રાહ્મણ છે કે ? મનુસ્મૃતિ કહે છે કે બ્રાહ્મણના કરતા બ્રહ્મવાદી શ્રેષ્ઠ છે હું તો એટલુ જ કહીશ કે આ મહારાજશ્રીઓને ઉતરતા કહેનાર પોતેજ ઉતરતો છે

હવે એ પુષ્ટિમાર્ગને અવૈદિક કહે છે મહારાજ લાયબલ કેસ કઇ તે પુરવાર કરવા માટે માડવામા આવ્યો ન હતો. પરતુ માત્ર બદનક્ષીના સબધમાજ ફરીઆદ હતી મારી સામે આવે તો તેને ગાયત્રી મત્રના શબ્દનો તનૂ શબ્દ પણ ન બોલવા દઉ અને તેટલામાજ દેખાડી આપુ કે પુષ્ટિમાર્ગ વૈદિક છે। આ મત્રના 'વરેણ્યમ્' શબ્દમા 'વર' શબ્દજ પુષ્ટિમાર્ગીય છે તાત્પર્ય એટલુ જ કે પુષ્ટિમાર્ગ અવૈદિક નથી પુષ્ટિમાર્ગનો આધાર ભગવત્કૃપા છે પુષ્ટિ ભક્તિમાર્ગ વેદના પ્રમાણ કરતા કઇક ઉદાર છે એનો ખ્યાલ તેના અભ્યાસીઓને જ આવે છે

પુષ્ટિમાર્ગને અનીતિનો ભંડાર કહેવો તે તો ખરેખર જુઠાણું છે **નીતિમાર્ગમાં પુષ્ટિમાર્ગ સહુથી પ્રથમ છે, અનીતિ તો ત્યાં હોય કે જ્યાં ધર્મની ગંધ ન હોય, કૃષ્ણની અનન્યભક્તિ ન હોય**

છેવટે એટલુંજ કહીશ કે કરવામાં આવેલા આક્ષેપો હડહડતા ખોટા હતા પુષ્ટિમાર્ગ માસ્તિક છે ‘પોલ’વાળા જેવા હજારો આવે તોપણ પુષ્ટિમાર્ગ અચળ જ રહેશે (તાળીઓ) ‘પોલ’વાળો લખે છે કે મહારાજો વૈષ્ણવોની દીકરીઓને પોતાની દીકરીઓ તરીકે, માતાઓને માતાઓ તરીકે ગણશે? આપણે પૂછીએ છીએ કે તું કોણ છે? જે કંઇ કહેવાનું હશે તે **અમો વૈષ્ણવો મહારાજોને જો કંઇ દોષ જણાશે તો કહીશું** તારી કંઇ યોગ્યતા છે કે તું મહારાજોને ઉપદેશ કરવા આવ્યો છે, અને તેમને હવે શિષ્યોના પુત્રીઓ અને માતાઓને પોતાની દીકરી અને માતાઓ સમાન ગણવાની શીખ દેવા આવ્યો છે?

અમારે અને મહારાજશ્રીઓને ગુરુ શિષ્યોનો સંબંધ છે મહારાજશ્રીઓમાં કંઇ ઉણપ જણાય છે તો કડવા શબ્દો કહેવા પડે તો તે હું કહું છું અને મહારાજશ્રી સાંભળે પણ છે રા ધીરજભાઇએ ગઇ કાલેજ મહારાજશ્રી ગોકુલનાથજીને એક બે વાત કહી હતી અને તે તેઓશ્રીએ સાંભળી પણ હતી અમારા ધર્મની ઉન્નતિ માટે મે મારો દેહ ૫૦ વરસથી નાખ્યો છે અને તે ધર્મની સેવા બજાવવા હજી પણ પ્રયત્ન કરૂં છું એટલુંજ કહી હું મારૂં બોલવું પૂરૂં કરીશ

પ્રમુખશ્રી પટવારીએ જણાવ્યું કે હજી શ્રીગોકુલનાથજી મહારાજ ટુંક વિવેચન કરનાર છે, તેથી આજની સભાનું અધુરૂં રહેલું કાર્ય પૂરૂં કરવા માટે આવતી કાલ (સોમવારે) સાંજના ૬ કલાકે મોટા મંદિરની પાઠશાળાના હોલમાં મળશે, ત્યાં મારૂં ભાષણ હું આપીશ

શ્રીગોકુલનાથજી મહારાજનું વ્યાખ્યાન

શ્રીમદ્‌ગોસ્વામી શ્રીગોકુલનાથજી મહારાજે જણાવ્યું કે આપણા સંપ્રદાય પર આક્ષેપો કંઇ આજથીજ શરૂ થાય છે એમ નથી તે તો ચિરકાળથી થયા કરે છે તે આક્ષેપોની હમ્મેશ ઉપેક્ષાજ કરી છે જે સંપ્રદાયમાં પ્રભુસેવામાંજ સમગ્ર નિર્ગમન કરવાનો હોય તેમાં આવા આક્ષેપોનો જવાબ આપવામાં કાળ ગાળવાનો નજ હોય પણ જ્યાં સંપ્રદાય દૈવી જીવોના ઉદ્ધારાર્થે કામ કરી રહ્યાનો નિર્દેશ હોય ત્યાં એને વેદ વિરુદ્ધનો માર્ગ કહી તેની, શ્રીનાથજીની અને શ્રીમહાપ્રભુજીની નિંદા કરવામાં આવે તે અસહ્ય છે આપણે આ માર્ગના પ્રતિપાદનના સ્થાન બતાવ્યાં છે શ્રીમદાચાર્યચરણે જણાવ્યું છે કે વેદમાર્ગના એક અંશ પણ વિરુદ્ધ આ માર્ગ નથી તેઓશ્રી પોતાના ગ્રંથમાં ખુલ્લું કહે છે કે વેદમાર્ગની વિરુદ્ધનો માર્ગ પાખંડી જ કહેવાય આવું સ્પષ્ટ કહેલું હોવા છતાં ખોટા આક્ષેપો કરવામાં આવે તે કહી શકાય તેવા નથી **આચાર્યશ્રીએ પોતાના વંશના ઉદર પોષણ માટે વાડા બાંધ્યાં નથી, પરંતુ મનુષ્યના ઉદ્ધારને માટેજ આ માર્ગ યોજ્યો છે શ્રીમદાચાર્યશ્રીનું વાસ્તવિક અનુકરણ કરતો હોય અને તે વ્યભિચાર કરતો હોય તો પછી ભલે ગોસ્વામી હોય, પંડિત હોય કે સાધારણ માણસ હોય તોપણ તે આચાર્યશ્રીનું વાસ્તવિક અનુકરણ કરનારો નહીજ કહી શકાય.** અંશ પણ દોષ ન હોય તેવો તો કૃષ્ણ શીવાય બીજો કોઇ પદાર્થ નથી (તાળીઓ) પરંતુ દોષોમાં કેટલાક સહ્ય હોય છે અને કેટલાક અસહ્ય હોય છે. એવી રીતે કેટલાક દોષો દરેકમાં

જોવામા આવશે ભગવાન્ શ્રીકૃષ્ણની બહિર્મુખતાના કારણો શ્રી આચાર્યચરણે જણાવ્યા છે **તે કારણો આપણામા હોય તેને દૂર કરવાં જોઈયે** એ જુદી વાત છે, બીલકુલ ખોટી વાત છે કે ગોસ્વામી મહારાજો પોતાનો શ્રીકૃષ્ણ તરીકે ઓળખાવે છે (તાળીઓ) દરેક ગોસ્વામી પોતાને શ્રીકૃષ્ણના દાસ તરીકે માને છે અને જણાવે છે અમે એટલુ તો માનીએ છીએ કે અમારો હાથ શ્રીકૃષ્ણે પકડેલો છે

કોણ કહે છે કે વિદ્વાનોની કદર નથી ?

રા૦ તેવીવાળા કહી ગયા કે આ સપ્રદાયમા વિદ્વાનોની કદર થતી નથી, પરતુ હુ કહીશ **કે તે બધા માટે કહેવુ ઠીક નથી** કદાચ કોઈ એવી જગાએ હશે કે જ્યા આચાર્ય નિરક્ષર હોય અને ત્યા તેમ બનતુ હશે બાકી સઘળે ઠેકાણે તેવુ નથી શાસ્ત્રી મગનલાલે કટુ વચન વિષેની વાત કહી તેના સબધમા હુ કહીશ કે **તેમની કહેવાની અને અમારે સાંભળવાની ફરજ છે** (તાળીઓ), કારણ કે બાળકને પણ સાભળવુ જોઇએ, પરતુ તેઓ એમ તો નહીજ માનતા હોય કે આ રીતે તેમણે મારા વિષે કઈક ટીકા કરી હોય અને તે ખરી ગણી મે સ્વીકારી લીધી હતી

જો નિસ્વાર્થ વૈષ્ણવો મદિરના કામકાજનો બોજો ઉપાડી લે તો હાલમા આપણા સપ્રદાયના ગ્રથોનુ પ્રવચન કરવાનો વખત અમોને નથી મળતો તે મળવા પામે

સ્વાર્થવૃત્તિ નિવૃત્ત ક્યારે થાય ?

હવે હુ ગોસ્વામીઓ માટે પણ કહીશ બધા ગોસ્વામીઓ અને તેમા પણ મારે માટે હુ કહીશ કે **સ્વાર્થવૃત્તિ નિવૃત્ત ત્યારેજ થાય કે જ્યારે પ્રભુ કૃપા કરે**

ઉપાયો લેવાની જરૂર

આપણા સપ્રદાય પર નિરતર આક્ષેપો થતા હોવાથી તે સામે ઉપાયો લેવાની જરૂર જણાય છે. આ માટે એક માર્ગ એ છે કે આક્ષેપો બોલનારને બીજો માણસ થાપડ મારે, પણ તે માર્ગ આપણાથી લઈ શકાય નહી મારા પર નિદા આજકાલ નહી પરતુ નિરતર કર્યા કરે તો પણ મને તેની દરકાર નથી પરતુ અમારા આચાર્યચરણ અને શ્રીનાથજીની નિદા અમારા માટે અસહ્ય છે આપણે તે સામે પગલા લેવા જોઇએ આપણે જે પગલા લેવા તે ઉતાવળીયા નહી પરતુ પુરતો વિચાર કરીનેજ ભરવા જોઇએ હુ કઈ તમોને ઉશ્કેરવા માટે આ કહેતો નથી, પરતુ આવા પ્રહારો જો ચાલુ રહે તો ભાવી પ્રજાપર તેની ખોટી અસર થઈને આચાર્યશ્રી પ્રત્યે દુર્ભાવના પેદા થાય તેથી તેવી દુર્ભાવના ભાવી પ્રજાપર થવા પામતી અટકે તે માટે મારે અને તમો વૈષ્ણવોએ લેવા જોઇએ પગલા લેવાને બદલે ચુપચાપ રાડીરાડની માફક બેસી રહેવામા આવે તે મને પસદ નથી, પરતુ ભાવી પ્રજાના હિતને ખાતર પણ પગલા લેવાની જરૂર છે એટલુજ કહી હુ મારૂ બોલવુ બધ કરુ છુ

બાદ સભા રાતના ૯-૩૦ ના અમલે વિસર્જન થઈ હતી

સુધાકર.

॥ श्रीगोकुलेशः शरणं मम ॥

(રા. રા. નાનુભાઇ ગાંધી)

પુષ્ટિપાઠાવલિ.

પાઠ ૧ પ્રપચ

મારા માતા, પિતા, ભાઇઓ અને હુ એક ઘરમાં રહીએ છીએ આવા કેટલાક ઘર મારી શેરીમાં છે મારી શેરી જેવી ઘણી શેરીઓ મારા ગામમા છે આ બધુ ગામતલ કહેવાય છે

ગામતલની આસપાસ મારા જ ગામની સીમ છે તેમા અનાજ વગેરે વાવવામા આવે છે તે ગામના લોકોના ઉપયોગમા આવે છે

ગામતલ અને સીમ મળી એક ગામ થયુ તેવા ગામ મળી તાલુકો થાય છે તેવા આઠ દશ તાલુકાને જીલ્લો કહે છે એવા કેટલાક જીલ્લા મળી પ્રાત કહેવાય છે આવા કેટલાક પ્રાત મળી ઇલાકો કહેવાય છે કેટલાક ઇલાકા ભેગા થઇ એક દેશ થાય છે આપણો દેશ તે હિદુસ્તાન અથવા ભારતવર્ષ, અથવા ભરતખડ

આ (૧) ભરતખડ પાસે (૨) કિપુરુષ અને (૩) હરિવર્ષ નામના બીજા બે ખંડ છે તે ત્રણની ઉત્તરે (૪) ઇલાવૃત ખડ છે આ ઇલાવૃતખડની મધ્યમા સોનાનો પર્વત મેરુ છે આ ઇલાવૃતખડની ઉત્તરે (૫) રમ્યક, (૬) હિરણ્મય અને (૭) કુરુ નામના બીજા ત્રણ ખડ છે ઇલાવૃતની પશ્ચિમે (૮) કેતુમાલ અને પૂર્વે (૯) ભદ્રાશ્વ ખડો છે દરેક ખડને બીજા ખડોથી જુદા પાડનાર મોટા પર્વતો છે દરેક ખડમા મોટી મોટી નદીઓ પણ છે આ નવ ખડ મળી "જબુદ્વીપ" કહેવાય છે જબુદ્વીપનો વિસ્તાર એક લાખ યોજન છે, અને તેનો આકાર કમલના પત્ર જેવો ગોળ છે[1]

આ જબુદ્વીપની આસપાસ એક લાખ યોજનના જ વિસ્તારવાળો ખારો સમુદ્ર છે. તેની આસપાસ બે લાખ યોજનના વિસ્તારવાળો પ્લક્ષદ્વીપ છે તેની આસપાસ તેના જેટલાજ વિસ્તારવાળો શેરડીના રસનો સમુદ્ર છે તેની આસપાસ તેથી બમણા વિસ્તારવાળો શાલ્મલિદ્વીપ અને તેની આસપાસ તેટલા જ વિસ્તારવાળો મદિરાનો સમુદ્ર છે તેની આસપાસ તેથી બમણા વિસ્તારવાળો કુશદ્વીપ છે અને તે પોતાના જેટલા જ વિસ્તારવાળા ઘીના સમુદ્રથી વીટળાએલ છે તે સમુદ્રની આસપાસ તેથી બમણા વિસ્તારવાળો ક્રૌંચદ્વીપ છે ને તે પોતાના જેટલા જ વિસ્તારવાળા દૂધના સમુદ્રથી વિંટળાએલ છે તે સમુદ્રની આસપાસ તેથી બમણા એટલે ૩૨ લાખ યોજન વિસ્તારવાળો શાકદ્વીપ છે તે પોતાના જેટલા જ વિસ્તારવાળા દહિના સમુદ્રથી વીટળાએલ છે તે સમુદ્રની આસપાસ તેથી બમણા વિસ્તારવાળો પુષ્કરદ્વીપ છે તે પોતાના જેટલા જ વિસ્તારવાળા મીઠાજલના સમુદ્રથી વીટળાએલ છે તેની આસપાસ કાચન એટલે સોનાની ભૂમિ આવે છે તેની આસપાસ લોકાલોક પર્વત આવેલો છે[2] તેની આસપાસ ઘોર અધકાર છે તેની આસપાસ ગર્તોદક એટલે ખાડા અને જલ છે ત્યાર પછી તેની ફરતી બ્રહ્માંડરૂપી અડની છાલ છે

આ તો માત્ર ભૂતલની વિગત થઇ આ ભૂતલ બ્રહ્માડના મધ્યભાગમા છે તેની ઉપર એક લાખ યોજને સૂર્યમડલ છે તેને ભુવર્લોક કહે છે સૂર્યથી ઉપર એક લાખ યોજને ચદ્ર છે તેના ઉપર ત્રણ લાખ યોજને નક્ષત્રો છે, તેથી ઉપર બે લાખ યોજને શુક્ર છે તેથી ઉપર બે લાખ

---

[1] શ્રીમદ્ભાગવત સ્કધ ૫ અધ્યાય ૧૬ [2] શ્રીમદ્ભાગવત સ્કધ ૫ અધ્યાય ૨૦.

all whatever you intend to perform No action whatsoever is to be performed by you without dedication to the Almighty, all-powerful This is the peremptory law Go, कृष्णसेवा सदा कार्या, and do whatever you are permitted by your Lord Your sins are shaken off and take the permission of your Lord in whatever you intend to perform" The robber, in consequence of the annihilation of his sins and the growth of Divine Evolution cannot but give up his hereditary and customary profession and follow a righteous path Hence we find in the famous stories that fishermen robbers, adulteresses and such like persons had given up their respective customary professions just after they were initiated in the Doctrine of self surrender Such is the moral influence, though silent but certain, of this secret teaching of Shrimad Vallabhacharya If another robber comes to the robber-devotee and importunately advises him to follow his hereditary profession, on the ground that Vallabhacharya advised his devotees to necessarily follow their respective costomary duties, will the robber-devotee pay attention to his advice and join his company ?

Now we come to the vedic observanaces Vedic actions are of two kinds -(1) Those performed with desires are called काम्य or सकाम actions, and (2) निष्काम कर्म्s are performed by relinquishing the fruit of them It is well-known that human desires and passions are numerous Various kinds of temporal pleasuras, such as prosperity, offspring, intellect, power etc, and those of heavenly happiness are the passions of human mind There are persons who are influenced by the emotions of anger, avarice and hatred, and their sole object is to inflict pain on others or to cheat them There are persons who are impelled in their actions by the feelings of the acquisition of worldly objects—worldly fame and power, sons, the fulfilment af secret lust for others' wives, wealth and prosperity Human passions and emotions are too numerous to be classified, and there are various kinds of sacrifices or yajnas which lead to the acquisition or accomplishment of these desires A man desirous of getting offspring performs a पुत्रेष्टि sacrifice A man desirous of obtaining heaven has to perform a ज्योतिष्टोम sacrifice Certain deities also are famously reported to fulfil the cherished desires of the human mind There are Jain mendicants, muslman fakirs and Bhuvas who are reported to cast out devils Persons are seized by devils and they are called in to exorcise them, and it is the oriental belief that devils yield to their charms, as they possess supernatural powers

What answer can Vallabhacharya give to those who are desirous of performing these various actions? Can He say, 'all actions must be performed and they must be dedicated to the Almighty"? No certainly not The only answer that He can coldly give is -"You are *to be at the absolute disposal of the sweet will of the* Lord You are required to dedicate your everything to the Lord, who is **almighty, All-powerful** (सर्वशक्तिमान्, सर्वभवनसमर्थ, सर्वगुणोपेत) No action whatever you intend to perform should be done without dedication to the Almighty " Can a devotee whose five kinds of various sins are annihilated and who fully grasps the meaning of the Almighty be obstinate enough to perform those सकामकर्मs any longer? By viewing matters a little calmly he will realize -'I have to act exactly as the ship's captain commands me I am absolutely helpless and must look up to Shri Krishna, who is even ready to befriend the miserable and helpless like me To secure the company of my All-merciful All-gracious Lord, a little love is all that is required There is no necessity for prayers, mystical ceremonies and meditations Oh my Lord Vallabha, bless me that I may be His, in body, mind and words I neither care for the position of Brahma and Indra, nor do I covet liberation All that I want is to be a servant of His servants अहं हरे तव पादैकमूलो दासानुदासो भवितास्मि भूय' This is the way in which the Doctrine of Self-surrender propounded by the greatest Acharya through the oral order of the Lord Himself, regulated and moulded the spiritual life of his faithful and sincere devotees We have already pointed out that casuistical discussion tends to check the religious freedom and spontaneity, and Vallabhacharya cautiously avoided this defect by merely delivering the order of the Almighty and giving the possible immediate inferences or intermediate generalizations He nodles to the sd nor checked the human conduct through specific requests whetd prohibitions—Do this, Do not do that–, nor did he can he answeope and lessen the depth of a free spiritual life It will "You are irrstood that it is quite impossible and absurd to classify all the various actions of human life Such a process of classifying human actions does not end with overt ones, but all the inner springs of action which affect regard for life must be classified Hatred, avarice, envy, animosity, rage, sullenness, love lust, tyranny, cherishing of sense of injury, hostility, callousness—all these must be specified Had Vallabhacharya attempted to make such an absurd classification and aimed at a precise determination of the limits between the prohibited and the alloweble, the very spirit of Vaishnavism would have been uprooted The letter would have been emphasized more than the spirit (भाव), and legal consequences more than vital motives would have put the devotees under the weight of external authority It is important to bear in mind that Vaishnavism, from a purely historical point of view, is the protest against the narrow exclusiveness of Brahmin legislators It is the revolt of the popular mind against the aristocracy of Brahmins, who had made religion synonymous with metaphysics, and had denied the lower classes, religious knowledge, which was kept confined and sealed in Sanskrit literature Vaishnavism taught the doctrine of salvation by love and produced devotional touching literature from the hearts of sincere devotees, in native languages against the tyranny of a classical one This spirit of revolt against the tyrannical legislation would have been greatly discouraged, had Vallabhacharya Himself given a list of the prohibited and the allowable Such a classification was against the very spirit of his theory We also therefore, do not pretend to scrutinize into what actions should be consecrated and what not, but merely depend upon the spiritual evolution of the devotees as the greatest Achârya had done, when we have sufficiently proved that it is quite absurd to propose that all the customary and scriptural observances must be performed, and we return to the proper subject matter

Thus the import of the proposition निवेदिभि समर्प्यैव सर्वं कार्यम् is, with a negative force —No customary or scriptural observances (whatever a devotee intends to perform) must be performed without dedication" It is absurd to dictate that ' all actions—customary or scriptural—must be performed by dedication only" In the language of English Logic, the former is an E proposition, while the latter is an A one. We shall now explain the import of these symbols'

All judgments are either affirmative or negative, in respect of their quality Where a judgment expresses that its two terms — the subject and the predicate — agree, it is called Affirmative, as, 'All men are mortals, where it expresses their disagreement, it is termed Negative, as, 'No human knowledge is perfect" Again, all judgments might be treated as universal or particular, in respect of quantity The proposition affirming or denying the predicate of the subject universally is termed Universal, as, 'All equilateral triangles are equiangular' The proposition affirming or denying the predicate of the subject partially is termed Particular, as, 'Some plants grow in the tropics' Thus there are four varieties of judgments in respect of quality and quantity combined, and it is customary in Logic to indicate these four varieties of judgments by the symbols of the first four vowels Thus a Universal affirmative judgment is an **A** proposition, a universal negative judgment is an **E** one, a particular affirmative judgment is **I**, and a particular negative judgment is **O** In the proposition under discussion the term सर्वम् - all - is used, and we have, therefore, to determine only whether it is an **A** proposition or an **E** one

Universal judgments distribute i e introduce the whole of their subject A term is said to be distributed, when it is used in reference to all that it can denote, when it is not used, it is undistributed Take for example, 'All the fixed stars twinkle,' and 'No Musulman fears death' It is obvious that we are speaking of the whole of the fixed stars, and of all Musulmans, respectively Therefore each term is distributed

In the A proposition 'All the customary and scriptural actions whatever must be performed, and all of them must be dedicated,' it is obvious that the performance with dedication is predicated of these actions *in toto* Now can one individual perform all the customary and scriptural observances in totality ? Is it possible for a Brahmin to perform the duties of a Sudra ? Can Vallabhâchârya declare that a Brahmin should observe all the customary and scriptural observances not only of himself but also *of all other castes and creeds* ?

But the devotees must perform their respective duties We declare that in the proposition the term सर्वम् is used, which can never mean 'respective duties'

Now take the E proposition —'No customary and scriptural observances whatever must be performed without dedication' In an E proposition, the subject and the predicate both are distributed In 'No Musulman believes in Hindu Gods' all the forms which belief in Hindu Gods may take are denied of all the Musulmans Similarly in the proposition under discussion *all* the various forms of performances without dedication are denied of all the customary and scriptural observances in totality Thus we logically arrive at the next line न मतं देवदेवस्य सामिभुक्तममर्पणम् which declares that dedication of things and actions which are half enjoyed is not accepted by the Lord It will be quite manifest that न मत देवदेवस्य सामिभुक्तसमर्पणम् is merely an immediate inference from or an explanation of निवेदिभि समर्प्यैव सर्वं कार्यम्, in which all the various forms of performances without dedication—one of which is सामिभुक्तसमर्पणम्-is denied of all the actions in general From the A proposition '*All* actions must be performed with dedication' this inference can never be arrived at, because then the proposition would mean 'All actions, one of which is सामिभुक्तसमर्पणम, must be performed, and that too with dedication only' This is quite absurd The truth of the second judgment न मत देवदेवस्य सामिभुक्तसमर्पणम् is involved in that of the first निवेदिभि समर्प्यैव सर्व कार्यम्, only when the latter is an **E** proposition

Before we conclude, it is important to remind the readers of the fact that Shrimad Vallabhâcharya has only one secret to reveal, as the singular term of the work signifies and that secret is -ब्रह्मसम्बन्धकरणात् सर्वेषां देहजीवयो सर्वदोषनिवृत्तिर्हि Others are the immediate inferences from that highly general and formal principle, by the logical process of conversion and Permutation (or Observation) This He did through His mercy and kindness for His devotees It is not within the scope of this essay to discuss all the various inferences, and therefore we better stop here

અણુભાષ્ય.

શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસ—બાદરાયણ મહર્ષિ—નું પુણ્યસ્મરણ નામ આર્યાવર્તમા અને અખિલ વિશ્વના વિદ્વદ્વર્ગમાં પ્રસિદ્ધ છે તેમણે પુરાણ, મહાભારત અને બ્રહ્મસૂત્ર રચ્યા છે તેમના બધા ગ્રન્થો વિદ્વાનો ભાવથી વાચે છે પુરાણોમાથી સામાન્ય વર્ગ લાભ લે છે, અને મહાભારત અને બ્રહ્મસૂત્ર વિદ્વાનોની તૃષા તૃપ્ત કરે છે આ બ્રહ્મસૂત્રને કેટલાક ઉત્તરમીમાસાના નામથી ઓળખે છે, કેટલાક એને વેદાન્તદર્શન કહે છે, કેટલાક ચતુર્લક્ષણી કહે છે તો કુંતુકભટ્ટ જેવા કેટલાક તેને વેદ-મીમાસા પણ કહે છે.

બ્રહ્મસૂત્રના ચાર અધ્યાય છે દરેક અધ્યાયમા ચાર પાદ છે શંકરાચાર્યના મત પ્રમાણે તેમા ૫૫૫ સૂત્રો છે વલ્લભાચાર્યજીના અભિપ્રાયે ૫૫૪ સૂત્રો છે રામાનુજાચાર્યાદિ આચાર્યોના અભિપ્રાય પણ આ વિષયમા ભિન્ન ભિન્ન છે આ ગ્રન્થ ઉપર ઉપવર્ષનુ અને બોધાયનનુ ભાષ્ય હતું એમ શાંકરભાષ્ય અને રામાનુજભાષ્ય ઉપરથી માલમ પડે છે ભાસ્કરભાષ્યમા પણ અનેકવાર આ તાત્પર્યનો ઉલ્લેખ જોવામા આવે છે પણ દેશની અધાધૂધીને લીધે અને પરદેશીઓના હુમલાઓને લીધે એ બે ભાષ્યો આપણને હમણા પ્રાપ્ત થતા નથી જે ભાષ્યો અત્યારે મળે છે તેમા પ્રાચીનમા પ્રાચીન ભાષ્ય શંકરાચાર્યનુ છે આધુનિક વિદ્વાનો તેમનો સમય ઇ૦ સ૦ના આઠમા શતકની આજુબાજુ જણાવે છે તેમના ભાષ્યને લોકો શારીરકભાષ્ય તરીકે ઓળખે છે

કાલક્રમમા બીજુ ભાષ્ય ઉપાધિવાદી ભાસ્કરાચાર્ય (ઇ૦ સ૦ ૧૦૫૦ની લગભગ)નુ છે ત્રીજુ વિશિષ્ટાદ્વૈતવાદી રામાનુજાચાર્ય (ઇ૦ સ૦ ૧૦૧૭–૧૧૩૭)નુ છે ચોથુ ભાષ્ય શ્રીકંઠનું જણાય છે શ્રીકંઠ રામાનુજાચાર્ય પછી તરતજ થયા છે. તેમનુ વેદાન્ત રામાનુજાચાર્યને ઘણુખરૂ મળતુ છે અને તેથી વિદ્વાનો તે વેદાન્તને શૈવવિશિષ્ટાદ્વૈત કહે છે કેટલાક વિદ્વાનો તો શ્રીકંઠને રામાનુજચોર કહે છે. પાચમુ ભાષ્ય ભેદાભેદવાદી નિમ્બાર્કાચાર્ય (અનુમાનકાલ ઇ૦ સ૦ ૧૧૬૨)નુ છે. છઠ્ઠુ ભાષ્ય દ્વૈતવાદી મધ્વાચાર્ય (ઇ સ ૧૧૯૭–૧૨૭૬)નુ છે. સાતમુ ભાષ્ય શુદ્ધાદ્વૈતપ્રવર્તક વલ્લભાચાર્યજી (ઇ સ ૧૪૭૯–૧૫૩૧)નુ છે આઠમુ ભાષ્ય અવિભાગાદ્વૈતવાદી વિજ્ઞાનભિક્ષુનુ છે ડૉ. કીથ જેવા આધુનિક વિદ્વાનોના અભિપ્રાયે વિજ્ઞાનભિક્ષુનો કાલ આશરે ઇ સ ૧૫૪૦–૧૫૯૫ છે નવમુ ભાષ્ય અઢારમા શતકના પ્રારંભમા થએલા ચૈતન્યસંપ્રદાયી બલદેવનુ છે આ ભાષ્યનું નામ ગોવિન્દભાષ્ય છે વીસમા શતકના આરંભકાલમા લાહોરના એક આર્યસમાજી પ્રોફેસરે બ્રહ્મસૂત્ર ઉપર ટીકા કરી છે અને તેમા માયાવાદનુ પદે પદે ખંડન કરવામા આવ્યુ છે સ્વામિનારાયણ સંપ્રદાયનુ પણ ભાષ્ય છે એમ કહેવામા આવે છે આટલા બધા ભાષ્યો અને ટીકા ઉપરથી બ્રહ્મસૂત્રનુ મહત્ત્વ સ્પષ્ટ સમજાય છે બે હજાર વર્ષના હિન્દુસ્તાનના તત્ત્વજ્ઞાનના ઇતિહાસમા આ બ્રહ્મસૂત્રનુ સ્થાન પ્રથમ છે

આ લેખનો વિષય અણુભાષ્ય છે તેના સંબંધમા હાલ અહી એક જ વિચાર કરવાનો છે, અને તે એ કે પ્રથમના લગભગ અઢી અધ્યાયનું અણુભાષ્ય શ્રીવલ્લભાચાર્યજીએ અને બાકીના દોઢ અધ્યાયનુ અણુભાષ્ય તેમના પુત્ર શ્રીવિઠ્ઠલેશપ્રભુએ રચ્યુ છે એ સંપ્રદાયની સાહીયાગમે વાંગી ચાલતી આવેલી પરંપરા સત્ય છે કે અસત્ય છે. તેનો નિર્ણય કરવા આન્તર અને બાહ્ય પ્રમાણોનો અહીં યથામતિ ઉપયોગ કરવામાં આવ્યો છે.

આ વિષયમા પાશ્ચાત્ય સસ્કૃત વિદ્વાનોની પદ્ધતિ અનુકરણીય છે કોઈ પણ ગ્રન્થ તેમના આગળ મૂકવામા આવે તો તે તરતજ કહી આપે કે અમુક ભાગ એક વ્યક્તિએ લખ્યો છે અને બીજો ભાગ બીજી વ્યક્તિએ લખ્યો છે આ નિર્ણય કરવામા તે નીચેના પ્રશ્નોનો વિચાર કરે છે પ્રથમ તો ભાષા અને શૈલીનો વિચાર પુસ્તકનો કેટલોક ભાગ એક વ્યક્તિથી લખાએલો હોય અને બીજો અન્યથી લખાયો હોય તો ભાષા અને શૈલીમા અવશ્ય ભેદ પડે છે તેનુ પ્રસિદ્ધ ઉદાહરણ બાણભટ્ટની કાદબરી છે કાદબરીનો પૂર્વભાગ બાણભટ્ટે લખ્યો છે અને તેથી પૂર્વભાગ અને ઉત્તરભાગની ભાષા અને શૈલીમા સ્પષ્ટ ભેદ જોવામા આવે છે આવા પ્રકારના ભાષા અને શૈલીના ભેદથી ભિન્નકર્તૃત્વ સિદ્ધ કરી શકાય છે બીજો વિચાર વિચારપદ્ધતિનો છે એક જ પુસ્તકના બે લેખકો હોય તો એક લેખકથી બીજા લેખકની વિચારપદ્ધતિ ભાગ્યે જ અનુસરી શકાય છે વિચારોનુ મૂર્ત સ્વરૂપ લેખ છે, અને तुण्डे तुण्डे मतिर्भिन्ना ન્યાય પ્રમાણે દરેકના વિચારો પણ ભિન્ન હોય છે આ ઉપરાત એક પુસ્તકમા એના પછીના કાળમા લખાએલા ગ્રંથોના નામ હોય તો અનુમાન કરી શકાય કે એ ભાગ મૂળ લેખકથી બીજા કોઈએ લખ્યો છે અથવા તો તે ક્ષેપક છે આ અને આવા બીજા આન્તર પ્રમાણોનો ઉપયોગ આવા વિષયોમા અતિ આવશ્યક છે બાહ્ય પ્રમાણોમા મૂળ પુસ્તક સિવાયના બીજા પુસ્તકો આ સબધમા શુ કહે છે, આ વિષયના બીજા કેટલા પુરાવા આપણને મળી શકે એમ છે એ પ્રશ્નોનો વિચાર કરવો પ્રાપ્ત થાય છે

પાશ્ચાત્ય પદ્ધતિની રૂપરેખા ઉપર આપી છે આજ નિયમોને અનુસરી અહીં નિર્ણય કરવાનો છે કે અણુભાષ્યના કર્તા એક છે કે વધારે ?

પ્રથમ તો ભાષા અને શૈલીનો વિચાર કરીએ શ્રીમહાપ્રભુજીની ભાષા સરલ પણ ગૂઢાર્થવાળી છે શબ્દોના અર્થનુ જ્ઞાન હોય છતા પણ આખા વાક્યનુ સ્વારસ્ય શુ છે તે સમજતા વિલબ લાગે છે શાસ્ત્રવેત્તાઓએ જે સૂત્રનુ લક્ષણ (लघूनि सूचितार्थानि स्वल्पाक्षरपदानि च। सर्वत सारभूतानि सूत्राण्याहुर्मनीषिण) આપ્યુ છે તે શ્રીમહાપ્રભુજીના વાક્યોમા' સર્વથા જોવામા આવે છે અક્ષરો અને શબ્દો પરિમિત, પણ અર્થ જોવા જાય તો ઘણો ગહન નાનુ બાળક જેમ નાના નાના પગલા ભરે તેમ શ્રીમહાપ્રભુજી ટૂકા ટૂકા વાક્યો લખે છે, પણ જગતને ખબર નથી કે વામનજીના ત્રણ જ પગલામા ત્રણે લોકનો સમાવેશ થઈ જાય છે જાતે વામનજી અને તેમના ત્રણ જ પગલામા ત્રણ લોકનો અતર્ભાવ! ખરેખર! આ વિરુદ્ધધર્માશ્રય નહિ તો બીજુ શુ ? બ્રહ્મનો આ વિરુદ્ધધર્માશ્રય ગુણ શ્રીમહાપ્રભુજીના લઘુ પણ અર્થગભીર વાક્યોમા જોવામા આવે છે આ 'શૈલીને ચૂર્ણિકા કહેવામા આવે છે પ્રાચીન મહર્ષિઓના ગ્રથો જો આપણે જોઈએ તો તેમા આ ચૂર્ણિકા નામની ગદ્યશૈલીનો પ્રચાર ઘણો જોવામા આવે છે એના નમુના તરીકે શ્રીમહાપ્રભુજીના અણુભાષ્યના ભાગમાથી અને તેને આધાર આપનારા તેઓશ્રીના બીજા ગ્રથોમાથી નીચેના ભાગ આપ્યા છે

इदमत्र विचार्यते। वेदान्तानां विचार आरम्भणीयो न वेति। कि तावत् प्राप्तम् नारम्भणीय इति। कुतः।.... ....। अर्थज्ञानार्थं विचार आरम्भणीयः। तस्य च ब्रह्मरूपत्वात् तज्ज्ञाने पुरुषार्थो भवतीति न मन्तव्यम्। विचार विनापि वेदादेव साक्षादर्थ-

प्रतीतेः। न चार्थज्ञानमभिहितमविचारिताश्च शब्दा नार्थं प्रत्याययन्तीति वाच्यम्। ज्ञेयश्चेति विधानात्।...इति बाधोपलब्धेश्च। शब्दश्चक्षुरादिवन्न संदिग्धार्थप्रतिपादकः। तदर्थश्च व्याकरणादिना निश्चीयते। यथा लौकिकवाक्ये तथा वेदेपि। (अणुभाष्य- १-१-१)

सत्यत्वादयश्च लौकिकास्ततः सर्वनिषेधे तदज्ञानमेव भवेत्। न च सत्यत्वादिकं लोके नास्त्येव व्यवहारमात्रत्वात् कारणगतमेव सत्यत्वं प्रपञ्चे भासत इति वाच्यम्। तर्हि कर्तृत्व तथा कुतो नाङ्गीक्रियते। स्मृतिश्च स्वीकृता भवति। कर्ता कारयिता हरिरिति। न चारोपन्यायेन वक्तुं शक्यम्। तथा सत्यन्यस्य स्यात्। तत्र न प्रकृतेः। अग्रे स्वयमेव निषिध्यमानत्वात्। न जीवानाम्। अस्वातन्त्र्यात्। (अणुभाष्य १–१–२)

प्रकृतेरपि स्वमते तदंशत्वात्। अज्ञानात्परिच्छेदाप्रियत्वे। ज्ञानेन बाधदर्शनात्। नानात्वं स्वैच्छिकमेव (अणुभाष्य १-१-३)

यद्यप्यत्र पञ्चजनाः पञ्चोच्यन्ते न पञ्चानां पञ्चगुणत्वम्। समासानुपपत्तेः। तथाहि। आद्यः पञ्चशब्दः संख्यावाची संख्येयवाची वा। आद्ये पञ्चसंख्याया एकत्वान्न षष्ठीसमासः। संख्यायां संख्याभावाच्च। संख्येयपरत्वे द्वितीयस्य संख्यात्वे पञ्चत्वमेव। पूर्ववच्चेदनन्वयः। विधायकाभावाच्च। अतो वीप्सा।

(अणुभाष्य १–४–११)

न च सहजकर्तृत्वेऽनिर्मोक्षः। पराधीनकर्तृत्व एवैतदिति। सांख्यस्य तन्मतानुसारिणो वान्यस्य भ्रम एव कर्तृत्वे न मुक्तिरिति। नपुंसक एवमुच्येतेति वाह्यवत्। निरिन्द्रियस्यैव समाधिरित्यपि। करणत्वेन बुद्धिवत् (? बुद्धिं वदन्) न केनापि दूष्यते।

(अणुभाष्य २–३–३९)

प्रश्ने हि पुरुषत्वं वदति न देहमात्रम्। तज्जीवाधिष्ठितानामेव भवति। सिद्धवत्कारवचनाच्च निरूपणेपि चन्द्रो भवतीति। तत्रापि सोमो राजा चेतनः। न ह्यन्याधिष्ठाने ह्यन्यस्य शरीरं भवेत् तथान्नरेतोगर्भाश्च। अन्यथापि विनियोगसंभवात्। (अणुभाष्य ३-१-१)

सत्त्वस्य फलं मोक्षः। स ज्ञानसाध्यः। ज्ञानं च शान्तान्तःकरणसाध्यम्। भजनीयं च रूपं ध्येयम्। तेन घोररूपध्यानेन चित्तमपि तथा भवति। (सुवोधिनी १-२-२६)

આવી ભાષા અને શૈલીના અનેક દાખલાઓ શ્રીમહાપ્રભુજીના ગ્રન્થોમાથી મળે છે વિસ્તાર ભયથી અહીં વધારે દાખલાઓ આપવામા આવ્યા નથી આ બધા દાખલાઓ ચૂર્ણિકા ગદ્યશૈલીના છે

હવે શ્રીવિઠ્ઠલેશપ્રભુની ભાષા અને શૈલીનો વિચાર કરીએ જે ભાષા આપણે કાદમ્બરીમા જોઈએ છીએ તે ભાષા શ્રીવિઠ્ઠલેશપ્રભુજીના ગ્રન્થોમા જોવામા આવે છે તેઓશ્રીનો ભાષા ઉપરનો કાબુ પણ ઘણો મોટો છે એમ શૃંગારરસમણ્ડનાદિ ગ્રન્થો વાચતા માલમ પડયા વગર રહેશે નહિ શ્રીવિઠ્ઠલપ્રભુની શૈલીને આપણે ઉત્કલિકા શૈલી કહી શકીએ છન્દોમંજરીમા ઉત્કલિકાનુ લક્ષણ નીચે પ્રમાણે આપવામા આવ્યુ છે भवेदुत्कलिकाप्राय समासाढ्य दृढाक्षरम्। આ લક્ષણ તેઓશ્રીના ગ્રન્થોમા જોવામા આવે છે તેના ઉદાહરણો નીચે આપ્યા છે

अथर्वोपनिषत्सु क्वचिद्गोकुलवृन्दाकाननसंचरद्गोपरूपमनल्पद्रुमप्रसूनविरचितविचित्रस्थलीककालिन्दीसलिलकल्लोलसंगिमृदुतरपवनचलदलकविराजमानगण्डमण्डलद्युतिमण्डितकुण्डलप्रभानुभावितवामांसमिलन्मूर्धन्यमहामणिकमुरलिकामुखावलीमिलदतितरलकरकमलयुगलाङ्गुलीवशंवदविविधस्वरमूर्च्छनामोहितव्रजवरनितम्बिनीकदम्बकटाक्षकुवलयार्चितं क्वचित्कोदण्डमण्डितभुजदण्डखण्डितप्रचण्डदशमुण्डमतिविचित्रचरित्राभिराम रामस्वरूपं क्वचिदतिकरालवदनवित्रासितकमलाकमलासनवृषभासनादिकं नृकेसरिरूपं क्वचिदुरुक्रमादिक च निरूप्यते। (अणुभाष्य ३-३-१)

यथैकस्यैवान्योन्याभावस्यानन्तभावप्रतियोगिकतद्रूपत्वं तावत्प्रतियोगिकात्यन्ताभावरूपत्वं चाभावप्रतियोगिकान्योन्याभावात्य-

न्ताभावरूपत्वं चाभावाभावरूपत्वेप्यभावरूपत्वमेव चाङ्गीक्रियते ।

(अणुभाष्य ३–३–३)

स च चिरकालोत्समुदितप्राचीननिरतिशयकृपाफलसारनिरुपधिनिजचरणकमलानुरागविलासाभिलाषबीजासु ततो निजपरिजननिरोधतः प्रियावलोकननिमित्तं कृतप्रतिक्षणविविधव्याजजनितगतागतकर्पितासु ततो दिवा प्रियवनगमनजनितविरहतरणितापतप्यमानान्तःकरणकेदारासु ततो निशामुखे प्रियागमनसंपन्नेष्टावलोकनसेचनजनितहसितवलितविवशतरलरुचिरविलोचनयुगल–विहितविविधनिरवधिरसभावाङ्कुरासु ततोऽतिविपुलकालिन्दजापुलिननभोवलयगतनिजमुरलिकाकलनिनदगर्जितानन्दितास्वेव कासुचिद्भूमिषु श्रीमन्नन्दराजकुमारो नवजलदो निजानन्दसुधां ववर्षेति तथैव सर्वत्र वर्षिष्यतीति न ज्ञातुं शक्यते ।

(विद्वन्मण्डन पृष्ठ १७–१८ चौखम्बासीरीझ)

अन्यथा निजमखविहतिकुपितदशशतभगकृताशनिसारासारावसन्ननिजव्रजजनावनाय वामकरकमलनखराग्रनिहितशिखरिवरगोवर्धनाचले श्रीगोकुलनाथे विहिताखर्वगर्वशक्रसुरभिप्रभृतिविरचितमहाभिषेकसमनुभूतश्रीगोविन्दनामाग्रे भावि पूतनासुपयःपानानन्तरं स्वप्राणेभ्योप्यतिवल्लभे बीजन्यासं कुर्वत्यो व्रजवरवध्वः 'क्रीडन्तं पातु गोविन्द' इति गुणगाने च 'गोविन्दवेणुमनुमत्तमयूरनृत्यमि'ति कथं वदेयुः। (विद्वन्मण्डन पृष्ठ १७१–१७२ चौखम्बा)

અણુભાષ્યના ઉત્તરાર્ધમાંથી અને વિદ્વન્મણ્ડનમાંથી લલિત શૈલીના નમુના આપ્યા છે આ શૈલી શ્રીમહાપ્રભુજીના કોઇ પણ ગ્રન્થમાં જોવામાં આવતી નથી. એટલે જ્યાં આવી ભાષા અને શૈલી હોય ત્યાં એવું અનુમાન કરી શકાય કે આ ભાગ શ્રીમહાપ્રભુજીનો નથી પણ શ્રીવિઠ્ઠલપ્રભુનો છે આ એક પ્રમાણ ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે ત્રીજા અધ્યાયના ત્રીજા પાદથી શ્રીવિઠ્ઠલેશનું ભાષ્ય છે

હવે વિચારપદ્ધતિની ચર્ચા કરીએ. શ્રીમહાપ્રભુજીની અને શ્રીવિઠ્ઠલેશપ્રભુની વિચારશૈલીમાં ભેદ માલમ પડે છે. એ ભેદ આપણને ઇષ્ટ હોય એ જુદી વાત છે, પણ ભેદ છે તેથી તે ભેદને ન સ્વીકારવો એ યોગ્ય નથી. બ્રહ્મસૂત્રમાં ઉપનિષદોમાં ઉપજતી શંકાઓનું નિરાકરણ જોવામાં આવે છે તેની સાથે બ્રહ્મ, જીવ અને જગત અને પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ એ બાબતોનો વિચાર પણ છે. બ્રહ્મસૂત્ર એ તત્ત્વજ્ઞાનનો ગ્રંથ છે. આ વાત શ્રીમહાપ્રભુજીએ બરોબર ધ્યાનમાં રાખીને જ ભાષ્ય રચ્યું છે. જેમ પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનમાં Philosophy અને Theologyમાં ભેદ રાખવામાં આવે છે તેમ આપણાં તત્ત્વજ્ઞાનમાં પણ Philosophy (તત્ત્વજ્ઞાન) અને Religion (સંપ્રદાય)નો ભેદ જોવામાં આવે છે, પણ પશ્ચિમમાં જેમ Philosophy Theologyથી તદ્દન વિરુદ્ધ હોય છે તેમ અહીં નથી. અહીં તો Philosophy ને Religion સાથે સંબંધ છે. એક પૂરક છે તો બીજો ઉત્તરાંગ છે. આ વાત પણ ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે.

શ્રીમહાપ્રભુજીના ભાષ્યમાં Philosophy-તત્ત્વજ્ઞાનના અંશો વધારે જોવામાં આવે છે. તેમાં શુદ્ધાદ્વૈત જ પ્રતીત થાય છે અને જો કોઈ તટસ્થ શ્રીમહાપ્રભુજીનું જ ભાષ્ય વાંચે તો તેને આશ્ચર્ય થાય કે શ્રીમહાપ્રભુજી તો વિશ્વમાં પુષ્ટિમાર્ગના પ્રવર્તક તરીકે પ્રસિદ્ધ છે, ભાગવતને વેદ તુલ્ય માનનાર છે અને શ્રીગોપીજનોને માર્ગના આદર્શ તરીકે સ્વીકારનાર છે તો પછી આ અણુભાષ્યમાં આમ કેમ? તેમાં તો નથી આવતી પુષ્ટિમાર્ગની વાત, નથી આવતી ભાગવતપ્રબંધની વાત અને નથી આવતું શ્રીગોપીજનોનું પ્રાતઃસ્મરણીય નામ! તો પુષ્ટિમાર્ગાચાર્ય વલ્લભાચાર્ય અને અણુભાષ્યકાર વલ્લભાચાર્ય ભિન્ન છે કે શું? પુષ્ટિમાર્ગની રસપૂર્ણ વાતો ક્યાં અને અણુભાષ્યનું શુષ્ક-રસવિરોધી-જ્ઞાન ક્યાં? આ શંકા સ્વાભાવિક રીતે થાય. ઉપર જણાવ્યું તેમ શ્રીમહાપ્રભુજી તત્ત્વજ્ઞાનની દૃષ્ટિથી જ અણુભાષ્ય લખે છે, એટલે જ્યાં જે વસ્તુનો પ્રસંગ નથી ત્યાં તે વસ્તુનો ઉપન્યાસ ક્યાંથી હોય? અમુક વસ્તુનો નિર્દેશ નથી માટે તે વસ્તુ તે સમયે અસ્તિત્વમાં ન હોતી એવું એ અનુમાન કરવા અસત્ય છે. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિથી અણુભાષ્યનું પૂર્વાર્ધ લખાયું છે તેથી ભાગ્યે જ એકથી વધારે વાર પુષ્ટિ શબ્દ અહીં આવી શકે. શ્રીમહાપ્રભુજીકૃત ભાષ્યમાં એક જ વાર પ્રાસંગિક રીતે પુષ્ટિ શબ્દ આવે છે (**मर्यादामार्गस्य तथैव निर्माणात्। यत्रान्यथा स पुष्टिमार्ग इति। अणुभाष्य २-३-४२.**)

આ ઉપરથી જણાશે કે શ્રીમહાપ્રભુજીના અણુભાષ્યમાંથી શુદ્ધાદ્વૈતબ્રહ્મવાદની પ્રતીતિ થાય છે પણ પુષ્ટિમાર્ગની સ્પષ્ટ પ્રતીતિ થતી નથી, તેથી જેમણે ભાષ્યમાં ફક્ત પૂર્વાર્ધનું જ અધ્યયન કર્યું છે તેમને પુષ્ટિમાર્ગના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન હોતું નથી. જ્યારે કોઈ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કહે કે અણુભાષ્યમાંથી અમને તો કાંઈ વાંચી સમજાવો ત્યારે વિદ્વાનો તેમના આગળ વિઠ્ઠલેશપ્રભુના ભાષ્યમાંથી **साम्पराये तर्तव्याभावात्** એવા સૂત્રો ઉપરનું ભાષ્ય વાંચે છે, અને તેમાં તે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને સમજણ પણ પડે છે પણ જો શ્રીમહાપ્રભુજીના ભાષ્યમાંથી કોઈ પણ ભાગ વાંચી સમજાવ્યો હોય તો તેને તેમાં કશી સમજણ પડશે નહિ અને બધું શુષ્ક લાગશે. આથી જ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો અનુમાન કરે છે કે અણુભાષ્યાદિ ગ્રંથો જ્ઞાનીને માટે છે. એટલે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને માટે તે બહુ ઉપયોગી નથી. વળી તેઓ એમ પણ માને છે કે જે અણુભાષ્ય ભણ્યો હોય તેને પુષ્ટિમાર્ગનું જ્ઞાન હોતું નથી. આ ગર્વમાં કાંઈ સત્ય પણ છે અને તે સત્યનો જ અહીં ઉપયોગ કરવાનો છે. શ્રીવિઠ્ઠલેશપ્રભુનું જ ભાષ્ય વૈષ્ણવો આગળ વાંચવાનું કારણ એ જ કે તેમાં શુદ્ધાદ્વૈતબ્રહ્મવાદના સિદ્ધાન્તો કરતાં પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તોનું પ્રમાણ વધારે છે. પુષ્ટિ

। દરેક વૈષ્ણવને અણુભાષ્યના ઉત્તરાર્ધમા જલદી સમજણ પડે છે આથી એટલુ તો સ્પષ્ટ
। જ કે શ્રીમહાપ્રભુજીની અને શ્રીવિઠ્ઠલેશપ્રભુની વિચારશૈલીમા ફેર છે गतेरर्थवत्त्वं એ
પરન્તુ ભાષ્ય આપણે વાચીએ તો આપણને માલમ પડશે કે પુષ્ટિમાર્ગનુ યથાર્થ સ્વરૂપ તેમાં
મા આવ્યુ છે એવા અનેક સૂત્રો છે કે જેથી આપણે સિદ્ધ કરી શકીએ કે શ્રીવિઠ્ઠલેશ્વરની
દ્ધતિ શ્રીમહાપ્રભુજીની પદ્ધતિથી ભિન્ન છે

ઉપરની વાતના સમર્થનમા એક બે સૂત્ર લઈએ પ્રથમ સૂત્ર તો **आनन्दमयोऽभ्यासात्।**
ત્રનો શ્રીમહાપ્રભુજી અને શ્રીવિઠ્ઠલેશ્વર જૂદો જૂદો અર્થ કરે છે આનન્દમય એ પરમાત્મા છે
કે તે શબ્દ અનેકવાર જોવામા આવે છે, આ અર્થ શ્રીમહાપ્રભુજીનો છે શ્રીવિઠ્ઠલેશપ્રભુનો
વળી જૂદો જ છે તે એમ કહે છે કે આનન્દમય એ પરમાત્મા છે કારણ કે તૈત્તિરીયોપનિ
तस्यैष एव शारीर आत्मा यः पूर्वस्य ઇત્યાદિ શ્રુતિઓમા અન્નમયાદિ વિભૂતિઓમા
મયનુ આત્મા તરીકે નિરૂપણ કરવામા આવ્યુ છે શ્રીમહાપ્રભુજી મીમાંસાદૃષ્ટિથી પ્રથમ
આપે છે ઉપર આપેલો બીજો અર્થ શ્રીવિઠ્ઠલેશ્વરનો જ છે એમ બ્રહ્મસૂત્રવૃત્તિકાર શ્રીકૃષ્ણ-
મને પ્રકાશકાર શ્રીપુરુષોત્તમજી કહે છે

આ વિષયમા બીજુ સૂત્ર **कृतप्रयत्नापेक्षस्तु विहितप्रतिषिद्धावैयर्थ्यादिभ्यः**
–૪૨) છે શ્રીમહાપ્રભુજી આનો અર્થ નીચે પ્રમાણે આપે છે ભગવાન્ જીવના પ્રયત્નોને
ીને ફલ આપે છે, જો આમ ન હોય તો વિહિત અને પ્રતિષિદ્ધ કર્મો વ્યર્થ થઈ જાય
લેશપ્રભુનો વિદ્વન્મંડનમા આપેલો અર્થ આનાથી જરા જૂદો છે તે એમ કહે છે કે **एकोऽहं**
स्याम એ શ્રુતિમા ભગવાનની પ્રપંચમા રમવાની ઇચ્છા દર્શાવી છે અને તેને અનુસરીને
ારે તે પ્રયત્ન કરે છે ભગવાનને આ ક્રીડાપ્રયત્નની જ અપેક્ષા હોયછે અને તે પ્રમાણે કોઈ
ઉચ્ચ તો કોઈ જીવને નીચ બનાવે છે જો આમ ન સ્વીકારીએ તો વિહિત યાગાદિ અને
દ વિપ્રહનન વ્યર્થ થઈ જાય **अंशो नानाव्यपदेशात्** એ સૂત્રના અર્થમા પણ પિતાપુત્ર
ભેદ જોવામા આવે છે

ઉપરના દૃષ્ટાન્તોથી જણાશે કે પિતાપુત્રની વિચારશૈલી ભિન્ન છે પિતા એક મહાન
ક છે તો પુત્ર એક નૈયાયિક અને રસિક સાહિત્યવિશારદ છે, શ્રીમહાપ્રભુજીના ગ્રન્થોમા
નો ઉપન્યાસ ઘણે ખરે ઠેકાણે જોવામા આવે છે જ્યારે શ્રીવિઠ્ઠલેશપ્રભુના ગ્રન્થોમા મીમાં-
બદલે ન્યાય સંબંધી વધારે જોવામા આવે છે દાખલા તરીકે બ્રહ્મસૂત્ર ૩–૨–૩૧ નુ ભાષ્ય
તેમા તેઓશ્રી લખે છે કે **न तु गौतमीयानामिव कर्तृत्वाद्यनुपपत्त्येत्यर्थः** ॥
ણ્ડનમા પણ આવા જ ઉદાહરણો મળી આવે છે ૧૦૬ મે પૃષ્ઠે (ચૌખમ્ભા સીરીઝ)
पादीयाना तथात्रापि तदुपपत्तेः, ૧૯૫ મે પૃષ્ઠે **यथा गौतमीयाना मते** ઇત્યાદિ

બીજો પણ એક ભેદ વિચારણીય છે સંપ્રદાયમા એક એવી પરંપરા છે કે શ્રીમહાપ્રભુજી
ગનુ સ્વરૂપ છે અને શ્રીવિઠ્ઠલેશ્વર સંયોગનુ સ્વરૂપ છે અને તેથી તેઓશ્રીના ચિત્રજીમા પણ
જોવામા આવે છે શ્રીમહાપ્રભુજીના શ્વેત વસ્ત્રો વિપ્રયોગની સ્થિતિનો ચિતાર આપે છે જેમ
ોષિતભર્તૃકા સ્ત્રી શ્વેત વસ્ત્રો પહેરીને, કોઈ પણ પ્રકારના અલંકારો ધારણ કર્યા વગર
જ ચિન્તન કર્યા કરે છે તેમ શ્રીમહાપ્રભુજી શ્વેતવસ્ત્રોમા વિપ્રયોગાગ્નિથી દુઃખિત થઈને
ચન્દ્રનુ જ સ્મરણ જાણે ન કરતા હોય એમ લાગે છે શ્રીવિઠ્ઠલેશ્વરના ચિત્રજીમા સંયોગ રસનાં
જોવામા આવે છે કેસરી વસ્ત્ર અને અનેક પ્રકારના આભૂષણો તેઓશ્રીના ઉપર હોય છે.

શ્રીમહાપ્રભુજીનું શ્રીઅંગ વિરહાગ્નિથી કૃશ થઇ ગએલું છે, તો શ્રીવિઠ્ઠલેશ્વરનું શ્રીઅંગ સંયોગરસથી પુષ્ટ થએલું જોવામાં આવે છે આ નૈસર્ગિક ભેદથી જ વિચારમાં ભેદ આવ્યો છે શ્રીમહાપ્રભુજીએ રસની જે વાતો કહી છે તેના કરતાં સો ઘણી રસની વાતો શ્રીવિઠ્ઠલેશ્વરે કહી છે શ્રીમહાપ્રભુજીના ગ્રન્થોમાં રસના બિન્દુઓ છે, તો વિઠ્ઠલેશ્વરના ગ્રન્થોમાં રસની ઊર્મિઓ–છોળો–મોજાં– છે શ્રીમહાપ્રભુજીનો રસ ગુપ્ત છે, તો શ્રીવિઠ્ઠલેશ્વરના રસ અતિ પ્રગટ છે જેમ જગતમાં 'જેવા આચાર તેવા વિચાર' એ ન્યાય જોવામાં આવે છે તેમ આ પિતાપુત્રની બાબતમાં પણ છે જેઓ વિપ્રયોગરસનો અનુભવ કરનાર છે તેમનાથી રસની મીમાંસા પ્રગટ રીતે થઇ શકતી નથી, અને જેઓ સંયોગરસના અનુભવી છે તેઓ રસને સંપૂર્ણ ન્યાય આપી શકે છે અણુભાષ્યના પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધની વિચારશૈલીના ભેદનું કારણ આ પણ હોઇ શકે

આ વિષયમાં એક બીજી વાત પણ ધ્યાન ખેંચે એવી છે આખા અણુભાષ્યમાં ભાગવતના વાક્યોનું પ્રમાણ લગભગ ૧૩૮ વાર આપવામાં આવ્યું છે તેમાં શ્રીમહાપ્રભુજીના અઢી અધ્યાયના ભાષ્યમાં ત્રીસ વાર અને શ્રીવિઠ્ઠલેશ્વરના દોઢ અધ્યાયમાં એકસો આઠવાર આવે છે શ્રીમહાપ્રભુજીના ભાષ્યમાં સંહિતા, બ્રાહ્મણ, સૂત્રાદિનો નિર્દેશ ઘણે ઠેકાણે કરવામાં આવ્યો છે, જ્યારે શ્રીવિઠ્ઠલ ભાષ્યમાં તે પ્રમાણે નથી આ ઉપરથી જણાશે કે શ્રીમહાપ્રભુજી તત્ત્વજ્ઞાનની દૃષ્ટિથી ભાષ્ય લખે છે, જ્યારે શ્રીવિઠ્ઠલેશ્વર સમ્પ્રદાયદૃષ્ટિથી લખે છે આમાં કોઇ પણ પ્રકારનો વિરોધ નથી માત્ર દૃષ્ટિબિન્દુ જુદું છે વળી આ વાતને પોષણ આપનાર એક બીજી પણ બાબત છે બ્રહ્મસૂત્રમાં એવા કેટલાક સૂત્રો છે કે જેમાં **स्मृति** શબ્દ અથવા તો **स्मृ** ધાતુ આવે છે આ સ્મૃતિ શબ્દનો અર્થ શ્રીમહાપ્રભુજી લગભગ બધે સ્થળે ગીતા કરે છે, અને શ્રીવિઠ્ઠલેશ્વર ભાગવત કરે છે તેનાં ઉદાહરણો નીચે આપવામાં આવ્યા છે **अपि स्मर्यते** સૂત્ર ચાર વખત આવે છે બે ઉપર શ્રીમહાપ્રભુજીનું ભાષ્ય છે અને છેલ્લા બે ઉપર શ્રીવિઠ્ઠલેશ્વરનું ભાષ્ય છે પહેલા બેમાં **स्मर्यते**ના ભાષ્યમાં ગીતાનું પ્રમાણ આપ્યું છે ત્રીજામાં ગીતા અને મનુનું પ્રમાણ અને ચોથામાં ભાગવતનું પ્રમાણ આપ્યું છે બીજું સૂત્ર **स्मरन्ति च** છે તે ત્રણ વાર આવે છે, બે ઉપર શ્રીમહાપ્રભુજીનું ભાષ્ય અને એક ઉપર શ્રીવિઠ્ઠલેશનું ભાષ્ય છે પહેલામાં કઠ અને શ્વેતાશ્વતરનું પ્રમાણ આપ્યું છે અને બીજા અને ત્રીજામાં ભાગવતનું પ્રમાણ આપ્યું છે એવા બીજા પણ દાખલાઓ છે આ ઉપરથી સ્પષ્ટ માલમ પડે છે કે શ્રીમહાપ્રભુજીની અને શ્રીવિઠ્ઠલેશ્વરની વિચારશૈલી કંઇક ભિન્ન છે, આથી જ શ્રીસુબોધિનીજીમાં પણ શ્રીવિઠ્ઠલેશ **यद्वा** કરીને બીજો નવીન અર્થ જ આપે છે સંપ્રદાયના એક મર્મજ્ઞ વિદ્વાન્ પણ કહેતા કે જો શ્રીમહાપ્રભુજીએ જ અણુભાષ્ય પૂર્ણ કર્યું હોત તો તે વર્તમાન અણુભાષ્યથી જુદા જ પ્રકારનું હોત

અત્યાર સુધી વિચારશૈલીની ચર્ચા કરી હવે અણુભાષ્યમાં જે ગ્રન્થોના નામ આવ્યા છે તે ગ્રન્થોનો આ વિષયના સંબંધમાં વિચાર કરીએ એકંદરે સત્તાવીસ જૂદા જૂદા ગ્રન્થોના નામો જોવામાં આવે છે તેમાંથી પ્રસ્તુત વિષયને ઉપયોગી માત્ર બે નામ છે, ભક્તિહંસ અને વિદ્વન્મણ્ડન આ બે ગ્રન્થો શ્રીવિઠ્ઠલેશના રચેલા છે, અને તેમનો ઉપન્યાસ અણુભાષ્યમાં કરવામાં આવ્યો છે તેથી જે ભાગમાં આ બે ગ્રન્થોના નામ આવતા હોય તે ભાગ શ્રીમહાપ્રભુજીનો રચેલો નથી પણ અન્ય કોઇનો રચેલો છે એમ નિર્વિવાદ સિદ્ધ થઇ જાય છે જો આખા અણુભાષ્યના રચનાર શ્રીમહાપ્રભુજી હોય તો ભવિષ્યમાં લખાએલા ગ્રન્થોનો ઉપન્યાસ તે શી રીતે કરી શકે ? વિદ્વન્મણ્ડનનો ઉપન્યાસ નીચેના સૂત્રોમાં એકંદરે પાંચ વખત કરવામાં આવ્યો છે. ૩-૨-૪૧, ૩-૩-૫૪, ૪-૨-૧૬,

૪-૪-૧૪, ૪-૪-૧૭ ભક્તિહંસનુ નામ એક વખત ૩-૩-૩ સૂત્રમા આવે છે આ ઉપરાંત ૩-૨-૪૧ મા **श्रीविट्ठल**નુ નામ જોવામા આવે છે આ ઉપરથી અણુભાષ્યના રચનાર શ્રીમહાપ્રભુજી અને શ્રીવિઠ્ઠલેશ છે એમ સિદ્ધ થાય છે

અણુભાષ્યને અતે કેટલાક શ્લોકો છે તેમા સૌથી છેલ્લો શ્લોક નીચે પ્રમાણે છે -

भाष्यपुष्पाञ्जलिः श्रीमदाचार्यचरणाम्बुजे ।
निवेदितस्तेन तुष्टा भवन्तु मयि ते सदा ॥

આ શ્લોકમા 'શ્રીમદાચાર્યચરણ' એ પદ જોવામા આવે છે સમ્પ્રદાયમા એકલા શ્રીમહાપ્રભુજીને જ 'શ્રીમદાચાર્યચરણ' તરીકે સ્વીકારવામા આવે છે, એટલે અહી પણ 'શ્રીમદાચાર્યચરણ'-પદથી શ્રીમહાપ્રભુજીનો જ બોધ થાય છે આથી સિદ્ધ થાય છે કે આ શ્લોક રચનાર શ્રીમહાપ્રભુજી નથી પણ બીજુ કોઇ છે—અર્થાત્ શ્રીવિઠ્ઠલેશ છે

અત્યાર સુધી આપણે આન્તર પ્રમાણોની વાત કરી, હવે બાહ્ય પ્રમાણોનો વિચાર કરીએ બાહ્ય પ્રમાણોમા સૌથી ઉત્તમ પ્રમાણ અણુભાષ્યના ટીકાકારોનુ છે શ્રીપુરુષોત્તમજી પોતાના ૩-૨-૩૪ના પ્રકાશમા લખે છે કે **इत आरभ्य प्रभूणामिति प्रतिभाति** અહીથી શ્રીવિઠ્ઠલેશપ્રભુનુ ભાષ્ય છે એમ જણાય છે શ્રીપુરુષોત્તમજીની વિવેચન શક્તિ વીસમા સૈકાના પાશ્ચાત્ય વિદ્વાનોને પણ આશ્ચર્યચકિત કરી નાખે એવી છે આનન્દમયસૂત્ર ઉપરના શ્રીવિઠ્ઠલેશે આપેલા બીજા અર્થ વિષે તેઓ લખે છે કે **साम्प्रतं तु प्रभुचरणैरखण्डब्रह्मवादेन साध्यते।** આવરણભંગમા પણ લખે છે કે **इदं यथा तथा प्रपञ्चितं साधनाध्याये हानौ तूपायनेष्वधिकरणे प्रभुभि** (પૃ ૯૦ ચૌખમ્બા) શ્રીસુબોધિનીજીમા પણ અમુક ભાગ શ્રીવિઠ્ઠલેશનો છે એમ શ્રીપુરુષોત્તમજી સ્પષ્ટ રીતે બતાવે છે આ ઉપરાત બ્રહ્મસૂત્રવૃત્તિકાર શ્રીકૃષ્ણચન્દ્ર પણ પોતાની વૃત્તિમા આજ તાત્પર્યનુ લખે છે વિવરણકાર શ્રીગિરિધરજી પણ પ્રકાશકારનુ જ સમાધાન સ્વીકારે છે આ ઉપરથી આપણે નિર્વિવાદ સિદ્ધ કરી શકીએ છીએ કે ૧-૧-૧થી તે ૩-૨-૩૩ સુધીનુ ભાષ્ય શ્રીમહાપ્રભુજીનુ છે અને ૩-૨-૩૪થી ૪-૪-૨૨ સુધીનુ ભાષ્ય શ્રીવિઠ્ઠલેશપ્રભુનુ છે

આ સંબંધમા એક બીજી વાત પણ નોંધવા જેવી છે શ્રીમહાપ્રભુજી શ્રીસુબોધિનીજીમાં એક સ્થળે એમ લખે છે કે પુત્રદ્વારા ફળ આપવુ આ નિયમ અણુભાષ્યમા કદાચિત્ પળાયો હોય! સાધનાધ્યાયના લગભગ અડધા ભાગનું ભાષ્ય કરી બાકીના સાધનાધ્યાયનુ અને આખા ફલાધ્યાયનુ ભાષ્ય પોતાના પુત્ર શ્રીવિઠ્ઠલેશને માટે બાકી રાખી ઉપર જણાવેલા નિયમનુ પાલન કર્યું હોય!

ઉપરના સર્વ પ્રમાણોથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે અણુભાષ્યના કર્તા શ્રીમહાપ્રભુજી અને શ્રીવિઠ્ઠલેશ પ્રભુ છે

ગોવિન્દલાલ

ફૂલકુંવરબાઈ કૃત વિજ્ઞપ્તિ.

ફૂલકુંવરબાઈની લગભગ બધી જ વિજ્ઞપ્તિઓ હજુ સુધી અપ્રસિદ્ધ જ છે તેમાની એક દસમી વિજ્ઞપ્તિ અહી છાપવામા આવી છે આ ફૂલકુંવરબાઈ ક્યારે થયા અને એમને વિષે શુ જાણવા જેવુ છે એ ઇચ્છા અનિવાર્ય છે તેથી અમે પરંપરાથી જે સાંભળ્યુ છે તે સર્વ નીચે આપ્યું છે

શ્રીમદાચાર્યચરણના સમયમા સિકંદરલોદી, શ્રીગુસાંઇજીના સમયમા અકબર અને શ્રીગોકુલેશજીના સમયમાં જહાંગીર તથા શાહજહાંનનો અમલ હતો શ્રીગોકુલનાથજીએ સંવત્ ૧૬૯૭મા ભૂતલપરથી વિજય કર્યો તે પછી અનન્ય ભગવદીયોને શ્રીવિઠ્ઠલરાયજીએ અનેક રીતે દુખી કર્યા, તેથી અનન્ય ભરૂચિ વૈષ્ણવોએ શ્રીગુસાંઇજીએ જેવુ આદિઅનાદિસ્થલ શ્રીગોકુલનુ વર્ણન ગોકુલાષ્ટક અને વિદ્વન્મંડનમા કરેલુ છે તેવુ શ્રીગોકુલથી એક માઈલ દૂર શ્રીગોકુલેશપુર વસાવી સં ૧૭૧૪મા ભરૂચિ વૈષ્ણવો ત્યા રહેવા લાગ્યા (જુઓ ભરૂચિ નીમડીઆ કલહ પૃષ્ઠ ૧૩) ધર્માંધ ઔરંગઝેબના અમલમા હિંદુધર્મને ઘણુંજ સોસવુ પડ્યુ છે ગિરિરાજથી શ્રીગોવર્ધનનાથજી મેવાડ પધાર્યા તેમ સાતે ઘરની નિધિઓ શ્રીગોકુલ છોડી અન્ય સ્થળે જ્યા અનુકૂલતા આવી ત્યા પધારી ઔરંગઝેબ પછી તો અરાજકતાજ વ્યાપી ગઈ અને મનીઆના બે ભાગ જેવુ થઈ ગયુ

અઢારમા સૈકા લગભગ શ્રીગોકુલેશપુરમા નાગરભાઇજી હતા કોઇ વખત આવતી કાલની સામગ્રીનો પણ સંકોચ રહેતો નાગરભાઈજી તાદશભગવદીય કવિ હતા અને પોતે ગ્રન્થમા પોતાને 'અકિંચન નાગરદાસે આ ગ્રન્થ શ્રીગોકુલેશપુરમા લખ્યો' એમ ઓળખાવે પણ છે નાગરભાઈજી શ્રીજીચરણે પધાર્યાં પછી તો શ્રીગોકુલેશપુરમા વસ્તી રહી જ નહિ ધાડપાડુ લુંટારા અને ચોરોના ત્રાસથી શ્રીગોકુલેશપુર ખંડિયેર થઈ ગયુ

ભરૂચમા દાદાનારાયણજીના પિતા રામજીશાહ શ્રીગુસાંઇજીના સેવક હતા. તેમનુ સેવ્યસ્વરૂપ શ્રીમુરલીધરજી ભરૂચ બિરાજતુ જે સંવત્ ૧૯૩૩ની લગભગ તેમના વંશજોને ગોસ્વામિનિશ્રી ચંદ્રાવલિજી વહુજીમહારાજ સમજાવી શ્રીગોકુલ પધરાવી ગયા ભરૂચમા હાલ નલદાની કોઠી પાસે જે દાદાજીનો ચોક કહેવાય છે ત્યા પ્રથમ એક નાના ઘરમા શ્રીગોકુલેશપુરથી સેવાઓ પધારી તેજ પ્રમાણે દાદાજીના વંશજો સુરત અને અમદાવાદ પણ સેવાઓ સાથે રહેતા સુરત અમદાવાદમા વિપુલ સંપત્તિ હતી, જ્યારે ભરૂચમા દ્રવ્યનો સંકોચ હતો

શ્રીગુસાંઈજીના સ્વરૂપાસક્ત સ્વરૂપનૈષ્ઠિક નાગર બ્રાહ્મણ ગોધરામા નાગજીભાઈ ભગવદીય હતા તેમના વંશમા લગભગ સંવત્ અઢારસોમા વજેરામભાઈ જન્મ્યા તેઓ વતનદાર દેસાઇ ધનાઢ્ય વૈષ્ણવ હતા કૃષ્ણદાસ સુત ગોપીનાથભટ્ટના સમાગમથી પ્રકટ સ્વરૂપ પ્રાપ્તિ અર્થે ઘર સંપત્તિનો ત્યાગ કરી ગોધરા છોડી વ્રજમા શ્રીગોકુલેશપુર આવ્યા અહિં લીમડાના વૃક્ષ નીચે છ માસ સુંધી રહ્યા અનાજના અભાવમા શ્રીયમુનાજીના રેણકાજી અને શ્રીયમુનાપાન કરતા દેહાનુસંધાન રહિત થઈ જતા નિદ્રાથી ભગવન્નામનો અંતરાય થતો જાણી લીમના વૃક્ષ ઉપર ચઢી ભગવન્નામ લેવા માંડ્યુ આઠમે દિવસે તો શ્રીગોકુલેશ પ્રભુએ લીલા સખિસમાજ સહિત તેમને દર્શન આપ્યા, તે વખતે તેમની ઉમર લગભગ વર્ષ ૪૫ ની હતી તેમના માતાજીને પુત્ર વિયોગનો દારુણ ક્લેશ થતો હોવાથી શ્રીગોકુલેશ પ્રભુએ તેમને સેવા પધરાવી ગોધરે જવા આજ્ઞા કરી ઉજ્જન, દાહોદ, અને ગોધરાના વૈષ્ણવોને સ્વપ્નદ્વારા આજ્ઞા થઈ કે 'વજેરામ આવે છે તેને મારો જાણી સત્કાર કરજો' આથી ગોધરા દાહોદના વૈષ્ણવો પાલખી લેઈ ઉજ્જન સુધી વજેરામભાઈની સામા ગયા, આ પાલખી

અદ્યાપિ સુધી એ ઘરામા બિરાજે છે અને ભરૂચિ વૈષ્ણવો ત્યા અનુસરે પણ છે. એ વજેરામભાઈને ભરૂચિ વૈષ્ણવો શ્રીમોટાભાઈજીના નામથી સબોધે છે સુરતમા દાદાનારાયણજીના વશજો જે હાલ ભરૂચમા સુરતીને નામે ઓળખાય છે તેઓ શ્રીમોટાભાઈજીના જન્મ દિવસે શ્રીઠાકુરજીને કેસર સ્નાન કરાવી ઉત્સવ માનતા, દાદાજીના ચોકમા ઉત્તમ સામગ્રી આરોગાવી ઉત્સવ માનતા–આખા ભરરુચિ સમાજમા મહદ્ભગવદીય શ્રીમોટાભાઈજીનો જન્મદિવસ મનાતો કપડવજમા શ્રીબ્હેનજીરાજના જન્મસ્થાનમા ભીતપાસે ગાદી તકીઆ બિછાવી સેવા પ્રથમ તેમણે કરી હતી તે પહેલા જન્મ સ્થાનમાં વૈષ્ણવો ફુલમિથી ઘરતા અને ભગવદ્ભજન કરતા

શ્રીમોટાભાઈજી પછી નડિયાદમા તેમના ભાણેજ સુખનિધિભાઈ અને સુખનિધિભાઈના ભત્રીજા સપતભાઈ થયા બત્રીસ વર્ષની ઉમરે સપતભાઈને શ્રીગોકુલેશના પ્રકટ દર્શન થયા, તેમની વચનસિદ્ધિ વૈષ્ણવોમા પ્રસિદ્ધ છે નડિયાદમા છપ્પનભોગ કરનાર ગોસ્વામિશ્રીવ્રજરત્નલાલજી મહારાજ એ મહદ્ સપતભાઈ ભગવદીયનો સમાગમ કરવા ઉત્સાહ રાખતા તેમના સેવ્ય નડિયાદમાં પટેલ હરગોવિંદભાઈને ઘેર બિરાજતા જે હાલ ભરૂચમા ભાઈ વિક્રમનાથ નારાયણદાસને ઘેર બિરાજે છે.

સુરત અમદાવાદથી દાદા નારાયણજીનો વશ ભરૂચ આવી રહ્યો વલસાની કોઠીમા એ પાચ ઘરે હાલ સેવાઓ બિરાજે છે દાદા નારાયણજીનુ મૂળ ઘર સવત્ ૧૯૨૦–૨૫ મા વેચાતુ લીધું, તે લલ્લુભાઈના ચકલા પાસે આશા મહેતાની પોળમા હાલ શ્રીમોહનભાઈજીના કોઠા તરીકે ઓળખાયછે

ભરૂચમા મહાભાગ્યવાન ભગવદીય રાજાબ્હેન અને ગગાબ્હેન થયાં, જેમને કેસર ઘસતા શ્રી ઠાકુરજીએ પ્રકટ દર્શન આપ્યા હતા તેઓ કપડવજ મહત્સ્થલે આવ્યાં તે વખતે કપડવજમા નડિયાદથી સપતભાઈ પણ આવેલા હતા કપડવણજમા ફૂલકુવરજી દશાપોરવાડ મહાનુભાવી ભગવદીય હતા તેમણે સર્વે મળીને શ્રીબ્હેનજીરાજનો વૈભવયુક્ત સેવા શણગાર ચાલુ કર્યો, જે હાલ પણ થાય છે બાધરપુરમા વલ્લભદાસભાઈ જે વલ્લભરાજના નામથી પ્રસિદ્ધ છે તે વિરહી ભગવદીય થયા તેમણે આરભીને મહોત્સવ કર્યો જેનુ વર્ણન બારીઆના કેસરદે ભગવદીયે ધોળ માગલ્યમા કર્યું છે સવત્ ૧૮૭૪ મા તેઓ શ્રીજીચરણે પધાર્યા વડોદરામા હરિલાલ શકરભાઈની માતા લક્ષ્મીમા થયા તેમને શ્રી બ્હેનજીરાજનો સાનુભાવ હતો તેમની દીકરી પાર્વતીમા થયા દશ વર્ષની ઉમરે શ્રીઠાકુરજીએ તેમને દર્શન આપ્યા, બાર વર્ષે પરણ્યા, વીસ વર્ષે લીલામા પધાર્યા. લક્ષ્મીબા અને પાર્વતીબ્હેન એ મા દીકરી કપડવણજ મહત્સ્થલે જતા નડિયાદ સપતભાઈને ત્યા તેઓ ઉતર્યાં ત્યારે સપતભાઈએ તેમને પ્રસાદ લેવાને બેસાડયા જ્યા ત્રણ પોતના કર્યા લક્ષ્મીબાએ પૂછ્યું આ ત્રીજુ પોતનુ કોનુ કર્યું છે ત્યા સપતભાઈએ કહ્યુ કે પાર્વતીબ્હેનને તેડવા વડોદરેથી માણસ આવે છે તેનુ કર્યુ છે પાર્વતીબ્હેનના સાસુને શ્રીઠાકુરજીએ સ્વપ્ન આપ્યુ કે મને પાર્વતી વિના ગમતુ નથી તેને બોલાવો તેથી વાહેણી લઈ ગુમાસ્તો તેડવા મોકલ્યો તેટલામા તે ગુમાસ્તો સપતભાઈને ઘેર પોહોચ્યો તેને સપતભાઈએ પ્રસાદ લેવા બેસાડયો વડોદરામા ગોકુલદાસ ચોકસી મહા ઉત્તમભાવી ભગવદીય હતા તેમના જન્મ વખતે તેમના પિતાને સ્વપ્ન થએલુ કે આ બાલકનુ જતન કરજો તેઓ શ્રીવલ્લભરાજના અગ્રગણ્ય અનુયાયી હતા, બારિયામા કેસરદે થયા, દક્ષિણ હૈદ્રાબાદ (ભાગનગર) મા કેશવદાસ પડિત હતા તે દશાપોરવાડ વાણિયા હતા તે કપડવજ આવ્યા અને મહાનુભાવી ફૂલકુવરજીના સમાગમથી ભરરુચિ વૈષ્ણવ થયા કાશીમા દશા વીશાવાળ વાણિયા હરિદાસભાઈ થયા તેમના સેવ્ય ઠાકુરજી શ્રીબાલકૃષ્ણજી પ્રકટ દર્શન આપી તેમને ગુજરાત મોકલ્યા તે વલ્લભરાજના સમાગમથી ભરરુચિ વૈષ્ણવ થયા અને ભરૂચ જઈ રહ્યા ત્યાના ભરરુચિ વૈષ્ણવોમા તે સર્વોપરિ વદનીય થયા વાસ

શિનોરના ભાઇચંદભાઇ શ્રીગોકુલેશપુરમા રહેતા તેમના સમાગમથી રાવબહાદુર મનોહરલાલભાઇ ઉત્તમભાઈ ભગવદીય થયા જેમનો સમાજ અદ્યાવધિ શ્રીગોકુલેશપુરમા છે કપડવજમા સવત્ ૧૯૧૦ ના અરસામા મૂળજીભાઇ જશભાઇ હતા તેમના ભાણેજને કોનેરા થયો હતો તે જોવા ગયા બ્હેનના આક્રંદથી દયાર્દ્ર થઇ પોતાનુ વર્ષ ૫ નુ આયુષ્ય તે વખતે ભાણેજને આપ્યુ ને ભાણેજ દામોદર ઝવેર સાજો થયો ને તે પાચ વર્ષજ જીવ્યો તે એવા વચનના નિરોધી ભગવદીય હતા કે અન્યથા ભાષણજ કરે નહિ સવત્ ૧૯૨૫ લગભગ આ વિરહીસમાજ તિરોહિત થયો ત્યાં સુધી ભરરુચિ વૈષ્ણવોની ઐકાતિક ભક્તિ, અનન્યતા, એકતા, પરસ્પરનો સ્નેહ અવર્ણનીય હતો છેલ્લામા છેલ્લા ઉત્તમભાવી ભગવદીય રાવબહાદુર મનોહરલાલભાઇ અને ગોસ્વામિશ્રીરમણલાલજી મહારાજ આદર્શ ભગરુચિ ભગવદીય હતા શ્રીરમણલાલજી મહારાજને પોતાના કુલનો લેશમાત્ર અભિમાન નહિ હતો ભરરુચિ વૈષ્ણવોના સમાગમમા ઘણી વખત દાસભાવ પ્રકટ દર્શાવતા

ભરૂચના જગજીવનભાઈ, ભાગનગરના કેશવદાસ, સોરઠમા રાજકુવરબાઇ અને કપડવજમાં ફૂલકુવરબાઇના પદ કીર્તન વિનતીઓ ભરરુચિ વૈષ્ણવમા પ્રસિદ્ધ છે રાજકુવરબાઈની વિનતિઓનો નમુનો આ માસિકમા પ્રથમ આપવામા આવ્યો હતો અને ફૂલકુવર બાઇની વિનતિનો નમુનો આ સાથે આપ્યો છે ફૂલકુવરજીના પિતા વેણીભાઇ દેસાઇ કપડવજ અને તેની પાસેના ગામો ગાયકવાડ સરકાર પાસેથી ઇજારે લાવતા સવત્ ૧૮૦૮ના મહા વદિ ૧ મે ફૂલકુવરજીનો જન્મ થયો હતો તેમને નડિયાદ પરણાવ્યા હતા કપડવજ ગામના મીઠા તલાવના દરવાજા બહાર કુબેરજી મહાદેવ તેમનીજ સહાયતાથી બધાવેલુ પ્રસિદ્ધ છે મહાદેવ પાછળની જમીન માગીને બગીચા માટે બક્ષીસ આપી હતી તેમના ઠાકુરજી જ્યા સુધી કપડવજ બિરાજ્યા ત્યા સુધી એ બગીચાના ફુલ માલા માટે આવતા ભરરુચિ વૈષ્ણવો શ્રીગોકુલેશ સિવાય અન્ય કોઇ દેવનુ નામ સ્મરણ કરતા નથી તેમ કોઇ દેવદેવાન્તરનો દ્રોહ કરતા નથી પ્રત્યુત ભક્તિના પોષક છે એ ઉપરના દૃષ્ટાંતથી જણાય છે,

અમારે સ્પષ્ટ કહેવુ જોઇએ કે યથાર્થ સ્વરૂપજ્ઞાનના અભાવમા જ્યારથી નિરુદ્ધભક્તિ ઓછી થઇ અને જીવનુ દાસત્વ ભૂલી શ્રીગુસાંઇજીના બાલકનુ અનુકરણ કરવા લાગ્યા ત્યારથી સત્યાસત્ય આક્ષેપો થવા લાગ્યા શ્રીગોકુલેશપ્રભુ નિજમાર્ગે પ્રેરે એજ અમારી એ દયાળુ પ્રભુ પ્રતિ યાચના છે

॥ विज्ञप्ति १० मी ॥

राग आसा

हुं तो देवना त्रासे हारी राज, कथा कहुं शी मारी ।
मुने मारी कृत्ये मारी राज, कथा कहुं शी मारी ।
मारी भाग्यदशा परवारी राज, कथा कहुं शी मारी ॥
श्रीमुख सुंदिर मनहर मुरती, जोतां जीवडो ललचायो ।
कृपा थशे एम उलट वधता, हैडामां हरखायो, राज ॥ कथा० १.
जोग्यता मारी जरा ना विचारी, केवल करुणाव्रल कीधां ।
पतित हता तोए पावन करीने, चरणे खेंची लीधा, राज ॥ कथा० २

भ्रमणा भागी दुर्मति त्यागी, मनमां मन्मथ रह्यो जागी ।
अखंड सोहागीनी लगनी लागी,तथा वन्यां अनुरागी,राज ॥ कथा० ३.
एम थयुं जे काल करालनी, जालथी छूटां भाई फरशुं ।
भवसिंधुमां दीनबंधुनी, बांवडी झाली तरशुं, राज ॥ कथा० ४.
मनना मनोरथ मनमां रह्यो ने, विधनाए वांकुं कीधुं ।
राकना हाथमां रतन आव्युं हतुं, ते करमें खेंची लीधुं,राज ॥कथा०५.
ससारदुःखथी कंटाली अमो, शरण आव्यां थई वड भागी ।
घर छोडीने वनमां गयां तो, त्यां पण अग्नि लागी,राज ॥कथा०६.
भोलपणामां भोळवायां अमो, परवश पड्यां कांई ना चाल्यां ।
भर दरिया मध लावी अमारां, नावडां बोळी घाल्यां,राज॥कथा०७.
सगां सहोदर बहु बहु कहेतां, कोइनी ना मानी शिक्षा ।
वहालपण वेरागी थयां तो, मध्याह्ने मागी भिक्षा, राज ॥कथा०८.
पेट चोळीने पीड उपजावी, अनवहोरी आवी माथे ।
सुख माटे संन्यासी थयां तो, रह्या करवडा हाथे, राज ॥कथा०९.
करमे अमारे दुःख आव्युं ते, मूंगे मोढे सहु सहीए ।
उनुं खाइने ओठे बल्याए, दुखडां क्यां जइ कहीए, राज॥कथा०१०.
अंतरनुं दुःख अंतर जाणे, कहेतां बीजाने लजवाइए ।
जमतां दांत तले जीभ कचराई,लढवा कोने जईए,राज॥कथा० ११.
मन गमतां अने मागे अमने, थोडा दिन बहु सुख आप्यां ।
उंडा कुवामां उतरी वहालाजीए,अधवच दोरडां काप्यां,राज ॥
कथा० १२.
जेम कोदरा तल मांहे भळ्या ते, घेंश घाणी बेउथी लटीआ ।
तेम थयुंमारे लौकिक अलौकिक,बन्नेमांथी चलीआं,राज॥कथा०१३

ते प्रेमीने शुं कहेवानुं जे, अन्योअन्यना धर्म न जाणे।
प्यासो पपैओ पियु पियु झंखे, मेघ दया न आणे, राज॥कथा० १४.
पियुदृष्टिरूप डाकण वलगी, अलगी ते केम करी थाशे।
पहेलां अमने चाक चढाव्यां, हवे ए चूशी खाशे, राज ॥ कथा० १५.
जो दीलमां जरी दया आवे तो, दर्शनरूपी भूवा लावो।
अणमोते मरता वालाना, प्रियतम प्राण वचावो, राज ॥कथा० १६.

वसमी वेलाए वहाले तर्जी, हवे कोना सामु जोवानुं।
एक अकेली बीजो विरह सतावे, रह्युं सदा रोवानुं, राज ॥कथा० १७.

वहाला मलो एक वार एकान्ते, हुं तमसुं करुं लडाई।
अवला उपर वल अजमावो, एमां शानी वडाई, राज॥ कथा० १८.
दासी दुर्गण दोष भरेली, ते जोतां केम परवडशे।
राज रखडती करशो कदी तो, पछी पस्तावुं पडशे,राज॥कथा० १९.
निर्मोहीथी मोह करे तेने, सुख ना मले मननुं फाव्युं।
वहु दहाडेथी सांभलतां हुतां, ते अनुभवमा आप्युं,राज॥कथा० २०.
पाणी पीने वटलाया पछी, हवे शानुं घर पुछवानुं।
जमवुं रमवुं हसवु गयुं रह्युं, रडी आंखो लुछवानुं, राज॥कथा० २१.

सुकोमलता श्रीअंग तणी जोई, चंपा चमेली फुल हारे।
पण कठिनाई कालजडानी, वज्र थकी वहु भारे, राज॥ कथा० २२.

मन मारुं एवुं कुमलुं फूल, मार सहन पण ना करतुं।
वहालाजीनुं वज्र हृदय जरा,दया कदी नथी धरतुं,राज॥थाक० २३.

करुणासिधु दीनवधु कही, वेदे विमल वहु जस गाया।
ए अगणित गुण साचुं कहोने, क्यां आगल विसराया,राज॥कथा० २४.

એ આર્ષ પ્રયોગ છે **छन्दस्युभयथा** (पा सू ३-४-११७) સૂત્રને આધારે લિટ્ (Prefect) મા **अस्** ધાતુનો **भू** આદેશ થયો નથી સામાન્ય સંસ્કૃતભાષામા તો **आस**ને બદલે **बभूव** વપરાય છે

तं ह कुमार सन्त दक्षिणासु नीयमानासु श्रद्धाविवेश।
सोऽमन्यत ॥ २॥

અર્થ—જ્યારે દક્ષિણા આપવામા આવતીહતી (**दक्षिणासु नीयमानासु**) ત્યારે શ્રદ્ધાએ-આસ્તિક્યબુદ્ધિએ-તે બાલનામા વાસ, પ્રવેશ, કર્યો. (**आविवेश**) તેણે વિચાર કર્યો (કે)-૨

વિવેચન—વાજશ્રવસ પાસે જેટલી બધી વસ્તુઓ હતી તે દક્ષિણાને માટે બહાર કાઢી અને વિશ્વજિત્ યાગમા જે બ્રાહ્મણોએ ઋત્વિક્ તરીકે કામ કર્યું હતુ તેમને દક્ષિણા આપવા તે બધી વસ્તુઓના જુદા જુદા ભાગ પાડ્યા અને નક્કી કર્યું કે આ ભાગ અમુક બ્રાહ્મણને આપવાનો છે અને આ ભાગ અમુક બ્રાહ્મણને આપવાનો છે આ સમયે પેલો નાનો બાળ-નચિકેતા-પાસે ઉભો હતો આ માત્ર એક નાનો બાળક હતો, તો પણ તેના પવિત્ર સંસ્કારોને લીધે તેનામા શ્રદ્ધાએ પ્રવેશ કર્યો-શ્રદ્ધાનો, આસ્તિકતાનો, ધર્મનો પ્રાદુર્ભાવ થયો જેમ કોઇ અનિષ્ટ પ્રસંગમા ધર્મિષ્ઠ પુરુષના હૃદયમા ધર્મની જાગૃતિ થાય છે તેમ આ સમયે નચિકેતાના હૃદયમા ધાર્મિક સંસ્કારો એકદમ જાગૃત થઇ ગયા, તેણે મનમા વિચાર કરવા માડ્યો કે —

पीतोदका जग्धतृणा दुग्धदोहा निरिन्द्रिया ।
अनन्दा नाम ते लोकास्तान् स गच्छति ता ददत्॥ ३ ॥

અર્થ—જેમણે પાણી પી લીધુ છે (**पीतोदका**) જેમણે ઘાસ ખાઇ લીધુ છે (**जग्धतृणा**) જેમનુ દૂધ દોહાઇ ગયુ છે (**दुग्धदोहा**) અને જેમની ઇન્દ્રિયો તદ્દન નહિ જેવી જ થઇ ગઇ છે (**निरिन्द्रिया**) એવી ગાયોને (**ता**) આપનાર (**ददत्**) જ્યા આનન્દ નથી (**अनन्दा**) એવા લોકોમા જાય છે

વિવેચન—આ મંત્ર ઉપરથી જણાય છે કે વાજશ્રવસ પાસે ગાયોનુ જ ધન હતુ તેણે આ ગાયો રૂપી ધન વિશ્વજિત્ યાગમા બ્રાહ્મણોને દક્ષિણામા આપવા કાઢ્યુ પાસે ઉભેલા તેના પુત્ર નચિકેતાએ તે ગાયોના દર્શન કર્યા અને મનમા વિચાર કરવા લાગ્યો કે મારા પિતાજી બહુ મોટી ભૂલ કરે છે જુવો ને આ ગાયોની દશા ! બીચારી મરવા ખાતર ન જીવતી હોય ! તેમની અવસ્થા ઘણી દયાજનક છે તેમણે છેલ્લામા છેલ્લુ જળપાન પણ કરી લીધુ છે છેલ્લામા છેલ્લુ ઘાસ પણ ખાઇ લીધુ છે છેલ્લી વારનુ દૂધ પણ આપી દીધુ છે, અરે એટલુ જ નહિ પણ તેમની સર્વ ઇન્દ્રિયો લગભગ મરી જ ગઇ છે આવી સ્થિતિમા તેમને વત્સ પણ ક્યાંથી થઇ શકશે ? જેમ ચોકે સુવાડેલો માણસ જળ કે અન્ન નથી લઇ શકતો, કોઇ પણ પ્રકારનુ કાર્ય નથી કરી શકતો અને જેમ તેની સર્વ ઇન્દ્રિયો મરણતોલ થઇ જાય છે તેમ આ ગાયો પણ મરી જવાની તૈયારીમા જ છે અને કોઇ પણ પ્રકારનુ કાર્ય કરી શકે કે કોઇ પ્રયોજન સિદ્ધ કરી શકે એવી સ્થિતિમા નથી તો આવી ગાયોને દક્ષિણામા આપીને મારા પિતા શો લાભ મેળવવાના છે ? આ તો પુણ્યને બદલે પાપનો સંચય કરે છે ગાયોની દયાજનક સ્થિતિ જોતા જ તેના ધાર્મિક સંસ્કારો તેના હૃદયમા જાગી ઉઠ્યા અને ઉપર પ્રમાણે વિચાર કર્યો અને મનમા કહેવા લાગ્યો કે આવા પ્રકારની દૂબળી અને મરણતોલ ગાયોને બ્રાહ્મણોને દક્ષિણા તરીકે આપનાર માણસ અનન્દ નામના લોકમા જાય છે આ લોકમા કોઇ પણ પ્રકારનો આનન્દ હોતો નથી તેથી તેને અનન્દ કહેવામા આવે છે તાત્પર્ય એ

કે આવી દક્ષિણા આપનારા મારા પિતા સ્વર્ગને બદલે આનન્દના અભાવરૂપી અને દુખના ધામરૂપી નરકમા જશે [1] **पीतोदक, जग्धतृण, दुग्धदोह, निरिन्द्रिय** અને **अनन्द** એ સર્વ બહુવ્રીહિ સમાસ છે ઋત્વિજો ઘણા છે તેથી તેમને આપવાની જૂદી જૂદી દક્ષિણા પણ ઘણી છે આથી **दक्षिणासु** એ બહુવચનનો પ્રયોગ છે

स होवाच पितर तत कस्मै मा दास्यसीति ।
द्वितीय तृतीय तं होवाच मृत्यवे त्वा ददामीति ॥ ४ ॥

અર્થ—તેણે પિતાને કહ્યુ—હે તાત, મને કોને આપો છો ? બેવાર ત્રણવાર તેણે આ પ્રમાણે કહ્યુ પિતાએ જવાબ આપ્યો કે હુ તને મૃત્યુને આપુ છુ

વિવેચન- નચિકેતાના ધાર્મિક સસ્કારો જાગ્યા, દૂબળી ગાયોને દક્ષિણામા આપવાનુ અનિષ્ટ ફળ પણ વિચાર્યું અને તેને પરિણામે યજ્ઞ ખંડિત થશે એ વિચાર પણ એણે તે જ ક્ષણે કર્યો નચિકેતા એક નાનો બાળક છે છતા પણ આવા ઉત્તમ વિચારો આટલી નાની અવસ્થામાં તે કરે છે તેથી જણાય છે કે તે દૈવી સપત્તિવાળો છે તેણે મનમા વિચાર્યું કે હુ બેઠો છુ ને મારા પિતાનો યજ્ઞ સપૂર્ણ થાય નહિ અને અનિષ્ટ ફળ ભોગવે એ અયોગ્ય ગણાય, માટે આ પ્રમાણે ન બને એવો પ્રયત્ન મારે કરવો જોઈએ આમ વિચાર કરી તે પિતાની પાસે આવ્યો અને સવિનય વિનતી કરી કે પિતાજી, હુ પણ તમારી મિલકત છુ, તો મને તમે કયા ઋત્વિજ બ્રાહ્મણોને આપો છો ? વાજશ્રવસે આ વિનતી ધ્યાનમા ન લીધી અને પુત્રની નિર્દોષતા અને મૂર્ખતા ઉપર તે હસવા લાગ્યા વાજશ્રવસે આ વાત ધ્યાનમાં ન લીધી તેનુ એક કારણ હતુ અને તે એ કે વિશ્વજિત્ યાગમા બધી મિલકત દક્ષિણા તરીકે આપવાની ખરી પણ તેમા પિતા, પુત્ર, ભૂમિ, શૂદ્ર વગેરેને દક્ષિણા તરીકે આપી શકાય નહિ [2] પિતા કાંઇ બોલ્યા નહિ એટલે નચિકેતાએ વિચાર્યું કે પિતાજીએ મારી વિનતી સાભળી નહિ હોય, લાવ ફરીથી કહુ તેણે બીજીવાર ઉપર પ્રમાણેજ વિનતી કરી આ વખતે પણ પિતાએ એ વાત ધ્યાન ઉપર ન લીધી બાળક નચિકેતાએ પોતાનો સદાગ્રહ છોડયો નહિ તેણે ત્રીજીવાર હાથ જોડીને કહ્યુ કે પિતાજી, કહો ને, મને તમે કયા બ્રાહ્મણને આપો છો ? આ વખતે તો પિતાનો પિત્તો જતો રહ્યો અને એકદમ ક્રોધના આવેશમા આવી જઇ કહ્યુ કે 'જા, હુ તને યમને આપુ છુ' [3] ૪.

---

[1] જેવો આ અનન્દ લોક છે તેવો અસૂર્ય લોક પણ છે જુવો ઇશાવાસ્યોપનિષદ્ ૩ **असुर्या नाम ते लोका** अन्धेन तमसावृता । तास्ते प्रेत्याभिगच्छन्ति ये के चात्महनो जना ॥ બૃહદારણ્યક ૪-૪-૧૧ अनन्दा नाम ते लोका अन्धेन तमसावृता । तास्ते प्रेत्याभिगच्छन्त्यविद्वासोबुधा जना ॥

[2] જુવો જૈમિનિ સૂત્ર ૬ ૭ ૧-૭

तत्र धनस्य दानसंभवात्तद्विषय एव स्वशब्द तस्माद्धनस्यैव दान न पित्रादीनाम् (શાસ્ત્રદીપિકા ૬ ૭ ૧), अतो न सार्वभौमो महापृथिवीं दद्यात् माण्डलिकश्च मण्डलम् (શાસ્ત્રદીપિકા ૬ ૭ ૨), यत् पुरुषोपभोग्य स्वकुप्याकुप्यशयनाशनगवादि तत् सर्व ददातीति शास्त्रार्थ (શાસ્ત્રદીપિકા ૬ ૭ ૩) ઇત્યાદિ

[3] મત્રમા मृत्यवे त्वा ददामि એમ છે આનો ખરો ભાવ સમજવો હોય તો ગુજરાતી ભાષાના એક રૂઢ પ્રયોગનો વિચાર કરવો જોઈએ, કોઇ માણસ નચિકેતા જેવાના દુરાગ્રહથી (?) ક્રોધી થાય ત્યારે તે માણસ બીજાને કહેશે કે 'અહીથી ટળ', અથવા 'જા તુ મરી જા' ખરાબ વર્તનવાળા પુત્રને પિતા તુ મારા ઘરમાથી નીકળ, મરી જા' વગેરે શબ્દો આ સસારમા અનેકવાર સભળાવે છે કોઈ માણસ આપણુ માથુ પકવતો હોય તો તેને પણ આપણે આવોજ ઉત્તર આપીએ છીએ. વાજશ્રવસે નચિકેતાને આ જ ભાવમા मृत्यवे त्वा ददामि શબ્દો કહ્યા છે.

बहूनामेमि प्रथमो बहूनामेमि मध्यम ।
किंस्विद्यमस्य कर्तव्य यन्मयाद्य करिष्यति ॥५ ॥

અર્થ—ઘણાઓમા હુ પ્રથમ જાઉ છુ, ઘણાઓમા હુ મધ્ય જાઉ છુ યમને શુ કરવાનુ બાકી છે કે એ મારા સાધન વડે કરશે? અથવા જે કાર્ય કરવાનુ છે તે કાર્ય મારા સાધનથી શી રીતે કરશે? અથવા એમને કાંઈ કરવાનુ છે જેથી મારી સાથે તે કાર્ય સિદ્ધ કરશે

વિવેચન—નચિકેતાએ પિતાના વચન સાભળ્યા આ વચનથી એના મનમા જરા પણ ક્ષોભ થયો નહિ, પરતુ ખુશી થયો મારા વચનો સાભળી નચિકેતા ઘણો દીલગીર થયો એમ પિતાને ન લાગે એટલા સારૂ નચિકેતા બોલ્યો કે હે પિતાજી, આપની આજ્ઞા પાળવાનો આ સમય મળ્યો છે તેથી મને ઘણો હર્ષ થાય છે આપે જરા પણ મારે માટે એવો વિચાર કરવાનો નથી કે નચિકેતા યમને ત્યા જશે કે નહિ જાય હુ યમને ત્યા જવામા જરા પણ બ્હીનો નથી જે લોકો યમને ઘેર જવામા તૈયાર થયા હોય તેઓમા મારૂ સ્થાન પહેલુ જ છે, અર્થાત્ એ બધાના કરતા હુ યમને ઘેર જવાને ઘણો ઉત્સુક છુ, અને આ મારૂ વચન અતિશયોક્તિવાળુ લાગતુ હોય તો એટલુ તો જરૂર માનજો જ કે યમને ત્યા જનારાઓમા વચ્ચે હુ છુ, કોઇ પણ રીતે હુ તેઓમા છેલ્લો નથી, યમને ત્યા જવામા મારી જરા પણ આનાકાની નથી પણ આમા મને એક જ વિચાર આવે છે યમરાજાને મને દક્ષિણા તરીકે ન આપતા કોઇ બીજા બ્રાહ્મણને જો આપ્યો હોત તો હુ તેને કોઈ પણ પ્રકારની મદદ કરી શકત, હુ તેને ઉપયોગી થઇ પડત પણ તમે મને યમરાજાને આપ્યો અને યમરાજા તો પૂર્ણકામ છે, નિરપેક્ષ છે, તેમને કોઇની જરૂર નથી તો હુ એક નાનો બાળક આવા મહાન્ યમરાજાને ત્યા જઇને શા ઉપયોગમા આવવાનો હતો? તે મારો શો ઉપયોગ કરવાના હતા? મને મૃત્યુનો ભય નથી પણ આજ વિચારથી મને જરા શોક થાય છે તમે મને કોઇ ઋત્વિગ્ બ્રાહ્મણને આપ્યો હોત તો મારૂ અર્પણ પણ સફળ થાત, હુ તેના ઉપયોગમા આવત

ઉત્તરાર્ધનો બીજો અર્થ પણ સભવે છે આ અર્થમા તેનો અન્વય આ પ્રમાણે થઇ શકે—**यमस्य यत् कर्त्तव्य (तत्) किंस्वित् मयाद्य करिष्यति ।** યમને જે કાર્ય કરવાનુ છે તે કાર્ય મારા વડે તે કરી શકશે કે કેમ? પ્રથમ અર્થમા યમ પૂર્ણકામ, નિરપેક્ષ હોવાથી તેમને કોઇ કાર્ય કરવાનુ હતુ નહિ, બીજા અર્થમા યમને જે નિયત કાર્ય કરવાનુ છે તે મારી સહાયથી કરી શકશે? જરા પણ નહિ તેમના એ નિયત કાર્યમા આ અજ્ઞાની નાનો બાળક શા ઉપયોગમા આવવાનો હતો?

આ ઉપરાત એક ત્રીજો અર્થ પણ નીકળી શકે છે આ અર્થમા વાક્યને પ્રશ્નાર્થક અથવા સશયાર્થક ન લેતા નિશ્ચયાર્થક જ લેવાનુ છે વાક્યનો વિગ્રહ પણ **यमस्य यत् किंस्वित् कर्तव्य (तत्) मयाद्य करिष्यति** આ પ્રમાણે કરવાનો છે યમને જે કાઇ કરવાનુ છે તે મારી સાથે કરશે અહી જે કરવાનુ કાર્ય કહ્યુ તે બીજુ કશુ નહિ પણ ઉપનિષદમા આગળ નચિકેતાને આપેલુ તત્ત્વજ્ઞાન નચિકેતા એમ કહે છે કે હે પિતાજી, હુ આનન્દથી યમને ત્યા જઇશ અને યમને જે કરવાનુ છે તે મારી મદદથી કરશે, અર્થાત્ જે તત્ત્વજ્ઞાનનો ઉપદેશ જગતને આપવાનો છે તે મારા દ્વારા આપશે આ અર્થ લેવામા ઉપનિષદમા નચિકેતાને આપેલા તત્ત્વજ્ઞાનનુ સૂચન થાય છે

શકરાચાર્ય આ મત્રનો અર્થ નીચે પ્રમાણે આપે છે—

વાજશ્રવસે જ્યારે નચિકેતાને યમરાજને ત્યા જવાને કહ્યુ ત્યારે તે (નચિકેતા) એકાતમા

શોક કરવા લાગ્યો, કે બહુ શિષ્યોમા અથવા પુત્રોમા હુ ઉત્તમવૃત્તિથી[1] અથવા તો મધ્યવૃત્તિથી—અધમવૃત્તિથી તો સર્વથા નહિ જ—હમ્મેશા રહેતો છુ, મે કોઈ દિવસ મારા પિતાની આજ્ઞાનો લોપ કર્યો નથી આવા પ્રકારનો મુખ્ય અને મધ્યમ વૃત્તિથી રહેનાર આ પુત્રને પિતાએ યમને ઘેર જવાનુ કહ્યુ ભલે, એ તો ઠીક, પણ મારા પિતાજી મને યમને આપીને શુ ફળ પ્રાપ્ત કરવાના છે, યમનુ શુ પ્રયોજન સિદ્ધ કરશે ? યજ્ઞમા યમને ઉદ્દેશીને પુત્રનુ દાન કરવાનુ વિધાન નથી, તો મને યમને આપવાથી શો લાભ થવાનો છે ? મને બીજા કોઈ બ્રાહ્મણને આપ્યો હોત તો કાઈ ફળ પણ મળત પણ આ વચનો પિતાજીએ ક્રોધમા કહ્યા છે તેમના વચનમા કઈ પણ સ્વારસ્ય નથી તો પણ મારે તો તેમની આજ્ઞા પાળવાની જ રહી આ પ્રમાણે નચિકેતા મનમા વિચાર કરવા લાગ્યો આ અર્થ પણ સભવિત છે

अनुपश्य यथा पूर्वे प्रतिपश्य तथापरे।
सस्यमिव मर्त्य पच्यते सस्यमिवाजायते पुन ॥ ६ ॥

અર્થ—તમારા પૂર્વજો કેવા હતા તે બરોબર વિચારો, હાલમા જે બીજા છે તેમનો પણ વિચાર કરો મનુષ્ય અનાજની માફક જીર્ણ થઈ નાશ પામે છે અને પાછો તેની માફક ફરીથી જન્મે છે

વિવેચન—પિતાનો ક્રોધ હવે શાન્ત પડ્યો અને ઘણા શોકાતુર થયા કે મે કઈ આ મારા પુત્રને યમને ઘેર જવાનુ કહ્યુ, અરરે, આ મે ક્રોધને વશ થઈ કેવી ગભીર ભૂલ કરી આ વિચારથી વાજશ્રવસ મનમા ઘણુ દુખી થયા અને તેમનુ મોઢુ ઉતરી ગયુ, હાથ પગ શિથિલ થઈ ગયા તેમણે વિચાર કર્યો કે જે વચનો મે નચિકેતાને કહ્યા છે તે વચનો મે ખરા હૃદયથી કહ્યા નથી પણ ક્રોધમા કહ્યા છે, તેથી તે વચનનુ બહુ મહત્ત્વ નથી, છતા પણ આ નચિકેતા ક્રોધમા બોલાએલા વચનને અનુસરીને જ યમરાજાને ત્યા જવા તત્પર થયો છે માટે લાવ તેને સમજાવુ કે આ મારા વચનો મારા હૃદયના ઉદ્ગારો નથી પણ ક્રોધનુ પરિણામ છે, માટે તારે યમરાજાને ત્યા જવાની જરા પણ જરૂર નથી, તારી આ તૈયારી છે તે બધ રાખ

નચિકેતા નાનો પણ ઘણો બુદ્ધિમાન્ બાળક હતો પિતાના વિચારોની અસર તેમના મુખ ઉપર પણ જણાવા લાગી તેમના મુખ ઉપર સર્વત્ર શોક પ્રસરી ગયો હતો અને મનમા જે ભાજગડ થતી હતી તેની રૂપરેખા પણ મુખ ઉપર ભાસવા લાગી આ સર્વ નચિકેતાએ જોયુ અને પિતાના વિચારે ઓળખી ગયો તેણે જાણ્યુ કે પિતાનો વિચાર હવે મને યમને ઘેર મોકલવાનો નથી રહ્યો અને તેથી પોતાના વચનનો ભગ કરાવવો છે નચિકેતાને લાગ્યુ કે આ તો ખોટુ થાય છે, જગતને આ ખોટો આદર્શ મળે છે, માટે પિતાજીને સવિનય વિનતી કરુ કે તમે તમારા વચનને બરોબર વળગી રહો અને આનન્દથી મને જવાની રજા આપો તેણે પ્રાર્થના

---

[1] શિષ્યોની ત્રણ પ્રકારની વૃત્તિ હોય છે મુખ્ય, મધ્યમ, અને અધમ ગુરુનુ ઈષ્ટ જાણીને ગુરુની આજ્ઞા વિના જ તે ઈષ્ટ સાધવાની વૃત્તિ તે મુખ્ય અથવા ઉત્તમ વૃત્તિ કહેવાય છે, ગુરુની આજ્ઞાથી જ તેમનુ ઈષ્ટ સાધવાની વૃત્તિ તે મધ્યમ વૃત્તિ કહેવાય છે, અને ગુરુની આજ્ઞા હોય છતા પણ તે ઈષ્ટ સાધવામા પ્રવૃત્તિ ન થાય ત્યારે તે વૃત્તિ અધમ કહેવાય છે નચિકેતાના કહેવાનો ભાવ એ છે કે હુ હમ્મેશા ઉત્તમ અથવા મધ્યમ વૃત્તિથી જ રહેલો છુ, અર્થાત્ મે તમારી આજ્ઞાનુ ઉલ્લઘન કોઈ પણ કાળે કર્યુ નથી તો આ વખતે તમારી આજ્ઞાનુ ઉલ્લઘન શી રીતે કરી શકીશ ? તાત્પર્ય એ કે આપની આજ્ઞા મારે સર્વથા માન્ય જ છે

કરી કે 'હે પિતાજી, તમારો ઉત્સાહ કેમ મંદ પડી ગયો ? તમે તમારો વિચાર ફેરવો છો કે શું ? તમે કોણ છો, કોના કુળમા જન્મેલા છો, કોના ગર્ભવી છો એ સર્વ બાબતોનો જરા વિચાર તો કરો તમારા પિતા, પિતામહ અને તેમના પણ પૂર્વજોના પુણ્યચરિત તપાસો તેઓ પોતાના વચનોને સંપૂર્ણ માન આપતા અને કોઇ દિવસ તેનો લોપ કરતા નહિ જેના પૂર્વજો પોતાના વચનને દૃઢ વળગી રહેનારા હતા તેવા તમે આજે શું તમારા જ વચનનો ભંગ કરવા તત્પર થયા છો ? પૂર્વજોની વાત જવા દો તમારા સમકાલીન સંબંધીઓ અને બ્રાહ્મણોનો જ દાખલો તો લો અત્યારે તમને એવી એક પણ વ્યક્તિ મળશે કે જે પોતાના વચનનો ભંગ કરવા તૈયાર થાય ? જ્યા વિશ્વનું વાતાવરણ જ આવું પવિત્ર છે ત્યા તમે આવી મલિન ભાવના ક્યાંથી કરી રહ્યા છો ? આ બધું તમારી ધ્યાનમા ન આવતું હોય તો મારી એક બીજી પ્રાર્થના કૃપા કરીને સાંભળો તમે એમ જાણતા હશો કે નચિકેતા યમને ઘેર ગયો એટલે એનું મરણ નીપજ્યું આ મરણની તમને ભીતિ હશે પણ પિતાજી, મરણનો આટલો બધો ભય શા માટે ? જે મનુષ્ય છે તે જન્મવાનો અને વૃદ્ધ થઇ મરણ પામવાનો[1] જેમ વર્ષાકાળમાં વૃષ્ટિને લીધે બીજનો પ્રાદુર્ભાવ થાય છે તેમ ભગવાનની ઇચ્છાથી કે સંચિતકર્મને લીધે મનુષ્ય જન્મે છે જેમ બીજમાંથી થએલું ફળ પક્વ થઇ નાશ પામે છે તેમ મનુષ્ય પણ નાશ પામે છે મનુષ્યમાત્રને જન્મમરણની ઉપાધિ હોય છે જ તો આવા ક્ષણભંગુર દેહને માટે, આવા અનિત્ય જીવનને માટે, આટલો બધો શો આગ્રહ ? અરે ! એટલું જ નહિ પણ તેને માટે પાછો વચનનો ભંગ કરવો ! પિતાજી, તમે કોઇ દિવસ સાંભળ્યું છે કે વચનભંગ કરવાથી માણસ અમર થાય છે ? તમે આટલા બધા જ્ઞાની છો, છતા પણ આવું કાર્ય કરવા કેમ તૈયાર થયા છો ? તમે તમારા કુળનો વિચાર કરો, મનુષ્યમાત્રની જન્મમરણની અનિવાર્ય દશાનો વિચાર કરો અને તમારા જ વચનને માન આપી મને યમને ત્યા જવાની સત્વર આજ્ઞા આપો

ગોવિન્દલાલ

પ્રાસંગિક નોંધ.

બાલબોધિની

અણુભાષ્યનું પ્રથમ મુદ્રણ કરવાનું માન બંગાળાની રૉયલ એશીઆટિક સોસાયટીને ઘટે છે આ સોસાઇટીએ પોતાની બીબ્લીઓથીકા સીરીઝમાં ઇ સ ૧૮૫૮ ના લગભગમાં અણુભાષ્ય છાપ્યું તે પુસ્તકની અંગ્રેજી પ્રસ્તાવનામા શ્રીમદ્ વલ્લભાચાર્યના વેદાન્તને દ્વૈતાદ્વૈત કહેવામા આવ્યું છે તે ઉપરથી જણાય છે કે તે પુસ્તકના સંસ્કર્તાને સામ્પ્રદાયિક જ્ઞાન ન હતું નવ દસ વર્ષ પછી એટલે ઇ સ. ૧૯૦૭ મા રત્નગોપાલ ભટ્ટે બનારસ સંસ્કૃત સીરીઝમા શ્રીપુરુષોત્તમજીના પ્રકાશ સહિત અણુભાષ્ય છાપ્યું અને સમ્પ્રદાયના અભ્યાસીઓને સારામા સારી સુગમતા કરી આપી આ જ સમયથી પેટલાદનિવાસી ઇચ્છારામભટ્ટના પ્રદીપ સહિત અણુભાષ્ય છાપવાનું કાર્ય સમ્પ્રદાયના અદ્વિતીય વિદ્વાન્ શાસ્ત્રીજી મગનલાલને હાથે શરૂ થયું તેનો અઢી અધ્યાયવાળો પ્રથમ ભાગ બે વર્ષ ઉપર બહાર પડી ચૂક્યો છે, અને બીજો ભાગ હવે થોડા સમયમા બહાર પડશે વિદ્યાવિલાસી ગોસ્વામિશ્રીગોકુલના યજી મહારાજે પણ ત્રિસની ઉપર પાચ ટીકાઓ છાપી અધ્યયન કાર્યમા સરલતા કરી આપી જ્યારથી એમ્ એ ની પરીક્ષાના અભ્યાસક્રમમા અણુભાષ્યને સ્થાન આપવામા આવ્યું ત્યારથી મુંબઇ સરકારની પણ કોઇ નવીન સંસ્કૃત ટીકા સહિત અણુભાષ્ય છપાવવાની ઇચ્છા થઇ આ કાર્ય પ્રથમ પંડિત મગનલાલ શાસ્ત્રીજીને આપવામા આવવાનું હતું અને તેમને જ આપવું જોઇતું

---

[1] જુવો ગીતાજી जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च।

હતું–પણ કેટલીક અસહિષ્ણુ વ્યક્તિઓને લીધે તેમની સામે એવી દલીલ આણવામાં આવી કે તમે વલ્લભસમ્પ્રદાયના ચુસ્ત અનુયાયી છો તેથી અણુભાષ્ય ઉપરની ટીકામા પક્ષપાત કરશો, માટે તમને આ કામ સોંપવામા આવતુ નથી આથી તે કાર્ય ડેક્કન કૉલેજના વિદ્વાન્ પંડિત શ્રીધર શાસ્ત્રી પાઠકને સોંપવામા આવ્યુ આ શાસ્ત્રીએ અણુભાષ્યનુ મૂલ (Text) ઇ સ ૧૯૨૧ મા છપાવ્યુ, અને તેના ઉપરની બાલબોધિની ટીકા ઇ સ ૧૯૨૬ મા હમણાજ બહાર પાડી રા શ્રીધરશાસ્ત્રી શાંકર છે અને તેથી વલ્લભસમ્પ્રદાયથી બરોબર માહીતગાર ન હોય એ સ્વાભાવિક છે છતા પણ તેમણે શાસ્ત્રીજી મગનલાલની મદદથી બાલબોધિની ટીકાના આરંભમા સંસ્કૃત ભાષામા લખાએલા ૫૫ પાનાના ઉપોદ્ઘાતમા વેદાન્તવિષયક અને સમ્પ્રદાયવિષયક જ્ઞાન સારામા સારી રીતે દર્શાવ્યુ છે, અને અમે સર્વને આ ઉપોદ્ઘાત આદિથી અંત સુધી બરોબર વાંચી જવાની ભલામણ કરીએ છીએ

ઉપોદ્ઘાતના આરંભમા શુદ્ધાદ્વૈતમતનુ સ્વરૂપ આપવામા આવ્યુ છે પછી બ્રહ્મ, જીવ અને જગતનો સારામા સારો વિચાર આપ્યો છે પછી ભક્તિ અને તેના માહાત્મ્યનુ વર્ણન છે, પછી પુષ્ટિ અને મર્યાદાનો વિવેક સમજાવવામા આવ્યો છે પછી શાંકર, રામાનુજ અને માધ્વમતનો સુંદર ઉપન્યાસ છે અને તે ત્રણ મતોનુ વલ્લભમત સાથે કેટલું સામ્ય છે અને કેટલુ વૈષમ્ય છે એ બતાવવામા આવ્યુ છે ત્યાર પછી શ્રીવલ્લભાચાર્યનુ જીવનચરિત આપવામા આવ્યુ છે તેમા શ્રીવલ્લભાચાર્યજીનો પ્રાદુર્ભાવ સંવત્ ૧૫૨૯ મા થયો એ કલ્લોલકર કલ્યાણભટ્ટનો મત પણ આપવામા આવ્યો છે શ્રીવલ્લભાચાર્યજીના વંશમા અને સમ્પ્રદાયમા જે વિદ્વાન્ બાલકો અને વૈષ્ણવો થઇ ગયા છે તેમનો સંક્ષિપ્ત ઇતિહાસ આપવામા આવ્યો છે અંતમાં અણુભાષ્યના કર્તા બે છે એમ કહી શ્રીવલ્લભાચાર્યજીની વેદ ઉપરની શ્રદ્ધાના વખાણ કરવામા આવ્યા છે

ઉપોદ્ઘાતમા પ્રદીપકાર ઇચ્છારામ ભટ્ટ વિષે એક ભૂલ થએલી જોવામા આવે છે રા પાઠક શાસ્ત્રી લખે છે કે ઇચ્છારામ ભટ્ટ ભટ્ટ કુલના હતા અને ડાકોરના નિવાસી હતા પણ તે પ્રમાણે નથી ઇચ્છારામ ભટ્ટ પોતે નાગર બ્રાહ્મણ હતા એમ પેટલાદના લોકો કહે છે તેમનુ મૂળ ગામ પેટલાદ હતુ તેઓ ડાકોર વધારે જતા આવતા હોવાથી ત્યા તેમનુ સ્મારક કરવામા આવ્યુ હતુ

બાલબોધિની ટીકા તેના નામ પ્રમાણે સરલ છે અણુભાષ્ય ઉપરની ઘણી ખરી ટીકાઓમાથી સાર લેવામા આવ્યો છે પહેલા ભાગમા જે અશુદ્ધિ રહી ગઇ છે તેનુ શુદ્ધિપત્ર પણ આ ભાગમા છેડે આપવામા આવ્યુ છે પુસ્તકની કિમ્મત ત્રણ રૂપીઆ છે

+ + + + + +

પોલ કેસનો નિર્ણય અને વૈષ્ણવસમાજનુ કર્તવ્ય

મુંબઇમા દર અઠવાડીએ પ્રસિદ્ધ થતા પોલ પત્રમા ઘણા દિવસથી શ્રીમહાપ્રભુજી, શ્રીનાથજી અને વૈષ્ણવો ઉપર આક્ષેપો કરવામા આવતા હતા વૈષ્ણવો શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજીના ઉપર થતા આક્ષેપો ઠંડે પેટે સાંભળી રહ્યા પણ જ્યારે શ્રીદેવકીનંદનલાલજી ઉપર અસહ્ય આક્ષેપો કરવામા આવ્યા ત્યારે તેમના સેવક શેઠ પ્રાગજી સુરજીને ઘણુ લાગી આવ્યુ અને પોલના અધિપતિ પાગલ ઉપર પોલીસ કોર્ટમાં બદનક્ષી કરવા બદલ ફરીયાદ નોંધાવી, સરકાર પાસે ન્યાય માગવા લાગ્યા સરકારે ન્યાય પણ આપી દીધો પાગલનો ત્રણસો રૂપીઆનો દંડ કર્યો દંડ આપી પાગલ છુટી પણ ગયો

પાગલ એ કોઇ વિદ્વાન્ અને વિચારશીલ વ્યક્તિ નથી, કારણ કે જો તેનામા જ્ઞાન અને વિચારશક્તિ હોત તો શ્રીવલ્લભાચાર્યજી અને શ્રીનાથજીને માટે તો એક પણ અપશબ્દ વાપરત નહિ આ કારણથી જ સજ્જનો તેના બકવાટને માન આપતા ન હતા અને મૌન ધારણ કરી

રાખતા હતા આ મૌન યોગ્ય જણાય છે પણ તેનું પરિણામ સારૂં નથી જ્યારે ભવિષ્યની પ્રજા આવા ભૂતકાળના પત્રો વાંચશે ત્યારે આખા સમ્પ્રદાયને માટે તે કેવો વિચાર કરશે? જેમ મહારાજ લાયબલ કેસનો દાખલો પગલે પગલે આપવામાં આવે છે તેમ ભવિષ્યના તોફાની વાંદરાઓને આવા લખાણો એક નીસરણી જેવા થઈ પડશે આ પરિણામ જેવું તેવું નથી તેને અટકાવવાને માટે બે માર્ગ છે એક માર્ગ એ કે જે આક્ષેપો કરવામા આવ્યા હોય તેનો સપ્રમાણ પરિહાર કરી પુસ્તકરૂપે બહાર પાડવો બીજો માર્ગ એ છે કે આપણા વૈષ્ણવોની બાહ્ય અને આન્તર વૃત્તિઓને સમ્પૂર્ણ શુદ્ધ કરી નાખવી, અને એવું ચારિત્ર્ય પ્રાપ્ત કરવું કે જગતની કોઈ પણ ભાવી પ્રજા આપણા ચારિત્ર્ય સામું જોઈને જ એમ કહે કે આવા શુદ્ધ ચારિત્ર્યવાળા વૈષ્ણવસમાજમા દુરાચારને ક્યાંથી સ્થાન મળી શકે? આવા પરપોના સમ્પ્રદાયમા પાગલ જણાવે છે એવા કૃત્યો શી રીતે સભવી શકે? માટે પાગલને ત્રણસો રૂપીઆની સજા થઈ ને આપણો વિજય થઈ જ ગયો એવી ભાવના રાખીને શાન્ત બેસી રહ્યા કરતા ઉપર જણાવેલા બન્ને માર્ગો સ્વીકારવાની ખાસ જરૂર છે, અને જો તે પ્રમાણે કરવામા નહિ આવે તો પરિણામ ઘણુ ખરાબ આવશે એમ ઐતિહાસિક વિદ્વાનો અનુમાન બાંધે છે

આપણી વર્તમાન સ્થિતિ ઘણી દયાજનક છે આપણા માર્ગના સિદ્ધાન્તો ક્યા અને આપણે ક્યા? પથી ગયા અને પગના રહ્યા એ ન્યાય ક્ષણે ક્ષણે યાદ આવે છે આવી અવસ્થામા પણ આપણી આ નિસ્સાધન દશાનો વિચાર કરીને શ્રીકૃષ્ણ પ્રભુને શરણે અને તે સિદ્ધ કરવા શ્રીમદાચાર્યચરણને શરણે જઈએ તો જ આપણો ઉદ્ધાર છે પ્રાકૃત મનુષ્યને માટે શ્રીમહાપ્રભુજીએ જણાવેલા જીહ્વા અને ઉપસ્થના દોષમાથી મુક્ત થઈ, બાહ્ય આડમ્બરનો ત્યાગ કરી ભક્તિપૂર્ણ જીવન ગાળવાનો અવસર જ્યારે પ્રાપ્ત થશે ત્યારે જ આપણે ખરેખરા નિર્ભય-અકુતોભય-બનીશુ, ત્યારે પ્રવાહની ઉપાધિઓથી મુક્ત થઈશુ જેમ જેમ આપણે બહિર્મુખ થતા જઈએ છીએ તેમ તેમ આપણે દુ:ખને નોતરીએ છીએ, જીવનને દુ:ખમય બનાવીએ છીએ, અને તત્ત્વજ્ઞાનની દૃષ્ટિથી વિચારીએ તો આત્મઘાતી બનીએ છીએ વૈષ્ણવ સપ્રદાયમા રહેવાનો આપણે દાવો કરતા હોઈએ અને સાથે સાથે આવા આત્મઘાતી બનીએ તો આપણામા અને પશુમા શો તફાવત? જે આક્ષેપો શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજી ઉપર કરવામા આવ્યા છે તેનું એક કારણ આપણે પણ છીએ એમ શુદ્ધ અંત:કરણથી વિચારીશુ તો જણાયા વગર રહેશે નહિ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તથી આપણે જેટલા વિમુખ બન્યા, શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનો જેટલો આપણે ભગ કર્યો તેટલા જ પ્રમાણમા આપણે શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજીના અપમાનમા સાધનભૂત થયા છીએ આનું આપણે પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ અને તે પ્રાયશ્ચિત્ત શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તો અને આજ્ઞાનું પાલન કરે જ સિદ્ધ થાય, અન્યથા નહિ

મહારાજશ્રી અને વૈષ્ણવોનો ગુરુ શિષ્યનો સબધ છે એ નિર્વિવાદ છે શિષ્યોનો ઉદ્ધાર શી રીતે થાય તે ગુરુએ વિચારવાનું છે શિષ્યોએ પણ ગુરુના પ્રતિ સદ્ભાવના જ રાખવાની છે બન્નેમાથી એકને ધર્મથી પતિત થવાનો પ્રસગ આવે તો બીજાએ યોગ્ય મદદ આપી બચાવ કરવાનો છે વૈષ્ણવો જો ધર્મભ્રષ્ટ માલમ પડે તો મહારાજશ્રીઓની તેમને કટુભાષામા પણ સત્ય કહેવાની અને સન્માર્ગે લઈ જવાની ફરજ છે મહારાજશ્રીઓના વિષયમા કાંઈ પણ કહેવાનું હોય તો વૈષ્ણવોએ પણ સવિનય વિજ્ઞપ્તિ કરવાની છે આ વિષયમા વિદ્યાવિલાસી ગોસ્વામી શ્રીગોકુલનાથજીનો ઉપદેશ ધ્યાનમા રાખવા જેવો છે મહારાજશ્રી આજ્ઞા કરે છે કે 'તેમની (વૈષ્ણવોની) કહેવાની અને અમારે સાંભળવાની ફરજ છે, કારણ કે બાળકને પણ સાંભળવું જોઈએ' (ચાતુ અંક, પૃ૦ ૩૬) મહારાજશ્રીએ નિષ્પક્ષપાતપણે

પોતાનો અભિપ્રાય આપ્યો છે એ જાણી અમને ઘણો હર્ષ થાય છે આવી જ ભાવના જ્યારે સર્વના હૃદયમા ઉત્પન્ન થશે ત્યારે આપણે નિર્ભયતાને પથે ચઢીશુ

અતમા એટલુજ કહેવાનુ કે જો આપણે શ્રીમહાપ્રભુજીના [1]શિક્ષાશ્લોકોનુ સતત ધ્યાન ધરીશુ તો આપણને કોઇ પણ પ્રકારનો ભય નથી

+ + + + + +

કેટલાક સમયથી પદ્મનાભજી નામના એક શાકર પડિત શુદ્ધાદ્વૈત વિષેનુ પોતાનુ અજ્ઞાન વારવાર બતાવ્યા કરે છે જ્યાં સભા ભરાઇ હોય અને પદ્મનાભજીને બોલવાનો પ્રસગ મળ્યો હોય તો એકદમ અભિપ્રાય આપી દેશે કે શુદ્ધાદ્વૈત વેદાન્તમા વેદવિરુદ્ધ ગપાટા બહુ છે અને તેથી સજ્જનોએ તેનો તિરસ્કાર કરવો જોઇએ આટલાથી સતોષ ન પામતા તેમણે એક પત્રિકા કાઢીને જણાવ્યુ કે મારે જાહેર રીતે વલ્લભાચાર્યના મતનુ ખડન કરવુ છે તો તે મતનો કોઇ પણ વિદ્વાન્ મારી સાથે શાસ્ત્રાર્થ કરવા તૈયાર થઇ જાય આ પત્રિકા વાચી ગ ત્રિકમદાસ ચકુભાઇ મગનલાલ શાસ્ત્રી પાસે ગયા અને પત્રિકા વચાવી શાસ્ત્રીજીએ પણ તેજ વખતે શાસ્ત્રાર્થ કરવાની પત્રિકા બહાર પાડી તે પત્રિકા નીચે છાપવામા આવી છે

॥ श्रीमद्वल्लभाधीश्वरो विजयतेतमाम् ॥

पण्डित पद्मनाभजीने उत्तर.

૧ હુ પારમ્પર્યથી શુદ્ધાદ્વૈત સમ્પ્રદાયાનુસારી છુ, અને શ્રી ૧૦૮ મદ્વલ્લભાચાર્યજીના અણુભાષ્યને સર્વ ભાષ્યમા ઉત્કૃષ્ટ સિદ્ધ કરવાને સદૈવ સજ્જ છુ

૨ જો પ પદ્મનાભજી શ્રીમદણુભાષ્યમા કોઇ પણ અનુપપત્તિ સત્યશોધન બુદ્ધિએ દર્શાવશે તો હુ તે સર્વે અનુપપત્તિનો સપ્રમાણ પરિહાર કરીને શ્રીમદ્ભાષ્યકાર શ્રીવલ્લભાચાર્યજીના અણુભાષ્યનુ મણ્ડન કરી આપીશ

૩ શાસ્ત્રાર્થ માટે યોગ્ય સ્થલ મુબાઇજ રહેશે અને માર્ચની ૧૧ મીથી જૂનની ૧૯ મી પર્યન્તના જે અનુકૂલ દિવસો પ પદ્મનાભજી દર્શાવશે તે દિવસો મારે પણ અનુકૂલ રહેશે

૪ આ શાસ્ત્રાર્થ છે, વિતણ્ડા નથી, તેથી એક યોગ્ય મધ્યસ્થ પ પદ્મનાભજી નિયોજશે કે તરતજ એક યોગ્ય મધ્યસ્થનુ નામ હુ આપીશ, અને તે બે મધ્યસ્થ સભાપતિત્વે શાસ્ત્રાર્થનુ સર્વ પ્રકારે નિયન્ત્રણ કરશે

પુના સિટિ, ૮૧૧, રવિવાર પેઠ
૪૮-૫૨, ત્રીજો ભોઇવાડો, મુબઇ ૨
તા ૧૧-૧-૧૯૨૬

મગનલાલ ગણપતિરામ શાસ્ત્રી.

આ ધર્મવીરતાના કાર્યને માટે આખો વૈષ્ણવસમાજ શાસ્ત્રીજીને આભારી છે

+ + + + + +

તા ૨૦-૨-૨૬ના સાંજવર્તમાનમા 'પુષ્ટિમાર્ગે ગુમાવેલા શાસ્ત્રીઓ' એ નામનો લેખ વાચવામા આવ્યો તે લેખ ઉપરથી જણાયુ કે નાથદ્વારમાથી પ્રધાન શાસ્ત્રીને લીધે અનુક્રમે ત્રણ

---

[1] यदा बहिर्मुखा यूय भविष्यथ कथचन । तदा कालप्रवाहस्था देहचित्तादयोप्युत ॥ सर्वथा भक्षयिष्यन्ति युष्मानिति मतिर्मम । न लौकिक प्रभु कृष्णो मनुते नैव लौकिकम् ॥ भावस्तत्राप्यस्मदीय सर्वस्वश्चैहिकश्च स । परलोकश्च तेनाय सर्वभावेन सर्वथा ॥ सेव्य स एव गोपीशो विधास्यत्यखिल हि न ॥

શાસ્ત્રીઓને જવું પડ્યું. પ્રથમ સામ્પ્રદાયિક પંડિત બાલશાસ્ત્રીએ રાજીનામું આપ્યું. ત્યાર પછી પંડિત મહાનંદ ઝાએ અને પંડિત પુરુષોત્તમશર્માએ રાજીનામું આપ્યું આ તો નાથદ્વારની વાત.

હવે વાત રહી કામવનના વિદ્યાવિભાગની લેખક જણાવે છે કે આ વિદ્યાવિભાગમાંથી રા૦ વસંતરામ શાસ્ત્રી, પંડિત વામનાચાર્ય ક્ષીરસાગર અને પંડિત જગન્નાથ એ ત્રણે વ્યક્તિઓએ રાજીનામું આપ્યું છે

લેખક જે બીના ઉપર જણાવે છે તે જો સત્ય હોય તો અમને ઘણો શોક થાય છે પ્રથમ જ્યારે મહારાજશ્રીઓ પાસે શાસ્ત્રીઓ ન હતા ત્યારે સામ્પ્રદાયિક જ્ઞાનનો પ્રચાર ઘણો જ થોડો થતો આથી સર્વને જણાયું કે શાસ્ત્રીઓ જો મહારાજશ્રી પાસે રહે અને સામ્પ્રદાયિક જ્ઞાન આપે તો વસ્તુસ્થિતિ સુધરે આ વાત મહારાજશ્રીઓને ગળે ઉતરી અને શાસ્ત્રીઓ રાખવાનો પ્રબંધ શરુ કર્યો. શાસ્ત્રીઓ આવ્યા, પણ દિવસ જતાં અધ્યાપનનું કાર્ય ભૂલવા લાગ્યા અને નાના રાજ્યોમાં જેમ કર્ણેજપો હોય છે તેમ મહારાજશ્રીના કર્ણેજપ થઈને રહ્યા જો વિદ્યાને માટે જ શાસ્ત્રીઓ રાખવામાં આવે છે તો વિદ્યા સિવાયની બીજી સર્વ વસ્તુઓમાં તેમણે શા માટે ભાગ લેવો જોઈએ ? અને જો અન્ય વિષયમાં ભાગ લે તો શાસ્ત્રીઓ રાખવાનું મૂળ પ્રયોજન ક્યાં રહ્યું ? કેટલેક સ્થળે તો શાસ્ત્રી મહારાજશ્રીના ખાનગી કારભારી (Private Secretary) અને મંદિરની આન્તર અને બાહ્ય વ્યવસ્થા રાખનાર હોય છે પોતાનો વિષય ત્યજી બીજા વિષયમાં પ્રવેશ કરવામાં આવે તો પરિણામ સર્વથા સારું નથી આવતું માટે અમે એવું ઇચ્છીએ છીએ કે વિદ્વાન્ શાસ્ત્રીઓ યુક્તિઓ છોડી દઈ પરસ્પર મિત્રભાવના રાખી પોતાના વિષયમાં જ રચ્યા પચ્યા રહે પરમાત્મા અમારી આ અભિલાષા પૂર્ણ કરે

એક શંકા.

પુષ્ટિસુધા પુસ્તક ૩ અંક ૮-૯, પૃ૦ ૩૬ ઉપર શ્રીગોકુલનાથજીનો પત્ર પ્રકટ થયો છે તેમાં આપશ્રીએ સાક્ષાત્ પત્રદ્વારા, સ્વપ્નદ્વારા અને સેવકદ્વારા, ભગવદંગીકાર લખ્યો છે, પરંતુ પત્રનું કાગળ શ્રીબાલકૃષ્ણલાલજીના પૌત્ર શ્રીયદુપતિજીને એ સંબંધી શંકા થયાનું જણાવેલું છે પણ શ્રીગોકુલનાથજીની સલાહ શ્રીગિરિધરજી દરેક પ્રસંગે લેતા શ્રીગોકુલનાથજીની આજ્ઞાને દરેક ઘરના બાલક સ્વીકારતા અને તેથી શ્રીયદુપતિજી પણ સ્વીકારતા હોવા જોઈએ છતાં પણ શ્રીયદુપતિજીને આ વિષયમાં શંકા થવાનું શું કારણ હશે તે કોઈ જણાવશે ?

લિ૰
જિજ્ઞાસુ વૈષ્ણવ

पुष्टिमार्गीय कीर्तनकारोने अलभ्य लाभ.

સંગીતકીર્તનમઞ્જરી —આ ગ્રન્થમાં પુષ્ટિમાર્ગીયપ્રણાલિકાનુસાર મંગલાથી આરમ્ભીને શયનપર્યન્તના ઉત્સવોની વધાઈ ઢોરી વિગેરે કીર્તનો હાર્મોનિયમમાં વગાડવા નોટેશન સહિત આપ્યા છે, તેમ જ ઢોકડ (પખવાજ) બનાવવાનું શિક્ષણ મળે તેની પણ સમજુતી ભિન્ન ભિન્ન ૨૦ રાગના ૮૦ નોટેશન તાલમાત્રાસહિત આપેલી છે. ભિન્ન ભિન્ન કીર્તનોથી પૂર્ણ આ ગ્રન્થ સર્વમાં અદ્વિતીય જ છે ન્યોછાવર રૂ ૨-૦-૦ ટપાલ ખર્ચ ૦-૬-૦ જુદું લખો —

ભગવાનદાસ નારાયણદાસ કોટડાવાલા
મું૦ ધંધુકા (જીલ્લે અમદાવાદ)

ગુજરાતી સભા
મુંબઈ

॥ श्रीकृष्णाय नम ॥
॥ श्रीगोपीजनवल्लभाय नम ॥
॥ श्रीमदाचार्यचरणकमलेभ्यो नम ॥

क्वेमा स्त्रियो वनचरीर्व्यभिचारदुष्टा कृष्णे क्व चैष परमात्मनि रूढभाव ।
नन्वीश्वरोऽनुभजतोऽविदुषोऽपि साक्षाच्छ्रेयस्तनोत्यगदराज इवोपयुक्त ॥

पुष्टिसुधा

પુસ્તક ૫ { સંવત્ ૧૯૮૨ ચૈત્ર શુક્લ ૧૫ } અંક ૭-૮

	વિષય	લેખક	પૃષ્ઠ
૧	નિર્વિઘ્નતામાત્રાવિ	તંત્રી	૧-૩
૨	કઠોપનિષદ્	,,	૪-૧૦
૩	નાગરભટ્ટજીકૃત પદો	રા. પરીખ	૧૧-૧૪
૪	બ્રહ્મસંબંધ	તંત્રી	
૫	પ્રાસંગિક નોંધ	રા. પ્રકાશક તંત્રી.	૧૪-૨૪
૬	ઉપકાર	.	

પરિવેષ્ટા
વે. શા. સ. મગનલાલ ગણપતિરામ શાસ્ત્રી
એમ. એ., બિ. ઇ. એમ્. એમ્. ડિ. બિ.,
એમ્. આર્. એ. એસ્. (બૉ.) પુના સિટિ

મુદ્રક
ગોવિન્દજી ડાહ્યાભાઈ નાયક
શ્રી 'અનાવિલ બન્ધુ' પ્રિ. પ્રેસ
ખરાનપુરી ભાગોળ સુરત

તંત્રી
ગોવિન્દલાલ હરિગોવિન્દ ભટ્ટ એમ્. એ.
વડોદરા
વાર્ષિક ન્યોછાવર રૂ. ૨-૪-૦

પ્રકાશક-તંત્રી
ઉજમશી બાપુજી કાપડીઆ બી. એ.
"પુષ્ટિસુધા" કાર્યાલય, ધંધુકા
છુટક અંકના ૦-૪-૦

ગ્રાહકોને વિજ્ઞપ્તિ.

૧ આ અંક મળે કે તરત જ નોછાવર મોકલી આપવું

૨ આવતો અંક બે માસનો ભેગો કાઢવામાં આવશે જેમનું નોછાવર આવી ગયું નહિ હોય તેમને આ અંક વી. પી. થી મોકલવામાં આવશે

૩ હવેથી ગ્રાહકોના સરનામા સાથેના નામ છપાવવાના છે, તેથી જેમના સરનામામાં ફેરફાર થયો હોય તેમણે પ્રકાશકતંત્રીને સત્વર ખબર આપવી

૪ કેટલાક મહિનાઓથી માસિકની અનિયમિતતા ચાલતી હતી, પણ હવેથી તેને બહુ જ નિયમિત રીતે પ્રકટ કરવામાં આવશે

પ્રાસંગિક નોંધ

અ. સૌભાગ્યવતી કમલા (મહાત્મા)

અમને જણાવતા અત્યંત ખેદ થાય છે કે પુષ્ટિસુધાના પરિપોષ્ટા અને સંપ્રદાયના આત્મા શાસ્ત્રીજી મગનલાલ ગણપતિરામના ધર્મપત્ની અ. સૌ. ભગવતી કમલા ઉર્ફે મહાત્મા વૈશાખ શુક્લ પ્રતિપદાને દિવસે સાંજના આઠ વાગે ભગવચ્ચરણારવિંદમાં પ્રાપ્ત થયા છે અને તેમનો એકનો એક પુત્ર વૈશાખ શુક્લ તૃતીયાને દિને હરિશરણ થયો છે. આ દુઃખદ સમાચાર સાંભળી કયા વૈષ્ણવનું હૃદય નહિ દ્રવે?

વૈષ્ણવોમાં ભગવતી કમલા 'મહાત્મા'ના નામે ઓળખાતા હતા તેમનો જન્મ સંવત્ ૧૯૪૫ ના આસો સુદિ ૩ ને દિવસે અમદાવાદમાં વ્યાસ મૂળશંકર પીતાંબરને ત્યાં થયો હતો. તેમનું કુટુંબ ઘણું મોટું હતું. તેમને આઠ ભાઈઓ અને ત્રણ બહેનો હતી. બાલ્યાવસ્થામાં પ્રાથમિક કેળવણી લીધા પછી સંવત્ ૧૯૫૮ માં તેમના લગ્નનો શુભ અવસર પ્રાપ્ત થયો. આ સમયે આપણા શાસ્ત્રીજીના પ્રથમ ધર્મપત્ની હરિશરણ થઈ ગયા હતા અને તેઓ [illegible] સાથે રહી વિરક્ત જીવન ગાળતા હતા, અને સંપ્રદાયના સાહિત્યમાં અગ્ર સ્થાન ભોગવતો 'શુદ્ધાદ્વૈતસિદ્ધાન્તપ્રદીપ' નામનો ગ્રન્થ લખતા હતા. તેમનો ફરીથી પરણવાનો વિચાર ન હતો, પણ માતાપિતાના સ્વાભાવિક આગ્રહથી અને [illegible] અને કેટલાક [illegible] યોગ્ય શિખામણથી તેમના વિચારો કેટલેક અંશે ફર્યા અને આ ફેરફારનો અલભ્ય લાભ ભગવતી કમલાને મળી ગયો, અને ૧૯૫૮ ના વૈશાખ શુક્લ અષ્ટમીને દિવસે તેઓના લગ્ન થયા. લગ્ન પછી તરત જ મહાત્માએ રાજનગરવાળા નિત્ય લીલાસ્થ ગોસ્વામિશ્રી [illegible] પાસે બ્રહ્મસંબંધ લીધું, અને ત્યારથી તેમને ધીમે ધીમે ભગવન્માર્ગમાં અભિરુચિ થવા લાગી. સંવત્ ૧૯૬૩ માં તેમણે શ્રીનાથજી વગેરે સ્થળોએ યાત્રા કરી ત્યાર પછી તેમને ત્યાં પુત્રીનો જન્મ થયો. સંવત્ ૧૯૬૮ના [illegible]

ફાર્બસ ગુજરાતી સભા
વિઠ્ઠલભાઈ પટેલ રોડ,
મુંબઈ ૪

॥ यमेवैष वृणुते तेन लभ्य ॥

પુષ્ટિસુધા

પુસ્તક ૫. } ચૈત્ર શુકલ ૧૫, સંવત્ ૧૯૮૨ { અંક ૭

ત્રિવિધનામાવલી.

૯૫૭ આપણે જોયું કે શ્રીકૃષ્ણ જ પરબ્રહ્મ છે અક્ષર અને પુરુષોત્તમરૂપે પણ તે જ છે લોક અને વેદમાં પ્રસિદ્ધ અને તે બેનાથી અતીત પણ તે જ છે હવે તે જ શ્રીકૃષ્ણ જુદા જુદા અંશો વડે અવતારલીલા પણ કરે છે એમ દર્શાવતા શ્રીમહાપ્રભુજી તેમના જુદાં જુદાં નામો આપે છે

यदुकुलचूडामणये नम ॥ ४॥

અર્થ—યદુકુલના ચૂડામણિને—શિરોમણિને—નમસ્કાર

વિવરણ—ભગવાને મથુરામાં અને દ્વારિકામાં જે જે લીલા કરી તે સર્વ લીલા નિત્ય જ છે એમ બતાવવા મૂળરૂપ ભગવાનનું આ—યદુકુલચૂડામણિ—નામ છે જો આ પ્રમાણે ન માનીએ તો હમણાં ભગવાનનું પ્રાકટ્ય નથી થયું તે છતાં પણ તેમના આ નામનું નિરૂપણ શ્રીમહાપ્રભુજી શી રીતે કરી શકે? શ્રીમહાપ્રભુજી ત્રિવિધનામાવલીમાં ભગવાનની લીલા દર્શાવનારા નામો સમયના ક્રમ પ્રમાણે આપે છે હજુ તો ભગવાનનું પ્રાકટ્ય પણ નથી થયું—પ્રાકટ્ય દર્શાવનારૂં નામ પણ નથી આવ્યું—તે પહેલાં યદુકુલચૂડામણિ નામ શી રીતે સંભવી શકે? આનો ઉત્તર એટલો જ કે ભગવાનની મથુરાલીલા અને દ્વારિકાલીલા નિત્ય છે અને તેથી પ્રાકટ્યની પહેલાં યદુકુલચૂડામણિ નામ આપવામાં કોઈ પણ પ્રકારનો વાંધો આવતો નથી આથી એવું સિદ્ધ થાય છે કે જેમ લોકવેદાતીત સ્વરૂપમાં વ્રજપતિ, નન્દનન્દન, યશોદોત્સંગલાલિત વગેરે નિત્યલીલાન્તઃપાતી સર્વ નામોનો ભાવ નિત્ય છે તેમ લોકવેદપ્રસિદ્ધ સ્વરૂપમાં પણ યદુકુલચૂડામણિ વસુદેવદેવકીનન્દન વગેરે નામોનો ભાવ પણ નિત્ય છે યોગમાયાના સંબંધમાં ભગવાનના **यदूनां निजनाथानाम्** (૧૦-૨-૬)—મારા નાથ યદુઓના—એ વચનો પણ ઉપરના મતને જ પોષણ આપે છે કારણ કે નાથત્વ પ્રાકટ્ય પછી જ સંભવી શકે, છતાં પણ પ્રાકટ્ય પહેલાં નાથ તરીકે—નાથની ભાવનાની વાત કહી છે, અર્થાત્ યદુકુલચૂડામણિનો ભાવ મૂળરૂપ ભગવાનમાં નિત્ય છે આ જ અર્થનો સ્ફોટ દશમ સ્કંધના ત્રીજા અધ્યાયમાં આવેલી વસુદેવજીની સ્તુતિમાં જોવામાં આવે છે અને તે સ્ફોટનું સુંદર વિવેચન **स एष स्वप्रकृत्येदम्** (૧૦-૩-૧૪) એ શ્લોકના શ્રીસુબોધિનીજીમાં કરવામાં આવ્યું છે

ભગવાનને યદુકુલશિરોભૂષણ—મસ્તકના અલંકાર—કહેવાથી એમ માલમ પડે છે કે રાજ્ય ભક્તોનો નિરોધ કરનારી રાજલીલા પણ નિત્ય જ છે **जयति जन०** એ શ્લોકમાં **जयति** પદથી પણ સર્વ લીલાઓ નિત્ય છે એમ બોધ થાય છે મણિ જેમ મણિવાળા માણસનો ઉત્કર્ષ

બતાવે છે તેમ ભગવાન્ પણ યદુકુલનો ઉત્કર્ષ બતાવે છે આ પ્રમાણે આ નામમા **यदोश्च धर्मशीलस्य** (૧૦-૧-૨) થી આરંભીને તે **माया मनुष्यस्य वदस्व विद्वन्** (૧૦-૧-૭) એ શ્લોક સુધીમાના પ્રશ્નમા સર્વચરિત્રોની પ્રસ્તાવના કરવામા આવી છે આથી એટલુ તો સિદ્ધ થાય છે કે પૂર્ણ પુરુષોત્તમના જ જૂદા જૂદા વ્યૂહાંશો વડે જૂદા જૂદા કાર્યો થાય છે અને તેથી તેમના જૂદા જૂદા નામો પડે છે ૪

હવે શ્રીમહાપ્રભુજી પરમાવતારના ચરિત્રોનો ઉપક્રમ દર્શાવનાર નામ આપે છે -

वसुदेवनन्दनाय नम ॥ ५ ॥

અર્થ—વસુદેવના નંદનને નમસ્કાર ૫

વિવરણ—આ પણ નિત્ય મૂળરૂપ જ નામ છે, કારણ કે શ્રીમદ્ભાગવતમા **वसुदेवगृहे साक्षात् जनिष्यते** (૧૦-૧-૨૩), વસુદેવને ઘેર સાક્ષાત્ જન્મ લેશે, એ શ્લોકમા સાક્ષાત્ શબ્દનો પ્રયોગ કરવામા આવ્યો છે જો મૂળરૂપનુ નામ ન હોય તો સાક્ષાત્ શબ્દ શી રીતે વાપરી શકાય ? આ જ મૂળરૂપ ભગવાન્ **आविवेशांशभागेन मन आनकदुन्दुभे** (૧૦-૨ ૧૬)-ભગવાને વસુદેવના મનમા અંશભાગ વડે પ્રવેશ કર્યો-એ શ્લોકની પછી વસુદેવના નન્દન થયા એ ભાવી અર્થનુ પણ સૂચન અહીં થાય છે આથી જ વસુદેવને પરમાનન્દ આપનાર એવી કોઈ અનિર્વચનીય અલૌકિક શોભાનો ઉલ્લેખ **स विभ्रत्पौरुष धाम** (૧૦-૨-૧૭) એ શ્લોકમા કરવામા આવ્યો છે નન્દનનો અર્થ પુત્ર અથવા તો આનન્દકારક થઈ શકે છે ભગવાન્ જ્યા જ્યાં પ્રકટ થાય છે ત્યા ત્યા પોતાના આધારભૂત શુદ્ધસત્ત્વ નામના અલૌકિક નિત્ય ગુણ સાથે જ પ્રકટ થાય છે જેમ લોકમા રાજા કે કોઈ મહાનુભાવી પુરુષ જ્યા જાય છે ત્યા પોતાના આસન સહિત જાય છે તેમ ભગવાન્ પણ જે સ્થલે જવાના હોય છે તે સ્થલે પોતાના શુદ્ધસત્ત્વ નામના આસનને લઈને જ જાય છે તાત્પર્ય એ કે જેમ કોઈ મહાપુરુષ આવવાના હોય છે અને તેમને માટે બધી જગ્યા સ્વચ્છ કરી નાખવામા આવે છે તેમ ભગવાન્ જ્યા પધારવાના હોય છે તે સ્થલે પ્રથમ શુદ્ધિ રાખવામા આવે છે અર્થાત્ જ્યા શુદ્ધિ—સત્ત્વશુદ્ધિ—હોય છે ત્યા જ ભગવાન્ પધારે છે આથી જ સત્ત્વશુદ્ધિને ભગવાનનો આધાર અને નિત્ય અલૌકિક ગુણ કહેવામા આવે છે વસુદેવજી શુદ્ધસત્ત્વ છે તેથી જ ભગવાનનો પ્રાદુર્ભાવ ત્યા થાય છે શુદ્ધસત્ત્વ ગુણ નિત્ય છે તેથી વસુદેવનન્દનનો ભાવ પણ નિત્ય છે જો આમ ન સ્વીકારીએ તો પ્રાકટ્ય થતા પહેલા વસુદેવનન્દનનો ભાવ શી રીતે કહી શકાય ?

હવે અવતારનુ પ્રયોજન બતાવનાર નામ આપવામા આવે છે —

भूमिक्लेशभारहाराय नम ॥ ६ ॥

અર્થ—ભૂમિના ક્લેશ અને ભારના હરનારને નમસ્કાર

વિવરણ—ભૂમિ એ ભગવાનની ભક્ત છે. ભક્તોનો ક્લેશ ભગવાનના સાક્ષાત્ પૂર્ણ પ્રાકટ્ય સમયે તેમના ચરણારવિંદના સંબંધથી દૂર થઈ જાય છે એમ રિંગણલીલા ઉપરથી સ્પષ્ટ સમજાય છે ભગવાનના અવતારોનુ જો કોઈ પણ પ્રયોજન હોય તો તે ભક્તોનો ક્લેશ નિવૃત્ત કરવાનુ છે ભક્તોના ક્લેશની નિવૃત્તિ ભગવાન્ પોતાના સ્વરૂપ વડે જ કોઈ પણ સાધનની અપેક્ષા રાખ્યા વગર કરે છે.[1]

---

[1] ગ. તેલીવાળાએ પ્રસિદ્ધ કરેલી ત્રિવિધ નામાવલી ઉપરની શ્રીગોકુલોત્સવજીની ટીકામા નીચે પ્રમાણે વાક્ય છે **भूमे क्लेशानिवृत्तिस्वरूपेण । भारहरण सकर्पणादेनेति विवेक ।** આ વાક્યો જેમના છે તેમનાં તેમ રાખીએ તો કોઈ પણ પ્રકારનો અર્થ નીકળતો નથી, માટે ખરો પાઠ નીચે પ્રમાણે હોવો જોઈએ **भूमे क्लेशनिवृत्ति स्वरूपेण । भारहरण सकर्षणादिनेति विवेक ।**

અને ભારનુ હરણ સકર્ષણાશ વડે કરે છે એ વિવેક પણ ખાસ ધ્યાનમા રાખવા જેવો છે આ નામમા **गौर्भूत्वाश्रुमुखी खिन्ना** (१०-१-१८) એ શ્લોકથી આરભીને **पुरैव पुंसावधृतो धराज्वर** (१०-१-२२) એ શ્લોક સુધીમા જણાવેલા ઉદ્યમનુ સૂચન થાય છે ૬

હવે ભગવાનનુ જ્ઞાન આપનારૂ નામ આપવામા આવે છે —

पुण्यश्रवणकीर्तनाय नम ॥ ૭ ॥

અર્થ---પુણ્ય છે શ્રવણ અને કીર્તન જેમનુ એવા ભગવાનને નમસ્કાર

વિવરણ—પુણ્ય એટલે ભાગ્યરૂપ, પાપનિવર્તક, પાપનો નાશ કરનાર **गा पौरुषी मे श्रृणुतामरा** (૧૦-૧-૨૧) એ શ્લોકથી આરભીને ભગવાનના વાક્યોનુ શ્રવણ થયા પછી થએલુ કીર્તન, બ્રહ્માનુ દેવો અને ભૂમિ પ્રતિ તેનુ કથન, તેઓનુ તે વાક્યોનુ શ્રવણ અને ફરીથી કીર્તન–આ સર્વથી ભૂમિના ભાગ્યનુ અભિનન્દન સ્પષ્ટ જણાય છે શ્રીસુબોધિનીજીમા પણ કહેવામા આવ્યુ છે કે 'આ વૃત્તાન્તથી ભૂમિ કૃતાર્થ થઇ' કોઇને એમ શકા થાય કે આમા ભૂમિના ભાગ્યનુ અભિનન્દન શી રીતે આવ્યુ, આમા ભૂમિની કૃતાર્થતા, સફલતા, કયાથી સિદ્ધ થઇ? આના જવાબમા જણાવવાનુ કે પહેલા ભગવાનનુ ભૂમિ ઉપર આગમન જ અસભવિત હતુ એટલે ભૂમિને કોઈ પણ પ્રકારનો આનદ શી રીતે હોઇ શકે? પણ જ્યારે ભૂમિએ જાણ્યુ કે હવે ભગવાનનુ આગમન થયુ ત્યારે તેના આનન્દનો પાર ન રહ્યો અને તે વિચાર કરવા લાગી કે હવે મારો ભાર દૂર થઇ જશે આથી જ ભૂમિના ભાગ્યનુ અભિનન્દન યુક્ત છે ૭

પછીથી બ્રહ્મા દ્વારા દેવોને ખબર આપ્યા પછી ભગવાને પણ સાક્ષાત્ વસુદેવમા પ્રવેશ કર્યો અને તેમના દ્વારા દેવકીમા પ્રવેશ કર્યો એમ બતાવવાને નીચેનુ નામ આપવામાં આવ્યુ છે—

कलिमलसंहतिकलनयश पुञ्जाय नम ॥ ૮ ॥

અર્થ—કલિરૂપ–પાપરૂપ–કસનો મલ–પાપરૂપ દુષ્ટ ભાવ–તેનો સારી રીતે નાશ કરી શકે એવો છે યશ પુજ જેનો એવા ભગવાનને નમસ્કાર

અથવા કલિના મલની સહતિ–સમૂહ–તે કલન–નાશ કરનાર–છે યશ પુજ જેનો એવા ભગવાનને નમસ્કાર

વિવરણ–જ્યા સુધી વસુદેવ અને દેવકીમા ભગવાનનો પ્રવેશ થયો ન હતો ત્યા સુધી તે બેને કસના તરફનો ઘણો ભય રહેતો હતો તેઓને સદા એવીજ બીક રહેતી કે હમણા કસ આવશે અને અમને દુ ખ દેશે આ ચિન્તાથી તેમના ઉપરથી તેજ ઉડી ગયુ હતુ અને મોઢુ ઘણુ ફીકુ પડી ગયુ હતુ પણ જ્યારે ભગવાને સાક્ષાત્ પ્રવેશ કર્યો ત્યારે વસુદેવ અને દેવકીના મુખ અને આખા શરીર ઉપર એક અલૌકિક પ્રભા જણાવા લાગી, ભગવાનનુ તેજ વસુદેવ અને દેવકીના શરીર ઉપર ભાસવા લાગ્યુ કસે જ્યારે આ અલૌકિક તેજ જોયુ કે તરતજ દેવકીનો વધ કરી વસુદેવને દુ ખ દેવાનો તેનો વિચાર મોળો પડી ગયો અને તેને ભાન આવ્યુ દેવકીનો પુત્ર મારો વધ કરનાર છે એમ કસ જાણતો હતો, છતા પણ અલૌકિક પ્રકાશના પ્રભાવથી તે એ બધી વાત ભૂલી ગયો અને વિવેક રાખી વિચાર કરવા લાગ્યો કે હુ આ તદ્દન ઘોર કર્મ કયા કરવા લાગ્યો! જે માણસ પહેલા દુષ્ટ હતો તે પોતાના વધ કરનારની ખબર છે છતા પણ એ દુષ્ટ કાર્યમાંથી પાછો વળ્યો આ ફેરફાર ભગવાનનો અનુભાવ–પ્રતાપ–સિદ્ધ કરે છે પ્રભુનો પ્રતાપ એવો છે કે દુષ્ટ હોય છે તે પણ તેમના દર્શનથી સુધરી જાય છે ભગવાનના પ્રવેશ પહેલા વસુદેવ અને દેવકીને ઘણી ચિન્તા રહેતી પણ પ્રવેશ પછી એ સર્વ ચિન્તા જતી રહી અને તેને સ્થાને આનન્દ પ્રસરી ગયો, આ ફેરફાર પણ ભગવાનનો મહાનુભાવ દર્શાવે છે. ૮

કઠોપનિષદ્.

(ગતાંકથી ચાલુ)

નચિકેતાએ પ્રાચીન અને અર્વાચીન સમયના સત્યાગ્રહી પુરુષોના ઘણા દાખલાઓ આપ્યા અને વાજશ્રવસના મગજમા બરોબર ઠસાવ્યુ કે વચનનો ભંગ કર્યાથી કોઇ પણ પ્રકારનો લાભ નથી, પરતુ ગેરલાભ જ છે વાજશ્રવસના વિચારો પણ ફર્યા અને નચિકેતાના વચનો ઉપર સમ્પૂર્ણ શ્રદ્ધા બેઠી અને તેમણે આખરે નચિકેતાને કહ્યુ કે બેટા, તારુ કહેવુ મને સત્ય જણાય છે અને તે પ્રમાણે વર્તવાને હુ તૈયાર છુ, અને તને આજ્ઞા આપુ છુ કે મારાં ક્રોધમા બોલાએલા વચનોને અનુસરીને તુ સુખેથી યમરાજાને ત્યા જા

પિતાની આજ્ઞા લઇ નચિકેતા યમરાજાને ત્યા ગયો યમરાજા બહાર ગએલા હતા એટલે તે દરવાજા આગળ ત્રણ રાત્રિ અન્ન અને જલ લીધા વિના ઉભો રહ્યો તેની કોઇએ દરકાર કરી નહિ યમરાજાની ગેરહાજરીમા દરવાજા આગળ ઉભા રહેનાર નોકરોએ નચિકેતાને જોયો હશે અને તેને માત્ર એક નાનો બાળક ધારી ગણકાર્યો નહિ હોય, અને પ્રધાન અને યમની પત્નીને ખબર આપી નહિ હોય જો આ પ્રમાણે ન ધારીએ અને એમ અનુમાન કરીએ કે પ્રધાનોને અથવા યમની સ્ત્રીને નચિકેતાના આવવાની ખબર હતી છતા પણ તેની દરકાર કરી નહિ અને પરિણામમા તેને ત્રણ દિવસ સુધી ભૂખ્યા તરસ્યા બેસી રહેવુ પડ્યુ તો યમરાજાની મહત્તામા ખામી આવે છે યમ એ ધર્મના રાજા કહેવાય છે અને પુણ્યપાપનો સારામા સારો વિવેક રાખનાર છે આવા રાજાના પ્રધાનો અને સ્ત્રી એટલા બધા મૂર્ખ ન હોય કે યમરાજાની ગેરહાજરીમા આવેલા એક બ્રાહ્મણકુમારની અવગણના કરે અને ભૂખ્યો તરસ્યો પડી રહેવા દે માટે સારામા સારુ અનુમાન તો એજ કે યમના દરવાનોએ (જેમની પાસેથી આપણે વિવેકની આશા ન રાખી શકીએ એવા) નચિકેતાને બાળક ગણીને રાણીને અથવા અમાત્યને વરધી પહોચાડી નહિ, અને તેથી તેનો આદર સત્કાર પણ થયો નહિ[1]

ત્રણ દિવસ પછી જ્યારે યમરાજા આવ્યા ત્યારે આકાશવાણી[2] થઇ કે —

वैश्वानर प्रविशत्यतिथिर्ब्राह्मणो गृहान् ।
तस्यैतां शांतिं कुर्वन्ति हर वैवस्वतोदकम् ॥७॥

અર્થ —બ્રાહ્મણ અતિથિ અગ્નિ (वैश्वानर)ની માફક ઘરોમા પ્રવેશ કરે છે મનુષ્યો તેને શાન્ત કરે છે હે યમ (वैवस्वत) જલ (उदक) લાવ

---

[1] મધ્વાચાર્યનુ મતવ્ય એ છે કે નચિકેતાના આગમનની ખબર પ્રધાનોને અને યમની રાણીને પડેલી અને જ્યારે તેમણે નચિકેતાનો અતિથિસત્કાર કરવાનો પ્રારભ કર્યો કે તરતજ તેણે (નચિકેતાએ) કહ્યુ કે " મારે યમરાજાનુ કામ છે, હાલમા તે અહીં નથી તેથી હુ તમારો સત્કાર સ્વીકારી શકીશ નહિ રાજા જ્યા સુધી નહિ આવે ત્યા સુધી હુ અન્નજલનો ત્યાગ કરી અહીંજ ઉભો રહીશ " આ વિચારશ્રેણી તૈત્તિરીય બ્રાહ્મણને મળતી છે, પણ સાતમો અને આઠમો મત્ર યમની પત્નીના અથવા તો તેના અમાત્યોના મુખમા મૂકવામા આવ્યો છે તે ઇષ્ટ નથી એમ નીચેની ફુટનોટ ઉપરથી સ્પષ્ટ સમજાશે

[2] કઠોપનિષદના લગભગ બધા ભાષ્યકારો અને ટીકાકારોનો અભિપ્રાય તદ્દન જૂદો છે શંકરાચાર્ય, રંગરામાનુજ, નિમ્બાર્કમતાનુયાયી માનદાસ અને મધ્વાચાર્ય જેવા પૂર્વદેશના ભાષ્યકારો

વિવેચન—જેમ ઘણા ઋષિના પ્રસંગોએ આકાશવાણીના વચનો મનુષ્યોને ઘણી વસ્તુઓ સૂચવે છે તેમ જ્યારે યમરાજા બહારથી પોતાના સ્થાનમા આવ્યા ત્યારે આકાશવાણી તેમને કહેવા લાગી કે હે વૈવસ્વત યમ, હે વિવસ્વાનના પુત્ર યમ તુ તો બહાર ગયો હતો અને તારી ગેરહાજરીમા આ બ્રાહ્મણકુમાર તારા અતિથિ તરીકે આવીને ઉભો તેને એક બાળક ધારી તારા દરવાનોએ તેનો સત્કાર કર્યો નહિ, અરે! પીવાનુ પાણી સરખુ પણ ન આપ્યુ અને આ બીચારો બાળક ત્રણ રાત્રિ સુધી ખાધા પીધા વગર ઉભો રહ્યો હે યમ, તુ ધર્મરાજા છે એટલે તારામા સત્યાસત્યનો વિવેક તો હોવો જ જોઇએ, તેથી તુ સમજી શકીશ કે આ અતિથિનો સત્કાર ન કરવામા કેટલું બધુ અનિષ્ટ પરિણામ આવશે તને જો અતિથિનુ—અને તેમા પણ બ્રાહ્મણ અતિથિનુ—માહાત્મ્ય ખબર ન હોય તો જરા સાંભળ બ્રાહ્મણ એ અગ્નિરૂપ છે જેમ આપણા ઘરમા

અને મૅક્સમ્યુલર જેવા પશ્ચિમના વિદ્વાનો એમ કહે છે કે કઠોપનિષદના वैश्वानर प्रविशति અને आशाप्रतीक्षे सगत એ પ્રથમવલ્લીના સાતમા અને આઠમા મન્ત્રોમા યમની સ્ત્રી અથવા પ્રધાનો અથવા નોકરો યમરાજાને જલ લાવવાનુ કહે છે અને અતિથિનુ—અને તેમા પણ ખાસ કરીને બ્રાહ્મણ અતિથિનુ—માહાત્મ્ય વર્ણવે છે આ અર્થમા અનૌચિત્યદોષ જોવામા આવે છે તેથી અમે તે સ્વીકાર્યો નથી અનૌચિત્યદોષનુ સ્વરૂપ આ પ્રમાણે છે —

જો આપણે એમ ધારીએ કે સાતમા મન્ત્રમા બોલનાર યમની સ્ત્રી અથવા નોકરો અથવા પ્રધાનો છે તો તે યમને हर उदकम्–પાણી લાવ એમ એકવચનમા ટૂંકારીને બોલાવે નહિ નોકરો, પ્રધાનો અને રાણી રાજાને આવી રીતે એકવચનમા ટૂંકારીને બોલાવે એ તદ્દન અસંભવિત છે માટે ટુંકારીને બોલાવવુ અનુચિત છે અને તેથી જ અનૌચિત્યદોષ પ્રાપ્ત થાય છે.

આ વિના એક બીજી વાતનો પણ વિચાર કરવા જેવો છે જો યમની સ્ત્રીને અથવા પ્રધાનોને નચિકેતાના આગમનની ખબર હોય અને અતિથિની અવગણના કરવાનુ ફળ તેઓ જાણતા હોય તો તેઓ નચિકેતાનો સત્કાર કરવા ચૂકે નહિ મન્ત્ર ઉપરથી તો એવુ જણાય છે કે મન્ત્ર જે વ્યક્તિના મુખમા મૂકવામા આવ્યો છે તે વ્યક્તિ નચિકેતાનુ આગમન જાણે છે અને છતા પણ તેણે તેનો સત્કાર કર્યો નથી અને તેથી યમને કહે છે કે हर उदकम्–પાણી લાવ નચિકેતાનુ આગમન જાણવુ અને તેનો સત્કાર ત્રણ દિવસ સુધી ન કરવો એ યમની રાણી અને પ્રધાનોને માટે તો અસ્વાભાવિક જ લાગે છે

ત્યારે હવે પ્રશ્ન એ રહે છે કે આ મન્ત્ર કોના મુખમા મૂકવામા આવ્યો છે? ઉપર જણાવ્યું તે પ્રમાણે આ મન્ત્ર રાણીના અથવા પ્રધાનોના મુખમા શોભતો નથી આ પ્રશ્નનુ નિરાકરણ કરવા માટે આ ઉપનિષદમા આપેલી નચિકેતાની આખ્યાયિકા કરતા પણ વધારે જૂની તૈત્તિરીય બ્રાહ્મણની નચિકેતાની આખ્યાયિકાનો વિચાર કરવો પડશે તે આખ્યાયિકામા એમ કહેવામા આવ્યુ છે કે યમરાજા જ્યારે બહારથી પોતાને ઘેર આવે છે તે વખતે આકાશમાથી એક દિવ્ય વાણી બોલે છે અને યમને અતિથિનુ—બ્રાહ્મણ અતિથિનુ—માહાત્મ્ય સમજાવી કહે છે કે હે યમ, આ અતિથિ ભૂખ્યો તરસ્યો ત્રણ રાત્રિ સુધી પડી રહ્યો છે, માટે તેની સારુ તુ પાણી લાવ અમને આ વિચારસંકલના વધારે સારી લાગે છે તેથી અમે તેનો સ્વીકાર કર્યો છે નચિકેતાની જૂની આખ્યાયિકાથી અહી આપણને કેટલી સુગમતા થાય છે એનો ધ્યાન બુદ્ધિમાન્ વાચકોને આવ્યો જ હશે

ડૉ. રૉબર્ટ અર્નેસ્ટ હ્યુમ પણ આ વિચારને જ મળતા છે (જુવો The thirteen principal Upanishads, 1921)

અગ્નિ સળગતો હોય અને તેની કાળજી આપણે ન રાખીએ તો તે અગ્નિ આપણા ઘરને બાળી નાખે છે, આપણો વિનાશ કરે છે, તેમ અગ્નિરૂપ બ્રાહ્મણ જ્યારે અતિથિ તરીકે આપણા ઘરમા પ્રવેશ કરે ત્યારે જો તેનો આદર સત્કાર ન કરીએ તો તે બ્રાહ્મણ અતિથિના અસતોષથી જ આપણો અને આપણી સર્વ વસ્તુઓનો નાશ થાય છે ઘરમા જેમ અગ્નિની શાન્તિ પાણી વડે કરીએ છીએ અને ઘર બળવાના ભયને દૂર કરીએ છીએ તેમ બ્રાહ્મણ અતિથિની શાન્તિ જલથી જ, અર્ઘ્યાદિથી જ, કરવાની હોય છે માટે આ બ્રાહ્મણ અતિથિને તુ જેવો તેવો ન સમજીશ તારે ઘેર એનો ખાધા પીધાનો પણ ભાવ પૂછવામા નથી આવ્યો તો બીજા સત્કારની તો વાત જ શી કરવી? માટે હે યમ! તારે જો તારો વિનાશ ન કરવો હોય તો તરતજ એક પાત્રમા જલ લઈને તેનુ પૂજન વગેરે કરીને શાન્ત પાડ, તેના ક્રોધને શમાવ બ્રાહ્મણ અતિથિની આ શાન્તિ તારે કઈ નવાઈની નથી કરવાની, કારણ કે આખા વિશ્વના માણસો તેનુ અર્ઘ્યાદિથી પૂજન કરી પરમ સતોષ આપે છે અને આશીર્વાદ મેળવવા ભાગ્યશાળી બને છે તો મનમા બીજો કોઈ પણ પ્રકારનો વિચાર કર્યા વિના જલદીથી પેલા અતિથિની જલ વડે પૂજા કરી શાન્ત પાડ અને ક્ષમા માગ જો આમ નહિ કરે તો તારૂ આવી જ બન્યુ છે માટે જલદી જા

આ મત્રના શબ્દો વસિષ્ઠ ધર્મશાસ્ત્ર ૧૧ ૧૩ મા જોવામા આવે છે ૭

આકાશવાણી સાભળી યમરાજા જરા સ્તબ્ધ થઈ ગયા અને એકદમ વિચાર કરવા લાગ્યા યમને વિચારમાં પડેલો જોઈને આકાશવાણી વિચાર કરવા લાગી કે હજુ મારા વચનો આ યમને ગળે ઉતર્યા નથી અને હજુ વિચાર કર્યા કરે છે લાવ એને સમજાવુ કે જે માણસો બ્રાહ્મણ અતિથિનો જરા પણ સત્કાર કરતા નથી તે માણસોનો સર્વ રીતે નાશ થાય છે. આકાશવાણી કહે છે કે—

आशाप्रतीक्षे सगत सूनृता चेष्टापूर्त्तं पुत्रपशूंश्च सर्वान्।
एतद्वृङ्क्ते पुरुषस्याल्पमेधसो यस्यानश्नन् वसति ब्राह्मणो गृहे ॥ ८ ॥

અન્વય—यस्य अल्पमेधस पुरुषस्य गृहे ब्राह्मण अनश्नन् वसति (तस्य पुरुषस्य) आशाप्रतीक्षे सगत सूनृतां च इष्टापूर्ते पुत्रपशूंश्च सर्वान् एतत् (अनशनरूप पापम्) वृङ्क्ते।

અર્થ—જે અલ્પબુદ્ધિવાળા (अल्पमेधस) પુરુષને ઘેર બ્રાહ્મણ ખાધા વગર (अनश्नन्) રહે છે તે પુરુષની આશા અને પ્રતીક્ષા, સત્સગ, પ્રિયવાણી, ઇષ્ટ અને પૂર્ત પુત્ર અને પશુ-અર્થાત સર્વ વસ્તુઓનો આ (एतत्-ભૂખ્યા રાખવાનુ પાપ) નાશ કરે છે (वृङ्क्ते)

વિવેચન—તદન અજાણી એવી પ્રાપ્ત કરવા યોગ્ય વસ્તુની ઇચ્છા તે આશા પ્રત્યક્ષ જોએલી એવી પ્રાપ્ત કરવા યોગ્ય વસ્તુની ઇચ્છા તે પ્રતીક્ષા દાખલા તરીકે, સ્વર્ગ એ પ્રાપ્ત કરવા જેવી વસ્તુ છે પણ તેનું જરા પણ જ્ઞાન આપણને નથી, તો આવા સ્વર્ગની ઇચ્છા તે આશા કહેવાય રાજાનો વૈભવ આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ અને તે પ્રાપ્ત કરવા જેવો પણ છે તો એવા વૈભવની જે ઇચ્છા થાય તે 'પ્રતીક્ષા કહેવાય સગત એટલે સત પુરુષોનો સમાગમ ઇષ્ટાપૂર્ત શબ્દ ઇષ્ટ અને પૂર્તનો બનેલો છે, અને તેમા પૂર્વપદ ઇષ્ટનો અન્ત્ય સ્વર દીર્ઘ થયો છે. ઇષ્ટ એટલે યાગ અને તેમાથી નીપજતુ પિતૃલોક વગેરે ફલ પૂર્ત એટલે વાવ, તળાવ, કૂવા, મદિર, બાગ બગીચા વગેરે બધાવવાની ક્રિયા અને તેનુ ફલ. શાસ્ત્રમાં ઇષ્ટ અને પૂર્તનું લક્ષણ નીચે પ્રમાણે આપવામાં

આવું છે-वापीकूपतडागादिदेवतायतनानि च ॥ अन्नप्रदानमारामा पूर्तमर्थ्या प्रचक्षते ॥ एकाग्निकर्म हवनं त्रेतायां यच्च हूयते । अन्तर्वेद्यां च यद्दानमिष्टं तदभिधीयते ॥

જે પુરુષને ઘેર અતિથિનો સત્કાર ન થાય તે પુરુષ મૂર્ખ જ કહેવાય જેને ઘેર બ્રાહ્મણ અતિથિનો સત્કાર ન થાય તે મૂર્ખનો સંહાર ગણાય મંત્રનો ભાવ એ છે કે જે મૂર્ખ માણસને ત્યાં બ્રાહ્મણ અતિથિનો સત્કાર કરવામાં ન આવે અને અન્ન જળ આપવામાં ન આવે તે માણસ પેલા બ્રાહ્મણ અતિથિને ભૂખે રાખવાનું મોટામાં મોટું પાપ કરે છે. આ પાપ એટલું બધું ઘોર છે કે તે પેલા મૂર્ખની બધી વસ્તુઓનો નાશ કરે છે, તેની આશા અને પ્રતીક્ષા, મહાપુરુષોનો દૈવયોગે થએલો સમાગમ, પ્રિય અને સત્ય વાણી, યજ્ઞયાગાદિનું ફલ, તળાવ વગેરે કરવાના ધર્મનું પુણ્ય, સ્ત્રી, પુત્ર, પુત્રી, અને બીજા સંબંધીઓ, ગાય, ઢોર અને બીજી બધી સ્થાવર જંગમ મિલ્કત—અર્થાત્ તેની સર્વ વસ્તુઓનો બ્રાહ્મણ અતિથિને ભૂખે રાખવાના પાપથી એક જ ક્ષણમાં નાશ થઇ જાય છે[1] માટે હે યમ, આ મારો બોધ ધ્યાનમાં લે, વિચાર ન કર, જા, જલદી જા, જલપાન કરાવી તે બ્રાહ્મણકુમારને સત્વર શાન્ત પાડ જો જે, વિલંબ કરતો નહિ

ભારતવર્ષની સામાજિક સ્થિતિના અભ્યાસીઓને માટે પણ આ અને આની પહેલાનો મંત્ર ઘણો મહત્ત્વનો છે પ્રાચીન આર્યાવર્તમાં આતિથ્યની ભાવના કેવી સુંદર હતી તેનો ખ્યાલ આ મંત્રો ઉપરથી આવે છે હાલમાં જે અંગ્રેજ લોકો આર્યોના ગાઢ સમાગમમાં આવે છે તે તેમના આતિથ્યની ભાવનાના મુક્તકંઠે વખાણ કરે છે અતિથિસત્કારનો આવો મહાન્ આદર્શ જગતના બીજા દેશોના ધર્મગ્રન્થોમાં ભાગ્યે જ હોય આ ઉપરાંત એક બીજી વાત પણ યાદ રાખવા જેવી છે બ્રાહ્મણને આ મંત્રોમાં અગ્નિની ઉપમા આપવામાં આવી છે, અને તેમના સત્કારની મહત્તા પણ સારામાં સારા શબ્દોમાં આપી છે બ્રાહ્મણોનો પ્રભાવ, તેમનું સમાજમાં સ્થાન, તેમની શક્તિ એ વગેરેનું ભાન આ મંત્રો ઉપરથી સહજ થાય છે ૮

દિવ્ય વાણી સાંભળીને યમરાજા એકદમ સચેત થઇ ગયા અને પોતાની ગેરહાજરીમાં નચિકેતાનો સત્કાર નહિ થવાથી અનેક પ્રકારના વિષમ પરિણામોની કલ્પના કરવા લાગ્યા તેમણે પોતાના મહેલમાંથી જલ અને પૂજનની સામગ્રી લીધી અને એકદમ જ્યાં નચિકેતા ઉભો હતો તે સ્થલે દયામણે મોઢે આવ્યા અને નચિકેતાનું પૂજન કરવા લાગ્યા બે હાથ જોડી યમરાજા બોલવા લાગ્યા કે —

तिस्रो रात्रीर्यदवात्सीर्गृहे मेऽनश्नन्ब्रह्मन्नतिथिर्नमस्य ।
नमस्तेऽस्तु ब्रह्मन् स्वस्ति मेऽस्तु तस्मात्प्रति त्रीन् वरान् वृणीष्व ॥९॥

અર્થ—હે બ્રહ્મન્ જેમને નમસ્કાર કરવા ઘટે એવા (**नमस्य**) અતિથિ તમે મારે ઘેર ત્રણ રાત્રિ ખાધા વગર (**अनश्नन्**) રહ્યા (**अवात्सी**), (તેથી) તમને હું નમસ્કાર કરું છું હે બ્રહ્મન્ મારું કલ્યાણ થાવ તેથી તમે ત્રણ વર માગો

---

[1] સરખાવો अतिथिर्विमुखो याति पुण्यमादाय गच्छति । અપરાધીઓની વસ્તુઓના નાશને માટે સરખાવો બૃહદારણ્યક ૬–૪–૧૨

વિવેચન—હે બ્રાહ્મણકુમાર! તમે મારા અતિથિ થઈને આવ્યા તમે કોઈ સાધારણ અતિથિ નહિ પણ એક બ્રાહ્મણ અતિથિ છો એટલે તમને અમારે નમસ્કાર કરવા ઘટે છે આવા પ્રકારના ઉત્તમ અતિથિને મારી ગેરહાજરીમા દરવાજા આગળ ત્રણ રાત્રિ સુધી ભૂખ્યા તરસ્યા ઉભા રહેવુ પડયુ તે જાણી મને ઘણો ખેદ થાય છે હે બ્રહ્મદેવ, તમારો આદરસત્કાર ન થએલો જોઈ મારૂ હૃદય ફાટી જાય છે આ પાપ જેવુ તેવુ નથી. તેનુ પરિણામ મારે ભોગવવુ પડશે હે કુમાર, તમે મારા કૃત્ય સામુ જોયા વિના આ મારા દંડવત્ પ્રણામ તમારી સેવામા સ્વીકારો અને મને પાપમાથી મુક્ત કરો હે દેવ, તમે તમારી મહત્તા દર્શાવી મને આશીર્વાદ આપો કે જેથી મારૂ પાપ ધોવાઇ જાય અને મારૂ કલ્યાણ થાય હે પ્રભો, હુ તમને આનાથી વધારે શુ વિનવુ? તમે મારા અતિથિ છો, તેમા પણ બ્રાહ્મણ છો, એટલે તમારા પ્રભાવથી જ મને દોષમાથી મુક્ત કરી મારૂ કલ્યાણ કરો આ પાપનું બીજુ પ્રાયશ્ચિત્ત તો હુ શુ કરવાનો હતો? પણ તમે ત્રણ રાત્રિ સુધી ભૂખ્યા તરસ્યા રહ્યા તો ગમે તે ત્રણ વરદાન તમે મારી પાસેથી માગી લો તમે ગમે તે ત્રણ વરદાન માગશો ને હુ તમને આપવા ઘણો ખુશી છુ અને તેમા જ મારા આત્માની શાન્તિ થશે એમ હુ ધારૂ છુ હે કુમાર, કૃપા કરી મારી આ વિનતી ધ્યાનમાં લો

આખા ઉપનિષદ્‌મા રહેલા તત્ત્વજ્ઞાનનુ બીજ આ ત્રણ વરદાનની પ્રતિજ્ઞા છે આ વરદાનરૂપી બીજમાથી જ આ ઉપનિષદ્‌ના તત્ત્વજ્ઞાનરૂપી વૃક્ષનો ઉદ્ભવ છે પાચમા મન્ત્રના **किं स्विद्यमस्य कर्तव्य यन्मयाद्य करिष्यति** એ ઉત્તરાર્ધના ગૂઢ અર્થનુ બીજ પણ આ વરદાન જ છે આ વરદાનને લીધે જ તત્ત્વજ્ઞાનની ઉત્પત્તિ અને નચિકેતાના દ્વારા યમરાજાએ સાધેલુ પોતાનુ કાર્ય સમજાવી શકાય છે ૯

આ પ્રકારની વિનતી કરી, પાદપૂજા કરી, અન્નજળ આપી યમરાજાએ નચિકેતાને સમ્પૂર્ણ શાન્તિ આપી એટલુજ નહિ પણ તેને અતિ પ્રસન્ન કરી દીધો નચિકેતાએ યમરાજાનો અતિથિસત્કાર આનન્દપૂર્વક સ્મિત કરી સ્વીકાર્યો અને વરદાન આપવાની ઈચ્છાને અધીન થયો તે યમને કહેવા લાગ્યો કે હે યમરાજા તમારી ગેરહાજરીમા કોઈએ મારો ભાવ ન પૂછ્યો અને મારે ભૂખે તરસે દરવાજા આગળ ઉભા રહેવુ પડયુ તેથી મને જરા પણ ક્રોધ થયો નથી હુ તો મારા પિતાનુ વચન પાળવા તમારી સેવામા હાજર થવા આવ્યો છુ, તો પછી અતિથિસત્કારનો અધિકારી શી રીતે કહેવાઉ? હુ તો તમારો સેવક છુ માટે તમે મનમા જરા પણ ક્ષોભ કરશો નહિ. તમારા ત્રણ વરદાનની મારે જરૂર નથી, પણ જ્યારે તમે આટલો બધો આગ્રહ કરો છો તો હુ તમારી ઈચ્છા ખુશીથી સ્વીકારૂ છુ લો, ત્યારે ત્રણ વરદાનમાનુ પહેલુ વરદાન મને આ આપો—

शान्तसंकल्प सुमना यथा स्याद्वीतमन्युर्गौतमो माभि मृत्यो ।
त्वत्प्रसृष्टं माभिवदेत्प्रतीत एतत् त्रयाणा प्रथम वर वृणे ॥ १० ॥

અર્થ—હે મૃત્યુ-હે યમરાજા-(मृत्यो) મારા ગૌતમના સંકલ્પ વિકલ્પો શાન્ત થઈ જાય (शान्तसकल्प), એનુ મન પ્રસન્ન થાય (सुमना), અને મારા તરફનો (मा अभि) એમનો જે ક્રોધ છે તે નષ્ટ થઈ જાય (वीतमन्यु) એમ કરો વળી જ્યારે તમે મને પાછો મોકલો (त्वत्प्रसृष्टं) ત્યારે તે મને (मा) મા લાલાને (प्रतीत)-ઓળખીને-પ્રેમપૂર્વક બોલાવે (अभिवदेत्) એમ કરો હે યમરાજા, ત્રણ વરદાનમાનુ આ પહેલુ વરદાન હુ માગુ છુ

વિવેચન—ત્રણ વરદાનમાથી પહેલુ વરદાન કયુ માગવુ એ એક મોટો પ્રશ્ન હતો જે વરદાન સર્વથી વધારે મહત્તાવાળુ હોય તે પ્રથમ માગવુ જોઈએ એ સર્વસામાન્ય નિયમ છે આપણે પહેલા જોયુ કે નચિકેતા એટલો બધો આજ્ઞાકિત હતો કે ક્રોધમા બોલાએલા પોતાના પિતાના શબ્દોને પણ માન આપી યમરાજાને ત્યા જવા નીકળી પડયો પિતા પ્રતિ તેની કેવી ભક્તિ હતી તેનો આ એક નમૂનો છે નચિકેતાએ પ્રથમ વિચાર કર્યો કે મે મારો ઘણો આગ્રહ દેખાડી પિતાને નારાજ કર્યા અને આખરે તેમને ગુસ્સે બનાવ્યા પિતાના ક્રોધનુ આદિ કારણ હુ છુ માટે મારે એમનો ક્રોધ પહેલા દૂર કરવો જોઈએ, કારણ કે જેના પિતા પુત્ર ઉપર ગુસ્સે થયા હોય તે પુત્ર દુર્ભાગી જ ગણાય આમ વિચાર કરી એણે નિશ્ચય કર્યો કે મારુ પ્રથમ કર્તવ્ય તો એજ કે મારે મારા પિતાને પ્રસન્ન કરવા, અને તેટલા માટે ત્રણ વરદાનમાનુ પહેલુ વરદાન પિતાની પ્રસન્નતા વિષે જ માગવુ પછી એણે યમરાજને કહ્યુ કે હે યમરાજા, મને મારા પિતાની બહુ ચિન્તા થાય છે, કારણ કે જ્યારે હુ તમારે ત્યા આવવા તૈયાર થયો ત્યારે તે ઘણો શોક કરવા લાગ્યા અને તેમણે મને ન જવાને બહુ સમજાવ્યો, પણ હુ ગમે તેમ સમજાવી અહીં આવતો રહ્યો છુ મારી ગેરહાજરીમા મારા પિતા મારે માટે અનેક પ્રકારના તર્ક વિતર્કો કરતા હશે, તેમના મનમા એમ થતુ હશે કે મારો નચિકેતા યમને ત્યા જઈ શુ કરતો હશે, યમ તેને શુ કરશે, તેની સભાળ કોણ રાખશે, મને હવે અહી કોણ આનન્દ આપશે ? આવા આવા સકલ્પ વિકલ્પો તેમના મનમા થતા હશે અને તેથી આખો દિવસ ચિતામા રહેવાથી આનન્દ નહિ મળતો હોય માટે હે યમરાજા, મારી પ્રથમ ઇચ્છા એ છે કે મારે માટે મારા પિતાને જે ચિન્તા થતી હોય તે બધી ચિન્તા જતી રહે અને હમ્મેશા નિશ્ચિન્ત રહી આનદમા દિવસો ગાળે આ ઉપરાંત મારા તરફનો જે એમનો ક્રોધ હતો તે ક્રોધ પણ દૂર થઇ જાય એમ મારી અભિલાષા છે આ તો જાણે ઠીક, પણ સૌથી વધારે અગત્યની વાત એ છે કે જ્યારે તમે મને અહીંથી ઘેર જવાની આજ્ઞા આપો અને જ્યારે હુ ઘેર જાઉં ત્યારે મારા પિતા મને ભૂત, પ્રેત વગેરે ધારી કાઢી ન મૂકે પણ મને બરાબર ઓળખી આનન્દપૂર્વક બોલાવી આશીર્વાદ આપે એમ વ્યવસ્થા કરો આ બધી વસ્તુઓ ઘણી મહત્ત્વની છે તેથી તે બધીએ ત્રણ વરદાનોમાના પહેલા વરદાનમા હું માગું છુ પહેલા વરદાનનો સાર એટલો જ કે મારા પિતા પ્રસન્ન થાય અને હુ જ્યારે પાછો જાઉ ત્યારે મને સ્નેહથી ભેટે આ વરદાનમા નચિકેતાની પિતૃભક્તિનો ખ્યાલ આવે છે ૧૦

યમરાજાએ નચિકેતાની વિજ્ઞપ્તિ સાભળી અને જવાબ આપ્યો કે —

यथा पुरस्ताद्भविता प्रतीत औद्दालकिरारुणिर्मत्प्रसृष्टम् ।
सुखं रात्री शयिता वीतमन्युस्त्वा ददृशिवान्मृत्युमुखात्प्रमुक्तम् ॥ ११ ॥

અર્થ —જ્યારે હું તને પાછો મોકલીશ (**मत्प्रसृष्टम्**) ત્યારે ઔદ્દાલકિ આરુણિ તને પહેલાની માફક (**यथा पुरस्तात्**) ઓળખીને આનન્દ પામશે (**भविता प्रतीत**). મૃત્યુના મુખમાથી તને છૂટો થયેલો (**मृत्युमुखात्प्रमुक्तम्**) જોઈને (**ददृशिवान्**) તેમનો ક્રોધ જતો રહેશે (**वीतमन्यु**) અને રાત્રિએ (**रात्री**) સુખેથી સુઈ જશે (**सुखं शयिता**)

વિવેચન—આ મત્રમા વાજશ્રવસના ઔદ્દાલકિ અને આરુણિ એ બે નામ આપવામા આવ્યા છે ઔદ્દાલકિ એટલે ઉદ્દાલક પોતે જ અથવા તો ઉદ્દાલકનો પુત્ર, આરુણિ[1] એટલે અરુણનો પૌત્ર અથવા તો અરુણનો પુત્ર

---

[1] છાન્દોગ્યોપનિષદના છઠ્ઠા પ્રપાઠકમા (૧૧) શ્વેતુકેતુના પિતાને આરુણિ ગૌતમ કહેવામા આવ્યા છે, અને શ્વેતુકેતુનુ નામ આરુણેય ગણવામા આવ્યુ છે અહીં આરુણેયનો અર્થ આરુણિનો પુત્ર અને અરુણનો પૌત્ર એમ થાય છે

યમરાજા નચિકેતાને કહે છે કે હે નચિકેતા, તે જે વરદાન માગ્યુ છે તે વરદાન હુ સુખેથી આપુ છુ અને કહુ છુ કે જ્યારે હુ તને અહીંથી મુક્ત કરીશ અને તુ તારે ઘેર જઇશ ત્યારે તારા પિતા તને ભૂત, પ્રેત વગેરે ન માનતા બરોબર ઓળખી કાઢશે અને પહેલાની માફક સ્નેહથી બોલાવી ભેટી પડશે એટલુ જ નહિ પણ જ્યારે તે એમ જાણશે કે નચિકેતા યમને ત્યાથી સુખરૂપ ઘેર આવ્યો છે ત્યારે તેમના આનન્દનો પાર નહિ રહે તે વખતે તેમનો બધો ક્રોધ જતો રહેશે અને પ્રસન્નતામા દિવસો ગાળશે રાત્રિએ જ્યારે તે સુઇ જશે ત્યારે પણ તે શાતિથી નિદ્રા લેશે તારા વિષેના કોઇ પણ વિચારો તેમને ચિન્તા અને દુ ખ નહિ આપે માટે તુ હવે તે વિષે નિશ્ચિન્ત થા અને હવે બીજુ વરદાન માગ

શકરાચાર્ય, રગરામાનુજ, માનદાસ અને મધ્વાચાર્ય આ મન્ત્રમા **मत्प्रसृष्टम्** ને બદલે **मत्प्रसृष्ट** પાઠ સ્વીકારી તેનો અર્થ **मयानुज्ञात , मदनुज्ञात** –મારી આજ્ઞાથી–એવો આપે છે. **मत्प्रसृष्ट** પાઠ અને તેનો ઉપર જણાવેલો અર્થ અમને સતોષકારક જણાતો નથી' આ મન્ત્રની પહેલાના મન્ત્રમા **त्वत्प्रसृष्टम्** શબ્દનો પ્રયોગ[1] થએલો છે અને ત્યા એ શબ્દનો એક જ અર્થ સભવી શકે છે તે અર્થ એ કે 'તમારાથી મોકલાએલાને' આ મન્ત્રમા જે **मत्प्रसृष्टम्** શબ્દ છે તે પહેલાના મન્ત્રના **त्वत्प्रसृष्टम्** શબ્દ સાથે સમ્બન્ધ ધરાવે છે, એટલે **मत्प्रसृष्टम्**નો અર્થ 'મારી આજ્ઞાથી' નહિ પણ 'મારાથી મોકલાએલાને' એમ થાય **मत्प्रसृष्ट** એ રૂપ ન લેવાનુ કારણ એ કે જ્યારે તે શબ્દને પ્રથમા વિભક્તિમા લઇએ ત્યારે તેનો સબધ **औद्दालकि** અને **आरुणि** સાથે સભવી શકે અને તે વખતે બીજા ચરણનો અર્થ 'મારો મોકલાએલો ઔદ્દાલકિ આરુણિ' એમ થાય આ અર્થ તદ્દન અસભવિત છે કારણ કે યમરાજા ઔદ્દાલકિ અથવા આરુણિને પાછા મોકલતા નથી પણ નચિકેતાને પાછો મોકલે છે, એટલે **मत्प्रसृष्ट** ને બદલે **मत्प्रसृष्टम्** પાઠ સ્વીકારી તેનો સબધ નચિકેતાની સાથે લેવો યોગ્ય છે કદાચિત્ કોઇ એવી શકા કરે કે **मत्प्रसृष्ट** પાઠ જ ખરો છે અને તેનો અર્થ 'મારી આજ્ઞાથી' કરવાથી બીજા ચરણનો અર્થ 'મારી આજ્ઞાથી ઔદ્દાલકિ અને આરુણિ ઇત્યાદિ' સુદર રીતે ઘટી શકે છે. આના સમાધાનમા અમારે જણાવવાનુ કે યમે ઔદ્દાલકિને આજ્ઞા આપી એ વાત તદ્દન નિર્મૂલ છે અને તે ઉપરાત ઉપર જણાવ્યા પ્રમાણે **मत्प्रसृष्ट**નો અર્થ **मदनुज्ञात** (મારી આજ્ઞાથી) થઇ શકે જ નહિ

હવે **मत्प्रसृष्टम्** પાઠ બીજા કોઇ સ્વીકારે છે કે નહિ એનો વિચાર કરીએ નિમ્બાર્ક સપ્રદાયના અનુયાયી માનદાસ આ ઉપનિષદ્ના ભાષ્યમા જણાવે છે કે **मत्प्रसृष्टमिति द्वितीयान्तपाठे मत्प्रेषित त्वामिति योजना।** (**मत्प्रसृष्टम्** એવા બીજી વિભક્તિવાળા પાઠમા 'મારાથી મોકલાએલાને' એવો અર્થ થાય) રગરામાનુજ પણ પ્રકાશિકામા આ જ તાત્પર્યનુ વાક્ય લખે છે. પાશ્ચાત્ય વિદ્વાનોમા પ્રથમ બોથલીંકને **मत्प्रसृष्ट** પાઠમા સદેહ પડ્યો અને તે સદેહ દૂર કરવાને તેણે એવુ અનુમાન બાધ્યુ કે **मत्प्रसृष्ट**ને બદલે **मत्प्रसृष्टे** એવો પાઠ જોઇએ આગળ જતા ડૉ વ્હીટ્નેને પણ **मत्प्रसृष्ट** અને **मत्प्रसृष्टे**થી અસતોષ થયો અને જણાવ્યુ કે ખરેખરો શુદ્ધ પાઠ તો **मत्प्रसृष्टम्** હોવો જોઇએ આ સર્વ ઉપરથી અમને એમ જણાય છે કે **मत्प्रसृष्टम्** વધારે સારો પાઠ છે અને તેથી જ અમે મન્ત્રમા તે પાઠ રાખ્યો છે

---

[1] त्वत्प्रसृष्ट माभिवदेत्प्रतीत (કઠ ૧-૧-૧૦)

नागरभाइजीकृत पदो.

पद ८

स्नेहनां लक्षण जाणे ततक्षण, जहां विलक्षणे वल्लभ वासो ॥
तेसु मीले निज भक्त भले मन, तेसु पले नहि वारे हु मासो ॥१॥
आसक्त तहां व्यसनत्व उपस्थित, मान अपमान न मन विमासो ॥
भूख तृषा विन चाले छे नागर, स्नेहविछोहेथी देहनो नासो ॥२॥

पद ९

स्नेहना मारगनुं मन पारखुं, जाणवाने जन वल्लभ वहाला ॥
आदर सादर भोजन वात्सल्य, वस्त्र आभूषण भाव रसाला ॥१॥
आरत आतुर चातुरताई, मनोरथ मोद ते दीठे विशाला ॥
वल्लभना निज भक्त विना न रहेवाए ते नागरको क्षणुं ठाला ॥२॥

पद १०

स्नेहना रूपने जाणवा नागर, वल्लभलालना साचा स्नेही ॥
प्रीत सदा एक सार श्रीवल्लभ, सो अति दुर्लभ भांत निवेही ॥१॥
निर्दोष दयाल मनोरथवंत छे, वात्सल्य धर्मना जे निज गेही ॥
कीधां समर्पण इन्द्रिय अंतःकर्ण धर्म ने आत्मा प्राण ने देही ॥२॥

पद ११

श्रीअंगथी प्रकटी सृष्टि जेह छे, तेह ज वल्लभरूपे प्रवीन ॥
वल्लभजी पण तेहोने स्नेहथी, पोते सदा ते रहे छे आधीन ॥१॥
हेत परस्पर लीला संकेतनुं, ए विन भाव अणु ते मलीन ॥
शास्त्र सिद्धान्ते न पामे को पंडित, यह छे भक्तने दानस्वाधीन ॥२॥

पद १२

श्रीवल्लभरूप स्वरूप समागम, आगम जाण्यानुं प्रीते जणाए ॥
उत्तमसंग सन्मुख नागर, श्रीवल्लभ वात बिना न रहवाए ॥१॥

विजातीनी गंधसु रंच संबंध न, महद्‌ने मारगे थइ पलाए ॥
दुःख धरे नहि सुखनी आरत, जेह गीणे अगने अंतराए ॥२॥

पद १३

सत्य मनोरथ जे जिय उपजे तो प्रभु पूरे हि नेक कटाक्षे ॥
राखे न आध अगाध ताहुकी, सेवक ज्यों मनमे अभिलाखे ॥१॥
पहेलेई ते करे पूरन वल्लभ, पीछे हि ते मन याकेमो राखे ॥
एसे प्रविन सुजान मनोरथी, दिन अपेक्षित नागर राखे ॥२॥

पद १४

प्रीत विना सब रीत उदासी, वायस वानी[१] ज्यों लागत फीकी ॥
आदर सादर दान दया हित, जीव विना जेसे देह न नीकी ॥१॥
खान अरु पान मनोरथ स्वारथ, दीप विना नहि धाम भलीकी ॥
श्रीगोकुलनाथ संबध विना रति, नागर प्यास न मेटत जीयकी॥२॥

पद १५

स्नेहके सिद्ध मनोरथ भक्तके, गोकुलनाथ करे अति प्रीते ॥
दीनता देखी कृपाल ततक्षणुं, होत अधिन वे दीनकी रीते ॥१॥
राखे न आध अगाध जे भाव ते, चावते आरत कोटि हरी ते ॥
नागर दान निदानको दान, करे रस पान जे लीलासमेते ॥२॥

पद १६

स्नेह पदारथ हे अति उत्तम, जातेरि वल्लभजी वश होवे ॥
कृपाहु सहाय करे परिपूरन, महद प्रसन्न रहे हित जोवे ॥१॥
लीला प्रवेश करे निज नागर, लीलाको दान मनोरथ सोवे ॥
आनंदसागर मे संग वल्लभ, वल्लभ वल्लभता जुत को वे ॥२॥

पद १७

लीला समाज मांहेथी पधार्या छे, भूतलमां ते भूतल रीते ॥
ओलखीआ निजभक्ते ततक्षण, वल्लभ पोताना पूरव प्रीते ॥१॥

---

[१] कागडानी वाणी

श्रीगोकुलनाथ कहि कर्यां गान, दान अनेक ते नीत अ नीते ॥
आरति वारि समर्पे छे सर्वस्व, वात्सल्य हर्ष कर्यां जगजीते ॥२॥

पद १८

दैवी समाजने काज ए प्राकट्य, गोप्यथकी ते प्रकाश कर्युं छे ॥
कृपावशथी ते आवश्यक जाणी, श्रीवल्लभरूप ते पोते धर्युं छे ॥१॥
भूतल आवीने भाग्य विस्तर्यां छे, दीनतणुं सहु दुःख हर्युं छे ॥
लीलाने हेत संकेत छे नागर, वल्लभरूप रसेज भर्युं छे ॥२॥

पद १९

सात्विक भाव वियोगीकु बाधक तामस तामस प्रिय मिलावे ॥
महात्म्य भाव स्वरूप संबंध न, स्नेहते वल्लभ स्नेह जनावे ॥१॥
भाव विजाती करे जेसे आपुन, भाव सुजाति प्रीत वढावे ॥
प्रेममें ओगुन[1] ते गुन, नागरदासकु भक्त पठावे ॥२॥

पद २०

वल्लभ सो धन जा हृदे रहे, ताहे परवाह कहा धनकी ॥
महद सहायक कान निर्वाहक, ताहे कहा आश सौ लोगनकी ॥१॥
जाहे दृष्ट निजदानके उपर, ताहे कहा गुन ओगुनकी ॥
स्नेहाधिन सदा मन दीन हे, नागर ताहे को साधनकी ॥२॥

पद २१

श्रीवल्लभके पद अंबुज सो दृढ, नागर नीके रह्यो सो रह्यो ॥
संग सुजातिको छूट जो रंचहु, पूर प्रवाहमे वह्यो सो वह्यो ॥१॥
पुष्ट प्रवाह मर्यादाकी टीकामे, श्रीगोकुलनाथजु भेद कह्यो ॥
भाव समान प्रमाण कीए जिन, जोइ रुच्यो तिन सोइ ग्रह्यो ॥२॥

पद २२

उत्तम भेख न मूकीए एक क्षणुं, एक निमिष विशेष हठी ॥
राखीए गूढ ते पुष्ट मनोरथ, मूढ थइने मोटा शठी ॥१॥

---

[1] अवगुण

मुकीए न धर्म न मुकीए धीरज, श्रीवल्लभलीला जेह पढी ॥
प्रीतकी रीत तो एह छे नागर, उत्तम प्रीत ठठी सो ठठी ॥२॥

पद २३

सुखमे न शुधबुध आवे प्राण वल्लभकी, दुखमे न भूले मुख,
नाम गोकुलेशजी ॥
सुखमे विषय लोभ, क्षोभ आवे आठो जाम, दुःखमे न भूले
प्रिय, नेक लवलेशजी ॥१॥
सुखमे सकल बात, घातहिकी होत भाको, दुःखमे वल्लभपद,
प्रापत विशेषजी ॥
श्रीमुख वचन कह्यो, नरको नरक सुख, नागर समज दुख,
सुख ते विशेषजी ॥२॥

બ્રહ્મસંબંધ.

સાડી ચારસો વર્ષથી આપણે વૈષ્ણવો બ્રહ્મસંબંધ નામનો સંસ્કાર કરીએ છીએ અને ત્યારથીજ તે સંસ્કાર સાથે શ્રીમહાપ્રભુજીનું 'પુણ્ય'શ્લોક નામ જોડાયું છે સર્વ જીવોનો ઉદ્ધાર કરવાનુ કાર્ય એ શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્યનુ પ્રયોજન છે આ પ્રયોજન શી રીતે સિદ્ધ થાય એ વિચારણા શ્રીમદાચાર્યચરણને પ્રાપ્ત થઇ અને તે જ સમયે ભગવાને પ્રકટ થઇ તેઓશ્રીને ઉપદેશ કર્યો કે 'બ્રહ્મસંબંધથી જ સર્વ જીવોનો ઉદ્ધાર થઇ શકે' એમ છે આ અમૂલ્ય ઉપદેશ શ્રાવણ શુક્લ એકાદશીને દિવસે આપવામા આવ્યો છે એમ સામ્પ્રદાયિક ગ્રન્થો કહે છે, અને તેથી જ તે પુણ્ય દિવસ સમ્પ્રદાયના પવિત્ર ઉત્સવોમા અગ્ર સ્થાન ભોગવે છે આ જ બ્રહ્મસંબંધનુ સ્વરૂપ, પ્રયોજન, ફલ વગેરે વિષયોની ચર્ચા અહીં કરવાની છે

'બ્રહ્મસંબંધ' શબ્દ બ્રહ્મ અને સંબંધ એ બે શબ્દોનો બનેલો છે તેમા પ્રથમ આપણે બ્રહ્મ શબ્દનો વિચાર કરીએ બ્રહ્મમા વૃદ્ધિવાચક બૃહ્ ધાતુ છે એટલે તેનો અર્થ બૃહત્, મોટુ-વ્યાપક એમ થાય છે યાસ્કાચાર્ય બ્રહ્મનુ નિર્વચન **परिबृढ सर्वत** (निरुक्त १८)-સર્વ રીતે વધેલું, સર્વત્ર વ્યાપક-એ પ્રમાણે કરે છે આ સર્વવ્યાપક પદાર્થ ઉપનિષદનુ તત્ત્વ છે, તેજ **औपनिषदं पुरुष पृच्छामि** એ શ્રુતિમા જણાવવામા આવેલા ઉપનિષદૈકગમ્ય રૂપ છે આ જ તત્ત્વને શ્રીમદ્ભગવદ્ગીતામા પરમાત્મા કહેવામા આવે છે અને શ્રીમદ્ભાગવતમા ભગવાન્ કહેવામા આવે છે એમ ભાગવતના પ્રથમ સ્કંધના દ્વિતીયાધ્યાયના અગીઆરમા શ્લોક[1] ઉપરથી જણાય છે આ

---

[1] वदन्ति तत्तत्त्वविदस्तत्त्व यज्ज्ञानमद्वयम् ।
ब्रह्मेति परमात्मेति भगवानिति शब्द्यते ॥

બ્રહ્મનુ સ્વરૂપ મનુષ્યની બુદ્ધિમા આવે તે પ્રકારે કલ્પવાનુ નથી પણ શ્રુતિ અને તદવિરુદ્ધ સ્મૃતિમા જે પ્રકારે તેના સ્વરૂપનો નિર્ણય કરવામા આવ્યો છે તે જ પ્રકારે જિજ્ઞાસુએ સ્વીકારવાનુ છે એમા મનુષ્યતર્કના બળથી કોઇ પણ પ્રકારનો સંદેહ ઉઠાવવાનો નથી કારણ કે બ્રહ્મ અને તેના સબંધની દરેક વસ્તુમા પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણ માનવામા આવતુ નથી પણ શબ્દપ્રમાણ જ માનવામા આવે છે શબ્દપ્રમાણ એટલે કોઇ ગમે તે મનુષ્યના શબ્દનુ પ્રમાણ નહિ પરંતુ શાસ્ત્રનુ જ પ્રમાણ શાસ્ત્ર એટલે ગમે તે પુસ્તક નહિ પણ **शास्तीति शास्त्रं वेद** એ રીતે પૂર્વકાણ્ડ અને ઉત્તરકાણ્ડવાળો વેદ જ અર્થાત્ વેદ અને ઉપનિષદ્મા અને તદનુકૂલ સ્મૃતિમાં બ્રહ્મનો જે પ્રકારે વિચાર કરવામા આવ્યો છે તે જ પ્રકાર આપણે સ્વીકારવાનો છે

ત્યારે હવે બ્રહ્મનો વિચાર કેવી રીતે કરવામા આવ્યો છે તે આપણે જોઇએ ઉપનિષદોમા અનેક સ્થળે બ્રહ્મને સત્, ચિત્ આનન્દ, સત્ય, જ્ઞાન, અનન્ત વગેરે વિશેષણો લગાડવામા આવ્યાં છે તે ઉપરથી આપણને સ્પષ્ટ પ્રતીત થાય છે કે બ્રહ્મમા સત્તા, ચૈતન્ય અને આનન્દ છે; તેમા જ્ઞાન અને અનન્તતા છે સત્તા અને અનન્તતા એ બે વિશેષણોથી માલમ પડે છે કે બ્રહ્મ નિત્ય છે, અવિનાશી છે ચૈતન્ય વિશેષણથી જણાય છે કે બ્રહ્મ એ કોઇ પ્રકૃતિ, પરમાણુ જેવો જડ પદાર્થ નથી પણ ચૈતન્યવાળો પદાર્થ છે આનન્દ વિશેષણ ઉપરથી એમ સમજાય છે કે બ્રહ્મ દુઃખમય અથવા દુઃખમિશ્ર નથી પણ આનન્દમય છે અને તેથી આનન્દાકાર છે બ્રહ્મ આનન્દાકાર છે તેથી જ તેને શ્રુતિમા સાકાર કહેવામા આવે છે સાકાર એટલે પ્રાકૃત મનુષ્યોને જે આકાર હોય છે તે આકારવાળુ બ્રહ્મ એમ નહિ પણ આનન્દાકારવાળુ બ્રહ્મ, કારણ કે સિદ્ધાન્તમા આનન્દ અને આકારની વ્યાપ્તિ સ્વીકારવામા આવી છે તે વ્યાપ્તિ એ કે જ્યા જ્યા આનન્દ હોય ત્યા ત્યા આકાર હોવો જોઇએ આ રીતે બ્રહ્મ સાકાર છે છતા પણ વ્યાપક છે[1] બ્રહ્મમા દરેક પ્રકારના ધર્મો છે, અને તેથી તેમા વિરુદ્ધ ધર્મો પણ સમાવી શકે છે બ્રહ્મમા બધા ધર્મો સ્વાભાવિક છે, માયાજન્ય નથી આવા પ્રકારનું આનન્દમય સર્વશક્તિમત્ બ્રહ્મને રમણ કરવાની ઇચ્છા થવાથી પોતે જગદ્રૂપે પરિણામ પામ્યુ અને જેમ અગ્નિમાથી નાના નાના અસંખ્ય તણખાઓ નીકળે છે તેમ તેનામાથી અંશરૂપે અસંખ્ય જીવો નીકળ્યા, અને ત્યારથી જ જીવનુ વ્યુચ્ચરણ થયુ બ્રહ્મ પોતે જગદ્રૂપે પરિણમ્યુ છતા પણ તેનામા કોઇ પણ પ્રકારનો વિકાર થયો નહિ બ્રહ્મનુ જગદ્રૂપે પરિણામ અને જીવોનુ વ્યુચ્ચરણ—એ બેનુ પ્રયોજન બ્રહ્મની રમણ કરવાની ઇચ્છાને પૂર્ણ કરવાનુ છે. રમણક્રીડા—આનન્દ વિવિધતામાથી મળી શકે છે, એટલે જ્યા સુધી બ્રહ્મ વિવિધતા સિદ્ધ ન કરી શકે ત્યા સુધી તેની આ બધી પ્રવૃત્તિ નિષ્ફળ થાય એટલે જગત અને જીવને પોતાનાથી વિલક્ષણ બનાવવાનો બ્રહ્મને વિચાર થયો તેણે બ્રહ્મરૂપ જગતમાથી ચિત અને આનન્દ એ બે ગુણોનુ તિરોધાન કરી દીધું અને જગતને પોતાનાથી વિલક્ષણ બનાવ્યુ જીવોની વિલક્ષણતા સિદ્ધ કરવાને તેઓમાથી આનન્દ નામના ગુણનો તિરોભાવ કર્યો. આ રીતે સચ્ચિદાનન્દ બ્રહ્મ, સચ્ચિત્ જીવ અને સત્ જગત્ એમ ત્રણ વિલક્ષણ પદાર્થો સિદ્ધ થયા અને વિવિધતાનો પાયો ચણાયો

---

[1] સાકાર બ્રહ્મની વ્યાપકતા માટે વિચારો—विश्वतश्चक्षुरुत विश्वतोमुखो विश्वतोबाहुरुत विश्वतस्पात् । सम्बाहुभ्या धमति सम्पतत्रैर्द्यावाभूमी जनयन् देव एक ॥ શ્વેતાશ્વતર ૩ ૩ આવા જ પ્રકારની ભાવનાને માટે જુવો ઋક્સંહિતા ૧૦ ૮૧ ૩, વાજસનેયિસંહિતા ૧૭·૧૯; અથર્વવેદ ૧૩ ૨ ૨૬, તૈત્તિરીયસંહિતા ૪ ૬ ૨ ૪, તૈત્તિરીયારણ્યક ૧૦ ૧ ૩, મૈત્રાયણિસંહિતા ૨ ૧૦ ૨, મહાનારાયણોપનિષદ્ ૧ ૧૪, પુરુષસૂક્ત ૧, ગીતા ૧૩·૧૩, નારદપંચરાત્ર વગેરે

બ્રહ્મમાથી અસખ્ય જીવોનુ બ્રહ્મની રમણેચ્છાથી જ વ્યુચ્ચરણ થયુ તેમા આનન્દાશનો તિરોભાવ પણ થયો, એટલે આનન્દના અભાવમા જીવોને દુ ખ જ પ્રાપ્ત થયુ આ વિષયમા, ભગવાન ભાષ્યકાર શ્રીવલ્લભાચાર્યજી ભાષ્યમા આજ્ઞા કરે છે કે બ્રહ્મના અભિધ્યાનથી જ જીવમાથી ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય નામના ભગવાનના છ ધર્મોનો તિરોભાવ થયો અને તેના પરિણામમા જીવને બધ અને વિપર્યય પ્રાપ્ત થયા જીવ પ્રારભમા બ્રહ્મરૂપ–ભગવદ્રૂપ–જ હતો એટલે એનામા ઉપર જણાવેલા છ ભગવદ્ધર્મો હતા પણ ભગવદિચ્છાથી રમણના સાધનભૂત વિવિધતા સિદ્ધ કરવાને માટે એ છ ધર્મોનુ તિરોધાન કર્યુ ઐશ્વર્યના તિરોભાવથી જીવમા દીનતા આવી અને તેથી જીવ સ્વતત્રતા ગુમાવી પરાધીન બન્યો વીર્યગુણ તિરોહિત થવાથી જીવને દુ ખો સહન કરવાના આવ્યા. યશના તિરોધાનથી જીવને હીનતા પ્રાપ્ત થઇ શ્રીના તિરોધાનથી જન્મ મરણ વગેરે આપત્તિઓ પડવા લાગી જ્ઞાનના તિરોભાવથી જીવ પોતાનુ મૂલ સ્વરૂપ ભૂલી ગયો અને તેથી તેને દેહ, પ્રાણ, ઇન્દ્રિય, અત કરણ વગેરેમા અહકાર ઉત્પન્ન થયો અને પરિણામમા અજ્ઞાન પ્રાપ્ત થયુ વૈરાગ્યના તિરોધાનથી જીવને જગતના પદાર્થોમા આસક્તિ થઇ અને પરમાત્માથી બહિર્મુખ થયો આ પ્રકારે પ્રથમના ચાર ધર્મોના તિરોભાવથી જીવને બધ અને છેલ્લા બે ધર્મોના તિરોધાનથી વિપર્યય પ્રાપ્ત થયો અને જીવનુ જીવત્વ સિદ્ધ થયુ આ ઉપરથી આપણને સમજાય છે કે જીવ એટલે સદોષ અને તેથી જ શ્રીમહાપ્રભુજી ઉપદેશ કરે છે કે **जीवा स्वभावतो दुष्टाः**–જીવો સ્વભાવથી દુષ્ટ છે ઉપર જણાવ્યુ તે પ્રમાણે આનન્દ અને છ ભગવદ્ધર્મોનો જીવમા તિરોભાવ ન થયો હોત તો જીવ અને જગત્ એ બ્રહ્મરૂપ જ રહેત અને વિવિધતાને સ્થાને એકવિધતા જ રહેત અને રસ, આનન્દ ભોગવવાનુ પ્રયોજન સિદ્ધ ન થાત આ પ્રમાણે જીવને સદોષ બનાવી પોતાની ક્રીડાનુ સાધન બનાવ્યુ અને ચિત્ અને આનન્દાશ જેમાથી તિરોભૂત થયો છે એવા જગતને ક્રીડાસ્થાન બનાવ્યુ. આ ઉપરથી વિશ્વને ક્રીડાભાણ્ડ કહેવાનુ પ્રયોજન પણ સ્પષ્ટ સમજાય છે

જીવનુ 'જીવત્વ' શી રીતે સિદ્ધ થાય છે તે આપણે જોયુ હવે જીવને સસારપ્રાપ્તિ કેવી રીતે થાય છે તેનો સક્ષેપમા વિચાર કરી લઇએ બ્રહ્મને આપણે ઉપર સર્વશક્તિમત્ તરીકે વર્ણવ્યુ છે આ બ્રહ્મની–ભગવાનની–વિદ્યા અને અવિદ્યા નામની બે શક્તિઓ છે આ બે શક્તિઓની સત્તા જીવ ઉપર ચાલે છે જીવાત્મા જ્યારે વિદ્યા પ્રાપ્ત કરે છે ત્યારે તે પોતાના મૂલસ્વરૂપને વિષે સ્થિતિ કરે છે, પણ જ્યારે તે અવિદ્યાથી બદ્ધ થાય છે ત્યારે તેને સસારચક્રમા ફરવુ પડે છે શાસ્ત્રમા વિદ્યા અને અવિદ્યાના પાચ પર્વો આપવામા આવ્યા છે વૈરાગ્ય, સાખ્ય, યોગ, તપ અને ભક્તિ એ પાચ વિદ્યાના પર્વો છે અને તેની મદદથી જીવાત્મા ભગવાનમા પ્રવેશ કરે છે અત કરણાધ્યાસ, પ્રાણાધ્યાસ, ઇન્દ્રિયાધ્યાસ, દેહાધ્યાસ અને સ્વરૂપવિસ્મૃતિ એ પાચ પર્વ અવિદ્યાના છે અને તેનાથી જીવાત્માને સસાર પ્રાપ્ત થાય છે આવી રીતે પ્રાપ્ત થએલા સસારમાથી મુક્ત થવાને માટે પ્રથમ અવિદ્યાને દૂર કરવી જોઇએ અવિદ્યા એ ભગવાનની શક્તિ છે એટલે શક્તિના અધિપતિ–ભગવાનની ઇચ્છા વગર અવિદ્યારૂપી શક્તિ જતી રહેતી નથી. એટલે અવિદ્યાને દૂર કરવાને માટે ભગવાનની કૃપા મેળવવી પડે છે અને તે કૃપા ભગવાનને શરણે જઇ સેવા કરવાથી મળે છે તત્પર્ય એ કે સસારમાથી મુક્ત થઇ ભજનાનન્દ પ્રાપ્ત કરવાને માટે જીવાત્માએ પરમાત્માને શરણે જઇ સેવા કરવાની છે આ સેવાથી જ જીવાત્માના બધા બન્ધો તૂટી જાય છે અને તે પરમાત્મા સાથેનો આનન્દ ભોગવે છે

અત્યાર સુધી બ્રહ્મસબધ શબ્દમાના બ્રહ્મ શબ્દનો અને તેની સાથે સબધ ધરાવતી કેટલીક વસ્તુઓનો વિચાર કરી ગયા હવે બાકી રહેલા સબધ શબ્દનો વિચાર કરીએ સબધ બે પદાર્થોનો હોઇ શકે, કારણ કે એક પદાર્થનો સબધ કોઇ દિવસ સભવી શકતો નથી વળી ગમે તે બે પદાર્થોનો

સબધ થઇ શકે નહિ, પણ બે છૂટા, જૂદા પદાર્થોનો[1] સબધ થઇ શકે અર્થાત્ સબધ શબ્દ ઉપરથી આપણને એટલુ સમજાય છે કે બે છૂટા પદાર્થો છે અને તે બેનો સબધ થવાનો છે ત્યારે હવે પ્રશ્ન એ રહે છે કે તે બે પદાર્થો કયા? આ બેમાનો એક પદાર્થ તો બ્રહ્મ જ છે એમ બ્રહ્મસબધ શબ્દ ઉપરથી જ જણાય છે બીજો છુટો પડેલો પદાર્થ તે બીજો કોઇ નહિ પણ બ્રહ્મમાથી અશરૂપે વ્યુચ્ચરિત જીવાત્મા છે આ ઉપરથી બ્રહ્મસબધનો સામાન્ય અર્થ એ થાય છે કે જીવાત્માનો બ્રહ્મ-પરમાત્મા-સાથે સબધ આ સબધના સ્વરૂપની કલ્પના ગદ્યમન્ત્ર ઉપરથી અને સિદ્ધાન્તરહસ્યમા આવેલા બ્રહ્મસબધ[2] શબ્દના સર્વ ટીકાકારોએ આપેલા અર્થ ઉપરથી થઇ શકે છે ગદ્યમન્ત્ર ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે જીવાત્માનો ભગવાન કૃષ્ણની સાથે દાસ, સેવક તરીકેનો સબધ બધાય છે, અને તે સબધ બરોબર સિદ્ધ કરવાને માટે તે જીવાત્મા પોતાની જાતનુ, પોતાના દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણનુ અને તે બધાના ધર્મોનુ અને સ્ત્રી, પુત્ર, ધન ઘર વગેરે વસ્તુઓનુ ભગવાન્ શ્રીકૃષ્ણને સમર્પણ કરે છે તે જીવાત્માનુ વ્યુચ્ચરણ હજારો વર્ષથી થયુ છે અને તેથી તેનો ભગવાનથી વિયોગ પણ એટલા જ વર્ષોથી થયો છે જેનામા ભગવાનને માટે ખરેખરો પ્રેમ હોય છે તેને આ વિયોગનુ દુઃખ થાય છે આ તાપ ક્લેશને પણ એક જાતનો આનન્દ માનવામા આવે છે આ તાપક્લેશાત્મક આનદનો પેદા બ્રહ્મસબધ કરવા તૈયાર થએલા જીવમા તિરોભાવ હોય છે આટલી કલ્પના ગદ્યમન્ત્ર ઉપરથી થાય છે હવે આપણે સિદ્ધાન્તરહસ્યના ટીકાકારોનો અભિપ્રાય વિચારીએ શ્રીગોકુલનાથજી આજ્ઞા કરે છે કે બ્રહ્મસબધ એટલે શુદ્ધપુષ્ટિમાર્ગના આચાર્ય દ્વારા આત્માનુ અને અહમમશબ્દવાચ્ય વસ્તુઓનુ ભગવાનને નિવેદન શ્રીરઘુનાથજી લખે છે કે બ્રહ્મમા બૃહત્ત્વનો ભાવ છે, તેથી બ્રહ્મ એટલે પુરુષોત્તમ, તેમની સાથે દેહ અને આત્માના નિવેદનરૂપી જે સબધ તે જ બ્રહ્મસબધ બીજા બધા ટીકાકારો પણ આજ ભાવ જૂદા જૂદા શબ્દોમા દર્શાવે છે આ ઉપરથી આપણને સ્પષ્ટ સમજાય છે કે બ્રહ્મસબધ એટલે આપણે શ્રીકૃષ્ણના દાસ થઇને રહેવુ અને તેમને આપણી સર્વ વસ્તુઓનુ સમર્પણ કરવુ અર્થાત્ બ્રહ્મસબધ એટલે સર્વવસ્તુસમર્પણપૂર્વક સેવ્યસેવકભાવનો અગીકાર

પ્રારભમા આપણે જોયુ કે ભગવદિચ્છાથી જીવાત્મામા આનન્દાશનો તિરોભાવ થાય છે આ તિરોભાવ થયા પછી જીવ પોતાનુ સ્વરૂપ અને પરમાત્માની સાથેનો સબધ ભૂલી જાય છે સર્વ વસ્તુ બ્રહ્મની છે એ ભાવનાનુ વિસ્મરણ થાય છે અને તે સર્વ વસ્તુમા અહતા અને મમતાના ભાવનુ આરોપણ કરે છે. અહતામા 'અહમ્' 'હુ' શબ્દની ભાવના હોય છે આ હુ શબ્દ દેહ ઇન્દ્રિય, પ્રાણ અને અન્તઃકરણના સબધમા વાપરવામા આવે છે તેથી દેહ ઇન્દ્રિય વગેરે પદાર્થો અહપદવાચ્ય કહેવાય છે મમતામા 'મમ' 'મારૂ" નો ભાવ હોય છે આ વસ્તુ મારી છે, અમુક પદાર્થ મારો છે આવા પ્રયોગોમા આપણી મમતા સ્પષ્ટ જણાઇ આવે છે મમતાના વિષયો ઘણા હોય છે તેમાના મુખ્ય સ્ત્રી, પુત્ર, ધન, ઘર વગેરે છે બ્રહ્મસબધમા અહતા અને મમતાનો ભગવાનમા વિનિયોગ કરી જીવાત્માએ ભગવાનના દાસ થઇને રહેવાનુ છે પદાર્થોમાથી અહતા મમતાને દૂર કરવાને માટે જે જે પદાર્થોમા અહતા અને મમતા હોય તે તે પદાર્થો ભગવાનને સમર્પી દેવા

---

[1] વસ્તુત અત્ર ભેદ પણ પદાર્થનો નહિ પરતુ રૂપમાત્રનો જ વિવક્ષિત છે, કારણ કે વસ્તુત તો જીવનો અને બ્રહ્મનો અભેદ છે તેઓ ઉભયે સ્વરૂપત એક જ છે તેથી સબધાર્થે અપેક્ષિત ભેદ બ્રહ્મસ્વરૂપનો અને જીવસ્વરૂપનો

[2] ब्रह्मसंबंधकरणात् सर्वेषां देहजीवयो

અને વિજ્ઞપ્તિ કરવી કે હે ભગવન્ આ સર્વ પદાર્થોના અધિપતિ આપ છો અજ્ઞાનથી મે પદાર્થો ઉપર અહંતા મમતાનુ આરોપણ કર્યું હતુ હવે હુ તમારો દાસ છુ, હવેથી હુ તમારો થઈને રહીશ આ ભક્તિમાર્ગીય વિજ્ઞપ્તિ તે જ બ્રહ્મસબધ સસ્કાર

હવે કોઈને એમ શકા થાય કે જીવાત્માએ ભગવાન્ શ્રીકૃષ્ણને જ શરણે કેમ જવુ ? બીજા કોઈ પદાર્થને શરણે કેમ ન જવુ ? આ શકાનુ સમાધાન અતિ સરલ છે પહેલા જણાવ્યુ તેમ જી એ બ્રહ્મમાથી અગ્નિમાથી તણખા નીકળે એમ નીકળે છે, અર્થાત્ જીવ એ બ્રહ્મનો અશ છે અ બ્રહ્મ પોતે અશિ છે શ્રીમદ્ભગવદ્ગીતામા ભગવાન્ આજ્ઞા કરે છે કે **ममैवांशो जीवलोके**–જીવ લોકમા મારો જ અશ છે બાદરાયણ મહર્ષિ પણ પોતાના વેદાન્તસૂત્રમા **अशो नानाव्यपदेशा** એ સૂત્રમા જીવ એ બ્રહ્મનો અશ છે એમ સિદ્ધ કરે છે અશે અશિનુ જ ભજન કરવુ જોઈએ એમ શ્રુતિનો[1] ઉપદેશ છે આથી જીવ ભગવાનને જ શરણે જાય છે અને તેની સેવા કરે તે સર્વથા યોગ્ય છે, એમા કોઈ પણ પ્રકારના સદેહને સ્થાન નથી

ઉપર આપણે જોઈ ગયા કે અહંતા અને મમતાના સર્વ વિષયો ભગવાનને સમર્પીને દાસ ભાવે ભગવાનને શરણે રહેવાની પ્રતિજ્ઞાનુ નામ જ બ્રહ્મસબધ હવે આ બ્રહ્મસબધના પ્રયોજનનો વિચાર કરીએ વિશ્વમા એવો એક પણ પદાર્થ નથી કે જેનુ પ્રયોજન ન હોય–ભલે પછી પ્રયોજન ઇષ્ટ હોય કે અનિષ્ટ શ્રીમદ્ભગવદ્ગીતામા આપણે વાચીએ છીએ કે **निर्दोषं हि समं ब्रह्म**-બ્રહ્મ નિર્દોષ છે, સમ છે ઇત્યાદિ ઉપનિષદોમા પણ અનેક સ્થલે બ્રહ્મની નિર્દોષતા સ્પષ્ટ જાણ પડે છે નિર્દોષ પદાર્થ પાસેની વસ્તુઓ પણ નિર્દોષ જ હોય છે તે પદાર્થની આજુબાજુનુ વાતાવરણ પણ દોષરહિત જ જોવામા આવે છે. આથી નિર્દોષબ્રહ્મની પાસે જનાર મનુષ્ય નિર્દોષ હોવો જોઈએ, અને જો તેનામા કોઈ પણ પ્રકારના દોષ હોય તો તે દોષોને દૂર કરીને જ બ્રહ સમીપ તે જઈ શકે છે પહેલા આપણે જોયુ તેમ જીવ ભગવદિચ્છાથી સ્વભાવથી જ સદોષ બ છે અને બન્ધ વિપર્યય પ્રાપ્ત કરે છે. તે જીવ માટે એક જ માર્ગ ખુલ્લો હોય છે અને તે એ ભગવાનને શરણે જઈ તેણે સેવા કરવી આ માર્ગ વિના બીજો કોઈ પણ માર્ગ મનુષ્યમાત્રને મા જગતમા છે જ નહિ, એટલે સર્વેએ–બ્રાહ્મણ, ક્ષત્રિય વૈશ્ય, શૂદ્ર, સ્ત્રી, દેવ, અસુર, યક્ષ વગેરેએ–ભગવાનને શરણે જઈ સેવા કરવાની જ રહી

શરણ અને સેવા એ શી રીતે સિદ્ધ થાય ? સ્વભાવથી જ દુષ્ટ જીવ નિર્દોષ પ્રભુની સેવા કેવી રીતે કરી શકે ? જીવની પાસે એક પણ એવી સત્તા છે કે જેથી પોતાનામા દોષ છતા પણ ભગવાનની સેવા તે કરી શકે ? આ અને આવા અનેક પ્રશ્નો આપણને સ્વાભાવિ રીતે થાય છે આ શકાનુ સમાધાન બીજા કોઈ આચાર્યથી થઈ શકતુ નથી, માત્ર શ્રીવલ્લભાચાર્યજીએ જ ભગવદાજ્ઞાને અનુસરીને આપણને ઉત્તમ પ્રકારનુ સમાધાન આપ્યુ છે અને તે સમાધાન બ્રહ્મસબધ સસ્કારજ છે બ્રહ્મસબધ સસ્કારથી જીવ અને તેના સર્વ પદાર્થો નિર્દ બની ભગવત્સેવાને અર્થે બ્રહ્મસમ બને છે જ્યા સુધી બ્રહ્મસબધ કરવામા નથી આવતો ત્યા સુધી જીવ નિર્દોષ અને નિશ્ચિન્ત બનતો નથી અને તેથી કરીને તેને પ્રભુસેવાનો અધિકાર પ્રાપ્ત થતો નથી જેમ ત્રણ વર્ણના મનુષ્યો ઉપનયન સસ્કારથી શુદ્ધ બની ગાયત્રીમત્ર, વેદાધ્યયન, સધ્યા વગેરે વૈદિક કર્મોનો અધિકાર પ્રાપ્ત કરે છે તેમ માત્ર ત્રણ વર્ણના મનુષ્યો જ નહિ, પણ વિશ્વમા જેટલા પ્રકારના મનુષ્યો અને પદાર્થો છે તે સર્વની શુદ્ધિ બ્રહ્મસબધથી જ થાય છે અને ત્યાર પછી જ ભગવત્સેવાના અધિકારી બને છે ઉપનયન સસ્કાર પહેલા બાળક ગમે તે ખાય છે,

---

[1] यो यदश स त भजेत्।

ગમે તેમ વર્તે છે, અને અનેક રીતે અશુદ્ધ બને છે છતાં પણ ઉપનયન સંસ્કારથી તે સર્વ અશુદ્ધિ દૂર થઈ જાય છે અને તે બાળકને વૈદિક કર્મોનો અને મોક્ષફલક વેદાધ્યયનનો અધિકાર મળે છે જગતમાં પણ આપણે જોઈએ છીએ કે ઉપનયન પહેલાં બ્રાહ્મણનો બાળક પણ પોતાના વણિક પાડોશીને ત્યાં જમે છે અને તે બાળકનાં માતા પિતાને જ્યારે આ વિષયમાં પ્રશ્ન કરવામાં આવે છે ત્યારે તેઓ વિના સંકોચે કહે છે કે હમણાં તેને જેમ કરવું હોય તેમ કરવા દો, ઉપનયન સંસ્કાર થશે ત્યારે આ બધું બળી જશે ધર્મશાસ્ત્ર અને લોકની ભાવનાની એકતાનો આ સુંદર દૃષ્ટાંત છે ધર્મશાસ્ત્રના ગ્રન્થોમાં સામાન્ય રીતે ત્રણ ભાગ હોય છે એક આચાર વિષેનો, બીજો વ્યવહાર વિષેનો અને ત્રીજો પ્રાયશ્ચિત્ત વિષેનો પ્રાયશ્ચિત્તભાગમાં એવું જોવામાં આવે છે કે અમુક વિધિનું પાલન ન કરવાથી જે દોષ પ્રાપ્ત થાય છે તે દોષને દૂર કરવાને અમુક પ્રાયશ્ચિત્ત કરવું દાખલા તરીકે બ્રાહ્મણે સોળ વર્ષની અંદર, ક્ષત્રિયે બાવીસ વર્ષની અંદર અને વૈશ્યે ચોવીસ વર્ષની અંદર ઉપનયન સંસ્કાર કરવો, અને જો તેટલા સમયમાં તે સંસ્કાર કરવામાં નહિ આવે તો તે દ્વિજ સર્વ ધર્મથી બહિષ્કૃત સાવિત્રીપતિત અને વ્રાત્ય થાય છે આ દોષને—અધોગતિને—દૂર કરવાને માટે તેને વ્રાત્યસ્તોમ નામનો ક્રતુ કરવો પડે છે આ ઉપરાંત બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત્ત, સુરાપાનનું પ્રાયશ્ચિત્ત, સ્વર્ણસ્તેયપ્રાયશ્ચિત્ત, ગુરુતલ્પગપ્રાયશ્ચિત્ત વગેરે અનેક જાતનાં પ્રાયશ્ચિત્તો કરવાથી કરેલાં પાપ, દોષ વગેરે દૂર થઈ જાય છે અને તે મનુષ્ય શુદ્ધ થાય છે આવી જ રીતે દોષમાંથી મુક્ત થઈ શુદ્ધતા પ્રાપ્ત કરી, ભગવાનને શરણે જઈ તેમની સેવા કરવાનો અધિકાર બ્રહ્મસંબંધ નામના સંસ્કારથી જ મળે છે, અન્યથા નહિ ઉપનયન વગેરે વૈદિક સંસ્કારો, ધર્મશાસ્ત્રમાં દર્શાવેલાં પ્રાયશ્ચિત્તો અને મનુષ્યમાત્રનો ઉદ્ધાર કરનાર બ્રહ્મસંબંધ સંસ્કાર મનુષ્યને શુદ્ધ બનાવે છે શુદ્ધિની આવશ્યકતા એટલા સારુ જ કે શુદ્ધિ વિના જે કાર્ય કરવામાં આવે છે તે કાર્ય નિષ્ફલ નીવડે છે આ સર્વ ઉપરથી બ્રહ્મસંબંધની આવશ્યકતા અને તેનું પ્રયોજન સ્પષ્ટ માલૂમ પડે છે ઉપનયનાદિ સંસ્કારથી ત્રણ વર્ણની જ શુદ્ધિ થાય છે અને બ્રહ્મસંબંધથી સર્વ મનુષ્યોની અને સર્વ પદાર્થની શુદ્ધિ થાય છે આથી બ્રહ્મસંબંધની શ્રેષ્ઠતા સ્વીકારવામાં આવે છે અમુક પ્રાયશ્ચિત્ત કરવાથી અમુક પ્રકારનો જ દોષ દૂર થાય છે અને જેટલા જેટલા દોષો થયા હોય તેટલા સર્વ દોષોને માટે જૂદાં જૂદાં પ્રાયશ્ચિત્તો કરવામાં આવે છે બ્રહ્મસંબંધથી તો એક જ વખતે દેહના અને જીવના સર્વ દોષ અને પાપનો નાશ થાય છે એટલે પ્રાયશ્ચિત્તના કરતાં પણ બ્રહ્મસંબંધની ઉત્કૃષ્ટતા સ્પષ્ટ જણાય છે

બ્રહ્મસંબંધમાં જીવાત્મા અને તેની સાથે સંબંધ ધરાવતા સર્વ પદાર્થોનું ભગવાનને નિવેદન થાય છે જગતમાં જેમ કોઈ માણસ પોતાનો બંગલો વેચે છે ત્યારે તે બંગલાની સાથે જ તે બંગલાની આજુબાજુની ઓરડીઓ અને કમ્પાઉન્ડ વગેરે બંગલો લેનાર માણસને આપવામાં આવે છે, તેમ આત્માના સમર્પણ સમયે આત્માની સાથે કોઈ પણ પ્રકારે સંબંધ ધરાવતી વસ્તુઓનું પણ સમર્પણ થઈ જ જાય છે એટલે આત્માનો, અહંતાના વિષયોનો અને મમતાના વિષયોનો વિનિયોગ ભગવત્સેવામાં જ થાય છે આથી જ શ્રીમહાપ્રભુજીએ અહંતા દૂર કરવાને તનુજા સેવાનો, મમતા દૂર કરવાને વિત્તજા સેવાનો અને આત્માને માટે સર્વથી ઉત્તમ માનસી સેવાનો ઉપદેશ કર્યો છે તનુજા સેવામાં માત્ર દેહનો નહિ, પણ ઇન્દ્રિય, અંતઃકરણ વગેરેનો પણ સમાવેશ થાય છે વિત્તજા સેવામાં દ્રવ્ય ઉપરાંત સ્ત્રી પુત્ર, પશુ વગેરે સંપત્તિનો અંતર્ભાવ સહજ રીતે થઈ શકે છે

બ્રહ્મસંબંધથી સર્વ દોષની નિવૃત્તિ કેવી રીતે થઈ શકે છે એ જોઈએ જગતમાં ઘણાખરા મનુષ્યો સુવર્ણના અલંકારોનો ઉપયોગ કરે છે અને આ ઉપયોગમાં તેઓ પોતાની રસભાવના દર્શાવે છે ઉપર જણાવ્યું તેમ રસ વિવિધતામાં જ રહ્યો છે, તેથી અનેકવાર તે સુવર્ણના આભૂ

પણોને ભાગી બીજા નવા આભૂષણો કરાવવામા આવે છે, અને તે સિદ્ધ કરવાને જૂના અલકારોને ભાગી, તેજાપમા નાખી, તદ્દન શુદ્ધ સુવર્ણરૂપે બહાર કાઢે છે અલકારોમા જેટલી મલિનતા હતી તે બધી અગ્નિસ્વરૂપ તેજાપથી જતી રહે છે અને સુવર્ણ પોતાના પ્રકાશવાન્ મૂલસ્વરૂપને પ્રાપ્ત કરે છે અગ્નિમય તેજાપના સબધથી મલિન સુવર્ણ પણ અગ્નિમય-શુદ્ધ થાય છે સુવર્ણને પોતાની શુદ્ધિ કરી મૂલસ્વરૂપની પ્રાપ્તિ કરવાને માટે અગ્નિમય તેજાપનો સબધ કરવો પડે છે ગગા, યમુના વગેરે પવિત્ર નદીઓના સબધમા પણ આ જ ભાવના રહેલી છે કોઇના ઘરમા દસ દિવસની દુર્ગંધથી ભરેલી છાસ હોય તો તે માણસ તેની દુર્ગંધથી કટાળી તેને ફેકી દે છે પણ આ જ છાસને એક પાત્રમા લઇ જઇ ગગા કે યમુના જેવી પવિત્ર નદીમા નાખી દે તો તે છાસની દુર્ગંધ જતી રહે છે અને જાણે સર્વથા શુદ્ધ ન થઇ હોય એમ ગગામય કે યમુનામય બની જાય છે ગગાનો પ્રવાહ તો ચાલુ જ હોય છે તેથી આગળના સ્નાનાદિ કરવાના ઘાટ ઉપર કોઇ શ્રદ્ધાળુ માણસ ઉભો હોય અને પોતાના દેશમા ગગાજલ લઇ જવાના વિચારથી ગગાજલ પાત્રમા ભરતો હોય અને કદાચ તે જ જલમા પેલી દુર્ગંધ છાસવાળુ જલ આવી ગયુ હોય તો તેને ખબર પડતી નથી કે આ છાસવાળુ જલ છે, પણ બધુ ગગાજલ જ છે એમ માની તેને હર્ષથી પાત્રમા ભરે છે, અને જ્યારે તે ઘેર આવે છે ત્યારે તે જ જલનુ ઘણી ધામધૂમથી પૂજન અને બ્રહ્મભોજન કરે છે આ દૃષ્ટાન્તમા આપણને જણાય છે કે ગગાજીના સબધથી છાસની દુર્ગંધ જતી રહી અને તે ગગામય બની ગઇ જગતમા પણ આપણે જોઇએ છીએ કે ગમે તે કુલની કન્યા હોય-અતિશૂદ્રની કન્યા હોય-અને તે જ્યારે રાજાને પરણાવવામા આવે છે ત્યારે લોકો આ નવી સ્ત્રીને શૂદ્ર તરીકે નથી માનતા પણ પોતાના રાજાની પ્રિય રાણી માની આદર સત્કાર કરે છે અહીં પણ એટલુ તો સ્પષ્ટ છે કે અતિશૂદ્ર-ચાણ્ડાલ-ની કન્યા પણ ઉચ્ચ કોટિના રાજા સાથે જ્યારથી સબધમા આવી ત્યારથી તેનુ શૂદ્રત્વ જતુ રહ્યુ અને રાજાની રાણી થવાનુ માન પ્રાપ્ત કર્યું પારસમણિ સાથે લોઢાને જ્યારે સબધ થાય છે ત્યારે લોઢુ સુવર્ણ થઇ જાય છે એમ લોકો માને છે લોઢાને અગ્નિમા નાખીએ છીએ ત્યારે તે અગ્નિમય થઇ જાય છે વિચાર કરતા આવા અસખ્ય દૃષ્ટાન્તો આપણને મળી આવે છે આ સર્વ દૃષ્ટાન્તો ઉપરથી એક જ વાત સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે અને તે એ કે અત્યન્ત સારા પદાર્થના સમાગમમા આવવાથી હલકો પદાર્થ પણ ઉત્તમ થઇ જાય છે આ જ વિચારણા બ્રહ્મસબધના વિષયમા જોવામા આવે છે જીવાત્માનો અને તેની અહતા અને મમતાના વિષયભૂત પદાર્થોનો જ્યારે બ્રહ્મ સાથે સમર્પણરૂપે સબધ થાય છે ત્યારે તેમના સર્વ દોષો જતા રહે છે અને બ્રહ્મની માફક નિર્દુષ્ટ રહે છે તેજોમય બ્રહ્મની સાથે જેવો સબધ થાય છે કે તરત જ તેજાપમા નાખેલા સુવર્ણની માફક જીવાત્મા અને અન્ય પદાર્થો તેજોમય જ બને છે અને નિર્દોષતા પ્રાપ્ત કરે છે આથી મનુષ્યમાત્રને દોષરહિત કરી પવિત્ર બનાવવાની બ્રહ્મસબધના સામર્થ્ય વિષે કોઇને પણ અસભાવના થશે નહિ, અને બ્રહ્મસબધથી જ સર્વ દોષોની નિવૃત્તિ થાય છે એ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા દરેકની બુદ્ધિમા ઉતરશે

આ બ્રહ્મસબધનો અધિકાર માત્ર ત્રણ જ વર્ણનો છે એમ નથી પરતુ સર્વનો છે મર્યાદા માર્ગમા તો ત્રણ જ વર્ણનો અધિકાર હોય છે અને તેથી સ્ત્રીઓ અને શૂદ્રોનુ સ્વતત્ર રીતે તેમા સ્થાન હોતુ નથી શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્ય પૂર્વે આ મર્યાદામાર્ગની રીત સર્વત્ર પ્રચલિત હતી અને તેથી સ્ત્રીએ અને શૂદ્રે પોતાના પતિદ્વારા પોતાનો ઉત્કર્ષ સાધવાનો હતો પણ આ સમયમા ત્રણ વર્ણના મનુષ્યોની એવી સ્થિતિ હતી કે તેઓ પોતાનો ઉદ્ધાર કરી શકે એમ ન હતા, તો પછી તેમના ઉપર આધાર રાખનારા શૂદ્રો અને સ્ત્રીઓનો ઉદ્ધાર કરવા તેઓ કેવી રીતે સમર્થ થઇ શકે ? કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ ઉપાસનામાર્ગ, ભક્તિમાર્ગ વગેરે

પરમાત્માને મેળવવાના માર્ગો તે સમયે હતા, પણ તે સમયના મનુષ્યોની સ્થિતિ એવી હતી કે બધા માર્ગોમાથી એક પણ માર્ગને બરાબર રીતે તેઓ અનુસરી શકે નહિ સમય અને સ્થલ પણ ઘણા પ્રતિકૂલ હતા આવી વિષમ સ્થિતિમા ત્રૈવર્ણિકને પોતાનો ઉદ્ધાર કોઇ પણ રીતે થવાનો નથી એમ જાણી ખેદ થાય એ સ્વાભાવિક છે જ્યા ત્રૈવર્ણિક પુરુષોની જ આવી સ્થિતિ હોય ત્યા તેમની મદદથી જ તરી શકનાર સ્ત્રી અને શૂદ્રનુ તો શુ જ કહેવુ ? સમય એવો પ્રતિકૂલ હતો કે કર્મમાર્ગના યાગાદિને માટે શુદ્ધ સ્થલ, પદાર્થ વગેરે અપેક્ષિત વસ્તુઓ પણ મળી શકતી નહિ શુદ્ધ જ્ઞાન આપનાર ગુરુઓના અભાવથી જ્ઞાનમાર્ગનો પણ લાભ લઇ શકે એમ ન હતુ ઉપાસના અને ભક્તિનો વિવેક કોઇ જાણતુ ન હતુ અને ઉપાસનાને જ ભક્તિ માની સર્વ સતોષ માનતા ઉપાસનાના ઉપયોગમા આવતા મત્રોના અધિષ્ઠાતા દેવો પણ જાણે તિરોહિત ન થઇ ગયા હોય એમ મત્રોની બીલકુલ અસર થતી ન હતી. યોગમાર્ગ વગેરે સાધનો પણ સર્વથા છિન્નભિન્ન જ થઇ ગયા હતા આવી સ્થિતિમા મનુષ્યો બીચારા શુ કરે ? આ દયાજનક સ્થિતિ જોઇને કયા સત્પુરુષને દયા ન આવે ? ભગવાનને આ વસ્તુસ્થિતિ જોઇને પોતાના મુખરૂપ શ્રીમહાપ્રભુજીને ભૂતલ ઉપર પ્રકટ કર્યા અને શ્રાવણ શુક્લ એકાદશીની રાત્રિએ સર્વનો ઉદ્ધાર કરવાને સમર્થ એવા બ્રહ્મસબધની આજ્ઞા આપી અને કહ્યુ કે બ્રહ્મસબધથી જ મનુષ્યમાત્રનો, અરે સર્વ જીવોનો, ઉદ્ધાર થઇ શકશે શ્રીમહાપ્રભુજીએ આ સસ્કારનો પ્રચાર કરી અસખ્ય મનુષ્યોના ઉદ્ધાર કર્યો તેમા યવનો, શૂદ્રો, અને અતિશૂદ્રોનો પણ ઉદ્ધાર થઇ ગયો છે એમ સામ્પ્રદાયિક ઇતિહાસ સાક્ષી પૂરે છે બ્રહ્મસબધની આવી સર્વવ્યાપકતા અને સર્વોપયોગિતા દરેકને આશ્ચર્યચકિત કરી નાખે છે જેમ ખ્રિસ્તિમતમા ક્રાઇસ્ટને માટે Saviour of man–મનુષ્યના ઉદ્ધારક–કહેવામા આવે છે, જેમ શ્રીમદ્ભાગવતમા ભગવાનને માટે **सर्वोद्धारप्रयत्नात्मा कृष्ण प्रादुर्बभूव हि**–સર્વનો ઉદ્ધાર કરવાના પ્રયત્નવાળા શ્રીકૃષ્ણનો પ્રાદુર્ભાવ થયો–એમ કહેવામા આવે છે તેમ શ્રીમહાપ્રભુજીને માટે પણ આપણે વિના સકોચે કહી શકીએ કે આપશ્રી સર્વના ઉદ્ધારક છે, અને આથી જ બ્રહ્મસબધના સર્વ અધિકારી છે અને આજ ભાવનાથી **ब्रह्मसंबंधकरणात् सर्वेषां देहजीवयो सर्वदोषनिवृत्ति** એ ઉપદેશવચનમા **सर्वेषाम्** એ પદ પૂરી બ્રહ્મસબધની વ્યાપકતા સ્પષ્ટપણે દર્શાવી છે કેટલાક ટીકાકારો જુદી રીતે અન્વય લે છે પણ અમને તે સતોષકારક જણાતો નથી

સર્વ વસ્તુ ભગવાનને નિવેદન કરવા રૂપી બ્રહ્મસબધના સ્વરૂપનો, સર્વ દોષનુ નિવારણ કરી નિશ્ચિન્તતા આપવા રૂપી તેના પ્રયોજનનો અને ભગવત્સેવાનો અધિકાર મળવારૂપી તેના ફલનો આપણે વિચાર કરી ગયા હવે પ્રશ્ન એ થાય છે કે બ્રહ્મસબધ કર્યા પછી વૈષ્ણવના સદાચાર કેવા હોવા જોઇએ કે જેથી અમુક જીવને બ્રહ્મસબધ થયાનુ પ્રસત્ત અનુમાન થઇ શકે ? આનુ સ્પષ્ટીકરણ શ્રીમહાપ્રભુજીએ સિદ્ધાન્તરહસ્યમા કર્યુ છે આપશ્રી ઉપદેશ કરે છે કે જેણે બ્રહ્મસબધ કર્યો છે તેણે અસમર્પિત વસ્તુનો સર્વથા ત્યાગ કરવો કારણ કે જે પદાર્થો ભગવાનને સમર્પવામા નથી આવ્યા તે સદોષ હોય છે પદાર્થોના દોષની નિવૃત્તિ ભગવાનને સમર્પણ કરવાથી જ થાય છે એમ અનેક રીતે આપણે ઉપર સિદ્ધ કરી ગયા છીએ માટે જે પદાર્થ પ્રભુને સમર્પવામા ન આવ્યો હોય તે પદાર્થમા દોષો હોય છે આ દુષ્ટ પદાર્થ સાથે બ્રહ્મસબધ લીધેલા માણસનો સસર્ગ થાય, એ ઇષ્ટ નથી, કારણ કે તે દોષવાળા પદાર્થના સસર્ગથી તે માણસ પણ પોતાની નિર્દોષતા ગુમાવી દોષવાળો બને છે અને સેવાનો અધિકાર ખોઇ બેસે છે આ હેતુથી બ્રહ્મસબધ લેનારા માણસે પ્રથમ એ લક્ષમા રાખવાનુ કે જે વસ્તુ ભગવાનને નિવેદન કરવામા નથી આવી તે વસ્તુનો સબધ કોઇ પણ અગે રાખવો નહિ. તેથી જ શુદ્ધ વૈષ્ણવો કોઇ પણ પદાર્થનો ઉપયોગ કરતા પહેલા

ભગવાનને નિવેદન કરે છે અને ત્યાર પછી જ તેને પોતાના કામમા લે છે અર્થાત્ અસમર્પિત વસ્તુનો સર્વથા ત્યાગ એ બ્રહ્મસબધવાળા વૈષ્ણવનો પ્રથમ સદાચાર છે

બ્રહ્મસબધ લીધા પછી વૈષ્ણવનો બીજો સદાચાર એ છે કે કોઇ પણ લૌકિક અથવા વૈદિક કાર્ય જો તેને કરવાનુ પ્રાપ્ત થયુ હોય તો પ્રથમ પ્રભુને નિવેદન કરીને જ તે કાર્યનો આરભ કરવામા આવે છે, અન્યથા નહિ બ્રહ્મસબધ લીધેલા માણસોએ લૌકિક અને વૈદિક કર્મો કરવા જ એવો ભાર નથી પણ જો તે કર્મો કરવાના પ્રાપ્ત થાય તો પ્રથમ પ્રભુને નિવેદીને જ કરવા આમા નિયમાત્મક પરિસખ્યાનો ભાવ જ પ્રધાન છે જો આ પ્રમાણે કરવામા ન આવે તો જીવાત્માએ બ્રહ્મસબધથી મેળવેલી નિર્દોષતા જતી રહે છે અને ધર્મપતિત થાય છે તાત્પર્ય એ કે જે કાર્ય કરવુ હોય તે પ્રભુને નિવેદીને જ કરવુ આ બીજો સદાચાર છે

ભગવાનને સર્વ પદાર્થોનુ નિવેદન કરવાનો ઉપદેશ કરવામા આવ્યો છે સર્વ પદાર્થ એટલે ગમે તે પદાર્થ નહિ પણ જે પદાર્થનો ઉપયોગ કોઇએ કર્યો ન હોય અથવા તો જે પદાર્થનો વિનિયોગ કોઇ દેવ અથવા મનુષ્યમા થયો ન હોય એવો પદાર્થ અર્થાત્ જો કોઈ પદાર્થનો કોઇ બાળકે અથવા કોઇ મનુષ્યે જ્ઞાન દશામા કે અજ્ઞાનદશામા ઉપભોગ કર્યો હોય તો તે પદાર્થ પ્રભુને સમર્પવો નહિ ભગવાન્ સર્વના ઇશ છે, દેવોના પણ દેવ છે એટલે તેમને બીજા કોઇના ઉપયોગમા આવેલી વસ્તુનુ નિવેદન કરવામા આવતું નથી જેમ લોકમા એવી સામાન્ય મર્યાદા છે કે શેઠ પોતાના નોકરોનુ ઉચ્છિષ્ટ લેતો નથી, પતિ પોતાની સ્ત્રીનુ ઉચ્છિષ્ટ જમતો નથી તેમ સર્વના અધિપતિ ભગવાન્ કોઇનુ ઉચ્છિષ્ટ સ્વીકારતા નથી માટે બ્રહ્મસબધ લીધા પછી વૈષ્ણવોએ બીજાએ–માણસે, દેવે કે ગમે તેણે–ભોગવેલી વસ્તુનુ સમર્પણ પ્રભુને કરવુ નહિ આ એમનો ત્રીજો સદાચાર

સમર્પણ કરીને વૈષ્ણવોએ ભગવાનના સેવક તરીકે રહેવાનુ છે ભગવાન્ જ પોતાના સેવ્ય છે અને પોતે એમના સેવક છે એ ભાવનાનુ દઢ રીતે પરિપાલન કરવાનું છે જગતમા નોકરો શેઠને આજ્ઞાકિત રહે છે અને જે કાર્યથી શેઠ પ્રસન્ન થાય તે કાર્ય તેઓ હર્ષથી કરે છે અને શેઠની કૃપા મેળવવાને ભાગ્યશાળી બને છે. આ પ્રમાણે જ વૈષ્ણવોએ પ્રભુના દાસ થઇને રહેવુ અને જે કાર્યથી પ્રભુ પ્રસન્ન થતા હોય તે જ કાર્ય પ્રતિદિન કરવુ વળી શેઠના ઉપર જ સર્વ આધાર રાખવાથી જેમ નોકરને કોઇ પણ પ્રકારની ચિન્તા હોતી નથી તેમ ભગવાનને જ જેણે નિવેદન કર્યું છે તેને કોઇ પણ પ્રકારની ચિન્તા હોતી નથી આ પ્રમાણે પોતાના દિવસો અને આયુષ્ય ગાળવામા આવે તો ભગવત્કૃપાને માટે કોને સદેહ રહે? અર્થાત્ તે વૈષ્ણવ ભગવાનના પ્રસાદનો અલભ્ય અનુભવ સુખેથી કરે છે પ્રભુ જ સેવ્ય અને પોતે સેવક એ ભાવનુ પરિપાલન એ વૈષ્ણવોનો ચોથો સદાચાર છે

જેમ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ છે, જેમ ઋક્, યજુસ્, સામ અને અથર્વ એ ચાર વેદ છે તેમ અસમર્પિત વસ્તુનો ત્યાગ, સર્વ કાર્યમા સર્વ વસ્તુનુ, લૌકિક અને વૈદિકનુ પણ–પ્રારભમા સમર્પણ, સામિભુક્તનુ અસમર્પણ અને સેવ્યસેવકભાવ આ ચાર વૈષ્ણવોના મુખ્ય સદાચારો છે આ ચાર નિયત સદાચારોના પાલનથી બ્રહ્મસબધ સસ્કારમા કરવામા આવેલી પ્રતિજ્ઞા દઢ થાય છે, અને કોઇ પણ પ્રકારના દોષનો પ્રતિબધ નહિ આવવાથી જીવનપર્યન્ત નિરતર સેવાનો અધિકાર ભોગવાય છે

સામ્પ્રદાયિક ગ્રન્થોમા નિવેદનના ત્રણ પ્રકાર આપવામા આવ્યા છે તેમા જેઓએ પોતાના પ્રાણ શ્રીકૃષ્ણને જ અધીન કરી નિવેદન કર્યું છે તેઓ ઉત્તમ અધિકારી કહેવાય છે, જેમણે

ભગવાનનુ સ્વરૂપ, પોતાનુ સ્વરૂપ અને નિવેદનનુ સ્વરૂપ બરોબર સમજીને નિવેદન કર્યું છે તે મધ્યમ અધિકારી કહેવાય છે અને જેઓએ પ્રેમ અને જ્ઞાનથી રહિત હોવાથી કેવળ પુષ્ટિમાર્ગીય ગુરુના મુખેથી ગદ્ય અને પચાક્ષરનુ શ્રવણ કરી તેનુ ઉચ્ચારણ કરી નિવેદન કર્યું છે તે હીન અધિકારી કહેવાય છે આ રીતે નિવેદનમા ઉત્તમ, મધ્યમ અને હીન એવા ત્રણ પ્રકારો અને તેને અગે ત્રણ અધિકારીઓ જોવામા આવે છે આ ત્રણમા જે ઉત્તમ નિવેદન છે તે પ્રેમની ઉત્પત્તિ પછી થઇ શકે છે, મધ્યમ નિવેદન પુષ્ટિમાર્ગના ગ્રન્થોના અધ્યયન અને ગુરુના ઉપદેશથી થએલા જ્ઞાન પછી થાય છે અને તૃતીય નિવેદન પુષ્ટિમાર્ગના ગુરુએ કરેલા ગદ્ય અને પચાક્ષરના ઉપદેશ પછી થાય છે

અહી કોઇને શકા થાય કે ત્રણ પ્રકારના નિવેદનમા પહેલા બે પ્રકાર તો જાણે ઠીક છે, પણ જે નિવેદન અજ્ઞાન દશામા કરવામા આવ્યુ છે તેનુ ફલ શુ ? તે તદ્દન નિરુપયોગી જ છે આ શકાના સમાધાનમા જણાવવાનુ કે નિવેદન જ્ઞાનદશામા થયુ હોય કે અજ્ઞાનદશામા થયુ હોય તો પણ તેનુ ફલ તો નિવેદન કરનારને પ્રાપ્ત થાય છે જ આ સમજવાને માટે કેટલાક દૃષ્ટાન્તો લઇએ કોઇ એક બાલક છે તેનામા બહુ બુદ્ધિ ન હોવાથી તે દાન વગેરે કર્મોનુ સ્વરૂપ સમજી શકતો નથી આ સ્થિતિમા પણ જો તે બાલક પોતાના પિતાની આજ્ઞાથી દાનાદિ કર્મ કરે તો તે તેનુ ફલ અવશ્ય પ્રાપ્ત કરે છે દાનના સ્વરૂપનુ જ્ઞાન નથી છતા પણ દાનસકલ્પના ઉચ્ચાર માત્રે કરીને તે દાનનુ ફલ ભોગવે છે કોઇ મૂર્ખ, રોગી અથવા મરણપથારીએ પડેલો માણસ ધર્મનુ સ્વરૂપ સમજી શકતો નથી, છતા પણ જ્યારે તે અવસ્થામા તે ધર્મ કરે છે તો તેનુ ફલ તેને મળે છે એમ પુરાણાદિના અનેક દૃષ્ટાન્તો ઉપરથી માનવુ પડે છે શ્રીવિઠ્ઠલેશ પ્રભુ પણ ભક્તિહસમા **विधिमज्ञानता बालेन** વગેરે પક્તિઓમા આ ભાવનુ જ નિરૂપણ કરે છે તેથી પ્રેમ, જ્ઞાન-ભગવત્સ્વરૂપ, નિવેદનસ્વરૂપ એ સર્વનુ જ્ઞાન, કોઈ મનુષ્યને ન હોય અને નિવેદન કરવામા આવ્યુ હોય તો ગદ્ય અને પચાક્ષરમત્રના ઉચ્ચારણ માત્રથી જ તેનુ નિવેદન સિદ્ધ થઇ જાય છે અને તે પણ ફલ પ્રાપ્ત કરે છે, માટે અજ્ઞાનીઓનુ નિવેદન નિષ્ફલ છે એમ શકા કરવી નહિ

વળી કોઇને શકા થાય કે જ્યારે એક માણસ બ્રહ્મસબધ કરી સર્વ પદાર્થો ભગવાનને સમર્પે છે ત્યારે તે માણસના સ્ત્રી, પુત્ર, પુત્રી વગેરે કુટુબના માણસોનુ પણ નિવેદન થઈ જ જાય છે તો પછી તે સ્ત્રી, પુત્ર પુત્રી વગેરેને સ્વતત્ર નિવેદન કરવાની કોઇપણ પ્રકારની આવશ્યકતા નથી અને તેથી તેમણે નિવેદન ન જ કરવુ જોઇએ આ શકા સ્વાભાવિક છે, પણ તે સર્વથા સત્ય નથી તેનુ નિરાકરણ આ પ્રમાણે કરવામા આવે છે ઘરનો મોટો માણસ નિવેદન કરે છે એટલે તેના સબધીઓનુ પણ નિવેદન થઇ જાય છે અને તે સબધીઓ ભગવદીય કહેવાય છે કુટુબના માણસો ભગવદીય થયા છે છતા પણ એમનો દેહ, ઇન્દ્રિય, અત કરણ વગેરેમા જે અધ્યાસ છે તે નિવૃત્ત થએલો હોતો નથી અને તેથી કરીને તેમની બુદ્ધિ ભગવદીય થતી નથી, અને જ્યા સુધી બુદ્ધિ ભગવદીય થાય નહિ ત્યા સુધી એમનુ નામનુ નિવેદન નકામુ જ છે માટે દરેક માણસે પોતાનો અધ્યાસ દૂર કરી પોતાની બુદ્ધિને ભગવદીય બનાવવાને સારુ સ્વતત્ર રીતે નિવેદન કરવુ જોઇએ અને તેથી જ સમ્પ્રદાયમા પૃથક્ પૃથક્ નિવેદન કરવામા આવે છે નિવેદન સર્વને માટે છે એમ આપણે ઉપર સિદ્ધ કરી ગયા છીએ અને તે ઉપરાત એ જ ભાવનુ સમર્થન સપ્તમસ્કધમા નારદજીએ યુધિષ્ઠિરને સબોધીને કહેલા વચનોમા[1] જોવામા આવે છે એક જ માણસના નિવેદનથી તે

---

[1] सख्यमात्मनिवेदन कृष्णस्य परो धर्म सर्वेषा समुदाहृत इत्यादि

માણસના સંબંધીઓ ભગવદીય થઇ જાય એ વાદીનો મત એક ક્ષણ વાર આપણે સ્વીકારીએ તો પણ પૃથક્ નિવેદનમાં કોઇ પણ પ્રકારની હાનિ નથી, પણ વિશેષ લાભ છે જેમ જગતમાં **अधिकस्याधिकं फलम्** એ ન્યાયનો પ્રચાર જોવામાં આવે છે તેમ અહીં પણ માનવાનું છે કુટુંબના સંબંધીઓ ભગવદીય થયા હશે અને પાછું નિવેદન કરશે તો વધારે ભગવદીય થશે, એમાં શું જતું રહ્યું ? જેમ અર્જુન પોતે દેવપુત્ર હોવાથી પવિત્ર જ હતો છતાં પણ પોતાના પૌત્ર પરીક્ષિતની ભક્તિથી વધારે પવિત્ર થયો તેમ કોઇ માણસ ભગવદીય થયો હોય, છતાં પણ તે નિવેદન કરે તો તે વધારે ભગવદીય બને છે અર્થાત્ પૃથક્ નિવેદનમાં લાભ જ છે માટે દરેકે પૃથક્ જ નિવેદન કરવું

અન્ન આપનાર, ભયમાંથી રક્ષણ કરનાર, પત્નીનો પિતા વિદ્યાનું દાન કરનાર અને જન્મ આપનાર એ પાંચ પિતા ગણાય છે એમ પુરાણનું વાક્ય[1] છે આમાં વિદ્યાદાતાને પિતા તરીકે માનવામાં આવ્યા છે પતિ અને પત્ની એ બન્ને એક જ ગુરુ પાસેથી ઉપદેશ લે તો તે ગુરુ તે દંપતીના પિતા થાય અને તેથી તે દંપતી વચ્ચે પરસ્પર પતિપત્નીનો ભાવ ન રહેતાં ભાઇ બહેનનો ભાવ રહેવો જોઇએ અને જો આ પ્રમાણે થાય તો જગત્ ઉત્સન્ન જ થઇ જાય, માટે પતિ અને પત્નીએ એક જ ગુરુ પાસે ઉપદેશ ન લેતાં જુદા જુદા ગુરુઓ પાસે ઉપદેશ લેવો આ પ્રકારની કોઇને શંકા થાય તો તે શંકા અયોગ્ય છે શ્લોકમાં પાંચને પિતા કહેવામાં આવ્યા છે તેનું તાત્પર્ય એટલું જ કે એ બધા પિતાની માફક પૂજ્ય છે તેથી અન્ન આપનાર, ભયમાંથી રક્ષણ કરનાર, પત્નીનો પિતા અને વિદ્યાદાતા પિતાની માફક પૂજ્ય છે તેથી દંપતીને એક જ ગુરુનો ઉપદેશ લેવામાં ભાઇબહેન થઇ જવાનો પ્રસંગ આવતો નથી તે બેએ ગુરુને પિતાના જેવા પૂજ્ય ગણવા એજ ભાવ છે વળી એક સ્થલે[2] તો એમ પણ કહેવામાં આવ્યું છે કે દંપતીનો એક જ ગુરુ હોય તો વિશેષ ફલ મળે છે જો આ પ્રમાણે આપણે ન સ્વીકારીએ તો જગતમાં ઘણી અવ્યવસ્થા થઇ જાય ધારો કે એક દમ્પતીને એક જ માણસે અન્ન આપીને મોટું કર્યું હોય અને તે જ માણસે ભયમાંથી તેનું રક્ષણ કર્યું હોય અને જો તે માણસને ખરેખરો પિતા તરીકે જ ગણવામાં આવે તો તે દમ્પતીની વચ્ચે ભાઇબહેનનો સંબંધ થવો જોઇએ પણ જગતમાં આપણે એવું જોતા નથી માટે દમ્પતી જો એક ગુરુ કરે તો તેમાં કોઇ પણ પ્રકારનો દોષ નથી (અપૂર્ણ)

* * *

पुष्टिमार्गीय कीर्तनकारोने अलभ्य लाभ.

સંગીતકીર્તનમઞ્જરી—આ ગ્રન્થમાં પુષ્ટિમાર્ગીયપ્રણાલિકાનુસાર મઙ્ગલાથી આરમ્ભીને શયનપર્યન્તના, ઉત્સવોની વધાઇ હોરી વગેરે કીર્તનો હાર્મોનિયમમાં વગાડવા નોટેશન સહિત આપ્યા છે, તેમ જ ઠેકડ (પખવાજ) બનાવવાનું શિક્ષણ મળે તેની પણ સમજુતી ભિન્ન ભિન્ન ૩૦ રાગના ૮૦ નોટેશન તાલમાત્રાસહિત આપેલી છે ભિન્ન ભિન્ન કીર્તનોથી પૂર્ણ આ ગ્રન્થ સર્વમાં અદ્વિતીય જ છે ન્યોછાવર રૂ ૨—૦—૦ ટપાલ ખર્ચ ૦—૧—૦ જુદું લખો —

ભગવાનદાસ નારાયણદાસ કોટડાવાલા
મુ ધંધુકા (જીલ્લે અમદાવાદ)

---

[1] अन्नदाता भयत्राता पत्नीतातस्तथैव च । विद्यादाता जन्मदाता पञ्चैते पितरो नृणाम् ॥

[2] आचारो धर्ममार्गश्च गुरुर्मन्त्रश्च देवता । दम्पत्यपत्यभृत्येषु एकीकृत्य महत्फलम् ॥

॥ श्रीवल्लभ ॥

॥ अथ श्रीवल्लभगीतम् ॥

॥ अथ प्रथमसर्ग प्रारभ्यते ॥

श्रीमद्गोकुलमण्डनं वरतनुं कल्याणपाथोनिधिं
विघ्नौघोन्मदनागकुम्भदलनातिप्रौढसिंहाक्रमम् ॥
भक्तापत्तितमःसमूहहरणे श्रीसूर्यकोटिप्रभं
वन्देहं कमलाधवं द्विजवरं श्रीवल्लभं सत्प्रियम् ॥१॥
यो भक्तप्रियमादरेण कुरुते विन्दन्ति यं नामरा
येनैवापहृतं जनस्य कलुपं तस्मै नमो नित्यशः ॥
यस्मात्सौख्यपदं गता हि सुजना यस्यास्त्यनन्ता गति-
स्तस्मिन्मे मतिरस्तु गोकुलपतौ श्रीवल्लभे सर्वदा ॥२॥
नाहं काव्यविचक्षणः सुविमलाबुद्धिर्न मे स्वोद्भवा
नालङ्कारगतिर्न मे गणगतिर्नैवान्यदेवाश्रयः ॥
श्रीमद्गोकुलनाथ विठ्ठलसुत श्रीविप्ररूपाकृते
श्रीमद्वल्लभनाथ ते पदसरोजस्यास्ति वै मे वलम् ॥३॥
क्वाहं मन्दमतिस्तथाल्पविपयासक्तो मनुष्योप्यथ
क्वेदं क्षीरसमुद्रकस्य मथनं सद्रत्नकोत्पादकम् ॥
पङ्गुर्मेरुगिरेस्तु हीच्छति यथाप्युल्लङ्घनं मन्दधीः
श्रीमद्वल्लभवर्णनं खलु तथेतीच्छामि मोहाश्रितः ॥४॥
तथापि वै गोकुलनाथपादपङ्केरुहस्यातिवलं प्रगृह्य च ॥
तस्याज्ञया वल्लभगीतमुद्रसं करोति संक्षेपत एव माहवः ॥५॥

॥ अथ प्रथमप्रबन्ध कल्याणरागेण गीयते ॥

श्रीमल्लोलविलोचनलोकनलज्जितकोटिमनोजम् ॥
आनन्दितममराजभवादि विनम्य सुपादसरोजम् ॥१॥
नमामि श्रीवल्लभमेकरसं रमते सततं वै सरसम् ॥ध्रु०॥
श्रीगोकुलमण्डितललिताननहासविमोहितविश्वमजम् ॥
आनन्दाम्बुजमुखवचनामृतजीवितकलिग्रसिताखिलमनुजम्॥२॥
आजानुभुजयुगजनाभयदं शरणागतकालभयापहरम् ॥
सज्जनकलिमलतूलकदम्बसमग्रविदाहकरं नृवरम् ॥३॥
श्रीवल्लभकुलकुमुदावलिसुखराशिकरामलचन्द्रमसम् ॥
कोटिमदनवलदर्पहरं मधुराधरहासविलासरसम् ॥४॥
हीरकमणिगणजटितकुण्डलरुचिशोभितलोलकपोलवरम् ॥
कलिकालातिजनितभवतापजनामृतपूरकपद्मकरम् ॥५॥
वेदागम्यमनङ्गालयहृदयाम्बुजमद्भुतकेलिकरम् ॥
त्रिभुवननिरुपमविमलोदरहृतमानीनिमानसमतिमधुरम् ॥६॥
शीतलसुभगचरणकमलाश्रितवल्लभनिजसुखराशिमलम् ॥
निर्मलचामीकरवरकलेवररूपविमर्दितकामवलम् ॥७॥
मनुजाकृतिधारिणमतिललितं द्विजकुलमण्डनमङ्गनिवासम् ॥
मन्मथमन्मथललितगतिं चरणाम्बुजरक्षितमाहवदासम् ॥८॥
श्रीमद्वल्लभवारिधिं ह्यगणितानन्दोदकालंकृतं
    वागुर्मिं खलु मुक्तिशुक्तिममलोद्भूवाहुसद्भोगिनम् ॥
मुक्ताभक्तिमल हि मीननयनं चावर्तनाभिं नदी-
    भक्तश्रेणिममोघनामतरणं स्वस्मिश्चरन्तं भजे ॥१॥

अथ द्वितीयप्रबन्ध आशावरीरागेण गीयते।

असितचिकुरनिचयो घनचय इव मेरुशिखरस्थित एव कलम् ॥
पन्नगशिशुनिवहोमृतपानं कर्तुमिवागत उचितमलम् ॥१॥
श्रीगोकुलनाथामलवदने मङ्गलकनकघट इन्दीवरार्चित
इव नु विभाति मदनसदने ॥ध्रु०॥
सौभगसुन्दरशोभितहरिमन्दिरतिलकाञ्चितभालवरे ॥
तिलकमिषाखिलभित्तियशोयुगलामलरेख इवाघहरे ॥२॥
श्रुतिसहीरकचक्राकृतिकुण्डलयुगकिरणौघाधिकललिते ॥
चक्राकृतिकुण्डलमिषमनसिजमृगयुपाश इवाकलिते ॥३॥
कोटितरणिकिरणौघसुशोभितलोलकपोलजितमदनबले ॥
सहजविलाससुभ्रुकुटीभङ्गजितामरनरमनसिजपटले ॥४॥
चञ्चलनयनं दधति मदननृपमुक्तविशिखमिव केलिकरम् ॥
सौभगसुन्दरपङ्कजशीतलमतिचञ्चलझषरूपधरम् ॥५॥
पञ्चविशिखसुभगमदचञ्चलतारमधिकसुखदम् ॥
जेतुं विश्वमनङ्गनृपस्य हि गच्छत इव तूणीरमिदम् ॥६॥
चम्पककुड्मलसौभगनासे बिम्बोष्ठं च दधत्यमलम् ॥
कोटिकुसुमशरदर्पहरं वरताम्बुलरागार्चितसुकरम् ॥७॥
कोमलशीतलवागमृतपद्मास्यविमोहितपञ्चशरे ॥
आसेनायुतमनसिजगुहे दासमाह्वभवतापहरे ॥८॥

शतरविद्युतिभालसुपुण्ड्रको
जितरतिप्रियवाहिनीकोन्मदः ॥
प्रियतमो हि सतां खलु वल्लभो-
ऽतिशुभे शुशुभे क्षणकामदः ॥१॥

मधुरकोमलवागमृतार्णवोद्भवसदूर्मिसुमग्नझषध्वजः ॥
विजयते भुवि वल्लभवल्लभः सुमदनो मदनोन्मदलोचनः॥२॥
नयनपक्ष्मनिमेषविलासकः स्वजनमानसमन्मथमन्मथः ॥
हसितलोचनमारविलासवान् विमलकोमलकोकविलोचनः॥३॥

॥ इतिश्रीवल्लभगीते वदनवर्णनो नाम प्रथम सर्ग ॥

॥ श्रीगोकुलेश ॥

अथ द्वितीयसर्ग. प्रारभ्यते ॥

विशालभालपुण्ड्रकं सुचक्रहेमकुण्डलम् ।
लसत्सुनासिकाद्विजं सुविम्बशोभिताधरम् ॥
शुभास्यहास्यमण्डितं सुकामकेलिपण्डितम् ।
मनोज्ञवेषमालिनं भजामि वल्लभं वरम् ॥१॥

अथ प्रथमप्रबन्धो वसन्तरागेण गीयते ॥

सौभगकम्बुककन्धराभासिततुलसीदारुजमाली
रतिपतिपाशविलासधरामलगुञ्जास्रगधिकशाली ॥१॥
रेजे श्रीवल्लभोऽघहारी, श्रीयमुनाकलकूलश्रीगोकुलविविध
केलिकलारसधारी ॥ध्रु०॥
यस्योरःस्थलमाम्नायेन्द्रभवाजधराकमलाद्यविगम्यम् ॥
केलिकलारसकुशलकुसुमशरकेलिसदनममलाकृतिरम्यम् ॥२॥
रासरसे श्रीगोपवधूकुलकेलिकलारसपरिरम्भितम् ॥
कामसमुद्रतरङ्गसुसज्जितं त्रिभुवनरूपमलं ललितम् ॥३॥
कुसुमशरासननरपतिदुर्गमदुर्गमनेकविहारपरम् ॥
विशालसमुन्नतमोहितनरनारीजनमद्भुततापहरम् ॥४॥
त्रिभुवनसारं सुभगविहारं लज्जितमारं धर्मपरम् ॥
कम्बुसुचक्रायुधकुलचिह्नसुशोभितमद्भुतरूपधरम् ॥५॥

आजानुवाहुलताखिलनिजजननिर्भयदानकरोजस्रम् ॥
करकमलेन जनाभयकारी हरति जनाखिलपापतामिस्रम् ॥६॥
व्रजवनितोरोजोदकसम्भववासकरेण पुराप्यधुना ॥
कोटितराणि किरणामलहाटकहीरकजटितमुद्राङ्गुलिना ॥७॥
कलङ्कविमोचनबुद्धिसमागतकोटिशशाङ्कलसत्सुनखेन ॥
माहवदासकथितवचनेन सुखयतु हरिरिहं रसिकमनेन ॥८॥
भुजगराजसुशोभितसद्भुजस्तरलवारिजगर्भलसत्करः ॥
विजयते हरिवल्लभ इष्टदः करतलो रतलोकशुभेष्टदः ॥१॥
तुलसीमालं कमलागारं स्वजनाधारं विमलाचारम् ॥
सुगुणापारं विजितामारं वल्लभराजं नौमि सदाहम् ॥२॥

अथ द्वितीयप्रबन्ध कल्याणरागेण गीयते ॥

स श्रीवल्लभ एव सुसरसम् ॥ सज्जनमानसहंसोनलसम् ॥१॥
धर्मपरोयं रेजे हरिरिति खलु सदयम् ॥ ध्रु० ॥
भात्युदरे रोमावलिरमला ॥
लोकनलज्जितत्रिभुवनकमला ॥२॥
मकरध्वजशररूपधरैव नु ॥
नाभिहृदयमिलिता रसधारैव नु ॥३॥
यमुना किमु किमुतामृतधारा ॥
मधुकरराजिरुत किमिय (१) रा ॥४॥
किमु स्मरनरपतिनिःसरणीयम् ॥
किमुताखिलरसमर्यादेयम् ॥५॥

---

१ 'हरिरिति' इत्यपि पाठ ।

किमुत मदननृपविजयध्वजेयम् ॥
किमनङ्गशासनयष्टिरियम् ॥६॥[1]
वभूव न निर्धारयितुं कोपि ॥
शक्तो हि माहवदास एकोपि ॥८॥

यस्योदरान्तं न ययुः सुरेशमुनीशपद्मासननारदादयः ॥
वेदा अथापीतरयोगसिद्धाः स गोकुलेशोयमलं विरेजे ॥१॥
सुकान्तश्च स्वभक्तानां दुष्टानामथ दुःसहः ॥
व्रजसीमन्तिनीनाथो वल्लभोयं विराजते ॥२॥
श्रीवल्लभोदरे भाति रोमावलिरिन्दिरान्विता ॥
ससेनस्यैव कामस्य किमु मार्गस्य पद्धतिः ॥३॥

इतिश्रीवल्लभगीते रोमावलिवर्णनो नाम द्वितीय सर्ग ॥

* * *

॥ श्रीवल्लभ ॥

अथ तृतीयसर्ग प्रारभ्यते ॥

जगद्विमोहातिमनोज्ञवेषो जगत्त्रयेशो द्विजराजवेषः ॥
स्वभक्तपद्माकरतारकेशो विराजते गोकुलनाथ एषः ॥१॥

अथ प्रथमप्रबन्धो नटनारायणरागेण गीयते ॥

त्रिभुवनसारो जगदाधारो लज्जितमारो धरणितले ॥
नृवराकरो वेदविचारो लीलापारोप्यतिविमले ॥१॥
श्रीवल्लभ इति रेजेमलं येन विमोहितं भुवनमलम् ॥ध्रु०॥
यद्धृदयं हि सदा सदयं श्रीरमणालयमेकरसेन ॥

---

[1] सप्तम श्लोकस्त्रुटित ।

मनसिजपाशमिव धृतमुपवीतं कामनृपचापमौर्वीकेमजेन ॥२॥
उपवीतं गर्वरोमावलिरविजागङ्गासरस्वतीवेण्याभिरामम् ॥
ॐकारावर्तोन्नतममलं नाभिं दधानो मूर्च्छितकामम् ॥३॥
मकरध्वजनृपरमणागार किमु किमुत स्मरकेलिरसकोशम् ॥
किमुतोदरनदवेगावर्तं सुभगोदररससरोभववेपम् ॥४॥
रतिपतिमृगपतिगुहामुत किं वा किमुत कुसुमशरमृगयुपाशम् ॥
मनसिजगमनागमनद्वारं किमु किमुताखिललक्ष्मीवासम् ॥५॥
विमलयशोऽद्भुतसितसूत्राङ्कवरप्रावारमाली मनोहरम् ॥
लज्जितमृगपतिकटितटधारी सुनितम्बशाली सुखकरम् ॥६॥
सितसूत्राम्बरपरिधनकारी लज्जितरम्भोरुद्वयधारी ॥
मनोहरजानुसुवर्तुलजंघी त्रिभुवनजनकुलमङ्गलकारी ॥७॥
मनसिजयानसुभगमकरामलचिह्नसुवक्षो मनोहारी ॥
माहवदासमनोहरवेषो वल्लभरसिकजनाभयकारी ॥८॥
स्मरनिवाससुनाभिमनोहरो विजयते खलु वल्लभवल्लभः ॥
मदनमोहविलासगतिः प्रियहरिजनोरिजनोरसि तापकृत् ॥१॥

॥अथ द्वितीयप्रबन्धो मेघमल्हाररागेण गीयते॥

कमलोदरदलशीतलममलम् ॥ सुन्दरसौभगदूषितकमलम् ॥१॥
श्रीवल्लभवल्लभचरणं भजे महाखिलमङ्गलकरणम् ॥ध्रु०॥
गोपसीमन्तिनीहृदयालिङ्गितम् ॥
लक्ष्मीकुचभूषणमतिललितम् ॥२॥
वृन्दावनगोगणकृतगमनम् ।
रसिकजनाखिलतापविशमनम् ॥३॥

---

१ 'मौगार्वीकम्' इति पाठस्त्वशुद्ध ।
२ 'गुह्य' इत्यपि पाठ किन्त्वशुद्ध ।
३ 'सूत्राम्बरप्रावार' इत्यपि पाठ शुद्धश्च ।

योगतपोध्वरदानागम्यम् ॥
शेषसुरेशभवादिविनम्यम् ॥४[1]॥
विद्रुमकिशलयकोमलसुतलम् ॥
पद्माङ्कुशध्वजचिह्नसुविमलम् ॥६॥
अङ्गुलिनखरुचिजितशतचन्द्रम् ॥
निरुपमममलं जनकृतभद्रम् ॥७॥
चञ्चलमकरध्वजकृतवासम् ॥
लोकनमोहितमाहवदासम् ॥८॥
भातीह तीव्रामलपञ्चवाणनिवासमेकान्तजनातिगम्यम् ॥
लक्ष्मीनिवासं रसिकातिगम्यं श्रीवल्लभाम्भोरुहपादयुग्मम् ॥१॥
सकलभुवनसारं लज्जितोन्मत्तमारं
चपलनयनतारं कोटिकामावतारम् ॥
निजजनपरिवारं कण्ठगुञ्जाप्तहारं
रसरसिकमपारं वल्लभं तं नमामि ॥२॥

॥ इतिश्रीवल्लभगीते चरणवर्णनो नाम तृतीय सर्ग ॥

॥ श्रीगोकुलेश ॥

अथ चतुर्थसर्ग प्रारभ्यते ॥

अत्याम्नायविचारी च वेददोहनतत्परः ॥
कृतोपवीतदामा च वल्लभोस्तु गतिर्मम ॥१॥

अथ प्रथमप्रबन्धो भैरवरागेण गीयते ॥

उत्तमकेलिकलारसमोदी ॥ अगणितसारो नित्यविनोदी ॥१॥
श्रीगोकुलनाथोखिलसुखकारी सततं रेजे निगमविहारी ॥ध्रु०॥

---

[1] पञ्चम श्लोकस्तुटित ॥

वचनायुधजितदुर्जनदण्डी ॥ ध्वंसितकपटीखलपापण्डी ॥२॥
वादाखिलजितबुधजनशाली ॥ मुखशुचिरुचिजितांशुमाली ॥३॥
वेदसुरक्षितमर्यादोलम् ॥ सज्जनचर्चितपादो विमलम् ॥४॥
निजजनमधुकरगीतो विमलम् ॥ शीतलचरणसरोजोतिकलम् ॥५॥
सद्गुणसागरपूरितदेही ॥ द्विजवरकर्मालङ्कृतो हि ॥६॥
त्रिभुवनपावनकीर्तिसुशाली ॥ यशोमलतिलकमनोहरभाली ॥७॥
वशी हि नित्यं स्वच्छन्दगामी ॥ धर्मरतो ननु माहवस्वामी ॥८॥

वेदवादजिताधर्मिदण्डिस्वामी बुधेश्वरः ॥
कृतानन्दयुता पृथ्वी स रेजे वल्लभोमलः ॥१॥

लसत्सुभालं नयनोद्विशालं सुकण्ठनालं खलु दुष्टकालम् ॥
स्वदासपालं तुलसीष्टमालं वन्दे रसालं द्विजराजवालम् ॥२॥

अथ द्वितीयप्रबन्धो भैरवरागेण गीयते ।

कीर्तिविमोहितसुरनरनागे ॥ पापण्डाधर्ममदगतरागे ॥१॥
श्रीगोकुलनाथे मम रतिरस्तु विमलगुणगाथे ॥ध्रु०॥
धर्मविरक्षणकृतदृढवचने ॥ तुलसीस्रक्तिलकामलवदने ॥२॥
वेदकथितनिजधर्ममर्यादे ॥ जितवरपण्डितपुष्टिविवादे ॥३॥
श्रीभागवतधृतवचनामोदे ॥ रसिकसुनिजजननित्यविनोदे ॥४॥
कलिफणिग्रसितसुरक्षितजीवे ॥ स्वयशसामोदितनरदेवे ॥५॥
श्रीगोवर्धनधरणसमर्थे ॥ मनसि विचारितशुचिश्रुत्यर्थे ॥६॥
यशसोज्ज्वलितत्रिभुवनलोके ॥ चरणाश्रितजनकृतगतशोके ॥७॥
श्रीगोकुलकृतनित्यविहारे ॥ निजजनमाहवप्राणाधारे ॥८॥

छन्दःसारं नरवरशुचिब्राह्मणेन्द्राकृतिं हि
विद्यासारं कमलनयनं कोटिकामावतारम् ॥
गुञ्जाहारं विमलतुलसीकाष्ठकण्ठाप्तमालं
वन्दे लीलाविविधरमणं वल्लभं श्रीनिवासम् ॥१॥

कामं स्वच्छयशः पवित्रितजगल्लोकं सुधर्मान्वितं
सत्योपेतमजस्रकालसदृशं श्रीविट्ठलेशात्मजम् ॥
ब्रह्मेशेन्द्रमुनीन्द्रगीतयशसं चामीकराङ्गश्रियं
वन्देहं मधुराननं नरवरं श्रीवल्लभं श्रीप्रियम् ॥२॥

यशस्तिलकभालश्च वेदवादविशारदः ॥
कीर्तिमालालसद्वक्षा रेजेलं वल्लभः सदा ॥३॥

॥ इतिश्रीवल्लभगीते यशोवर्णनो नाम चतुर्थ सर्ग ॥

॥ श्रीगोकुलेश ॥

॥ अथ पञ्चमसर्ग प्रारभ्यते ॥

धर्मरक्षणसद्देहधारिणं वेदधारिणम् ॥
वन्देहं कोटिकामाङ्गं वल्लभं जनवल्लभम् ॥१॥

॥ अथ प्रथमप्रबन्ध कर्णाटरागेण गीयते ॥

गायन्त्यमराद्य इति नित्यम् ॥ सत्कीर्तिं हि सदा जनचिन्त्यम् ॥१॥
श्रीवल्लभराजं नमाम्यानन्दितसुजनसमाजम् ॥ ध्रु० ॥
वेदा विधृता हस्ते येन ॥ धर्मसुरक्षणकृतसुपथेन ॥२॥
व्रजसीमन्तिनीमानसपाणिना ॥ कलिभवमत्तसुदुर्जनफणिना॥३॥

गोचारणवरगोपवेषधारिणा ॥ गोपवालकविविधसुखकारिणा ॥४॥
वृन्दावनकृतनरवेषेण ॥ दैत्यसमाजकृतशेषेण ॥५॥
इन्दीवरघननीलाङ्गेन ॥ अकलविहारेणात्मभवेन ॥६॥
स श्रीद्विजवररूपधरोयम् ॥ केन ज्ञातो नेति हि कोयम् ॥७॥
अकलितरूपो नित्यविहारी ॥ निजजनमाहवमङ्गलकारी ॥८॥

यो नन्दगेहे व्रजसुन्दरीणां
कामावतारो नयनाभिरामः ॥
शिक्यस्थदध्यादिक चौर एव
श्रीवल्लभोयं रमते व्रजेशः ॥१॥

॥ अथ द्वितीयप्रबन्ध कल्याणरागेण गीयते ॥

संगीतसुकुशलगानो विमले ॥ रेमेलं सुकुसुमपरिमले ॥१॥
श्रीवल्लभ इति यमुनाकूले कूजत्सारसमिथुनमराले ॥ध्रु०॥
मयूरकोकिलचातकरावे ॥ गोकुलनाथजनितरसभावे ॥२॥
कदलीसहकारशोभितपत्रे ॥ विकसितसुभगविविधशतपत्रे ॥३॥
शीतलमन्दसुरभिशुचिपवने ॥ शोभालोकनलज्जितभुवने ॥४॥
प्रफुल्लितवकुलकदम्वतमाले ॥ कामनृपनखरुचिकिंशुकजाले ॥५॥
कामकलारसरसिकवसन्ते ॥ गुञ्जन्मधुकरपटलसुललिते ॥६॥
पञ्चविशिखनृपशोभितसेने ॥ नित्यानन्दयुते शुभविपिने ॥७॥
सुखयतु रसिकजनं कलगीतम् ॥ माहवभणितमिदं मधुललितम् ॥८॥

ललितकमलमाले कोकिलाकेकिहंस—
पिकमधुकररावेत्युन्मदानङ्गभावे ॥

त्रिगुणललितवाते यामुनीयोपकण्ठे
विहरति सततं श्रीविल्लभो वल्लभेशः ॥१॥
श्रीमद्गोगणवल्लभश्च सततं श्रीवल्लभावल्लभः
श्रीमद्गोकुलवल्लभश्च सततं श्रीभानुजावल्लभः ॥
श्रीमद्विट्ठलवल्लभः शुभमतिः श्रीवल्लभः श्रीपतिः
श्रीमद्भानुसुतातटे हि रमते सौख्य द्विजात्याकृतिः ॥२॥

॥ इतिश्रीवल्लभगीते यमुनोपकण्ठवर्णनो नाम पञ्चम सर्ग ॥

॥ श्रीगोकुलेश ॥

॥ अथ पष्ठसर्ग प्रारभ्यते ॥

॥ अथ प्रथमप्रबन्धो धन्याश्रीरागेण गीयते ॥

चलति खलु मेरुगिरिरचलनगराजपतिरमरभवनं सरति
भववास एव ॥
त्यजति खलु मेदिनीभारमथ फणिधराधीश्वरोप्यथ तदा शेप एव[1] ॥१॥
चलतिमधुरतरपथ्यवचनमलमुदारं श्रीवल्लभस्येति यदि
मधुरतरभापिणो द्विजवराधीश्वरस्यातिसारम् ॥ ध्रु० ॥
गच्छति खलु तदा मेदिनी गतबला वेपमानाङ्गयुक्ता रसान्तम ॥
कूर्मराजो भवति निर्बलो बलधनो मेदिनीभारपृष्ठो नितान्तम् ॥२॥
त्यजन्ति खलु सागरा अतुलबलधारिणोप्यखिलधनवारिणो
विगतसत्त्वम्[2] ॥
धर्मगतबुद्धयो विगतमर्यादा इह तदा मानिनोप्यविकसत्त्वम् ॥ ३ ॥
नारायणवरवदनपङ्कजभवसाङ्गवेदा भवन्ति हि तदालं विगतसाराः ॥
भवति वायुरपि गतगतिरुग्रबलतस्तदागतकुकीलः ॥४॥

---

[1] 'तदा शेपमेव' इत्यपि पाठ ।

[2] 'विगततत्त्वम्' इत्यपि पाठ

नो रवेरुदय इति भवति रुचिमलिनोत्युग्रधर्मप्रवृत्तेस्तदा हि ॥
अचलपदमागतो ध्रुव एव निश्चलश्चलति विवशं तदा[1] सदनतो हि ॥५॥
भवति धर्मस्य नाशोथ सुखकारिणो विश्वपूज्यस्य तु खलु तदास्य ॥
ब्राह्मणश्वपचयोरैक्यमेवाशु खलु भवति शास्त्रस्य नाशश्च तस्य ॥६॥
धेनवो विगतदुग्धा भवन्ति हि तदा नष्टमेतत्पुराणं भवत्येव ॥
इन्द्रशासनरतो मेघ एव तदा हि वर्षति नो भुवि सुजलमेव ॥७॥
भवति दुःखिततरं त्रिभुवनं गतबलं धर्मरहितं तदात्युग्रतापम् ॥
श्रीवल्लभयशो माहवोदितमिदं स्वजनमानन्दयतु विगतपापम् ॥८॥

धर्मो नष्टो भवति हि तदा दुःखिता लोक एव
वृक्षा नैवोत्तमरसयुताः सत्फलास्ते भवन्ति ॥
नद्यौघो वै विगतसुगतिः सम्भवत्येव तत्र
वन्द्यं धर्मं त्यजति हि यदा वल्लभो गोकुलेशः ॥१॥

अथ द्वितीयप्रबन्धो मेघमल्हाररागेण गीयते ।

यौवनगर्वितसौभगदेहा ॥ चपलालम्बितसज्जनगेहा ॥१॥
हे श्रीवल्लभ कीर्तिरियं दधति ते वपुरतिकमनीयम् ॥ध्रु०॥
सदसि तवैव त्वरयागता ॥ नम्रास्येनं[2] त्वयावगणिता ॥२॥
ततो गता सा गर्वभरेण ॥ त्वरया युक्ता रोषभरेण ॥३॥
दुर्जनहृन्मर्यादां भित्वा ॥ नृगसागरदिग्युल्लङ्घनं कृत्वा ॥४॥
ब्रह्मेशेन्द्रसभां हि प्रविष्टा ॥ तेषां मनसि जाता तिष्ठा ॥५॥
नागवरुणसंघेऽथ गता ॥ स्तुतिवचनैस्तैरतिमानिता ॥६॥
चपला मोहितत्रिभुवनलोका ॥ सानन्दा सुगुणा गतशोका ॥७॥

---

[1] विरशस्तदा' इत्यपि पाठ ॥
[2] 'नम्रास्या न' इत्यपि पाठ ॥

माहवभणितमिदं कलगीतम् ॥ सुखयतु सुजनं वेदातीतम् ॥८॥

विख्यातकीर्तिः शतकाममूर्तिर्यशोभिरामो नयनाभिरामः ॥
विप्रोग्रदेहो वरमाधवोहो रेजे भवो वल्लभराजदेवः ॥१॥
मालाभिरामस्तिलकाभिरामश्चक्राङ्करामः सुगुणाभिरामः ॥
देहाभिरामः स्वजनाभिरामः श्रीवल्लभो मे रमतां मनस्के ॥२॥

इतिश्रीवल्लभगीते कीर्तिवर्णनो नाम षष्ठः सर्ग ॥

॥ श्रीगोकुलेश ॥

अथ सप्तमसर्ग प्रारभ्यते ॥

कोटिकामकलाधीशः सत्कीर्तिकुलनन्दनः ॥
यशसोज्ज्वलितं विश्वं वल्लभः सोस्तु मे गतिः ॥१॥

अथ प्रथमप्रबन्धो मेघमल्हाररागेण गीयते।

तरुणीलक्षणगुणरसपूर्णा ॥ त्रिभुवनसंहनना सितवर्णा ॥१॥
कीर्तिरियं श्रीवल्लभ ते स्वेच्छातो भुवि दिवि विचरते ॥ध्रु०॥
अधुना दूतीस्वरूपं गता ॥ रमते भुवने मदगर्विता ॥२॥
आनयति परशोभारामाम् ॥ त्वद्गुणवर्णनपूरितकामाम् ॥३॥
वशीकृतसरमणप्राचीसावित्री ॥ अमितलक्ष्मीकमलजपुत्री ॥४॥
स्वेच्छागामिनी सुखकलवचना ॥ मोहिताखिलत्रिभुवनसुजना ॥५॥
रसाभूनाकविमोहितरामा ॥ हर्षितवदना पूरितकामा ॥६॥
किमुत हि मोहिनीरूपधरा ॥ ननु त्रिभुवनजनविधृतकरा ॥७॥
माहवदासभणितमतिललितम् ॥ सुजनं फलयतु वल्लभचरितम् ॥८॥

यस्यैव कीर्त्योज्ज्वलितं जगत्त्रयम्
विद्याधनस्याच्युतधर्मचारिणः ॥

---

१ 'शची' इत्यपि पाठ शुद्ध ।

लीलाद्विजातिप्रियदेहधारिणः
श्रीवल्लभोयं रमते सदा हि सः ॥१॥

अथ द्वितीयप्रबन्धो भैरवरागेण गीयते ।

देवनरनागानिति कथयति ॥ त्रिभुवनतापं खलु शमयति ॥१॥
कीर्तिस्ते श्रीगोकुलनाथ सुजनोच्चारितसद्गुणगाथ ॥ध्रु०॥
यशोदागेहे यो जातो हि ॥ स श्रीवल्लभ ईश्वरतो हि ॥२॥
चौरो नवनीतदधिदुग्धस्य ॥ स श्रीवल्लभ आत्तरसस्य ॥३॥
यो गोपीजनमङ्गलकारी ॥ स श्रीवल्लभो द्विजरूपधारी ॥४॥
गोपाङ्गजकृतक्रीडो निर्भयम् ॥ स श्रीवल्लभो रेमे सदयम् ॥५॥
बद्धो यो यशोदाकरदाम्ना ॥ स श्रीवल्लभो रेजे सुनाम्ना ॥६॥
नित्यं वासकृतगोपीधामा ॥ स श्रीवल्लभो वल्लभनामा ॥७॥
सुजनं सुखयतु माहवभणितम्॥वल्लभकीर्तिवचनमतिललितम्॥८॥

यो गोपीजनवल्लभो वरतनुर्नन्दप्रियालालितो
गोपाभिकृतिरेव गोपवनितौकोजातदध्यापणिः ।
आभीरान्वयनीरजातरजनीनाथो मनुष्याकृतिः
स श्रीवल्लभ एव विट्ठलसुतो रेजे भुवि प्राकृतिः ॥१॥

॥ इतिश्रीवल्लभगीते कीर्तिवर्णनो नाम सप्तम सर्ग ॥

॥ श्रीगोकुलेश ॥

अथाष्टमसर्ग प्रारभ्यते ॥

पुनरेव हि सा कीर्तिर्वल्लभस्य नराकृतेः ॥
जगाद भुवने लोकान्गोकुलशगुणान्सुखम् ॥१॥

द्वितीयप्रबन्ध कर्णाटरागेण गीयते ॥

येन कृतं गोचारणरमणम् ॥ दुःखितजनभवसागरतरणम् ॥१॥
श्रीवल्लभस्य गुणवर्णनकं कथयामि तस्य गतनरकम् ॥ध्रु०॥

वेणुवादेन कृतं कलगानम् ॥ श्रवणस्थगितानेकविमानम् ॥२॥
रासादिकरमणं हि कृतम् ॥ नित्यानन्दी वै सततम् ॥३॥
विविधरसलीलासुरतिना ॥ नागमनुष्यामरगणपतिना ॥४॥
ब्रह्मेशेन्द्रसेवितचरणेन ॥ सर्वानन्दपूरितसुजनेन ॥५॥
खलु सुरसिकजनभाग्योदयेन ॥ खलपापण्डिविगतदयेन ॥६॥
मनसिजत्रासदललितमुखेन ॥ चरणाश्रितजनदक्षसुखेन ॥७॥
स श्रीवल्लभो रमते विमलम् ॥ माहवकासुपतिरिति सुकलम् ॥८॥

पूर्णानन्दोदधिरिति सदा सद्गुणानां निधिश्च
माङ्गल्यानामुदधिरथ सद्धर्मकामोदधिश्च ॥
मर्यादानामुदधिरथ सद्रूपतेजोदधिश्च
विप्रावेशः खलु विजयते गोकुले गोकुलेशः ॥१॥

॥ अथ द्वितीयप्रबन्ध' देशाखरागेण गीयते ॥

व्यासपराशरनारदवन्द्ये ॥ त्रिभुवनमोहनरूपसुविद्ये ॥१॥
श्रीवल्लभे मतिरस्तु सदा कलुपस्नेहा न भवतु कदा ॥ध्रु०॥
यस्य द्वारपालोस्ति हि ब्रह्मा ॥ सद्विधृतवल्लभपरब्रह्मा ॥२॥
नारदो गानं करोत्यनिशम् ॥ तुम्बुरुयुक्तो हरिरससरसम् ॥३॥
सेवते नाकाधीशोनुदिनम् ॥ करधृतयष्टिः कलिमलशमनम् ॥४॥
सगणोमेशो भजते नित्यम् ॥ तदधीनः कुरुतेखिलकृत्यम् ॥५॥
आज्ञामुद्योतकारस्तनुते ॥ चन्द्रोमृतशैत्यं वै कुरुते ॥६॥
ऋतवः पट् सेवन्ते नित्यम् ॥ स्वोद्गुणयुक्ता विमलाः सत्यम् ॥
घोपसीमन्तिनीलोचनतारे ॥ निजजनमाहवप्राणाधारे ॥८॥

ब्रह्मादीनां च वेदानामिन्द्रादीनामुदारतः ॥
तं नमामि सदाराध्यं गोकुलेशं जगद्गुरुम् ॥१॥

सेवन्ति यस्याङ्घ्रिसरोरुहं सदामरेशकेशोरगकिन्नरादयः ॥
जगत्त्रयेशो वरगोपिकेश्वरो विराजतेयं भुवि गोकुलेश्वरः ॥२॥

॥ इतिश्रीवल्लभगीते गुणवर्णनो नामाष्टमः सर्ग ॥

॥ श्रीगोकुलेश ॥

॥ अथ नवमसर्ग प्रारभ्यते ॥

भवेन्द्रकादिवन्दितं सदैवमोदपूरितं
जनार्तिनाशकोत्सुकं स्वभक्तकामपूरकम् ॥
विशुद्धमुक्तिदायकं द्विजेन्द्रराजनायकं
सुशास्त्रवेदसागरं भजामि गोकुलेश्वरम् ॥१॥

॥ अथ प्रथमप्रबन्ध केदाररागेण गीयते ॥

कलिमलहारिणं जनसुखकारिणं श्रुतिस्मृतिधारिणं धर्मपरम् ॥
सौभगसुरतं जगति सततं पावनचरितं पापहरम् ॥१॥
श्रीगोकुलेशनाथं सत्यरतं भजेहं गुणसागरमविरतम् ॥ ध्रु० ॥
सज्जनरम्यं निगमागम्यं त्रिभुवननम्यं परमेशम् ॥
शुकादिस्तुत्यं श्रीगोकुले नित्यं वसन्तं सत्यं कमलेशम् ॥२॥
स्वाखिलसुखदं वल्लभकामदमदेयवरदं सत्सेव्यम् ॥
चलेक्षणतारं विप्राकारं जगदाधार देहदिव्यम् ॥३॥
सुगुणागारं संसारसारं लज्जितमारं भुवनेशम् ॥
सुरमणमजस्रं स्वमलतमोघ्नं कोटिरुचिसहस्रं घोषेशम् ॥४॥
जिताखिलदृपिडन मायावादखण्डिनं श्रीगोकुलमण्डनं हृषीकेशम् ॥
धर्मधुरंधरं कोटिकामसुन्दरं सुन्दरीमनोहरं सज्जनेशम् ॥५॥
भक्तचिन्तामणिं सुन्दरीमनःफणि दुर्जनान्तकृत्फाणिनं विशेषम् ॥
सदैव घोषवासं प्रमोदयुक्तहासं कृतेन्दिरानिवासं मनोज्ञवेशम् ॥६॥

स्वभद्रदानसदयं सुदुष्टदैत्यनिर्दयं पदागतकृताभयं किशोररूपिणम् ॥
सुगौरदेहदान्तं विलासिनीसुकान्तं दुर्जनकृतान्तं सुरूपधारिणम् ॥७॥
वशीकृतत्रिकालं सुहृद्विलम्बिमालं श्रीविठ्ठलेशवाल पूतकीर्तिम् ॥
माहवनायकं सुनेत्रमारसायकं समग्रसुखदायकं मनोज्ञमूर्तिम् ॥८॥

ताराणामधिपस्तु शीतकिरणो देवेश्वरो वै गुरु-
मेरुश्चाचलतस्तथोरगपतिः शेषोग्न्यधीशो रविः ॥
वृक्षाणामथ पारिजातकतरुस्कन्दस्तु सेनापतिः
सर्वेषामधिपः सदा विजयते श्रीवल्लभः सत्पतिः ॥१॥

अथ द्वितीयप्रबन्धष्टोडीरागेण गीयते ॥

सकलानन्दकलारसपूर्णम् ॥ निर्मलहाटकमोहदवर्णम् ॥१॥
भजेहं श्रीवल्लभचन्द्रं स्वजनपूरिताखिलसद्भद्रम् ॥ध्रु०॥
शीतलसौभगवचनामृतम् ॥ स्वच्छयशः किरणाललितम् ॥२॥
स्वज्ञात्युडुगणपरिशोभितम् ॥ शमितान्धकारपटलदुरितम् ॥३॥
सुरसिकसज्जनसंघचकोरम् ॥ शीतलसुभगरसाकरपूरम् ॥४॥
प्रफुल्लितत्रिभुवनजनौषधिम् उद्भवस्थलवल्लभकुलोदधिम् ॥५॥
निष्कलङ्क च तथैवास्तम् ॥ सद्गुणजीवितलोकसमस्तम् ॥६॥
नक्तंदिवाप्यतिरुचिमालिनम् ॥ सदाक्षयदेहमतिशालिनम् ॥७॥
माहवदासोदितमतिरुचिरम् ॥ सुखयतु रसिकजनं खलु सुचिरम् ॥८॥
कनकसुगौरं कामरसपूरममृतसुपूर्णं निर्मलसुवर्णम् ॥
सुजनचकोरं कीर्तिसुकिरणं तु खलु भजेहं वल्लभचन्द्रम् ॥१॥
गुणार्णवो गुणातीतो वल्लभो वल्लभाकृतिः ॥
व्रजेश्वरः कलानाथो वल्लभोयं विराजते ॥२॥

अथ तृतीयप्रबन्ध केदाररागेण गीयते ॥

तपोदानवरतीर्थयोगाम्नायकर्मवितानधर्मव्रतश्रेयसा न ॥
स्वाध्यायसन्न्यासान्यदेवतार्चनब्रह्मचर्यादिभिः प्राप्यते न ॥१॥
भजेहं सदा तं वरं गोकुलेशं कलिकलुषखण्डनं जनहृदयमण्डनं
मोदपूर्णं जगतामधीशम् ॥ध्रु०॥
हेमकुण्डलधरं सौख्यरत्नाकरं त्रिभुवनमोहदं श्रेष्ठदेहम् ॥
चललोचनतारकं जितभ्रुकुटीमारकं कोटिकामावतारं शुभेहम् ॥२॥
कण्ठोपवीतधारिणं स्वजनसुखकारिणं भवजलधिरत्नमेकं जनानाम् ॥
अखिलसुखदायकं पार्वतीनायकं सकलकल्याणराशिं जनानाम् ॥३॥
व्रजनारीकण्ठभूषणं जितसकलदूषणं निर्भय केलिकर्तारमीशम् ॥
रूपगुणनागरं रसिकसुखसागरं घोषसीमन्तिनीजीवितेशम् ॥४॥
व्रजवधूवल्लभं ब्रह्मादिदुर्लभं कोटिकन्दर्पलावण्यमाद्यम् ॥
वेदरसमण्डितं कामरसपण्डितं ह्रीन्दिरेशानकं जगति वन्द्यम् ॥५॥
विख्यातकीर्ति विशदकलमूर्तिं चलगमनमालिनं चारुवेषम् ॥
कोटिमदनाकृतिं ज्ञातजनसत्कृतिं स्वानन्दपूरितजनमशेषम् ॥६॥
श्रीविठ्ठललालितं रुक्मिणीपालितं लोकबालाकृतिमेकरूपम् ॥
अज्ञातकारणामिवाबुद्धिधारिणं निर्मलाखिलद्विजजातिभूपम् ॥७॥
श्रीभागवतसद्रूचिं सदा हृदये शुचिं मोहमायान्धकारोडुराजम् ॥
सुहृषीकेश्वरं माहवाधीश्वरं भक्तजनसौख्यराशिं किलाजम् ॥८॥
शुकसनकमुनीन्द्रसेविताङ्घ्रिसरसिजमैश्वररूपमादधानम् ॥
द्विजवरविमलाकृतिं किशोरं सततमहं हि भजामि गोकुलेशम् ॥९॥

अथ चतुर्थप्रबन्धो मारुरागेण गीयते ।

अनन्यतया भजनं क्रियते ॥ तदा श्रीवल्लभोयं प्राप्यते ॥

दुर्लभोयं ब्रह्माद्यखिलकृतविनयम् ॥ध्रु०॥
भवति हि भजने दृढता यस्य ॥ सलभोप्याचिरं स खलु तस्य ॥२॥
पादपा वातैश्चन्दना भवन्ति ॥ कीचकश्चन्दने गोपीशमेति ॥३॥
कृतं कृष्णाधरपीयूषपानम् ॥ नेतररसे मनो गच्छति नूनम् ॥४॥
चातको मेघ इव भवति विश्वासी ॥ तं मिलति श्रीवल्लभोविनाशी॥५॥
सदा किशोराकृतिरतिसरसम् ॥ सज्जनमानसहंसोलिरसम् ॥६॥
ब्रह्मजानारदगीतोतिकलम् ॥ वल्लभसुरसिकजनोखिलम् ॥७॥
माहवदासभणितमतिरम्यम् ॥ सुरसिकजनहृदि वसतु स्वगम्यम् ॥८॥
मुनिवरगीतं नयनसुशीतं कमलशुभास्यं रसिकरहस्यम् ॥
सुचपलनेत्रं स्वजनसुमित्रं व्रजपतिमीश भजत जनेशम् ॥१॥
जगत्त्रयादिमोहदं स्वसेवकातिमोददम् ॥
विलासिनीष्टसौख्यदं पदाश्रितातिकामदम् ॥२॥
सदर्थधर्मकप्रदं सुनामतोतिमोक्षदम् ॥
स्ववल्लभं सुसिद्धिदं भजामि विप्रमानदम् ॥३॥

इतिश्रीवल्लभगीते गुणवर्णनो नाम नवमः सर्ग ॥

॥ श्रीगोकुलेश ॥

अथ दशमसर्ग प्रारभ्यते ॥

स्वहृन्निवासं कमलविलासं ब्रह्माद्यगम्यं रसिकातिरम्यम् ॥
मनोज्ञवेपं खलु गोकुलेशं भजाम्यनीशं व्रजसुन्दरीशम् ॥१॥

अथ प्रथमप्रबन्धो मल्हाररागेण गीयते।

यस्य मुखं शतमारं जयते सुन्दरताजितचन्द्रमसम् ॥
सुद्युतिजितशतकिरणसहस्रं शीतलताजितकमलं सरसम् ॥१॥

भजेहं श्रीगोकुलपतिमीशं घोषसीमन्तिनीरमणमनिशम् ॥ध्रु०॥
दधानमसितसुचिकुरचयं मनसिजचामरमिव सुवरम् ॥
भाले यशस्तिलकं च दधानमूर्द्ध्वद्विरेखं हरिमन्दिरं तत् ॥२॥
रेखयोरन्तरे स्वाभाविका कस्तूरीरेखा च विरेजे ॥
रसमर्यादैव नु काममर्यादैव नु चागमनिगममर्यादा भेजे ॥३॥
रूपमर्यादैव नु गुणमर्यादैव नु सौभगमर्यादैव नु विमलम् ॥
पुरुषमर्यादा नु धर्ममर्यादा किमु वचनमर्यादा किमु सुकलम् ॥४॥
द्विजमर्यादा किमु भजनमर्यादा नु किमुत नु रमणमर्यादेयम् ॥
सुखमर्यादा किमु सुखदमर्यादा किमु तेजोमर्यादा नु सेयम् ॥५॥
प्रवाहमर्यादातिलकरेखयोरन्तर्गता किमु पुष्टिरियम् ॥
किमुत मनसिजमोहनवल्ली नु मनसिजराजाध्वपद्धतिरियम् ॥६॥
नाकनिजयकरणाय किमुर्द्ध्वमुक्तमदनवाणयष्टिरियम् ॥
कलिन्दगिरिमस्तकाधस्तीर्णा वल्लभवल्लभा किमु यमुनेयम् ॥७॥
किमु मनसिजनृपकौटिल्यवल्ली त्रिभुवनमोहनरूपधारिणी ॥
न ज्ञातेयं त्रिभुवनलोकैरमला माहवानन्दकारिणी ॥८॥
सुनेत्रे सुभालं मनोज्ञ सुरूपं तथेत्यूर्द्ध्वपुण्ड्रं च कस्तूरिकायाः ॥
स्वभावोद्भवं पुण्ड्रकं सन्विलोक्य मनो वल्लभस्यातिमोदं गतं मे ॥१॥
जितास्यकञ्जं रसिकोग्रपुञ्जं विशालनेत्रं रसिकातिमित्रम् ॥
सदा पवित्रं नगजाकलत्रं श्रीवल्लभं तं हि नमाम्यनन्तम् ॥२॥

॥ इतिश्रीवल्लभगीते वदनवर्णनो नाम दशम सर्ग ॥

॥ श्रीगोकुलेश ॥

॥ अथैकादशसर्ग प्रारभ्यते ॥

लक्ष्मीकान्तः कमलवदनः कोटिमारावतारो
विभ्राकारः समदमदनोद्वाहिनीश्रीहरास्यः ॥
चक्राकारस्मरमदहरश्रीधरकुण्डलश्री
सोयं भाति व्रजपतिरथो गोकुलेशः सदैव ॥१॥

॥ अथ प्रथमप्रबन्ध सारङ्गरागेण गीयते ॥

मनसिजहिन्दोलारूपहीरयुतहेमकुण्डलरुचिमण्डितगल्लम् ॥
मनसिजचापचपलभ्रुकुटीललितं मधुरमधुरं विमलम् ॥१॥
भजेहं श्रीवल्लभवदनं रूपशीतलसौभगरुचिसदनम् ॥ध्रु०॥
दधानं लोचनकमलं चपलं किमु रतिरतिपतिनर्तनकम् ॥
मनसिजपाशपतितझषयुगलं नु किमु पञ्चाशुगशिलीमुखयुगलम्॥२॥
त्रिभुवनजयचलितस्मरनरपतिचलझषयानयुगं किमु नेदम् ॥
कामसमुद्रवीचीपटल नु मुखचन्द्रमिलितचकोरयुगमिदम् ॥३॥
किमुत कुसुमपञ्चाशुगनरपतिनासानालिकगोलयुगम् ॥
किमु चामीकरपञ्जरार्पितशुकं जटितयुगलं चपलं खगम् ॥४॥
किमु नासाकीरपक्षकयुगलं त्रिभुवनविजयकृतदृढपणम् ॥
शफरध्वजनृपकेलिकलारसकुशलं सज्जनमनोहरणम् ॥५॥
किमु श्रीवल्लभवदनं वीक्ष्य भीतिरिति शंबरजयवेपनम् ॥
किमुतास्यामृतसरोवरजातं कमलयुगमलितारात्चपलम् ॥६॥
मुखपङ्कजमधुपानमत्तं नु मधुकरयुगलमतिचपलम् ॥

कोकगतिसरसं कामबलदलनं निजजनतापहरणकुशलम् ॥७॥
श्रीवल्लभचरणाम्बुजमकरन्दामोदालिमाहवभणितम् ॥
सुरसिकजनकण्ठाभरणं भवतु तरणं भवसिन्धोरमितम् ॥८॥

मनोहरास्यं नगजारहस्यं सुभ्रूविलासं कमलानिवासम् ॥
सुनेत्रबिन्दुं खलु वल्लभेन्दुं भजामि नित्यं रसिकातिचिन्त्यम् ॥१॥

विशाललोललोचनं भवोग्रदुःखमोचनं
सुचक्रचारुकुण्डलं मनोज्ञगल्लमण्डनम् ॥
कपोलपालिराजितं हि विठ्ठलेशलालितं
च घोषगोपिकावरं भजामि गोकुलेश्वरम् ॥२॥

इतिश्रीवल्लभगीते मदनवर्णनो नामैकादश सर्गः ॥

॥ श्रीगोकुलेश ॥

॥ अथ द्वादशसर्गं प्रारभ्यते ॥

मदनशतनिवासं सुन्दरभ्रूविलासं
तिलकुसुमसुनासं मोदितानेकदासम् ॥
सरसिजसुविकासं मारमोहाल्पहासं
नयनमदनपाशं नौम्यहं वल्लभास्यम् ॥१॥

अथ प्रथमबन्धो रामग्रीरागेण गीयते ।

चम्पककुड्मलललितसुनासम् ॥ विश्वविमोहनमदननिवासम् ॥१॥
श्रीगोकुलनाथममलरमणं भजामि सदा भवोदधितरणम् ॥ध्रु०॥
मेघनिचयवरदन्तसुशोभं कमनीयरसनादामिन्याभम् ॥२॥
हासकिरणा विमला दृश्यन्ते कुन्दपुष्पपीयूषयशांसि भजन्ते ॥३॥

कामपाशगुणा नु चन्द्रकिरणा नु तथा हि विभाति सुविम्बाधरो नु॥४॥
जितबन्धूकविद्रुमकिशलयो नु कामासनो वाङ्मर्यादो नु ॥५॥
कम्बुकण्ठोन्नतं हि मुखाम्बुजनालं अतिललितास्यं विभाति तथालम् ॥६॥
सरसभुजस्योन्नतहृदयस्य कामसरोवरोदररोमालिशोभस्य ॥७॥
चरणाम्बुजरजोरसे रतस्य जनमुदितं सुखयतु माहवस्य ॥८॥
सुतिलसुमनसोतिरम्यनासं घनघननीलरदं शुभास्यहासम् ॥
अतिविशदहृदब्जं दासवासं स्मरशतमध्यमहं भजाम्यजस्रम् ॥१॥

॥ अथ द्वितीयप्रबन्धो रामग्रीरागेण गीयते ॥

यस्योदरेमललक्ष्म विभाति सितेतरं वर्तुलाकारम् ॥
किमुदरामृतकलशे विचार्य विधिनार्पिता राजमुद्रा सुकरम् ॥१॥
मनो मे वसतु श्रीवल्लभराजे भवाजरमेन्द्रेण वाञ्छितचरणाब्जे॥ध्रु०॥
कुदृष्टिनिवारणमर्पितवान् वेधास्सुरूपे कज्जलविन्दुकम् ॥
वल्लभास्यहततेजाश्चन्द्रो नु किं सुन्दरमानसे करोति तपस्कम् ॥२॥
कामनृपहृद्दुर्गगमनसोपान दधाने त्रिभुवनजयकृतपणम ॥
शय्याभोजनशृङ्गारत्रिसंज्ञं त्रिवलिकं त्रिवेदधरणम् ॥३॥
त्रिशास्त्रागारं त्रिकालसत्यरूपं कामसमुद्रोदरजतरङ्गम् ॥
मनसिजरसद्विजवरस्वाग्ररसात्रितयमर्यादं मोहितानङ्गम् ॥४॥
उन्नतनितम्बोरुयुगलं च दधाने कामहिन्दोलास्तम्भम् ॥
जितपुलिनं सुजितकरिहस्तं जितकरभं जितसुन्दररम्भम् ॥५॥
यशोरूपं सितवस्त्रं शुभं वस्त्रपाशपतितमदनयानचिह्नम् ॥

वर्तुलजघने-विशदसुगुल्फे त्रिभुवनपावनकृतपणे नूनम् ॥६॥
जितपद्मचरणेप्यङ्गुलीललिते-मोहनचरणतलं दधतीदम् ॥
विद्रुमरागं कुंकुमशोभं ननु पल्लवहृताखिलमदम् ॥७॥
सरस्वती किमुत शरणागता तद्भीतिशरणागतो मदनो नु ॥
किमु व्रजसुन्दरीकुचकाश्मीरं कोमलशीतलजितविशचयं नु ॥८॥
संसारसारं स्वजनाधारं देवर्कीरमणमाहवभणितम् ॥
भवति रसिकजनकण्ठाभरणं वल्लभगुणहीरकजडितम् ॥९॥
योगध्यानवितानदानसुतपस्तीर्थव्रताम्नायकैः
सद्ब्रह्मव्रतधूमपानविमलाचारोग्रवैराग्यकैः ॥
पञ्चाग्न्याचरणादिकैर्न हि कदा यः प्राप्यते केवल
भक्त्या लभ्य इति श्रियाश्रितपदः श्रीवल्लभो राजते ॥१॥
सतामधीशं जगतामधीशं श्रीपार्वतीशं द्विजकावलीशम् ॥
धर्माग्रणीशं वचनाग्रणीशं वन्दे सुधीशं वरगोकुलेशम् ॥२॥
श्रीमद्वल्लभवंशमानसभवं सत्कर्मनालं वरं
सद्धर्मादिसुपुत्रकं वरयशः सत्कर्णिकारान्वितम् ॥
आत्मानन्दरसौघसत्परिमलं सद्वैष्णवालिश्रितं
तच्छ्रीवल्लभवारिजं गुणपरागं चापि भेजे ह्यहम् ॥३॥
श्रीपार्वत्यसुनायकः सुविमलो नीलाश्वके नित्यशः
स्थित्वा पुष्पसुचापदर्पदलनात्यालोल्लसत्कुण्डलः ॥
कर्तुं मज्जनकं हि भानुतनुजां तं वाजिनं नर्तयन्
गच्छत्येव निशाविहारजनितं हर्तुं श्रमं किन्विव ॥४॥

रत्रिप्रसूतां विविधं हि भोगकं समर्पणार्थं करपीठकासनम् ॥
गच्छत्ययं गोकुलनाथ एष तां विनेतुमुन्मानवतीमिवोत किम् ॥५॥

विद्यानिधिः कामकलानिधिश्च दयानिधिर्वागमृतोदधिश्च ॥
तेजोनिधिः सद्गुणकोदधिश्च विराजते वल्लभ एष घोषे ॥६॥

लसत्सिताम्वरप्रियोपवीतकण्ठवल्लभो—
र्ध्वपुण्ड्रकान्तिसुन्दरो रसेष्टदामशोभितः ॥
कामधामनाभिकावलीमनोजमोहनः
सदा वसत्वयं ममोरसीष्टदो हि वल्लभः ॥७॥

कल्याणार्णवमच्युताङ्घ्रिरुचिदं श्रीमद्रसौघान्वितं
संसारोदधिजप्लवं सुसरस श्रीनायिकावल्लभम् ॥
वाञ्छापूरकमाशु वल्लभवरानन्दप्रदं श्रीकरं
श्रीमद्वल्लभगीतमस्तु रसिकग्रीवाश्रितं भूषणम् ॥८॥

वल्लभोदरजातस्य नृहर्यात्मजतः सदा ॥
माहवस्योदितं भूयाद्दासकण्ठाग्रभूषणम् ॥९॥

॥ इतिश्रीवल्लभगीते श्रीगोकुलवासिमाहवविरचिते चरणवर्णनो नाम द्वादशः सर्ग

જન્મ થયુ પણ ભગવદિચ્છાથી ૧૯૭૨ મા તે હરિશરણ પામ્યો ૧૯૭૧ મા તેમણે ચંપારણ્ય ગેરે પવિત્ર સ્થળોએ યાત્રા કરી ૧૯૭૫ મા તેમને ત્યા એક બીજી પુત્રીનુ જન્મ થયુ. તેથી એક દિવસ પૂર્વે તેમના સસરા—શાસ્ત્રીજીના પિતા વે શા સ ગણપતિરામ કાનિદાસ–ભગવચ્ચરણારવિંદમા પ્રાપ્ત થયા મહાત્માને ગણપતિરામજીનો અંતકાળનો આશીર્વાદ અને પ્રભુસેવાનો અમૂલ્ય અધિકાર મળ્યો અને ત્યારથી તો તેમનુ જીવન પુષ્ટિમાર્ગના રંગથી વધારે રંગાયુ ગણપતિરામજીનો નિસ્સાધનતાનો ઉપદેશ મહાત્માના હૃદયમા બરોબર ઠસી ગયો અને તે જ ક્ષણથી શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઇજી, શ્રીગોકુલનાથજી અને શ્રીહરિરાયજીમા અને તેમના ગ્રન્થોમા તેમને અપૂર્વ વિશ્રામ અને રસ પડવા લાગ્યો તેમને ગુજરાતી, મરાઠી, વ્રજ, હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજી ભાષાનુ જ્ઞાન હતુ એટલે એ સર્વ ભાષામા લખાયલા સામ્પ્રદાયિક સાહિત્યનો લાભ લેવા તેઓ ચૂકતા નહિ સંવત્ ૧૯૭૮મા એક બીજા પુત્રનુ જન્મ થયુ પણ ૧૯૮૦ના ચૈત્રમા તે હરિશરણ થયો, જે પછી મહાત્માએ શ્રીનાથજીની યાત્રા કરી ૧૯૮૨ મા પ્રભુએ મહાત્માને તૃતીય પુત્રનુ દાન કર્યુ, પણ આ વખતે મહાત્માનુ શરીર બહુ અસ્વસ્થ થઇ ગયુ, અને પાંચેક માસની શાન્ત માંદગી ભોગવી ૩૭મે વર્ષે મહાત્મા હરિશરણ પામ્યા આ ત્રીજો પુત્ર પણ બે દિવસ પછી જ હરિશરણ થયો ભગવદિચ્છા આગળ આપણુ શુ ચાલે? તેમને પ્રજામા હવે બે પુત્રીઓ જ રહી

મહાત્માના સમાગમમા શ્રીમદ્ગોસ્વામીઓ, શ્રીમતી વહુબેટીજીઓ અને અસંખ્ય ગૃહસ્થ અને વિરક્ત વૈષ્ણવો આવી ગયા છે તે બધાને મહાત્માની નિર્દોષતા, સ્મિત કરતુ મુખ, તેમની વિનોદ કરવાની પ્રકૃતિ અને હૃદયની સરળતા વગેરે ગુણોનો અનુભવ થતો અને મહાત્માનુ મહાત્મા તરીકેનુ જીવન યાદ આવતુ હશે ગમે તેટલુ જ્ઞાન હોય ગમે તેટલુ તત્ત્વજ્ઞાન આવડતુ હોય, ગમે તેટલો ભગવલ્લીલાનો સિદ્ધાન્ત જાણતા હોઇએ તો પણ મહાત્માના હરિશરણ થયાના સમાચારથી અમારુ હૃદય અત્યંત ખિન્ન થયુ જ છે અને તેમા પણ શાસ્ત્રીજીને ઉત્તરાવસ્થામા આ દુ:ખ પડયુ છે એનો વિચાર કરીએ છીએ ત્યારે તો અમારા ખેદનો પાર પણ રહેતો નથી શાસ્ત્રીજી પોતે પરમ જ્ઞાની ભક્ત છે જગત લીલાવાદમા અપૂર્વ શ્રદ્ધાવાન્ છે એટલે તેમનામા તો કોઇ પણ પ્રકારનો ક્ષોભ જોવામા નથી આવતો ખરેખર, જે જ્ઞાન તેમણે પ્રાપ્ત કર્યુ છે તે તેમણે પોતાના જીવનમા કૃતાર્થ જ છે એમ અમને તેમના સમાગમથી લાગ્યા વગર રહેતુ નથી અને ભગવાને તેમને અપૂર્વ ધૈર્યનુ દાન કર્યુ છે એમ અનુભવ થાય છે લૌકિક દૃષ્ટિથી આ દુ:ખ ભારેમા ભારે ગણાય, છતા પણ શાસ્ત્રીજીના ચિત્તની શાન્તિ! પ્રભુ, તારા દાનનુ માહાત્મ્ય તો અનુભવીઓ જ જાણે! માત પુત્ર નિત્યલીલામ યપાની થઇ અલૌકિક રસનુ પાન કરે, એ જ અમારી પ્રભુ પાસે પ્રાર્થના છે

નરોત્તમ અધિકારીજી

ભરૂચમાં શ્રીમદ્ગોસ્વામી શ્રીમત્પ્રભુચરણના ષષ્ઠ પુત્ર શ્રીયદુનાથજીના વંશજ શ્રીદામોદરજી મહારાજનુ મંદિર છે જ્યા બડે શ્રીગિરિધરજીના સેવ્ય શ્રીનાથજી શ્રીસ્વામિનીજી સહિત બિરાજે છે, તેમજ શ્રીગુસાંઇજીના સેવ્ય શ્રીનવનીતલાલજી પણ બિરાજે છે ગોસ્વામિશ્રીદામોદરજીનો વંશ સમાપ્ત થયા પછી ઉક્ત મંદિરનુ સ્વામિત્વ મથુરાસ્થ શ્રીમદ્ગોસ્વામી શ્રીપુરુષોત્તમજીને પ્રાપ્ત થયુ અને તેઓશ્રીના લીલાપ્રવેશ પછી શ્રીકલ્યાણરાયજીને અને તેમના પણ લીલાપ્રવેશ પછી તત્પુત્ર શ્રીગોપાલલાલજીને થયુ કહેવાય છે કે શ્રીગોપાલલાલજીએ શ્રીબાલકૃષ્ણલાલજીના યવીયાન્ પુત્ર ચિ બાવા શ્રીવિઠ્ઠલનાથજીને ઉત્સંગમા—ગોદમા—લીધા છે આ મંદિરનો અધિકાર દશાલાડ વણિક નરોત્તમ

અંબાલાલ કરતા તેમનું જન્મ સંવત્ ૧૯૧૧ ના વૈશાખ શુક્લ દ્વિતીયાને દિવસે થયું હતું છોટા અધિકારીજી તરીકે સંવત્ ૧૯૩૦ માં ઉક્ત મંદિરમાં પ્રવિષ્ટ થયા અને ૧૯૮૨ના ચૈત્ર શુક્લ પૂર્ણિમા પર્યન્ત તેઓએ અધિકારી તરીકે સેવા કરી, એટલે કે મંદિરમાં તેઓએ અનવચ્છિન્ન બાવન વર્ષ પર્યંત અધિકારિત્વે સેવા કરી અધિકારીજી નરોતમ ગંગાલાલના ચૈત્ર શુક્લ પૂર્ણિમાના સાયંકાળે અવસાન પછી આ મંદિરમાં તેમની જગ્યા—તેમનો ગાદીતકીઓ—હમ્મેશને માટે જ વસ્તુત ખાલી છે યદ્યપિ પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્તના જ્ઞાતા નરોત્તમદાસજી ન હતા તથાપિ અધિકારીજી તરીકેની તેમની કાર્યદક્ષતાથી શ્રીપુરુષોત્તમજીને, શ્રીકલ્યાણરાયજીને, શ્રીગોપાલલાલજીને, ભરૂચના વૈષ્ણવોને અને ભરૂચના વ્યાપારી વર્ગને સર્વદા સંતોષ જ પ્રાપ્ત થતો ભરૂચના આ મોટા મંદિરના શ્રીનાથજીનો નેકભોગ બહુ જ ઉત્તમ છે, કારણ કે શ્રીદામોદરજી તથા તેમનો વંશ ભરૂચમાં આ જ મંદિરમાં સ્થિતિ કરતો, અને વૈષ્ણવ વર્ગમાં વ્યાપારીની સંખ્યા અત્યન્ત સ્વલ્પ હોવા છતાં પણ આ ઉત્તમ નેકભોગનો નિર્વાહ અધિકારીજી નરોત્તમદાસજી બહુ કુશલતાથી કરતા સામ્પ્રદાયિક સદાચારનો હ્રાસ સર્વત્ર જ દૃશ્યમાન થાય છે અને અતીવ શોચ્ય છે કે શ્રીગોપાલલાલજીના માતૃચરણે અને પત્નીચરણે ગયા બે ચાર વર્ષથી આ મંદિરના કુલ મુખત્યાર શ્રીરમણલાલજીના કહેવાતા વૈષ્ણવ પરંતુ વસ્તુત ભસ્મરુદ્રાક્ષધારી સ્માર્તાચારી યોગવાસિષ્ઠાદિદુર્ગ્રન્થના વાચક વૈશ્યને નિમીને તેમણે ભરૂચના ભાવુક વૈષ્ણવોને અતીવ અપ્રસન્ન કર્યા છે અમે ઇચ્છીશું કે મંદિરના કુલ મુખત્યાર તેમ જ મંદિરના અધિકારીજી પુષ્ટિમાર્ગીય જ વૈષ્ણવ નિમાય જેથી શ્રીઠાકુરજીનો સેવાપ્રકાર પુષ્ટિમાર્ગીય પદ્ધતિએ જ નિર્વહે અમારી આ સદાશા પ્રતિ લક્ષ નહિ આપવામાં આવે તો બહુ સ્વલ્પ સમયમાં મંદિરમાં સેવાકર્તાઓ તરીકે પણ સ્માર્તોને નવરાવવામાં આવશે, કારણ કે હાલ થોડા વર્ષ ઉપર જ એક દંડી માયાવાદી સંન્યાસી આચાર્યને મુંબઈના મોટા મંદિરમાં મિત્રત્વે છેક ચોક પર્યન્ત પ્રવિષ્ટ કર્યો હતો અને બહુ જ થોડા દિવસ ઉપર વડોદરામાં શ્રીદ્વારિકાધીશજીની બેઠકમાં માયાવાદી શંકરાચાર્યે પાસે વ્યાખ્યાન કરાવવામાં આવ્યું હતું !

× × × × ×

મુંબઈ, વડોદરા, અમદાવાદ વગેરે સ્થળોએ શ્રીમદાચાર્યચરણનો ઉત્સવ સારી રીતે ઉજવવામાં આવ્યો હતો અમદાવાદ ખાતે શાસ્ત્રી વસંતરામ હરિકૃષ્ણને અને શાહ સોમાલાલ મંગળદાસને સંપ્રદાયની જે કંઇ સેવા કરી હોય તે સેવા બદલ પુષ્ટિમાર્ગીય મહાસભા તરફથી માનપત્ર આપવામાં આવ્યું હતું મુંબઈમાં રા સુંદરલાલ મણિલાલ વકીલના બી એ એલ્ એલ્ બીનું ભાષણ મનનીય હતું તે ભાષણ આવતા અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે

ઉપકાર.

મગનલાલ ગણપતિરામ શાસ્ત્રી સ્વપત્નીના અને પુત્રના હરિશરણપ્રસંગે પ્રત્યક્ષ, તારથી વા પત્રથી આશ્વાસન આપનાર શ્રીમદ્ગોસ્વામીઓનો, વૈષ્ણવોનો, જ્ઞાતિબંધુઓનો, અને સ્નેહીઓનો ઉપકાર અંતઃકરણથી સ્વીકારે છે

गुजराती सभा
विठ्ठलभाई पटेल रोड
मुंबई ४

॥ श्रीकृष्णाय नम ॥
॥ श्रीगोपीजनवल्लभाय नम ॥
॥ श्रीमदाचार्यचरणकमलेभ्यो नम ॥

क्वेमा स्त्रियो वनचरीर्व्यभिचारदुष्टा कृष्णे क्व चैष परमात्मनि रूढभाव ।
नन्वीश्वरोनुभजतोविदुषोपि साक्षाच्छ्रेयस्तनोत्यगदराज इवोपयुक्त ॥

पुष्टिसुधा

પુસ્તક ૫ | સંવત ૧૯૮૨ જ્યેષ્ઠ શુક્લ ૧૫ | અંક ૯

વિષય	લેખક	પૃષ્ઠ
૧ પુષ્ટિપાદાનનિ	રા. નાનુભાઇ ગાંધી, એમ્. એ. એલ્. એલ્. બી.	૧-૭
૨ શ્રીમાન્ વલ્લભાચાર્યજી અને શ્રીમદ્ભાગવત	રા. સુન્દરલાલ વકીલના, બી. એ. એલ. એલ. બી.	૭-૧૫
૩ જગજીવનભાઇકૃત પદો,	રા. પરીખ	૧૫-૧૮
૪ સંવત્સરોત્સવનિર્ણય	વે. શા. સં. કલ્યાણજી શાસ્ત્રી	૧૯-૨૬
૫ પ્રાસંગિક નોંધ	રા. પ્રકાશક તંત્રી	

પરિશોધ્ધા
વે. શા. સં. મગનલાલ ગણપતિરામ શાસ્ત્રી
એમ્. એ., બિ. ઇ. એસ્., એમ્. રિ. સિ.,
એમ્. આર્. એ. એસ્. (બૉ.) પુના મિટિ

મુદ્રક
ગોવિન્દજી ડાહ્યાભાઇ નાયક
શ્રી 'અનાવિલ બન્ધુ' પ્રિ. પ્રેસ
બરાનપુરી ભાગોળ સુરત

તન્ત્રી
ગોવિન્દલાલ હરિગોવિન્દ ભટ્ટ એમ્. એ.
વડોદરા

પ્રકાશકતન્ત્રી
ઉજમશી બાપુજી કાપડીઆ બી. એ.
"પુષ્ટિસુધા" કાર્યાલય, ધંધુકા

વાર્ષિક ન્યોછાવર રૂ. ૨-૪-૦
છુટક અંકના ૦-૪-૦

પ્રાસંગિક નોંધ

દ્વિતીયગૃહતિલકાયિત શ્રીગોપેશ્વરલાલજી મહારાજે જ્યેષ્ઠ શુક્લ પ્રતિપદાને શુક્રવારે પુનામા નિત્યલીલામા પ્રવેશ કર્યો। આ હૃદયવેધક સમાચાર જાણી વૈષ્ણવસમાજને ખેદ થાય એ સ્વાભાવિક છે મહારાજશ્રી શાન્ત, વિદ્યાવિલાસી અને ઉત્સાહી હતા તેઓશ્રીએ ગામેગામ ફરીને પાઠશાળાઓ સ્થપાવી અને સામ્પ્રદાયિક જ્ઞાનનો પ્રચાર કરવામા સદા તત્પર રહ્યા તેઓશ્રી પોતે ઘણા સાદા અને સરલ સ્વભાવના હતા તેમનો વેષ પણ વૈરાગ્યસૂચક હતો આપણા સમ્પ્રદાયમા એવી એક માન્યતા પણ છે કે દ્વિતીયગૃહતિલકાયિત શ્રીગોવિંદજી વિરક્ત હતા આ વૈરાગ્યની ભાવના શ્રી હરિરાયજીમા સ્પષ્ટ રીતે જોવામા આવે છે આથી શ્રીગોપેશ્વરલાલજીમા પણ દ્વિતીયગૃહના એક લક્ષણતરીકે વિરક્ત ભાવના જણાય એ આશ્ચર્ય નથી સમ્પ્રદાયમા વિદ્યાવ્યાસંગી મહારાજશ્રીઓ પરિમિત સંખ્યામાજ વિરાજે છે અને તેમા પણ આ શ્રીગોપેશ્વરજીનો લીલાપ્રવેશ અસહ્ય થઈ પડે છે ભગવદિચ્છા માન્યા વિના પુષ્ટિમાર્ગીઓએ બીજું શું કરવાનું રહ્યું?

અંતમા અમે એવી આશા રાખીએ છીએ કે શ્રીગોપેશ્વરજીની પછી તેઓશ્રીની ગાદીએ વિદ્યાવિલાસી મહારાજશ્રી વિરાજે

× × ×

સમ્પ્રદાયનો વર્તમાન યુગ સાહિત્યપ્રકાશનનો છે એક વર્ષ પૂર્ણ થતું નથી એટલામા તો આપણા હાથમાં વિવિધ રસથી ભરેલી વાનીઓ પ્રાપ્ત થાય છે હમણા રા તેલીવાળાએ યોગી ગોપેશ્વરજીની રશ્મિ સહિત સપ્રકાશ અણુભાષ્યના તૃતીય અધ્યાયનો પ્રથમ પાદ નિર્ણયસાગર પ્રેસમા મુદ્રિત કરી પ્રસિદ્ધ કર્યો છે પ્રારંભમા અણુભાષ્યની સામાન્ય ચર્ચા કરતો અંગ્રેજીમા પંદર સોળ પાનાનો ઉપોદ્ઘાત આપવામા આવ્યો છે બીજા ભાગો પણ આજ પ્રકારે મુદ્રિત કરી સત્વર પ્રસિદ્ધ થાય એજ અમારી સદાશા ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્ર સફલ કરે

બીજો ગ્રન્થ સુરતના મોટા મંદિરમાથી પ્રસિદ્ધ થયો છે તે શ્રીપુરુષોત્તમજીની દીપિકા સહિત શ્રીનૃસિંહોત્તરતાપિન્યુપનિષત્ છે બે વર્ષ પહેલા આજ મંદિર તરફથી શ્રીપુરુષોત્તમજીની વ્યાખ્યા સહિત માણ્ડૂક્યોપનિષત્ પ્રસિદ્ધ થયું હતું સમ્પ્રદાય ઉપર એવી એક ટીકા કરવામા આવે છે કે સમ્પ્રદાયમા ઉપનિષત્ ઉપર કોઈ સાહિત્ય નથી આ ટીકાને નિરાધાર કરવાને માટે દેવર્ષિ શ્રીરમાનાથ શાસ્ત્રીનો આ પ્રયાસ સ્તુત્ય અને અનુકરણીય છે નૃસિંહોત્તરતાપિનીમા જે જે કેટલીક અશુદ્ધિઓ રહી ગઈ છે તે બીજી આવૃત્તિમા દૂર કરવામા આવે તો ઠીક

ત્રીજો ગ્રન્થ સર્વસાહિત્યસમેતશ્રીવેણુગીતસુબોધિનીજી છે જેવો વિષય ઉત્તમ છે તેવુંજ આ ગ્રન્થનું કાર્ય છે સુબોધિનીના વાચકોને શ્રીવેણુગીત ઉપર સર્વ સાહિત્ય એકત્ર મળવાથી નિરતિશય આનન્દ થાય એમા આશ્ચર્ય નથી થોડા દિવસ પછી આ વેણુગીતસુબોધિનીનું ભગવચ્છાસ્ત્રનિષ્ણાત શાસ્ત્રીજી મગનલાલે કરેલું ગુજરાતી ભાષાન્તર પણ પ્રસિદ્ધ થશે

विट्ठलभाई

પુષ્ટિપાઠાવલિ.

(રા. રા. નાનુભાઈ ગાંધી)

પાઠ ૩ ભગવાન્ (ચાલુ)

ભગવાન્ સચ્ચિદાનદરૂપ છે આ પ્રપચમા જડ જીવ અને અન્તર્યામીઓ છે. તેમા જડોમા ભગવાનનો "સત્" અશ પ્રધાન છે જીવોમા ભગવાનનો "ચિદ્" અશ પ્રધાન છે, અને અન્તર્યામીઓમા ભગવાનનો "આનદ" અશ પ્રધાન છે ભગવાન્ વ્યાપક પણ છે વ્યાપક એટલે સર્વત્ર વિદ્યમાન કોઈ સ્થલ એવુ નથી કે જ્યા ભગવાન્ ન હોય ભગવાન્ અવ્યય છે, અવિનાશી છે ભગવાન્ અવિકારી, સર્વશક્તિમાન્ અને સર્વજ્ઞ છે એમ પાઠ ૨ મા આપણે જોયુ છે

ભગવાન્ સ્વતત્ર પણ છે જેનામા અનત શક્તિ અને નિરવધિ જ્ઞાન હોય તે સ્વતત્ર હોવાજ જોઈએ તેથી જ ભગવાન્ સર્વને વશ રાખનાર, સર્વના ઈશ અથવા શાસ્તા છે વળી ભગવાન્ સર્વપ્રાકૃતગુણરહિત છે ભગવાનમા કોઈ પ્રાકૃત ગુણ નથી વળી ભગવાન્ સજાતીય, વિજાતીય તથા સ્વગત ભેદથી રહિત છે સજાતીય એટલે જીવ, વિજાતીય એટલે જડ અને સ્વગત એટલે આનદાશપ્રધાન અન્તર્યામીઓ જડ, જીવ, અન્તર્યામી વિગેરેથી દેખાતા ભેદો ભગવાનમા નથી, કારણ કે જડ, જીવ અને અન્તર્યામી ત્રણેમા ભગવાન્ અનુસ્યૂત છે ભગવાન્ પોતેજ એ ત્રણે થયા છે તેથી સજાતીય, વિજાતીય અથવા સ્વગતના એટલે, જીવ, જડ તથા અન્તર્યામીઓના ભેદ ભગવાનમા નથી *

ભગવાન્ સર્વ પ્રાકૃત ગુણથી રહિત છે એમ કહ્યુ ભગવાનમા પ્રાકૃત ગુણ કોઈ નથી, પરતુ ભગવાનમા સર્વ અપ્રાકૃત ગુણો છે સત્ય, શૌચ, દયા, ક્ષાન્તિ, ભક્તવત્સલત્વ વિગેરે અપ્રાકૃત ગુણોનુ ધામ ભગવાન્ જ છે આ સર્વ અપ્રાકૃત ગુણો ભગવાનમા સદા રહેલા છે. સૃષ્ટિના સમયમા તેમજ પ્રલયના સમયમા પણ ભગવાનમા સર્વ અપ્રાકૃત ગુણો રહેલા છે

ભગવાન્ સર્વના આધાર છે ભગવાન્ માયાને આધીન નથી, પણ માયા ભગવાનને વશ છે માયા ભગવાનની શક્તિ છે શક્તિ અને શક્તિવાળો એકજ હોવાથી દ્વૈત પણ થતુ નથી ભગવાન્ આનદાકાર છે, અને ઉત્તમ છે અક્ષરબ્રહ્મથી પણ ભગવાન્ ઉત્તમ છે પ્રપચના પદાર્થો, જડ વિગેરેના જડત્વ વિગેરે ધર્મો ભગવાનમા નથી કારણ (ભગવાન)નાજ ધર્મો સર્વમા આવે,

---

* તત્વદીપનિબધ ૧ ૬૭

ભગવાન પ્રપચના કર્તા તેમજ પ્રપચનુ સમવાયિકારણ અને નિમિત્ત કારણ છે એમ ાઠ ૨ મા આપણે જોયુ જ્યારે ભગવાનની ઇચ્છા પ્રપચમા રમણ કરવાની થાય છે ત્યારે પ્રપ-ને વિસ્તારે છે અને જ્યારે તેમની ઇચ્છા પોતામા જ રમણ કરવાની થાય છે ત્યારે પ્રપચનો પસહાર કરે છે ભગવાન્ ક્યારે પોતામા જ રમણ કરે છે, ક્યારેક પ્રપચમા રમણ કરે છે યારે ભગવાન્ પોતામા જ રમણ કરે છે ત્યારે પ્રપચ ભગવાનમા લીન થઇ જાય છે, અને યારે ભગવાનની ઇચ્છા પ્રપચમા રમણ કરવાની થાય છે ત્યારે પ્રપચ પ્રકટ થાય છે ×

જ્યા, જેનાથી, જેમાથી, જેનુ, જેને માટે, જે જે, જ્યારે, જેવી રીતે, થાય કે તે સાક્ષાત્ ૃતિપુરુષેશ્વર ભગવાન્ જ છે સર્વ વિભક્તિઓનો અર્થ ભગવાન્ જ છે, તેમજ સર્વ પ્રકારનો ર્થ પણ ભગવાન્ જ છે પ્રકૃતિ, પુરુષ અને કાલ પણ ભગવાન્ જ છે તેથી કાર્ય, કારણ, ાધાર સર્વ ભગવાન્ જ છે ભગવાન્ વિના બીજુ કાઇ નથી જ†

સર્વ પદાર્થ સર્વ કાર્યોમા ભગવાન્ પોતે રહેલા છે, અને સર્વ પદાર્થ, સર્વ કાર્યને ાતાની અદર રાખે છે આ પ્રમાણે સર્વ પદાર્થ પોતામા રહેવા છતા, અને પોતે સર્વ પદાર્થમા હેવા હોવા છતા, ભગવાનને કોઇનો સ્પર્શ નથી સર્વ પદાર્થ જડ જીવ વિગેરેને ભગવાન્ શરીર ાને છે સર્વ ભગવાનનુ જ્ઞાન કરાવે છે, પણ કોઇને ભગવાનનો સ્પર્શ નથી શરીર (જડ જીવ વેગેરે) ને પણ ભગવાનનુ જ્ઞાન નથી ભગવાન્ શરીરમા કેવી રીતે પ્રવેશ કરી પ્રકાશે છે તેનુ ાન શરીર (જડ તથા જીવો)ને પણ નથી §

પાઠ ૪. ભગવાન્ (ચાલુ)

ભગવાન્ અથવા બ્રહ્મ જગતનુ સમવાયિકારણ હોવા છતા અવિકૃત છે એમ આપણે આગળ જોયુ સમવાયિકારણમા વિકાર થાય ત્યારે જ કાર્ય થાય તેથી સમવાયિકારણ અવિકૃત હોઇ શકે નહિ, છતા બ્રહ્મ સમવાયિકારણ હોવા છતા અવિકૃત છે આ ઉભય પરસ્પર વિરુદ્ધ ધર્મ બ્રહ્મમા છે બ્રહ્મમા આ બે જ પરસ્પર વિરુદ્ધ ધર્મ છે એમ પણ નથી, પરન્તુ બ્રહ્મ સર્વ પરસ્પર વિરુદ્ધ ધર્મોને આશ્રય છે વેદમા બ્રહ્મને પરસ્પર વિરુદ્ધ ધર્મવાળુ જ વર્ણવેલુ છે બ્રહ્મ અનન્તમૂર્તિ હોવા છતા વ્યાપક અને એક જ છે અનેકમૂર્તિ હોવાથી અનેક હોવા છતા એક જ છે "ભગવાનનુ સ્મરણ કરવુ, મનન કરવુ' એવો વેદમા બોધ છે, છતા "જ્યાથી વાણી મન સાથે પહોચ્યા વિના પાછી ફરે છે" એવુ ભગવાનનુ વર્ણન કરે છે આ ઉભય પરસ્પર વિરુદ્ધ ધર્મ છે, કારણ કે જ્યાં મન અને વાણી પહોચતા નથી તેનુ સ્મરણ અને મનન કેવી રીતે થાય? વળી "હાથ વિનાના ગ્રહણ કરનાર, પાદ વિનાના ઝડપથી જનાર, ચક્ષુ વિનાના દેખનાર, કર્ણ વિનાના સાભળનાર" એવુ ભગવાનનુ વેદમા વર્ણન છે "સર્વત્ર પાણિ અને પાદવાળુ" એમ પરસ્પર વિરુદ્ધ ધર્મવાળા ભગવાનને વર્ણવેલા છે તેથી ભગવાન્ સવિશેષ અને નિર્વિશેષ ઉભય છે ભગવાન્ સવિશેષ અને નિર્વિશેષ ઉભય હોવામા કાઇ વિરોધ નથી, કારણ કે જે વાક્યોમા ભગવાનનુ નિર્વિશેષ તરીકે વર્ણન કરેલુ છે, એટલે ભગવાનમા વિશેષ નથી, ભગવાનમા ગુણ નથી એવુ જણાવેલુ છે, તે વાક્યો ભગવાનમા પ્રાકૃત ગુણોનો જ નિષેધ કરે છે ભગવાનમા કોઇ પણ પ્રાકૃત અથવા લૌકિક ગુણ નથી એવો જ તે વાક્યો બોધ કરે છે

+ તત્ત્વદીપનિબધ ૧ ૬૮ × તત્ત્વદીપનિબધ ૧ ૬૯ † તત્ત્વદીપનિબધ ૧ ૭૦ § તત્ત્વદીપનિબધ ૧ ૭૧

થી ભગવાનમા જડના અથવા જીવના પ્રાકૃત ધર્મો નથી, પરતુ અલૌકિક અપ્રાકૃત ધર્મ ભગવાનમાં છે જ જગત્કર્તૃત્વ, સર્વજ્ઞત્વ, સર્વશક્તિમત્ત્વ ઇત્યાદિ સર્વ અપ્રાકૃત ગુણો ભગવાનમા છે જ વિદ્વન્મડન, બ્રહ્મસૂત્ર ૩ ૨ ૨૨)

શ્રુતિમા બ્રહ્મને નિર્ગુણ અને અનતગુણવાળુ એમ ઉભય રીતે એટલે સર્વવિરુદ્ધ ધર્મના આશ્રય રૂપે વર્ણવેલુ છે, તેથી બ્રહ્મને વિરુદ્ધ સર્વ ધર્મનુ આશ્રય જ જાણવુ આ ઉભય પ્રકારનુ વર્ણન વાસ્તવિક જ છે તેથી બ્રહ્મ નિર્ગુણ પણ છે અને સગુણ પણ છે બ્રહ્મના સર્વ ગુણો પણ બ્રહ્મ રૂપ જ હોવાથી બ્રહ્મ નિર્ગુણ જ છે વળી આ ગુણોનો આશ્રય બ્રહ્મ છે ગુણો બ્રહ્મનો આશ્રય કરી રહેલા છે તેથી બ્રહ્મ અને ગુણનો આશ્રયાશ્રયિભાવ હોવાથી બ્રહ્મ સગુણ અથવા સવિશેષ પણ છે જેમ પ્રકાશ અને તેનો આશ્રય સૂર્ય જુદા નથી, કારણ કે સૂર્ય વિના પ્રકાશની સ્થિતિ જ નથી, સૂર્યથી પ્રકાશ છૂટો પડી શકતો જ નથી, પણ તેના આધારથી જ રહેલ છે, છતા પ્રકાશ સૂર્ય પણ નથી કારણ કે સૂર્યથી તે જુદો છે, અને જુદો દેખાય છે, તેવી જ રીતે બ્રહ્મના ગુણો બ્રહ્મથી ભિન્ન નથી તેમ અભિન્ન પણ નથી તેથી બ્રહ્મ નિર્ગુણ તેમ જ સવિશેષ પણ છે

પાઠ ૫ ભગવાન્ (ચાલુ)

यज्ञरूपो हरि पूर्वकाण्डे ब्रह्मतनु परे।
अवतारी हरि कृष्ण श्रीभागवत ईर्यते ॥ તત્ત્વદીપ ૧-૧૨

ભગવાન્ શ્રીકૃષ્ણ જ છે શ્રીકૃષ્ણ જ પરબ્રહ્મ છે પાછના પાઠોમા ભગવાન્ વિષે જે કહ્યુ છે તે સર્વ શ્રીકૃષ્ણમા જ ઘટે છે ભગવાનનુ વેદના પૂર્વકાડમા યજ્ઞરૂપથી વર્ણન કરેલુ છે ભગવાન્ સર્વજ્ઞ છે અને સર્વશક્તિમાન્ છે એમ આવી ગયુ છે તેથી ભગવાનમા જ્ઞાન અને ક્રિયા ઉભય છે ક્રિયારૂપ ભગવાનનુ વર્ણન વેદના પૂર્વકાડમા છે જ્ઞાનરૂપ ભગવાનનુ વર્ણન વેદના ઉત્તરકાડમા છે ક્રિયા અને જ્ઞાન ઉભય પ્રકટ હોય તેવા પ્રભુ શ્રીકૃષ્ણનુ નિરૂપણ શ્રીમદ્ભાગવતમા છે તેથી વેદમા ભગવાનનુ જુદા જુદા ભાગથી નિરૂપણ કરેલુ છે, પરતુ શ્રીમદ્ભાગવતમા ક્રિયા અને જ્ઞાન ઉભય જેમાં રહેલા છે તેવા ભગવાન્ શ્રીકૃષ્ણનુ નિરૂપણ કરેલુ છે, અને ભગવાનની અનેક પ્રકારની લીલાઓનુ વર્ણન કરેલુ છે

“**कृष्णो ब्रह्मैव शाश्वतम्**” (કૃષ્ણોપનિષત્) શ્રીકૃષ્ણ શાશ્વત બ્રહ્મ છે શ્રીકૃષ્ણજ પરબ્રહ્મ છે શ્રીમદ્ભગવદ્ગીતામા પણ શ્રીકૃષ્ણનુ પુરુષોત્તમત્વ સુપ્રસિદ્ધ જ છે ત્યા ભગવાન્ પોતે અર્જુનને કહે છે કે “ હુ ક્ષરથી અતીત છુ, તેમજ અક્ષરથી પણ ઉત્તમ છુ, તેથી લોક અને વેદમા પુરુષોત્તમ તરીકે પ્રસિદ્ધ છુ ” (શ્રીમદ્ભગવદ્ગીતા ૧૫ ૧૮) શ્રીમદ્ભાગવતમા પણ *દામોદરલીલા, +યમલાર્જુનભગ્નલીલા વિગેરે સ્થલોએ શ્રીકૃષ્ણનુ પરબ્રહ્મત્વ સ્પષ્ટજ છે

पर ब्रह्म तु कृष्णो हि सच्चिदानन्दक बृहत् ।
द्विरूपं तद्धि सर्वं स्यादेक तस्माद्विलक्षणम् ॥

સિદ્ધાન્તમુક્તાવલિ ૩

પરબ્રહ્મ શ્રીકૃષ્ણ જ છે યશોદાજીના ઉત્સગમા લાલન જેમનુ થએલ છે તે શ્રીકૃષ્ણ જ પરબ્રહ્મ છે

ભગવાન્ અથવા બ્રહ્મના જે જે ગુણોનુ પાછના પાઠોમા વર્ણન કર્યું તે સર્વ શ્રીકૃષ્ણમા ઘટે છે શ્રીકૃષ્ણ આ જગતના કર્તા છે, આ જગતને ધારણ કરે છે અને જગતનો લય પણ

---

* શ્રીમદ્ભાગવત ૧૦ ૯ + શ્રીમદ્ભાગવત ૧૦ ૮

તેમનામા જ થાય છે (શ્રીમદ્ભગવદ્ગીતા ૯ ૧૭ ૧૮. ૭ ૬) શ્રીકૃષ્ણ સર્વજ્ઞ છે (ગીતા ૭ ૨ ૭ ૨૬) શ્રીકૃષ્ણ સર્વશક્તિમાન પણ છે (ગીતા. ૯ ૪ ૭ ૧૦,)

શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે તેમના ત્રણ સ્વરૂપ છે ૧ આધિભૌતિક (૨) આધ્યાત્મિક (૩) આધિદૈવિક આધિભૌતિક સ્વરૂપ લક્ષ્મીપતિ નારાયણ છે આ ક્ષર છે આધ્યાત્મિક સ્વરૂપ અક્ષર બ્રહ્મ છે આધિદૈવિક સ્વરૂપ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્ર છે. આધ્યાત્મિક સ્વરૂપ અક્ષરબ્રહ્મ છે તે બૃહત્ પણ કહેવાય છે તે સચ્ચિદાનદરૂપ છે તેમાથી ચિદ્ અને આનદ અંશો તિરોહિત થતા સદંશમાથી જડની ઉત્પત્તિ થાય છે આનદાંશ તિરોહિત થતા સત્ અને ચિદંશમાથી જીવો થાય છે અન્તર્યામીઓમા આનદાંશ પ્રધાન હોય છે આ પ્રમાણે અક્ષર અથવા બૃહત્ સર્વ જગદ્રૂપ થાય છે, છતા તે ગણિતાનદરૂપ છે પૂર્ણાનદ પુરુષોત્તમ માત્ર શ્રીકૃષ્ણ જ છે

प्राकृता सकला देवा गणितानदक वृहत्।
पूर्णानदो हरिस्तस्मात्कृष्ण एव गतिर्मम ॥ કૃષ્ણાશ્રય ૮

સર્વ દેવો પ્રાકૃત છે. બૃહત્ અથવા અક્ષર ગણિતાનદ છે અક્ષરમા અમુક આનદ છે, અનત અથવા પૂર્ણ આનદ નથી પૂર્ણાનદ માત્ર હરિ શ્રીકૃષ્ણમા જ છે શ્રીકૃષ્ણ જ પૂર્ણ પુરુષોત્તમ છે

શ્રીકૃષ્ણ પરબ્રહ્મ પુરુષોત્તમ છે એમ મૃત્સ્નાભક્ષણ ઉપરથી સિદ્ધ થાય છે શ્રીકૃષ્ણે માટી ખાધી એવી ફરીઆદ બલદેવ વિગેરે બાલકોએ યશોદાજીને કરી યશોદાજીએ તેમને " માટી કેમ ખાધી " એમ પૂછયુ શ્રીકૃષ્ણે ઉત્તર આપ્યો કે માટી ખાધી નથી તે તપાસવા તેમનુ મુખ જોયુ શ્રીકૃષ્ણના મુખમા યશોદાજીએ આખુ જગત્, આકાશ, દિશાઓ, પર્વત, દ્વીપ, વાયુ, અગ્નિ, ચદ્ર, તારાઓ, ભૂગોલ, જ્યોતિશ્ચક્ર, જલ, તેજ વિગેરે સર્વ જોયુ શ્રીકૃષ્ણ પરિચ્છિન્ન સામાન્ય બાલ હોય તો તેમના મુખમા આ બધુ જોઈ શકે જ નહિ સામાન્ય બાલ દેખાતા શ્રીકૃષ્ણ અપરિચ્છિન્ન, સર્વવ્યાપી, સર્વના આધારભૂત પરબ્રહ્મ છે એમ આ પ્રસગથી સ્પષ્ટ સિદ્ધ થાય છે આ સર્વ શ્રીકૃષ્ણના મુખમા જોવામા આવવાથી યશોદાજીને શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે એ તત્વ સમજાયુ, પરતુ ભગવાને પુત્રસ્નેહમયી માયા વિસ્તારી તેથી " ત્રણે વેદો, ઉપનિષદો, સાખ્ય, યોગ, અને ભાગવતશાસ્ત્રો જે હરિના માહાત્મ્યનુ ગાન કર્યા કરે છે તેમને તેણે પુત્ર માન્યા " (શ્રીમદ્ભાગવત ૧૦ ૮ ૪૫)

પુન શ્રીકૃષ્ણ પરબ્રહ્મ છે એમ દામોદરલીલામા સ્પષ્ટ છે શ્રીકૃષ્ણે માખણ વલોવવાનુ પાત્ર તોડી નાખ્યુ અને માખણ વાનરોને આપવા માડયુ ત્યારે યશોદાએ તેમને પકડ્યા અને દામડાથી બાધવા માડયા એક દામડુ બાધ્યુ તો બે આગળ ઘટયુ તેથી તેની સાથે બીજુ સાધ્યુ તો પણ ઘટયુ ત્રીજુ સાધ્યુ તો પણ ઘટયુ એમ ઘરનાં બધાં દામડા સાધ્યા તો પણ ઘટયા પણ માતાનો પરિશ્રમ જોઈ પ્રભુ કૃપા કરી બધાયા અહિ પણ પ્રભુનું અપરિચ્છિન્નત્વ સ્પષ્ટ જ છે તેથી શ્રીકૃષ્ણ પરબ્રહ્મ પુરુષોત્તમ છે

પાઠ ૬. સૃષ્ટિપ્રકાર

શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે, અક્ષર અથવા બૃહત્ તેમનુ આધ્યાત્મિક સ્વરૂપ છે અક્ષર પુરુષોત્તમનુ ધામ પણ કહેવાય છે જ્યારે પુરુષોત્તમની ઇચ્છા સૃષ્ટિ ઉત્પન્ન કરવાની થાય છે ત્યારે જેમ રવિ અને કાશ્મીરના યોગથી અગ્નિ ઉત્પન્ન થાય છે તેમ અક્ષરમાથી કાલ પૃથક્ થાય છે કાલમાથી પ્રકૃતિ અને પુરુષ ઉત્પન્ન થાય છે પ્રકૃતિમાથી ગુણાત્મક નારાયણ પ્રકટ થાય છે તે લક્ષ્મીપતિ છે નારાયણના મનમાથી વિષ્ણુ પ્રકટ થાય છે, તેમના લલાટમાથી રુદ્ર પ્રકટ થાય છે અને તેમના નાભિમાથી કમલ નીકળે છે તેમાથી બ્રહ્મા પ્રકટ થાય છે બ્રહ્મા સૃષ્ટિ રચે છે×

---

* ભગવત્પીઠિકા ×ભગવત્પીઠિકા

સૃષ્ટિના અનેક પ્રકાર શાસ્ત્રમા કહેલા છે પ્રભુ જ્યારે પોતાને જેવા પ્રકારથી સૃષ્ટિ રચવાની ઇચ્છા થાય ત્યારે તેવા પ્રકારે સૃષ્ટિ રચે છે

બ્રહ્મ આકાશ પેઠે વ્યાપક એટલે સર્વ સ્થળે રહેલુ છે તેના પાણિ, પાદ વિગેરે સર્વત્ર છે તેને સર્વત્ર અક્ષિ, શિર, મુખ તથા કર્ણ છે બ્રહ્મ અનન્તમૂર્તિ છે, છતા તેના વિભાગ નથી, પરતુ પોતાની ઇચ્છા પ્રમાણે જેટલા સ્થળમા પ્રકટ થાય છે, એટલે વિભાગ જણાય છે જ્યારે તેની ઇચ્છા "હુ બહુ થાઉ" એવી થાય છે ત્યારે તેની એવી ઇચ્છાથીજ તેમાથી ચિદંશ જેમા પ્રધાન છે તેવા ચેતન અથવો જીવો અનત નીસરે છે આ બ્રહ્મભૂતજ છે, બ્રહ્મનાજ અશ છે યોગત્વથી તેમનો આવિર્ભાવ થતો નથી, પરતુ બ્રહ્મનાજ અશ બ્રહ્મમાથી નીકળે છે જેમ અગ્નિમાથી તણખા નીકળે છે તેમ બ્રહ્મમાથી જીવો નીકળે છે બ્રહ્મના 'ચિત્' અશમાથી જીવો નીકળે છે 'સત્' અશમાથી જેમા 'સત્' પ્રધાન છે તેવા જડ નીકળે છે અને 'આનદ' અશમાથી જેમા 'આનદ' અશનુ પ્રાધાન્ય છે તેવા અતર્યામીઓ નીકળે છે જેમ જૂદા જૂદા જીવો નીકળે છે તેમ જ જૂદા જૂદા અતર્યામીઓ પણ નીકળે છે અને દરેક હૃદયમા એક જીવ અને અતર્યામી એમ બને હસરૂપથી પ્રવેશ કરે છે તત્ત્વદીપ ૧ ૨૯-૩૩

કોઇ વાર એ પ્રમાણે સૃષ્ટિ ન રચતા ભગવાન્ સાક્ષાત્ પોતે સર્વ રચે છે કોઇવાર પુરુષ દ્વારા સૃષ્ટિ રચે છે આવી રચના પુરાણોમા પ્રસિદ્ધ છે અહિ પુરુષ માત્ર દ્વાર જ છે પચરાત્રમા વર્ણવ્યુ છે તેમ કોઇ વાર ચતુર્મૂર્તિ પ્રકારથી પ્રભુ સૃષ્ટિ રચે છે, કોઇવાર સર્વ પોતે જ થાય છે જ્યારે પ્રભુ પોતે જ સર્વરૂપ થાય છે ત્યારે આનદાશ તિરોહિત થતો નથી કોઇવાર જાદુ પેઠે પ્રભુ સર્વ માયાથી રચે છે, આવી સૃષ્ટિ માત્ર રચે છે તે સૃષ્ટિમા પ્રભુ પોતે પ્રવેશ કરતા નથી આ સૃષ્ટિમા કોઇ પુરુષાર્થ હોતો નથી તે સૃષ્ટિમા જ્ઞાન વિગેરે કહેવાના જ હોય છે, પણ તેમનાથી કાઇ ફલ સિદ્ધ થતુ નથી કોઈ વાર પ્રભુ આકાશ રચે છે, આકાશમાથી વાયુ વાયુમાથી તેજ, તેજમાથી જલ, જલમાથી પૃથ્વી એવી રીતે સૃષ્ટિ રચે છે આ સૃષ્ટિપ્રકાર વેદમા વર્ણવેલો છે * આ સૃષ્ટિમા પણ જીવ તથા અન્તર્યામીઓ ઉપર વર્ણવ્યુ તેજ પ્રમાણે થાય છે પણ ઉપર વર્ણવ્યુ તે પ્રકારમા જીવ અને અન્તર્યામીજ જગતમા પ્રવેશ કરે છે, અને આ પ્રકારમા જગતમા પ્રભુ પ્રવેશ કરે છે અને પ્રવેશ કર્યા પછી જીવ તથા અન્તર્યામી થાય છે અને ક્રીડા કરે છે

એવી રીતે અનેક પ્રકારે પ્રભુ સૃષ્ટિ રચે છે પ્રભુની શક્તિઓ અનત છે અને તે આપણાથી કલ્પી પણ ન શકાય તેવી છે એવી અચિન્ત્ય અને અનતશક્તિવાળા પ્રભુ અનેક રીતે સૃષ્ટિ ઉત્પન્ન કરે તે સર્વ યોગ્ય જ છે તેથી જ શ્રુતિમા પણ સૃષ્ટિના અનેક જૂદા જૂદા પ્રકાર વર્ણવેલા છે × આ સર્વ જૂદા જૂદા પ્રકારોથી પ્રભુનુ માહાત્મ્ય સિદ્ધ થાય છે વેદમા એવી રીતે સર્વત્ર પ્રભુના માહાત્મ્યનુ વર્ણન છે પોતાની ઇચ્છાનુસાર અનેક રીતે સૃષ્ટિ રચવી એ માહાત્મ્ય અગાધ છે પ્રભુની શક્તિઓ પણ અનત અને અચિન્ત્ય છે એમ આ સૃષ્ટિના જૂદા જૂદા ભેદથી પણ સિદ્ધ થાય છે

પાઠ ૭ જીવ.

ભગવાનની અનત અચિન્ત્ય શક્તિઓ છે પોતાની ઇચ્છામા આવે ત્યારે તેવી રીતે જગત્ રચે છે, પરતુ તેમા આપણે શુ ? આપણે સામાન્ય જીવો છીએ આપણે ઇશ્વર સાથે શો સબધ છે ? આપણો જો ઇશ્વર અથવા ભગવાન્ સાથે કાઈ પણ સબધ ન હોય તો ભગવાન્

---

* જૂઓ બ્રહ્મસૂત્ર અધ્યાય ૨ પાદ ૩ × તત્ત્વદીપ ૧-૪૦ થી ૪૩.

કેવા શક્તિવાળા અથવા જ્ઞાનવાળા છે ને શું શું કરી શકે છે વિગેરે સંબંધી તપાસ કરવાની આપણે શી જરૂર ?

જીવને ભગવાન્ સાથે ઘણો નિકટ સંબંધ છે જીવ ભગવાનનો અંશ જ છે જીવ ભગવાનનો અંશ જ હોવાથી ભગવાન્ જેમ નિત્ય છે તેમ જીવ પણ નિત્ય જ છે ભગવાનની જેમ ઉત્પત્તિ નથી, તેમ જીવની પણ ઉત્પત્તિ નથી જેમ અંશ અને અંશિમાં ભેદ નથી તેમ જીવ અને ભગવાનમાં ભેદ નથી જીવ અને ભગવાનનો સંબંધ શ્રુતિમાં અગ્નિ અને વિસ્ફુલિંગ (તણખા)ના દૃષ્ટાન્તથી દર્શાવ્યો છે જેમ અગ્નિમાંથી તણખા નીકળે છે તેમ બ્રહ્મમાંથી જીવો નીકળે છે આ દૃષ્ટાન્તથી એમ દર્શાવ્યું છે કે (૧) જીવ બ્રહ્મનો અંશ છે, (૨) અંશ જીવ અંશિ બ્રહ્મમાંથી છૂટો પડે છે (૩) અંશ જીવ અણુ છે (૪) અંશિ બ્રહ્મ અંશ જીવથી મહાન્ છે (૫) અંશ જીવ અંશિ બ્રહ્મમાં પુન પ્રવેશ કરવા યોગ્ય છે (૬) અંશ જીવનો અંશિ બ્રહ્મમાં પુન પ્રવેશ થતાં તેનો બ્રહ્મ સાથે અભેદ છે (૭) અંશ જીવનો અંશિ બ્રહ્મમાં પુન પ્રવેશ થયા પછી પણ તે પુન અંશિ બ્રહ્મમાંથી નિર્ગમન કરવા (છૂટા પડવા) યોગ્ય છે આ સાતે ધર્મ અગ્નિ અને તણખાનો સંબંધ દર્શાવે છે, તે જ બ્રહ્મ અને જીવનો સંબંધ દર્શાવે છે તેથી બ્રહ્મ અને જીવના સંબંધનો સહેલાઈથી બોધ થાય તે માટે શ્રુતિમાં આ દૃષ્ટાંત આપેલું છે

જીવ નિત્ય છે 'દેવદત્ત જન્મ્યો' વિગેરે કહેવાય છે તે દેહની ઉત્પત્તિ વિષે કહેવાય છે અગ્નિમાંથી જેમ તણખા નીકળે છે તેમ બ્રહ્મમાંથી જીવનું વ્યુચ્ચરણ થાય છે તે ઉત્પત્તિ નથી

જીવ જ્ઞાતા છે, ચૈતન્યરૂપ છે જ્ઞાન જીવનો ગુણ છે જડને જ્ઞાન હોતું નથી જીવને જ્ઞાન હોય છે જીવ અણુ છે અણુ એટલે નાનામાં નાનું કદ જેનો વિભાગ થઈ શકે નહિ તેવું કદ તે અણુ મધ્યમ કદવાળા પદાર્થનો વિભાગ થઈ શકે જેનો વિભાગ થતો હોય તે નિત્ય હોઈ શકે નહિ કારણ કે તેનો વિભાગ કરીએ એટલે તેનો ધ્વંસ થયો જીવ અણુ છે, જીવ અણુ હોવા છતાં ચૈતન્યગુણ સર્વ શરીરમાં વ્યાપી રહે છે જેમ શરીરમાં એક જ સ્થલે (કપાલમાં) ચંદન લગાડેલું હોય તો પણ આખા શરીરમાં તેનો શીતલપણાનો ગુણ જણાય છે તેમ જીવ અણુ હોઈ, માત્ર હૃદયમાં જ રહેતો હોવા છતાં તેનો ચૈતન્ય ગુણ આખા શરીરમાં પ્રસરેલો રહે છે જેમ મણિ એક સ્થલે હોવા છતાં તેનો પ્રકાશ અધિક દેશમાં પ્રસરે છે, જેમ ચંપક પુષ્પ એક સ્થલે રહેલું હોવા છતાં તેની ગંધ દૂર પ્રદેશોમાં પ્રસરી રહે છે, તેમ જીવ અણુ હોઈ માત્ર હૃદયમાં રહેલો હોવા છતાં તેનો ચૈતન્ય ગુણ આખા શરીરમાં પ્રસરેલો હોય છે

કોઈ કોઈ સ્થલે વેદમાં જીવનું બ્રહ્મ તરીકે વર્ણન કરેલું છે તેનું કારણ એ છે કે બ્રહ્મના પ્રજ્ઞત્વ, દ્રષ્ટૃત્વ વિગેરે ગુણો જીવમાં રહેલા છે, અને તે ગુણો જ જીવના સારભૂત છે એટલે જીવને જડથી જૂદો પાડનાર છે તેથી જેમ લોકમાં અમાત્યને કોઈવાર 'રાજા' કહી બોલાવે છે તે પ્રમાણે જીવને બ્રહ્મ કહેલો છે, પરંતુ વસ્તુત જીવ બ્રહ્મ નથી

જીવ કર્મ કરે છે જીવ કર્તા છે. વેદમાં અભ્યુદય અથવા નિ શ્રેયસ ફલ સાધક કર્મ કરવાનો બોધ છે તે જીવને જ ઉદ્દેશી કરેલો છે કારણ કે બ્રહ્મને એવાં કર્મ કરવાની જરૂર નથી જડથી કર્મ થઈ શકતાં જ નથી તેથી જીવ જ કર્મ કરનાર છે બુદ્ધિ તથા ઇન્દ્રિયો પણ કર્મ કરતાં નથી, પરંતુ તે કર્મ કરવાનાં સાધન છે જીવ બુદ્ધિ અને ઇન્દ્રિયોરૂપી સાધનથી કર્મ કરે છે કર્મ કરવામાં બુદ્ધિ વગેરે 'કરણ' એટલે સાધન છે કર્મ કરનાર જીવ છે કર્મ કરનાર જીવ હોય તો જીવ અનિષ્ટ કર્મ ન જ કરે એવું માનવું નહિ, કારણ કે જેમ ચક્ષુ ઇષ્ટ અને અનિષ્ટ ઉભય જૂએ છે તેમ ઇન્દ્રિયોથી જીવ શુભ અને અશુભ કર્મ કરે છે અને તેથી ઇષ્ટ અને અનિષ્ટ ફલ પ્રાપ્ત કરે છે

---

*વિદ્વન્મંડન

“જીવ કર્મ કરે છે, પરન્તુ 'કર્તૃત્વ' એ જીવનો સ્વતન્ત્ર ધર્મ નથી, પરન્તુ બ્રહ્મનો જ ગુણ છે જીવ બ્રહ્મનો અંશ હોવાથી, બ્રહ્મના સંબંધથી જ જીવમાં કર્તૃત્વ આવે છે જીવ સ્વતન્ત્રતાથી કર્તા નથી, પરન્તુ તેનું કર્તૃત્વ બ્રહ્મને અધીન જ છે શ્રુતિ પણ કહે છે કે જેનો આ લોકમાંથી ઉદ્ધાર કરવાની (ભગવાનની) ઇચ્છા થાય છે તેની પાસે તે સારા કર્મ કરાવે છે, અને જેનો અધઃપાત કરવાની ઇચ્છા થાય છે તેની પાસે અશુભ કર્મ કરાવે છે, તેથી કર્મ કરવામાં જીવ સ્વતંત્ર નથી, પરન્તુ બ્રહ્મને અધીન છે

શ્રીમાન્ વલ્લભાચાર્યજી અને શ્રીમદ્ભાગવત *

(રા. રા. સુંદરલાલ મણિલાલ વકીલનાં)

नाश्रितो वल्लभाधीशो न च दृष्टा सुबोधिनी ।
नाराधि राधिकानाथो वृथा तज्जन्म भूतले ॥ १ ॥

અખણ્ડભૂમણ્ડલાચાર્ય શ્રીમાન્ વલ્લભાચાર્યજીના કુલવંશભૂષણ સભાપતિ મહોદય ૧૦૮ શ્રીગોકુલનાથાચાર્ય, અન્ય મહારાજશ્રી, તથા પરમભાગવત વૈષ્ણવો તથા અન્ય સજ્જનો,

હું ભાગવતનો પ્રશંસક છું, અને તેથી આજે મ્હારો વિષય “**શ્રીમાન્ વલ્લભાચાર્યજી અને શ્રીમદ્ભાગવત**” છે

શ્રીમાન્ વલ્લભાચાર્યજીએ શ્રીમદ્ભાગવત શાસ્ત્ર પર એવો અપૂર્વ અને અદ્વિતીય પરિશ્રમ કર્યો છે કે જેને લીધે શ્રીમદ્ભાગવત સામાન્ય કથા કરવાના પુરાણની કોટિમાંથી નિવૃત્ત થઈ એક વેદતુલ્ય વેદસમ્મિત—વેદના અર્થને ઉપબૃંહણ કરનાર શાસ્ત્ર થઈ પડ્યું છે! શ્રીમાન્ વલ્લભાધીશે શ્રીમદ્ભાગવત પર શ્રીસુબોધિનીજી ભાષ્ય, શ્રીમદ્ભાગવતાર્થ નિબંધ, સૂક્ષ્મ ટીકા, શ્રીપુરુષોત્તમસહસ્રનામ, ત્રિવિધલીલાનામાવલિ, અનુક્રમણિકા, ઇત્યાદિ અનેક વિસ્તૃત તથા સંક્ષિપ્ત ગ્રન્થો કર્યા છે! આ ગ્રન્થો એવા છે કે જેથી વિદ્વજ્જનોની ઉચ્ચકક્ષાના જીવો તેમજ સામાન્ય કોટિના ગમે તે કોઈ જીવ—વૃદ્ધ વા યુવક—અધ્યાપક વા અધ્યેતા—આ ઉપર કહેલા કોઈ પણ આચાર્યશ્રીના ગ્રન્થનું અધ્યાપન, અધ્યયન, શ્રવણ, પઠન, તથા કીર્તન કરી અવશ્ય કૃતાર્થ થઈ શકે છે! આ ગ્રન્થોની વાણીમાં જ કાંઈ અપૂર્વ નવીનતા, અર્થાત્ અગ્નિમુખારવિન્દરૂપ શ્રીમાન્ વલ્લભાધીશનું વહ્નિત્વ અદ્યાપિ પર્યન્ત વિદ્યમાન છે જેનો અનુભવ એ ગ્રન્થોનું વારંવાર પરિશીલન કરનાર કોઈપણ સામ્પ્રદાયિક જીવને થયા વિના રહેતો નથી! આ ગ્રન્થોની વાણી એક અપૂર્વ શ્રોત્રપેય સુધા છે જેનું શ્રવણ પ્રતિદિન થવાથી એક એવો અલૌકિક માનસ ઉલ્લાસ નિરન્તર ચાલ્યા કરે છે કે જેમાં મદમત્ત રહેવાથી જીવો પોતાના સંસારની તેમજ બીજી અનેક આપત્તિઓ સહી શકે છે અને ભગવાનના સાન્નિધ્યનો અનુભવ કરે છે! આચાર્યશ્રીના ઉપર લખેલા ગમે તે કોઈ વિસ્તૃત વા સૂક્ષ્મ ગ્રન્થનો ફલનિર્દેશ જોશો તો તેમાં એમ સ્પષ્ટ પ્રતીત થશે કે “આ ગ્રન્થનું પઠન કીર્તનાદિ કર્યાથી જીવને ભગવાનને વિષે પ્રેમ, આસક્તિ, વ્યસન ઇત્યાદિ ભક્તિમાર્ગની ઉત્તરોત્તર કક્ષા પ્રાપ્ત થાય છે! શ્રીમદ્ભાગવતનો અર્થ શ્રીકૃષ્ણ પરત્વે છે, અને એનો “શાસ્ત્રાર્થ[૧]—સ્કન્ધાર્થ[૨], પ્રકરણાર્થ[૩], અધ્યાયાર્થ[૪], વાક્યાર્થ[૫], શબ્દાર્થ[૬] તથા પદાર્થ[૭]”

---

* રા. રા. સુંદરલાલ મણિલાલ વકીલના બી. એ., એલ્. એલ્. બી. એ મુંબઈમાં શ્રીમદાચાર્યપ્રાકટ્યમહોત્સવપ્રસંગે માધવબાગમાં આપેલું જાહેર વ્યાખ્યાન.

એ સાત પ્રકારે અવિરોધ વિના એનો અર્થ કૃષ્ણપરત્વે છે એમ જાણનાર, નિશ્ચય, મુક્ત થાય છે" ઇત્યાદિ વચનનિર્દેશ, શ્રીમાન્ આચાર્યજી શ્રીમદ્ભાગવતના અર્થનુ યથાર્થજ્ઞાન જીવો અવશ્ય પ્રાપ્ત કરે એ ઉદ્દેશથી કહે છે આપણુ દુર્ભાગ્ય છે કે આપણે એ ગ્રન્થોનુ પરિશીલન કરી કૃતાર્થ થઇ શક્તા નથી શ્રીમાન્ વલ્લભાચાર્યજીનો તત્ત્વાર્થદીપનિબન્ધનો શ્રીમદ્ભાગવતાર્થ અદ્યાપિ પર્યન્ત સર્વસાહિત્યસહિત મુદ્રિત થયો નથી જેને પરિણામે આચાર્યશ્રીના એ અપૂર્વ ભાગવતાર્થ પ્રકરણનુ અધ્યાપન, અધ્યયન, તથા પઠન પાઠન થતા નથી આપણે એ ગ્રન્થને સર્વસાહિત્યસહિત વૈજ્ઞાનિક પદ્ધતિથી શુદ્ધ મુદ્રિત કરાવવો જોઇએ એટલુ જ નહિ પરન્તુ એનો યથાસ્થિત અભ્યાસ કરી, જનસમાજ સમજે એવી સરલ ભાષામા એના ભાષાન્તર કરી આપી, આપણા સામ્પ્રદાયિક વૈષ્ણવોના, ભાવકોના, તથા અન્ય પ્રામાણિક વિદ્વદ્વર્ગના હસ્તમા મુકવો જોઇએ આ આચાર્યશ્રીનો ભાગવતાર્થ એક એવો અપૂર્વ ગ્રન્થ છે કે એનુ નિરીક્ષણ પ્રામાણિક રીતે ગમે તે કોઇ સામ્પ્રદાયિક વા અસામ્પ્રદાયિક વિદ્વાન્ કરે તો શ્રીમદ્ભાગવત તથા તેમા પ્રતિપાદિત કરેલી કૃષ્ણલીલાને વિષે તેનો ગૂઢ અંધકાર નિવૃત્ત થાય અને કંઇક અપૂર્વ નૂતન રહસ્યતત્ત્વનુ ભાન તેને થાય એમ છે અને તે દ્વારા સર્વ જનસમાજને તેનો લાભ અવશ્ય પ્રાપ્ત થાય એમા સન્દેહ નથીજ ! શ્રીમાન્ વલ્લભાચાર્યજીના ગ્રન્થોને માટે તથા તેમા સમાયલા ઉદારવૃત્તિવાલા સર્વોદ્ધારક પરમતત્ત્વોને માટે બહુ સમયથી જનસમાજ તરસી રહ્યો છે તેમની એ તૃષા પુરી પાડવી એ આપણુ કાર્ય છે ! જો શ્રીમાન્ વલ્લભાચાર્યજીના ગ્રન્થોના આશય સર્વ જનસમાજમા શાસ્ત્રીય વેગવાળી સુન્દર તથા સરલ સંસ્કૃત તથા ગુર્જર ભાષામા સમજાવવામા આવે તો શ્રીવલ્લભાચાર્યજીના તત્ત્વજ્ઞાનનો સર્વોદ્ધારક શરણમાર્ગનો સ્વીકાર, અખિલ વિશ્વના જીવો કરતા થશે—એમ, પરમ ભાગ્યવાન્ વૈષ્ણવો ! તમે નિશ્ચય સમજજો ! આપણે સામ્પ્રદાયિકોએ શ્રીમાન્ વલ્લભાચાર્યજીએ ઉપદેશેલી નામસેવાનો અનાદર બહુ સમયથી કર્યો છે ! એ કથારૂપી નામરસનો આપણે પોતે અનુભવ કરવાની પરવા કરી નથી ! તેમ બીજા વિદ્વાનોને તે સમજાવવાની અથવા તો તેમને સમજવાની અનુકૂલતા પણ કરી આપી નથી ! અને તેને જ પરિણામે આપણા વૈષ્ણવોનો અમુક ભાગ, હુ ખેદથી જણાવુ છુ કે, અસન્તુષ્ટ થયો છે અને દુશ્મનોની સાથે મળી જઇ આપણા અખણ્ડભૂમણ્ડલાચાર્ય પુષ્ટિમાર્ગપ્રવર્તક શ્રીમાન્ વલ્લભાચાર્યજી પર, પોતાના સેવ્ય સ્વરૂપ કૃષ્ણ શ્રીગોવર્ધનનાથજી (શ્રીનાથજી) ઉપર, તથા તેમણે પ્રતિપાદિત કરેલા સેવા માર્ગ ઉપર, અતિ નીચ આક્ષેપો કરે છે અને કરાવે છે ! પરમ ભાગ્યવાન્ વૈષ્ણવો ! આ પરિસ્થિતિ બહુ સમય ચાલવા દેવી ન જોઇએ ! આપણે જાગૃત થઇ શ્રીમાન્ વલ્લભાધીશે રચેલા ભાગવતતત્ત્વાર્થદીપ, તથા શ્રીસુબોધિનીજી આદિ અમૂલ્ય ગ્રન્થોનુ પરિશીલન નિરન્તર કરવુ જોઇએ, નામસેવા કરવી જોઇએ, અને તેમા પ્રતિપાદિત કરેલી શ્રવણીય સુધાનો આનન્દ આપણે પોતે લેતા શીખવુ જોઇએ, અને બીજાઓને તે સુધાનો આનન્દ લેતા શીખવવુ જોઇએ અર્થાત્ સંયોગરસ ઉપરાન્ત વિપ્રયોગ ! જે ફલરૂપ છે તે વિપ્રયોગમાં વેણુનાદરૂપે આવી રહેલા શ્રીસુબોધિનીજી ઇત્યાદિ ગ્રન્થોનો નિયમસર અભ્યાસ આપણે પોતે કરવા અને બીજાને કરાવવા તરફ આપણુ ધ્યાન દોરાવવુ જોઇએ તો જ શ્રીવલ્લભાચાર્યજી આપણા પર અવશ્ય પ્રસન્ન થશે ! અને તે પોતેજ સર્વને કોઇ એવા અપૂર્વ સામર્થ્યનુ દાન કરશે કે જેથી આપણે આક્ષેપો કરતા દુશ્મનોના મુખમર્દન કરી શકીશુ પરમપૂજ્ય વે શા સ શાસ્ત્રીજી મગનલાલ મુંબાઇમા પોતાના ખર્ચે આવી આપણને નામસેવાનુ પરિશીલન કરવાનો અમૂલ્ય લાભ આપે છે, જેનો લાભ આપણે જોઇએ તેવો લેતા નથી એ આપણુ દુર્ભાગ્ય છે !

હવે હુ નિબન્ધના **ભાગવતાર્થ** નામના પ્રકરણમાથી તથા શ્રીસુબોધિનીજીમાથી કંઇક અપૂર્વ શાસ્ત્રીય વિલક્ષણતા તમારી સમક્ષ મૂકીશ જો કે એમા પારિભાષિક શબ્દો આવે છે, તો પણ આચાર્યશ્રીની અપૂર્વ નૂતનતા, નિર્ભયતા, તથા ઉદાર વૃત્તિથી સર્વોદ્ધારક પ્રયત્ન સિદ્ધ કરતા કેટલાક શાસ્ત્રીય તથા વૈજ્ઞાનિક દૃષ્ટાન્તો એ ગ્રન્થમાથી આપની સમક્ષ મૂકુ છુ —

શ્રીમાન્ વલ્લભાચાર્યજી શ્રીસુબોધિનીજીમા તથા આ ભાગવતાર્થ નિબન્ધમા ભાગવતના શ્લોકોની, અધ્યાયોની, પ્રકરણોની તથા સ્કન્ધોની સંખ્યાનો વિચાર અવશ્ય કરે છે અમુક સ્તુતિમા, અમુક વર્ણનમા, અમુક અધ્યાયમા શ્લોકોની સંખ્યા અમુક જ શા માટે શ્રીમદ્ભાગવતકારે રાખી? આ પ્રશ્નનો ઉત્તર શ્રીમદ્ભાગવતના ટીકાકારોમાથી કોઇએ કર્યો નથી ! એક શ્રીમાન્ વલ્લભાચાર્યજી જ પરિશ્રમ લઇ ' એ શ્લોકની સંખ્યાનો ગૂઢ અર્થનુ સૂચન કરે છે એમ શાસ્ત્રીય રીતે સિદ્ધ કરી આપે છે (૧) જેમકે ૧૩ શ્લોકની સ્તુતિ વા વર્ણન હોય તો પોતે કહે છે કે, ૧૨ શ્લોકથી દ્વાદશાત્મા કાલ સમજવો, તથા ૧૩ મા શ્લોકથી દ્વાદશાત્મા કાલથી અધિક એવા પુરુષોત્તમ સમજવા તેથી એ કાલાધિક ભગવાનને શરણે જવુ ' (જુઓ દશમ સ્કન્ધમા વેણુગીતનુ ગોપીઓએ ૧૩ શ્લોકથી કરેલુ વેણુનાદના સ્વરૂપનુ વર્ણન, તથા મુચુકુન્દની સ્તુતિ) (૨) જો કોઇ સ્થલે સાત શ્લોકનો વિષય હોય તો આચાર્યશ્રી કહે છે કે અત્રે ૬ શ્લોક ભગવાનના ધર્મના છે, અને સાતમો શ્લોક એ ધર્મો જેમને આશ્રયે રહ્યા છે એવા ધર્મી ભગવાનનો છે (૩) એવી જ રીતે પ્રથમ સ્કન્ધના દ્વિતીય અધ્યાયમા પ્રથમ ધર્મવિષયક પ્રશ્નનો ઉત્તર (૬–૧૦) એમ પાચ શ્લોકમા આપ્યો છે, ત્યા પોતે કહે છે કે આ ઉત્તરના શ્લોકોની ૫ સંખ્યાથી એમ સૂચન થાય છે કે 'કર્મ પાચ પ્રકારનુ છે, અને તેથી વેદના કર્મકાણ્ડમા કહેલા યજ્ઞાત્મક પંચવિધ ક્રિયાશક્તિ વિશિષ્ટ પરબ્રહ્મ ભગવાન્ શ્રીકૃષ્ણરૂપી પરમ અર્થનુ પ્રતિપાદન થયુ સમજવુ ' ત્યાર પછી તરત જ (૧૧-૨૨) એમ ૧૨ શ્લોકમા દ્વિતીય જ્ઞાનવિષયક પ્રશ્નનો ઉત્તર આપે છે શ્લોકની ૧૨ સંખ્યા એમ સૂચવે છે કે 'જ્ઞાનના દ્વાદશ અઙ્ગ છે અર્થાત્ એ દ્વાદશ શ્લોકથી વેદના જ્ઞાનકાણ્ડમા કહેલા જ્ઞાનાત્મક દ્વાદશજ્ઞાનશક્તિવિશિષ્ટ પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ ભગવાનનુ નિરૂપણ થયુ છે' શ્રુતિ કહે છે કે ' પુરુષ દ્વાદશવિધ છે " વળી પૂર્વના કર્મ વિષયક ૫ શ્લોક તથા ત્યાર પછીના જ્ઞાનના ૧૨ શ્લોક મળી કુલ ૧૭ શ્લોક વડે '**सप्तदशो वै प्रजापति**' અર્થાત્ ' પ્રજાપતિ ભગવાન, ખરેખર ૧૭ પ્રકારના છે ' એ શ્રુતિનુ પરમ સ્વારસ્ય સમજાવે છે અર્થાત્ ૧૭ શ્લોક વડે 'સમગ્ર વેદની ગતિ સપ્તદશ' છે એમ જણાવી 'યજ્ઞાત્મક ધર્મરૂપ ક્રિયાશક્તિ[૧], તથા જ્ઞાનાત્મક તત્ત્વરૂપ જ્ઞાનશક્તિ[૨] એ ઉભયે શક્તિથી વિશિષ્ટ થયેલા પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ–એજ સમગ્ર વેદનો અર્થ છે' અર્થાત્ પ્રથમ બે પ્રશ્નનો ઉત્તર કર્મજ્ઞાનવિશિષ્ટ ભગવાન્ શ્રીકૃષ્ણ છે અને તેમનુ વેદમા ૧૭ પ્રકારે પ્રજાપતિરૂપે વર્ણન કરવામા આવ્યુ છે તેથી અહીં ૧૭ શ્લોક છે

આ રીતે જે શ્લોકની, અધ્યાયની તથા પ્રકરણની સંખ્યાનુ તાત્પર્ય સમજાવવામા આવ્યુ છે, તેથી શ્રીમાન્ વલ્લભાચાર્યજીના ભાગવત પર કરેલા શ્રીસુબોધિન્યાદિ, તથા ભાગવતાર્થ ગ્રન્થોનુ યથાર્થ અધ્યાપન તથા અધ્યયનાદિ કરવામા આવે તો કયા શ્લોક, કયા અધ્યાય વા કયા પ્રકરણ પ્રક્ષિપ્ત છે તેજ આપણે સહજ તથા સરલ રીતે જાણી શકીએ એમ છીએ ! આવો **સંખ્યાનો** વા અઙ્કનો વિચાર (Greek philosophy) ગ્રીક દેશના તત્ત્વજ્ઞાનીઓ પાઇથેગોરાસ ઇત્યાદિએ કંઇક અંશે કર્યો છે ! એ સંખ્યાના વિચારથી અમુક પ્રશ્ન તથા તેના ઉત્તર સુસઙ્ગત છે કે કેમ તે પણ આપણે જાણી શકીએ છીએ !

આચાર્યશ્રીની નિર્ભયપણે વિચાર કરવાની અપૂર્વશક્તિ તથા મહોદારતા.

આચાર્યશ્રી પ્રથમસ્કન્ધના ત્રણ પ્રકરણ કરે છે પ્રથમ પ્રકરણના ૩ અધ્યાય છે જેના શ્રોતા શૌનકાદિ પરમજ્ઞાનવૃદ્ધ ઋષિઓ છે, અને વક્તા હીનજાતિના પણ ભગવદ્ભક્ત થયેલા સૂત પૌરાણિક છે શૌનકાદિક ઋષિઓ છે, જ્ઞાનવૃદ્ધ છે, બ્રહ્મકુલમા અનેક શિષ્યોના અધ્યાપક છે, છતાં તેઓનો અધિકાર ભાગવતશ્રવણને વિષે હીન છે, કારણ કે તેઓ અનેક યજ્ઞાદિક સાધનો કરવાની આસક્તિવાળા છે, અર્થાત્ ભગવત્પ્રતિપાદક શાસ્ત્રમા પરમ શ્રદ્ધાથી રહિત છે "સૂત પૌરાણિકને અમે યજ્ઞના અનવસરમા હરિગાથા કરવા બોલાવી ઉચ્ચ બ્રહ્માસન આપીએ છીએ તો સૂત પૌરાણિક માન પામી કથા કહે છે ! તથા અમે શ્રોત્રિય થઈ અનેક શિષ્યોને બ્રહ્મકુલમા અધ્યાપન કરાવીએ છીએ ! વળી વક્તા સૂત પૌરાણિક છે, હીન જાતિના છે, જ્યારે અમારુ જ્ઞાન ઔપનિષદ છે, વૈદિક છે, અમારુ બ્રહ્મકુલ ઉચ્ચ છે !"

આ પ્રકારે શૌનકાદિક શ્રોતાઓ જ્ઞાનવૃદ્ધ પરમ ઋષિઓ છતા અભિમાનવાળા છે, તથા તેઓ ભાગવતના વક્તા સૂતના કથનમા વિશ્વાસરહિત છે તથા પરમ આદરરહિત છે, તેથી શૌનકાદિક ઋષિઓ ભાગવતના શ્રોતા તરીકે હીન કક્ષાના છે" એમ શ્રીઆચાર્યજી નિર્ભય રીતે કહે છે જેમ જેમ અધિકાર, જાતિ, જ્ઞાન તથા સસ્કાર ઇત્યાદિથી હીનત્વ, તેમ તેમ શ્રીમદ્ભાગવતમાર્ગને માટે ઉત્તમ યોગ્યતા પ્રાપ્ત થાય છે અર્થાત્ જેમ જેમ જીવને પોતાના ઉદ્ધાર અર્થે પરમ નિ:સાધનતા સ્ફુરે, તેમ તેમ શ્રીમદ્ભાગવતમાર્ગને માટે તે જીવને ઉત્તમ અધિકાર પ્રાપ્ત થાય છે જેમકે નારદજી શૂદ્રયોનિની દાસીના પુત્ર હતા, છતા તેમને ભગવજ્જ્ઞાન પ્રાપ્ત થયું, અને પોતે જ્ઞાનાવતાર થયેલા વેદવ્યાસજી જે અનેક યોગાદિક સાધનોમા આસક્ત હતા છતા અસન્તુષ્ટ થયા હતા તેવાને પણ કાંઈ અપૂર્વ ભગવદ્ગુણગાન કરે એવો ગ્રન્થ કરવનુ સૂચન કર્યું હતું (૪-૬) ત્રણ અધ્યાયના મધ્યમ પ્રકરણના શ્રોતા વ્યાસ છે, તથા વક્તા નારદ છે પુરાણ પર આજીવિકા ચલાવતા પ્રથમ પ્રકરણના વક્તા સૂત પૌરાણિક કરતા તથા શ્રદ્ધારહિત શૌનકાદિક શ્રોતા કરતા વ્યાસ, નારદ ઉત્તમ છે. પરન્તુ એ ઉભયે વ્યાસ તથા નારદ, તૃતીય પ્રકરણના શ્રોતા પરીક્ષિત્ તથા વક્તા શુક કરતા ઉતરતા છે તેથી વ્યાસ તથા નારદને આચાર્યશ્રી નિર્ભય રીતે મધ્યમ અધિકારી કહે છે

શ્રોતા વ્યાસજી સર્વસાધનોથી સમ્પૂર્ણ હતા, એમનુ વાક્ય પ્રમાણરૂપ હતું, તોપણ તેમણે શ્રીમદ્ભાગવતશાસ્ત્ર પ્રકટ કર્યું ન હતુ, અને ભગવદ્ગુણગાન કર્યું ન હતુ તેથી તે ફલવિષયક ચિન્તાથી આકુલવ્યાકુલ થયા હતા વ્યાસજી નારદજીનો ઉપદેશ કષ્ટક દુર્બલ સમજે છે અને તેથી નારદજી તેમને સમાધિમા શ્રીમદ્ભાગવતનો અનુભવ કરવાનુ કહે છે વળી એમનામા શુકપ્રમાણ દૃઢ વૈરાગ્ય ન હતુ તેમ નારદજી પણ જીવોને જ્ઞાન આપવાની સત્તા-અધિકારવાળા હતા, તેથી આ ઉભયે-શ્રોતા વ્યાસ તથા વક્તા નારદ, ત્રીજા પ્રકરણના શ્રોતા-પરીક્ષિત્ તથા વક્તા-શુક કરતા ભાગવતને વિષે મધ્યમ અધિકારવાળા છે (૭-૧૯) એમ ૧૩ અધ્યાયના પ્રથમ સ્કન્ધના તૃતીય પ્રકરણથી ક્ષત્રિય રાજા પરીક્ષિત્નો ભાગવતના શ્રોતા તરીકે, પૂર્વે કહેલા શૌનકાદિક ઋષિ, તથા વ્યાસ કરતા, ઉત્તમ અધિકાર છે, તેમજ ઉપનયન વિનાના, તથા ષોડશવયના બાળક દિગમ્બર વ્યાસનન્દન શ્રીશુકદેવજીનો તેમના દૃઢ વૈરાગ્યને લીધે ભાગવતના વક્તા તરીકે, પૂર્વે કહેલા સૂત, તથા નારદ કરતા, ઉત્તમ અધિકાર છે—એમ નિર્ભય રીતે આચાર્યશ્રી પ્રતિપાદન કરે છે શ્રોતા પરીક્ષિત્ને ભગવત્કૃપાથી ભાગવત જ્ઞાનને યોગ્ય એવો શુદ્ધજન્મ, દૃઢ વૈરાગ્ય, સર્વત્યાગ તથા ભગવદ્ભક્તનો સત્સઙ્ગ—આ સર્વ સિદ્ધ થયા હતા ગુરુ 'શ્રીશુકદેવજીના કથનમાત્રથી જ એમને સન્દેહ નિવૃત્ત થયા હતા એમને ભગવાન્

વિષે તેમજ ભગવત્કથાઓને વિષે અનન્ય શ્રદ્ધા હતી ભગવાને પોતે જ કૃપા કરી નિજભક્તની વંશશુદ્ધિને અર્થે પરીક્ષિતની ગર્ભમા જ રક્ષા કરી અને તેનો ભાગવતશાસ્ત્રના ઉત્તમ શ્રવણને યોગ્ય શુદ્ધિવાળો દેહ ભગવાને પોતે જ કૃપા કરી પરિશ્રમ લઈ સિદ્ધ કરાવી આપ્યો ભાગવતશ્રવણને વિષે ઉત્તમ અધિકાર સિદ્ધ થવામા ભગવાનને વિષે વિશ્વાસ થવો આવશ્યક છે એ વિશ્વાસના ત્રણ અઙ્ગ છે-[૧]પરમ શુદ્ધિ, [૨]સર્વત્યાગ તથા [૩]સત્સગ શુદ્ધિના છ અગ છે તેમા પણ જ્યા ભગવત્કૃપા થાય એ મુખ્ય શુદ્ધિ છે દુષ્ટ પરમ્પરાને લીધે શરીરના હેતુરૂપ બીજની અશુદ્ધિ પચ પ્રકારે થાય છે તો તે કૃપા કરી ભગવાને પોતે જ પરીક્ષિતની પાચ પ્રકારની બીજશુદ્ધિ તથા છઠ્ઠી જન્મશુદ્ધિ કરાવી આપી છે જેમ દેવતાઓ બ્રહ્મમીમાસાશાસ્ત્રમા પઞ્ચાગ્નિવિદ્યા પ્રકારે પઞ્ચાહુતિ ગ્રહણ કરી નિષ્કામ કરનારા પુરુષનો બ્રહ્મજ્ઞાનને યોગ્ય થાય એવો શુદ્ધ દેહ અગ્રિમ જન્મમા સિદ્ધ કરી આપે છે, તેમ અત્રે પણ ભગવાન્ પોતે જ પોતાના નામાત્મક સ્વરૂપ થયેલા એવા શ્રીમદ્ભાગવતશાસ્ત્રના શ્રવણને યોગ્ય થાય એવો ઉત્તમ શુદ્ધ દેહ, નિજભક્તસ્વરૂપ પરીક્ષિતને સિદ્ધ કરી આપે છે, તેથી પ્રથમ ગ્રન્થના દ્વિતીય ઉત્તમ પ્રકરણના (૭-૮-૯-૧૦-૧૧) એમ પાચ અધ્યાય વડે, ભાગવતના ઉત્તમ શ્રોતા પરીક્ષિતની પાચ પ્રકારની બીજશુદ્ધિનું નિરૂપણ થયુ છે, અને એક ૧૨ મા અધ્યાયમા ગદાધારી અઙ્ગુષ્ઠમાત્ર પુરુષના દર્શનથી તેની છઠ્ઠી જન્મશુદ્ધિનુ નિરૂપણ થયુ છે [૧]સપ્તમ અધ્યાયમાં પરીક્ષિતના પૂર્વજ અર્જુનની સ્તુતિ છે, તેથી પૂર્વજ અર્જુનની શુદ્ધિદ્વારા (પુરુષદ્વારા) પરીક્ષિતની **પ્રથમ બીજશુદ્ધિ** સિદ્ધ થઈ એમ સમજવુ [૨]અષ્ટમ અધ્યાયમા પરીક્ષિતની પ્રપિતામહી કુન્તાજીની સ્તુતિ છે, તેથી ભગવાન્ પ્રસન્ન થયા છે, અને એમ પોતાના પૂર્વજ વૃદ્ધ પ્રપિતામહીની શુદ્ધિ, પણ (સ્ત્રીદ્વારા) પરીક્ષિતની **દ્વિતીય બીજશુદ્ધિ**મા ઉપયુક્ત થાય છે એમ સમજવુ [૩]નવમ અધ્યાયમા ભીષ્મ પાણ્ડવોને ઉપદેશ કરે છે તેથી પરીક્ષિતના પૂર્વજ યુધિષ્ઠિરાદિનુ જીવવિષયક અજ્ઞાન નિવૃત્ત થયુ છે, અને તેથી પોષક અન્નશુદ્ધિનુ નિરૂપણ થયુ છે એમ સમજવુ આ અધ્યાયમા પરીક્ષિતના પૂર્વજ ભીષ્મની મુક્તિનુ તથા પાણ્ડવોને જ્ઞાન પ્રાપ્ત થયાનુ નિરૂપણ છે તેથી પરીક્ષિતની **તૃતીય જ્ઞાનશુદ્ધિ** સિદ્ધ થઈ એમ સમજાયુ [૪]દશમ અધ્યાયમાં ભગવાનના પ્રયાણ સમયે પરીક્ષિતના બીજસમ્બન્ધિઓની તથા અન્ય સાધારણ સમ્બન્ધિઓની ભગવત્પરાયણતાનુ નિરૂપણ છે, તેથી પરીક્ષિતને બીજશુદ્ધિમા **ચતુર્થ શુદ્ધિ** સિદ્ધ થાય છે [૫]એકાદશ અધ્યાયમા ભગવાને પ્રમાણાદિ કાર્ય સમાપ્ત કર્યું જેથી આગન્તુક દોષનો અભાવ સિદ્ધ થયો એ રીતે પરીક્ષિતના **બીજની પઞ્ચમી શુદ્ધિ** સિદ્ધ થઈ ત્યાર પછી [૬]દ્વાદશ અધ્યાયમા ભગવાને ઉત્તરાના ગર્ભમા ગદાધારી અઙ્ગુષ્ઠમાત્રપુરુષરૂપે પરીક્ષિતને દર્શન આપ્યા અને કાલથી અર્થાત્ બ્રહ્માસ્ત્રના તેજથી આમન્યરૂપ ગદાવડે પરીક્ષિતની પ્રાણરક્ષા કરી । એ રીતે જન્મ સમયે પણ ભગવત્કૃપાથી ભગવદ્દર્શન પરીક્ષિતને થયા અને એની **મુખ્ય ષષ્ઠી જન્મશુદ્ધિ** સિદ્ધ થઈ આ રીતે (૭-૧૨) એમ ષટ્ અધ્યાયથી પરીક્ષિતનો છ પ્રકારની શુદ્ધિવાળો ભાગવતશાસ્ત્રના શ્રવણને યોગ્ય થાય એવો ઉત્તમ દેહ ભગવાને પોતે નિજભક્તસ્વરૂપ પરીક્ષિતને સિદ્ધ કરાવી આપ્યો અને પોતાના નામાત્મક થયેલા શ્રીમદ્ભાગવતશાસ્ત્રનો શ્રોતા, વેદાન્તના બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરનારા શુદ્ધ

જ્ઞાની કરતા કોઈ પણ રીતે ઉતરતો નથી એટલુજ નહિ પરન્તુ તેથી ઉત્કૃષ્ટ છે–એવુ પણ ગૂઢ સૂચન પોતે કરી આપ્યુ છે। એવા શુદ્ધ જન્મવાળા પરીક્ષિત્‌ની ભાગવતશ્રવણ દ્વારા મુક્તિ થવામા પ્રતિબન્ધ ન થાય તેથી પરીક્ષિત્‌ની ત્રણ પેઢીના પૂર્વજોની મુક્તિ પ્રથમ થઈ એમ હવે (૧૩–૧૪–૧૫) ત્રણ અધ્યાય વડે નિરૂપિત કરે છે “પિતૃઓ પ્રથમ મુક્ત ન થાય તો પુત્ર પણ મુક્ત ન થાય” એ શાસ્ત્રવચનનુસાર પરીક્ષિત્‌ના પ્રપિતામહ થયલા એવા ધૃતરાષ્ટ્રની મુક્તિનુ નિરૂપણ ૧૩મા અધ્યાયમા કર્યુ છે, કે જેથી અને પરીક્ષિત્‌ની મુક્તિમા પ્રતિબન્ધ આવે નહિ “કુળમા એક પરમ વૈષ્ણવ ભાગવત વશ્ય ઉત્પન્ન થાય તો તે પોતે તરે છે અને સર્વ પિતૃઓને તારે છે”–એ શાસ્ત્રવચન પણ, આ પરમ વૈષ્ણવ પરીક્ષિત્‌ના સમ્બન્ધથી થયલી અન્યાયી ધૃતરાષ્ટ્રની પણ મુક્તિથી સચોટ હૃદયગત થાય છે ત્યાર પછી ૧૪ મા અધ્યાયમા પાણ્ડવોની મુક્તિમા હેતુરૂપી વૈરાગ્ય ઉત્પન્ન કરનારા ભગવદ્‌ગમનનુ નિરૂપણ છે, ૧૫ મા અધ્યાયમા પરીક્ષિત્‌ના પિતામહ થયલા એવા પાણ્ડવોની સર્વત્યાગપૂર્વક મુક્તિ થવાનુ નિરૂપણ છે પરીક્ષિત્‌ના પિતા અભિમન્યુ તો દૈવી, ચન્દ્રના અંશ હતા, કૃષ્ણ ભાનેજ હતા, તથા યુદ્ધમા જ વીર થઈ મૃત્યુવશ થયા હતા એટલે એમની મુક્તિ તો સિદ્ધ જ થઈ હતી આ રીતે (૧૩–૧૪–૧૫) એમ ત્રણ અધ્યાય વડે ભાગવતશ્રોતા પરીક્ષિત્‌ના પૂર્વજોની મુક્તિનુ નિરૂપણ થયુ ત્યાર પછી ૧૬ મા અધ્યાયમા ભાગવતશ્રોતા પરીક્ષિત્‌ને રાજ્યાધિકારથી પ્રાપ્ત થતા લૌકિક બન્ધની નિવૃત્તિનુ, તથા ૧૭ મા અધ્યાયમા કલિકાલથી થતા બન્ધની નિવૃત્તિનુ નિરૂપણ છે એ રીતે (૧૩–૧૭) એમ પંચ અધ્યાય વડે ભાગવતશ્રોતા પરીક્ષિત્‌ને સર્વત્યાગ-સિદ્ધિ પણ ધ્વનિત થાય છે ત્યાર પછી ૧૮–૧૯ એમ બે અધ્યાય વડે ભાગવતશ્રોતા પરીક્ષિત્‌ને શમીકઋષિ તથા શુક જેવા સત્પુરુષોનો સઙ્ગ થયો ૧૮ મા અધ્યાયમા ઋષિનો સઙ્ગ થયો અને શાપ પ્રાપ્ત થયો તે પણ ભગવત્કૃપારૂપ હતો, કારણકે એ શાપ થયો તો રાજ્યાદિ લૌકિક વિષે પરીક્ષિત જેવા ભાગવતશ્રોતાને અનુકૂળ એવો દૃઢ વૈરાગ્ય સિદ્ધ થયો અને પોતાને શ્રીમદ્ભાગવત શાસ્ત્રનુ શ્રવણ કરવાનો પ્રસઙ્ગ પ્રાપ્ત થયો। તેના પર શ્રીમદ્ભાગવતશાસ્ત્રની અમૃતવૃષ્ટિ થઈ અને શાપ દ્વારા એવા ભાગવતશ્રોતાનો દાહ પણ અલૌકિક રીતે જ થયો ભગવાન્‌ના નિજ વંશ્યો એવા યાદવોને જ્યારે બ્રાહ્મણોના શાપ થયો ત્યારે તેઓ મોહ પામ્યા હતા, તેમ નિજ **ભક્તવશ્ય** મહા ભાગવત પરીક્ષિત્‌ને તો થયુ નહિ। જે બ્રહ્મશાપથી ભગવાન્‌ના **નિજ યદુકુલના યાદવો** મોહ પામી, મદિરાપાન કરી, યાદવાસ્થળી કરી અન્તે વિપરીત રીતે નષ્ટ પામ્યા, તેજ બ્રહ્મશાપથી પોતાના પ્રિય પરમ ભાગવત **ભક્ત પરીક્ષિત્‌ને** તો ભગવાને શ્રીશુક જેવા વિરક્ત, ૩૨ લક્ષણસમ્પન્ન, તથા દૃઢ વૈરાગ્યવાળા પરમગુરુનો સમાગમ પ્રાપ્ત કરાવી શ્રીમદ્ભાગવતરૂપી અપૂર્વ અમૃતવૃષ્ટિનુ શ્રવણદ્વારા પાન કરાવ્યુ। અને પરમફલની પ્રાપ્તિ કરાવી। **એ રીતે ભગવાને પોતે સ્વકીય યાદવો કરતાં પણ પરકીય છતાં નિજ ભક્તના વશ્ય થયલા તથા પરમ ભગવદ્‌ભક્ત થયલા એવા પરીક્ષિત્‌નો ઉત્કર્ષ સિદ્ધ કરાવ્યો છે। પોતાના યદુકુલના વંશ્યો કરતા ભગવદ્‌ભક્ત પર ભગવાન્‌ની કેવી અધિક કૃપા હોય છે, કેવો પક્ષપાત હોય છે તથા ભગવાન્ વેદાન્તના બ્રહ્મજ્ઞાની કરતા પણ ભાગવતના શ્રોતાનો અધિકાર ઉત્તમ છે એમ પોતે કેવી રીતે સિદ્ધ કરે** છે–તે સર્વ આ પરીક્ષિત્‌ના ઉત્તમ અધિકારના નિરૂપણથી સ્પષ્ટ થશે આવુ શાસ્ત્રીય તથા વૈજ્ઞાનિક સ્પષ્ટીકરણ શ્રીધરાદિ કોઈપણ ટીકાકારો કરતા નથી પ્રથમ સ્કન્ધના ત્રણ પ્રકરણથી એટલુ

તો સિદ્ધ થશે જ કે પરીક્ષિત્ યદ્યપિ ક્ષત્રિય રાજા છે, છતા તે ભગવદ્ભક્ત છે, ભગવત્કૃપાપાત્ર છે, સર્વપ્રકારે શુદ્ધજન્મવાળા છે, સર્વ ત્યાગવાળા છે, દૃઢ વૈરાગ્યવાળા છે, શ્રીશુક જેવા વિરલ જ્ઞાનીકે ભક્તના સત્સઙ્ગવાળા છે, તથા ભગવાનને વિષે તેમજ ગુરુમુખે કહેવાતા ભાગવતશાસ્ત્રને વિષે અત્યન્ત શ્રદ્ધાવાળા છે, આદરવાળા છે અને નિરપેક્ષ છે ! તેથી શ્રીમદ્ભાગવતશાસ્ત્રના શ્રોતા તરીકે એમનો અધિકાર અતિ ઉત્તમ છે, જ્યારે બ્રહ્મકુલના પરમજ્ઞાનવૃદ્ધ શૌનકાદિ ઋષિઓ જે અન્યાસક્ત છે, જેમને વક્તા સૂત પ્રતિ યથાર્થ આદર નથી, જેમને-પોતાના બ્રહ્મકુળનું, અને શ્રોત્રિય વૈદિક કર્મનું તથા બ્રહ્મજ્ઞાનનુ અભિમાન છે-તેમનો અધિકાર પરીક્ષિત્ કરતા હીન છે, તેમ જ વ્યાસજી જેવા પરમ જ્ઞાનાવતારે ભગવદ્ગુણગાન કર્યા નથી, તેમ જ પોતે સાક્ષાત ભગવાન્ વિના અન્ય યોગાદિ સાધનોમા આસક્ત છે, કૃતવિષયક ચિન્તાથી ગ્રસ્ત છે, અને દૃઢ વૈરાગ્યવાળા નથી, તેથી તેમનો અધિકાર મધ્યમ કહ્યા છે। એવી જ રીતે યદ્યપિ શ્રીશુકદેવજી, ઉપનયનરહિત છે, દિગમ્બર છે, ષોડશવર્ષના બાલયુવક છે, વ્યાસનન્દન છે, છતા પોતે સર્વોત્કૃષ્ટ દૃઢ વૈરાગ્યવાળા છે, ૩૨ લક્ષણ સમ્પન્ન છે, ભગવદ્ગુણગાન કરવામા કોઇપણ પ્રકારની લજ્જારહિત છે, અને નિષ્કામ, નિરપેક્ષ, તથા પરમાર્થી છે, તેમ જ એમને પરપ્રાપ્તિ થવામા કેવલ ભગવત્કથા જ પ્રતિબન્ધક છે, તેથી એમનો જ શ્રીમદ્ભાગવતના વક્તા તરીકેનો અધિકાર, ત્યા પધારેના વ્યાસ-પરશુરામ, મૈત્રેય ઇત્યાદિ જ્ઞાન, કર્મ ભક્તિનુ પ્રતિપાદન કરનારા સર્વે ઋષિ-મુનિઓ કરતા ઉત્તમ છે, અને એમને જ પરમગુરુનુ ઉચ્ચ આસન પ્રાપ્ત થયુ છે દ્વિતીય મધ્યમ પ્રકરણના વક્તા નારદજીને જીવોને જ્ઞાન આપવાની સત્તા-અધિકાર બાધક છે, તેમજ એમને શુકસમાન દૃઢ વૈરાગ્ય નથી તેથી એમનો અધિકાર શ્રીશુક કરતા મધ્યમ છે તેમજ પ્રથમ હીન પ્રકરણના વક્તા સૂત પૌરાણિક પુરાણાદિનો નામવિક્રય કરે છે તેથી તેમનો અધિકાર વક્તા તરીકે શ્રીશુકની અપેક્ષાએ અતિહીન છે છતા પણ એ પોતે ઉગ્રશ્રવા રોમહર્ષણના પુત્ર હોઇ ભક્ત્યુદ્રેકવાળા છે તેમજ એમણે શ્રીશુકમુખે ભાગવતનુ શ્રવણ કર્યું છે તેથી જો કે પોતે હીનજાતિના છે-વૈદિક જ્ઞાનના અનધિકારી છે, તોપણ તેમને બ્રહ્મકુલના જ્ઞાનવૃદ્ધ પરમઋષિ શોનકાદિની સભામાં વક્તા તરીકે ઉચ્ચ બ્રહ્મસ્થાન પ્રાપ્ત થયુ છે

આ પરીક્ષિત્ કરતા પણ વિદુર જેવા શૂદ્ર દાસીપુત્રનો અધિકાર ભાગવતશ્રવણને માટે ઉત્તમ છે, કારણ કે વિદુરજી પોતે સર્વથા લોકમા વિરક્ત હતા, ભાગવતના કથનમા અસમ્ભાવના-વિપરીતભાવનાથી રહિત હતા, અને તીર્થાદિ કરી શુદ્ધ અન્તઃકરણવાળા ભગવદ્ભક્ત છે, તેથી એમનો ભગવાનની એક જ લીલાનુ એક જ વાર શ્રવણ થવાથી તે સત્વર ભગવત્પદને પ્રાપ્ત થયા એમ તૃતીય સ્કન્ધમા નિરૂપણ થશે પણ ઉત્તમ અધિકાર, પરમભાગવત ઉદ્ધવજીનો છે, કે જે જ્ઞાની ભક્ત હતા, ભગવાનની સમીપમાં સ્થિતિ કરતા અને એવા તો ભગવત્કૃપાના પાત્ર હતા કે ભગવાને પોતાના તિરોધાન સમયે તેમને પોતાની સમીપમા રાખી તેમની સર્વશઙ્કાનો નિરાસ કરી તેમને સર્વ પ્રકારનુ સાંખ્યયોગાદિનુ જ્ઞાન આપ્યુ તેમ જ તેમને અન્તે આશ્વાસન આપી ભૂતલ પર સ્થિતિ કરતા વર્તમાન તથા ભાવિભક્તોનુ પરમ શ્રેય કરે એવા અતુલ ભાગવત જ્ઞાનનો વારસો સોંપ્યો હતો જે ભાગવત જ્ઞાનનો પ્રચાર તેમણે ભગવદાજ્ઞાથી વિદુરમૈત્રેયાદિ ભગવદ્ભક્તોમા ભગવાનની તિરોધાનદશામા ભૂતલપરના જીવોના કલ્યાણ અર્થે કર્યો। ભગવાન્ તથા એમના ભક્તો પોતે ભગવાનની તિરોધાનદશામા સંસાર તરવાને શ્રીમદ્ભાગવતના જ્ઞાનરૂપી ઉડુપ (હોડકુ) મૂકતા ગયા છે, જેનો આશ્રય જો કલિકાલના જીવોએ એક અનન્ય, સુકર, તથા નિર્ભય ઉપાય સમજી અવશ્ય લેવો જોઇએ

આવા ઉદ્ધવજી કરતાં પણ ભાગવતને વિષે અત્યુત્કૃષ્ટ અધિકાર અધિક સ્ત્રીજાતિના વ્રજસીમન્તિની શ્રીગોપીજનોનો છે કે જેમણે પોતાના સમાજમા ભગવાનના પરમ વિપ્રયોગરસમા નિમગ્ન થઈ, તત્પકલેશ નિવૃત્ત કરવા ભગવલ્લીલાનુ તથા ભગવદ્ગુણાનુવાદનુ વારવાર કથન કર્યું। ભગવાનને વશ કર્યા। અને ભગવાન્ શ્રીકૃષ્ણને વિષે અમર્યાદ, તથા સ્વતત્ર પ્રેમભક્તિ પ્રકટ કરી પુષ્ટિમાર્ગીય ગૂઢ સ્ત્રીભાવાત્મક તત્ત્વનુ દિગ્દર્શન કરાવ્યુ।

આ પ્રકારનુ ભાગવતનું ભાગવતત્વ છે કે જેમા જેમ જેમ જીવોને જાતિથી, જન્મથી, કુલથી, ગુણથી, સસ્કારથી, તપથી, અર્થાત્ કોઇ પણ પ્રકારના અધિકારની દૃષ્ટિથી હીનત્વનુ **ભાન થાય**, તેમ તેમ શ્રીમદ્ભાગવતમાર્ગને માટે તે જીવોની **ઉત્તમ યોગ્યતા** સિદ્ધ થાય છે એ ભાગવતની એવી તો સર્વોદ્ધારક ઉદાર વૃત્તિ છે કે સ્ત્રી, શૂદ્ર, તથા તેથી પણ અધમ એવા ચાણ્ડાલ, અસુર, પશુ, પક્ષી, તથા વૃક્ષ ઇત્યાદિ કોઇ પણ યોનિના જીવનો–સક્ષેપમા પ્રાણિમાત્રનો ઉદ્ધાર એ માર્ગમા થઇ શકે છે। શ્રીમદ્ભાગવતના આવા સર્વોદ્ધારક સામર્થ્યનુ પ્રાકટ્ય, શ્રીમાન્ વલ્લભાચાર્યજીએ નિર્ભયતાથી, પ્રામાણિકપણે, પરિશ્રમ લઇને કર્યું છે। જે સ્ત્રીશૂદ્રાદિનો વૈદિક માર્ગમા, સ્વતત્ર અધિકાર ન હતો. અને જેમને પોતાના ઉદ્ધાર અર્થે કેવલ ત્રૈવર્ણિકોની જ સેવાને અધીન રહેવુ પડતુ હતુ, તેવા નિ સાધન સ્ત્રીશૂદ્રાદિ જીવોને પણ શ્રીમાન્ વલ્લભાચાર્યજીએ પરમકૃપાળુ થઇ ભાગવતમાર્ગ, ભગવત્સેવામાર્ગ, તથા ભગવત્પ્રપત્તિમાર્ગ પ્રકટ કર્યો અને એક અપૂર્વ આચાર્ય થઇ પોતાનુ મહોદાર ચરિત્ર પ્રકટ કર્યું।

રસ તથા રસાભાસ.

શ્રીમાન્ વલ્લભાચાર્યજીએ જ અપૂર્વ રીતે **ભગવદ્રસ તથા રસાભાસનુ તારતમ્ય** વિદ્વજ્જનોને તથા સસારના ભ્રાન્ત જીવોને જેવુ સમજાવ્યુ છે એવુ કોઇએ સમજાવ્યુ નથી! એમના શ્રીમદ્ભાગવતના શ્રીસુબોધિની દશમ સ્કધના રાસપચાધ્યાયી તથા અન્ય નિબન્ધાદિ ગ્રન્થોનો અભ્યાસ કરવાથી એમ સ્પષ્ટ પ્રતીત થશે કે રસ નામનો પદાર્થ ભગવાન્ શ્રી કૃષ્ણને વિષે છે અને તેના ભોક્તા પણ ભગવાન્ શ્રીકૃષ્ણ જ છે, લૌકિક જીવો નાયકનાયિકાભાવે કદાપિ રસભોગ કરી શકતા નથી ઉલટા તેઓ રસાભાસમા લપટાઈ દુ ખાત્મક સસારમા ફસાય છે। લોકોને વિષયાત્મક રસાભાસથી નિવૃત્ત કરવા શ્રીમાન્ વલ્લભાચાર્યજી, સાક્ષાત્ મદનના પણ મન્મથ એવા, તથા કોટિકન્દર્પલાવણ્યમય ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરવાનો સર્વ જીવોને ઉપદેશ કરે છે સ્ત્રીઓને તો પતિના પણ પતિ એવા અલૌકિક ભગવાન્ શ્રીકૃષ્ણની સેવામા અગ્રસ્થાન આપે છે નિ સાધન સ્ત્રીઓ તરફ તથા અન્ય હીન જીવો પ્રતિ આવી ઉદાર વૃત્તિ તથા માન્યબુદ્ધિ, શ્રીમાન્ વલ્લભાચાર્યજી વિના કોઇ પણ આચાર્ય દર્શાવતા નથી આધુનિક વાતાવરણના પ્રશ્નો પર પ્રકાશ કરે તથા તેમનો ઉકેલ કરે એવા અનેક ગર્ભિત સૂચનો આચાર્યશ્રી પોતાના શ્રીસુબોધિન્યાદિ ગ્રન્થોમા કરે છે જેમકે 'સ્વારાજ્ય' કોને કહેવુ? બ્રાહ્મણત્વ, ક્ષત્રિયત્વ, ઇત્યાદિ જાતિ છે કે દેવતા છે? હિમાલય પ્રતિ જ શામાટે દેહત્યાગ કરવા જવુ? ઇત્યાદિ 'સ્વારાજ્ય પ્રાપ્ત કરવુ એટલે સ્વ–અર્થાત્ પરબ્રહ્મ એવા ભગવદ્વિષયક આન્તર રાજ્યમા નિમગ્ન રહેવુ એટલે કે પરબ્રહ્મ એવા ભગવાન્ શ્રીકૃષ્ણને વિષે સમાધિ કરી ચિત્તનુ તેમને વિષે ભીતર પરોવણુ કરવુ આ પ્રકારનુ સ્વારાજ્ય જીવોને અને વિશેષત બ્રાહ્મણોને મુખ્ય હોવુ જોઇએ એ સ્વારાજ્યમા જીવો નિજ સ્વરૂપવડે આન્તર ભગવત્સેવામા નિમગ્ન થઇ આનન્દી થાય છે એ આન્તર સ્વારાજ્ય પ્રધાન હોવુ જોઇએ અને તેના અઙ્ગરૂપે તેને અનુકૂલ થાય એવુ દેહ–પુત્ર–સ્ત્રી, તથા વિત્ત

ઇત્યાદિ વિષયનુ તથા તેમની રક્ષા કરનારા નૃપતિનુ બહીરાજ્ય હોવુ જોઇએ આ બહીરાજ્ય, એ આન્તરના સ્વારાજ્યને પ્રતિકૂલ તો સર્વથા ન જ હોવુ જોઇએ આ પ્રકારે શ્રીમાન્ વલ્લભાચાર્યજી જીવોનો ઉદ્ધાર કરે એવા સ્વારાજ્ય વિષે વિવેચન કરી રહ્યા છે (૧)

'બ્રાહ્મણત્વ, ક્ષત્રિયત્વ-ઇત્યાદિ નામની કોઇક દેવતા છે અને તે ઉપનયનાદિ સસ્કારથી તે તે દેહમા આવે છે પરન્તુ જો તે બ્રહ્મત્વ, રક્ષિતૃત્વ ઇત્યાદિ ગુણોનુ યથાર્થ પાલન કરવામા આવે તો જ તે દેવતા પ્રસન્ન થઇ, તે તે દેહમા સ્થિતિ કરે છે નહિ તો એ દેવતા તિરોભૂત થાય છે ઉપનયનાદિ સસ્કારના નામમાત્રથી એ દેવતા સ્થિતિ કરતી નથી બ્રાહ્મણત્વ-ક્ષત્રિયત્વ ઇત્યાદિ જાતિ નથી અર્થાત્ તે તે જાતિના જીવોએ પોતાની દેવતા પ્રસન્ન થાય એવા તે તે ધર્મોનુ પાલન કરવુ જોઇએ એમ ન થાય તો કેવલ ક્ષત્રબન્ધુ, બ્રાહ્મણબન્ધુ, વૈશ્યબન્ધુ એમ બ્રાહ્મણાદિ નામનો આભાસ માત્ર રહે છે " (૨)

" હિમાલયની ભૂમિ કૃમિસમ્બન્ધથી રહિત છે, અને સત્વર દેહત્યાગ કરાવે એવી સામગ્રીવાળી છે તેથી એ ભૂમિમા દેહત્યાગ કરવાથી જીવહિંસાનો દોષ પ્રાપ્ત થતો નથી, જ્યારે અન્ય ભૂમિમા કૃમિનો સમ્બન્ધ થવાથી હિંસા થાય છે જેમ વીરરસથી આવિષ્ટ થયેલા જીવો યુદ્ધમા શૂરવીર થઇ મૃત્યુને ઇચ્છે છે, તેમ વૈરાગ્યરસથી આવિષ્ટ થયેલા જીવો હિમાલયના સ્થાનમા નિવાસ કરી સત્વર મૃત્યુ લેવાની હિમ્મત કરે છે " (૩)

આચાર્યશ્રી આવી રમ્ય જિજ્ઞાસા ઉત્પન્ન કરી તેને યથાર્થ રીતે શાન્ત કરે છે શ્રીમદ્ભાગવતશાસ્ત્ર પર આ પ્રકારે અત્યુત્તમ ભાષ્ય, નિબન્ધ તથા ટીકાઓ લખી એક અપૂર્વ શ્રીમદ્ભાગવતને કેવલ સામાન્ય પુરાણની કક્ષામાથી દૂર કરી વેદસમ્મિત, સર્વોદ્ધારક તથા પરમફલદાયક શાસ્ત્રની કોટિમા સ્થાન આપવાનુ અનુપમ માન અદ્યાપિપર્યન્ત કેવલ આપણા શ્રીમાન્ વલ્લભાચાર્યજીને જ છે! આપણે સામ્પ્રદાયિકોએ તો અવશ્ય એમણે અતિ પરિશ્રમ લઇ આવા પ્રકટ કરેલા ગ્રન્થોનુ સેવન કરી કૃતાર્થ થવુ જોઇએ!

भरुच निवासी

जगजीवनभाईकृत पद.

॥ राग भैरव ॥

१

मोहनवर गोकुलपति गोकुलेश कहीए ॥
एसे प्रभु पाय अब ओर कहा चहीए ॥ टेक ॥
भक्ति, आनंद ज्ञान, देत सदा इनका वान,
मनमें तु निश्चेकर एहि काज़ लहीए ॥ १ ॥

पुष्ट पुष्ट पुष्ट लीला,गोकुल ओर जमुनात्रट,भक्तनके जुथसंग,
सोई ध्यान ग्रहीए ॥
जगजीवन, वल्लभदासके प्रभु, दान मोही चरण कमल,
ताते सब पाइऐ ॥ २ ॥

॥ राग भैरव ॥

२

श्रीगोकुलेशजीके, चरणकमलको, मोहि भरोसो हे निशदीन ॥
महदभक्तकी कान विचारो, संग मिलायके होव प्रसन्न ॥१॥
भगवदी गोकुलभाइजुको, भ्रगुपुरवासी जे हे धन्य ॥
स्वरूप रसात्मिक इनते में मान्या, इनका लाली हे अवछिन्न ॥२॥
लौकिक संबंधतें अलौकिक पायो, तामे कहत कछु नाहिन न्यून ॥
हृदयकमलमें रह्यो आय वसी, ताको साखी मेरो हि मन ॥३॥
याहि सुखमें रहुं निरंतर, एहि सेवा ओर एहि भजन ॥
कहे जगजीवन वल्लभदासके प्रभु,साधन विन फल भयो हे संपन्न॥४॥

३

॥ राग भैरव त्रिताल ॥

श्रीगोकुलेश यह नाम, रसना तुं आठो जाम, अंतरमें रहेरे ॥
पटतर नहि आन कोउ, जान कोन कृपाहुते आयो तर वटरे॥१॥
एहि ध्यान एहि ज्ञान, नख सिखरसरूपजान राजत श्रीगोकुलमें
जमुनाके त्रटरे ॥ २ ॥
पातिव्रत धर्मटेक, वाको तुं कर विवेक, श्रीमुखतें वचन कह्यो
तामें मन ठठरे ॥ ३ ॥
कहे जगजीवन वल्लभदासके प्रभु,पुरंगे मनोरथ सब सुधो राख घटरे॥४

४

॥ राग होडी ॥

तेरोई सुमरण, तुंई जीवनफल, तेरे गुन गाईए।
तेरोई आनु ध्यान, तुंइ प्राणपोषण, तेरोई कहाइ अब, कोनको कहाईए ॥ १ ॥
तुहि मनव्रत जान, तुहि सब विधि सुजान, तुहिहे रसिक खाण भक्तन सुखदाईए ॥
कहे जगजीवन वल्लभदासके प्रभु, तुमबिन अब मोहिकु ओरन सोहाईए ॥ २ ॥

५

॥ राग बिलावल ॥

प्रीत करीए श्रीवल्लभप्रियसों ॥ महदभक्त मेरे माथे राजे, दृढचित स्थिर इंद्रियसों ॥ १ ॥
चरणकमल तोय दीने कृपा करी याको जतन करीए जीयसों ॥
कहे जगजीवन वल्लभदासके प्रभु सदा सर्वदा भक्त स्वकीयनसों ॥२॥

६

॥ राग आशावरी ॥

जूलत पालने विठ्ठलनंद ॥ श्रीवल्लभप्रिय प्रकटे पूरनचंद ॥
भक्तरसिक मिली झोटा देतहे किलकत कोटी आनंद ॥ १ ॥
श्रीमुख निरखी मन हरखे फेलि रह्यो मकरंद ॥ २ ॥
कहे जगजीवन वल्लभदासके प्रभु अकल कला रस छंद ॥ २ ॥

७

॥ राग जेतश्री ॥

सब मिलि भक्त नाचे मनमें राचे ॥ प्रेम मगन कछु कहत न वाचे ॥
रानी रुकमनि ढोटा जायो, मोहनभाई यों कहिके गायो, आनंदसो ऊर अंतर साचे ॥ १ ॥

श्री विट्ठलग्रह वजत वंधायो, नरनारि मिले मोद वढायो, देत
अपनपों नेक न खांचे ॥
कहे जगजीवन वल्लभदासके प्रभु, संगस्वरूपमई व्हे रस माचे ॥२॥

८

॥ पद ॥

दादा नारायणजीको घर सगरी सृष्टिमें कीयो सिरमोर ॥
परम अनन्य जे भरूची कहीए इन समान कोउ नाहिन ओर ॥१॥
श्रीसुखसो कह्यो अपनो लगतोईहे मोहनभाईकी दिखाई गेर ॥
कहे जगजीवन वल्लभदासके प्रभु, करी पाए जेसे मोहोर ॥ २ ॥

९

॥ राग सारग ॥

श्री वल्लभप्रिय रत्नसिंघासन वेठेहें देखो चित्तविचार ॥
कोन स्वरूप कोन लीला एहे रे मन समज ए रूपनिरधार ॥ १ ॥
भक्त रसिकके जुथ अपरमित ताको कहांलगी कहुं विस्तार ॥
कृपाहेत, इच्छा समजे, मनोरथ पूरे तिनके निरधार ॥ २ ॥
भवसागरमें पुष्टमारगकी स्वकीय हित बांधी हे पार ॥
नरनभेद बुद्धि, करे प्रभु जिनकी वाकों सुझत हे तिहिंवार ॥ ३ ॥
महदभक्तको दान होयतो प्रीत स्नेह रंग वढे अपार ॥
कहे जगजविन वल्लभदासके प्रभु कारनरसजुत प्रकटे सभार ॥ ४ ॥

१०

॥ राग खमायची ॥

श्रीवल्लभप्रिय वेठे तवकडी अंतरंग संग करत विनोद ॥
सामग्री नानाविधि कारिके परोसत वहुजी प्रेम प्रमोद ॥ १ ॥
मेवा मिठाई दूध मलाई फेली रह्यो रसको आमोद ॥
कहे जगजीवन वल्लभदासके प्रभु देत प्रसाद भकन भरी गोद ॥२॥

११

॥ राग कान्हरो ॥

श्रीवल्लभलाल तबकडी बेठे आरोगत नौतन विधि भोग ॥
मोहनवर गोकुलपति संगे भक्त रतनकी सब संजोग ॥ १ ॥
सीरापुरी ओर कचोरी तातो पय सुरनको संजोग ॥
मेवा मिश्री ओर वासोंधी शाक संधाना करि उपयोग ॥ २ ॥
यह सेवामें तत्पर बहुजी मनव्रत जाणी करे विनियोग ॥
लेत लेवावत अतिसुख पावत यह सुख निरखत व्रजजन लोग ॥३॥
करो जलपान आरोगो राज बीडा दीयो हरस टाल्यो विप्रयोग ॥
कहे जगजीवन वल्लभदासके प्रभु पायो प्रसाद गयो सब रोग ॥४॥

સંવત્સરોત્સવનિર્ણય.

સંવત્ ૧૯૪૫ મા ચૈત્ર અધિક માસ હતો ત્યારે સંવત્સરોત્સવ સંબંધે ચર્ચા થઈ હતી પંચાંગોમા નિર્ણયસિન્ધુમા લખ્યા પ્રમાણે અધિક ચૈત્ર સુદિ ૧ નો સંવત્સરોત્સવ લખાય છે તે કોઈ વિદ્યાર્થીએ ભા મા પં ગટ્ટુલાલજી પાસે વાચ્યો હશે તેના ખ્યાલ ઉપરથી પંડિતજીએ પોતાની ઉત્સવની ટીપમા અધિક માસમા સંવત્સરોત્સવ લખી નાખ્યો અને ટિપ્પણીના છેવટના ભાગમા વ્રજભાષામાં એનાજ સમર્થનમા થોડું લખ્યું તે સમય તેનો પ્રત્યુત્તર ગો શ્રીનૃસિંહલાલજી મહારાજ તરફથી પ્રકટ થતી તે સાલની ટિપ્પણીમા આપવામા આવ્યો હતો તદુપરાંત કોટાવાળા ગોસ્વામિ શ્રી કન્હૈયાલાલજી મહારાજ જેઓ તે સમયમા સંપ્રદાયમા અદ્વિતીય વિદ્વાન્ હતા તેમણે સપ્રમાણ સંસ્કૃતમા તત્સંબંધે લેખ લખી ગોસ્વામિશ્રીનૃસિંહલાલજી મહારાજ ઉપર મોકલ્યો હતો તેમજ કોટાના રાજાના માનિતા મથુરાવાળા જ્યોતિર્વિંદ કેશવદેવજી પાસે પણ તત્સંબંધે એક લેખ લખાવીને મજકુર મહારાજશ્રીએ ગોસ્વામિશ્રીનૃસિંહલાલજી ઉપર મોકલાવ્યો હતો તે બન્ને લેખો તે સમયે તો પ્રકટ ન કર્યા પણ સંવત્ ૧૯૬૪ મા પાછો તેવો પ્રસંગ આવ્યો ત્યારે નૃસિંહલાલજી મહારાજની ટિપ્પણીમા એ બંને લેખોનો ઉલ્લેખ કરેલો છે એ લેખ કાલે કરી તિરોધાન થશે એવો ભય થવાથી આ લેખના અંતમા તેમનો એક લેખ (ગો શ્રીકન્હૈયાલાલજીનો) પ્રકટ કર્યો છે તેની મૂલ પ્રત અમારી પાસે છે જેના ઉપર ટપાલની છાપ તે સમયની મોજુદ છે આજે તો કોટાની તે મહારાજની ગાદી ઉપર બીજા ગોસ્વામિબાલકને દત્તક લેવામા આવ્યા છે પરંપરા, શિષ્ટાચાર તથા સાંપ્રદાયિક સિદ્ધાંતનુ કાલબલથી પરિવર્તન થવા લાગ્યુ છે તેથી મનને આશ્ચર્ય સાથે ક્ષોભ થાય છે હાલમા કોટામાથી એક ટિપ્પણી પ્રકટ થવા લાગી છે તેમા અધિક ચૈત્ર સુદિ ૧ નો સંવત્સરોત્સવ લખ્યો છે તે શ્રીકન્હૈયાલાલજીના મન્તવ્ય તથા શિષ્ટ પરંપરાથી વિરુદ્ધ છે કારણ કે તેમના ઘરમાં તે ઉત્સવ શુદ્ધ માસમા ૧૯૪૫ મા થયેલ તેનો દાખલો

કચેરીને ચોપડેથી જોયો હોત તો મળી શકત, કારણ કે શ્રીપાસે પંચાંગ વંચાય તેની દક્ષિણા બ્રાહ્મણ વાંચનારને મળે તે ચોપડે લખેલી હશે તેમજ શ્રીરણછોડલાલજીના સમયમાં ૧૯૬૪માં પણ પંચાંગની દક્ષિણા ચોપડે ઉધારી હશે. તે પોતાના ઘરમાં પરંપરાના સાધનો છતાં તે ન જોતાં, તેનો વિચાર પણ ન કરતાં, નિરંકુશ સ્વસત્તાના બલે પ્રાચીન શિષ્ટ સંપ્રદાયનો બાધ કરે તે જોઇ કયો વૈષ્ણવ દિલગીર થયા વિનાનો રહે? એ પ્રમાણે મુંબઇ મોટામંદિરમાં વિદ્વાનોની સભા બોલાવી તેમાં બ્રાહ્મણોએ દક્ષિણા સ્વીકારી અધિક ચૈત્ર સુ ૧ નો સંવત્સરોત્સવ કરવાની સંમતિ આપી એ પણ વૃથા ચેષ્ટા જેવું ગણાય શાસ્ત્રીય બાબતમાં તો પ્રમાણથીજ કામ લેવું જોઇયે ઝાઝા બ્રાહ્મણો વગર પ્રમાણનું બોલે તે મનાય નહિ સપ્રમાણ લેખ એક જણનો હોય તોપણ તે માન્ય ગણાય છે તેથી જ મહાનિબન્ધકાર હેમાદ્રિ જેવાનું ખંડન નિર્ણયસિંધુકાર કરે છે તેમ જ મયૂખમાં સંક્રાન્તિના નિર્ણયમાં નીલકંઠ પોતાના પિતાના લેખને માન્ય ન કરતાં યોગ્ય વ્યવસ્થા નિષ્પક્ષરીતિથી કરી ગયા છે એ પ્રમાણે સનાતનધર્મનિર્ણયો સદા કાલ થતા આવ્યા છે આજકાલ તો ગુરુજીનો પક્ષ અથવા સાળા બનેવીનો પક્ષ લઇ શાસ્ત્રીય સિદ્ધાન્તને બાજુ મૂકવાનો રીવાજ પડી ગયો છે. તે તો સનાતન ધર્મમાં રહીને સનાતન ધર્મને સમુલોન્મૂલન કરવાનો પ્રયત્ન થયો કહેવાય તા ૧૫મી માર્ચના હિંદિ બંગવાસીમાં પંજાબ સનાતનધર્મવિદ્વત્પરિષદ્ તરફથી માધવાચાર્યજી નવાવર્ષનો આરંભ શુદ્ધ ચૈત્ર સુ ૧ નો કરવાનું લખે છે, તથા તા ૧૪ મી માર્ચના ગુજરાતીમાં ડેક્કન કૉલેજના સંસ્કૃત પ્રોફેસર અને પુષ્ટિમાર્ગના અદ્વિતીય પંડિત ગ. શા. મગનલાલ ગણપતિરામ શાસ્ત્રી એમ. એ. એમણે પણ સ્પષ્ટ લખેલ કે શુદ્ધ ચૈત્ર સુદિ ૧ ને દિવસે જ સંવત્સરોત્સવ તથા વર્ષારંભ થશે આ બધા લેખો સ્પષ્ટ છે તેમજ શિષ્ટાચારપરિશુદ્ધિમાં સં. ૧૯૬૪ ની ઉત્સવની ટિપ્પણીમાં શ્રીનાથજીના અસલ મુખ્યાજી સાચોરા મુરલીધરજીના ભત્રિજા ગોપીનાથજીનો લેખ છપાઇ ગયો છે આ સાલની ટિપ્પણીમાં શ્રીરાધાકેશજીનો લેખ પ્રકટ થયો છે તેમાં નાથદ્વારીય ટિપ્પણીના લેખનો તથા નિર્ણયસિન્ધુના મર્મને ખોલેલ છે આ લેખનો કોઇ ઉત્તર આપનાર ઉભા થશે તો અધિક ચૈત્ર સંબંધી સ્વતંત્ર નિર્ણયરૂપ નિબન્ધ પ્રકટ કરવામાં આવશે તેમાં પ્રાચીન તથા અર્વાચીન નિબન્ધોની મીમાંસા પ્રકટ કરવામાં આવશે

લેખક—**પંડિત પન્નાલાલ શર્મા**

पुष्टिमार्गीय कीर्तनकारोने अलभ्य लाभ.

સંગીતકીર્તનમઞ્જરી—આ ગ્રન્થમાં પુષ્ટિમાર્ગીયપ્રણાલિકાનુસાર મઙ્ગલાથી આરમ્ભીને શયનપર્યન્તના ઉત્સવોની વધાઇ હોરી વગેરે કીર્તનો હાર્મોનિયમમાં વગાડવા નોટેશન સહિત આપ્યા છે, તેમ જ દોકડ (પખવાજ) બનાવવાનું શિક્ષણ મળે તેની પણ સમજુતી ભિન્ન ભિન્ન ૩૦ રાગના ૮૦ નોટેશન તાલમાત્રાસહિત આપેલી છે ભિન્ન ભિન્ન કીર્તનોથી પૂર્ણ આ ગ્રન્થ સર્વમાં અદ્વિતીય જ છે ન્યોછાવર રૂ ૨-૦-૦ ટપાલ ખર્ચ ૦-૬-૦ જુદું લખો—

ભગવાનદાસ નારાયણદાસ કોટડાવાળા
મુ. ધંધુકા (જીલ્લે અમદાવાદ)

कोटास्थप्रथमपीठाध्यक्षविद्वदग्रगण्यश्रीमदाचार्यवंशावतंसगोस्वामि-
श्रीविट्ठलनाथजी (श्रीकन्हयालालजी) महाराजकृत–

चैत्राधिमासविषयकलेखः।

श्रीकृष्णाय नमः।

अथ संवत्सरोत्सवनिर्णयः।

श्रौतस्मार्तक्रियाः सर्वा द्वादशे मासि कीर्त्तिताः। त्रयोदशे तु ताः सर्वा निष्फला इति कीर्त्तिताः॥ तस्मात्त्रयोदशे मासि कुर्यात्ता न कथञ्चन॥ मालिम्लुचस्तु यो मास. सर्वकर्मविगर्हितः। वर्जितः पितृदेवाभ्यां सर्वकर्मसु तं त्यजेत्॥ षष्ट्या तु दिवसैर्मासः कथितो वादरायणैः। पूर्वमर्द्धं परित्यज्य कर्त्तव्या चोत्तरे क्रिया॥ सवितृमण्डलमेति यदा शशी तदनुसङ्क्रमणं कुरुते रविः। मखमहोत्सवनाशकरस्तदा मुनिवरैः कथितोधिकमासक.॥ इति ब्रह्मसिद्धान्ते। मरीचिः 'गृहप्रवेशगोदानस्थानाश्रममहोत्सवान्। न कुर्यान्मलमासे तु'। इत्यादिप्रमाणशतकेन संवत्सरोत्सवः शुद्धचैत्र एव कार्य इति राद्धान्तः। न च शुक्रास्तादाविव मलमास एव कार्य इतिवाच्यम्। मलेनन्यगतिं कुर्यान्नित्यां नैमित्तिकीं क्रियामिति वाक्येनानन्यगतिकस्यैव मले विधानात् शुद्धप्रतिपदन्तरस्य सत्त्वेन सगतिकत्वान्नास्य विधानं युक्तम्।

अत्र मासानां मलं मलमास इति राजदन्तादित्वात्समासः। तथा 'चैत्रे मासि जगद्ब्रह्मा ससर्ज प्रथमेहनि' इतिवाक्येन प्रथमेहनि जगत् ससर्ज तदान्येषां मासानामभावात् तेषां मलासंभवेन शुद्धे मास एव ससर्ज। अत. शुद्ध एव वत्सरारम्भः कार्यः। एवमेव

'वत्सरादौ वसन्तादौ बलिराज्ये तथैव च। तैलाभ्यङ्गमकुर्वाणो नरकं प्रतिपद्यते' इति वाक्ये वत्सरादौ तैलाभ्यङ्गस्योक्तत्वात् यस्मिन् दिने वत्सरारम्भस्तदैव तैलाभ्यङ्गः तस्मिन्नेव दिने यो वारः स वर्षेशः चैत्रसितेतिवाक्यात्। नापि 'प्रतिपत्प्रथमा भवे'दिति वाक्येन प्रथमा या मलमासस्य प्रतिपत्तामादातुं क्षमः। शुद्धमासे सिते पक्षे प्रतिपद्द्वये जाते प्रथमायाः विधानेन चारितार्थ्यात्। यत्त्वधिमासे नित्यनैमित्तिककृत्यस्य निषिद्धत्वात् कथं वत्सरारम्भः कार्य इति शङ्कोत्थाने तिथ्यादिसम्बन्धिनित्यनैमित्तिककार्यस्य निषेधाभावान्मलमासे तत्करणे न कोपि दोष इत्युक्तं तत्र जाबालिसम्मतिरप्युक्ता। 'नित्यं नैमित्तिकं कुर्यात् श्राद्धं कुर्यान्मलिम्लुचे। तिथिनक्षत्रवारोक्तं काम्यं नैव कदाचन' इति तत्र ब्रूमः। इतरमासवत्सकलकार्यजातस्य प्रसक्तौ केषां कर्त्तव्यत्वं केषामकर्त्तव्यत्वमिति सन्देहे नित्यं नियमेन कर्त्तव्यतयावगतमग्निहोत्रादिकं सन्ध्यादिकं च कुर्यात्। नैमित्तिकमग्नये पथिकृते पुरोडाशमष्टाकपालं निर्वपेदिति दर्शपूर्णमासातिपत्तिनिमित्तकपथिकृदिष्ट्यादिवद्यत्कर्म तत्कुर्यादित्यर्थः। यद्येते नित्यनैमित्तिकपदे न विशिष्येते तर्हि सन्ध्यावन्दनादीनां तिथ्याद्युक्तत्वाभावादकरणापत्तिः स्यात्। तस्मान्न तिथ्याद्युक्तपदेन तयोर्विशेषणं क्रियते। तथा श्राद्धस्यापि नित्यनैमित्तिकत्वेन प्राप्तौ पृथगुपादानं गोबलीवर्दन्यायेन तद्दार्ढ्यार्थं नित्यनैमित्तिकत्वावच्छेदकावच्छिन्नत्वेन तिथिनक्षत्रवारोक्तनित्यनैमित्तिकयोर्नियतत्वेन तिथिनक्षत्रवारोक्तपदस्य वैयर्थ्यमायाति व्यर्थीभूय कुर्यादिति पदेनान्वितं तन्नैव कदाचन इति निषेधेन्वेति। यदि तिथिनक्षत्रवारोक्तपदस्य नियमविधिप्रविष्टत्वं तर्हि श्राद्धं कुर्यादितिवत् तिथिनक्षत्रवारोक्तं

कुर्यादित्युपात्तं स्यात्। तच्च न दृश्यते । अतः पूर्वोक्तप्रमाणानुरोधेन निषेधकोटिप्रविष्टत्वमावश्यकमन्यथा मखमहोत्सवनाशकर इत्यादीनि प्रमाणानि अपि भ्रातृव्यतां जुषेरन् । तस्मात्संवत्सरारंभः पूर्वमासे न भवितुमर्हतीति शुद्धचैत्रशुक्लप्रतिपद्येव कार्य इत्येव राद्धान्तः सम्प्रदायसिद्धोऽक्षुण्ण इति ।

किञ्च । ज्योतिःसिद्धान्तकरणग्रन्थोक्तरीत्याप्यधिमासो मीनार्कान्तःपाती पूर्ववर्ष एवापततीति न तस्य वर्षारम्भकत्वम् । तन्निर्णयश्च मथुरावास्तव्यदैवज्ञकेशवदेवलिखितलेखे द्रष्टव्यः । 'सोन्तर्भवति चोत्तरे' इति तु नार्षं वचः इति निर्णये अस्य वचनतयोल्लेखोऽन्याय्य एव । माधवीयकालनिर्णये ग्रन्थार्थसङ्ग्रहकारिकासु माधवकृतासु 'चान्द्रोधिमासोऽसङ्क्रान्तः सोन्तर्भवति चोत्तरे' इति पाठोपलब्धेः सोधिमास उत्तरमासेन्तर्भवति उत्तरमासनाम्ना व्यवह्रियते इत्यर्थः इति तद्व्याख्योपलब्धेश्च । अत्र अन्तर्भावोपि माससंज्ञागत एवाभिप्रेतो न तु मासगतः । तत्त्वे तु पूर्णिमोत्तरं तत्प्रवृत्तेर्वाच्यत्वात् 'षष्ट्या तु दिवसैर्मासः कथितो वादरायणैः पूर्वमर्द्धं परित्यज्य कर्त्तव्या चोत्तरे क्रिया' इति वचनेपि मासशब्दस्य माससंज्ञापरत्वमेव । अत एव 'मीनादिस्थो रविर्येषामारंभः प्रथमक्षणे । भवेत्ते द्वे चान्द्रमासाश्चैत्राद्या द्वादश स्मृता ॥' इति व्यासवचनेपि द्वादशपदं संगच्छते । एतावतापि न चैत्राधिमासस्य वर्षारंभकत्वं वक्तुं शक्यते। नहि नामसादृश्ये तदधिकाराः सर्वे तं समाश्रयन्तीति नियमः। चैत्रत्वमप्येतत्पाक्षिकमेव । वचने तुवादरायणपदाभ्यां पक्षान्तरे तस्य फाल्गुनत्वमव्याहतमेवेति द्योत्यते। तेन शुद्धचैत्रप्रतिपद्येव वर्षारम्भः तत्प्रयुक्तं सर्वकार्यजातं च कार्यमिति निरर्गलो राद्धान्त इति शम् ॥

કોટામા બિરાજતા પ્રથમપીઠાધીશ વિદ્વાનમા અગ્રેસર શ્રીનન્દનાચાર્યજીના વંશમા ભૂષણરૂપ ગોસ્વામિશ્રીવિઠ્ઠલનાથ(શ્રીકન્હૈયાલાલ)જી મહારાજનો અધિકચૈત્રમાસવિષયક લેખ સસ્કૃતમાં છે તેનો ગુજરાતી અનુવાદ

श्रीमथुरेशो जयति ।

અથ સવત્સરનો નિર્ણય શ્રીકન્હૈયાલાલજી મહારાજ કોટાવાળા આ પ્રમાણે કરે છે

श्रौतस्मार्त्तक्रिया सर्वा द्वादशे मासि कीर्तिताः ।
त्रयोदशे तु ताः सर्वा निष्फला इति कीर्तिताः ॥ १ ॥
तस्मात्त्रयोदशे मासि कुर्यात्ता न कथञ्चन ।
मलिम्लुचस्तु यो मासः सर्वकर्मविगर्हितः ॥ २ ॥
वर्जितः पितृदेवाभ्यां सर्वकर्मसु तं त्यजेत् ।
षष्ट्या तु दिवसैर्मासः कथितो वादरायणैः ॥ ३ ॥
पूर्वमर्धं परित्यज्य कर्तव्या चोत्तरे क्रिया ।

શ્રૌત અને સ્માર્ત્ત એ સર્વ કર્મો બારે માસમા કરવાનુ વિધાન છે પણ તેરમો મલમાસ આવે તેમા તે કર્મો કરે તો તે નિષ્ફલ એટલે તેનુ ફલ ન મળે એમ કહ્યુ છે (૧), માટે તેરમો જે મલમાસ તેમા કોઇ પણ શ્રૌત સ્માર્ત્ત કર્મ ન કરવા કારણ કે તે માસને સર્વ કર્મમા નિંદ્ય ગણ્યો છે (૨) તે કારણથીજ પિતૃ તથા દેવોએ તે માસને સર્વ કર્મમા વર્જિત ગણ્યો હોઇને તેને સર્વ કર્મમા વર્જવો વ્યાસના મતને અનુસરનારાઓએ સાઠ દિવસનો એ માસ ગણ્યો છે. તેમા પ્રથમના ત્રિશ દિવસથી એ પૂર્વાર્દ્ધ એટલે મલમા તેને છોડી દઇ ઉત્તરાર્દ્ધના ત્રિશ દિવસથી જે શુદ્ધમાસ કહેવાય તેમા સર્વ વિહિત કર્મો કરવા

सवितृमण्डलमेति यदा शशी
तदनुसङ्क्रमणं कुरुते रविः ।
मखमहोत्सवनाशकरस्तदा
मुनिवरैः कथितोधिकमासकः ॥

જ્યારે ચદ્રમા સૂર્યમડલ પ્રત્યે આવે છે ત્યારબાદ સૂર્ય સક્રમણ કરે છે. તે સમયે અધિક માસ થાય છે તે યજ્ઞ અને મહોત્સવનો નાશ કરે એ મુનિવરોએ કહ્યુ છે એમ બ્રહ્મસિદ્ધાન્તમા લખ્યુ છે

गृहप्रवेशगोदानस्थानाश्रममहोत्सवान् ।
न कुर्यान्मलमासे तु संसर्पाहस्पतौ तथा ॥

ગૃહપ્રવેશ, ગોદાનસ્થાન તથા આશ્રમ સબધી મોટા ઉત્સવો તે પણ મલમાસમા ન કરવા એમ મરીચિમુનિ કહે છે

એવાં હજારો પ્રમાણ મળતા હોવાથી સંવત્સરોત્સવ શુદ્ધ ચૈત્રમાજ કરવો એ સિદ્ધાન્ત થયો. ત્યા શંકા થાય કે જેમ શુક્રાસ્ત વિગેરેમા જેમ થાય છે તેમ મલમાસમા, સંવત્સરોત્સવ કરે તો શુ બાધ છે તો તેના ઉત્તરમા કહેવાનુ કે–

मलेऽनन्यगतिं कुर्यान्नित्यनैमित्तिकीं क्रियाम्।

જે કર્યા વગર ચાલે જ નહિ એવી જેટલી ક્રિયા હોય કે જેને માટે બીજો સમય ન હોઈ શકે તે અનન્ય ગતિ કહેવાય એવી નિત્ય અને નૈમિત્તિકી ક્રિયા મલમાસમા કરવી આ વાક્યથી એમ સ્પષ્ટ જણાય છે કે જેને માટે બીજો કાલ ન મળી શકે તેવા કાર્યો કરવાનુ વિધાન અધિક માસમા છે તો પ્રકૃતમા તો શુદ્ધ ચૈત્રમા સંવત્સરોત્સવ કરવાનો કાલ મળી શકતો, હોવાથી તે અનન્યગતિક નથી, તેથી તે ઉત્સવ મલમાસમા ન કરવો જોઈએ મલમાસ એટલે બધા માસનો મલ તેનુ નામ મલમાસ છે જેમકે દાંતનો રાજા તે રાજદન્ત કહેવાય છે તેમ અહિ પણ સમાસ સમજવો

चैत्रे मासि जगद्ब्रह्मा ससर्ज प्रथमेहनि ।

ચૈત્ર માસના પહેલા દિવસે બ્રહ્માએ જગત્ ઉત્પન્ન કર્યું એમ કહ્યુ છે તે સમયે પ્રથમ માસ અને તેનો પ્રથમ દિવસ કહ્યો છે તે વખતે બીજો માસ ન હતો, તેમ અધિક માસનો પણ તે વખતે સંભવ ન હતો તેથી બ્રહ્માએ જગત્ કર્યું તે શુદ્ધ ચૈત્રમા જ કર્યુ છે અને તત્સંબંધી ઉત્સવ આપણે કરવો તે પણ શુદ્ધ માસમા જ કરવો. એવી જ રીતે

वत्सरादौ वसन्तादौ वलिराज्ये तथैव च ।
तैलाभ्यङ्गमकुर्वाणो नरकं प्रतिपद्यते ॥

વર્ષારંભમા, વસન્તાદિકમા, બલિરાજ્યમા તૈલાભ્યંગ ન કરે તો નરકને પામે છે એવુ વાક્ય છે તેમા જે દિવસે વર્ષ બેસે તે દિવસે જ તૈલાભ્યંગ કરવો જોઈએ, તે દિવસે જે વાર હોય તે વર્ષેશ ગણાય છે, કારણ કે **चैत्रसित** ઇત્યાદિ વાક્ય છે તેથી

અહિ શંકા કરે છે કે **प्रतिपत् प्रथमा भवेत्** એવુ વાક્ય છે તેનો અર્થ અમે એમ કરશુ કે અધિક અને શુદ્ધ તેની પ્રતિપત્ તેમા પ્રથમા કહિ છે તેથી અધિક માસની પ્રતિપત્ લેવાય તો તેમા સંવત્સરોત્સવ થઈ શકે એવી શંકા ન કરવી કારણકે તે વાક્ય તો શુદ્ધ માસમાં બે પડવા હોય તો પ્રથમ પડવામા સંવત્સરોત્સવ કરવો એવો એ વાક્યનો અર્થ છે વળી મલમાસમા નિત્યનૈમિત્તિક કર્મ કરવાનો નિષેધ છે તેથી વત્સરારંભ ન કરવાનુ તમે કહો છો પણ તિથિ સંબંધિ નિત્ય નૈમિત્તિક કરવાનું તો વિધાન છે તે સંબંધે જાબાલિની સંમતિ આ પ્રમાણે છે –

नित्यनैमित्तिकं कुर्याच्छ्राद्धं कुर्यान्मलिम्लुचे ।
तिथिनक्षत्रवारोक्तं काम्यं नैव कदाचन ॥

શ્રાદ્ધ પણ મલમાસમા કરવુ અને તિથિ, નક્ષત્ર તથા વારમા કરવાનુ નિત્ય નૈમિત્તિક કાર્ય પણ કરવુ, પણ કામ્ય કર્મ કોઈ પણ, ક્યારે પણ, ન કરવુ તેથી અહિ તો તિથિકર્તવ્ય અને તે પણ પ્રતિવર્ષ કરવાનુ હોવાથી નૈમિત્તિક ગણાય, તેથી અધિકમાસની

પ્રતિપત્માં 'સંવત્સરોત્સવ થયાનું કોઈ ઉપરના વાક્યથી કહે તો તેના ઉત્તરમાં કહેવાનું કે બીજાં કર્તવ્યો કરવાનાં ઘણાં છે તેમાં કયું કરવું અને કયું ન કરવું એમ પ્રશ્ન ત્યાં નિત્ય એટલે નિયમપૂર્વક જે કરવાનું તે નિત્ય કહેવાય, જેવાં કે અગ્નિહોત્ર, સંધ્યાવંદનાદિ અધિકમાં પણ કરાય વલી નિમિત્તને લઈને જે કરવાનું તે નૈમિત્તિક કહેવાય આઠ કપાલથી સ ચયેલ પુરોડાશ દર્શ અને પૂર્ણમાસ ઇષ્ટિમાં અગ્નિમાં હોમવાનું તે નૈમિત્તિક તે પણ કર્તવ્ય જો નિત્યનૈમિત્તિક પદથી આનું ગ્રહણ ન થાય તો અથવા નિત્ય અને નૈમિત્તિક એવા કર્મને વિશે ન લાગે તો સંધ્યાવંદનાદિક પણ અધિકમાસમાં ન થઈ શકે, તેથી નિત્યનૈમિત્તિક એ કર્મના વિશે છે,' વારનક્ષત્રાદિના વિશેષણ નથી એમ સમજવું. ત્યારે નિત્યનૈમિત્તિકમાં શ્રાદ્ધ પણ આવી તો તેનો ઉલ્લેખ તો અહિ ગોબલીવર્દન્યાયથી દર્શાવવાને માટે છે એમ સમજવું તેથી તિથિ, ન વારમાં કહેલ નિત્ય અને નૈમિત્તિક નિયત કર્તવ્ય અને તિથિવારનક્ષત્રોક્ત કામ્યકર્મ નિયત અક એમ આનું તાત્પર્ય છે જો તિથિ નક્ષત્ર વારથી કહેલ પદનો અન્વય નિયમ વિધિમાં થાય તેમ શ્રાદ્ધ કરવું એમ કહ્યું છે તેમ તિથિનક્ષત્રવારોક્ત પણ કરવું એમ કહેવું જોઈતું પણ તે તો કહ્યું નથી તેથી પહેલા પ્રમાણે તેનો અન્વય નિષેધ કોટિમાં થાય છે એમ જો થાય તો **मलमहोत्सवनाशकर** ઇત્યાદિ પ્રમાણો પણ વિરુદ્ધ પડે માટેજ સંવત્સરનો આ અધિક માસ જે પ્રથમ આવે તેમાં ન થવો જોઈયે પણ શુદ્ધ ચૈત્ર સુદિ પ્રતિપદાએ થવો ઉ છે, એ સિદ્ધાન્ત સંપ્રદાયસિદ્ધ પ્રાચીનપરંપરાસિદ્ધ છે

જ્યોતિષનો સિદ્ધાન્તકરણ ગ્રંથોમાં કહેલી રીતિથી અધિક માસ મીનના સૂર્ય હોય આવે છે તે પૂર્વ વર્ષમાંજ ગણાય તેથી તે નવા વર્ષનો આરંભક ન થઈ શકે એ નિ મથુરાના રહેનાર કેશવદેવ દૈવજ્ઞના લેખમાં જોવાથી જણાશે **सोन्तर्भवति चोत्तरे** એ વાક્ય ઉચિત નથી તેનો નિર્ણયસિન્ધુમાં ઉલ્લેખ કર્યો છે તે અયોગ્ય કર્યો કહેવાય માધવના નિર્ણયમાં અર્થાર્થસંગ્રહકારિકા માધવે કરેલી છે, તેમાં **चान्द्रोधिमासोऽसङ्क्रान्त सोन्तर्भ चोत्तरे** એવો પાઠ જણાય છે. તેનો અર્થ એ કે તે અધિક માસનો તેની ઉત્તરના માસમાં ભાવે થાય છે એટલે તે ઉત્તર માસનું જે નામ તે નામથી અધિક માસનો વ્યવહાર થાય માસના નામની સાથે અંતર્ભાવ છે, માસ સાથે અંતર્ભાવ નથી એવો અભિપ્રાય હોવાથી તે નામમાત્રથી ચૈત્ર કહેવાય જો એમ ન માનીએ તો ફાગણ સુદિ ૧૫ થી તેનો પ્રવેશ થવો વળી '**षष्ट्या तु दिवसैर्मास** એ શ્લોકમાં માસ કહ્યો છે તે માસ શબ્દ સંજ્ઞાપર લેવો આ

मीनादिस्थो रविर्येषामारम्भः प्रथमक्षणे ।
भवेत्ते हे चान्द्रमासाश्चैत्राद्या द्वादश स्मृताः ॥

'એવું વ્યાસનું વચન છે, તેમાં દ્વાદશપદ છે તે પણ ઉપર પ્રમાણે, સંજ્ઞાપરત્વેજ શકે છે એ ઉપરથી પણ ચૈત્ર માસને વર્ષારંભપણું ઘટી શકતું નથી નામમાત્રના સામ્યથી સમાન નામવાળાના બધા અધિકારો મળી શકતા નથી તેથી તે અધિક માસને ચૈત્રપણું તો છે તેથી તે વચનમાં **तु** અને 'માદરાયણ' પદથી ફાગણપણું પણ તેમાં છે જ તેથી શુદ્ધ ચૈત્રમ શુક્લ પ્રતિપદાને દિવસે વર્ષનો આરંભ અને સંવત્સરોત્સવ વિગેરે જે તે દિવસનું કર્તવ્ય

ચોથો ગ્રન્થ પત્રાવલમ્બન કે ગ્રન્થ લઘુ છે પણ અતિ કઠિન છે. આમા પત્રાવલમ્બન અને તેના ઉપર શ્રીપુરુષોત્તમજીની ટીકા છાપવામા આવી છે ગ્રન્થના અન્તિમ ભાગ અને શ્રી પુરુષોત્તમજીની ટીકાના આરમ્ભના ભાગ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે શ્રીમહાપ્રભુજીએ માયાવાદ, ભાટ્ટ વગેરે મતોના અનુયાયીઓનુ ખડન કરવાને આ લઘુ ગ્રન્થ લખી કાશીના વિશ્વેશ્વર મહાદેવના દ્વાર ઉપર લટકાવ્યો તેથી આ ગ્રન્થનુ નામ પત્રાવલમ્બન પડ્યુ

પાચમો ગ્રન્થ વલ્લભગીત છે તેમા શ્રીગોકુલનાથજીનુ સુન્દર વર્ણન જોવામા આવે છે આનો અનુવાદ થોડા દિવસમાજ બહાર પડશે જેથી વૈષ્ણવો ગ્રન્થના રસનુ પાન સરલતાથી કરી શકશે

આ યુગ જેમ પુસ્તકપ્રકાશનને માટે પ્રસિદ્ધ થયો તેમ પ્રકાશિત પુસ્તકોના અધ્યયનને માટે અતિ પ્રસિદ્ધ થવો જોઇએ નવીન પ્રસિદ્ધ પુસ્તકોના દર્શન કરીને બેસી રહેવામા વૈષ્ણવોની કૃતાર્થતા સિદ્ધ થતી નથી, પણ જેમ પુસ્તક પ્રસિદ્ધ થયુ કે તરતજ તેનુ અધ્યયન કરવા બેસી જવુ તેમાજ છે જો આ પ્રમાણે થશે તો પુસ્તકપ્રકાશકોનો અનુન શ્રમ સફલ થયો ગણાશે

× × ×

મુબઇમા ભરાએલી વૈષ્ણવ પરિષદને એક વર્ષ થઇ ગયુ હવે બીજી પરિષદ ક્યારે ભરાય છે તે જોવાનુ છે પરિષદના ભૂતકાલના ઇતિહાસ ઉપરથી જણાય છે કે પરિષદ અમુક સમય પછી ભરવીજ એવો નિયમ નથી આ વર્ષે પરિષદ ભરો કે આવતે વર્ષે ભરો, પણ એટલુ તો નક્કીજ કે ભૂતકાલની પરિષદોથી જે ન થયુ તે મુબઇની પરિષદથી થયુ તે બીજુ કાઇ નહિ પણ પુરુષોત્તમ મડનની સ્થાપના અને સમ્પ્રદાયના અદ્વિતીય વિદ્વાન્ સત્યધર્મી શાસ્ત્રીજી મગનલાલના દર રવિ અને સોમે સિદ્ધાન્તનુ પ્રતિપાદન કરતા આકર ગ્રન્થો ઉપરના વ્યાખ્યાનો અત્યાર સુધીની પરિષદોનુ દષ્ટ ફલ જો મળ્યુ હોય તો તે આ વ્યાખ્યાનો છે આમા ખેદની વાત એટલી છે કે આવા અલભ્ય વ્યાખ્યાનોનો લાભ મહારાજશ્રીઓ લેતા નથી, એટલુજ નહિ પણ પોતાને છાજે નહિ એવી ઔદાસીન્યવૃત્તિ દર્શાવે છે ભગવદિચ્છા !

× × ×

શાસ્ત્રીજી મગનલાલના ધર્મપત્નીના અવસાન પછી કેટલાક વૈષ્ણવોના અને સ્નેહીઓના આશ્વાસનપત્રો આવેલા તેમાના એક બે આશ્વાસનપત્રો આદર્શરૂપ હોવાથી અમે શાસ્ત્રીજીની રજા લઇને અહીં વૈષ્ણવોની જાણ માટે છાપીએ છીએ —

આદર્શ આશ્વાસનપત્ર ન. ૧

ભગવચ્છાસ્ત્રનિષ્ણાત પરમ ભાગવત મગનલાલજી

એકજ સમયે પત્ની અને પુત્રના વિયોગવાળા આપને પ્રસિદ્ધ પત્ર દ્વારા જાણી અત્યન્ત ખેદ થયો કે આપ જેવા મહાનુભાવને એવા દુ ખના ગોચર થવુ તે આશ્ચર્યકર છે આપનો સસાર અનુકૂલ હતો તોપણ તે સસાર કહેવાય અને તેવો પણ સસાર અન્તિમ જન્મવાળા આપને ન જોઇએ, એમ પ્રભુએ વિચારી નિ સાધનતામા વધારો કર્યો હોય અને કેવળ વિપ્રયોગનુ દાન પ્રભુ કરનાર હોય તો કોણ શુ જાણે ? પ્રભુની લીલા વિપરીત છે સાધનને અસાધન અને અસાધનને સાધન કરે છે, તેમા પણ ભગવદીયોના ચરિત્રમા આપણે મન આપવુ તે બાનિશતા ખુ'ની તકરવા જેવુ ગણાય

૧ ગમે તેમ હોય તોપણ આપના પત્ની તો આપ જેવા પતિને પ્રાપ્ત થતાજ કૃતાર્થ હતા અન્તિમ શ્વાસ સુધી સેવા કરી તેથી કૃતાર્થતર અને બાનમચ્ચામાં તેમજ પતિમા પણ મમતા

છોડી જતી 'હુ પતિને માટે વ શરીરજ છોડી જાઉ છુ' એ ભાવનાથી પણ તે કૃતાર્થતમ થયા છે સૌભાગ્યસહિત લોકમા રહી સ્વકર્તવ્યતાપાલનપૂર્વક નિત્યલીનામા પ્રવિષ્ટ થયા તે તેના આત્માને માટે તો યોગ્યજ થયુ છે

આપ તો શ્રીવૈશ્વાનરાવેશજ્વાલાક્રાન્તવિગ્રહ હોઇને આપને શોકાદિના સ્પર્શનો સભવ તો નજ હોય, તો પણ બાહ્યદૃષ્ટિથી જે કર્તવ્ય હતુ તે આ પત્રથી સિદ્ધ થયુ માનશો આપ કોઇ વિશેષ કાર્ય માટેજ ભૂતલને અલકૃત કરો છો તે કાર્ય પ્રભુ આપની પાસે કરાવે એટલુ સર્વ વૈષ્ણવો ઇચ્છે છે

દા દા ધરમસી માધવજી ઠાકરસીના શ્રીસ્મરણ

આશ્વાસનપત્ર ન ૨

શ્રીમાન ભાઇ શાસ્ત્રીજી,

શ્રી ૧।   મહુધા, વૈશાખ સુદ ૬ સોમ

ભરૂચથી ગયા શુક્રવારનુ લખેલુ આપનુ કાર્ડ મળ્યુ તેમા વાક્ય તો એકજ હતુ અને તે માત્ર દોઢ લીટીનુ, પણ મારે તારને તે બસ થઇ પડે એવુ અને સગીન હતુ 'મહાત્મા' ગયા ! ખરેખર ગયા !! તેમને જવાપણુ હતુજ નહીં આ ફાની દુનીઆ છોડીને તેમનો દેહ ગયો, તેથી વ્યાવહારિક દૃષ્ટિએ આપણને દુ ખ થાય એ સ્વાભાવિક છે અને તે કેટલોક સમય ભુસાવાનુ નહીં પણ તાત્ત્વિક દૃષ્ટિએ તેઓ આ દુનીઆમા હતાજ નહીં પ્રારબ્ધવશાત્ તેઓ અહિ આવી ચઢેલા અને પોતાનો યોગ્ય ફાળો આ જગતમા આપી ગયા, પણ તેઓ અહીં રહ્યાપચ્યા છે એવુ તો મને કદિ ભાસ્યુજ નહોતુ પ્રત્યક્ષ જીવની કક્ષામા તેમને કદિ ન મુકાય આ કારણથી તેમને જવાપણુ હતુ નહી, એટલે મને તે દૃષ્ટિએ દુ ખ ન થતા માત્ર વિચારોની પરપરા ચાલી મને આમ થયુ તો આપ જેવા જ્ઞાનીને તો દુ ખ હોયજ શાનુ ?

બાળકોની સભાળ કોણ લેશે, ઘર કોણ ચલાવશે, પ્રેમથી ભોજન કોણ પીરસે ? આનદ કોણ લેશે અને આપને, આવુ આવુ વિચારવા બેસીએ તો કામનો પાર નથી, પણ આપ તો જે બને છે તે પ્રભુની-ઇચ્છા માનો છો એટલે મારે તો કશુ કહેવાપણુ કે લખવાપણુ નથી મારા વિશેની તેમની મમતા શુ કદિએ ભૂલાશે ?

લિ સ્નેહાધીન,
મોહનલાલ પડ્યાના ભગવત્સ્મરણ

× × ×

અમારા મિત્ર અને આ પત્રના તત્રી રા ગોવિન્દલાલ હરગોવિન્દ ભટ્ટ વડોદરા કોલેજમા સસ્કૃતના આસી પ્રોફેસર તરીકે નીમાયાથી અમે તેમને સહર્ષ અભિનન્દન આપીએ છીએ

× × ×

વિજ્ઞપ્તિ

જે ગ્રાહકોના લવાજમ હજુ સુધી ન આવ્યા હોય તેમણે પ્રકાશક તત્રીને સત્વર મોકલી આપવા વડોદરાના ગ્રાહકોએ તત્રીને વડોદરામાજ લવાજમ આપવુ. જેમનુ લવાજમ આ અક મળ્યા પછી નહિ આવ્યુ હોય તેમને આગળના અકો વી પી થી મોકલવામા આવશે

गुजराती सभा
विठ्ठल
पदर
मुंबई

॥ श्रीकृष्णाय नम ॥
॥ श्रीगोपीजनवल्लभाय नम ॥
॥ श्रीमदाचार्यचरणकमलेभ्यो नम ॥

क्वेमा स्त्रियो वनचरीर्व्यभिचारदुष्टा कृष्णे क्व चैष परमात्मनि रूढभाव ।
नन्वीश्वरोनुभजतोविदुषोपि साक्षाच्छ्रेयस्तनोत्यगदराज इवोपयुक्त ॥

पुष्टिसुधा.

પુસ્તક ૫ { સંવત્ ૧૯૮૨ / શ્રાવણ ભાદ્રપદ આશ્વિન્ ૧૫ } અંક ૧૦-૧૧-૧૨

	વિષય	લેખક.
૧	શ્રીભાગવતાર્થનિબન્ધનો સંક્ષિપ્ત ભાવાર્થ	રા. સુન્દરલાલ
૨	પરમ તત્ત્વ	રા. મોતીલાલ
૩	શ્રીકૃષ્ણજન્મ	રા. ઉત્સવલાલ
૪	ત્રિવિધ નામાવલી	રા. ગોવિન્દલાલ
૫	પુષ્ટિ પાઠાવલી	રા. નાનુલાલ ગાંધી
૬	કેશવદાસકૃત પદો	રા. ઉત્સવલાલ
૭	રાજકુમારીબાકૃત વિજ્ઞપ્તિ	અ. સૌ. શાન્તુ બ્હેન
8	Esoteric Doctrine	Kapadia
૯	શ્રીગોકુલેશાષ્ટકમ્	કાપડીઆ
૧૦	વે. શા. સં. મગનલાલ શાસ્ત્રીજીનું ભાષણ	
૧૧	ભક્તિવર્ધિની	કાપડીઆ

પરિવેષ્ટા
વે. શા. સં. મગનલાલ ગણપતિરામ શાસ્ત્રી
એમ્. એ., બિ. ઇ. એમ્., એસ. ટિ. સિ.,
એમ્. આર. એ. એસ. (બૉ.) પુના સિટિ

મુદ્રક
ગોવિન્દજી ડાહ્યાભાઈ નાયક
શ્રી 'અનાવિલ બન્ધુ' પ્રિ. પ્રેસ
બરાનપુરી ભાગોળ, સુરત

તન્ત્રી
ગોવિન્દલાલ હરિગોવિન્દ ભટ્ટ એમ્. એ.
વડોદરા
વાર્ષિક ન્યોછાવર રૂ. ૨-૪-૦

પ્રકાશકતન્ત્રી
ઉજમશી બાપુજી કાપડીઆ બી. એ.
"પુષ્ટિસુધા" કાર્યાલય, ધંધુકા
છુટક અંકના ૦-૪-૦

पानेप्यप्रच्युतरसौघपूर्णमितिभावः। एतादृशं निजं रूपं दर्शयेति अत्रान्तरङ्गानां त्रैविध्येपि केवलं स्वरूपानन्दरसैकनिष्ठत्वेनैकविधरसात्मकरूपदर्शनमेव प्रार्थितम् ॥ ७॥ अथ त्रिविधाः साधारणभक्त यथादृष्टं वहुविधरसयुक्तस्वरूपदर्शनमेव प्रार्थयन्ते क्वचित्क्षणमिति क्वचित्कस्मिंश्चित्समये क्षणं वैणिकेषु वीणावादकेषु दत्तौ तन्नादाधीनकृतौ कर्णौ येन तत्। पुनः कदाचित् कस्मिंश्चित् काले उद्गाने उच्चैर्गाने उत्कृष्टे गाने वा कृतमवधानं तदेकचित्तत्वं येन। पुनः क्वचन हास्ययुक्ता वाचः भाषमाणम्। एवंभूतं रूपं दर्शयेति। एतेषां राजससात्त्विकतामसाना साधारणत्वात् तत्तद्भावज्ञापकविशेषणत्रयेण त्रिविधस्वरूपदर्शनप्रार्थनमत्रासाधारणान्तरङ्गाणां साक्षादन्योन्यं परमफलरूपप्रभुस्वरूपानन्दरसैकभोक्तृत्वादस्य रसस्य चातिगोप्यत्वेनैवाधिकरसत्वसिद्धेः। एतद्गोपनार्थमादावन्ते च साधारणत्रिविधभक्तप्रार्थ्यस्वरूपदर्शननिरूपणेन संपुटीकृत्य तन्मध्ये तत्स्थापितमितिभावः सर्वत्रातिवैकल्यात् प्रतिश्लोकं स्वरूपदर्शनमेव प्रार्थितम् ॥ ८ ॥ एवं त्रिविधभक्तकृतप्रभुस्वरूपदर्शनप्रार्थनमुक्त्वा एतदष्टकपाठजनितं यथाधिकारं त्रिविधं फलं निरूप्यते श्रीगोकुलेशेति इदंश्रीगोकुलेशाष्टकं नित्यं श्रद्धया यः पठति स इष्टं फलं प्राप्नोतीति। ततश्च तदीयं रूपमवश्यं पश्यतीति। पश्चात् हर्षयुक्तः सन् तत्प्रभुस्वरूपं स्वाधीनं च करोति। राजसानां वाञ्छितप्राप्तिः। सात्त्विकानां स्वरूपदर्शनम्। तामसानां स्वरूपाधीनकरणं च। इति फले त्रैविध्यम् ॥ ९ ॥

इतिश्रीकृष्णरायप्रोक्तं स्वकृतश्रीगोकुलेशाष्टकविवरणं सम्पूर्णम् ॥

विट्ठलभाई
पटेल रोड
मुंबई ४

શ્રીકૃષ્ણાય નમઃ

શ્રીગોપીજનવલ્લભાય નમઃ

શ્રીમદ્વલ્લભાચાર્યજીવિરચિત

શ્રીભાગવતાર્થનિબન્ધનો સંક્ષિપ્ત ભાવાર્થ.

પરમ આનન્દરૂપ સર્ગવિસર્ગાદિ દશ લીલાથી યુક્ત, સદા સર્વ ભક્તના ઉદ્ધાર નિમિત્ત પ્રકાશમાન અને સર્વથી પર એવા કૃષ્ણને નમન કરીએ છીએ (૧) શ્રીમદ્ભાગવતરૂપ સમસ્ત શાસ્ત્રમા, સ્કન્ધમા, પ્રકરણમા, અધ્યાયમા, વાક્યમા, પદમા, અને અક્ષરમા વિરોધ ન આવે તેમ [1]સાત રીતે એક અર્થને જાણનારો પુરુષ સંસારથી મુક્ત થાય છે (૨) [2]આનન્દરૂપ [3]હરિની લીલા એ સમગ્ર શ્રીભાગવતનો અર્થ છે તે લીલા દશ પ્રકારની છે, તે શ્રીમદ્ભાગવતના દ્વિતીય સ્કંધના દશમા અધ્યાયના પ્રથમ શ્લોકમા લખેલ છે

अत्र सर्गो विसर्गश्च स्थानं पोषणमूतयः ।
मन्वंतरेशानुकथा निरोधो मुक्तिराश्रयः ॥

અર્થ—આ શ્રીમદ્ભાગવતમા સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વન્તર, ઈશાનુકથા, નિરોધ, મુક્તિ અને આશ્રય એ દશ પ્રકારની લીલા તૃતીયસ્કંધથી દ્વાદશસ્કંધ સુધી અનુક્રમે એક એક સ્કંધમા નિરૂપણ કરેલી છે, અને પ્રથમ સ્કંધમા અધિકારીનુ તથા દ્વિતીયસ્કંધમા સાધનોનુ નિરૂપણ છે (૩, ૪) એ પ્રમાણે બાર સ્કન્ધોથી બારલીલાનુ નિરૂપણ છે તેમા તૃતીયસ્કંધથી દ્વાદશ સ્કન્ધ સુધી દશ સ્કંધમા દશ પ્રકારની લીલા નિરૂપણ કરી છે (૫) પ્રથમ સ્કન્ધમા શ્રોતા અને વક્તાના લક્ષણો બતાવેલા છે, અને દ્વિતીયસ્કન્ધમા શ્રવણના અંગનુ નિરૂપણ છે તેથી અધિકારી અને સાધનરૂપ જે બે લીલા છે તે ઉપરની દશ લીલાના અંગની છે. એટલે મંગલાચરણમા "દશલીલાયુક્ત" એવુ જે વિશેષણ આપેલુ છે તેમા બાધ આવતો નથી એ પ્રમાણે દ્વાદશસ્કંધનુ આ પુરાણ ભગવાનનુ જ સ્વરૂપ છે (૬) વેદમા દ્વાદશાત્મા પુરુષ કહ્યો છે કેમકે પુરુષમા બાર અંગ રહેલા છે તેની ગણના આ પ્રમાણે છે કટીના પાછલા બે ભાગ, બે હસ્તના મૂલ, મસ્તક, હૃદય, હાથના બે અગ્ર ભાગ, બે ચરણ, અને બે સ્તન એ પ્રમાણે બારઅંગની ગણના છે (૭) શ્રીમદ્ભાગવતના દ્વાદશસ્કંધ પ્રભુના દ્વાદશ અંગરૂપ છે તેની ગણના આ પ્રમાણે છે—

---

[1] શાસ્ત્રાર્થ, સ્કંધાર્થ, પ્રકરણાર્થ અને અધ્યાયાર્થ એમ ચાર પ્રકારના અર્થ આ નિબંધમા છે અને વાક્યાર્થ, પદાર્થ અને અક્ષરાર્થ શ્રીસુબોધિનીજીમા આવશે [2] આનંદરૂપની લીલા પણ આનંદરૂપ છે તેથી સુખરૂપ છે [3] દુઃખને મટાડનાર હરિની લીલા છે તેથી દુઃખ નિવૃત્ત છે એટલે સ્વતંત્ર પુરુષાર્થરૂપ છે

અર્થેજ તૃતીય પ્રકરણમા ૧૨ અધ્યાયથી વૈરાગ્યનુ નિરૂપણ કર્યુ છે, અને ત્યારે જ પરીક્ષિતને શ્રીમદ્ભાગવતના શ્રવણને અર્થે ઉત્તમ વૈરાગ્યવાળો અધિકાર સિદ્ધ થયો શ્રીસૂતનો નામવિક્રયદોષ તેમજ નારદનો સત્તા, અધિકારરૂપ પ્રતિબન્ધ—આ ઉભયે દોષ શ્રીશુકદેવજીમા ન હતા તેથી એમને દૃઢ વૈરાગ્ય હોવાથી શ્રીશુકનો શ્રીમદ્ભાગવતને વિષે ઉત્તમ અધિકાર હતો તેને લીધે એમની ભક્તિ દૃઢ થઈ હતી અને એમનો ભગવાનને વિષે પ્રવેશ થવારૂપી લય પણ સત્વર સિદ્ધ જ હતો, ફક્ત એમને પરીક્ષિત જેવા ભક્તને ભગવત્કથાનુ શ્રવણ કરાવવાનુ હતુ તેથી જ એમને સત્વર ભગવત્પ્રવેશ થવામા વિલમ્બ થયો હતો

ભક્તોના મરણ સમયે ભગવત્કથાનો પ્રતિબન્ધ થાય એ યુક્ત છે એ રીતે એમ ફલિત થાય છે કે નામવિક્રયરૂપી દોષ તથા સત્તા–અધિકારનો લોભ દૂર કરવાથી અને શ્રીમદ્ભાગવતના શ્રવણની આવૃત્તિ કરવાથી દૃઢ વૈરાગ્ય સિદ્ધ થાય છે

આ પ્રકરણમા વક્તા નારદજીના શ્રોતા વ્યાસજી પોતે તર્કથી સર્વ જ્ઞાન પ્રાપ્ત કરી શકે એમ છે, ભગવાનના જ્ઞાનાવતાર છે, છતા પણ એમને પરપ્રાપ્તિમા ભગવાન્ વિના નાના પ્રકારના અન્ય સર્વ સાધનોનુ વિશેષ જ્ઞાન છે અને તેમા અત્યન્ત આસક્તિ છે એમનો અધિકાર મધ્યમ છે, વળી નારદનો ઉપદેશ વ્યાસજી તત્ક્ષણેજ પ્રમાણરૂપ ગણતા નથી, પણ પોતાને સમાધિમા 'જ્યારે નારદનો ઉપદેશ યથાર્થ અનુભવાય છે ત્યારે તેમણે નારદનો ઉપદેશ પ્રમાણ ગણ્યો છે, ત્યા સુધી પોતે એ ઉપદેશને દુર્બલ સમજતા હતા તેથી પણ વ્યાસજી મધ્યમ અધિકારવાળા છે, જ્યારે શ્રોતા પરીક્ષિત્ને ગુરુ શ્રીશુકદેવજીના કથનમાત્રથીજ સર્વ સન્દેહની નિવૃત્તિ થઈ હતી તેમનો વૈરાગ્ય ઉત્તમ હતો ' અને અન્તે મહાફલ પણ થયુ હતુ ' તેથી પરીક્ષિત્નો શ્રીમદ્ભાગવતના શ્રોતા તરીકેનો અધિકાર શૌનકાદિ ઋષિઓ તથા વ્યાસજી કરતા ઉત્તમ છે એમ સમજવુ સૂત પૌરાણિક શ્રીમદ્ભાગવતની ઉત્પત્તિ તથા પ્રવૃત્તિ જે હેતુપૂર્વક કહી છે તે પોતાના અધિકારથી કહી નથી, પણ શ્રીમદ્ભાગવતની કથાના પ્રસઙ્ગરૂપે કહી છે, તેથી પ્રથમ પ્રકરણના (૧–૩) ત્રણ અધ્યાયમા પ્રસઙ્ગ કહ્યો છે, દ્વિતીય પ્રકરણના (૪–૫–૬) ત્રણ અધ્યાયમા શ્રીમદ્ભાગવત થવાનો હેતુ કહ્યો છે, અને તૃતીય પ્રકરણમા (૭–૧૯) તેર અધ્યાયમા શ્રીમદ્ભાગવતની ઉત્પત્તિ તથા પ્રવૃત્તિનુ કથન છે એ રીતે પ્રથમ પ્રકરણ હીન, દ્વિતીય પ્રકરણ મધ્યમ, તથા તૃતીય પ્રકરણ ઉત્તમ કહેવાય છે હીન પ્રકરણમા ષટ્પ્રશ્ન કરી પ્રસઙ્ગ કહ્યો ત્યાર પછી મધ્યમ પ્રકરણમા નારદજી વ્યાસજીને શ્રીમદ્ભાગવત કરવાનુ કહે છે તે ઉપરથી વ્યાસજી શ્રીમદ્ભાગવત કહે છે, એટલે કથાનો પ્રારમ્ભ થાય છે, તે ઉત્તમ પ્રકરણમા આવે છે

દ્વિતીય મધ્યમ પ્રકરણમા તેમજ પ્રથમ હીન પ્રકરણમા ત્રણ ત્રણ અધ્યાય છે, અને પ્રત્યેકમા એક અધ્યાયમા પ્રશ્નોનુ નિરૂપણ છે તથા બીજા બે અધ્યાયવડે તે પ્રશ્નના ઉત્તરનુ નિરૂપણ છે વળી નારદજી કરતા વ્યાસ ઉત્તમ છે તેથી નારદજી વ્યાસની પાસે શ્રીમદ્ભાગવતની કથા કરવા આવ્યા નથી, પરન્તુ ખેદનિવૃત્ત કરી સન્તોષ પામવા શ્રીમદ્ભાગવતશાસ્ત્ર કરવાનુ સૂચન કરે છે, તેથી પણ એમનો અધિકાર મધ્યમ છે

ઉત્તમ પ્રકરણમા શ્રોતા પરીક્ષિત્નો અધિકાર વૈરાગ્યથી સિદ્ધ થયો છે એટલે તેમણે "જીવે મરણ સમયે શુ કરવુ ? અને સર્વદા શુ કરવુ ?" એવો શ્રીશુકદેવજીને પ્રશ્ન કર્યો છે એટલો અધિકાર જ પ્રથમ સ્કન્ધમાં નિરૂપિત કર્યો છે તેનો ઉત્તર દ્વિતીય સ્કન્ધમા આપ્યો છે.

શ્રીશુકદેવજીનો વૈરાગ્યયુક્ત ઉત્તમ અધિકાર સ્પષ્ટ જ છે, એટલે તેનુ વિશેષ કથન કર્યું નથી શ્રીશુકદેવજીએ શ્રીભાગવતના શ્રવણનુ સામાન્ય અઙ્ગ એક દ્વિતીય સ્કન્ધથીજ કહ્યુ છે, તેમા પ્રથમ શ્રોતાનુ ઉત્તમપણુ સિદ્ધ થવા માટે સામાન્ય તથા વિશેષ એમ બે પ્રકારના પ્રશ્નો શ્રોતાએ કર્યા છે તેમના ઉત્તરનુ કથન શ્રીશુકદેવજીએ ફક્ત બે અધ્યાયથી કર્યું છે, બાકી સર્વ પ્રશ્નનો વિશેષ ઉત્તર તો સમ્પૂર્ણ શ્રીમદ્ભાગવતથી જ થશે તેથી સમસ્ત ભાગવતનો પ્રશ્નાધ્યાય પ્રથમ સ્કન્ધનો પ્રથમાધ્યાય છે, કારણ કે એમા પૂછેલા પ્રશ્નના વિશેષ ઉત્તરરૂપે શ્રીમદ્ભાગવત પ્રવૃત્ત થયુ છે એ ષટ્પ્રશ્ન શ્રીકૃષ્ણવિષયક છે તેથી શ્રીમદ્ભાગવતમા ભગવાનનુ પ્રતિપાદન છે ભગ શબ્દથી ઐશ્વર્ય, વીર્ય, શ્રી, યશ, જ્ઞાન, તથા વૈરાગ્ય એ ષડ્ ગુણોનો બોધ થાય છે, અને આ ષડ્ ધર્મથી વિશિષ્ટ થયેલા ધર્મી ભગવાન્ શ્રીકૃષ્ણ છે ષટ્ પ્રશ્નો ભગવાનના પ્રત્યેક ષટ્ ગુણનુ પ્રતિપાદન કરે છે (જુઓ પ્રથમાધ્યાયના સારાશ તથા પૃથક્કરણ) તેથી શ્રીમદ્ભાગવતના પ્રત્યેક બે સ્કન્ધથી ભગવાનના એક એક ગુણનુ નિરૂપણ થાય છે જેમકે પ્રથમ બે સ્કન્ધ વડે ભગવાનના જ્ઞાનધર્મનુ, તૃતીયચતુર્થસ્કન્ધ વડે સર્ગવિસર્ગલીલાથી ભગવાનના વૈરાગ્યધર્મનુ પઞ્ચમ તથા ષષ્ઠ સ્કન્ધના સ્થાન તથા પુષ્ટિલીલા વડે દ્વિવિધ (વીર્યાદિ) ધર્મનુ, સપ્તમ અષ્ટમ સ્કન્ધ વડે ભગવાનના ઐશ્વર્યધર્મનુ, નવમ દશમ સ્કન્ધવડે ભગવાનના યશધર્મનુ, તથા એકાદશ દ્વાદશ સ્કન્ધવડે ભગવાનના શ્રીધર્મનુ નિરૂપણ થાય છે એ રીતે શ્રીમદ્ભાગવતશાસ્ત્ર ભગવાન્ શ્રીકૃષ્ણનુ નિરૂપણ કરે છે

પ્રથમાધ્યાય.

આ અધ્યાયના વાક્યના અર્થનો સગ્રહ થાય ત્યારે સમગ્ર અધ્યાયનો સમુદ્રૂપ અર્થ નિશ્ચિત થઇ શકે તેથી પ્રથમ શ્લોકનો અર્થ આપે છે પ્રથમ શ્લોકનો અર્થ મઙ્ગલ છે દ્વિતીય તથા તૃતીય શ્લોક પ્રકૃત એવા શ્રીમદ્ભાગવતને વિષે નિગમકલ્પતરુનુ ફલરૂપત્વ તથા કેવલ રસાત્મકત્વ અને પાનયોગ્યત્વ પ્રતિપાદિત કરી શ્રીમદ્ભાગવતશાસ્ત્રનો ઉત્કર્ષ સિદ્ધ કરે છે ચતુર્થ તથા પઞ્ચમ શ્લોકવડે શ્રીમદ્ભાગવતનો પ્રસઙ્ગ વર્ણવે છે નૈમિષારણ્યને વિષે શ્રીશૌનકાદિક ઋષિઓ સહસ્રસંવત્સરના અન્તે સિદ્ધ થાય એવો દીર્ઘસત્ર પ્રારમ્ભીને અવકાશના સમયમા હરિગાથાનુ ગાન કરવાને બેઠા હતા અને ત્યા શ્રીસૂતપૌરાણિક આવ્યા તેમને ભગવત્કથાનુ ગાન-વ્યાખ્યાન કરતા આવડે છે અને તેઓના સર્વ પ્રશ્નનુ સમાધાન શ્રીસૂત કરી શકશે એમ નિશ્ચય તેમને થયો હતો, તેથી તેમણે એ શ્રીસૂત જેમને વેદવ્યતિરિક્ત સર્વજ્ઞાન હતુ તેવાને પણ પોતાની સભામા તેમના બહુશ્રુતત્વને લીધે બહુમાન આપ્યુ, અને ભગવાન્ શ્રીકૃષ્ણવિષયક ષટ્ પ્રશ્ન કર્યા. ષષ્ઠથી અષ્ટમ (૬-૭-૮) શ્લોક પર્યન્ત શ્રીસૂતની પ્રશંસા કરી છે એ રીતે પ્રથમ અષ્ટ શ્લોક વડે ઉપોદ્ઘાત થયો છે નવમ શ્લોક વડે પ્રથમ પ્રશ્ન ફલ અર્થાત્ [1]ધર્મપરત્વે કર્યો છે દ્વિતીય પ્રશ્ન ૧૦-૧૨॥ એમ ૨॥ શ્લોકવડે [2]સાધન-જ્ઞાન પરત્વે કર્યો છે ત્યાર પછી શ્રીકૃષ્ણને વિષે ચાર પ્રકારે પ્રશ્ન કર્યા છે તેમા પ્રથમ પ્રશ્ન શ્રીકૃષ્ણના [3]અવતારપ્રયોજનસમ્બન્ધી છે અને તે ૧૨-૧૬ શ્લોકમા કર્યો છે, દ્વિતીય પ્રશ્ન શ્રીકૃષ્ણના લીલા [4]કર્મ-ક્રિયાસમ્બન્ધી છે અને તેનુ નિરૂપણ ૧૭ મા શ્લોકમા છે, તૃતીય પ્રશ્ન શ્રીકૃષ્ણના [5]રૂપસમ્બન્ધી છે અને તેનુ નિરૂપણ ૧૮ મા શ્લોકમા

(૫) પઞ્ચમ પ્રશ્ન ભગવાન્ શ્રીકૃષ્ણભગવાનના રૂપસમ્બન્ધી છે, અને તેનુ નિરૂપણ પ્રથમ અધ્યાયના ૨૦ મા શ્લોકમા કર્યું છે એનો ઉત્તર તૃતીય અધ્યાયમા (૧–૫) પાચ શ્લોક વડે પુરુષોત્તમ ભગવાનના રૂપનુ તથા (૬૧–૫–૨૭) શ્લોકવડે અંશાવતારના રૂપોનુ નિરૂપણ કરી આપે છે, અને અન્તે સિદ્ધ કરે છે કે હરિ ભગવાનના અવતાર અસઙ્ખ્યેય છે એ અવતારો તથા ઋષિ, મનુ, દેવ, મનુપુત્ર, પ્રજાપતિ એ સર્વ પુરુષ ભગવાનના અંશ કલા છે, જ્યારે શ્રીકૃષ્ણ પોતેજ સાક્ષાત્ ભગવાન્ છે, અને એ શ્રીકૃષ્ણભગવાન્ જ યુગે યુગે દૈત્યથી પીડા પામતા જગતને આનન્દ-સુખનુ દાન કરે છે

(૬) આ કલિયુગમા અનવતારદશામા ધર્મ કોને શરણે ગયો છે? એ ષષ્ઠ પ્રશ્ન આ અધ્યાયના અન્તિમ ૨૩ મા શ્લોકમા કર્યો છે એનો ઉત્તર તૃતીય અધ્યાયમા ૪૩ મા શ્લોકમા આપ્યો છે ત્યા સ્પષ્ટ ઉત્તર આપ્યો છે કે કૃષ્ણપ્રભુ સ્વધામને વિષે પધાર્યા તેમની સાથે જ ધર્મ પણ ચાલ્યો ગયો છે કલિકાલમા ધર્મ સ્થિતિ કરતો હોય તો કોને શરણ થયો છે એમ ચિન્તા કરવી યોગ્ય છે કલિયુગ અન્ધકાર સમાન છે તેથી લોકોના જ્ઞાનચક્ષુ બન્ધ થઇ ગયા છે તેઓ અન્ધ છે એમ નહિ પરન્તુ અન્ધ જેવા જ છે એથી પુન ધર્મનુ સ્થાપન કરવાને અર્થે આ પુરાણભાસ્કર શ્રીમદ્ભાગવતનુ પ્રાકટ્ય ભગવાન્ શ્રીકૃષ્ણે કરાવ્યુ છે એ શ્રીમદ્ભાગવત શ્રીકૃષ્ણ ભગવાનનુ નામાત્મક સ્વરૂપ છે તેથી એનો આશ્રય કરવાથી કલિકાલના જીવોને ધર્મ પણ સિદ્ધ થશે।

આ ષટ્ પ્રશ્નમાથી પ્રથમ ચાર પ્રશ્નનો ઉત્તર સૂતે દ્વિતીય અધ્યાયમા અને છેલ્લા બે પ્રશ્નનો ઉત્તર તૃતીય અધ્યાયમા આપ્યો છે

આ ષટ્ પ્રશ્નના વિશેષ ઉત્તર સાથે શ્રીશુકમુખે જે શ્રીમદ્ભાગવત પોતે શ્રવણ કર્યું છે તેનુ શ્રવણ સૂત કરાવશે અને સમગ્ર ગ્રન્થનુ વિસ્તારપૂર્વક વિવેચન કરશે ચતુર્મૂર્તિ ભગવાન્ શ્રીકૃષ્ણ પોતે જ સમગ્ર વેદના પૂર્વ–કર્મકાણ્ડના તથા ઉત્તર-કાણ્ડના અર્થરૂપ થયા છે તેથી પ્રથમ પ્રશ્નદ્વય પૂર્વકાણ્ડના વેદાર્થભૂત પરબ્રહ્મ ભગવાનને વિષે છે, અને અવશિષ્ટ પ્રશ્નચતુષ્ટય ચતુર્મૂર્તિ ભગવાન્ શ્રીકૃષ્ણનુ નિરૂપણ કરે છે અર્થાત્ શ્રીમદ્ભાગવતશાસ્ત્ર વેદમા સિદ્ધ કરેલી પરબ્રહ્મની ક્રિયાશક્તિ તથા જ્ઞાનશક્તિ—એ ઉભયશક્તિવિશિષ્ટ તથા તે ઉપરાન્ત અન્ય સર્વ શક્તિથી વિશિષ્ટ થયેલા પરબ્રહ્મ સાકાર પુરુષોત્તમ શ્રીકૃષ્ણ ભગવાનનુ વિસ્તારપૂર્વક નિરૂપણ કરે છે અર્થાત્ શ્રીમદ્ભાગવતશાસ્ત્ર વેદના અર્થનુ ઉપબૃંહણ કરે છે આ ષટ્ પ્રશ્નના ઉત્તરો તથા વિશેષ વ્યાખ્યાન હૃદયને વિષે પરમાર્થત તત્ત્વરૂપે સ્થિર થાય તો ભગવાનના સર્વ ધર્મનુ તથા સર્વ પદાર્થનુ જ્ઞાન થાય.

છેલા ચાર પ્રકારના પ્રશ્નમા પણ અવતારદશા તથા અનવતારદશામા મુક્ત થવા વિષયક બે વિભાગ છે એક વિભાગમા ૩–૪–૫ પ્રશ્નનો તથા બીજા વિભાગમા ષષ્ઠ પ્રશ્નનો સમાવેશ કર્યો આ રીતે શ્રીકૃષ્ણજન્મપ્રયોજનનો પ્રશ્ન, શ્રીકૃષ્ણની લીલા ક્રિયાનો પ્રશ્ન તથા શ્રીકૃષ્ણના અનેકરૂપસમ્બન્ધી પ્રશ્ન-આ ત્રણે પ્રશ્નનો એકત્ર સમાવેશ કરવાનો હેતુ છે તે એ છે કે ભગવાન્ અવતાર ધારણ કરી પ્રથમ તો નિજ ભક્તોને મુક્તિ આપે છે, કારણ કે એમને અર્થે પોતે પ્રકટ થયા છે એ રીતે ભગવદવતારના પ્રયોજનસમ્બન્ધી પ્રશ્ન યથાર્થ રીતે ઉત્પન્ન છે ભગવાન્ સૃષ્ટ્યાદિક્રિયા લીલા કરી જ્ઞાની જીવોને પોતાનુ અલૌકિક માહાત્મ્યજ્ઞાન કરાવી મુક્તિ આપે છે એ રીતે ભગવાનના સૃષ્ટ્યાદિ લીલાકર્મવિષયકપ્રશ્ન પણ યથોચિત છે વળી ભગવાન્ યોગિજનોને ધ્યાન કરવા યોગ્ય સુન્દરરૂપ ધારણ કરી તેમને મોક્ષ આપે છે-એ

રીતે રૂપવિષયક પ્રશ્ન પણ યથાયોગ્ય છે "પુણ્યશ્લોક કીર્તનકારોથી ગવાતા ભગવાનનો યશ કોણ શ્રવણ ન કરે–" એ પ્રકારનો શ્રવણ પ્રતિ આદર સિદ્ધ કરનાર મધ્યમ ૧૬ મા શ્લોકના પ્રશ્ન વડે એમ સૂચિત થાય છે ભગવદ્યશનુ શ્રવણ આદરપૂર્વક કરતા હોય એવા અનહિત ભક્તને પણ ભગવાન્ મુક્તિ આપે છે–એ રીતે મધ્યમા શ્રવણાદરવિષયક પ્રશ્ન પણ સાર્થક છે બીજા વિભાગમા પડતો અન્તિમ પ્રશ્ન અનવતારદશામા આધુનિક કલિકાલ સમયમા ધર્મ કોને શરણ ગયો? અર્થાત્ ક્યા ધર્મીને શરણ જવાથી કલિકાલમા ઉદ્ધાર થાય–મુક્તિરૂપી શ્રેય થાય એ પ્રશ્ન પણ પ્રથમ વિભાગના પ્રશ્નના જેટલોજ સમાન બનવાનો છે કારણકે એ પ્રશ્ન પણ ૩–૪–૫ પ્રશ્નની માફક ભગવાનની કલિકાલમા જીવને મુક્તિ આપવાની શક્તિનુ સૂચન કરે છે કલિકાલમા ભગવાન્ શ્રીમદ્ભાગવતરૂપી નામાત્મક સ્વરૂપે જીવોનો ઉદ્ધાર કરે છે એ રીતે જેમ ત્રણે પ્રશ્નો ભગવાનના વિમોચક સ્વભાવનુ નિરૂપણ કરે છે, તેવીજ રીતે વેદાર્થનુ પ્રતિપાદન કરતા પ્રથમ બે પ્રશ્ન પણ વેદાત્મક નામ પ્રપઞ્ચને વિષે રમણ કરતા પ્રભુ જીવોના બન્ધનો દૂર કરી તેમને મુક્તિ આપે છે એ રીતે પ્રશ્નચતુષ્ટયનુ પર્યવસાન ભગવાનની વિમોચક શક્તિનુ નિરૂપણ કરવામા થઈ જાય છે.

હવે આ પ્રશ્નનુ શ્રવણ કરનારનો શ્રોતાનો અધિકાર નિરૂપણ કરવો જોઈએ તે ૨૧ મા શ્લોકમા કહે છે અન્ય સર્વકર્મથી નિવૃત્ત થઈ હરિકથાના શ્રવણને અર્થેજ સાવકાશ થયેલા જિજ્ઞાસુ જીવો જ આ શાસ્ત્રનુ શ્રવણ કરવાને અધિકારી છે તેમણે ચિત્તક્ષેપ ન લાગે એવા તથા આસુરાવેશ ઉત્પન્ન કરી બુદ્ધિનો નાશ ન કરે એવા કોઈ પવિત્ર વિષ્ણુસ્થાન–હરિસ્થાનને વિષે બેસી ભગવત્કથાનુ શ્રવણ કરવા તથા જિજ્ઞાસાપૂર્વક તત્ત્વાર્થ સમજવો આ પ્રશ્નના ઉત્તરનુ કથન કરનારા વક્તાનો અધિકાર એ છે કે તેણે શ્રીમદ્ભાગવતનુ શ્રવણ ભક્તમુખદ્વારા કરેલુ હોવુ જોઈએ એ રીતના વક્તા શ્રીસૂત હતા, તેમણે ભારતાદિ ઇતિહાસ, પુરાણો, ધર્મશાસ્ત્રો, હરિગાથા–પ્રગાથા તથા સર્વ મોક્ષશાસ્ત્રો, શ્રીનારાયણાદિ ઋષિ, મુનિ, ગુરુ ઇત્યાદિ પાસે શ્રવણ કર્યા હતા તેમણે તેમનુ અધ્યયન કર્યુ હતુ, વ્યાખ્યાન પણ કર્યુ હતુ, તે બહુશ્રુત હતા અને શ્રીમદ્ભાગવતનુ શ્રવણ તો તેમણે ઉત્તમ વૈરાગ્યયુક્ત ભક્ત શ્રીશુકદેવજીના મુખે પ્રાપ્ત કર્યુ હતુ એટલે તેમણે ઉત્તર આપવાનો પ્રારમ્ભ કર્યો (અપૂર્ણ)

પરમ તત્ત્વ

જગત્ પરના ઈશ્વરવાદી એટલે ઈશ્વરનુ અસ્તિત્વ સ્વીકારનારા તમામ ધર્મો જેવા કે હિંદુ, મુસલમાન, ક્રિશ્ચિયન આદિ સર્વે માત્ર એકજ ઈશ્વરનો સ્વીકાર કરે છે જડવાદીઓ તથા અજ્ઞેય વાદીઓ પણ પરમાણુ (ether) કે અજ્ઞેય તત્ત્વના નામથી એકજ પરમ તત્ત્વ સ્વીકારે છે એટલે આ તો સ્વત સિદ્ધ થાય છે કે પૃથ્વી પરના દરેક મનુષ્ય એકજ પરમ તત્ત્વના ઉપાસક છે તેના નામોમા તથા ગુણોમા અને તેને પ્રાપ્ત કરવાના માર્ગોમા માત્ર ભેદ છે જે જેવી દૃષ્ટિથી જુએ છે તે તે તે નામ અને રૂપોથી ઓળખે છે ને ઓળખાવે છે સામાન્ય દૃષ્ટાંત તરીકે એક દીપ છે, તેની ચોતરફ જુદા જુદા રંગના કાચ ગોઠવ્યા છે હવે તે ભિન્ન ભિન્ન રંગના કાચમાથી જોનારને તે દીપનો રંગ જેવા રંગના કાચમાથી જોશે તેવો જણાશે, જ્યારે દીપ તો એકજ અને રંગના ભેદ વિનાનોજ છે ભેદ માત્ર કાચરૂપી મધ્યસ્થ વસ્તુનોજ છે, એટલે પરમ તત્ત્વમા પણ મધ્યસ્થ વસ્તુ તરીકે જોનારની દૃષ્ટિ તથા બુદ્ધિનોજ છે આ પરમ સિદ્ધાંત પૃથ્વી પરના પ્રાચીનમા પ્રાચીન મનાતા વેદમા પણ પ્રતિપાદિત કરેલો છે

इन्द्र मित्र वरुणमग्निमाहुरथो दिव्य ससुपर्णो गरुत्मान् ।
एक सद्विप्रा बहुधा वदन्त्यग्नि यम मातरिश्वानमाहु ॥

(ઋગ્વેદ ૧૦ ૧૬૪ ૪૬)

તેઓ તેને ઇન્દ્ર, મિત્ર, વરુણ કે અગ્નિ કહે છે, દિવ્ય ગરુત્મત્ (સૂર્ય) પક્ષી પણ કહે છે
વિપ્રો-ઋષિઓ તે એક તત્ત્વને અનેક પ્રકારે સબોધે છે તેઓ તેને અગ્નિ, યમ, માતરિશ્વા કહે છે

આવો સત્ય સિદ્ધાત હોવા છતા નાહક ધાર્મિક વિગ્રહો અને ખુનામરકી શા માટે જોઇએ ? જ્યારે આમ છે તો પછી એક બીજાના ધર્મનુ અપમાન કે નિદા કરવી એ મહાપાપ છે અને તે નિદા કરી તે જે નામથી અને રૂપથી પોતે પોતાના પરમતત્ત્વને ઓળખતો હોય તેનીજ નિદા કરવા બરાબર છે જો હિદુ મુસલમાનની મસજીદ કે ધર્મનુ અપમાન કે નિદા કરે તો તે પોતે આ અદ્વિતીય પરમ તત્ત્વનેજ ભગવાન્, ઈશ્વર કે પરબ્રહ્મના જે નામથી ઓળખતો હોય તેનુજ અપમાન ને નિદા કરવાનુ પાપ કરે છે તેનીજ રીતે મુસલમાન હિદુના મદિર કે મૂર્તિનુ અપમાન કરે તો તેણે અલ્લાનો મહા ભયકર ગુન્હો કર્યો ગણાય

અલબત્ત દરેકને પોતપોતાનો સિદ્ધાત જણાવવાનો તથા તેને પોતાની દૃષ્ટિથી સારો કહેવાનો હક્ક છે જે જેવી દૃષ્ટિથી જુએ તેને તે રૂપ પસદ પડે, ને તે તેને પ્રાપ્ત કરવા સુખેથી પ્રયાસ કરે, પરતુ કોઈ પણ ધર્મની અવગણના કે નિદા તો નજ થાય હિદુઓની મૂર્તિપૂજા માટે અગાઉ મુસલમાન, ક્રિશ્ચિયન આદિ તેમજ આર્યસમાજ આદિ હિદુ નિરાકારવાદિઓની ગેરસમજને લીધે સખત વિરોધ હતો, પરતુ હવે તે ગેરસમજ ઘણે અશે દૂર થવાથી એટલો સખત રહ્યો નથી

જગત્ માત્ર મૂર્તિપૂજક છે ક્રિશ્ચિયનો તેમના દેવળ અને ક્રાઇસ્ટની છબી પવિત્ર માને છે મુસલમાનો પણ મસજીદ અને કબરોને પૂજે છે શીખો ગ્રથ સાહેબને પૂજ્ય ગણે છે જગતના સર્વ મનુષ્યો પોતપોતાના સ્નેહીઓ અને સબધીઓની તસવીર કે પ્રતિમા પ્રત્યે પ્રેમ ધરાવે છે, એજ રીતે હિદુઓ મૂર્તિપૂજાદ્વારા ઈશ્વરનુ એટલે તેજ પરમ તત્ત્વનુ ચિતન અને પૂજન કરે છે આવા સ્પષ્ટ સિદ્ધાતો છતા ધર્મના બહાને ખોટા વિરોધો કેમ સભવે ? હાલમા તો આ વિરોધો ઘણાજ સબળ થઇ પડી દેશને અધોગતિમા ઉતારી રહ્યા છે, તો આવા એકતાના સિદ્ધાતો માનનાર અને પ્રતિપાદન કરનાર દરેક ધર્મના આગેવાનોની (અને તેવા સત્પુરુષો પણ દરેક ધર્માનુયાયીમાથી અવશ્ય મળી આવશે) નિદાન પ્રતિવર્ષ પરિષદ્ બોલાવી દરેક ધર્મમાથી સમ તત્ત્વો શોધી તે તમામ આગેવાનોની સહીઓ સાથે છપાવી છૂટથી વહેચવામા આવે તો હાલમા ગેરસમજુતથી પ્રગટી રહેલી તીવ્રજ્વાલાને કેટલેક અશે શાત કરે

શ્રીકૃષ્ણજન્મ.

શ્રીકૃષ્ણ પરબ્રહ્મ; પૂર્ણપુરુષોત્તમ છે પરબ્રહ્મનો જન્મ થાય ? પરબ્રહ્મને જન્મવાનુ હોય ? પરબ્રહ્મનો જન્મ થાય તો સામાન્ય જીવ અને પરબ્રહ્મમા શો ભેદ ?

પરબ્રહ્મ શ્રીકૃષ્ણચદ્રનો જન્મ થયો હોય તો કદાચ તેમના અલૌકિકત્વની ક્ષતિ થાય, તેઓશ્રી પ્રાકૃત મનુજ તુલ્ય ગણાય તેવી ભીતિથી, સત્ય શુ છે તેનો વિચાર કર્યા વિના, પરબ્રહ્મનુ અલૌકિકત્વ સાચવવા અસત્યનો આશ્રય બાધક નથી એમ માનીને, ઘણા લેખકો શ્રીકૃષ્ણનો જન્મ જ થયો નથી એમ દર્શાવવા ઉત્સુક જણાય છે વૈષ્ણવગાયશિક્ષાના બીજા ભાગના પૃષ્ઠ ૧૧ મા દીનકિકરે " જ્યારે શ્રાવણ વદ ૮ આવી ત્યારે ભગવાન અદરથી વસુદેવ દેવકીજીની

પાસે જેલમા પધાર્યા ” એવો બાળકોને બોધ આપ્યો છે બાળકોને બોધ આપવામા અસત્યનો આશ્રય થવો ન જ જોઇએ બાળકો શ્રીકૃષ્ણને પરબ્રહ્મ માને તે માટે અથવા ગમે તે હેતુથી પણ બાળકોને બોધ આપવામા અસત્યનો આશ્રય કરવો એ ક્ષન્તવ્ય નથી જ હવે આપણે આ ઉક્તિ પ્રમાણપુરઃસર છે કે કેમ તે તપાસીશુ

“ ભગવાન્ અદ્ધરથી વસુદેવ દેવકીજીની પાસે જેલમા પધાર્યા ” એમ કહેવાથી લેખક એમ સૂચવવા માગે છે કે ભગવાને દેવકીજીના ગર્ભમા વાસ કર્યો ન હતો વસુદેવે દેવકીજીમા ગર્ભાધાન કર્યું ન હતુ ગર્ભાધાન, ગર્ભવાસ, જન્મ વિગેરે થયા ન હતા

આ લેખકના વિચાર શ્રીમદ્ભાગવતને અનુસરે છે, કે શ્રીમદ્ભાગવતથી વિરુદ્ધ છે તે જોઈએ નવમ સ્કંધમા વંશનુ વર્ણન કરતા શ્રીશુક કહે છે

“वसुदेवस्तु देवक्यामष्टपुत्रानजीजनत् ॥
कीर्तिमन्तं सुषेणं च भद्रसेनमुदारधीः ।
ऋजुं संमर्दनं भद्रं संकर्षणमहीश्वरम् ॥
अष्टमस्तु तयोरासीत्स्वयमेव हरिः किल ।

શ્રીમદ્ભાગવત ૯ ૩૪ ૫૩,થી-૫૬

વસુદેવે **દેવકીજીમા** આઠ પુત્રો ઉત્પન્ન કર્યા આનો અર્થ સ્પષ્ટ છે કે વસુદેવે દેવકીજીમા ગર્ભાધાન કર્યું અને તેથી એક પછી એક એમ આઠ **પુત્ર ઉત્પન્ન કર્યા.** તેમા આઠમા પુત્ર ભગવાન્ હરિ પોતેજ હતા, તેથી ભગવાન્ પણ વસુદેવે દેવકીજીમા ઉત્પન્ન કરેલ પુત્ર થયા કંસના કારાગૃહમા વસુદેવ દેવકીજી પાસે અધ્ધરથી પધાર્યા ન હતા

દશમસ્કંધના પ્રારંભમા પરીક્ષિત્ શુકદેવને ભગવાનનુ ચરિત્ર વિસ્તારથી વર્ણવી કહેવા પ્રાર્થના કરે છે, તેથી શુકદેવ શ્રીકૃષ્ણચરિત વિસ્તારથી કહેવાનો પ્રારંભ કરે છે અહંકારી નૃપતિઓના વેષ રહેલા દૈત્યોની સેનાના બહુ ભારથી પીડિત થઈ ભૂમિ બ્રહ્માને શરણ જાય છે બ્રહ્મા બીજા દેવો તથા ભૂમિસહિત ક્ષીરપયોનિધિના તીરે જઈ પ્રભુની સ્તુતિ કરે છે ત્યારે આકાશવાણી થાય છે તેનુ શ્રવણ કરી બ્રહ્મા દેવોને કહે છે

वसुदेवगृहे साक्षाद्भगवान्पुरुषः परः ।
जनिष्यते तत्प्रियार्थं संभवन्तु सुरस्त्रियः ॥

શ્રીમદ્ભા ૧૦ ૧ ૨૩

વસુદેવના ગૃહમા સાક્ષાત્ પુરુષોત્તમ ભગવાન્ જન્મવાના છે ભગવાન્ જન્મવાના ન હોય પરંતુ અદ્ધરથીજ કંસના કારાગૃહમા વસુદેવ તથા દેવકીજી પાસે પધારવાના હોય તો બ્રહ્માનુ આ વાક્ય પણ અસંગત થાય

આગળ દેવકીજીના વસુદેવ સાથે લગ્ન થયા પછી દેવકીજીનુ પ્રિય કરવાની ઇચ્છાથી તેમને વળાવતી વખતે કંસ તેમનો રથ હાંકે છે તે સમયે આકાશવાણી થાય છે કે **“अस्यास्त्वामष्टमो गर्भो हन्ता यां वहसेऽबुध ”** શ્રીમદ્ભાગવત ૧૦ ૧ ૩૪ તેથી કંસને મારનાર દેવકીજીનો **આઠમો ગર્ભ છે દેવકીજીના આઠમા ગર્ભમાં ઉત્પન્ન થનાર** બાળક શ્રીકૃષ્ણજ ભવિષ્યમા કંસનો વધ કરનાર છે ભગવાન્ દેવકીજીના ગર્ભમા પધારવાના ન હોય, અને તેમનો તેવી રીતે

જન્મ થવાનો ન હોય, પરંતુ કંસના કારાગૃહમા વસુદેવ તથા દેવકીજી પાસે અદ્ધરથી જ પધારવાના હોય તો આ આકાશવાણી પણ અસત્ય જ ઠરે

આકાશવાણીનુ શ્રવણ કરી કંસ દેવકીજીને મારવા તત્પર થયો વસુદેવના બોધથી અને દેવકીજીથી જે પુત્ર થાય તે તેને સમર્પણ કરવાના વચનથી તેણે દેવકીજીને ન માર્યા પછી

“ अथ काल उपावृत्ते देवकी सर्वदेवता ।
पुत्रान्प्रसुषुवे चाष्टौ कन्यां चैवानुवत्सरम् ॥

શ્રીમદ્ભાગવત ૧૦-૧-૫૬

દેવકીજીએ આઠ પુત્ર અને એક કન્યાને વર્ષે વર્ષે જન્મ આપ્યો શ્રીકૃષ્ણનો જન્મ થયો ન હોત અને તે કંસના કારાગૃહમા વસુદેવ અને દેવકીજી પાસે અધ્ધરથી જ પધાર્યા હોત તો શ્રીશુકજીનુ આ વચન પણ અસત્ય જ ઠરે

શ્રીમદ્ભાગવતના દશમસ્કંધના દ્વિતીય અધ્યાયમા ગર્ભાધાન સંસ્કારનુ સ્પષ્ટ નિરૂપણ છે

भगवानपि विश्वात्मा भक्तानामभयंकरः ।
आविवेशांशभागेन मन आनकदुन्दुभेः ॥
स बिभ्रत्पौरुषं धाम भ्राजमानो यथा रविः ॥
दुरासदोऽतिदुर्धर्षो भूतानां संबभूव ह ॥
ततो जगन्मङ्गलमच्युतांशं समाहितं शूरसुतेन देवी ।
दधार सर्वात्मकमात्मभूतं काष्ठा यथानंदकरं मनस्तः ॥
सा देवकी सर्वजगन्निवासनिवासभूता नितरां न रेजे ।
भोजेन्द्रगेहेऽग्निशिखेव रुद्धा सरस्वती ज्ञानखले यथा सती ॥
तां वीक्ष्य कंसः प्रभया जितान्तरां विरोचयन्तीं भवनं शुचिस्मिताम् ।
आहैष मे प्राणहरो हरिर्गुहां ध्रुवं श्रितो यन्न पुरेयमीदृशी ॥

શ્રીમદ્ભાગવત ૧૦-૨-૧૬-૨૦

ભક્તને અભય કરનાર વિશ્વાત્મા ભગવાને વસુદેવના મનમા પ્રવેશ કર્યો ભગવાને વસુદેવમા પ્રવેશ કર્યો તેથી વસુદેવ રવિની પેઠે પ્રકાશવા મંડ્યા, અને પ્રાણિમાત્ર તેમની સમીપ જઈ શકે નહિ તથા તેમની સામે થઈ શકે નહિ તેવા પ્રતાપી થયા પછી વસુદેવે સમ્યક્ આધાન કરેલ જગન્મંગલ અચ્યુતાંશને દેવકીએ ધારણ કર્યા ભગવાનને ધારણ કરવાથી સર્વ જગત્ જેમાં રહેલ છ તેવા ભગવાનનો નિવાસ થયેલા દેવકી કંસના કારાગૃહમા પૂરાએલાં શોભતા ન હતા. કંસે દેવકીજીને પોતાની પ્રભાથી ભવનને પ્રકાશતા અને સુંદર હાસ્યવાળાં જોયાં અને દેવકીજીના રૂપ, વિગેરેમા આ ફેરફાર થવાથી તે સમજ્યો કે મારા પ્રાણને હરનાર હરિએ જરૂર ગુહામાં પ્રવેશ કર્યો છ. આ ગર્ભાધાન સંસ્કાર જ છ ભગવાને પ્રથમ વસુદેવમા પ્રવેશ કર્યો,

પછી વસુદેવે પોતામા રહેલા ભગવાનનુ દેવકીજીમા '**સમ્યક્ આધાન કર્યું**' ભગવાને વસુદેવમા પ્રવેશ કર્યો ત્યારથી વસુદેવ રવિની પેઠે પ્રકાશવા મંડયા અને પ્રાણિમાત્રથી અગમ્ય અને 'અનતિક્રમ્ય' થયા ભગવાનના પ્રવેશથી વસુદેવ તેજસ્વી થયા ભગવાને વસુદેવમા પ્રવેશ કર્યો ન હતો ત્યા સુધી વસુદેવમા તેવુ તેજ ન હતુ પછી વસુદેવે દેવકીજીમા ભગવાનનુ આધાન કર્યુ, એટલે ભગવાન્ વસુદેવમાથી નીકળી દેવકીજીમા પધાર્યા પરિણામે વસુદેવ પૂર્વવત્ થયા પછી વસુદેવ રવિની પેઠે પ્રકાશતા ન હતા, પરતુ દેવકીજીમા ભગવાન્ પધાર્યા તેથી દેવકીજી પ્રકાશવા માંડયા દેવકીજીની પ્રભાથી કારાગૃહ પ્રકાશવા માંડ્યુ સર્વ જગતનો જેમા નિવાસ છે એવા ભગવાને જેમા નિવાસ કરેલો છે એવા દેવકીજી કારાગૃહમા નજ શોભે દેવકીજીના તેજથી કારાગૃહ પ્રકાશી રહ્યુ છે તે જોઈ કંસ પણ સમજ્યો કે જરૂર દેવકીજીમા ભગવાને પ્રવેશ કરેલ છે જો ભગવાન્ અદ્ધરથીજ કારાગૃહમા વસુદેવ તથા દેવકીજી પાસે પધારવાના હોત તો વસુદેવમા અને વસુદેવદ્વારા દેવકીજીમા પ્રવેશ કરવાની તેમને જરૂર જ ન હતી ભગવાને વસુદેવમા અને વસુદેવદ્વારા દેવકીજીમા પ્રવેશ કર્યો છે એ અહિ સ્પષ્ટજ છે 'તેથી' કંસના કારાગૃહમા વસુદેવ અને દેવકી પાસે ભગવાન્ અદ્ધરથીજ પધાર્યા ન હતા.

કંસે જોયુ કે તેના પ્રાણ હરનાર હરિએ નક્કી **ગુહામાં** પ્રવેશ કર્યો છે છતા સ્ત્રી અને તેમા પણ બેન અને તે પણ **ગુરુમતી (ગર્ભવતી)** તેનો વધ કરવો એ અત્યત ક્રૂર કર્મ હોવાથી તેણે દેવકીજીનો તે સમયે વધ ન કર્યો, પરતુ "**आस्ते प्रतीक्षस्तज्जन्म**" પ્રભુના **જન્મની** રાહ જોતો રહ્યો કંસ અસુર હોવાથી તેને પ્રભુમા લૌકિક ભ્રાંતિ થાય અને તેથી તેને પ્રભુનો જન્મ થશે એમ લાગે અને તેથી પ્રભુના જન્મની રાહ જોઇ રહે એમ કહી શકાય નહિ, કારણકે "**आस्ते प्रतीक्षस्तज्जन्म**" એ કંસનુ વાક્ય નથી, પરતુ શુકદેવનુ વાક્ય છે કંસનુ વાક્ય શ્લોક ૨૨ માથે પૂરુ થાય છે ત્યાર પછીના (૨૩ મા) શ્લોકમા આ શુકદેવનુ વાક્ય છે પ્રભુનો જન્મ થવાનો નજ હોય અને પ્રભુ કંસના કારાગૃહમા વસુદેવ અને દેવકીજી પાસે અદ્ધરથી પધારવાના હોય તો આ શુકદેવનુ વાક્ય પણ અસત્ય ઠરે

ત્યાર પછી બ્રહ્માદિ દેવો પ્રભુની સ્તુતિ કરવા આવે છે આ સ્તુતિમા દેવો કહે છે "**न तेऽभवस्येश भवस्य कारण विना विनोद बत तर्कयामहे**" હે ઈશ, તમારા અભવના ભવનુ કારણ વિનોદ વિના બીજુ અમે ધારતા નથી" શ્લોક ૩૯ દેવો પણ કહે છે કે **પ્રભુનો ભવ એટલે જન્મ થવાનો છે** પ્રભુને જન્મ લેવાનુ કારણ અથવા પ્રયોજન નથી, છતા પ્રભુનો જન્મ થવાનો છે એ નક્કી છે પ્રભુના જન્મનુ શુ કારણ? પ્રભુ જન્મ લીધા વિના સર્વ કરવા સમર્થ છે તેથી જન્મ લેવાનુ કારણ નહિ હોવા છતા પ્રભુ જન્મ લેવાના છે તે માત્ર વિનોદ અથવા ક્રીડા માટે જ લેવાના છે પ્રભુનો જન્મ જ થવાનો ન હોત અને પ્રભુ માત્ર અદ્ધરથીજ કારાગૃહમા પધારવાના હોત તો દેવોનુ આ વાક્ય પણ અસત્ય ઠરે

વળી દેવકીજીને ઉદ્દેશી દેવો કહે છે—"**दिष्ट्याऽम्ब ते कुक्षिगत पर पुमानशेन साक्षाद्भगवान्भवाय न।**' શ્લોક ૪૧ હે મા, પરમ પુરુષ સાક્ષાત્ ભગવાન્ **આપની કુક્ષિમા પધાર્યા છે** ભગવાન્ દેવકીજીની કુક્ષિમા પધાર્યા છે તેથીજ દેવો કારાગૃહમા પ્રભુની સ્તુતિ કરવા આવ્યા છે, પ્રભુ દેવકીજીની કુક્ષિમા પધાર્યા ન હોત, પ્રભુનો જન્મ થવાનો ન હોત અને પ્રભુ કારાગૃહમા અદ્ધરથી જ પધારવાના હોત તો દેવોને પ્રભુની સ્તુતિ કરવા કારાગૃહમા આવવાનુ કાંઇ પણ પ્રયોજન ન હતુ પ્રભુ દેવકીજીની કુક્ષિમા પધાર્યા હતા એમ આ અધ્યાયની ઇતિશ્રી પરથી પણ સ્પષ્ટજ જણાય છે **इतिश्रीमद्भागवते महापुराणे दशमस्कन्धे गर्भगतविष्णो**

ब्रह्मादिकृतस्तुतिर्नाम द्वितीयोऽध्याय ॥ આ અધ્યાયનુ નામજ " ગર્ભગત (ગર્ભમાં પ્રવેશેલા) વિષ્ણુની બ્રહ્માદિએ કરેલી સ્તુતિ " છે તેથી પ્રભુ દેવકીજીના ગર્ભમા પધારેલા હતા દેવકીજીના ગર્ભમા પધાર્યા વિના, અદ્ધરથીજ કારાગૃહમા દેવકીજી તથા વસુદેવ પાસે પધારવાના ન હતા

તૃતીય અધ્યાયમા પ્રારભમાજ પ્રભુના જન્મનુ સુદર વર્ણન આપેલુ છે પ્રથમ અધ્યાયમા જન્મકાળનુ વર્ણન કરેલુ છે તે સમયે " **अजनजन्मर्क्षम** "। હતુ અજનનો, જન્મ થવા યોગ્ય નક્ષત્ર હતુ વળી " **जायमानेऽजने तस्मिन्नेदुर्दुन्दुभयो दिवि** " શ્લોક ૫ અજનનો **જન્મ થતો હતો તે સમયે** આકાશમા દુદુભિ વાગ્યા પ્રભુ જો વસુદેવ તથા દેવકીજી પાસે અદ્ધરથીજ કારાગૃહમા પધાર્યા હોય તો તેમનો જન્મ થયો નજ ગણાય પ્રભુનો જન્મ કેવી રીતે થયો તે પણ આ અધ્યાયના આઠમા શ્લોકમા સ્પષ્ટ છે

'निशीथे तम उद्भूते जायमाने जनार्दने
देवक्यां देवरूपिण्यां विष्णुः सर्वगुहाशयः ।
आविरासीद्यथा प्राच्यां दिशीन्दुरिव पुष्कलः ॥

જેમ પૂર્વદિશામાથી સુદર ચદ્રનો આવિર્ભાવ થાય તેમ **દેવકીજીમાથી વિષ્ણુનો આવિર્ભાવ થયો** પ્રભુ અદ્ધરથી પધાર્યા નથી, પરતુ દેવકીજીમાથી જ આવિર્ભાવ પામ્યા છે પ્રભુ અદ્ધરથી કારાગૃહમા પધાર્યા નથી, પરતુ દેવકીજીએ જ પ્રભુને જન્મ આપ્યો છે

પ્રભુનો જન્મ થયા પછી વસુદેવ પ્રભુની સ્તુતિ કરે છે તેમા પણ વસુદેવ કહે છે કે—

" **अय त्वसभ्यस्तव जन्म नौ गृहे श्रुत्वा** ." શ્લોક ૨૨ વસુદેવે સ્તુતિ કર્યા પછી દેવકીજી પણ પ્રભુને સબોધે છે તેમા તે પણ કહે છે કે " **जन्म ते मय्यसौ पापो मा विद्यान मधुसूदन** " શ્લોક ૨૯. હે મધુસૂદન, તે પાપી (કસ) મારાથી આપનો જન્મ થયો છે તે ન જાણે

विश्वं यदेतत्स्वतनौ निशान्ते यथावकाशं पुरुषः परो भवान् ।
विभर्ति सोऽयं मम गर्भगोऽभूदहो नृलोकस्य विडंवनं हि तत् ॥ ",

શ્લોક ૩૧ આખા વિશ્વને પોતાની અદર ધારણ કરનાર પરમપુરુષ ' મારા ગર્ભમાં રહ્યા આ દેવકીજીના વચનથી પણ સિદ્ધ થાય છે કે શ્રીકૃષ્ણ વસુદેવ અને દેવકી પાસે અદ્ધરથી કારાગૃહમા પધાર્યા ન હતા, પરતુ તેમનો દેવકીજીથી જન્મ જ થયો હતો

ઉપરના શ્રીમદ્ભાગવતના વાક્યોથી સિદ્ધ થાય છે કે પ્રભુ વસુદેવ અને દેવકીજી પાસે કારાગૃહમા અદ્ધરથી પધાર્યા ન હતા, પરતુ તેમનો દેવકીજીથી જન્મ થયો હતો શ્રીમદ્ભાગવતથી વિરુદ્ધ બાળકોને ઉપદેશ આપવો ઉચિત નથી દરેક ધર્મમા સત્યનુ પાલન આવશ્યક છે બાળકોને સત્યપ્રિય બનાવવા જોઇએ તેમની પાસે અસત્ય ભાષણ કરવુ જોઇએ નહિ તેમ જ તેમને અસત્ય ઉપદેશ કરવો પણ ઉચિત નથી

પ્રભુ વસુદેવ અને દેવકીજી પાસે કારાગૃહમા અદ્ધરથી પધાર્યા ન હતા, પરતુ દેવકીજીએ જ પ્રભુને જન્મ આપ્યો હતો હવે પ્રશ્ન એ ઉદ્ભવે છે કે પ્રભુનો પણ જન્મ થયો હોય તો તે 'અજન,' 'અમર' શેના ! સામાન્ય માણસની પેઠે પ્રભુનો પણ જન્મ થયો હોય તો પ્રભુ પણ પ્રાકૃત મનુષ્ય કેમ ન ગણાય ! (અપૂર્ણ)

ત્રિવિધનામાવલી.

(ચાલુ)

હવે પરમ અવતારનુ' મુખ્ય પ્રયોજન બતાવનાર નામ કહે છે.

भक्तिमार्गप्रवर्तकाय नमः ॥ १ ॥

અર્થ—ભક્તિમાર્ગના પ્રવર્તકને નમસ્કાર

વિવરણ—મથુરાવાસીઓ પહેલા કર્મનિષ્ઠ હતા–કર્મના પ્રવર્તક હતા, પણ તેઓ ભગવદીય હોવાથી ભગવાનને તેમનો નિરોધ સિદ્ધ કરવાની જરૂર પડી, અને તે નિરોધ સિદ્ધ કરવાને માટે ભગવદિચ્છાને અનુસરીને નિમિત્તભૂત થએલા કંસનુ[1] નિવારણ કરી ફલદાનને માટે ભક્તિમાર્ગને પ્રવૃત્ત કર્યો કોઇ ન દેખે એવા એકાન્ત સ્થળમા પ્રાદુર્ભાવ પામી શુદ્ધસત્ત્વરૂપ વસુદેવ અને દેવકીને નિરતિશય આનન્દના આવેશમા જ તેમણે દસ હજાર ગાયોનુ દાન કરવાનો મનમા સંકલ્પ કર્યો અને દેવકીજી માહાત્મ્યજ્ઞાનપૂર્વક સ્નેહથી આકુલ થઇને બોલ્યા કે હે બાલ! મને ઘણી અધીરઇ થઇ ગઇ છે અને તારે માટે મને કંસનો બહુ ભય રહે છે એ શ્લોકમા[2] ઉપરની ભાવના જણાવવામા આવી છે તે શ્લોક ઉપરથી સ્પષ્ટ જણાય છે કે દેવકીજીને પ્રથમ માહાત્મ્યજ્ઞાન હતુ પણ પછીથી સ્નેહનો ભાગ વધી જવાથી તે બાળકને ભગવાન્ તરીકે ન ઓળખતા પોતાના નાના બાળક તરીકે જ ઓળખે છે અને તેથી જ એ બાળકને માટે કંસનો ભય રહે છે જો સ્નેહનો અતિશય ન માનીએ તો માહાત્મ્યજ્ઞાનવાળા દેવકીજીના મુખમા ઉપરની ઉક્તિ શોભતી નથી પ્રથમ માહાત્મ્યજ્ઞાન અને પછીથી સર્વતોધિક સ્નેહ એ જ ભક્તિનુ લક્ષણ છે એમ દેવકીજીના મનની સ્થિતિ ઉપરથી આપણને માલમ પડે છે નારદજી પણ ભક્તિસૂત્રમા ભક્તિનુ લક્ષણ[3] આજ તાત્પર્યનુ આપે છે અહીં કોઇને શંકા થાય કે શુદ્ધસત્ત્વરૂપ વસુદેવ અને દેવકીજીએ હરિ–ભગવાન્–નો આશ્રય કર્યો એટલે એમને કોઇ પણ પ્રકારનો ક્લેશ ન થવો જોઇએ કારણ કે શાસ્ત્રમા કહ્યુ[4] છે કે જેમણે હરિનો આશ્રય લીધો છે તેમને શરીરના, મનના, દિવ્ય, મનુષ્યસંબંધી, ભૌતિક વગેરે ક્લેશો ક્યાથી હોઇ શકે? પણ શ્રીમદ્ભાગવત ઉપરથી તો એમ જણાય છે કે વસુદેવ અને દેવકીજીને ઘણો ક્લેશ થયો તેથી અહીં વિરોધ પ્રાપ્ત થાય છે અનુ સમાધાન એ જ કે ભગવાનને તેમનો અંગીકાર કરવો હતો તેથી વસુદેવ અને દેવકીજીને ક્લેશ પ્રાપ્ત કરાવડાવ્યો **यस्याहमनुगृह्णामि**–જેના ઉપર હુ અનુગ્રહ કરૂ છુ–ઇત્યાદિ વચન ઉપરથી સ્પષ્ટ પ્રતીત થાય છે કે ભગવાને સ્વજનમાથી પૃથક્ કરી અંગીકાર કર્યો માટે ભગવદિચ્છાથી સર્વ ઘટી શકે છે અન્તઃપ્રવેશ પછી વસુદેવ અને દેવકીજીનો નિરોધ થયો તેથી ભક્તિમાર્ગની પ્રવૃત્તિ શરુ થઇ આ ભાવ જણાવવા માટે 'ભક્તિમાર્ગપ્રવર્તક' એ નામ આપવામા આવ્યુ છે ૯

---

[1] કંસ એટલે कं सुखं सारयति नाशयति–સુખનો નાશ કરનાર

[2] समुद्विजे भवद्धेतोः' ભાગ ૧૦ ૩ ૨૮

[3] माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढः सर्वतोधिकः । स्नेहो भक्तिरिति प्रोक्तस्तस्मान्मुक्तिर्न चान्यथा ॥ પ્રથમ માહાત્મ્યજ્ઞાન અને પછી વધારે દૃઢ અને સર્વના કરતા અધિક સ્નેહ એ જ ભક્તિ અને તેનાથી જ મોક્ષ, બીજાથી નહિ

[4] शारीरा मानसा दिव्या वैयासे ये च मानुषाः । भौतिकाश्च कथं क्लेशा बाधन्ते हरिसंश्रयात् ॥

ભક્તિની પ્રવૃત્તિ થઈ એ આપણે ઉપરના નામ ઉપરથી જોઈ ગયા હવે પ્રશ્ન એ છે કે બધાને એક જ પ્રકારનુ કે ભિન્ન ભિન્ન પ્રકારનુ ફલ મળશે ? આ શકાના ઉત્તરમા શ્રીમહાપ્રભુજી નીચેના નામની આજ્ઞા કરે છે —

भक्तजनकल्पवृक्षाय नमः ॥१०॥

અર્થ—ભક્તજનોના કલ્પવૃક્ષને નમસ્કાર

વિવરણ—દેવોના મન્દાર, પારિજાતક, સતાન, કલ્પવૃક્ષ અને હરિચદન નામના પાચ વૃક્ષો છે તેમને દેવતરુ કહેવામા આવે છે આમા કલ્પવૃક્ષનો એવો ગુણ છે કે એ વૃક્ષની નીચે બેસી જે ઇચ્છા દર્શાવે તે ઇચ્છા એકદમ સફલ થાય જેની જે વાસના હોય તે વાસના કલ્પવૃક્ષ સિદ્ધ કરી આપે છે આ જ પ્રમાણે ભક્ત જે પ્રકારે-જે ભાવે-ભગવાનને ભજતો હોય તે જ પ્રમાણે ભગવાન્ તે ભક્તને ફલ આપે છે ભક્તની જે ભાવના હોય તે ભાવના ભગવાન્ કલ્પવૃક્ષની માફક પૂર્ણ કરે છે આથી જ ભગવાનને ભક્તજનોનુ કલ્પવૃક્ષ કહેવામા આવે છે આ જ ભાવ ગર્ભસ્તુતિમા પણ જોવામા આવે છે ૧૦

હવે સાક્ષાત્ આવિર્ભાવ પામેલા ભગવાનનુ નામ આપવામા આવે છે —

देवकीनन्दनाय नमः ॥ ११ ॥

અર્થ-દેવકીજીને આનન્દ આપનારને નમસ્કાર

વિવરણ-ભગવાનના પરમાનન્દસ્વરૂપનુ સાક્ષાત્ પ્રાકટ્ય અકસ્માત્ થવાથી દેવકીજીને આનન્દ થાય એ સ્વાભાવિક છે દેવકીજીને આનન્દ થયો એટલે સર્વ દેવતાઓને પણ આનન્દ થયો, કારણ કે દેવકીજી દેવરૂપિણી છે-દેવકીજીમા સર્વ દેવતાઓનુ સાન્નિધ્ય છે '**अथ सर्वगुणोपेत**' વગેરેથી આરભીને '**प्राच्या दिशीन्दुरिव**' વગેરે શ્લોક સુધીનુ તાત્પર્યનુ સૂચન આ 'દેવકીનન્દન' નામથી થાય છે જેમ પૂર્વ દિશામા ચન્દ્રનુ પ્રાકટ્ય થાય છે તેમ દેવકીજીમાં પુરુષોત્તમનુ પ્રાકટ્ય થયુ ચન્દ્રનુ પ્રાકટ્ય રાત્રિએ થય છે અને સર્વ તારાઓને આનન્દ આપે છે તેમ ભગવાન્ પણ સ્ત્રીઓને આનન્દ આપનાર થશે એવો ધ્વનિ નીકળે છે તેથી જ સ્ત્રીવાચક 'દેવકી' પદ મૂકવામા આવ્યુ છે આ મૂલસ્વરૂપ છે અને આ સ્વરૂપનો જ અવતારરૂપ હોય છે તેથી જુદા જુદા કાર્યના અર્થને માટે જુદા જુદા જુદા અશ સાથે અવતાર થાય છે તેથી દેવકીજીમા પ્રદ્યુમ્નાશ છે એમ સૂચન કરનાર આ નામ છે આ ઉપરાન્ત બાલલીલાનો સબધ પણ પ્રતીત થાય છે એટલા માટે જ પુત્રત્વ દર્શાવનાર 'નન્દન' પદ મૂકવામા આવ્યુ છે આ જ ભાવ **जायमाने जनार्दने** એ શ્લોક ભાગના વિવરણમા જોવામા આવે છે, આ પ્રકારે ત્રણ અવતારનો ક્રમ છે ધર્મનુ રક્ષણ કરવાથી અનિરુદ્ધાશ, મુક્તિનુ દાન કરવાને અજ્ઞાનનુ નિવારણ કરવાથી સકર્ષણાશ અને દેવકીજીમા પ્રદ્યુમ્નાશ ૧૧

આ પ્રમાણે પ્રકટવાથી પૂર્ણ સચ્ચિદાનન્દવિગ્રહ ભગવાન્ દેવકી અને વસુદેવના આગળ અકસ્માત્ પ્રાદુર્ભૂત થયા તેથી આગળ આશ્ચર્યનુ વર્ણન કરવામા આવ્યુ છે એમ દર્શાવવા નીચેનુ નામ આપવામા આવે છે —

वसुदेवदेवकीपुण्यपुञ्जफलाय नमः ॥ १२॥

અર્થ-વસુદેવ અને દેવકીજીના પુણ્યના પુજ-સમૂહ-ના ફલરૂપ ભગવાનને નમસ્કાર

વિવરણ—ભગવાન્ વસુદેવ અને દેવકીજીના પુણ્યરાશિના ફલરૂપ છે 'પુણ્ય' પદ ઉપરથી ભાગ્યનું પણ સૂચન થાય છે, કારણ કે ભાગ્ય વિના આવું અનુપમ ફલ મળી શકે નહિ ભગવાનનું પ્રાકટ્ય ફલરૂપ જ છે ચિરકાલથી સંચિત થયેલા પુણ્ય અને ભાગ્યનું ભગવત્પ્રાકટ્ય ફલ છે, સાધારણ પુણ્ય અને સાધારણ ભાગ્યનું આ ફલ ન હોય આ ઉપરથી એટલું તો જણાય છે કે જેમ ભગવત્પ્રાકટ્યરૂપી ફલ અલૌકિક છે તેમ એ ફલના કારણભૂત પુણ્ય અને ભાગ્ય પણ અલૌકિક છે, કારણ કે કાર્યની જે જાતિ હોય તે જ કારણની જાતિ હોય છે જો કે વસુદેવ અને દેવકીએ પૂર્વજન્મમાં તપ કરેલું છે, છતાં પણ તે તપ સાધન છે અને ભગવાન્ સાધનસાધ્ય નથી—ભગવાન્ સાધનને વશ થતા નથી—તેથી સ્વસ્વરૂપની ઇચ્છા જ કારણ છે, અને વરદાને કરીને તપ પણ અલૌકિક સાધન બને છે તેથી ભાગ્ય પણ અલૌકિક થાય છે અથવા બીજે પ્રકારે વિચાર કરીએ તો એમ જણાય છે કે વસુદેવ શુદ્ધસત્ત્વરૂપ છે અને તેથી ભગવાનના આવિર્ભાવનું સ્થાન છે, દેવકીજીમાં સર્વ દેવતાઓનો અંતર્ભાવ છે અને ત્રિગુણરૂપ છે તેથી બધાના ભાગ્યના સમુદાયનું નિરૂપણ અહીં કરવામાં આવ્યું છે અને તેથી જ મૂલમાં 'પુંજ' પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે જો કે ભગવાનનો પ્રાદુર્ભાવ સર્વને અર્થે છે, છતાં પણ વસુદેવ અને દેવકી પ્રાદુર્ભાવના સ્થાનરૂપ હોવાથી તેમના જ ભાગ્ય અને પુણ્યનું આ ભગવત્પ્રાકટ્ય ફલ છે એમ કહેવામાં આવ્યું છે તેથી જ **पत्तार्चान्त दिनान्यासन्** ઇત્યાદિ પંક્તિઓમાં માનવીનાનુસારે આન્તર મનોરથ કહેવામાં આવ્યો છે ૧૨

परिवर्तिनि संसारे मृतः को वा न जायते ।
स जातो येन जातेन याति वशः समुन्नतिम् ॥

પુષ્ટિપાઠાવલી

પાઠ ૮ જીવ (ચાલુ)

જેમ અગ્નિમાંથી તણખાઓ નીકળે છે તે પ્રમાણે જીવો બ્રહ્મમાંથી વ્યુચ્ચરે છે જીવ બ્રહ્મથી ભિન્ન નથી પણ બ્રહ્મના અંશ જ છે એમ આપણે જોયું જીવ બ્રહ્મથી ભિન્ન નથી અને બ્રહ્મના અંશ જ છે તો પછી જીવ પરાધીન અને દુઃખી કેમ છે? બ્રહ્મના અંશ બ્રહ્મની પેઠે સ્વતંત્ર અને આનંદમય જ હોવા જોઈએ છતાં જીવો પરાધીન અને દુઃખી જણાય છે તેનું શું કારણ?

આ શંકાનું સમાધાન '**पराभिध्यानात्तु तिरोहितं ततो ह्यस्य बन्धविपर्ययौ**" બ્રહ્મસૂત્ર ૨ ૨ ૫ સૂત્રમાં કરેલું છે પરનું એટલે ભગવાનનું અભિધ્યાન એટલે ભગવાન્ પોતે અને જીવ સર્વત્ર ભોગ કરે તેવી ઇચ્છા, તેથી જીવમાં ઐશ્વર્ય વિગેરે ભગવાનના ગુણો હતા તે તિરોહિત થયા જીવો પણ ભગવાન્ પેઠે ઐશ્વર્ય વિગેરે ભગવાનના ગુણોવાળા હોય તો ભગવાન્ અને જીવોમાં કાંઈ ભેદ રહે નહિ ભેદ ન હોય તો કાંઈ વૈચિત્ર્ય અથવા વિચિત્રતા રહે નહિ વિચિત્રતા ન હોય તો ભોગ પણ થાય નહિ વિચિત્રતા ન હોય તો ભોગ થાય નહિ અને લીલા પણ થાય નહિ સૃષ્ટિ રચવાનું પ્રયોજન જ નિરર્થક થાય તેથી વિચિત્રતા કરવાની ઇચ્છાથી જીવમાંથી ભગવાનના ગુણો તિરોહિત થયા આ ભગવાનના ગુણો તિરોહિત થતા, જીવને બંધ થયો અને ભગવાનના ગુણોથી વિપરીત ગુણો તેને પ્રાપ્ત થયા ભગવાનના ગુણ (૧) ઐશ્વર્યનો જીવમાંથી તિરોભાવ થતા, જીવ

હીન અને પરાધીન થયો તેમજ (૨) વીર્યનો તિરોભાવ થવાથી જીવ સર્વ દુઃખ સહન કરનાર થયો (૩) યશનો તિરોભાવ થતાં સર્વથી હીન થયો (૪) શ્રીનો તિરોભાવ થતા તેને જન્મ વિગેરે સર્વ આપત્તિઓ પ્રાપ્ત થઇ. (૫) જ્ઞાનનો તિરોભાવ થતા, તેને દેહ વિગેરેમા અહબુદ્ધિ થઇ, તથા અપસ્મારથી પીડિતની પેઠે સર્વ વિપરિત જ્ઞાન થયુ (૬) વૈરાગ્યનો તિરોભાવ થતા તે વિષયમા આસક્ત થયો

આ પ્રમાણે જીવમાથી ભગવાનના ધર્મોનો તિરોભાવ થયો તેથી જીવ પરાધીન અને દુઃખી થયો આનંદનો તો જીવભાવ થતા પહેલા જ તિરોભાવ થાય છે, અને 'આનંદ' અશનો તિરોભાવ થવાથી જ 'જીવ' થાય છે એ પ્રથમ કહ્યુ છે

જીવમાથી ભગવાનના ધર્મોનુ તિરોધાન થાય છે તે આપણે જોયુ "**सत्य विज्ञानमानन्द ब्रह्म**" શ્રુતિ પ્રમાણે બ્રહ્મના સ્વરૂપભૂત ત્રણ અશ છે, સત્, વિજ્ઞાન અથવા ચિત્ અને આનંદ આમા 'વિજ્ઞાન' અથવા 'જ્ઞાન' અથવા 'ચિત્' એ બ્રહ્મનો સ્વરૂપભૂત અશ છે વળી '**यः सर्वज्ञ**' 'જે સર્વજ્ઞ છે' શ્રુતિ પ્રમાણે 'જ્ઞાન' એ બ્રહ્મનો ધર્મ પણ છે તેથી 'જ્ઞાન' એ બ્રહ્મનો સ્વરૂપભૂત અશ છે, અને 'જ્ઞાન' બ્રહ્મનો ધર્મ પણ છે આપણે પાછળ જોયુ તેમ જીવમા બ્રહ્મનો 'ચિત્' અથવા 'જ્ઞાન' અશ પ્રધાન છે બ્રહ્મના 'સત્' અશથી જીવની ઉપલબ્ધિ થાય છે, 'ચિત્' અશ તેમા પ્રધાન છે તેથી જ જીવમા ચેતન છે આ 'ચિત્' અને 'સત્' અશનો જીવમાથી કદાપિ તિરોભાવ થતો નથી જ આ બ્રહ્મના અશોનો જીવમાથી તિરોભાવ થાય તો જીવનુસ્વરૂપ જ નષ્ટ થઇ જાય, જીવની સ્વરૂપહાનિ જ થાય, જીવ જ રહે નહિ પણ '**यः सर्वज्ञ**' 'જે સર્વજ્ઞ છે' શ્રુતિમા બ્રહ્મનો ધર્મ (સ્વરૂપભૂત અશ નહિ) જે જ્ઞાન જણાવેલ છે તેનો જ તિરોભાવ થાય છે જીવમાથી બ્રહ્મના ગુણ જ્ઞાનનો તિરોભાવ થતા તેનામા દેહ વિગેરેમા અહબુદ્ધિ થાય છે અર્થાત દેહ, પ્રાણ વિગેરે જ જીવ છે એમ તે માને છે અને તેને વિપરીત જ્ઞાન થાય છે, પરતુ બ્રહ્મના સ્વરૂપભૂત 'ચિત્' અશનો જીવમાથી કદાપિ તિરોભાવ થતો નથી જ (વિદ્વન્મંડન)

જીવોમાથી ભગવાનના 'જ્ઞાન' ગુણનો તિરોભાવ થતા જીવને દેહ વિગેરે અહબુદ્ધિ થાય છે, અને વિપરીત જ્ઞાન થાય છે ભગવાનની "માયા" નામની શક્તિ છે 'માયા' એટલે ભગવાનની જે કાંઇ થવુ હોય તે થવાની શક્તિ માયા એટલે મિથ્યા નહિ, પરતુ ભગવાનનુ સર્વભવનસામર્થ્ય માયાશક્તિથી 'વિદ્યા' અને 'અવિદ્યા' થાય છે આ 'વિદ્યા' અને 'અવિદ્યા' થાય છે આ 'વિદ્યા' અને 'અવિદ્યા' ભગવાનની માયાથી બનેલા હોવાથી ભગવાનની શક્તિ છે, જીવના ધર્મ નથી તેથી ભગવાનની ઇચ્છા પ્રમાણે વિદ્યા અથવા અવિદ્યાનો આવિર્ભાવ અથવા તિરોભાવ થયા કરે છે આ વિદ્યા અથવા અવિદ્યા ચિદંશ જીવને જ થાય છે, જડને અથવા અંતર્યામિને થતી નથી વિદ્યા અથવા અવિદ્યા જીવને જ વ્યાપે છે જડને અથવા અંતર્યામિને વ્યાપતી નથી વળી 'આ બંને ભગવાનની શક્તિ છે,' ભગવાનને અધીન છે તેથી ભગવાનની ઇચ્છા પ્રમાણે જીવને વ્યાપે છે, તેથી જે જીવને જેવી સ્થિતિમા મૂકવાની ભગવાનની ઇચ્છા થાય તે જીવને તેવી સ્થિતિમા મૂકનારી 'અવિદ્યા' વિગેરે ભગવાનની શક્તિઓ સત્ત્વ, રજ, વિગેરે જોડથી વ્યાપે છે આ પ્રમાણે સર્વ જીવોને ભગવાનની ભિન્ન ભિન્ન શક્તિઓ ભગવાનની ઇચ્છા પ્રમાણે વ્યાપે છે અને દરેક જીવને ભગવાનની ઇચ્છામા હોય તેવી સ્થિતિમા રાખે છે, આ ભગવાનનુ અગાધ ઐશ્વર્ય છે +

। * તત્ત્વદીપ ૧ ૩૫

+ વિદ્વન્મંડન ગુજરાતી ભાષાન્તર પૃ ૬૪

અવિદ્યાના પાચ પર્વ છે અવિદ્યા પાચ જાતની છે (૧) સ્વરૂપાજ્ઞાન એટલે સ્વરૂપનુ અજ્ઞાન જીવને પોતાના સ્વરૂપનુ વિસ્મરણ થાય 'હુ બ્રહ્મનો અશ છુ' તે જીવ ભૂલી જાય તે (૨) દેહાધ્યાસ દેહને જ જીવ માને તે (૩) પ્રાણાધ્યાસ એટલે પ્રાણને જીવ માને તે (૪) ઇદ્રિયાધ્યાસ એટલે ઇદ્રિયને જીવ માને તે અને (૫) અતઃકરણાધ્યાસ એટલે અતઃકરણને જીવ માને તે આ પાચ પ્રકારની અવિદ્યા જીવને વ્યાપે છે એટલે જીવ પરાધીન અને દુઃખી થાય છે અને સસારમા તેને જન્મ મરણ થયા કરે છે જ્યારે વિદ્યાથી અવિદ્યાનો નાશ થાય છે ત્યારે જીવ મુક્ત થાય છે તે સમયે તેનો દેહ વિગેરેનો અધ્યાસ દૂર થાય છે તેના દેહ, ઇદ્રિય વિગેરે 'પ્રપચ' અથવા 'જગત્' રૂપ હોવાથી સત્ય છે અને તે રહે છે, પરતુ તે દેહ, ઇદ્રિય તરીકે જ જાણે છે 'હુ દેહ છુ,' અથવા 'હુ ઇદ્રિય છુ' એવુ તેનુ અજ્ઞાન દૂર થાય છે તે પોતાના સ્વરૂપને જાણે છે 'હુ જીવ છુ, બ્રહ્મનો અશ છુ' વિગેરે જ્ઞાન તેને થાય છે * વિદ્યા અથવા બ્રહ્મજ્ઞાનથી મોક્ષ થાય છે બ્રહ્મજ્ઞાનથી કૈવલ્ય એટલે સઘાતથી પૃથગ્ભાવ પ્રાપ્ત થાય છે અથવા પ્રપચથી પૃથગ્ભાવ બ્રહ્મજ્ઞાનથી થાય છે 'હુ દેહ, ઇદ્રિય, પ્રાણ અથવા અતઃકરણ નથી દેહ, ઇદ્રિય, પ્રાણ અને અતઃકરણ સઘાત અથવા પ્રપચ છે, હુ તેથી જુદો ભગવાનનો ચિદશ જીવ છુ" સઘાતથી પૃથગ્ભાવ બ્રહ્મજ્ઞાનથી થાય છે સઘાતથી પૃથગ્ભાવ એટલે મોક્ષ વિદ્યા અથવા બ્રહ્મજ્ઞાનથી મોક્ષ થાય છે, કારણ કે તેથી બધ કરાવનારી અવિદ્યા દૂર થાય છે આ વિદ્યાના પણ પાચ પર્વ છે (૧) વૈરાગ્ય, વિષયોની તૃષ્ણા ન રહે તે (૨) સાખ્ય નિત્ય અનિત્ય વસ્તુનો વિવેક, નિત્ય અને અનિત્ય વસ્તુ પરખવાની શક્તિ આવી શક્તિ પ્રાપ્ત કરી સર્વનો ત્યાગ કરવો તે સાખ્ય (૩) યોગ અષ્ટ અગવાળો યોગ એકાતમા અષ્ટ અગવાળા યોગનુ આચરણ (૪) તપ વિચારપૂર્વક અભ્યાસ (૫) ઈશ્વર પ્રતિ ભક્તિ આ ભક્તિ મોક્ષના સાધનરૂપ કહેલી હોવાથી પ્રામાણિકી ભક્તિ છે આ પાચ વિદ્યાના પર્વ અથવા ભાગ છે વિદ્યાથી સત્સૃષ્ટિમા પ્રવૃત્ત દૈવ જીવોને મુક્તિ પ્રાપ્ત થાય છે આસુર જીવોને મુક્તિ થતી નથી

પાઠ ૯

ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ

જીવ ભગવાનનો અશ છે તેથી ભગવાનના ઐશ્વર્ય વિગેરે છ ધર્મો જીવમા છે ભગવાન્ પોતાની ઇચ્છાથી જીવમાથી ઐશ્વર્ય વિગેરે ભગવદ્ધર્મોનો તિરોભાવ કરે છે, તેથી જીવ પરતત્ર અને દુઃખી થાય છે એમ પાછલા પાઠમા કહ્યુ

શકા—પ્રભુ આવી રીતે જીવમાથી ભગવદ્ધર્મોનો તિરોભાવ કરે તો ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ દોષ થાય ઐશ્વર્ય વિગેરે ભગવાનના છ ગુણો જીવમા હતા જીવમા ભગવદ્ધર્મ હતા એ ભગવદ્ધર્મ જીવમા ઉપસ્થિત હતા તે ધર્મોની જીવને હાનિ થાય છે, એટલે ઉપસ્થિતહાનિ થઇ જીવોને એ ધર્મોની હાનિ થાય તેવુ કાઇ કર્મ તેમણે તે સમયે કરેલુ નથી, છતા કાઇ પણ કારણ વિના એ ઉપસ્થિત ધર્મોની તેમને હાનિ થાય એ દોષ જ છે વળી વ્યુચ્ચરણ સમયે જીવે કાઇ કર્મ કરેલ નથી, તેથી તેમણે કાઇ પણ દોષ કર્યા નથી છતા આ ધર્મોની હાનિ થતા તેમને અનીશતા, પરાધીનતા, દુઃખ વિગેરે પ્રાપ્ત થાય છે જીવોએ કાઇ પણ દોષ કરેલ નહિ હોવા છતા તેમને દોષના દડરૂપ પરાધીનતા, મિથ્યાજ્ઞાન વિગેરે પ્રાપ્ત થાય છે આ પ્રમાણે નહિ કરેલા (અકૃત) દોષના દડરૂપ પરાધીનતા વિગેરેની તેમને પ્રાપ્તિ (અભ્યાગમ) થતી હોવાથી અકૃતાભ્યાગમ દોષ પણ પ્રાપ્ત થાય છે

---

* તત્ત્વદીપ ૧ ૩૬ ૩૭ * તત્ત્વદીપ ૧, ૪૮, ૪૯

સમાધાન —ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ દોષ હોય તો તે કોના દોષ છે તે જૂઓ તે જીવના દોષ છે, ભગવાનની કૃતિના દોષ છે કે ભગવાનના દોષ છે? જીવના દોષ નથી, કારણકે જીવે તેમા કાંઇ કરેલ જ નથી જીવ અહિં કર્તા નથી પરતુ જેને કાંઇ કરવામા આવે છે તેવો છે જીવ કર્તા નથી પણ જેને કાંઇ કરવામા આવે છે તે એટલે કૃતિનો વિષય છે, આ જીવના દોષ છે એમ ગણીએ તો કોઇ સજ્જનને લુટારા લૂટે તેમા સજ્જનનો દોષ ગણ્યો કહેવાય કૃતિના અથવા કર્તાના દોષ ગણીએ તો જીવની કૃતિમા અથવા જીવમા જ તેવા દોષ સભવે તેમા પણ અસ્વતન્ત્ર જીવમા અથવા અસ્વતન્ત્ર જીવની કૃતિમા જ તે દોષ સભવે સ્વતન્ત્ર ઈશની કૃતિમા તો દોષ જ નથી કારણ કે લોકમા આપણે અનુભવીએ છીએ કે સ્વતન્ત્ર રાજાઓ પોતાના વિહાર માટે પ્રાચીન વિચિત્ર ગોપુર મહેલ વિગેરે ભાગી તોડી ઉજ્જડ કરી નાખે છે જડ પદાર્થોનો જ ભગ કરે છે એટલુ જ નહિ, પરન્તુ પોતાના સેવકોના ઐશ્વર્ય શ્રી વિગેરેનુ પણ હરણ કરે છે, વળી તેમની સેવાથી સતોષ થતા પાછુ તે તેમને આપે છે જ્યારે સ્વતન્ત્ર રાજાઓ આમ કરે છે તો પછી સર્વલોકને નિયમમા રાખનાર સકલ જગતના કારણ ભગવાન્ પોતાના દાસ જીવને ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ કરે તેમા દોષ શુ?

વળી ભગવાન્ જગતના સર્ગ, સ્થિતિ અને લયના કર્તા છે ભગવાન્ જ્યારે જગત્ સર્જે છે ત્યારે જીવોને અમુક સ્થિતિમાં મૂકે છે તેથી જીવોને અકૃતાભ્યાગમ થાય છે વળી જ્યારે ભગવાન જગતનો લય કરે છે ત્યારે જીવોની સ્થિતિનો નાશ થાય છે તેથી જીવોને ઉપસ્થિતહાનિ થાય છે આ પ્રમાણે સર્ગ અને લય વખતે અકૃતાભ્યાગમ અને ઉપસ્થિતહાનિ થાય જ, પરન્તુ જીવ પરતન્ત્ર હોવાથી અને કૃતિનો માત્ર વિષય જ હોવાથી, અને ઈશ્વર સ્વતન્ત્ર કર્તા હોવાથી એ દોષ નથી સર્ગ અને લય કરવામા અકૃતાભ્યાગમ અને ઉપસ્થિતહાનિ થાય તેથી ભગવાન્ સર્ગ અથવા લયના કર્તા નથી એમ કહીએ તો અન્ય કોઈ સર્ગ અથવા લયનો કર્તા નથી જ તેથી સર્ગનો કોઇ કર્તા નહિ હોવાથી જગત્ સભવે જ નહિ, પરતુ જગત્નો આપણે અનુભવ કરીએ છીએ લયનો કોઇ કર્તા ન હોવાથી જગત્ નિત્ય જ સિદ્ધ થાય તેનો તિરોભાવ પણ થઇ શકે નહિ તેથી ભગવાન્ જગતના સર્ગ અને લયના કર્તા છે અને સર્ગ અને લય સમયે જીવને અકૃતાભ્યાગમ અને ઉપસ્થિતહાનિ થાય તે દોષ નથી જ તેથી જ જીવોનો બધ પણ ભગવાનને અધીન છે તેમ જ જીવોનો મોક્ષ પણ ભગવાનને જ અધીન છે "આ જ જેનો આ લોકમાથી ઉદ્ધાર કરવા ઇચ્છે તેની પાસે સારા કર્મ કરાવે છે, આ જ જેનો અધઃપાત કરવા ઇચ્છે તેની પાસે દુષ્ટ કર્મ કરાવે છે" 'જે આત્મામા રહી આત્માનુ અન્તરથી યમન કરે છે" વિગેરે શ્રુતિઓ પણ જીવોના બધ અને મોક્ષ ભગવાનને જ અધીન છે એમ કહે છે ભગવાન્ જ સ્વતન્ત્ર કર્તા છે ભગવાન્ વિના બીજુ કોઇ સ્વતન્ત્ર કર્તા નથી જીવ કર્તા છે, પરતુ તેનુ કર્તૃત્વ સ્વતન્ત્ર નથી, પણ ભગવાનને અધીન છે આ સિદ્ધ કરવા સૂત્રકાર પણ "परात्तु तच्छ्रुते" * સૂત્ર યોજે છે જીવનુ કર્તૃત્વ 'પર' એટલે ભગવાનથી છે જીવનુ કર્તૃત્વ ભગવાનને અધીન છે જીવ સ્વતન્ત્ર નહિ હોવાથી, જીવ પરતન્ત્ર હોવાથી તેને ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ થાય તે દોષ નથી

પાઠ ૧૦ વિનિનિપેશ

ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ જીવ સ્વતન્ત્ર નહિ હોવાથી દોષ નથી છતા તેને દોષ માની કેટલાક વાદીઓ તે દૂર કરવા કર્મની કલ્પના કરે છે જીવે પૂર્વે કરેલ સુકૃત અથવા દુષ્કૃત ધ્યાનમા લઇ તે પ્રમાણે જ પ્રભુ જીવ પાસે કર્મ કરાવે છે ઇશ્વર સ્વતન્ત્ર હોવાથી પોતાની ઇચ્છા પ્રમાણે જીવ પાસે કર્મ કરાવતા નથી, પરતુ જીવે પહેલા કરેલ પુણ્ય અને પાપ ધ્યાનમા લઇ તે

---

* બ્રહ્મસૂત્ર ૨ ૩ ૪૧

પ્રમાણે તેની પાસે સુકૃત અથવા દુષ્કૃત કરાવે છે આમ હોવાથી જ "સ્વર્ગની કામનાવાળાએ યજ્ઞ કરવો" "બ્રાહ્મણને હણવો નહિ" વિગેરે વિધિ અને નિષેધ સાર્થક થાય છે જે કાર્ય કરવાનો શાસ્ત્રમા ઉપદેશ કર્યો હોય તે 'વિધિ' કહેવાય છે જે કાર્ય કરવાની શાસ્ત્રમા ના પાડી હોય તે 'નિષેધ" કહેવાય છે જીવ પોતાની ઇચ્છા પ્રમાણે કર્મ કરી શકતો ન હોય, અને ઈશ્વર પોતાની ઇચ્છા પ્રમાણે જ તેની પાસે કર્મ કરાવતા હોય તો "સ્વર્ગની કામનાવાળાઓએ યજ્ઞ કરવો" "બ્રાહ્મણને હણવો નહિ" વિગેરે વિધિ અને નિષેધ વ્યર્થ થાય, કારણ કે જીવ પોતાની ઇચ્છા પ્રમાણે કર્મ કરી શકતો નથી તો પછી તેને ઉપદેશ શુ કામનો ? તેથી વિધિ અને નિષેધ ધ્યાનમા લઇ જીવ કર્મ કરવા પ્રવૃત્ત થાય છે, અથવા નિવૃત્ત થાય છે અને ઈશ્વર તેની પાસે તે કર્મ કરાવે છે અથવા તેની કર્મમાથી નિવૃત્તિ કરાવે છે વિહિત કર્મમા પ્રવૃત્તિ અને નિષિદ્ધ કર્મમાથી નિવૃત્તિ થાય અથવા ન થાય તે જીવના પૂર્વે કરેલા કર્મને અધીન છે પૂર્વે કરેલા કર્મ પ્રમાણે પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ થાય છે અથવા નથી થતી પ્રવાહ અનાદિ છે તેથી પૂર્વે કરેલા કર્મ તો દરેક જીવને છે જ આમ માનવાથી જીવને અકૃતાભ્યાગમ થતો નથી, એટલે નહિ કરેલ કર્મના ફલ ભોગવવા પડતા નથી તેમજ ઉપસ્થિતહાનિ પણ થતી નથી, કારણ કે પૂર્વે કરેલા કર્મ પ્રમાણે પ્રવૃત્તિ અને નિવૃત્તિ થયા કરે છે અને કરેલા કર્મ નિષ્ફલ થતા નથી આવો પૂર્વમીમાંસાવાળાનો મત છે

પરંતુ આ મત ખોટો છે આ મત પ્રમાણે ઈશ્વર રહેતો જ નથી પૂર્વે કરેલ કર્મના ફલ આપનાર તરીકે ઈશ્વરની આવશ્યકતા છે એમ પણ કહેવાય નહિ, કારણકે ફલ આપનાર કર્મ છે કર્મ જડ હોવાથી ફલ આપી શકે નહિ એમ પણ ન કહેવાય કારણકે ઉપસ્થિતહાનિ અને અકૃતાભ્યાગમ દોષ દૂર કરવા જે કર્મ કલ્પવામા આવે છે તે કર્મ પોતાના ફલનુ દાન આપી શકે તેવુજ કલ્પવુ જોઇએ કર્મની કલ્પના કરવી જ પડે છે તો તે પોતાના ફલનુ દાન કરવાની શક્તિવાળુ જ કલ્પવુ જોઇએ

જીવની કર્મમા પ્રવૃત્તિ કોણ કરાવે છે ? વિધિ અને નિષેધ કરાવતા નથી, કારણ કે વિધિ અને નિષેધથી જીવની પ્રવૃત્તિ થતી હોય તો સર્વ જીવ વિહિત કર્મ કરત અને નિષિદ્ધ કર્મ ન કરત સર્વ જીવો સન્માર્ગમા જ વર્તતા હોત પરંતુ તેવો અનુભવ થતો નથી ઘણા જીવો વિહિત કર્મ કરતા નથી, અને નિષિદ્ધ કર્મ કરે છે તેથી વિધિ અને નિષેધ પ્રવૃત્તિ કરાવતા નથી કર્મનો પ્રવાહ અનાદિ છે અને જીવે પૂર્વે કરેલા કર્મ જ પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ કરાવે છે એમ પણ માની શકાય તેમ નથી, કારણ કે એમ માનવાથી (૧) વિધિ અને નિષેધ નિરર્થક થાય છે, જીવની કર્મમા પ્રવૃત્તિ તેણે પૂર્વે કરેલા કર્મથી જ થતી હોય તો "સ્વર્ગની કામનાવાળાએ યજ્ઞ કરવો" 'બ્રાહ્મણને હણવો નહિ" એવો તેને બોધ દેવો નિરર્થક છે (૨) વળી વિધિ અને નિષેધ નિરર્થક હોવાથી સારા માણસો યજ્ઞ વિગેરે કરે છે તે માત્ર અંધપરંપરા જ ગણાય (૩) ધર્મની હાનિ થાય, કારણ કે વિહિત કર્મ કરે તે ધર્મ પણ વિધિ જ નિરર્થક થઇ એટલે ધર્મ ક્યા રહ્યો ? તે પ્રમાણે અધર્મ' પણ સભવે નહિ (૪) વિધિ અને નિષેધ નિરર્થક હોવાથી જીવ કર્મ કરે ત્યારે ફલની ઇચ્છા રાખી શકે નહિ ફલની ઇચ્છા વિના કર્મ કરવામા આવે ત્યારે કર્મનુ ફલ આપનાર 'અપૂર્વ'ની કલ્પના કરવાની આવશ્યકતા રહે નહિ તેથી અપૂર્વ સભવે નહિ કર્મ થયુ કે તરત નાશ પામે છે અપૂર્વ છે જ નહિ તો પછી ભાવિકર્મમા પ્રવૃત્તિ કોણ કરાવે ? તેથી પૂર્વે કર્મથી પ્રવૃત્તિ અને નિવૃત્તિ થતા નથી

વિધિ અને નિષેધ પ્રવૃત્તિ અને નિવૃત્તિ કરાવે છે, છતા કોઇની વિહિત કર્મમા પ્રવૃત્તિ થાય છે અને કોઇની થતી નથી તેમ જ કોઇની નિષિદ્ધ કર્મમાથી નિવૃત્તિ થાય છે અને કોઇની થતી

રસનો અનુભવ કરવા જે મર્યાદા કરી છે તે મર્યાદાને અનુસરી જીવ પાસે કર્મ કરાવે છે અને તેને કર્મના ફળનું દાન કરે છે સૂત્રમા 'આદિ' શબ્દ છે તેથી એમ સુચવ્યું છે કે આ જ કારણને લીધે કર્મ કરાવ્યા વિના પ્રભુ ફળનું દાન કરતા નથી

આવી રીતે પ્રભુ ક્રીડા માટે કરેલી મર્યાદાને અધીન રહી, જીવ પાસે કર્મ કરાવે અને તેને કર્મના ફળનું દાન કરે તો તેથી 'અનીશ્વર' થઇ જાય, પ્રભુ સ્વતંત્ર મટી પરતંત્ર થાય, કર્મ વિના ફળદાન કરવા અસમર્થ હોવાથી સર્વશક્તિમાન્ ન કહેવાય વિગેરે શંકા પણ યોગ્ય નથી, કારણ કે આ મર્યાદા પ્રભુએ પોતે કરેલી છે ભગવાન્ પોતે કરેલા નિયમ પ્રમાણે કામ કરે તેમા અનીશ્વરતા થતી નથી ભગવાને પોતે પોતાની ઇચ્છાથી જ એવી મર્યાદા રચી છે અને તે મર્યાદા પ્રમાણે કર્મ કરાવી ફળદાન કરે છે મર્યાદાના કર્તા પ્રભુ પોતે હોવાથી તેમની સ્વતંત્રતા નષ્ટ થતી નથી મર્યાદામાર્ગ પ્રભુએ એવો રચ્યો છે મર્યાદામાર્ગમા જે મર્યાદા કરેલી છે તે પ્રમાણે કર્મ કરાવી ફળદાન કરે છે પરંતુ કર્મ કરાવ્યા વિના ફળદાન કરવાની પ્રભુમા શક્તિ નથી એમ નથી **જ્યા પ્રભુ કર્મ વિના પણ ફળદાન કરે છે તે પુષ્ટિમાર્ગ કહેવાય છે.**

ભગવાનને જગત્ રચનામા કાંઇ હેતુ નથી ભગવાન્ આપ્તકામ હોવાથી તેમને કાંઈ પ્રયોજન નથી માત્ર લીલા કરવા જ ભગવાને જગત્ રચેલું છે બ્રહ્મસૂત્ર ૨ ૧ ૩૩ વિચિત્ર રસનો અનુભવ ન થાય તો લીલા જ સંભવે નહિ તેથી લીલામા વિચિત્ર રસનો અનુભવ થાય તે માટે ભગવાને ઉપર જણાવ્યા પ્રમાણે મર્યાદા કરી એ મર્યાદાનું જ્ઞાન જીવોને કરાવવા અને મર્યાદાનું રક્ષણ કરવા વેદ રચ્યા આ સર્વ મર્યાદામાર્ગનું નિરૂપણ થયું ભગવાન્ સ્વતંત્ર કર્તા છે ભગવાન્ કોઇને અધીન નથી ભગવાન્ જીવની કર્મની અપેક્ષા વિના પણ ફળદાન કરવા સમર્થ છે એમ ન હોય તો ભગવાન્ સર્વશક્તિમાન્ ન ગણાય ભગવાને ક્રીડામા વિચિત્ર રસનો અનુભવ કરવા જે મર્યાદા કરી તે પ્રમાણે મર્યાદામા મૂકેલ જીવો પાસે કર્મ કરાવી તેમને ફળદાન કરે છે પરંતુ આ મર્યાદા ભગવાને પોતે પોતાની ઇચ્છાથી કરેલી હોવાથી, મર્યાદા પ્રમાણે કર્મ કરાવી ફળદાન કરવામા ભગવાનના સ્વાતંત્ર્યને હાનિ થતી નથી જીવોને કર્મ કરાવ્યા વિના ફળદાન કરવા પણ ભગવાન્ સમર્થ છે એ પ્રમાણે કર્મ કરાવ્યા વિના પ્રભુ ફળદાન કરે તે પુષ્ટિમાર્ગ કહેવાય છે

આ પ્રમાણે ક્રીડામા વિચિત્ર રસનો અનુભવ કરવા પ્રભુએ અસંખ્ય જીવોનું વ્યુચ્ચરણ કરી તેમને ભિન્ન ભિન્ન માર્ગોમા મૂકી, તેઓ પાસે જુદાં જુદાં કર્મ કરાવી તેમને જુદી જુદી સ્થિતિમા મૂક્યા છે કોઇ જીવ સુખી છે, કોઇ દુઃખી છે કોઇ ધનવાન્ છે, કોઇ નિર્ધન છે આમ છતા પ્રભુને 'વૈષમ્ય' એટલે પક્ષપાતી હોવાનો, અથવા 'નૈર્ઘૃણ્ય' એટલે ક્રૂર હોવાનો દોષ નથી કારણ કે ભગવાન્ પોતે જ જડ જીવ વિગેરે સર્વ થયેલ છે ભગવાન્ પોતે જ સર્વ જીવરૂપ થયેલ છે તેથી પક્ષપાત કરવાપણું અથવા ક્રૂર થવાપણું ક્યા રહ્યું ?

केशवदासकृत पदो.

પદ ૧ ॥ રાગ નટ ॥ છૂટત નેક ન સ્વારથ મનતે ।
કૈસે કે વશ હોવે શ્રીવલ્લભ, છૂટત નહિ વિખ તનતે ॥ ૧ ॥
ભૂષન બસન બડાઈ ભાવે, ખાનપાન જિમ ગનતે ।
રિઝે ન રૂપ નેહ બિગ આલી બાત બનાવત બનતે ॥ ૨ ॥

સોચ કરે મતિ મેરી આલી, અનન્યતાકે પનતે ।
કેશવપ્રિય જૂઠનમેં સબ રસ મન કર આશ અન ધનતે ॥ ૩ ॥

पद २ ॥ राग सोरठ ॥ અબતે નેહ મારગ સુખદાઇ ।
બિન સાધન પ્યારે વશ હોવે, ગોકુલપતિ મન ભાઈ ॥ ૧ ॥
રાખે નૈનન સદા વલ્લભકો, લોક વેદ કુલ ભૂલે ।
ઝૂલે રૂપસુધાસાગરમેં, આરત ઉરમા સૂલે ॥ ૨ ॥
ધોવે હાથ પ્રાનસૂં પલમે, ખોવે સબ જંજાલ ।
કેશવ કૃપા કરો સબ હોવે, કહા કર લેવે કાલ ॥ ૩ ॥

पद ३ ॥ राग मल्हार ॥ પ્રાનસો તા દિન ધોયે હાથ ।
અતિ નિર્લજ અનેહી પાપી, બિછરે ગોકુલનાથ ॥ ૧ ॥
ઘનતે ઘનમી બૂંદે બરખે, વિદ્યુલ્લતાબર આગ ।
ત્રિવિધ સમીર સીતમે કૂબે, કર સુહાગ મન લાગ ॥ ૨ ॥
સહાય કરો વેગે વિઠ્ઠલસુત, નવ દુખ ભુગતે વામ ।
દશ દુખ ભુગત ભુગત જેહે જેહે, તબ કહાતે ધનધામ ॥ ૩ ॥
સુનકર કૃપા કરી વિઠ્ઠલસુત, સિંચી સુધાસુ નાર ।
કેશવ વિકલ વિયોગી વિલખેં, દૃગ કરો જજાર ॥ ૪ ॥

पद ४ ॥ राग मल्हार ॥ મેરી ટેર સુનો હો સુજાન ।
કહાવતહો ગોકુલપતિ વલ્લભ, છાંડ દઈ પેહેચાન ॥ ૧ ॥
કહા કરૂ કછુ ચલત ન મેરી, પેઠ રહે તન પ્રાન ।
જીવન બિન જીવત યો કેશવ, કરી ન નેહકી કાન ॥ ૨ ॥

पद ५ ॥ राग मल्हार ॥ તે તન નેહ કહા કીનો ।
~~[illegible] ન કાન~~ નેહકી કીની રૂપસુધારસ પીનો ॥ ૧ ॥
વલ્લભ બિન તુ તલફત નિશદિન, વિરહ અગન તન છીનો ।
નિકસત શ્વાસ અનલભર નિશદિન, વિષય વિરહ જલ પીનો ॥ ૨ ॥
યહ તનતેં કછુ કાજ ન હોવે, ફિર તન ધર તુ નવીનો ।
અચલ અગાધ પ્રેમીરસ કેશવ, ગોકુલપતિ રસભીનો ॥ ૩ ॥

पद ६ ॥ राग सोरठ ॥ ताल जल्द ॥ પ્રાન તે કીનો કહા વિચાર ।
પ્રાણનાથ વિદેશમેં તૂં વિરહ વિખરૂપ ધાર ॥ ૧ ॥
વિપયોગ અગાધ વિખધર, જો સબ અંગ માર ।
હારે નેહિ હઠ રહ્યો તબમે, મોર માર સુમાર ॥ ૨ ॥
હાય [illegible] કપટ હિયપ્ર, નિર્લજતા ભર ભાર ।
કરી [illegible] એસી, ધરી ઉર પર હાર ॥ ૩ ॥
પાવસ રિતુ [illegible] તેરે, રહિ ઉડાવન છાર ।
[illegible] કેશવ [illegible] ॥ ૪ ॥

पद ७ ॥ राग मल्हार ॥ ताल रूपक ॥ કેતે જુગ બિન દેખે વીતે ।
દારિદ્ર ભઇ દઈ ભવસાગર, વલ્લભ ધન પ્રીત રીતે ॥ ૧ ॥
શિવ બ્રહ્મા સૂરલોક લોકમે, વહી અહિ નહિ કોઉ ।
ભૂલી દેહ ગેહ ચિત્ત ચેતન, નહિ કમલમુખ જોઉ ॥ ૨ ॥
દુર્જન મુખ બરખા નિદાઠી, મહી રહી બૂડી દુખમાહી ।
મિલ્યો નહિ સત્સંગ સંત કોઉ, તાતે મેરી ધરી ન બાહી ॥ ૩ ॥
અબ કરૂણા કરી મહદ્ભક્તને, પ્રકટે (હિય) ગોકુલપતિ રાય ।
ભયો વિરહ વડવાનલ જેમો, ભઈ રૂપ જલ ચાય ॥ ૪ ॥
સહી પરે ન પીર પ્રિય તનમે, પકરૂ એક એઠ જિય જાન ।
કેશવ પ્રાનનાથ બિન બિલખો, કરો કૃપારસ દાન ॥ ૫ ॥

पद ८ ॥ राग मल्हार ॥ અહો પ્રિય પીર સહી નહિ જાત ।
પ્રકટ્યો ઉર વિરહ વડવાનલ, કહુ કોનમો બાત ॥ ૧ ॥
કોન સુને સમુજે નહિ જિયકી, મનમે તનક ન લાગ ।
કેશવ રૂપસુધા શ્રીગોકુલપતિ, મેટ બરખ હિય આગ ॥ ૨ ॥

पद ९ ॥ राग मल्हार ॥ જિત જાઉ તિત હોત ચવાઇ, રૂચે ન નેહકી બાત ।
રૂખે લોક જગતમે જોઉ, રોઉ સબ દિન રાત ॥ ૧ ॥
ગોકુલેશ વિઠુલસુતકો જશ, મુખતે નિકસે નાહિ ।
અતિ વિકરાલ કાલસે લાગત, આય પરી તીન માહિ ॥ ૨ ॥
લોક અલોક વિખ સમ લાગત, દાગત જીયમે આગ ।
કેશવકૂ કરૂના કરી દેખો, રહો રૂપરસ પાગ ॥ ૩ ॥

पद १० ॥ राग मल्हार ॥ ताल रूपक ॥ જબતે નામ સુન્યો સુખકંદુ ।
સહાય કરો ગોકુલપતિ મોહન, શ્રીગોકુલ અરવિંદુ ॥ ૧ ॥
બરખો રૂપસુધા વિઠુલસુત, સુંદર સુઘર સુજાન ।
તનમન તપત રૂપ નહિ દેખે, કરો સુજીવન દાન ॥ ૨ ॥
ધીરજ રહત નહિ અબ મોકુ કહિ વિધ રાખુ પ્રાન ।
કેશવ વિકટ વિયોગી તરસત, પરમ ચરનરસ પાન ॥ ૩ ॥

पद ११ ॥ राग मल्हार ॥ ताल रूपक ॥
પૌધારે નિજ રસસેવામે, શ્રીનાથજી રસરૂપ ।
અરસપરસ લેત લિવાવત, જાનત વલ્લભભૂપ ॥ ૧ ॥
દક્ષન નાયક સબ સુખદાયક, શિક્ષક સેવા સાર ।
નિજ રસરૂપ કુરાવત મિષ કરિ, જાનત વેદ ન પાર ॥ ૨ ॥
જેહ પૂરે સૂરે રસનેહી, જાને ગોકુલરાય ।
રૂપસુધા બરખે ઘન કેશવ, અધર સુધારસ પાય ॥ ૩ ॥

पद १२ ॥ राग मल्हार ॥ ताल रूपक ॥ દેખો સખી આપ પ્રભુ ભયે દાસ ।
અનન્યરસ ચાખનકે કારન, કેશવ ભાવ પ્રકાશ ॥ ૧ ॥
વા રસદ્વાર માહાતમ જન મોહે, ભાવભેદ નહિ જાને ।
કહાં જાને રસરૂપ અજાને, અનન્ય જન માને ॥ ૨ ॥
શિખાવત સેવ સેવારસદ્વારા, જગત કૃતારથ ભાવી ।
અનન્યજનકુ હાવભાવ રસ, અધરસુધારસ ચાવી ॥ ૩ ॥
મુક્તિમારગી સદા અનેહી, રૂપસબંધ ન રચ ।
કહા જાને કેશવ શિવ શારદ, મુનિજન શેષ વિરચ ॥ ૪ ॥

पद १३ ॥ राग बिहागडो ॥ रागरूपक ॥
જેસો હુ તેસો તિહારો ગોકુલપતિ, છાડ ન દેહો પ્રિય નિજરસ ભરિકે ।
દોષનિધાન જાન કર પકર્યો ગુનનિધાન, બાનિ માનિ જીયવરકે ॥ ૧ ॥
સાધન આશ ધરૂ નહિ કબહુ, નિઃસાધન ફેલ જાન મન કરકે ।
જીવન બિન કેશવ સફરી જયો, કાનિ ધરો મોહન અનુનરકે ॥ ૨ ॥

पद १४ ॥ राग विहागडो ॥
જેસો હુ તેસો જાન ધરો મન, અગીકૃત કરિ લીયો હે વલ્લભવર ।
ચિંતાવશ નિશવાસર વીતે, કૃપા કરો નિજ કર શિરપર ધર ॥ ૧ ॥
કહા કહુ ભવધાર પર્યોહુ, વિષજલતે મુખ સિંધુ સુધાભર ।
મોહન કાન માન કેશવપર, કર કરૂણા દુખ દીનદયાલ હર ॥ ૨ ॥

पद १५ ॥ राग विहागो ॥
જેસો હુ તૈસો તિહારોહુ સેવક, ગોકુલપતિ અતિગુણનિધિ સાગર ।
નાયક નવલકુંવર વિઠ્ઠલકે, ત્રિભુવનપતિ તુમ જગત ઉજાગર ॥ ૧ ॥
મો સમ અધમશિરોમનિ નાહિ, તો સમ પતિત ઉધ્ધારન નાગર ।
કારન જાન કીયો અગીકૃત, શોચત કહા કેશવ ગુનઆગર ॥ ૨ ॥

पद १६ ॥ राग विहागडो ॥
જૈસી હું તૈસી તિહારી જુ દાસી, સબરસરસિક વલ્લભ સુખદાઈ ।
કપટી કુટિલ કૂર કોટ અપરાધી, અવનીરજ ગિની ગિનિયે ન જાઈ ॥ ૧ ॥
બાંહ ગ્રહી ત્રિભુવનકે નાયક, સહાય કરો રાનીજુ કહાઈ ।
પારસ પરસ હોન લોહ કચન, કેશવ અધમ અનન્યનિધિ પાઈ ॥ ૨ ॥

पद ॥ १७ ॥ राग विहागडो ॥
જૈસો હુ તૈસો તિહારો કૃપાનિધિ, ગોકુલનાથ અનાથકે નાથે ।
અધમ અતિ કર પકર ન છાડિયે, કર પરસાય કરો જુ સનાથે ॥ ૧ ॥
ભૂલે ભમત મન મેરો નિશદિન, રાખો અમલ કમલ પદ સાથે ॥
મોહનરત્ન મહદ્દકી કાને, રૂપસુધારસ પાનક હાથે ॥ ૨ ॥

पद ॥ १८ ॥ वधाई ॥ राग देवगधार ॥

દેખોરિ પ્રકટ અદ્ભૂત આજ ।
શ્રીવિઠ્ઠલસુત અવતારી વર, શ્રીગોકુલેશ મહારાજ ॥ ૧ ॥
ગોકુલસહિત પ્રાગમે પ્રગટે, ધર્મધુરધર રાજ ।
મહારસ રાસ પુષ્ટિરસ સિચન, કેશવપ્રિય શિરતાજ ॥ ૨ ॥

राजकुमारीवाईकृत विज्ञप्ति.

મારો મમ ન જાણે કોઇ, હુ પ્રેમભુજગે ડસી,
મરુ રાતદિવસ રોઇ રોઈ, હુ પ્રેમભુજગે ડસી ટેક.
નખથી શિખ લગી વિષ ચડયુ, હુવે શી રીતે જીવાયરે,
લહેરે ચઢી લડથડીયા આવે, તો યે પ્રાણ ન જાય હુ પ્રેમ૦
શ્યામ દિવાની હુ થઇ, મારુ દર્દ ન પરખે કોઇરે,
ઘાયલની ગતિ ઘાયલ જાણે, જેને લાગી હોય હુ પ્રેમ૦
શૂલી ઉપર સ્થિતિ મારી, પ્રિયને શી રીતે મલવુ થાયરે,
ઉંબરા આગલ અગન બલે છે, કેમ કરી બહાર જવાય ? હુ પ્રેમ૦
અણીયાળી આખો વહાલો ધુતારો, મન લઇ ગયો મારુ હસીનેરે,
ભ્રકુટી કમાન બાણુ એના, લોચન હેડે માર્યો કસીને હુ પ્રેમ૦
ચિત્તના ચુરેચૂરા કર્યા, જુઓ અદર આવો ધમીને રે,
વહાલા થઈને વેર વાળ્યુ, મારા મનમદિરમા વસીને હુ પ્રેમ૦
જતન કરો જત્ર મત્ર લખી લાવો, કોઇ ઔષધ લાવો ઘસીને રે,
રોમ રોમ વિષ છાઇ રહ્યુ, મને કાલે ખાધી ડસીને હુ પ્રેમ૦
જો કોઇ મને મોહનથી મિલાવે, તો રહુ કઠે વળગીને રે,
સમ ખાઇને કહુ છુ, સ્વપ્નામા પણ હવે ન થાઉ હુ અલગી. હુ પ્રેમ૦
દેહ દશા વિપરીત દેખીને દેહસબધી સહુ આવે રે,
વૈદ બોલાવે નાડી બતાવે, ઘડી ઘડીએ ગભરાવે. હુ પ્રેમ૦
વૈદ અનાડી ન પરખે નાડી, મુજને તો ઘા કારી રે,
બુધ્ધિ સર્વે બૂઠી પડી ગઈ, ઔષધ ગયા અકારી હુ પ્રેમ૦
સુતા સેજમા વિછુ કરડે, કરવો કોણ ઉપાય રે,
ઉઠતા બેસતા આગલ પાછલ, અજગર ખાવા ધાય હુ પ્રેમ૦
જલ પીતા મને ઝેર ચઢે છે, અગોઅંગ ડખે છે નાગ રે,
ભોજનઘરમા ભોજન કરતા, એકદમ પકડે વાઘ હુ પ્રેમ૦
મદ સુગંધ શીતલ વાયુ તે, વજ્ર સમાને વાય રે,
ચદ્ર કીરણથી ઝરે અગારા, શી રીતે જીવાય. હુ પ્રેમ૦

ફુલની માલા અગે અડતા, શૂલ પ્રમાણે ખુચે રે,
મલિયાગરથી મહા દુખ ઉપજે, મને કશુ ના રુચે. હુ પ્રેમ૦
કપુર ચન્દન ગુલાબજલથી, અગેઅગ લાગે લહાય રે,
જેમ જેમ શીતોપચાર કરે તેમ, અધિક અધિક દુઃખ થાય. હુ પ્રેમ૦
આવા રોગ અનેક ભગાયા, ભવ ભોગે મપડાઇ રે,
શ્રીવલ્લભવર વૈદ્ય વિના, મને બીજો નથી સુખદાઇ હુ પ્રેમ૦
મારી નવ નાડી ને બોતેર કોઠા, એહોને હાથ રે,
મુજ અબળાનુ જીવન સર્વસ્વ, અનાથનો એ નાથ હુ પ્રેમ૦
ભર બજાર પોકારી કહુ છુ, ભલે કરો બુરાઈ રે,
કુલકલક થકી નથી ડરતી, રહુ પીયુના ગુણ ગાઇ હુ પ્રેમ૦
ખટ્ રસ સહુ લાગે ફીકો, જેણે ચાખી રૂપ મીઠાઈ રે,
વણ દેખે મને મોહનનુ મુખ, ત્રણ ભુવન સુખદાઈ હુ પ્રેમ૦
લોકડીયા મુને બહુ પેર કહે છે, રાજે છોડી લાજ રે,
લાગી ગઈ તો લાજ હવે ક્યા ? લાજે આવી વ્યાજ હુ પ્રેમ૦
જે હાથે હુ પીયુની સેવા, કરી હૈયામા હરખાતી રે,
તે હાથે હવે નિશદિન કુટુ હાય હાય કરી છાતી હુ પ્રેમ૦
જે જીભ પીયુની સાથે રસમથી વાતો કહી મલકાતી રે,
તે હવે અરે હાય શુ થયુ, એમ કહી અકલાતી હુ પ્રેમ૦
જે આખો સુદરવર નિરખી, રસમા રહેતી રાતી રે,
તે આખો આસુ વહેવરાવે, રોઇ રોઇને ગભરાતી હુ પ્રેમ૦
જે આ અગ શ્રીઅગની સાથે, લપટાઇને મલકાતુ રે,
તે હવે બાવળીયાથી ભુંડુ, થઇ રહ્યુ અથડાતુ હુ પ્રેમ૦
જે વલ્લભવરના વચનામૃત સુણી, સુખ પામ્યા કાન રે,
તે કાન ભણકારા વાગી, થઇ ગયા ઠુઠ વેરાન હુ પ્રેમ૦
ગુણી ગારુડી શ્રીગોકુલમા છે, તેને કોઇ બોલાવો રે,
કહેજો **રાજુ** મરે અણ મોતે, તેની તસ બુઝાવો હુ પ્રેમ૦
સિચન વિણ શીતલ કેમ થાશે, દવે દાઝી બળે રે,
રાજુડીનો રોગ રાજ વિના, મટવાનો મુશ્કેલ હુ પ્રેમ૦

દ્વિતીય વિજ્ઞપ્તિ

રસદાતારસભોક્તા નિષ્કામી,વલ્લભવર વહાલા અતરજામી,
મારા વહાલા શરણે વરયાના સુખકારી
વરવલ્લભ વહાલા, વિનતિ માની લેજો મારી, મારા વહાલા૦ ૧

વિષયના સુખમા ગઇ હું ફૂલી, વલ્લભ વહાલા૦
મહા દુખ પામુ આખ ન ખુલી, મહારા વહાલા૦ ૨
પતિવ્રતાનો ધર્મ ન પાળ્યો, વલ્લભ વહાલા૦
ટેકનો છેક દાટ વાળ્યો, મહારા વહાલા૦
ઉલટ ઉરમા ન આવી જરીએ, વલ્લભ વહાલા૦
ફૂલ્યા ફૂટ્યા થઇ ખાલી ફરીએ, મહારા વહાલા૦ ૩

ચરણરેણુમા હુ નવ લોટી, વલ્લભ વહાલા૦
રજનો મદ એ ખોડ મોટી, મહારા વહાલા૦
ભાવ ભર્યો ન કદિ ઉરમા, વલ્લભ વહાલા૦
જીવતર નાખી દીધુ ધૂળમા, મહારા વહાલા૦ ૪

અનન્યતાનો મારગ ભૂલી, વલ્લભ વહાલા૦
ને ઠોર કોઇ નવ મમ તુલી, મહારા વહાલા૦
ભજનમા આનન્દ ન વાધ્યો, વલ્લભ વહાલા૦
વિમુખ થવાથી કલેશ વાધ્યો, મહારા વહાલા૦ ૫
જનમો જનમના મહારે બેલી, વલ્લભ વહાલા૦
તોએ ના તમસુ તાલાવેલી, મહારા વહાલા૦

માયાના મદમા થઈ મસ્તાની, વલ્લભ વહાલા૦
જનમ ધર્યો એ ધૂળ ધાણી, મહારા વહાલા૦ ૬.
આસુરી ભાવે ગઇ હુ થાકી, વલ્લભ વહાલા૦
ભર દરીયે ભટકી તોએ ન થાકી, મહારા વહાલા૦
મુજને દેખીને દયા નાઠી, વલ્લભ વહાલા૦
હવે મારી કેવી થાશે માઠી, મહારા વહાલા૦ ૭
મહદ્ વચન પર નહીં આસકિત, વલ્લભ વહાલા૦
તો પછી ક્યાથી આવે ભકિત, મહાગ વહાલા૦
ધર્મ ને ધર્મી સ્વરૂપ ન જાણ્યુ, વલ્લભ વહાલા૦
હુ પદમા માહારું મે પરમાણ્યુ, મહારા વહાલા૦ ૮
વિશ્વાસે વહાલા હું ન વળગી, વલ્લભ વહાલા૦
તેથી હૈયામા હોળી સળગી, મહારા વહાલા૦

સત્સંગ સ્વપ્ને ન કીધો, વલ્લભ વહાલા૦
દુસંગ વિષનો પ્યાલો પીધો, મહારા વહાલા૦ ૯
રંચ વાછટ્યતા ન વિચારી, વલ્લભ વહાલા૦
હવે તે શી ગત થાશે મહારી, મહારા વહાલા૦

સન્મુખ થઈને કરી સેવા, વલ્લભ વ્હાલા૦
હવે પછી ક્યા મલે દી આવા, મ્હારા વ્હાલા૦ ૧૦.

વિનતી ન આણી લવ લેશે, વલ્લભ વ્હાલા૦
ક્રૂરતા ભરેલી ભુંડા વેશે, મ્હારા વ્હાલા૦
નાખી અંતરમા આતુરતા, વલ્લભ વ્હાલા૦
ન રાખી ચરણકમલમા આતુરતા, મ્હારા વ્હાલા૦ ૧૧.

આરજ રહી લોકથી ડરતી, વલ્લભ વ્હાલા૦
આરત ઉરમા ન ધરતી, મ્હારા વ્હાલા૦
વિવેકધૈર્યાશ્રય ન કીધો વલ્લભ વ્હાલા૦
પેટ ભરી ન પ્રેમરસ પીધો, મ્હારા વ્હાલા૦ ૧૨

સાધન સુકૃત કાંઈ ન કીધા, વલ્લભ વ્હાલા૦
નામ નિરન્તર ન લીધા, મ્હારા વ્હાલા૦
દૃઢતા ન જરીએ મન આણુ, વલ્લભ વ્હાલા૦
તો હવે ઠરવા ક્યા ઠેકાણુ, મ્હારા વ્હાલા૦ ૧૩

ભગવદીયોના દોષ વિચારુ, વલ્લભ વ્હાલા૦
હવે થવાનુ ક્યાથી સારુ, મ્હારા વ્હાલા૦
પદ્ શત્રુ સાથ ન મૂકે મારો, વલ્લભ વ્હાલા૦
ઉગરવાનો નથી આરો, મ્હારા વ્હાલા૦ ૧૪.

જે જે કરુ છુ ધીધીઆરી, વલ્લભ વ્હાલા૦
અંતરમા સાચી લેજો ધારી, મ્હારા વ્હાલા૦
બાહ્ય ગ્રહ્યાનુ બિરદ વિચારો, વલ્લભ વ્હાલા૦
શરણે લાવીને ન વિસારો, મ્હારા વ્હાલા૦ ૧૫.

ચરણકમલમા હુ ના રાચી, વલ્લભ વ્હાલા૦
ભકિત મારી છે ઘણી કાચી, મ્હારા વ્હાલા૦
નથી મારે હઠ કે નથી દાવો, વલ્લભ વ્હાલા૦
દીન દાસી ન તરસાવો, મ્હાગ વ્હાલા૦ ૧૬

કરુણાનિધાન નામ ભારે, વલ્લભ વ્હાલા૦
તો હવે શાની ચિન્તા મારે, મ્હારા વ્હાલા૦
ચ્હાય તો રાજશિરોમણિ રીઝો, વલ્લભ વ્હાલા૦
ચ્હાય તો દુર્ગુણ દેખી ખીજો, મ્હારા વ્હાલા૦ ૧૭

ચ્હાય તો કુકર્મી જાણી મારો, વલ્લભ વ્હાલા૦
ચ્હાય તો શરણાગત જાણી તારો, મ્હારા વ્હાલા૦

હવે આ દુખ સહ્યુ નથી જાતું, વલ્લભ વહાલા૦
કાલજુ ઘડીએ ઘડી ગભરાતુ, મ્હારા વહાલા૦ ૧૮
હાય હુ બની ગઈ દુર્ભાગી, વલ્લભ વહાલા૦
ઉડા અન્તરે લાહ્ય લાગી, મ્હારા વહાલા૦
એકે વાતે નથી હુ અધુરી, વલ્લભ વહાલા૦
થઈ છુ પતિત હવે પુરી, મ્હારા વહાલા૦ ૧૯
પતિતપાવન નામ ધરાવો, વલ્લભ વહાલા૦
તો માગી વહારે કેમ ન ધાવો, મ્હારા વહાલા૦
શુ કરવાને આમ તરસાવો, વલ્લભ વહાલા૦
કયા થઈ આવુ પથ બતાવો, મ્હારા વહાલા૦ ૨૦
રાજ ચરણ વિના મ્હારે, વલ્લભ વહાલા૦
અવર ભરુસો ન મ્હારે, મ્હારા વહાલા૦
બીજુ તો કશુએ ન જાણુ, વલ્લભ વહાલા૦
રાજ રીઝો તો મહા સુખ માણું, મ્હારા વહાલા૦ ૨૧
ભલી ભુડી તો એ દાસી, વલ્લભ વહાલા૦
રાજ ચરણની ઉપાસી, મ્હારા વહાલા૦
દ્રઢતા નથી રહેતી મનમા, વલ્લભ વહાલા૦
લાહ્ય લાગી છે મારા તનમા મ્હારા વહાલા૦ ૨૨
બુઝ કે સમજ નથી પડતી, વલ્લભ વહાલા૦
કયા લગી રહીશ આમ રખડતી, મ્હારા વહાલા૦
રાજ શિરોમણિને હુ પામી, વલ્લભ વહાલા૦
તોએ દુખમા રહી ખામી, મ્હારા વહાલા૦ ૨૩
અનેક અપરાધે ભરી છુ, વલ્લભ વહાલા૦
તો પણ રાજને વરી છુ, મ્હારા વહાલા૦
દુનીઆમા બ્હાવરી ઠરી છુ, વલ્લભ વહાલા૦
વણ મોતે વણ મારી મરી છુ, મ્હારા વહાલા૦ ૨૪
હવે ન નાથ નમેરા થાઓ, વલ્લભ વહાલા૦
વહેવેગ આવો કે બોલાવો, મ્હારા વહાલા૦
કામપૂરક જાણી વળગી, વલ્લભ વહાલા૦
ચિન્તાચૂરક ન કરશો અળગી, મ્હારા વહાલા૦ ૨૫
શ્રીઅંગે શ્રમ દેવામા શૂરી, વલ્લભ વહાલા૦
સ્વારથ સાધવામા પૂરી, મ્હારા વહાલા૦
સુખડા દેવાને તો અધુરી, વલ્લભ વહાલા૦
તે અપરાધે મરુ ઝુરી, મ્હારા વહાલા૦ ૨૬.

શાને માની તો મણીથી મોઘેરી, વલ્લભ વહાલા૦
શાને તરછોડી રજથી સોધી, મ્હારા વહાલા૦
જગતમા થાય મ્હારી હાસી, વલ્લભ વહાલા૦
મનમાને મનમા રહી વિમાગી, મ્હારા વહાલા૦ ૨૭

ભલે જે થનાર હોય તે થાય, વલ્લભ વહાલા૦
પણ હવે મુજથી ન રહેવાય, મ્હારા વહાલા૦
નિત્ય પ્રતિ નિરખુ સુદરતાઇ, વલ્લભ વહાલા૦
બીજુ ન જોઇએ મારે કાઇ, મ્હારા વહાલા૦ ૨૮

ભ્રમર કમલના સરખી પ્રીતિ, વલ્લભ , વહાલા૦
ચરણકમલમા રહે તો જીતી, મ્હારા વહાલા૦
ક્ષુલ્લક તોએ દાસી તમારી, વલ્લભ વહાલા૦
હવે સભાળી લ્યો ગઇ હાની, મ્હારા વહાલા૦ ૨૯

ઘરના ગુલામડા ક્યા જાશે, વલ્લભ વહાલા૦
રાજ જ્યમ છોડ્યા દુખી થાશે, મ્હારા વહાલા૦
તેવી રીતે આ દુખ ક્યા કહીએ, વલ્લભ વહાલા૦
બીજે નહિ ઠેકાણુ ક્યા જઇએ, મ્હારા વહાલા૦ ૩૦

એકલડા મદિરમા ક્યા રહીએ, વલ્લભ વહાલા૦
વિરહદાવાનલ કેમ કરી સહીએ, મ્હારા વહાલા૦
નિસાસા મૂકી નામ લઈએ, વલ્લભ વહાલા૦
મનમા આવે જે વિખડા ખાઈએ, મ્હારા વહાલા૦ ૩૧

પણ આપઘાતથી ડર ખાઇએ, વલ્લભ વહાલા૦
અવતાર એળે ગુમાઇએ, મ્હારા વહાલા૦
નિત્ય નવલી લીલા તે કેમ ગાઈએ, વલ્લભ વહાલા૦
અમુઝાઇએ અકુલાઇએ ગભરાઈએ, મ્હારા વહાલા૦ ૩૨

દયાલુ થઈ વણ વાકે મારો, વલ્લભ વહાલા૦
એ શુ ઘટે છે નાથ વિચારો મ્હારા વહાલા૦
જાણીતા થઇને દુખ દેવુ, વલ્લભ વહાલા૦
એ પણ ઘટતુ નથી શુ કહેવુ, મ્હારા વહાલા૦ ૩૩

અભિજીતનો જોગ ક્યારે મળશે, વલ્લભ વહાલા૦
દાસીનો દહાડલો કેમ ' વળશે, મ્હારા વહાલા૦
સયોગરસની માધુર્ય વાણી, વલ્લભ વહાલા૦
સભારી સભારી ગભરાણી, મ્હારા વહાલા૦ ૩૪

રાજુડી માટે રત્ન અમોલુ, વલ્લભ વ્હાલા૦
નિમિષ વાર હુ નહીં ભૂલુ, મ્હારા વ્હાલા૦
સર્વે ખવાસણુમા ખાસી, વલ્લભ વ્હાલા૦
રાજુડી તુ તો માગી દાસી, મ્હારા વ્હાલા૦ ૩૫

સ્વકીય સમાજમા તુ વ્હાલી, વલ્લભ વ્હાલા૦
તુજ માટે સામો આવ્યો ચાલી, મ્હારા વ્હાલા૦
તુને જોઇ શકુ ન આપ સભાલી, વલ્લભ વ્હાલા૦
તુજ વિના ઠકુરાઈ સહુ ઠાલી, મ્હારા વ્હાલા૦ ૩૬

સત્યપ્રતિજ્ઞાની તો બલિહારી, વલ્લભ વ્હાલા૦
એ બધી વાતો ક્યાથી વિસારી, મ્હારા વ્હાલા૦
તે વચનામૃત મુજને સાલે, વલ્લભ વ્હાલા૦
પણ તેમા મારુ કાંઇ ન ચાલે, મ્હારા વ્હાલા૦ ૩૭

વિરહ વેલાએ વ્હારે ધાઓ, વલ્લભ વ્હાલા૦
દર્શન દેઇ દેઈને હરખાઓ, મ્હારા વ્હાલા૦
જ્યા લગી ભૂતલ રાજ બિરાજો, વલ્લભ વ્હાલા૦
ત્યા લગી પીયુ પદ રસ પાજો, મ્હારા વ્હાલા૦ ૩૮

જુગલ ચરણ મુજ મસ્તકે ધરજો વલ્લભ વ્હાલા૦
સુખીયા કરીને સુખીયા થાજો, મ્હારા વ્હાલા૦
નયણુથી નાથ ન થાશો ન્યારા, વલ્લભ વ્હાલા૦
એટલુ માગુ છુ પીયુજી મ્હારા, મ્હારા વ્હાલા૦ ૩૯

જ્યાં જ્યા અવતાર જે જે ધરશુ વલ્લભ વ્હાલા૦
ત્યા ત્યાંથી આવી પદ અનુસરશુ, મ્હારા વ્હાલા૦
જેમ દીપક દેખી ફુદી, વલ્લભ વ્હાલા૦
અણુએ રહેવાની નથી જુદી, મ્હારા વ્હાલા૦ ૪૦

લૌકિક દેહ નાશ થાશે, વલ્લભ વ્હાલા૦
શરણુ આવેલો જીવ ક્યા જાશે, મ્હારા વ્હાલા૦
આધિદૈવિક રૂપ લઇને, વલ્લભ વ્હાલા૦
ચરણકમલમા રહેશે જઇને, મ્હારા વ્હાલા૦ ૪૧

જેમ રાજ રાખશો તેમ રહીશુ, વલ્લભ વ્હાલા૦
શ્રીમુખ જોઇને સુખીયા થઇશુ, મ્હારા વ્હાલા૦
નાથ ગયા છો મુજને મેલી, વલ્લભ વ્હાલા૦
કહોને ક્યા થઈ આવુ વહેલી મ્હારા વ્હાલા૦ ૪૨

કૃત્યે થઈ છું ઘણી કુડી, વલ્લભ વહાલા૦
દિન દિન દશા આવી ભુડી, મહારા વહાલા૦
વિરહનો અગ્નિ ઉર તાતો, વલ્લભ વહાલા૦
નિશદિન 'લાગ્યો ન ખમાતો, મહારા વહાલા૦ ૪૩.
જવાલાએ બલતો ને ગભરાતો, વલ્લભ વહાલા૦
તોએ ન પાપી પ્રાણ જાતો, મહારા વહાલા૦
વીત્યામા રહ્યુ નથી બાકી, વલ્લભ વહાલા૦
રોઇ રોઇને હું તો થાકી, મહારા વહાલા૦ ૪૪
રાજુની વિનતિ ઉર ધરજો, વલ્લભ વહાલા૦
વેગે તે આણા હવે કરજો, મહારા વહાલા૦ ૪૫

* * *

Esoteric Doctrine.

श्रावणस्यामले प्रक्ष एकादश्यां महानिशि।
साक्षाद्भगवता प्रोक्तं तदक्षरश उच्यते ॥ १ ॥

श्रावणस्य-of the lunar month of çravana अमले पक्षे-in the bright half of a lunar month एकादश्याम्-on the eleventh day महानिशि-on mid-night साक्षात्-in Bodily form, in Person, in Embodiment भगवता-by the Lord प्रोक्तम्-prescribed, dictated, laid down authoritatively तत्-that अक्षरश -ad Verbatim, syllable by syllable, 2 literally उच्यते-is declared

What is dictated by the Supreme Divinity in Embodiment on the mid-night of the eleventh day of the bright half of the lunar month of çravana is declared ad Verbatim 1

ब्रह्मसम्बन्धकरणात् सर्वेषां देहजीवयोः।
सर्वदोषनिवृत्तिर्हि दोषाः पञ्चविधाः स्मृताः ॥ २ ॥

ब्रह्मसम्बन्धकरणात्-by the performance of Brahmasambandha-connection with or relation to the Almighty Brahman-, by forming a devotional tie with the Supreme Divinity सर्वेषा-of all देहजीवयो -of bodies and souls सर्वदोषनिवृत्ति -cessation of all evils हि-indeed, without fail, surely 2 It is proper-justifiable दोषा -evils, sins पञ्चविधा -of five sorts स्मृता -are laid down or recorded in Smritis.

By forming a devotional tie with the Supreme Divinity, all sorts of depravity of one's body and soul are removed without fail It is recorded in Smritis that evils are of five sorts 2

सहजा देशकालोत्था लोकवेदनिरूपिताः।
संयोगजा स्पर्शजाश्चैव न मन्तव्याः कथञ्चन ॥ ३ ॥

सहजा -inborn, innate, natural, pertaining to the five elements of a body देशकालोत्था -Those that arise on account of Space and Time लोकवेदनिरुपिता -ascertained in various worlds and Vedas संयोगजा -those arising out of conjunction (with unclean substances) स्पर्शजा -those produced by the touch of अनधिकारी persons च and many others एव-only न-not मन्तव्या -ought to be regarded कथञ्चन-on any account, in any case

(They can be classified into five sorts) only -(1) natural or pertaining to the five elements of a body, (2) those that arise on account of Space and Time, (3) those ascertained in various worlds and Vedas, (4) those arising out of contact with unclean substances, and (5) those produced by the touch of persons not entitled to Vedic ceremonies and rituals [The word च in the text adds many accidental sins also such as unclean sight etc] These (five sorts of evils) ought not to be regarded in any case 3

अन्यथा सर्वदोषाणां न निवृत्तिः कथञ्चन।
असमर्पितवस्तूनां तस्माद्वर्जनमाचरेत् ॥ ४ ॥

अन्यथा-in any other manner or way otherwise सर्वदोषाणाम्-of all evils न-not निवृत्ति -cessation complete destruction कथञ्चन-even with great difficulty, even with great efforts असमर्पितवस्तूनाम्-of undedicated things तस्मात्-therefore वर्जनम्-renunciation, abandonment, giving up आचरेत् (one) should observe-practise-perform

Otherwise cessation of all evils can in no way be achieved Therefore, one should abstain from enjoying things unconsecrated (to the Supreme Divinity) 4

निवेदिभिः समर्प्यैव सर्वं कार्यमिति स्थितिः।
न मतं देवदेवस्य सामिभुक्तसमर्पणम् ॥ ५ ॥

निवेदिभि -by those who are initiated in the doctrine of complete renunciation of the self to the Almighty समर्प्यैव-having dedicated [illegible]

सर्वम्-all (customary and scriptural observances) कार्यम्-fit to be performed इति-thus स्थिति-imperative law न-not मतम्-approved of, sanctioned देवदेवस्य-of the Lord of deities, of the Supreme Lord सामिभुक्तसमर्पणम्-dedication of things and actions which are half enjoyed

Those, who are initiated in the doctrine of complete renunciation of the self to the Almighty, should perform no (customary or scriptural) observance without dedication (i e all actions whatever are intended to be performed by him should not be done without dedication) This is the Imperative Law Dedication of things and actions which are half enjoyed is not approved of by the Lord of lords 5

तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम् ॥ ५½ ॥

तस्मात्-therefore आदौ in the beginning सर्वकार्ये in all actions सर्ववस्तुसमर्पणम्-dedication of all objects 5½

Therefore, one should dedicate all things, in the beginning, while performing any action 5½

दत्तापहारवचनं तथा च सकलं हरेः ॥ ६ ॥
न ग्राह्यमिति वाक्यं हि भिन्नमार्गपरं मतम् ॥ ६½ ॥

दत्तापहारवचनम्-the statement as regards the taking (away) of the things delivered तथा च-and also, and likewise मकलम्-all हरे-of Hari न-not ग्राह्यम्-should be accepted इति thus वाक्यम्-statement, rule हि-verily भिन्नमार्गपरम्-devoted-having reference-to a different path Viz. Pûjâmârga-Path of Worship- मतम्-is aimed at, is looked upon

The statement as regards the appropriation of what is delivered (to the Lord), as well as the precept that nothing of God Hari should be accepted are regarded to refer to (quite) a different path 6½

सेवकानां यथा लोके व्यवहारः प्रसिद्ध्यति ॥ ७ ॥
तथा कार्यं समर्प्यैव सर्वेषां ब्रह्मता ततः ॥ ७½ ॥

सेवकानाम्-of Divine Servants, of Devotees यथा-the manner in which लोके-in worldly affairs, in practical life व्यवहार-practise, an established rule प्रसिद्ध्यति-be accomplished, be fulfilled, be successful तथा-in that manner कार्यम्-should be done समर्प्यैव-having dedicated only सर्वेषाम्-of all (I Devotees, 2 Actions) ब्रह्मता-Innocence, the state of being faultless and impartial ततः-thence

Only after dedication (to the Lord), the devotees should perform everything in the manner in which their practical life should be successful in the world Innocence (of all their actions will be achieved) of its own accord 7½

गङ्गात्वं सर्वदोषाणां गुणदोषादिवर्णना ॥ ८ ॥
गङ्गात्वे न निरूप्या स्यात्तद्वदत्रापि चैव हि ॥ ८½ ॥

गङ्गात्वम्-till entrance to the sacred waters of the Ganges सर्वदोषाणाम्-of the defects of all waters गुणदोषादिवर्णना-delineation of merits and defects गङ्गात्वे-after ingress in the sacred waters of the Ganges न निरूप्या स्यात्-is not described तद्वत्-in like manner, analogously अत्रापि-in this case also च and एव indeed हि-and it is proper

Just as the merits and defects (of various waters) are delineated only till their entrance to the sacred waters of the Ganges, after their ingress in them they are not described analogously, in this case also (the merits and defects of the actions of the devotees are considered only till Bhagavannivedana, after the achievement of a devotional life-after the dedication of all things and actions to the Supreme Lord-they are not to be regarded) 8½

श्रीगोकुलेशो जयति ॥

श्रीगोकुलेशाष्टकम्.

नत्वा श्रीगोकुलेशं तं रसरूपैकविग्रहं। व्याख्यास्ये भक्तबोधार्थ कृत्वा तत्प्रार्थनाष्टकम्॥ अथ प्रभुस्वरूपस्य पूर्णशृङ्गाररसात्मकत्वात्तस्य रसस्य च संयोगरसानुभवं कारयित्वा पूर्णरसानुभवार्थं विप्रयोगरसे दीयमाने सति तस्य विप्रयोगस्य विकलत्वास्वास्थ्यप्रकृतिकत्वेनातिगाढतापरूपत्वात्तत्तापमसहमानास्तामसभावापन्ना भक्तास्तापनिवृत्त्यर्थं प्रभुमुद्दिश्य स्वरूपदर्शनं प्रार्थयन्ते। प्राणाधिकप्रेष्ठेत्यादि॥ हे प्राणाधिकप्रेष्ठ। हे गोकुलेश। त्वं भवज्जनानां निजं रूपं दर्शयेति पदसम्बन्धः। प्राणेभ्योप्यधिकप्रियतमोक्त्या त्वद्रूपा-

दर्शने प्राणा गच्छेयुरेवेतिभावः। तर्हि कथ स्थिता इत्याकाङ्क्षायां द्वितीयं सम्बोधनमाहुः गोकुलेशेति। लीलाव्यापकगोकुलस्वामिनामोक्त्या प्राणानां निर्गमने पूर्वं तन्नामैव कण्ठ आगत्य प्राणान् रुरोधेति ज्ञापितम्। स्वरूपादर्शने प्राणरक्षणं तापनिवर्तकत्वं जीवनकारित्वं सर्वप्रकाशकत्वं स्वरूपप्रदत्वं च लीलाविशिष्टनामकथनस्य 'तव कथामृतं तप्तजीवन'मितिश्लोके श्रीशुकेनोक्तम्। भवज्जनानामिति ॥ त्वदीयत्वोक्त्या स्वकीयानामुपेक्षापि न कर्तव्येतिभावः। तेषां तत्कालीनावस्था निरूप्यते ॥ त्वद्विप्रयोगेति तवविप्रयोगरूपो योऽनलस्तेन तापितानां तावकानामन्यकृततापासंभवात् केवलं त्वद्रूपादर्शनजनिततापोदयादतिदैन्यकथनम्। रूपस्य तापनिवर्तकत्वमाहुः समस्तसन्तापनिवर्तकमिति। यद्रूपं बहुविधतापनिवर्तकं त्वदीयानामन्यकृततापासंभवाद्विरहजनिततापस्यैव बहुविधत्वद्योतकं समस्तपदम्। अन्यरूपस्य तापनिवर्तकत्वाभावान्निजपदम्। अदर्शनं तापहेतुरितिदर्शनमेव प्रार्थयन्ते दर्शयेतिपदेन ॥ १ ॥ अतःपरं राजसभावापन्ना विक्षिप्तचित्ताः संतस्त्वद्विरहजतापस्य बहुविधत्वेन सर्पदंशजनितविषरूपतां वदन्तः पूर्वोक्तसर्वसामर्थ्ययुक्तनामकथनेनैव पुनः सबोधयन्तो जीवनकारिस्वरूपदर्शनमेव प्रार्थयन्ते भवद्वियोगेति। भवतस्तव वियोग एव उरगः सर्पस्तस्य यो दंशस्तद्युक्तानां पुनः सर्वाङ्गेषु उद्यत् प्रसरयत् यद्विषं तेन मूर्छितानां मोहप्राप्तानां तावकानां त्वदीयानां संप्रति अस्यामपि दशायां संजीवनं सम्यक् जीवनकारि यदेतादृशं तन्निजं स्वीयं रूपं दर्शयेति पूर्ववद्दर्शनमेव प्रार्थयन्ते। विषमूर्छितानां विषनिवर्तकं संजीवनं नामौषधं लोकप्रसिद्धमपीतिभावः ॥ २ ॥ ततः

सात्त्विकभावापन्नास्त्वद्विप्रयोगजनिततापस्य सर्वज्ञानाच्छादकत्वेनान्धकाररूपतां वदन्तः पूर्वोक्तप्रकारकनामसंम्बोधनेनैव त्वदीयानां ज्ञानप्रकाशकं स्वरूपदर्शनमेव पुनः प्रार्थयन्ते आकस्मिकेति। अकस्माज्जातो यस्तव विरहरूपो अन्धकारः तेन सम्यक् आच्छादितानि सर्वविषयज्ञानानि येषां तेषा त्वद्भक्ताज्ञानानां नेत्राणां वा प्रकाशजनकमेतादृशं निजं रुपं दर्शयेति पूर्ववत् । अनेन श्लोकत्रयेण त्रिविधभावापन्नसाधारणभक्ताना स्वार्थजनकरूपदर्शनमेव प्रार्थितम् ॥३॥ अथ युष्मद्विरहजनितविविधस्वताप निवेद्य पश्चादेतद्भावत्रययुक्तानामसाधारणभक्तानां मध्ये राजसाः साधारणभक्ता विचित्रवर्णास्तरणस्थितरूपनिरूपणेनाद्भुतरसयुक्तं स्वानुभूतं यथादृष्टशृङ्गारस्वरूपं वर्णयन्तो दर्शनमेव प्रार्थयन्ते। विप्रयोगे दर्शनस्यैवावश्यकत्वात् सर्वत्र प्रार्थनमुक्तम्। स्वमन्दिरेति। स्वकीये मन्दिरे आस्तीर्ण नानावर्णयुक्तं सुखजनकस्पर्श मृद्वत्यन्तं कोमलं तादृशं पदास्तरणं तस्मिन्निषण्णमुपविष्टम्। पुनः कीदृशम्? पृथु स्थूलं यत् उपधानं तदाश्रितः पृष्ठभागः पाश्चात्यभागो यस्य। तदेवम्भूतं निजं रूपं दर्शयेति प्रार्थयन्ते ॥४॥ ततः कृपादृष्टिजनितप्रसादनिरूपणेन सात्त्विकाः साधारणभक्ताः करुणारसयुक्तशृङ्गाररसस्वरूपं वर्णयन्तस्तादृशस्वरूपदर्शनं प्रार्थयन्ते सन्दर्शनार्थेति। सन्दर्शनमहोरात्रं प्रभोरुत्थानमारभ्य शयनावधि सम्यग्दर्शनम्। तदर्थमागता ये सर्वे लोकास्तेषां विशिष्टानि तत्तद्भावपूर्णानि यानि विलोचनानि नेत्राणि तेषामासेचनकमतृप्तिजनक 'तदासेचनकं तृप्तेर्नास्त्यन्तो यस्य दर्शना'दित्यमरः। यद्वा आ समन्तात् निजानन्दसेककरम्।

पुनर्मनो जानातीति मनोज्ञम् । येन भावेन ये पश्यन्ति तेषां तद्भावं जानातीतिभावः । मनोहरं वा पुनः कृपया योवलोको दृष्टिपातस्तेनाहितःस्थापितस्तेषु प्रसादो येन । कृपादृशा भक्तानां तत्तद्भावपूर्वकमितिभावः एतादृशं निजं रूपं दर्शयेति ॥ ५ ॥

पुनरपि तामसा असाधारणभक्ताः प्रौढया तदेव स्वरूपं स्वप्रसादाधरामृतदातृत्वेन निरूपयन्तः तद्दर्शनमेव प्रार्थयन्ते यत्सर्वदेति । यद्रूपं सर्वदा सर्वस्मिन् काले चर्वितायाः नागवल्ली ताम्बूलं तस्या यो रसः प्रियो यस्य । अत्र ताम्बूलपदं विहाय स्त्रीलिङ्गनागवल्लिशब्दप्रयोगात्तज्जातीयसम्बन्धी रस एव सदा प्रभोः प्रिय इतिध्वनितार्थः । पुनस्तद्रसेन नागवल्लीरसेन रक्ता रञ्जिताः स्नेहकलारूपा दन्ता यस्य । पुनर्निजेषु स्वकीयेषु ताम्बूलचर्वितरूपं प्रसादं ददातीति तथा । अनेनासाधारणभक्तेषु दन्तजनितचर्वितदानेन स्नेहपूर्णाधरामृतप्रदमितिभावः । एतादृशं निजं रूपं दर्शयेति ॥ ६ ॥ एवं साधारणासाधारणभक्तानां मध्येऽसाधारणास्त्रिविधा अप्यन्तरङ्गभक्ताः स्वेषां स्वरूपानन्दरसदातृत्वेन वर्णयन्तस्तत्स्वरूपदर्शनमेवप्रार्थयन्ते प्रतिक्षणमिति । प्रतिक्षणं निरन्तरं गोकुलसुन्दरीणा स्वीयत्वेनाङ्गीकृतमुख्यभक्तानां यानि अतृप्तिमन्ति तृप्तिरहितानि लोचनानि नयनानि । यद्वा लोचनपदोपलक्षितानि सर्वेन्द्रियाणि तेषां स्वस्वभोग्यरसपानस्य पात्रम् । यद्वा तासां सर्वेन्द्रियाण्येव रसपानपात्राणि यस्य रूपस्य तद्रूपम् । अत्राधाराधेययोः पात्ररसयोर्भिन्नत्वनिरूपणेपि द्वयोरानन्दैकस्वरूपत्वमेव । पुनःसमस्तस्य सौन्दर्यस्य लावण्यस्य रसस्य परमानन्दरसस्य च । यद्वा समस्तानां त्रिविधान्तरङ्गभक्तानामोघः समूहः प्रवाहो वा तेनपूर्णं यद्रूपम् । अनेन निरन्तर-

શ્રીપુરુષોત્તમજીનો પ્રાકટ્યોત્સવ.

સવત્ ૧૯૮૨

પ્રાકટ્યોત્સવમા કાર્ય

શ્રીપુરુષોત્તમમડળના આશ્રય નીચે દશદિગન્તવિજયી શ્રીગોસ્વામી શ્રીપુરુષોત્તમજીના પ્રાકટ્યોત્સવનિમિત્તે રવિવાર તા ૧૯–૯–૨૬ને દિને મુબઈના માધવબાગમા એક પ્રસિદ્ધ સભા મળી હતી, જે વેળાએ ડેક્કન કોલેજના સસ્કૃતના વ્યાખ્યાતા પ્રો મગનલાલ ગણપતિરામ શાસ્ત્રી એમ એ એ "શ્રીપુરુષોત્તમજીની અદ્વિતીય વિદ્વત્તા"નુ નિરૂપણ કરવા સાથે અન્ય વક્તાઓએ શ્રીપુરુષોત્તમજીના જીવનચરિત્ર વિષે વિવેચન કર્યું હતું આ પ્રસગે પ્રો શાસ્ત્રીની શ્રીપુષ્ટિસપ્રદાય અને વૈષ્ણવો પ્રતિ અનેકવિધ સેવાઓએ આકૃષ્ટ ઉક્ત મડળના આશ્રય નીચે ગટ્ટુલાલજીના મન્દિરમા પ્રતિસપ્તાહ મળતા વર્ગોમા અધ્યયનકર્તાઓ તરફથી તેમને સન્માનપત્ર તથા સુવર્ણપદક અર્પણ કરવાનો પણ સમારભ કરવામા આવ્યો હતો

પ્રમુખસ્થાન

પ્રારમ્ભમા કીર્તનાનન્તર પરમભગવદીય ધીરજલાલ વ્રજદાસ સાકલીઆ પ્લીડરની દરખાસ્તથી અને પરમવૈષ્ણવ જમનાદાસ કાનજી બી એ ના ટેકાથી શ્રીપુરુષોત્તમજીનો પ્રાકટ્યોત્સવ ઉજવવા મળેલી સભાનુ પ્રમુખસ્થાન શાસ્ત્રીજીએ તાળીઓના અવાજ વચ્ચે સ્વીકારતા જણાવ્યુ હતુ કે 'આપની ઇચ્છાને અધીન થઈને આ સ્થાન મે લીધુ છે ગયે વર્ષે આપણે આ જ સ્થાને મળ્યા હતા તે વેળાએ અત્રે સામ્પ્રદાયિક પુસ્તકોના સગ્રહનુ પ્રદર્શન કર્યું હતુ, તેવુ આ વર્ષ આપણે કર્યું નથી, પરન્તુ તેથી અમને વધીને સુદૃઢ કાર્ય કર્યું છે ગયે વર્ષે મારી વિનીત સૂચનાનો સ્વીકાર કરીને આ આપણુ શ્રીપુરુષોત્તમમડળ સ્થપાયુ હતુ, જેની પ્રવૃત્તિ સમગ્ર વર્ષમા સન્તોષકારક રહી છે પ્રકૃત વર્ષે આપણા મડળની પ્રવૃત્તિ કયી દિશામા થઈ તદ્વિષયક વિવેચન વૈષ્ણવમાન્ય તેલીવાળાને કરવાને હવે જણાવીશ

વૈ મૂલચન્દ્ર તુલસીદાસ તેલીવાલા વકીલ હાઇકોર્ટે જણાવ્યુ કે—

માન્યવર પ્રમુખ અને ભાગ્યવાન્ વૈષ્ણવો,

શ્રીપુરુષોત્તમમડળની ગત વર્ષની પ્રવૃત્તિ વિષે વૈ. તેલીવાલા

આજે આપણે શ્રીપુરુષોત્તમમડળના આશ્રય નીચે મળ્યા છીએ ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી-મહારાજનુ નામ આપણા સપ્રદાયમા સુપ્રસિદ્ધ છે શ્રીમહાપ્રભુજી (શ્રીમદ્વલ્લભાચાર્યજી) અને શ્રીવિઠ્ઠલનાથજી પછી એક વિદ્વાન્ તરીકે સપ્રદાયમા કોઇનો પણ પ્રભાવ પડ્યો હોય તો તે શ્રીપુરુષોત્તમજીનો છે તેમનો આપણા ઉપર મહાન્ ઉપકાર છે તેમનુ વક્તવ્ય સચોટ છે તેમણે પોતાના આયુષ્યના ૪૦ વર્ષ સુરતમા શ્રીબાલકૃષ્ણજીની સેવામા ગાળ્યા, અને ત્યા તેમ જ ડુમસમા રહીને અનેક ગ્રથો સિદ્ધ કર્યા તેમના તે ગ્રથો સપ્રદાયનાઓને તથા તેની બહારનાઓને ચકિત કરી નાખે તેવા છે તેમનુ વૈદુષ્ય–વિદ્વત્તા–જ્ઞાન–અદ્વિતીય ગણી શકાય. સ્મરણ નામાવશેષ કે શુકવત્ ન રહે, પણ તેમનુ સ્મરણ સતત્ રહે, તેથી આ મડળની સ્થાપના કરવામા આવી છે શ્રીપુરુષોત્તમજીના ગ્રથો વિદ્વાનોના પણ માનમર્દન કરે તેવા છે એ ગ્રથો સહજમા સમજમા આવે તેવા નથી, પણ તે આપણને સહુને સહેલાઈથી સમજાય તે રીતે શાસ્ત્રીજીએ તેના અધ્યાપનનો આરભ કર્યો છે હુ હવે આ મડળદ્વારા ગત વર્ષે કયા ગ્રથો વચાયા અને હાલ કયા કયા ગ્રન્થોનુ વાચન ચાલુ છે તે જણાવીશ પ્રથમ આપણે શ્રીપુરુષોત્તમજીનો 'બહિર્મુખમુખધ્વસવાદ' ગ્રથ લઈ એના નવે વિભાગનુ સાગોપાગ વાચન કર્યું, એ પછી આપણે શ્રીવલ્લભા

ચાર્યજીનો સુપ્રસિદ્ધ વાદગ્રંથ 'પત્રાવલંબન' શ્રીપુરુષોત્તમજીની ટીકા સાથે વાચ્યો. એ ગ્રંથનુ નામ દરેક વૈષ્ણવને પરિચિત છે શ્રીવલ્લભાખ્યાનમા 'પત્રાવલંબને પંડિત જીત્યા ગજમાણિકમત શતખંડ' પંક્તિઓ સર્વના સ્મરણમા હશે તેના અધ્યયન પછી શાસ્ત્રીજીએ એનો સાર પણ આપણને નિવેદિત કર્યો. એ ગ્રંથનુ શ્રીપુરુષોત્તમજીની ટીકા સાથે ગત વર્ષે ભગવદીય ભાઈ રણછોડદાસ વરજીવનદાસે મુદ્રણ પણ કરાવ્યુ છે, આ ગ્રંથાનન્તર 'પ્રપઞ્ચસમારભેદ'નુ પણ વાચન થઈ ગયુ છે વર્ગમાં વાચવામા આવેલો અને અદ્યાપિ વંચાતો ગ્રન્થ 'માણ્ડૂક્યોપનિષદ' છે શાંકરો દશ ઉપનિષદોને પ્રાચીન જણાવે છે, તેમા પણ સામાન્ય વાચકવર્ગને વિશેષત માયાવાદ દેખાતો નથી શંકરાચાર્ય પોતાના ગુરુ ગોવિન્દના પણ ગુરુ ગૌડપાદની માણ્ડૂક્યોપનિષત્ પરની કારિકાનો આશ્રય લઈને જણાવે છે કે તેમા માયાવાદ નિરૂપવામા આવ્યો છે, તેથી શ્રીપુરુષોત્તમજીએ એ ઉપનિષદ અને ગૌડપાદ કારિકા પર દીપિકા કરીને એવુ સિદ્ધ કરી આપ્યુ છે કે માણ્ડૂક્યોપનિષદ્મા કે તે પરની ગૌડપાદની કારિકામા પણ માયાવાદ નહિ પણ બ્રહ્મવાદ છે સંપ્રદાયના આકર ગ્રંથો સમજવાની ઇચ્છા હોય તેમને માટે 'અણુભાષ્યાદિ' વાચનામા આવે છે હાલ આનન્દમયાધિકરણ વંચાય છે ત્રિસૂત્રીપર્યન્તનુ ભાષ્ય વંચાયા પછી તે પરની શ્રીકૃષ્ણચંદ્રજીની 'ભાવપ્રકાશિકાવૃત્તિ' પણ વાચવામા આવી હતી આ વૃત્તિમા શ્રીપુરુષોત્તમજીના 'ભાષ્યપ્રકાશ' અને 'અણુભાષ્ય' ઉભયનો ઉત્તમ સાર આપેલો છે સંપ્રદાયનુ અસ્તિત્વ રક્ષવુ હોય તો તે શ્રીપુરુષોત્તમજીની શ્રેણીથી રક્ષાશે પ્રભુ વરણ કરે તો જ ભાવનાત્મક અધિકારનુ ગ્રહણ થઈ શકે, પણ સામાન્ય જનસમાજનુ અવલંબન તો પ્રમાણપદ્ધતિ પર જ હોઈ શકે શ્રીપુરુષોત્તમજીના નામમાત્રનો પરિચય નહિ પરન્તુ એમના ગ્રન્થોનુ સાંગોપાંગ અધ્યયન કરીને તે દ્વારા સદાચાર સંપ્રદાયમા પ્રવર્તાવવાનો આ મંડળનો સદુદ્દેશ છે શ્રીપુરુષોત્તમજીના ગ્રંથોના અધ્યયનથી અને તેમાથી ફલિત થતા સદાચારના સેવનથી પ્રમાણનિષ્ઠ થયા પછી ક્યારેક કોઇક અધિકારીને પ્રમેયમા પણ નિષ્ઠા થાય અને તે દ્વારા શ્રીગોકુલેશ શ્રીહરિરાયજી આદિએ ઉપદિષ્ટ આચાર્યશ્રીનુ પ્રમેય પણ સ્ફુરે. આ રીતે પ્રમાણ અને પ્રમેયપદ્ધતિ ઉભયની સંગતિ છે બીજો જે ગ્રંથ વંચાય છે તે શ્રીસુબોધિનીજી છે શ્રીસુબોધિનીજીમા દશમસ્કંધ મૂર્ધન્ય છે તેમા પણ વેણુગીત પરમસુન્દર છે શ્રીપદ્મનાભદાસજીએ ગાયુ છે કે 'વેણુગીત ઓર યુગલગીતકી રસભરખા બરખાઈ,' અર્થાત્ પદ્મનાભદાસજીના સમયમા પણ વેણુગીતના અને યુગલગીતના શ્રીસુબોધિનીજી ઉત્તમોત્તમ છે એમ વૈષ્ણવોનો અનુભવ હતો વેણુગીતમા પ્રભુના અલૌકિક રસાત્મક સ્વરૂપનો જે આંતર અનુભવ શ્રીગોપીજનોએ કર્યો તેનુ નિરૂપણ વ્યાસજીએ કર્યું છે, અને તેનુ ઉદ્ઘાટન શ્રીમહાપ્રભુજીએ શ્રીસુબોધિનીજીમા કર્યું છે, અને શ્રીપુરુષોત્તમજીએ પ્રમાણપદ્ધતિનુ અવલંબન કરીને રસનિષ્પત્તિપ્રકાર સવિસ્તર નિરૂપિત કર્યો છે શ્રીસુબોધિનીજી સકલ સાહિત્ય સાથે શાસ્ત્રીજી વાચે છે, અને સરલતાથી સમજાવે છે. આ સરલતાનુ કારણ ભગવદીય મોની રણછોડભાઈ છે તેમણે તે સાહિત્ય પોતાના માતૃશ્રીના સ્મરણાર્થે છપાવી પ્રસિદ્ધ કર્યુ છે સંપ્રદાયમા વિદ્યા પ્રતિની આ અભિરુચિ જોતા મંડળની એક વર્ષની પ્રવૃત્તિ ખેદ દર્શાવનારી નહિ પરન્તુ સંતોષકારક લેખાવી જોઇએ જો હાલની આપણી એ પ્રવૃત્તિ પ્રભુકૃપાએ ચાલુ રહી તો તે બીજ થોડા સમયમા વૃક્ષરૂપે ઉગી તેના સુંદર ફલ સંપ્રદાયને અને વૈષ્ણવોને પ્રાપ્ત થશે

વૈ. વાડીલાલના વિચારો

તદનન્તર વૈ. વાડીલાલ નગીનદાસ શાહ પ્લીડરે જણાવ્યુ કે શ્રીપુરુષોત્તમજીની વિદ્વત્તા એવી તો અગાધ છે કે તેઓશ્રીના ગ્રંથોમા મારો ચંચુપાત ન હોવાથી હુ તે વિષે પરિચય કરાવી શકુ તેમ નથી, પરન્તુ શ્રીમહાપ્રભુજીની કૃપાથી જેમને તેના અધ્યયનનુ સૌભાગ્ય પ્રાપ્ત થયુ છે તેમનો નિઃસંશય નિશ્ચય થયો હતો કે સંપ્રદાય પ્રતિ નિન્દકોના આક્ષેપો નિર્મૂલ છે, તેના નિરાસ માટે

આપણને કોઈ પણ નવ્ય પ્રયાસની આવશ્યકતા નથી આપણી ઉપર દયા કરીને શ્રીમહાપ્રભુજી શ્રીગુસાઈજી શ્રીગોકુલેશ શ્રીહરિરાયજી શ્રીપુરુષોત્તમજી પ્રભૃતિ મહતી ગ્રથરૂપા સામગ્રી મૂકી ગયા છે, પરન્તુ ખેદની તો વાર્તા એ છે કે તે જોવાનો પણ આપણને-વૈષ્ણવોને-કે ગુરુવર્ગને પણ અવકાશ નથી ! મુબઈમા વૈષ્ણવોની વસતિ ત્રણ લાખની છે શાસ્ત્રીજી ગાઠનુ દ્રવ્ય ખર્ચી આપણને એ ગ્રથોનો લાભ આપવાને દર અઠવાડીએ પુનાથી અને ભરૂચથી પણ અત્રે આવે છે, પણ ૫૦-૬૦ વૈષ્ણવો પણ ભાગ્યે જ તેનો લાભ લે છે આચાર્યશ્રીએ અને પ્રાચીન આચાર્યવશ્યોએ મહાન્ ગ્રથો લખવા પાછળ જે શ્રમ લીધો છે તેની આપણને દરકાર નથી, કદર નથી યત્પર્યન્ત આ સ્થિતિ રહેશે તત્પર્યન્ત આપણા પ્રતિ આક્ષેપોનો નિરાસ નહિ થાય ‘બહિર્મુખમુખધ્વસવાદ’ પડિતકરભિન્દિપાલ’ વગેરે ગ્રથો જોઈએ નહિ તો ‘ઠોરપુરી ખાઈ બેસનારા’ જ ગણાઈએ લોક તો જેવુ જોશે તેવુ જ કહેશે એ ગ્રથો પ્રસિદ્ધ કરવાનો તથા તે ભણવાભણાવવાનો જેમના પર ભાર છે, અને જેમનુ તે કર્તવ્ય છે. તેમને શ્રીમહાપ્રભુજીની કૃપાથી તે સુઝશે નહિ તત્પર્યન્ત સપ્રદાયનો ઉદય થશે નહિ શ્રીપુરુષોત્તમજીના સમયમા પણ પારમ્પરિક વાચનાદિ બધ પડી જતા શ્રીપુરુષોત્તમજીને **‘સંપ્રદાયે નિવૃત્તે’** શબ્દ ભાષ્યપ્રકાશના ઉપસહારમા લખવા પડ્યા તે વખતે પણ વિદ્યાના વિરોધીઓ તેઓશ્રીને ‘વેદપશુ’ના નામથી ઓળખાવતા, તેથી કરીને એમ સમજવાનુ નથી કે પુષ્ટિમાર્ગને વિદ્યા સાથે વૈર છે પુષ્ટિમાર્ગમા આપણે શ્રીપુરુષોત્તમની સેવા અને ગુણગાન કરવાના છે શ્રીપુરુષોત્તમ ભગવાન્ જ્ઞાન વૈરાગ્ય વીર્ય ઐશ્વર્ય યશ અને શ્રી એમ છ ગુણે સપન્ન છે, અને તેથી આપણે તેમને પરિપૂર્ણ માનીએ છીએ, તો તેમના સેવક જ્ઞાન પ્રતિ વૈરકર્તા ક્યાથી હોય ? આચાર્યશ્રી આદિએ જે જ્ઞાનસામગ્રી પ્રસિદ્ધ કરી છે તેનો જ વિસ્તાર શ્રીપુરુષોત્તમજીએ કર્યો છે તેઓશ્રીએ અણુભાષ્યનો વિસ્તાર તે પરની ‘પ્રકાશ’ નામની ટીકા કરીને કર્યો છે, અને તે ઉભયે પર શ્રીયોગિગોપેશ્વરજીની ‘રશ્મિ’ નામની ટીકા છે આચાર્યજીનો એવો એક પણ ગ્રથ નથી કે જે પર શ્રીપુરુષોત્તમજીની ટીકા ન હોય જે ગ્રથ પર તેમની ટીકા ન હોય તે ગ્રથ શ્રીઆચાર્યજીનો ન હોવાના સન્દેહને ક્વચિદ્ અવકાશ મળી શકે છે, અર્થાત્ શ્રીપુરુષોત્તમજીએ આચાર્યશ્રીના યાવન્માત્ર ગ્રથ પર ટીકા કરી છે, સપ્રદાયના સેવાપ્રકારાદિ પ્રતિ આક્ષેપોનો પણ નિરાસ કર્યો છે શ્રીપુરુષોત્તમજીના વૈદુષ્ય-વિદ્વત્તા-વિષે વિશેષત પરિચય આપણને શાસ્ત્રીજી કરાવશે, પરન્તુ શ્રીઆચાર્યશ્રીની કૃપાથી આપણા વૈષ્ણવભાઈઓને અને આચાર્યવશ્યોને આ ગ્રથોના સરક્ષણની અને સભાષાતર પ્રસિદ્ધિ સાથે અધ્યયનની તથા અધ્યાપનની સદ્બુદ્ધિ પ્રાપ્ત થતા સદાચાર પ્રવર્તતા જ્ઞાનશૂન્યતા સ્વત જ નિર્મૂલ થઈ જશે

સનાતની સાગાણીના વક્તવ્યનો સાર

લોકોપકારનુ કાર્ય જ્યાથી અટક્યુ ત્યાથી તે ચાલુ રાખવાનો ઉદ્દેશ મડલે કયી રીતે પાર પાડ્યો તે વિષે કેટલુક. વિવેચન કરી ગ્રથપ્રસિદ્ધિ અને અધ્યયનાધ્યાપન ઉપર રા સાગાણીએ ભાર મેલ્યો હતો

પ્રમુખ શાસ્ત્રીજીના ભાષણનો સાર

મડનની પ્રવૃત્તિઓની અનેકવિધતા દર્શાવતા ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજની અદ્વિતીય વિદ્વત્તાના તેમણે રચેલા અનેકાનેક ગ્રથોમાથી પ્રમાણો શાસ્ત્રીજીએ આપ્યા હતા, અને જણાવ્યુ હતુ કે એમની વિદ્વત્તા પ્રતિપક્ષીઓને પણ સ્વીકારવી પડે તેવી છે વિશેષમા તેમણે જણાવ્યુ હતુ કે મુબાઈસરકારના કેળવણી ખાતા તરફથી મુદ્રિત ‘અણુભાષ્ય’ના ઉપોદ્ઘાતમા શ્રીપુરુષોત્તમજીના પ્રકાશ વિષે લખતા તે મુદ્રણનુ કાર્ય-જેમના હસ્તક હતુ અને જેઓ સ્માર્ત છે તે-શ્રીધર શાસ્ત્રી પાઠકને પણ સ્વીકારવુ પડ્યુ છે કે પોતાના ગ્રથોમા પ્રતિસૂત્ર જેવી સમીક્ષા શ્રીપુરુષોત્તમજીએ કરી છે તેવી અન્ય કોઈએ પણ કરી નથી સમાપ્તિમા તેમણે ગોસ્વામી મહારાજોને અને વૈષ્ણવો

ને તે ગ્રથોનુ અધ્યયન કરવા અને સર્વથી પ્રથમ સાનુવાદ પ્રકાશ[1] પ્રસિદ્ધ કરવાની ભલામણ કરી હતી

સમ્માનપત્ર આપવાનો સમારભ

અનન્તર ઉક્ત સભાનુ વિસર્જન થઈને શાસ્ત્રીજીને સમ્માનપત્ર અને સુવર્ણપદક આપવાની સભા મળી હતી વૈ. જગજીવનદાસ ગોવર્ધનદાસની દરખાસ્ત અને વૈ જમનાદાસ દાનજીના ટેકાથી આ સભાનુ પ્રમુખસ્થાન માધવબાગવાળા શેઠ ધર્મદાસ ત્રિભુવનદાસે લીધુ હતુ વૈ મૂળચદ તેલીવાળાએ શાસ્ત્રીજીને એનાયત કરવાનુ માનપત્ર-જે સસ્કૃતમા લખાઈ સાટિન પર છપાયલુ હતુ અને જેમા શાસ્ત્રીજીની સપ્રદાયની અને વૈષ્ણવોની છેલ્લા ૪૨ વર્ષની સેવાઓનુ વર્ણન કરવામા આવ્યુ હતુ તે-વાચી બતાવ્યુ હતુ તેમ કરતા તેમણે જણાવ્યુ હતુ કે શાસ્ત્રીજી પોતાના અનેક આર્થિક લાભો છોડી પોતાને ખર્ચે અત્રે આવી આપણને પોતાના જ્ઞાનનો લાભ આપે છે તો તેના પ્રમાણમા આ સમ્માનપત્ર અને પદક 'પત્રપુષ્પ' સમાન તેમણે લેખવાની પ્રાર્થના છે મારી ઉપર તો શાસ્ત્રીજીના અનેક ઉપકારો છે સપ્રદાયના સાહિત્ય પ્રતિની મારી અભિરુચિ જ તેમના સત્સગને આભારી છે મારા પ્રથમ લગ્નસમયે આશીર્વાદમા મને તેમણે 'અણુભાષ્ય' આપ્યુ, તે મને સ્ફુર્યુ છે શાસ્ત્રીજીમા શાસ્ત્રીસ્કૂલ અને ગ્રેજ્યુએટસ્કૂલ બન્નેનુ સુયોગ્ય મિશ્રણ આપણે જોઈએ છીએ, જેનો લાભ સપ્રદાયને અને આપણને હાલ પણ મળતો રહ્યો છે લક્ષ્મીરામ કૃષ્ણરામ ભટ્ટે સમ્માનપત્ર ગુજરાતીમા સમજાવતા શાસ્ત્રીજીની વિવિધ સેવાઓની પ્રશસા કરી હતી શાસ્ત્રીજીને સમ્માનપત્રનુ તથા પદકનુ અર્પણ કરતા પ્રમુખ શેઠ ધર્મદાસે જણાવ્યુ કે આજની આ સભાના પ્રમુખસ્થાને ગોસ્વામી બાલક બિરાજ્યા હોત તો તે વિશેષ ઉચિત થઈ પડત શાસ્ત્રીજીએ પ્રત્યુપકાર માન્યા પછી કીર્તનાનન્તર સભાનુ વિસર્જન થયુ હતુ

શાસ્ત્રીજી મગનલાલ ગણપતિરામનું ભાષણ.

શ્રીપુરુષોત્તમજીની અદ્વિતીય વિદ્વત્તા.

શાસ્ત્રીજીએ પ્રારભમા શ્રીવેણુગીતના **बर्हापीड नटवरवपु** તથા **सौन्दर्य निजहृद्गत प्रकटित** શ્લોકથી મગળાચરણકરણાનન્તર જણાવ્યુ કે—

ભાગ્યવાન્ વૈષ્ણવો,

શ્રીપુરુષોત્તમજીના ચરિત્ર વિષે ગત વર્ષે એટલુ બધુ કહ્યાયુ છે કે તેનો અનુવાદ કરીને આપનો સમય પુન લેવો અનુચિત થઈ પડશે, આથી તેઓશ્રીની કેવળ અનુપમ વિદ્વત્તાનો આપને આસ્વાદ કરાવવાને આજે અત્ર ઉપસ્થિત થયો છુ

વેદવેદાન્ત અને શ્રીપુરુષોત્તમજી.

આપણા પુષ્ટિમાર્ગ પ્રતિ કેટલાકોનો એવો આક્ષેપ છે કે તેમા વેદને સ્થાન નથી, અથવા જેમ પ્રકાશની અને અધકારની એકત્ર સહસ્થિતિ હોઈ શકે નહિ તેમ પુષ્ટિમાર્ગ અને વેદ ઉભય પરસ્પરવિરુદ્ધવસ્તુવેદક હોવાથી તે ઉભયની સગતિ સભવતી નથી શ્રીપુરુષોત્તમજીએ સિદ્ધ કરી દર્શાવ્યુ છે કે પુષ્ટિમાર્ગનો અને વેદનો પરસ્પર વિરોધ નથી, પરન્તુ જે એકમા છે તે જ અન્યમા

---

[1] અણુભાષ્યપ્રકાશના ગુર્જરાનુવાદનુ મુદ્રણ નિજવ્યયે કરવાની પ્રસન્નતા સુગૃહીતનામધેય તિલકાયિત શ્રીમદ્ગોવર્ધનલાલજીએ વૈ રણછોડદાસભાઈ વરજીવન મોદીના દ્વારા દર્શાવી છે જે સમુદ્ઘોષ કરતા આનન્દ થાય છે

[2] આ સમ્માનપત્ર અન્યત્ર સાનુવાદ મુદ્રિત છે

પ્રમાણભેર છે શ્રીમહાપ્રભુજીએ ગાયત્રી ઉપર ભાષ્ય રચીને તે દ્વારા સિદ્ધ કર્યું છે કે ગાયત્રીમા બીજત્વે 'ગમશ્રીનૈકતાત્પર્ય'નુ જ નિરૂપણ કરવામા આવ્યુ છે તે જ વસ્તુની વિશેષત પ્રકાશક 'ગાયત્રીકારિકા' શ્રીગુસાઈજીએ લખી છે, અને તે ઉપર શ્રીપુરુષોત્તમજીએ વિવરણ લખીને વિસ્તારથી ઊહાપોહ કરીને સિદ્ધ કરી આપ્યુ છે કે વેદનો જ સાર પુષ્ટિમાર્ગ છે આ 'ગાયત્રીભાષ્ય'ની તે ઉપરના સર્વ સાહિત્યે અને ગુર્જરાનુવાદે સહિત ત્રણ આવૃત્તિઓ પ્રસિદ્ધ થઈ ગઈ છે, તેથી જેમને તે વિષે જિજ્ઞાસાવિશેષ હોય તેમણે તે વાચીને સ્વનિશ્ચય કરી લેવો ઉપનિષદ્મા પણ ગાયત્રીગીત બ્રહ્મવાદનુ જ નિરૂપણ છે આપણા પ્રતિ ઉપનિષદ્વિષયક પણ એવો આક્ષેપ કરવામા આવે છે કે શાકરમાન્ય દશ મુખ્ય ઉપનિષદોમા સામાન્યરીત્યા માયાવાદનુ અને માડૂકયોપનિષદ્મા તો વિશેષત માયાવાદનુ જ નિરૂપણ કરવામા આવેલુ છે, આ ઉપનિષદની શકરાચાર્યના દાદાગુરુ–એટલે કે સન્યાસીઓ પરણતા ન હોવાથી તેમના ગુરુ ગોવિદાચાર્યના પણ વિદ્યાગુરુ–ગૌડપાદાચાર્યે કારિકા લખેલી હોવાથી ગ તેલીવાલાએ જણાવ્યા પ્રમાણે શાકરો આગ્રહપૂર્વક કહે છે કે ગૌડપાદની કારિકામા માયાવાદ જીવબ્રહ્મવાદ અને નિરાકારબ્રહ્મવાદ નિરૂપ્યો છે, પરન્તુ શ્રીપુરુષોત્તમજીએ માડૂકયોપનિષદની નિજ 'દીપિકા'મા ગૌડપાદની કારિકાનો અને શાકર ભાષ્યનો પરસ્પર વિરોધ દર્શાવીને એમ સિદ્ધ કરી આપ્યુ છે કે ગૌડપાદની કારિકાઓમા પણ માયાવાદને સ્થાન નથી, પરન્તુ સર્વે ઉપનિષદો બ્રહ્મવાદનુ જ નિરૂપણ કરે છે આશ્રય બ્રહ્મ નીચુ પડે અને આશ્રિત માયા તદુપરિ આરોહી નિજેચ્છાનુસાર બ્રહ્મને ભમાવે છે એમ ઉપનિષદોનો આશય નથી, પરતુ ઉપનિષદોનુ બ્રહ્મ એવુ છે કે જે માયાસદૃશ અનત આશ્રિત શક્તિઓને સ્વાધીન રાખીને લીલાએ પરિણમે છે 'માડૂક્ય' ઉપનિષત્ સાથે નિકટ સબધ ધરાવતી 'નૃસિહતાપનીય' ઉપનિષત્ છે. આ ઉભય ઉપનિષદ્મા તુરીયાનુ નિરૂપણ છે, તેથી 'નૃસિહતાપનીય' ઉપર પણ શ્રીપુરુષોત્તમજીએ 'દીપિકા' દીપાવી દર્શાવ્યુ છે કે તેમા પણ માયાવાદનો ગધ નથી શાસ્ત્રીજી રમાનાથે આ ઉભયે ઉપનિષદોની દીપિકાઓ મુદ્રિત કરી છે આ વિના 'બ્રહ્મોપનિષદર્થસગ્રહ' તથા 'કૈવલ્યોપનિષદર્થસગ્રહ' પણ પુષ્ટિભક્તિસુધામા મુદ્રિત છે શ્રીપુરુષોત્તમજીની અન્ય પણ કૃતિનો ઉપન્યાસ વારવાર દૃષ્ટિપથ થાય છે, 'છાદોગ્ય'ની પણ આપશ્રીની દીપિકા છે, અર્થાત્ પુષ્ટિમાર્ગનો સિદ્ધાન્ત ઉપનિષત્પ્રતિપાદ્ય છે કે તદ્વિરુદ્ધ છે તેનો મિથ્યાજલ્પ નહિ કરતા આ સાહિત્યનુ અધ્યયન કરીને પુષ્ટિમાર્ગમા વેદનો વિરોધ છે કે સ્વારસ્ય છે તેની તુલના કરવી વાસ્તવિક થઈ પડશે

ગીતાજી અને શ્રીપુરુષોત્તમજી.

શ્રીમદ્ભગવદ્ગીતાની પિતૃવ્યશ્રીનગરાજકૃત 'અમૃતતરગિણી'ના પ્રારમ્ભમા અને અન્તમા તુલનાત્મક લેખ લખીને સિદ્ધ કર્યું છે કે દ્વિતીય ગીતાપ્રસ્થાનમા પણ પુષ્ટિમાર્ગ જ પ્રધાનત્વે ઉપદિષ્ટ છે, શ્રીપુરુષોત્તમજીના પિતૃવ્ય શ્રીનગરાજજીએ ગીતોપરિ 'અમૃતતરગિણી' નામની ટીકા લખી છે તેના આરમ્ભમા મર્મમય ઉપોદ્ઘાત લખીને શ્રીગીતાજીનુ પણ પરમતાત્પર્ય પુષ્ટિમાર્ગમા જ છે એમ સર્વ મતનો ઉપન્યાસ અને સમીક્ષા કરીને જેમ શ્રીપુરુષોત્તમજીએ દર્શાવ્યુ છે તેમ જ ગીતાના અન્તિમપ્રાય 'સર્વધર્માન્ પરિત્યજ્ય' શ્લોક ઉપરના 'ન્યાસાદેશ'શ્લોકની શ્રીગુસાઈજીની વિવૃતિ વિવરીને સ્પષ્ટ સિદ્ધ કર્યું છે કે ગીતાનુ પણ પર્યવસાન પુષ્ટિમાર્ગમા જ છે આ ગીતાટીકા પ. રત્નગોપાલભટ્ટજીએ પચિસેક વર્ષપર શ્રીપુરુષોત્તમજીના નામથી કાશીમા મુદ્રિત કરી હતી

મીમાસા અને શ્રીપુરુષોત્તમજી

શ્રીપુરુષોત્તમજીએ પૂર્વમીમાસાના પ્રાપ્ય 'ભાવાર્થપાદભાષ્ય'નુ પણ વિવરણ કર્યું છે અમે પૂર્વ, અમે ઉત્તર, અમે પ્રાચીન, અમે અર્વાચીન, અમે પ્રાચ્ય અમે નવ્ય, એમ પૂર્વમીમાસાનો અને ઉત્તરમીમાસાનો વેદાર્થત્વે પ્રાદુર્ભાવ થયો છે પૂર્વ વિના ઉત્તરનો

સંભવ નથી, તેમ જ પૂર્વ પણ ઉત્તરની અપેક્ષા રાખે છે જેમ મીમાંસામાં પૂર્વ અને ઉત્તર ભેદ છે તેમ શુદ્ધાદ્વૈતબ્રહ્મવાદમાં પણ 'સાંપ્રદાયિક' અને 'નવ્ય' એમ બે શાખા છે, તેમાં 'નવ્ય'નો આરંભ શ્રીપુરુષોત્તમજીથી થાય છે વ્યાકરણ, ન્યાય, વૈશેષિક ભાષ્ય, યોગ, અલંકાર એ સર્વમાં પણ સંપ્રદાય અને નવ્ય એમ ભેદ સુપ્રસિદ્ધ જ છે પૂર્વમીમાંસાના દ્વિતીયાધ્યાયના પ્રથમ 'ભાવાર્થ પાદ'ના ભાષ્યનું વિવરણ કરીને ભટ્ટમતથી અને પ્રભાકરમતથી સ્વસિદ્ધાન્તની ભિન્નતા દર્શાવીને ભાટ્ટો ભૂલ્યા પ્રભાકરો પ્રસર્યા એમ સ્પષ્ટ કર્યું છે ઉત્તરમીમાંસા ઉપર પણ શ્રીપુરુષોત્તમજીએ ગ્રંથત્રયી પ્રસિદ્ધ કરી છે અધિકરણમાલામાં પ્રત્યેક અધિકરણનો સાર આપ્યો છે, તેમાં પણ સંશયબીજનો અને સંગતિનો પ્રકાર કોઈ પણ ટીકાકાર શ્રીપુરુષોત્તમજીવદ્ નિરૂપતા નથી 'ભાવપ્રકાશિકા'-નામની બ્રહ્મસૂત્રવૃત્તિ શ્રીપુરુષોત્તમજીના વિદ્યાગુરુ શ્રીકૃષ્ણચંદ્રજીએ પ્રથમ આરંભેલી તેની પણ સશુદ્ધિવૃદ્ધિ સમાપ્તિ તો શ્રીપુરુષોત્તમજીએ જ કરી, પરંતુ શ્રીપુરુષોત્તમજીની પ્રતિષ્ઠા—અને તેથી કરીને સકલ સંપ્રદાયની પણ પ્રતિષ્ઠા—'અણુભાષ્યપ્રકાશ' નામનો તેમનો ઉત્તમોત્તમ ગ્રંથ સિદ્ધ કરે છે આ મહાગ્રંથમાં અણુભાષ્યના વ્યાખ્યાનમાત્રથી સંતોષ ન માનતાં પ્રત્યધિકરણને અંતે પ્રાપ્ત સર્વ ભાષ્યનો ઉપન્યાસ અને સમીક્ષા કરીને શ્રીવલ્લભાચાર્યજીના અર્થની સરલતા અને સ્વાભાવિકતા શ્રીપુરુષોત્તમજીએ સિદ્ધ કરી આપી છે, અને તેથી જે જે દેશમાં અને જે જે કાલમાં બ્રહ્મસૂત્રનું અધ્યયન થાય છે અને થશે તેની સંપૂર્તિ આ 'ભાષ્યપ્રકાશ' વિના કદાપિ થઈ શકશે જ નહિ આ 'પ્રકાશ'નામનો ગ્રંથ માત્ર 'ચાર દિવાલ' વચ્ચે જ વંચાય તેવો નથી પરંતુ તત્ત્વજિજ્ઞાસુમાત્રે તેનો સમાશ્રય કર્યા વિના ગત્યન્તર જ નથી સરકારી કેળવણીખાતા તરફથી પ્રસિદ્ધ થતી બોમ્બે સંસ્કૃત સિરિઝમાં 'અણુભાષ્ય' ના પ્રકાશક મારા સન્મિત્ર વે શા સ પાઠકશાસ્ત્રી મુક્તકંઠે સ્વીકાર કરે છે કે બ્રહ્મસૂત્ર ઉપર પ્રકાશ જેવા ગ્રંથનું દર્શન અદ્યાપિ પંડિતોને[1] થયું નથી આ પાઠકશાસ્ત્રી આરૂઢસ્માર્ત શાંકર વિદ્વાન્ છે, અને તે પંડિત શ્રીપુરુષોત્તમજી વિષે જે અભિપ્રાય પ્રકટ ઉચ્ચારે છે, તેથી શ્રીપુરુષોત્તમજીની વિદ્વત્તાનું ભાન આપને કાંઈક અંશે થશે એમ હું માનું છું, કારણકે 'પ્રકાશ' માં શાસ્ત્રાર્થ અધ્યાયાર્થ પાદાર્થ અધિકરણાર્થ સૂત્રાર્થ અને અક્ષરાર્થ એવી તો નિપુણતાથી સંગતિપૂર્વક દર્શાવ્યા છે કે બ્રહ્મસૂત્ર ઉપરના ગ્રંથોમાં 'પ્રકાશ' સદૈવ અદ્વિતીય જ રહેશે આપણા સંપ્રદાયમાં શ્રીનૃસિંહની, શ્રીવામનની અને શ્રીરામચંદ્રજીની એમ ત્રણ જયન્તી સ્વીકારાય છે શ્રીકૃષ્ણ તો સાક્ષાદ્ અવતારી હોવાથી તેમનો પ્રાદુર્ભાવોત્સવ મનાય છે અને તે જ પ્રકારે શ્રીમદાચાર્યચરણનો પણ પ્રાદુર્ભાવમહોત્સવ સ્વીકારાય છે અંગી શ્રીમહાપ્રભુજીમાં અંગભૂત તેમના શુદ્ધ વંશમાત્રનો સમાવેશ થઈ જવાથી ભિન્નભિન્ન જયન્તીનો અવકાશ જ પુષ્ટિમાર્ગમાં નથી, તથાપિ આવતે વર્ષે આ શ્રીપુરુષોત્તમજીના ઉત્સવાર્થે આપણે મળીએ તત્પ્રાક્ શ્રીપુરુષોત્તમજીના આ ઉત્તમોત્તમ 'પ્રકાશ' ગ્રંથમાંથી એક પણ પાદનું ભાષાંતર કોઈ ધનિક ગોસ્વામી વા વૈષ્ણવ કરાવીને 'ભાષ્યપ્રકાશ'નું અધ્યયન આપણને સુગમ કરી આપે એવી આશા હું અત્ર સવિનય દર્શાવું તો તે અસ્થાને નહિ ગણાય આ યુગ અધ્યયનાધ્યાપનનો છે ભાડુતી શાસ્ત્રીઓ ઉપર વિશ્વાસ રાખીને બેસી રહેવાનો હવે સમય રહ્યો નથી

શ્રીમદ્ભાગવત અને શ્રીપુરુષોત્તમજી

વેદ ગીતા અને સૂત્ર ઉપર શ્રીપુરુષોત્તમજીના સાહિત્યવિષયક કાંઈ જ્ઞાન આપ સર્વને પ્રાપ્ત થયું, હવે ચતુર્થ પ્રસ્થાન શ્રીમદ્ભાગવત ઉપર શ્રીપુરુષોત્તમજીએ જે સાહિત્ય રચ્યું છે તે વિષે હું કાંઈક કહું છું બીજા વૈદાન્તિકો શ્રીમદ્ભાગવતને ચતુર્થપ્રસ્થાનત્વે સ્વીકારતા નથી, તેથી 'શ્રીમદ્ભાગવત વિષયકશંકાનિરાસવાદ'નામનો ગ્રંથ લખીને શ્રીમદ્ભાગવતની ચતુર્થ પ્રસ્થાનત્વે યોગ્યતા શ્રીપુરુષોત્તમ-

---

[1] एतादृशो ग्रन्थ पण्डितैरदृष्टचर'। ઉપોદ્ઘાત, પત્ર ૪૫

જીએ સાધી છે શ્રીમદ્ભાગવતના સપ્ત અર્થમાથી ચતુષ્ટયી શ્રીમહાપ્રભુજીના 'તત્ત્વદીપનિબધ'મા, અને શિષ્ટા અર્થત્રયી શ્રીમદ્ભાગવતોપરિ તેમના 'શ્રીસુબોધિની'નામના ભાષ્યમા નિરૂપી છે 'તત્ત્વદીપનિબધના 'પ્રકાશ' ઉપર શ્રીપુરુષોત્તમજીએ 'આવરણભગ' નામની ટીકા પચમ સ્કધ પર્યંત કરીને 'પ્રકાશ'ના અભાવમા ષષ્ઠ સ્કધથી સમાપ્તિપર્યંત શ્રીમદાચાર્યજીના 'ભાગવતાર્થનિબધ' ઉપર 'યોજના' નામની ટીકા શ્રીપુરુષોત્તમજીએ કરીને નિબધનુ વાચન સરલ કરી આપ્યુ છે શ્રીસુબોધિનીજીના પ્રથમ દ્વિતીય તૃતીય દશમ અને એકાદશના ચાર અધ્યાય ઉપર પણ શ્રીપુરુષોત્તમજીના 'પ્રકાશ' વિના મૂળ ગ્રથનુ યથાર્થ જ્ઞાન અશક્યપ્રાય છે શ્રીમદ્ભાગવત ઉપરનુ શ્રીમદાચાર્યનુ ભાષ્ય યદ્યપિ 'શ્રીસુબોધિની' કહેવાય છે, તથાપિ તેનો આશય અતીવ ગભીર હોવાથી તે 'પ્રકાશ'ના અભાવમા તો વસ્તુત દુર્બોધિની જ રહે છે આ પ્રકારે વેદ ગીતા સૂત્ર અને ભાગવતપર્યંતના ચારે પ્રસ્થાન ઉપર શ્રીપુરુષોત્તમજીનો પરિશ્રમ આપણા ઉપકારને અર્થે જે થયો છે તેનુ સાફલ્ય તો ત્યારે જ કે જ્યારે આપણે તેનો આસ્વાદ લઈએ અને અન્ય સર્વને પણ લેવરાવીએ હુ આપને અત્ર સ્મરણ કરાવુ કે આપણો સપ્રદાય ભોગનો સર્વથા નથી તો તે ક્ષન્તવ્ય લેખશો

સ્વતન્ત્ર પ્રકરણગ્રથો અને શ્રીપુરુષોત્તમજી.

સ્વતત્ર પ્રકરણ ગ્રથો ઉપર પણ શ્રીપુરુષોત્તમજીનુ સાહિત્ય ન્યૂન નથી તેમની ષોડશ ગ્રથ ઉપરની વિવૃતિઓ ભાઇ તેનીવાલાએ પ્રસિદ્ધ કરી છે એની વિવૃતિ વિના **नमामि यमुना महम्**નુ પણ અર્થજ્ઞાન અશક્યપ્રાય છે આ સર્વ ગ્રથોની શૈલી પ્રમાણમાર્ગીય હોવાથી અન્ય સાપ્રદાયિકોને પણ આપણા સિદ્ધાતનુ જ્ઞાન શ્રીપુરુષોત્તમજીના ગ્રથોથી જેવુ સરલ થઈ જાય છે તેવુ અન્ય કોઇની પણ ટીકાથી થઈ શકતુ નથી એમ કહેવામા લેશમાત્ર અતિશયોક્તિ નથી આપણા શ્રીપુષ્ટિસપ્રદાયમા જેમ સેવ્યસ્વરૂપ યુગલ છે, જેમ કોઇક કોલેજોમા પ્રિન્સિપલ Joint હોય છે, તેમ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદમા ભાષ્યકારનુ પણ યુગલ છે, ભાષ્યકાર joint છે, અર્થાત્ 'અણુભાષ્ય'ના શિષ્ટ ૧॥ અધ્યાયનુ ભાષ્ય શ્રીમદાચાર્યના દ્વિતીય કુમાર શ્રીવિઠ્ઠલેશ્વરચરણે કર્યુ છે, તેથી સપ્રદાયમા શ્રીવિઠ્ઠલેશ્વરચરણ પણ ભાષ્યકારત્વે 'આચાર્ય' લેખાય છે, આથી શ્રીપુરુષોત્તમજીએ શ્રીવિઠ્ઠલેશ્વરચરણના 'વિદ્વન્મડન' ભક્તિહસ' ઇત્યાદિ ગ્રથોપરિ 'સુવર્ણસૂત્ર' અને તીર્થ ' તેમ જ ' વિવેક ' ઇત્યાદિ ટીકાગ્રથો રચ્યા છે ભક્તિહસ' ઉપર શ્રીરઘુનાથજીની 'ભક્તિતરગિણી' વિવૃતિ ઉપર જેમ શ્રીપુરુષોત્તમજીએ 'તીર્થ' અને 'વિવેક' એમ ટીકાદ્વયી રચી તેમ જ શ્રીગુસાઇજીના 'વલ્લભાષ્ટક'ની શ્રીગોકુલનાથજીની ' વિવૃતિ ' ઉપર પણ ટીકા રચીને શ્રીગુસાઇજીના સર્વ બાલકો પ્રતિ પણ નિજ આદર દર્શાવીને જગતને દર્શાવી આપ્યુ છે કે શ્રીવિઠ્ઠલેશ્વરના પુત્રો પણ સુયોગ્ય જ હતા

સ્વતત્ર વાદગ્રથો

અત્રપર્યંત મે શ્રીપુરુષોત્તમજીના ટીકાગ્રથો વિષે કહ્યુ હવે શ્રીપુરુષોત્તમજીના સ્વતત્ર ગ્રથો વિષે બે અક્ષર કહુ છુ, **अशो नानाव्यपदेशात्** સૂત્રમા જીવને બ્રહ્મનો અશ કથ્યો અને ભાષ્યમા તેમ જ પ્રકાશમા જીવનુ અશત્વ સ્ફુટ કર્યુ તથાપિ વક્તવ્યવિશેષ હોવાથી પ્રકરણત્વે શ્રીપુરુષોત્તમજીએ વાદગ્રન્થ કરીને સપ્રદાયના સિદ્ધાતના કઠિન ભાગનુ સ્પષ્ટીકરણ વાદિપ્રતિવાદિન્યાયે કરી આપ્યુ છે આના વાદગ્રથમાથી માત્ર કેટલાકનુ જ મુદ્રણ 'વાદાવલિ'મા તો થયલુ છે 'પ્રહસ્ત' 'પડિતકરભિન્દિપાલ' ઇત્યાદિ વાદગ્રથો પ્રસિદ્ધ થવાના છે આ કોટિના ગ્રન્થોમા ઉત્તમોત્તમ ગ્રન્થ 'પ્રસ્થાનરત્નાકર' છે 'સર્વદર્શનસગ્રહ'મા પ્રત્યેક દર્શનનો પૃથક્ત્વે સાર આપવામા આવ્યો છે, જ્યારે 'પ્રસ્થાનરત્નાકર'મા પ્રમાણ પ્રમેય સાધન અને ફલ એમ ચતુર્ધા વિષયભેદે વસ્તુવિચાર થયલો છે અનત

કૃષ્ણપંડિત આ વાદગ્રન્થ વાંચે અને એ ગ્રન્થના જેવો બીજો એક પણ ગ્રન્થ કોઇ પણ સંપ્રદાયના સાહિત્યમાં છે એમ જો સિદ્ધ કરી આપે તો તેનું અસ્ત્ર અને મારી શ્મશ્રુ, આ કહેવાનો આશય એટલો જ છે કે આવા સુનિપુણ ગ્રન્થો આપણા સંપ્રદાયમાં વિદ્યમાન છે તથાપિ અધ્યયનાધ્યાપન બહુ શિથિલ થઈ જવાથી તેનો ઉચિત લાભ કોઇ લેતું નથી લીલાવત્ જેમ જ્ઞાન પણ દશપ્રકારક છે એવું અન્ય ક્યા સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે? માત્ર 'પ્રસ્થાનરત્નાકર'ને જ સંપ્રદાયનો પ્રતિનિધિગ્રન્થ માનીને કેવલ તેનું જ પરિશીલન કરવામાં આવે તો બહુ જ સ્વલ્પ સમયમાં સર્વ આસ્તિકનાસ્તિક દર્શનનું સલક્ષણપ્રમાણક જ્ઞાન સિદ્ધ થઈ શકે તેમ છે, તેથી જેમને 'અણુભાષ્યપ્રકાશ' વિચારવાનો અવકાશ ન હોય તેમણે પણ આ 'પ્રસ્થાનરત્નાકર' ગ્રન્થ વાંચવા જેટલો તો અવકાશ પ્રાપ્ત કરવો ઉચિત જ છે, કારણ કે સાંપ્રદાયિક ગ્રન્થોમાં પ્રથમ સ્થાન 'પ્રકાશ'ને અને દ્વિતીય જ સ્થાન આ 'પ્રસ્થાનરત્નાકર'ને છે 'પ્રકાશ'નું મૂલ્ય પંચવિંશતિ મુદ્રિકા છે, જ્યારે 'પ્રસ્થાનરત્નાકર'નું મૂલ્ય માત્ર અર્ધમુદ્રિકા છે આથી સાધારણસ્થિતિનો પણ જીજ્ઞાસુ આ ગ્રન્થ પ્રાપ્ત કરીને ધારે તો તે ઉત્તમ અલભ્ય વિજ્ઞાનનો લાભ પ્રાપ્ત કરી શકે તેમ છે અત્રપર્યંત શ્રીપુરુષોત્તમજીના ટીકાગ્રન્થ અને સ્વતંત્રગ્રન્થનું દિગ્દર્શન કરાવ્યું, અને પ્રમાણગ્રન્થની સંખ્યા અને વ્યાપકતા પ્રદર્શિત કરી હવે શ્રીપુરુષોત્તમજીના ગ્રન્થમાં વૈદુષ્યનો જે સમુત્કર્ષ પ્રતીત થાય છે તેનું કાંઇક નિરૂપણ કરું છું કે જેથી શ્રીપુરુષોત્તમજીનું વૈદુષ્ય–વિદ્વત્તા–અદ્વિતીય છે એમ આપ સર્વનો નિશ્ચય થાય.

મતદર્શનોની તુલનાત્મક સમીક્ષા.

પ્રમાણવિચાર.

પ્રમાણપ્રમેયસાધન અને ફલથી ગ્રન્થકારનું વૈદુષ્ય–વિદ્વત્તા–નિર્ણીત થઈ શકે છે ચાર્વાક કેવલ પ્રત્યક્ષને જ પ્રમાણ માને છે, અને તેનું પ્રમેય પ્રત્યક્ષગમ્ય જ હોવાથી, યદ્યપિ ચાર્વાક બૃહસ્પતિનો અવતાર ગણાય છે તથાપિ, આપણા અંતઃકરણમાં તેના સિદ્ધાન્ત વિષે આદર થઈ શકતો નથી, ચાર્વાકનો કોઇ પણ મૂલ ગ્રન્થ યદ્યપિ અદ્યાપિ ઉપલબ્ધ થયો નથી, તથાપિ 'સર્વદર્શનસંગ્રહાદિ'માં તે મતનો ઉપન્યાસ સંતોષકારક હોવાથી ચાર્વાક મત વિષે આપણને પર્યાપ્ત જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે પરંતુ પ્રત્યક્ષપ્રમાણની ગતિ ક્યાંપર્યંત હોઈ શકે? ચાર્વાકને આથી પૃથ્વ્યાદિ મહાભૂતપર્યંતના જ્ઞાનમાં જ સંતોષ માની લેવો પડ્યો બૌદ્ધે પ્રત્યક્ષપ્રમાણમાં અનુમાનપ્રમાણની પૂર્તિ કરી અને પ્રમેય પણ બુદ્ધિપર્યંત સ્વીકાર્યું, તથાપિ પરમાત્મપર્યંત ગતિ કરવાને તે દર્શનમાં કાંઈ પણ સામગ્રી નથી સાંખ્યદર્શનમાં યદ્યપિ તૃતીય શબ્દપ્રમાણ સ્વીકારાયું, તથાપિ તે શબ્દપ્રમાણનું સ્થાન પ્રત્યક્ષની અને અનુમાનની નીચે હોવાથી **શ્રુતેસ્તુ शब्दमूलत्वात्** ઇત્યાદિ બ્રહ્મસૂત્ર વાંચવાથી આપણને જે આનંદ પ્રાપ્ત થાય છે તે સાંખ્યદર્શનમાં થઈ શકતો નથી, તેનું પ્રમેય પણ પ્રકૃતિપુરુષપર્યંત જ હોવાથી સાક્ષાદ્બ્રહ્મપર્યંત તે દર્શન પણ ગમન કરી શકતું નથી પ્રત્યક્ષથી અને અનુમાનથી શબ્દપ્રમાણ શ્રેષ્ઠ છે એટલું જ નહિ પરંતુ પ્રત્યક્ષ અને અનુમાન પણ નિગમને અનુકૂલ હોય તો જ પ્રત્યક્ષાદિનો પ્રમાણને અંગીકાર શુદ્ધાદ્વૈતબ્રહ્મવાદગ્રન્થોમાં છે, અને તેથી **'वेदो नारायण साक्षाद्' 'वेदैश्च सर्वैरहमेव वेद्य' 'सर्वे वेदा यत्पदमामनन्ति'** ઇત્યાદિનું અવલંબન શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદમાં અક્ષરશઃ થાય છે પ્રત્યક્ષાદિના પ્રામાણ્યને અર્થે અંતઃકરણ શુદ્ધસત્ત્વસ્વરૂપ વસુદેવાત્મક થઈ જવું જોઇએ બુદ્ધિતત્ત્વ શુદ્ધ ન હોય તત્પર્યન્ત પ્રમાણમાં અપ્રમાણની અને અપ્રમાણમાં પ્રમાણની ભ્રાંતિ પણ સંભવે છે સાક્ષાદ્ બૃહસ્પતિ સાક્ષાદ્ બુદ્ધાવતાર સાક્ષાદ્ ઋષભાવતાર અને સાક્ષાત્ કપિલાવતાર પણ જો વેદથી વિરુદ્ધ અણુમાત્ર પણ આજ્ઞા કરે તો તે મતનો અંગીકાર આર્યાવર્તમાં થઈ શકતો નથી. આ દૃષ્ટિબિંદુથી

જેના આર્યાવર્તત્વનુ લક્ષણ નિગમાનુસારિત્વ છે 'પ્રસ્થાનરત્નાકર' ગ્રન્થના આરંભના ૫૦ પત્રપર્યન્ત પ્રમાણની જે પરીક્ષા શ્રીપુરુષોત્તમજીએ કરી છે તેનુ અવગાહન કરવાથી પ્રમાણત શ્રીપુરુષોત્તમજીનુ આસ્તિક વૈદુષ્ય-વિદ્વત્તા-અદ્વિતીય છે એમ નિશ્ચિત થઈ જાય છે

પ્રમેયવિચાર

હવે પ્રમેય પ્રતિ દૃષ્ટિ કરીએ, ઇતર દર્શનનુ પ્રમેય મહાભૂત, દેહ ઇન્દ્રિય પ્રાણ મન અહંકાર બુદ્ધિ ચિત્ત પ્રકૃતિ અથવા પુરુષ પર્યંત હોય છે, જ્યારે શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનુ પ્રમેય એક જ અદ્વિતીય બ્રહ્મ છે આથી **ऋण कृत्वा घृत पिबेत् सर्व शून्यम सर्व दु खम्, सर्व तुच्छम्, सर्व क्षणिकम** ઇત્યાદિ પ્રમેયથી અતીવ વિલક્ષણ પ્રકૃતિથી અને પુરુષથી પણ અતીવ વિચક્ષણ, **यदक्षर वेदविदो वदन्ति** ઇત્યાદિમૂલક અક્ષરબ્રહ્મ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનુ પ્રમેય છે, અને આ બ્રહ્મ પણ અવિદ્યા માયા અદૃષ્ટ ઇત્યાદિથી અત્યંત વિનિર્મુક્ત છે વેદપ્રતિપાદ્ય અક્ષરથી પણ અતીત પરબ્રહ્મની પણ પ્રાપ્તિનો પ્રકાર **ब्रह्मविदाप्नोति परम** શ્રુત્યુક્ત દિશાએ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદે આદર્યો છે, તેથી વસ્તુત આ બ્રહ્મવાદનું પ્રમેય કેવલ આનન્દાત્મક આનન્દમય શુદ્ધ બ્રહ્મ છે

સાધનવિચાર.

સાધનની દૃષ્ટિએ કેટલાક દર્શન 'ઋણપૂર્વક ઘૃતપાન'નો ઉપદેશ કરે છે, કેટલાક શારીર તપનો ઉપદેશ કરે છે, કેટલાક અગ્નિહોત્રાદિનો ઉપદેશ કરે છે, કેટલાક વિવેકાદિનો ઉપદેશ કરે છે, કેટલાક યમ-નિયમાદિનો ઉપદેશ કરે છે, ત્યારે શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ નિષ્કામ કર્મ અપક શુદ્ધ અદ્વૈતજ્ઞાન, ઉપાસના, સાધનભક્તિ અને ફલભક્તિ એમ ક્રમ દર્શાવે છે, તેથી સાધનદૃષ્ટિએ પણ સકામથી ભિન્ન નિષ્કામ કર્મપૂર્વક તામસાદિ સગુણ જ્ઞાનથી ભિન્ન ગુણાતીત માહાત્મ્યજ્ઞાન અંગત્વે આ સિદ્ધાન્તમા સ્વીકારવામા આવે છે માહાત્મ્યજ્ઞાન પણ પૂર્વાંગત્વે જ સ્વીકારવામા આવે છે માહાત્મ્યજ્ઞાન પણ પૂર્વાંગમાત્ર છે, અન્યથા ભણ્યો પણ ગણ્યો નહિ તેવુ થાય, તેથી માહાત્મ્યજ્ઞાનમાત્રથી પણ સંતોષ નહિ માની લેતા સુદૃઢ સર્વતોધિક સ્નેહ પ્રભુમા ધારણ કરવાનો ઉપદેશ બ્રહ્મવાદ કરે છે, અર્થાત્ સાધનકક્ષાથી પણ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદમા પ્રભુગામી સ્નેહનો ઉપદેશ હોવાથી આ દર્શન સર્વથી શ્રેષ્ઠ છે

ફલવિચાર.

ફલવિચારથી જોતા પણ જ્યારે અન્ય દાર્શનિકો સ્વર્ગાદિ લોકમા ગમન સ્વીકારે છે, અથવા દુ ખની અત્યંત નિવૃત્તિમાત્ર ફલત્વે સ્વીકારે છે, ત્યારે તેમ ન સ્વીકારતા શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદમા કેવલ જ્ઞાનીનુ બ્રહ્મમા સાયુજ્ય સ્વીકાર્યુ છે, જ્ઞાનિભક્તની તો અક્ષરાતીત પરાત્પર સચ્ચિદાનન્દ સ્વરૂપ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ '**ऋचो अक्षरे परमे व्योमन्**' ઇત્યાદિ શ્રુત્યુક્ત માર્ગે સ્વીકારાઈ છે, અને કેવલ અનન્ય ભક્તનો તો સદાસર્વદા શ્રીકૃષ્ણમા ગોપીવત્ વિહાર સ્વીકારાયો છે જે દર્શનમા વેદ જ મુખ્ય અને કેવલ પ્રમાણ છે, જે દર્શનમા અક્ષરબ્રહ્મથી પણ અતીત પરબ્રહ્મ પ્રમેય છે, જે દર્શનમા જ્ઞાનોત્તર ભગવચ્ચરણૈકપ્રાપ્ય શુદ્ધ સ્નેહ સાધન છે, અને જે દર્શનમા યથાક્રમ અક્ષરબ્રહ્મ વા પરબ્રહ્મ ફલ છે તે દર્શનની ઉત્તમતા અને તે ઉત્તમ દર્શનના ઉપપાદક શ્રીપુરુષોત્તમજીની અદ્વિતીય વિદ્વત્તા આપ સર્વેને પ્રત્યક્ષ પ્રતીત થઈ શકે તેમ છે, તથાપિ કેટલાક લક્ષણ નિરૂપીને હુ મારા ભાષણનો ઉપસંહાર કરીશ

બુદ્ધિની તીવ્ર વિશાલતા અને હૃદયની ગહનતા.

શ્રીપુરુષોત્તમજીની દૃષ્ટિ સંકુચિત નથી પરંતુ વિશાલ છે કોઈક દર્શનમા બુદ્ધિની વિશાલતા હોય છે તથાપિ હૃદયની ગહનતા હોતી નથી, પરન્તુ શ્રીપુરુષોત્તમજીના જ્ઞાનભક્તિમયોમા બુદ્ધિની તીવ્રતા અને વિશાલતા અને હૃદયની ગહનતા અક્ષરે અક્ષરે પ્રતીત થાય છે જે શ્રીપુરુષોત્તમજીએ સાંગોપાંગ વેદોપવેદ પ્રામાણ્યત્વે સ્વીકાર્યો, તે શ્રીપુરુષોત્તમજીના ગ્રન્થનુ

પદ્ધતિનો વિશેષ અને સુયુક્ત સમિશ્રણ.

શ્રીમહાપ્રભુજીની શ્રીગુસાઈજીની અને શ્રીપુરુષોત્તમજીની પદ્ધતિમા પણ કાઇક વિશેષ છે શ્રીમદાચાર્યચરણ સપૂર્ણત્વે વૈદિક દીક્ષિત અને આરુઢમીમાસક તેમ જ વૈયાકરણ હતા, અર્થાત્ શ્રીમહાપ્રભુજીના ગ્રથોનુ લક્ષણ વેદની તદગની અને મીમાસાની દૃષ્ટિએ પૂર્ણજ્ઞાનવત્તા છે શ્રીગુસાઇજીમા કાવ્યપ્રકાર વિશેષ હતો તેઓશ્રીના ગ્રથો પ્રાય કાદબરીવત્ સમાસાત્મગૌડી શૈલીમા લખાયલા છે 'સ્વમદર્શન,' 'પ્રબોધ,' 'શૃગારમડન' ઇત્યાદિ સુમધુર ગ્રથ પણ આ પ્રકારના છે મીમાસાને સ્થાને શ્રીગુસાઇજીમા ન્યાયકૌશલ્ય હતુ શ્રીગુસાઇજીના 'વિદ્વન્મડન'મા 'આવિર્ભાવતિરોભાવ' વાદપ્રસગમા આ લક્ષણ પ્રકટ છે 'આનદમયાધિકરણ'મા પણ શ્રીગુસાઇજીની શૈલી અલકારમય અને ન્યાયગર્ભ પ્રતીત થાય છે પિતાપુત્રના આ શૈલીભેદના વિશદ ગ્રહણથી શ્રીમહાપ્રભુજીના ગ્રન્થમા સશ્લિષ્ટ શ્રીગુસાઇજીની પક્તિઓ શ્રીપુરુષોત્તમજી પૃથક્ કરી દે છે ભાષ્યનો શિષ્ટ સાર્ધાધ્યાય શ્રીગુસાઇજીની કૃતિ છે એમ પ્રથમત દર્શાવવાનુ માન પણ શ્રીપુરુષોત્તમજીને જ છે, અને તત્ર પણ મૂલ આ શૈલીભેદનો વિવેકગ્રહ છે શ્રીપુરુષોત્તમજીમા આ સર્વનુ સુયુક્ત મિશ્રણ હતુ, અને તેથી જેમ અનેક પ્રકારની કુશલતાએ એક સુનિપુણ બેરિસ્ટર' પોતાનો 'કેસ' ચલાવે છે તેવી રચનાથી શ્રીપુરુષોત્તમજી વાદિપ્રતિવાદિન્યાયે નિજ સિદ્ધાતનુ સમર્થન અધિકરણન્યાયે કરે છે 'અધિકરણમાલા' જેવો ગ્રથ વાચતા પણ તેમની આ શૈલી અનુભવાય છે વસ્તુત 'અધિકરણ'નો અર્થ ન્યાયસભા થાય છે, અને ન્યાયસભામા જેમ અમુક વિષયમા સદેહ પ્રાપ્ત થવાથી 'કેસ' થાય છે અને વાદી અને પ્રતિવાદી ઉભયે નિજ પક્ષનુ સ્વદૃષ્ટિબિન્દુએ સમર્થન કરે છે અને અતે ન્યાયાધીશ ન્યાય આપે છે, તે જ પ્રકારે વાદમા પણ વિષયવાક્યમા સદેહબીજ સ્પષ્ટ કરીને પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ કર્યા પછી તેની સગતિ કરી આપવામા આવે છે કોઇ પણ અધિકરણ એવુ નથી કે જેમા શ્રીપુરુષોત્તમજીએ આ પ્રકારે અધિકરણના પચ અગ સ્પષ્ટ કર્યા ન હોય આ જ્ઞાનામૃતનુ પાન કરવાનો અધિકાર પડિતોનો છે, તેથી હુ પુન આગ્રહપૂર્વક કહુ છુ કે પડિતોએ તો અવશ્ય 'પ્રકાશ'નુ અને તેના અભાવે તો 'પ્રસ્થાનરત્નાકર'માત્રનુ પણ અવશ્ય અવગાહન કરવુ

સત્યશોધનની જિજ્ઞાસા.

જ્યારે શ્રીપુરુષોત્તમજી વાદમા ઉતરે ત્યારે 'બાબાવાક્ય પ્રમાણ' નહિ કરતા શુદ્ધ નિષ્પક્ષપાતે સત્ય શોધવાનો યત્ન કરતા પ્રતીત થાય છે વ્યક્તિના નામમાત્રથી તેઓશ્રી ભય પ્રાપ્ત કરતા નહિ, તેમ અન્યને ડરાવતા પણ નહિ 'विकारशब्दान्नेति चेन्न प्राचुर्यात्' સૂત્રનો વિચાર કરતા 'મયટ્' પ્રત્યય વિકારનો બોધ કરે છે કે પ્રાચુર્યનો એનો નિર્ણય કરતા શકરાચાર્યનો અને ભામતીકાર વાચસ્પતિમિશ્રનો ઉપન્યાસ કરીને 'પાણિનિ' 'કાશિકાવૃત્તિ' 'પ્રસાદ' 'સિદ્ધાતકૌમુદી' 'મનોરમા' અને 'શબ્દેન્દુશેખર' પર્યતનો અભિપ્રાય લઈને પ્રાય નિજસમયસ્થ રામકૃષ્ણભટ્ટના 'સિદ્ધાતરત્નાકર'નો પણ અભિપ્રાય દર્શાવે છે, અને 'પાણિનિ'ના પણ અભિપ્રાયાનુસાર 'મયટ્' પ્રત્યય 'આનદમય'મા વિકારવાચી નથી, પરતુ પ્રાચુર્યવાચી છે, એમ નિરૂપણ કરતા નિજ જ્ઞાનસપત્તિ અત્યતપ્રસ્થ up-to-date છે એમ સ્પષ્ટ કરાવીને શકરાચાર્ય અધીરત્વે કેવો અને કેટલો અન્યાય કરી રહ્યા છે એ નિશ્ચય કરવાનુ કાર્ય નિજ વાચકને સ્વાધીન કરી દે છે પુનાની હાઇસ્કૂલના એક માજી હેડમાસ્તરે 'ષડ્દર્શનચિતનિકા'મા કહ્યુ અને મેક્સમુલરે અનુવાદ પણ કરી દીધો કે 'વિકારશબ્દ' સૂત્ર ઉપર શ્રીવલ્લભાચાર્યે Rape—બલાત્કાર—કર્યો છે,' આ કથનમા અને અનુવાદમા કેટલુ સત્ય છે અથવા અસત્ય છે તે નિર્ણય કરવાનુ કાર્ય 'અણુભાષ્ય'ના સુપ્રામાણિક વાચકોનુ છે

દૃષ્ટિબિન્દુભેદે સૂક્ષ્મવિચાર.

શ્રીપુરુષોત્તમજીના ગ્રથોનુ અધ્યયન જ્યારે હુ કરુ છુ ત્યારે મને એમ પણ અનુભવ થાય

છે કે શાકરદર્શનનુ જ્ઞાન પણ કેવલ 'ભામતી'મા દર્શાવેલા પ્રકારેજ નહિ પરતુ દક્ષિણમા વિદ્યાનગરમા થઈ ગયેલા વિદ્યારણ્યાદિના પણ પ્રકારે અવિદ્યાવાદાદિદૃષ્ટિબિન્દુએ પણ શ્રીપુરુષોત્તમજીએ પ્રાપ્ત કર્યું હતુ અન્ય સપ્રદાયમા માયાવાદ અવિદ્યાવાદ અવચ્છેદવાદ પ્રતિબિબવાદ આભાસવાદ ઇત્યાદિ નિરીક્ષતા ત્યારે તેઓશ્રીના અત કરણમા શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદમા પણ એવી સૂક્ષ્મતા હોવી જ જોઇએ એમ નિશ્ચય થવાથી શ્રીમહાપ્રભુજીના દૃષ્ટિબિદુથી કઇક ભિન્ન શ્રીગુસાઈજીનો દૃષ્ટિબિદુભેદ તેમ જ નિજ પિતામહ શ્રીયદુનાથજીનો, પિતા શ્રીપીતાબરજીનો પિતૃવ્ય શ્રીવ્રજરાજનો અને મન્ત્રપ્રદ શ્રીકૃષ્ણચદ્રજીનો પણ દૃષ્ટિબિદુભેદ શ્રીપુરુષોત્તમજી વારવાર પ્રસિદ્ધ કરતા, અને 'ભક્તિવર્ધિની'ની ટીકામા તો શ્રીગોકુલેશથી આરભીને પિતાપર્યતના તમામ ટીકાકારોનો આશય દર્શાવીને '**मम तु पथ प्रतिभाति**'–મને તો આમ લાગે છે–શબ્દથી પૂર્વસિદ્ધ પ્રાચીન મતથી પણ નિજ મતની નવ્યતાનો Originalityનો–પણ સાક્ષાત્કાર તેઓશ્રી કરાવે છે, અર્થાત્ **अभय स त्वसशुद्धि** ઇત્યાદિ ગીતાવાક્યમા જે 'અભય'નુ સ્વરૂપ દર્શાવ્યુ છે તે 'અભય' શ્રીપુરુષોત્તમજીમા પ્રત્યક્ષ અનુભવાય છે શાસ્ત્રના અવગાહનકર્તાઓને તો વિદિત જ છે કે મૂલ ગ્રથમા પાઠભેદ ન કરતા દેશકાલને લીધે તે જ મૂલ વાક્યનો નવ્ય અર્થ કરવો પ્રાપ્ત થાય છે, તેમ અત્ર પણ શ્રીગુસાઇજીના અને શ્રીગોકુલેશના **પ્રકટ પુરુષોત્તમત્વ**ને લીધે સપ્રદાયમા સયોગરસ અતિશય આગલ પડી ગયો, અને યદ્યપિ શ્રીહરિરાયજીએ વિપ્રયોગરસને આગલ કર્યો જ, તથાપિ તેનું પરિપોષણ પ્રમાણપદ્ધતિએ કરવાની આવશ્યકતા શ્રીપુરુષોત્તમજીના સમયમા ઉપસ્થિત થઈ ગઈ હતી, તેથી શ્રીપુરુષોત્તમજીએ ઉપપાદ્ય પ્રમેય માર્ગનો પણ વિચાર પ્રમાણદૃષ્ટિએ જ કરીને સપ્રદાયનો ઉત્કર્ષ સિદ્ધ કર્યો છે યદ્યપિ શ્રીહરિરાયજીમા આ પ્રકારની વિશિષ્ટ યોગ્યતા હતી જ, તથાપિ તે શ્રીમાન્ વારવાર મૂર્છાવસ્થામા રહેતા, તેથી પ્રમાણદૃષ્ટિએ પુષ્ટિસપ્રદાયનુ સરક્ષણ કરવાને જ અર્થે શ્રીપુરુષોત્તમજીનુ પ્રાકટ્ય તે કાલે આવશ્યક જ હતુ, અને તેથી નાસ્તિક નવ્યત્વને–Independenceને –અવલબીને નહિ પરતુ પ્રાચીન જ પ્રમેય માર્ગને અવલબીને પ્રમાણદૃષ્ટિનવ્યત્વે પ્રમાણનિષ્ઠાની નવી જ પદ્ધતિએ શ્રીપુરુષોત્તમજીએ પુષ્ટિમાર્ગીય પ્રમેયમાર્ગનુ સરક્ષણ કર્યું છે શ્રીપુરુષોત્તમજીની સહૃદય વિદ્વત્તાનો યથાર્થ અનુભવ કરવાની ઇચ્છાવાને 'વેણુગીત'મા તેઓશ્રીના પ્રકાશમાથી રસનિષ્પત્તિપ્રકારનુ અવગાહન કરવુ, જેથી પ્રમાણનિષ્ઠાથી વિલક્ષણ તેઓશ્રીની પ્રમેયનિષ્ઠાના સ્વરૂપનુ યથાર્થ જ્ઞાન થઈ શકે 'અણુભાષ્યપ્રકાશ'મા 'તર્કપાદ'નુ અવગાહન કરવાથી શ્રીપુરુષોત્તમજીમા સાખ્યમતનુ વૈશેષિકમતનુ ચતુર્વિધબૌદ્ધમતનુ અનૈકાન્તિક જૈનમતનુ કાપાલિકાદિ શૈવમતનુ તેમ જ પાંચરાત્રાદિભાગવતવૈષ્ણવમતનુ જ્ઞાન કેટલુ બધુ ગહન હતુ તે સહજ ગ્રહી શકાય તેમ છે

શ્રીપુરુષોત્તમજીનો પ્રધાનમલ્લ

બ્રહ્મસૂત્રકારનો પ્રધાનમલ્લ (વાદની કુસ્તીમા મુખ્ય પ્રતિસ્પર્ધી) સાખ્ય છે, જેમ શ્રીવલ્લભાચાર્યજીનો પ્રધાનમલ્લ શકરાચાર્ય છે, અર્થાત્ જેમ સાખ્યના ખડનથી અન્યમત ઉપર વિજય સૂત્રકાર કરી શક્યા, જેમ શાકરમતના ખડનથી શ્રીમદ્વલ્લભાચાર્યજી વાદિમાનનો નિગ્રહ કરી શક્યા, તેમ જ શ્રીપુરુષોત્તમજીનો પ્રધાનમલ્લ 'ભામતી'કાર વાચસ્પતિમિશ્ર છે શ્રીપુરુષોત્તમજીએ ગૌડપાદની 'કારિકા' ઉપર 'દીપિકા' પ્રકટ કરીને સિદ્ધ કરી આપ્યુ છે કે ગૌડપાદના મતથી શાકરમત વિભિન્ન છે એટલુ જ નહિ પરતુ 'આનદમયાધિકરણ'ને અતે તો એમ પણ ઉદ્ઘોષ કર્યો કે શાકરમત વાચસ્પતિમિશ્ર 'ભામતી'કારના પણ મતથી ભિન્ન છે શ્રીપુરુષોત્તમજી દક્ષિણમા પધાર્યા તે પછી જ જે વિદ્યારણ્યાદિની દિશાએ શાકરમતનુ સૂક્ષ્મ જ્ઞાન તેમણે વિચક્ષણતાથી પ્રાપ્ત કરી લીધુ તે જ વિદ્યારણ્યના વિદ્યાનગરમા એકાદ શતકાનન્તર જ શ્રીવલ્લભાચાર્યજીએ દિગ્વિજય કરીને વિદ્યારણ્યના મતનુ સમુન્મૂલન કર્યું !

ઉપસંહાર

આ મારા કથનથી આપણા સંપ્રદાયના અદ્વિતીય વિદ્વાન્ શ્રીપુરુષોત્તમજીની વિદ્વત્તાનું અપૂર્વત્વ આપ ગ્રહી શક્યા હશો ધીરજભાઈએ અને તેલીવાલાએ શ્રીપુરુષોત્તમજીના ટીકાઓએ સહિત અનેક મૂલ ગ્રંથ પ્રસિદ્ધ કર્યા છે, પરંતુ શ્રીપુરુષોત્તમજીના “પ્રકાશ” સાથે મૂલગ્રંથોનું અધ્યયન અધ્યાપન અતિસુગમ થાય એવી યોજનાઓ સિદ્ધ કરવાનું કાર્ય સમગ્ર સંપ્રદાયનું છે, તેથી હું પુનઃ સ્મરણ કરાવું છું કે વિશેષ નહિ તો માત્ર “અણુભાષ્ય”ના પ્રથમપાદનું પણ ‘પ્રકાશ’ સાથે ભાષાંતર કોઇ પણ ધનાઢ્ય ગોસ્વામી વા વૈષ્ણવ સત્વર કરાવી સંપ્રદાયનો સમુત્કર્ષ સિદ્ધ કરવા બદ્ધપરિકર થાય એવી સન્મતિ પ્રભુ તેમને આપો પુરુષોત્તમમંડલના વર્ગનો લાભ જે બન્ધુઓ લે છે તેમને તો શ્રીપુરુષોત્તમજીના ગ્રંથોની વિશાલતાનું અને ગહનતાનું કાંઇક દર્શન થયા જ કરે છે અને તેથી તેમનો તો હવે એમ પણ નિશ્ચય થયો હોવો જોઇએ કે જેવી રીતિએ શંકરાચાર્યના માયાવાદમાં વિદ્યારણ્ય અદ્વિતીય છે, અથવા જેમ જૈનમતમાં હેમચંદ્ર અદ્વિતીય છે, તેમ જ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદમાં પણ દશદિગન્તવિજયી શ્રીપુરુષોત્તમજી અદ્વિતીય વિદ્વાન્ છે, અને તેથી યત્રપર્યન્ત એમના અદ્વિતીય ગ્રંથોના અધ્યયન અધ્યાપન આદિની પ્રવૃત્તિ આપણે કરીશું નહિ તત્રપર્યન્ત આપણા સંપ્રદાય પ્રતિના અને વિશેષ કરીને શ્રીપુરુષોત્તમજી પ્રતિના ઋણમાંથી આપણે મુક્ત થઈ શકીએ એમ મને લાગતું નથી, એટલું જ નહિ પરંતુ શ્રીપુરુષોત્તમજીના ગ્રંથના અધ્યયનાદિમાં કોઇ પણ અંશે શિથિલતા દર્શાવાશે તો તેનું દુષ્પરિણામ કદાચિત્ સમગ્ર સંપ્રદાયને સહવું પડે એમ પણ મારું તો મન્તવ્ય છે, તેથી શ્રીગોસ્વામીઓને અને વૈષ્ણવોને મારી સવિનય પ્રાર્થના છે કે સાંપ્રદાયિક અધ્યયન પ્રતિ સાગ્રહ વિમુખતા અથવા સહજ શિથિલતા દર્શાવાય છે તે તત્કાલ દૂર કરીને પ્રમાણપદ્ધતિએ પ્રમેયસંપ્રદાયના ગ્રંથોના અધ્યયનમાં આપણે સર્વેએ અત્યંત સમાદર રાખવો જોઇએ

॥ सन्मानपत्रम् ॥

॥ श्रीकृष्णाय नमः ॥

॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥

॥ श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ॥

भगवच्छास्त्रनिष्णात विद्वद्वरमग्नलालशास्त्रिणः ॥

श्रीमता वैदुष्य न कस्यचिदाश्रयजन्य वा सम्बन्धजन्य वा किन्तु श्रीमदाचार्यचरणाना निरतिशयकृपापरिपूर्णकटाक्षेण प्राप्त वर्तते । तल्लाभो भवद्भि साम्प्रदायिकेभ्यो गतचत्वारिंशद्वर्षान् नि शुल्क दत्त । श्रीमत्पुरुषोत्तममण्डलस्य प्राकट्य श्रीमतामेव प्रयासेन जातम् । 'सम्प्रदाये निवृत्ते' साम्प्रदायिकाकरग्रन्थानामध्ययन लुप्तप्राय यदासीत् तस्मिन्समये व्यावहारिकान् देशानार्थिकान् प्रतिबन्धान् विषह्य श्रीमदणुभाष्यादीना श्रीमत्पुरुषोत्तमग्रन्थाना चाध्यापनमस्माक कारित तदर्थ वय श्रीमता सर्वथा ऋणिन । सम्प्रदायरक्षार्थं श्रीमदाचार्यचरणा श्रीमतो बहून् वर्षान् रक्षेयुरिति तान् प्रार्थयामहे इति ।

मोहमयी
श्रीपुरुषोत्तमप्राकट्योत्सव ।
भा शु ११ स १९८२

निवेदका
श्रीपुरुषोत्तममण्डलाध्येतारः ।

સન્માનપત્ર

॥ શ્રીકૃષ્ણાય નમ ॥

॥ શ્રીગોપીજનવલ્લભાય નમ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમ ॥

ભગવચ્છાસ્ત્રનિષ્ણાત વિદ્વદ્વર મગનલાલ શાસ્ત્રી,

આપની વિદ્વત્તા કોઇના પણ આશ્રયે વા સમ્બન્ધે જન્ય નથી, પરન્તુ શ્રીમદાચાર્યચરણની નિરતિશય કૃપાએ પરિપૂર્ણ કટાક્ષે પ્રાપ્ત છે તેનો લાભ આપે સામ્પ્રદાયિક વૈષ્ણવોને ગત ૪૨ વર્ષપર્યન્ત નિ શુલ્ક આપ્યા કર્યો છે આ શ્રીપુરુષોત્તમમંડલનુ પ્રાકટ્ય આપનાજ પ્રયાસે થયુ છે 'સમ્પ્રદાય નિવૃત્ત થઇ ગયે સતે સામ્પ્રદાયિક આકર ગ્રન્થોનુ અધ્યયન યદા લુપ્તપ્રાય થઈ ગયુ તેવે સમયે વ્યાવહારિક દૈહિક આર્થિક પ્રતિબન્ધોને વિષહીને શ્રીમદણુભાષ્યાદિનુ અને શ્રીપુરુષોત્તમજીના ગ્રન્થોનુ અધ્યયન આપે અમને કરાવ્યુ તદર્થ અમે આપના સર્વથા ઋણી છીએ સમ્પ્રદાયની રક્ષાને અર્થે શ્રીમદાચાર્યચરણ આપને બહુ વર્ષપર્યન્ત રક્ષે એમ તે શ્રીને પ્રાર્થીએ છીએ

મોહમયી,
શ્રીપુરુષોત્તમપ્રાકટ્યોત્સવ
ભા શુ ૧૧ સ ૧૯૮૨

નિવેદકો
શ્રીપુરુષોત્તમમંડલના અધ્યેતા.

भक्तिवर्धिनी

શ્રીશ્રીવલ્લભવિરચિતવિવૃતિએ સમેત.

લેખક—ઉજમશી બાપુલાલ કાપડીયા

કૃપામૃતએ સુપૂરિત સ્વાચાર્યપદાબ્જને નમન કરીને તત્પરાગે આરક્ત બુદ્ધિએ 'ભક્તિવર્ધિની'નું વ્યાખ્યાન કરીશ ૧ પિતૃપાદની રજને હૃદયમાં ધારણ કરીને તદ્બુદ્ધિની દ્રઢતાના સિદ્ધ્યર્થ હું પ્રવૃત્ત થયો છું, અન્યથા નહિ જ એ નિશ્ચિત છે ૨

અથ આચાર્યચરણ સ્વમાર્ગમાં અઙ્ગીકૃત પરન્તુ સ્વમાર્ગીય ભક્તિના વૃદ્ધિપ્રકારને ન જાણતા ભક્તોને કૃપાએ તે વૃદ્ધિપ્રકારના જ્ઞાપનાર્થ તદ્વૃદ્ધિપ્રકારની પ્રતિજ્ઞા **यथा** ઇત્યાદિ શ્લોકે કરે છે

यथा भक्तिः प्रवृद्धा स्यात्तथोपायो निरूप्यते ।
वीजभावे दृढे तु स्यात्त्यागाच्छ्रवणकीर्तनात् ॥१॥

श्लोकार्थ—જે પ્રકારે સ્વમાર્ગીય ભક્તિ પ્રકર્ષે વૃદ્ધિને પામે તત્પ્રકારક ઉપાય નિરૂપાય છે તે તો બીજભાવ દૃઢ થયે ત્યાગથી અને શ્રવણકીર્તનથી થાય ૧

यथा જે સાધને **भक्ति** સ્વપ્રવર્તિતમાર્ગરૂપ ભક્તિ **प्रवृद्धा स्यात्** પ્રકર્ષે વૃદ્ધિને પામે **तथा** તત્પ્રકારક **उपाय** સાધન **निरूप्यते** કથાય છે એમ અર્થ **પૂર્વપક્ષ**—ભક્તિની ઉત્પત્તિના પ્રકારો શાસ્ત્રોમાં અને પુરાણાદિમાં ઉક્ત છે જ, અને ઉત્પત્ત્યનન્તર તેની વૃદ્ધિ તો અનુક્તસિદ્ધ જ છે, તે આ પ્રકારે, **શ્રીભાગવતમાં** 'દાન વ્રત તપ હોમ જપ સ્વાધ્યાય સંયમ અને અન્ય વિવિધ શ્રેયોએ કૃષ્ણમાં ભક્તિ નિશ્ચય સિદ્ધ થાય છે' એમ, એકાદશસ્કન્ધમાં પણ 'શ્રદ્ધામૃતકથામાં' એમ ઉપક્રમ કરીને 'એ પ્રકારે આત્મનિવેદી મનુષ્યોના ધર્મોએ, હે ઉદ્ધવ, મારામાં ભક્તિ સમ્યક્ પ્રકારે ઉત્પન્ન થાય છે, અન્ય કયો અર્થ અવશિષ્ટ રહે?' એમ, પ્રથમ સ્કન્ધમાં પણ 'જેના, અરે, શ્રવણમાત્રે પરમપુરુષ કૃષ્ણમાં પુમાનને શોકમોહભયાપહા ભક્તિ ઉત્પન્ન થાય છે' એમ **ગીતામાં** પણ 'બ્રહ્મભૂત પ્રસન્નાત્મા નથી શોચતો કે નથી આકાંક્ષા રાખતો, સર્વ ભૂતોમાં સમ તે મારી પરા ભક્તિને પ્રાપ્ત કરે છે' એમ (શાસ્ત્રોમાં) ભક્તિની ઉત્પત્તિના પ્રકારો ઉક્ત છે જ યદ્યપિ ઉત્પત્તિ પ્રકારો ઉક્ત છે તથાપિ વૃદ્ધિપ્રકાર ઉક્ત નથી તેથી ભક્તિની વૃદ્ધિના પ્રકારને અર્થે આચાર્યનું કથન સમ્ભવે છે એમ આશઙ્કા થાય તો એ આશઙ્કા પણ ન કરવી, વૃદ્ધિનો પ્રકાર પણ તત્ર-શાસ્ત્રોમાં જ-ઉક્ત છે તૃતીયસ્કન્ધના પઞ્ચમાધ્યાયમાં 'હે દેવ, આપની કથાસુધાના પાને પ્રભુભક્તિએ જે વિશદાશય ભક્તો વૈરાગ્યસાર બોધનો પ્રતિલાભ કરીને અઞ્જસા અકુણ્ઠધિષ્ણ્યને જેમ પ્રાપ્ત થયા' એમ અત્ર વૃદ્ધિનો પ્રકાર પણ ઉક્ત છે યદ્યપિ અત્ર પુરાણાદિ શાસ્ત્રોમાં ભક્તિની ઉત્પત્તિના અને વૃદ્ધિના પ્રકારો પણ ઉક્ત છે જ, તેથી જ ઉભયનો સમ્ભવ સતે પણ 'જે પ્રકારે ભક્તિ પ્રવૃદ્ધ થાય' એમ પુનઃ પણ ભક્તિવૃદ્ધિપ્રકારના કથનમાં કયો હેતુ? એમ પ્રશ્ન થાય તો **સિદ્ધાન્ત** સત્ય, પૂર્વોક્ત દાનવ્રતાદિ સાધનો મર્યાદામાર્ગીય હોવાથી તે સાધનોએ ઉત્પન્ન ભક્તિ પણ તન્માર્ગીય અર્થાત્ મર્યાદામાર્ગીય જ છે એમ અવધારવું, કારણ કે 'કાર્યનું અને કારણનું એકજાતીયત્વ' એ નિયમ છે વૃદ્ધિનો પ્રકાર પણ મર્યાદામાર્ગીયસાધનસાધ્યત્વે અને મુક્તિફલકત્વે મર્યાદામાર્ગીય જ આચાર્ય તો સ્વપ્રકટિત શુદ્ધપુષ્ટિમાર્ગીય ભક્તિનું નિરૂપણ કરવાને અર્થે, **સ્વપ્રકટિતશુદ્ધપુષ્ટિમાર્ગીય**

ભક્તિનુ અને મર્યાદાભક્તિનુ વૈલક્ષણ્ય જ્ઞાપિત કરવાને અને તત્ફલનુ પણ વૈલક્ષણ્ય કથવાને ભિન્ન પ્રકારે સ્વમાર્ગીય ભક્તિને અને તદ્વૃદ્ધિપ્રકારસાધનને **यथा** ઇત્યાદિએ નિરૂપે છે જે પ્રકારે સ્વમાર્ગીય સ્વપ્રવર્તિત સાધનોએ શુદ્ધપુષ્ટિમાર્ગીના ભક્તિ પ્રબળ વૃદ્ધા થાય ફલોન્મુખત્વ એ વૃદ્ધિમા પ્રાપ્ત, અર્થાત્ જે સાધનોએ સ્વપ્રકટિત શુદ્ધપુષ્ટિમાર્ગીયા ભક્તિ ફલોન્મુખ થાય **तथा** તત્પ્રકારક ઉપાય તત્પ્રકારક સાધનસમુદાય **निरूप्यते** કથાય છે એમ અર્થ

बीजभावे दृढे तु स्यात् ઇત્યાદિએ પૂર્વોક્ત સાધનસમુદાયોને જ કથે છે અત્ર બીજ શુદ્ધ પુષ્ટિમાર્ગીય આચાર્યના અનુગ્રહપૂર્વક 'સ્વમાર્ગપ્રકારકભગવન્નિ-
बीजभावे दृढे तु स्यात् વેદનાનન્તર ભગવદ્રાગ એ જ બીજભાવ તેનુ દાર્ઢ્ય અર્થાત્ નિરન્તર તદેકપરતાએ ભગવન્માર્ગસ્થિતિ **तु** શબ્દે માર્ગાન્તરીય સાધનોનો વ્યુદાસ અવધારવો ત્યારે ભક્તિ પ્રવૃદ્ધ-ફલોન્મુખ-થાય

त्यागाच्छ्रवणकीर्तनात् ઇત્યાદિએ ભક્તિની પ્રવૃદ્ધિમા સ્વમાર્ગીય અન્ય સાધનોને કથે છે, **त्यागात्** શુદ્ધપુષ્ટિમાર્ગીય સાધનોથી અતિરિક્ત સાધનોના ત્યાગથી
त्यागाच्छ्रवणकीर्तनात् श्रवणकीर्तनात् તદ્વત્-તેજ પ્રકારે-શુદ્ધપુષ્ટિમાર્ગીય ભગવદ્ધર્મના શ્રવણથી, અને તે જ પ્રકારે તદ્વત્ જ શુદ્ધપુષ્ટિમાર્ગીય ભગવદ્ધર્મના કીર્તનથી, અત્ર શ્રવણના અને કીર્તનના એકવદ્ભાવની ઉક્તિએ-સમાહારદ્વન્દ્વસમાસે-ઉભયનુ પણ એકજાતીયત્વ છે એમ જ્ઞાપિત છે ૧

યદ્યપિ પૂર્વે બીજના દાર્ઢ્યનો પ્રકાર ઉક્ત જ છે, તથાપિ કદાચિત્ ઇતરવ્યાસઙ્ગે અન્તરાય સંભવે છે, તેથી જે પ્રકારે ઇતરવ્યાસઙ્ગના અભાવે બીજદાર્ઢ્ય સિદ્ધ થાય તદર્થે **बीजदार्ढ्यप्रकारस्तु** ભગવદ્ભજનરૂપ અન્ય પ્રકારને કથે છે

बीजदार्ढ्यप्रकारस्तु गृहे स्थित्वा स्वधर्मतः ।
अव्यावृत्तो भजेत्कृष्णं पूजया श्रवणादिभिः ॥२॥

श्लोकार्थ--બીજદાર્ઢ્ય પ્રકાર તો ગૃહમા સ્થિતિ કરીને સ્વધર્મત અવ્યાવૃત્ત (ભક્તે) પૂજાએ (અને) શ્રવણાદિએ કૃષ્ણને ભજવા ૨

टीका-તુ શબ્દે એતદતિરિક્ત અન્ય પ્રકારોનો વ્યુદાસ કર્યો

સ્વમાર્ગીય-પુષ્ટિભક્તિમાર્ગીય—ભગવદ્ભજન તો ગૃહમા સ્થિતિના અભાવે સમ્ભવતુ નથી તેથી **गृहे स्थित्वा** ઇત્યાદિએ પૂર્વે ગૃહસ્થિતિને કથે છે ભગવદ્-
गृहे स्थित्वा स्वधर्मतः ભજનને અનુકૂલ **गृहे** ગૃહમા **स्थित्वा** સ્થિતિ કરીને **स्वधर्मतः** સ્વધર્મત **कृष्ण** કૃષ્ણને **भजेत्** ભજવા અત્ર-આ શ્લોકમા-**स्वधर्म** પદે વર્ણાશ્રમના ધર્મો વિવક્ષિત-કથવાની ઇચ્છા-નથી,[1] પરન્તુ સ્વમાર્ગીય-પુષ્ટિભક્તિ

---

[1] કેવલ વર્ણાશ્રમધર્મનો જ અત્યાગ્રહ કરનાર કર્મજડ આસુરો પુષ્ટિભક્તિમાર્ગીય સ્વધર્મનો વિચાર કરશે કે ભક્તિમાર્ગબાધક શ્રાદ્ધાદિ કામ્ય કર્મોનો પણ અઙ્ગીકાર કરીને બાહિર્મુખ્ય જ પ્રાપ્ત કરશે? સામાન્ય પણ શ્રવણભક્તિમા વૈદિક ધર્મો પરધર્મ હોવાથી હેય છે એ વિષયની મીમાસા શ્રીમહાપ્રભુજીએ 'त्यक्त्वा स्वधर्मं' શ્લોકમા કરી છે, અને તદનુવાદ વે. શા. સ. મગનલાલ શાસ્ત્રીજીએ 'પુષ્ટિસુધા' ના ચતુર્થ વર્ષના ચતુર્થાઙ્કમા આપ્યો છે, તેનુ અત્ર સમ્યક્ અનુસન્ધાન અવશ્ય કર્તવ્ય છે રાસપઞ્ચાધ્યાયીના 'यत्पत्यपत्य' શ્લોકના શ્રીસુબોધિનીજીમા તો ધર્મશાસ્ત્રજ્ઞો શારીરધર્મને જ સ્વધર્મ કથતા હોવાથી તેઓ અનાત્મવિદ્-અભક્ત છે અને આત્મધર્મને વા ભગવદ્ધર્મને તેઓ સ્વધર્મ કથતા નથી એ સ્પષ્ટ ઉપદેશ અવિસ્મરણીય જ છે.

માર્ગીય-ભગવદ્ધર્મો વિવક્ષિત છે શાથી? વર્ણાશ્રમ ધર્મમાં સ્વધર્મનો અભાવ છે તેથી તે આ પ્રકારે - ધર્મ દ્વિવિધ-બે પ્રકારના-છે એક ધર્મ શરીરપર્યવસાયી છે દ્વિતીય ધર્મ આત્મપર્યવસાયી છે તત્ર ગર્ભાધાનથી આરમ્ભીને યાગાન્ત વર્ણાશ્રમના ધર્મો શરીરપર્યવસાયી જ છે કારણ કે તત્તદ્ધર્મોનું ઇન્દ્રલોકાદિના ભોગમાં જ પર્યવસાન છે ભોગની સમાપ્તિ થયે પુન 'ક્ષીણ પુણ્ય થયે મર્ત્યલોકમાં પ્રવેશ કરે છે' એ વચનથી શરીરસુખમાં જ પર્યવસાયિત્વ છે, પરન્તુ આત્માનું પારલૌકિકસાધકત્વ નથી स्वपद આત્મપર હોવાથી स्वधर्मपदे આત્મપર્યવસાયી ધર્મ કહાય છે, અને તે તો ભગવદ્ધર્મ જ છે અને તે પ્રકારે પ્રમાણ પણ સપ્તમસ્કન્ધમાં પ્રહ્લાદનું વચન છે 'यद्यज्जनो भगवते विदधीत मान तच्चात्मने प्रतिमुखस्य यथा मुखश्री' એમ[1] કિઞ્ચ, धर्मपद तसिल् પ્રત્યયાન્તત્વે અવિકૃત હોવાથી स्वधर्मत એ કથનથી અવિકૃત ધર્મ ઉક્ત છે તેથી અવિકૃત ધર્મ તો ભગવદ્ધર્મ જ હોવાથી स्वधर्मपदे ભગવદ્ધર્મ જ છે એમ સર્વ અનવદ્ય

અને તે સ્વધર્મ કયો? એ આશઙ્કા થાય તો કહે છે કે **अव्यावृत्तो भजेत्कृष्णम्** ઇત્યાદિ

अव्यावृत्तो भजेत् कृष्णम्

अव्यावृत्त ભગવદ્ભજનને અનનુકૂલ-પ્રતિકૂલ-વ્યાવૃત્તિથી રહિત ભક્તે **कृष्ण** કૃષ્ણને **भजेत्** ભજવા અને ભજનમાં **कृष्णपद** ફલવાચક હોવાથી આ ભજન મને ફલરૂપ છે એમ જાણીને ભજન કર્તવ્ય છે પરન્તુ સાધનની બુદ્ધિએ નહિ[2] એક જ ભજન સાધનરૂપ અને ફલરૂપ પણ કયે પ્રકારે સમ્ભવે? એમ જો પ્રશ્ન થાય તો સત્ય સાક્ષાત્પુષ્ટિમાર્ગીયફલ અન્ય સાધનોએ અસાધ્ય હોવાથી પુરુષોત્તમનું ભજન જ સાક્ષાત્પુષ્ટિમાર્ગીયફલસાધક છે જેમ મહારાજને ધાર્ય પણ સુવર્ણરત્નાદિક જ છે, તત્પદાર્થમાત્ર પણ તન્મય જ છે અને વળી કોશમાં સંગ્રાહ્ય પણ સુવર્ણરત્નાદિક જ છે, કારણ કે મહારાજ સર્વતોધિક છે અને સુવર્ણ પણ સર્વ ધાતુની અપેક્ષાએ ઉત્કૃષ્ટ છે, તેમ આ ફલનું સર્વોત્કૃષ્ટત્વભાવથી સર્વોત્કૃષ્ટ જ સાધન અપેક્ષિત છે, અને સર્વોત્કૃષ્ટ સાધનનો વિચાર કરતા ભજનથી અતિરિક્ત સર્વોત્કૃષ્ટતરનો અભાવ હોવાથી સર્વોત્કૃષ્ટ જ સાધન સર્વોત્કૃષ્ટ ફલ જ છે તેથી ભજન જ સાધન અને ભજન જ ફલ એમ અનુપપત્તિ કોઇ પણ નથી

અગ્રે **पूजया श्रवणादिभि** ઇત્યાદિએ ભજનના પ્રકારને કહે છે અત્ર **पूजा** પદે

पूजया श्रवणादिभि

આગમમાં-વેદના-ઉક્ત પ્રકારે પૂજા વિવક્ષિત નથી, કારણ કે પૂર્વ **कृष्ण** પદે સદાનન્દ ફલરૂપ પુરુષોત્તમનું ભજન પ્રકારત્વે ઉક્ત છે આગમમાં ઉક્ત પૂજાનું પુરુષોત્તમની વિભૂતિમાં પર્યવસાન થતું હોવાથી તે આગમોક્ત પૂજા પુરુષોત્તમભજન-પર્યવસાયી નથી, તથાપિ પુરુષોત્તમભજનપ્રકારમાં પણ પૂજાની ગણના હોવાથી તે પૂજા શુદ્ધપુષ્ટિમાર્ગીયા જ છે એમ જાણવું અત એવ શુદ્ધપુષ્ટિમાર્ગવિસ્તારિ

---

[1] આ શ્લોક ઉપર શ્રીગુસાંઇજીકૃત સ્વતન્ત્ર લેખનો ગુર્જરાનુવાદ પઞ્ચમ વર્ષના જ દ્વિતીયાઙ્કમાં પ્રસિદ્ધ થઈ ગયો છે, તેનું અવશ્ય મનન કર્તવ્ય છે

[2] જો કે અગ્રે 'लभते सुदृढा भक्तिम्' ઇત્યાદિએ અલૌકિકદેહસમ્પત્તિપૂર્વક સાક્ષાત્પુરુષોત્તમનું ભજન ફલ છે એમ ઉક્તિએ આધુનિક ભજનને સાધનત્વ પ્રાપ્ત થાય છે, તથાપિ પુષ્ટિમાર્ગમાં પુરુષોત્તમ જ ભજનીય હોવાથી, યદ્યપિ આધુનિક ભજનમાં અલૌકિક દેહસમ્પત્તિ નથી તથાપિ આધુનિક ભજન પુરુષોત્તમપર્યવસાયી જ છે તેથી આ ભજન પણ ફલરૂપ છે એમ જ્ઞાપનાર્થ કહ્યું કે આ ભજન મને ફલરૂપ છે એમ જાણીને ભજન કર્તવ્ય છે.'

નીજીઓએ પ્રમેયપ્રકરણીય સપ્તમાધ્યાયમા[1] ગુણગાનમા હરિણીના ભાવને નિરૂપીને પશ્ચાત્ તદ્ભાવદૃષ્ટિ જ પૂજા છે એમ કથ્યુ છે, કારણ કે તત્ર 'પ્રણયાવલોકે વિરચિતા પૂજા કરી' એમ કથન છે હરિણીના ભાવને સજાતીય ભાવપૂર્વક શ્રીકૃષ્ણદર્શનસેવાકરણ જ પૂજાએ ભજન એતદ્ભાવના જ્ઞાપનાર્થ અત્ર એતન્માર્ગીય ભજનસાધન પૂજા આ છે એમ જણાવવાને **पूजया** એમ કથ્યુ આ માર્ગમા ભજન સેવા જ છે અત્ર કોઇ સ્નેહરહિતસેવા પૂજા જ એમ પૂજાપદનુ વ્યાખ્યાન કરે છે તે વિચારક્ષમ નથી શાથી? માર્ગનો ભેદ નિયામક છે તેથી **આચાર્યે તો સ્વપ્રકટિત શુદ્ધપુષ્ટિમાર્ગીય ભક્તિની વૃદ્ધિને અર્થે भक्तिवर्धिनीરૂપ શાસ્ત્ર કર્યું** છે. તદીય શાસ્ત્રમાં તદઙ્ગીકૃત શ્રીઆચાર્યચરણે અઙ્ગીકૃત જ અધિકારી છે, અન્ય તો નહિ તેઓ આચાર્યના શ્રીમહાપ્રભુજીના-અનુગ્રહે શુદ્ધપુષ્ટિમાર્ગીય હોવાથી તત્પ્રદર્શિતસેવાકરણ સસ્નેહ હો વા સ્નેહરહિત હો, પરન્તુ તે પુરુષોત્તમપર્યવસાયી હોવાથી ભક્તિમાર્ગીય જ થાય છે, પરન્તુ પૂજામાર્ગીય તો નહિ જ કિંચ, શુદ્ધપુષ્ટિમાર્ગીયસેવાપ્રકારસદૃશ વસ્ત્રાલઙ્કારસમર્પણરૂપ પ્રકારો તો પૂજામાં પણ દૃષ્ટિગોચર થાય છે તથાપિ તેમનુ વિભૂતિમા પર્યવસાન હોવાથી તે પૂજામાર્ગીય જ છે, પરન્તુ સાદૃશ્યમાત્રે તે ભક્તિમાર્ગીય નથી. કારણ કે માર્ગનો ભેદ નિયામક છે કિંચ **જે માર્ગનો હોય તેણે કૃત સર્વ ભગવદ્ધર્માદિક પણ તન્માર્ગીય જ થાય છે.** જેમ 'પ્રમાદથી કર્મ કરનારનુ' એ શ્લોકમાં કર્મસાઙ્ગુણ્યાર્થ કૃત વિષ્ણુસ્મરણ કર્મમાર્ગીય જ છે વળી 'જેની સ્મૃતિએ અને નામોક્તિએ' શ્લોકમા સ્મૃત્યાદિત્રય પણ કર્મમાર્ગીય જ છે, પરન્તુ નવધાભક્તિમા ઉક્ત સાદૃશ્યમાત્રે ભક્તિમાર્ગીય નથી[2] એ પ્રકારે સેવોપયોગી પૂજાને કથીને **श्रवणादिभि** ઇત્યાદિએ તેને ઉપયોગી શ્રવણાદિકને પણ કથે છે સેવાકરણાનન્તર અવશિષ્ટ કાલમા ઇતરના વ્યાસઙ્ગના અભાવાર્થ શ્રવણ કર્તવ્ય છે **आदि** પદે કીર્તન સ્મરણ ચિંતન પણ કર્તવ્ય છે ૨

એ પ્રકારે અવ્યાવૃત્તિપૂર્વક ભજનને કથીને કદાચિત્ ભગવદર્થે વ્યાવૃત્તિના સમયમા પણ હરિમાં-સર્વદુઃખહર્તામાં-ચિત્તના વ્યાસઙ્ગપૂર્વક જ વ્યાવૃત્તિ કર્તવ્યા છે એમ **व्यावृत्तोपि हरौ चित्तम्** ઇત્યાદિએ કથે છે

व्यावृत्तोपि हरौ चितं श्रवणादौ यतेत्सदा ।
ततः प्रेम तथासक्तिर्व्यसनं च यदा भवेत् ॥३॥

श्लोकार्थ–વ્યાવૃત્ત (ભક્તે) પણ હરિમા શ્રવણાદિમા ચિત્તને સદા યતવુ, તેથી પ્રેમ તથા આસક્તિ અને જ્યારે વ્યસન થાય (ત્યારે બીજભાવ દૃઢ થાય) ૩

टीका–વ્યાવૃત્તિના કરણની અનન્તર અવશિષ્ટ સમયમા પૂર્વવત્ **श्रवणादौ** શ્રવણ (કીર્તન સ્મરણ ચિન્તન) ઇત્યાદિમા **यतेत** શ્રવણાર્થ યત્ન કરવો

એ પ્રકારે ભક્તમાર્ગીય ભક્તિવૃદ્ધિના સાધનોને કથીને **ततः प्रेम** ઇત્યાદિએ ભક્તિવૃદ્ધિના પ્રકારને કથે છે પૂર્વ-પ્રથમ-પ્રેમ થાય છે તત સ્નેહાઙ્કુર ઉત્પન્ન થાય છે તદનન્તર પ્રૌઢભાવ ઉત્પન્ન થયે આસક્તિ થાય છે ચિત્ત ભગવત્સ્વરૂપમા વ્યાસક્ત અર્થાત્ લગ્ન તદેકપર થાય છે તત પ્રૌઢભાવ થયે વ્યસન થાય છે. વ્યસન એટલે ભગવત્સ્વરૂપવ્યતિરેકે સ્થિતિ કરવાને પણ શક્ત

---

[1] સ્વલ્પ સમયમા જ આ અધ્યાયનો ગુર્જરાનુવાદ પણ સુપ્રસિદ્ધ થશે

[2] જીજ્ઞાસુએ અત્ર શ્રીગુસાંઈજીકૃત ભક્તિહંસનુ અનુસન્ધાન અવશ્ય કર્તવ્ય છે, સકામ કર્મ શ્રાદ્ધાદિમા વિષ્ણુસ્મરણ જ કરીએ છીએ એ યથોક્તિનો પરિહાર થઈ જ ગયો સમજવો.

નથી તે આ પ્રકારે દશમસ્કન્ધમા ગોપીઓને ગોવિન્દના દર્શનમા પરમ આનન્દ હતો, જેમને જેના વિના ક્ષણ પણ યુગશત જેવો હતો ' એમ—એ પ્રકારે જ્યારે વ્યસન થાય છે, ત્યારે બીજભાવ દૃઢ થાય છે—૩

એ પ્રકારે વ્યસનપર્યન્ત બીજદાર્ઢ્યના પ્રકારને કથીને અગ્રે **वीजं तदुच्यते** ઇત્યાદિએ બીજના દૃઢત્વને નિરૂપે છે

वीजं तदुच्यते शास्त्रे दृढं यन्नापि नश्यति ।
स्नेहाद्रागविनाशः स्यादासक्त्या स्याद्गृहारुचिः ॥ ४ ॥

श्लोकार्थ —તે પૂર્વોક્ત—બીજ (વ્યસનભાવાનન્તર) દૃઢ થાય છે એમ ભક્તિશાસ્ત્રમા નિરૂપ્યુ છે (બીજનુ દાર્ઢ્ય અર્થાત્) જે કોઇએ પણ નાશ પામતુ નથી સ્નેહથી રાગનો વિનાશ થાય, આસક્તિએ ગૃહારુચિ થાય ૪

टीका-**तत्** તે પૂર્વોક્ત **बीज** બીજ વ્યસનભાવની અનન્તર **दृढ** દૃઢ થાય છે એમ

बीज तदुच्यते शास्त्रे **शास्त्रे** ભક્તિશાસ્ત્રમા **उच्यते** નિરૂપાય છે એમ અર્થ

દૃઢત્વનુ લક્ષણ **यन्नापि नश्यति** ઇત્યાદિએ કથે છે **यत्** જે બીજ કોઇપણ લૌકિકનાશકે વા અલૌકિકનાશકે પણ નાશ પામતુ નથી એમ બીજદાર્ઢ્યનુ લક્ષણ

यन्नापि नश्यति લૌકિકનાશક અર્થાત્ દુઃસઙ્ગાદિ, અલૌકિકનાશક કાલાદિ, તેણે પણ તે પૂર્વોક્ત બીજ નાશ પામતુ નથી એમ અર્થ

અત પર જે પ્રકારે સ્નેહાદિત્રયના મધ્યમા જેણે જે પ્રકારે સ્વાપનોદન થાય છે, તે પ્રકારે તેના અપનોદનપ્રકારને વદે છે અત્ર સ્નેહાદિની ઉત્પત્તિમા મુખ્ય ત્રણ

स्नेहाद्रागविनाश स्यात् **आसक्त्या स्यात्** **गृहारुचि ।** અપનોદક છે—(૧) ભગવત્થી અતિરિક્ત વિષયમા રાગ, (૨) ગૃહાસક્તિ અને (૩) ભગવાનથી વ્યતિરેકે પણ જ્ઞાનનિર્વાહ તત્ર **स्नेहाद्रागविनाश स्यात्** ઇત્યાદિએ રાગાદિત્રયના ક્રમે એકૈક અપનોદકત્વને કથે છે તત્ર પૂર્વે યથાકથંચિદ્ અ સ્નેહાઙ્કુરની ઉત્પત્તિએ પણ ભગવદ્વ્યતિરિક્ત વિષયમા રાગ થતો નથી તદનન્તર જ્યારે આસક્તિ થાય છે, તત પ્રૌઢભાવ થાય છે, ત્યારે ગૃહાસક્તિનો અપનોદ થાય છે ભગવદાસક્તિએ ગૃહાસક્તિ ચાલી જાય છે ૪

આસક્ત્યનન્તર **गृहस्थानाम्** ઇત્યાદિએ ગૃહારુચિમા હેતુદ્વયને કથે છે

गृहस्थानां बाधकत्वमनात्मत्वं च भासते ।
यदा स्याद् व्यसनं कृष्णे कृतार्थः स्यात्तदैव हि ॥५॥

श्लोकार्थ —ગૃહસ્થોનુ બાધકત્વ અને અનાત્મત્વ ભાસે છે જ્યારે કૃષ્ણમા વ્યસન થાય ત્યારે જ નિશ્ચય કૃતાર્થ થાય ૫

टीका—ગૃહે સ્થિત ભાર્યાપુત્રાદિ, ગૃહમા સ્થિતિ કરે તે ગૃહસ્થો અર્થાત્ ભાર્યાપુત્રાદિ તેમને સ્વસજાતીયભાવનો અભાવ હોવાથી તેમણે સહ સમ્બન્ધ ભાવનો

गृहस्थाना बाधकत्वम् વિઘાતક છે એમ સ્ફૂર્તિએ તેઓમા અરુચિ થય જ છે, તેથી **बाधकत्व भासते** એમ કહ્યુ

अनात्मत्व च भासते

યદ્યપિ ભાર્યાપુત્રાદિ ભાવબાધક છે એમ કહ્યુ, તથાપિ 'અરે પુત્રોના કામાર્થ પુત્રો પ્રિય થતા નથી, પરન્તુ આત્માના કામાર્થ પુત્રો પ્રિય થાય છે' એ શ્રુતિએ તે પુત્રાદિમા આત્મસમ્બન્ધિત્વે પ્રિયત્વની પણ સ્ફુર્તિએ સર્વાત્માએ બાધકત્વની સ્ફુર્તિ થશે નહિ એમ આશઙ્કાના નિરાસાર્થ તે ભાર્યાપુત્રાદિમા તાદૃશ ભગવદાસક્ત ભક્તને આત્મસમ્બન્ધિત્વસ્ફુર્તિના અભાવે જેમ સર્વાત્માએ પ્રિયત્વનો અભાવ તે પ્રકારને **अनात्मत्व च भासते** ઇત્યાદિએ કહે છે પોતાની ભગવદાસક્તિએ નિરુપાધિ સ્નેહાસ્પદત્વે–નિરુપાધિ સ્નેહના ભાજનત્વે–ભગવાનમા જ આત્મત્વ સ્ફુરે છે, પરન્તુ સ્વ આત્મામા આત્મત્વ સ્ફુરતુ નથી અત ભગવદીઓમા જ તે ભક્તોને આત્મસમ્બન્ધિત્વ ભાસે છે, પરન્તુ સ્વાત્મસમ્બન્ધીઓમા આત્મસમ્બન્ધિત્વ ભાસતુ નથી એમ અર્થ તે ભાર્યાપુત્રાદિમા આત્મસમ્બન્ધિત્વના ભાનનો અભાવ હોવાથી તેઓનુ બાધકત્વ જ ભાસે છે, પરન્તુ સ્વાત્મીયકત્વ સ્ફુરતુ નથી એમ જણાવવાને **बाधकत्वमनात्मत्वम्** એમ કહ્યુ આ પ્રકારે ગૃહારુચિમા હેતુદ્વય કહ્યુ.

यदा स्याद् व्यसन कृष्णे कृतार्थं स्यात्तदैव हि

એ પ્રકારે તાદૃશ ભક્તનુ ગૃહારુચિમા હેતુદ્વય કહીને તેની જ સ્નેહવૃદ્ધિની પરાકાષ્ઠાને **यदा स्यात** ઇત્યાદિએ કહે છે **यदा** જે સમયમા **कृष्णे** ફલાત્મક કૃષ્ણમા વ્યસન **स्यात** થાય ભગવાનના દર્શનાદિ વ્યતિરેક તત્સમ્બન્ધિવ્યતિરેકે સ્થિતિની અશક્તિ એ વ્યસન તે જ્યારે થાય અર્થાત્ તાદૃશ ભાવ જ્યારે થાય ત્યારે જ **कृतार्थ** થાય, કૃત છે અર્થ જેણે તાદૃશ થાય **अर्थ** અત્ર ભક્તિમાર્ગીયસાક્ષાદ્ભગવત્સમ્બન્ધ ફલરૂપ છે તે અર્થ સ્વમા કૃત થાય અર્થાત્ સમ્પાદિત થાય છે ત્યારે કૃત છે પૂર્વોક્તફલરૂપ અર્થ જેણે, અર્થાત્ ભગવાને તે ભક્તને તેનુ દાન કર્યું છે એતત્ફલદાનથી અતિરિક્ત ફલનુ દાન યુક્ત નથી એમ જ્ઞાપનાર્થ **हि** પદ કહ્યુ ૫

એ પ્રકારે તે વ્યસનવાન્ ભક્તની યોગ્યતાના ભાવનુ અને તેના ફલનુ નિરૂપણ કરીને **तादृशस्यापि** ઇત્યાદિએ તે ભક્તની અગ્રિમ વ્યવસ્થાને કહે છે

तादृशस्यापि सततं गेहस्थानं विनाशकम् ।
त्यागं कृत्वा यतेद्यस्तु तदर्थार्थैकमानसः ॥ ६ ॥
लभेत सुदृढां भक्तिं सर्वतोप्यधिकां-पराम् ।
त्यागे बाधकभूयस्त्वं दुःसंसर्गात्तथान्नतः ॥७ ॥

श्लोकार्थ–તાદૃશ ભાવયુક્ત ભક્તને પણ સતત ગેહસ્થાન વિનાશક છે ત્યાગ કરીને તેણે તો યત્ન કરવો તદર્થાર્થૈકમાનસ તે ભક્ત સુદૃઢ સર્વતોપ્યધિક પરા ભક્તિને પ્રાપ્ત કરે છે ત્યાગમા દુઃસંસર્ગથી તથા અન્નત બાધકભૂયસ્ત્વ છે ૬–૭

---

૧ યદ્યપિ મિ દેશીવાળા विनाशनम् મુદ્રિત કરતા દિસે છે, તથાપિ શ્રીગોકુલનાથજી તો विनाशकम् પાઠનો અંગીકાર કરે છે

टीका-तादृशस्यापि તાદૃશ ભાવે યુક્ત ભક્તને પણ **सतत** નિરન્તર **गेहस्थान** ગૃહમા સ્થિતિ તાદૃશભાવના અને સત્સઙ્ગના અભાવથી **विनाशक**

तादृशस्यापि सतत તે ભાવની વિઘાતક છે એમ અર્થ જે જેનો વિઘાતક તે તેની

गेहस्थान विनाशकम् સન્નિધિમા સ્થિતિ કરી શકતો નથી અત એવ ફલપ્રકરણમા „**यर्ह्यम्बुजाक्ष**' પદ્યમા વ્રજરત્નરૂપા સ્વામિનીજીઓએ "નિરૂપિત છે કે **यर्हि** યત્પ્રભૃતિ-જ્યારથી-**त्वत्पादतल** આપના ચરણતલનો **अस्प्राक्ष्म** અમે સ્પર્શ કર્યો તત્પ્રભૃતિ-ત્યારથી-**अन्यसमक्ष** અન્યસમક્ષ **स्थातु** સ્થિતિ કરવાને **न पारयाम** અમે શક્ત નથી તે જ પદનુ આચાર્યચરણે વિવરણ કર્યુ કે 'જેમ દેહાભિમાની વ્યાધ દેહવિઘાતક હોવાથી તેની સન્નિધિમા સ્થિતિ કરવાને શક્ત નથી' એમ અત **तादृशस्य** એમ કહ્યુ

અત પર પૂર્વોક્ત ભાવે યુક્ત ભક્તની ગૃહસ્થિતિ ભાવવિઘાતક હોવાથી તત્ર ગૃહમા સ્થિતિ કરવાને અશક્તિએ તે ગૃહનો ત્યાગ જ કરે છે તેથી **त्याग कृत्वा**

त्याग कृत्वा ગૃહનો ત્યાગ કરીને-એમ કહ્યુ

તે ભક્તના ગૃહત્યાગની અનન્તર તેની સ્થિતિનો પ્રકાર **यतेद्यस्तु** ઇત્યાદિએ કહે છે

यतेद्यस्तु ત્યાગની અનન્તર તે ભક્તે યત્ન જ કરવો પરન્તુ પ્રકારાન્તરે સ્થિતિ ન કરવી

तदर्थार्थैकमानस ઇત્યાદિએ તેના યત્નના વિષયને કહે છે તાદૃશ ભક્તનો યદ્વિષયક ભાવ તે વિષય ભગવાન્ જ થાય છે તેથી તે ભગવાન્ જ અર્થ[1] **सच**

तदर्थार्थैकमानस **असौ अर्थश्च** એમ કર્મધારયસમાસે **तदर्थ** ભગવાન્ તેને અર્થે અર્થાત્

लभते सुदृढा भक्ति ભગવદર્થે જ એકન માનસ અર્થાત્ મન છે જેનુ તાદૃશ થઇને **सुदृढा भक्ति लभते** સુદૃઢ ભક્તિને પ્રાપ્ત કરે છે પૂર્વ તે ભક્તની વ્યસનપર્યન્ત સર્વાપનોદ્ય ભક્તિને કહીને પણ પુન **तदर्थार्थैकमानस** એમ કહીને પણ સુદૃઢ ભક્તિને પ્રાપ્ત કરે છે એમ જે કહ્યુ તેનો આ આશય છે તેથી પણ સુદૃઢ સર્વાત્મભાવરૂપા અર્થાત્ સાક્ષાત્ સ્વરૂપાનુભવફલિકા ભક્તિને પ્રાપ્ત કરે છે એમ તે ભક્તિના લાભના કથને તાદૃશના પૂર્વોક્ત અતિવિગાઢભાવે વિદ્યમાન દેહના અપગમની અનન્તર લીલોપયિક અલૌકિક દેહને પ્રાપ્ત કરીને સાક્ષાત્ સ્વરૂપસમ્બન્ધી ફલને પ્રાપ્ત કરે છે એમ અર્થ

सर्वतोप्यधिकाम् ઇત્યાદિએ ફલરૂપ ભક્તિના સ્વરૂપને કહે છે **सर्वत** સર્વત અર્થાત્ ચતુર્વિધ-સારૂપ્ય સાયુજ્ય સાલોક્ય અને સામીપ્ય-મોક્ષની

सर्वतोप्यधिकाम અપેક્ષાએ પણ **अधिकाम्** અધિક

पराम् પરા અર્થાત્ અગણિતાનન્દપુરુષોત્તમપર્યવસાયિની એ પ્રકારે પૂર્વોક્ત ભક્તિવૃદ્ધિનુ પર્યવસાન અને ફલ કહીને પુન ત્યાગમા બાધકભૂયસ્ત્વના કથનનો આ

त्यागे बाधकभूयस्त्वम् આશય છે કદાચિત્ કોઇક ભક્તિમાર્ગાનુસારી પૂર્વોક્ત ત્યાગના સ્વરૂપને ન જાણીને હુ પણ ગૃહાદિનો ત્યાગ કરીને ભક્તિની વૃદ્ધિને સાધીશ એમ વિચારીને જો ગૃહાદિને ત્યજવાને ઇચ્છે તો **त्यागे बाधकभूयस्त्व** ઇત્યાદિએ તેના 'तत्र

---

[1] 'तादृशस्यापि यद्विषयको भाव स भगवानेव भवतीति । स एवार्थ ।' એ વાક્યમા इति અવ્યય વાક્યસમ્પૂર્ણત્વદ્યોતક નથી, પરન્તુ હેતુવાચક છે

[2] પૂર્વોક્તપ્રકારત્યાગીનો તો 'हठ यत्रापि नश्यति' ઇત્યાદિએ બાધકાભાવ ઉપપાદિત જ છે એથી પૂર્વોક્ત ત્યાગ અત્ર વિવક્ષિત નથી તેથી પુન ત્યાગમા ' બાધકભૂયસ્ત્વ જે કહ્યાય છે તે 'कदाचित् कोइ' એમ વક્ષ્યમાણ ત્યાગમા જ બાધકભૂયસ્ત્વ છે

[illegible]ધને કથે છે તાદૃશના ત્યાગમાં ગૃહાદિના ત્યાગે ભક્તિવૃદ્ધિના સાધનમાં બાધકભૂયસ્ત્વ–બાધકોનું બાહુલ્ય–હોવાથી ફલ સિદ્ધ થતું નથી

दुःसंसर्गात् ઇત્યાદિએ બાધકને જ કથે છે દુઃસંસર્ગ પોતાને પૂર્વોક્ત ત્યાગના હેતુભૂત ભાવનો અભાવ હોવાથી સર્વાત્મએ ચિત્ત ભગવદેકપર ન હોવાથી **दुःसंसर्गात्तथान्नत** ચિત્તના ચાંચલ્યથી દુઃસંગને અને ભગવદ્ભાવાભાવવાનને લૌકિકોનો સંગ સમ્ભવે છે તેથી તેનું બાધકત્વ સ્પષ્ટ જ છે અને વળી તેને પૂર્વસિદ્ધ ગૃહાદિના બુદ્ધિપૂર્વક ત્યાગનો અભાવ હોવાથી શરીરના નિર્વાહને અર્થે યત્ર કુત્રચિત્ અન્નના ભક્ષણે તે અન્ન ભગવાનના અસમર્પણે જનિત દોષથી યુક્ત હોવાથી તદન્નના–અસમર્પિત અન્નના–ભક્ષણે પોતાને પણ બહિર્મુખ્યદોષ સમ્ભવે છે યદ્યપિ એતાદૃશને પણ ઇન્દ્રિયનિગ્રહના અભાવરૂપ બાધક દોષો સમ્ભવે છે, તથાપિ દુઃસંગ અને અન્નદોષ એ ઉભય અતિપ્રબલ હોવાથી ઉભયની જ ગણના કરી છે ૭

એમ સતે તાદૃશ ભક્તે દોષાભાવપૂર્વક કયે પ્રકારે કાલનો નિર્વાહ કરવો એ આશંકામાં **अत स्थेयम्** ઇત્યાદિ કથે છે

अतः स्थेयं हरिस्थाने तदीयैः सह तत्परैः ।
अदूरे विप्रकर्षे वा यथा चित्तं न दूष्यति ॥८॥

श्लोकार्थ–અતઃ તત્પર તદીયોએ સહ હરિસ્થાનમાં અદૂર વા વિપ્રકર્ષ (સ્થાનમાં) રહેવું, જે પ્રકારે ચિત્ત ન દૂષાય ૮

टीका–જેથી પૂર્વોક્ત પ્રકારે સ્થિતિમાં દોષની સમ્ભાવના છે **अत** તેથી દોષના અભાવ પૂર્વક કાલના નિર્વાહને અર્થે **हरिस्थाने** પોતે ભક્તિમાર્ગીય હોવાથી **अत स्थेय हरिस्थाने** **ભક્તિમાર્ગીય સેવાપ્રકારથી** યુક્ત ભગવત્સ્થાનમાં શ્રીગોવર્ધનાદિમાં રહેવું

तदीयैः सह तत्परैः ઇત્યાદિએ તત્ર ભગવત્સ્થાનમાં પણ સ્થિતિના પ્રકારને કથે છે **तदीयैः** ભગવદીયોએ **सह** સહ સ્થિતિ કરવી તેમાં પણ **तत्परैः** **तदीयैः सह तत्परैः** ભગવત્સ્વરૂપમાં ભગવત્સેવામાં ભગવદ્ધર્મના શ્રવણાદિમાં પરાયણ ભગવદીયોએ સહ એતત્પ્રકારક સ્થિતિના અભાવે તત્ર ભગવત્સ્થાનમાં–પણ દુઃસંગે પૂર્વસિદ્ધ બુદ્ધિના નાશનો સંભવ હોવાથી જીવનનું વૈયર્થ્ય જ થાય તેથી પૂર્વોક્તપ્રકારે સ્થિતિ કરવી એમ જણાવ્યું

નિરન્તર તત્પ્રકારિકા સ્થિતિના અસમ્ભવમાં ચિત્તદોષના અભાવાર્થ **अदूरे विप्रकर्षे वा** ઇત્યાદિએ પ્રકારાન્તરે પણ સ્થિતિના પ્રકારને કથે છે **अदूरे** પૂર્વોક્ત **अदूरे विप्रकर्षे वा** સ્થલથી સ્વલ્પ અન્તરાયે, અથવા **विप्रकर्षे** તેથી પણ કાંઇક દૂર સ્થલમાં સ્થિતિ કરવી 'ભગવત્પરાયણ તદીયોએ સહ' એમ સ્થિતિના પ્રકારને કથીને પણ પુનઃ 'અદૂર વા વિપ્રકર્ષ સ્થલમાં' એમ જે કહ્યું તેનો આ આશય છે અતિનિકટ સ્થિતિમાં 'અતિપરિચયથી અવજ્ઞા' એ ન્યાયે કદાચિત્ ભગવદ્ભક્તની અવજ્ઞા પણ સમ્ભવે છે, તેના અભાવને અર્થે '**अदूरे विप्रकर्षे वा**' એમ કહ્યું તત્ર પણ એ પ્રકારે પણ સ્થિતિ કરીને તદીયભક્તોએ સહ સંગ તો કાર્ય જ ત્યાજ્ય નહિ એમ ઉક્ત છે

એ રીતિએ પ્રકારત્રયે સ્થિતિના પ્રકારને કથીને પણ **यथा चित्त न दूष्यति** ઇત્યાદિથી સ્થિતિપ્રકારના નિર્ગલિત પ્રકારોએ અથવા સ્વમનોભિલષિત પ્રકારોએ **यथा चित्त न दूष्यति** અને જે પ્રકારે ભગવદ્ભાવાદિર્મુખ્યદોષે ચિત્ત ન દૂષાય તે પ્રકારે સ્થિતિ કરવી પરન્તુ પ્રકારાન્તરે નહિ એમ અર્થ એ રીતિએ ભક્તિવૃદ્ધિના પ્રકારને કથીને વૃદ્ધિની પરમકાષ્ઠાને કથીને તત્માર્ગીય ફલ પણ કથ્યુ ૮

તદનન્તર ભક્તિવૃદ્ધિના પ્રકારને કથીને વૃદ્ધિની પરમકાષ્ઠાને કથીને શુદ્ધપુષ્ટિસાધનપ્રકારને ન જાણતા ગૃહને ત્યજીને વૃદ્ધિને સાધીશ એ વિચારે પ્રવૃત્ત ભક્તના બાધસમ્ભાવનાનિરાકરણપૂર્વક ફલસિદ્ધ્યર્થ સ્થિતિપ્રકારને કથીને **सेवाया वा कथाया वा** ઇત્યાદિએ શુદ્ધપુષ્ટિમાર્ગીય ધર્મોદ્યમા આસક્ત ભક્તોને પણ એતન્માર્ગીય ફલની સિદ્ધિ થાય છે એમ જણાવે છે

सेवायां वा कथायां वा यस्यासक्तिर्दृढा भवेत् ।
यावज्जीवं तस्य नाशो न क्वापीति मतिर्मम ॥ ९ ॥

श्लोकार्थ—સેવામા વા કથામા જેની આસક્તિ યાવજ્જીવ દૃઢ થાય તેનો નાશ કોઇ પણ દેશકાલમા થતો નથી એમ મારી મતિ છે ૯

टीका—**सेवाया** શુદ્ધપુષ્ટિમાર્ગાચાર્યે પ્રકટિતપ્રકારકસેવામા, **कथाया** તેના અવશિષ્ટ સમયમા તન્માર્ગીયલીલાની કથામા **यस्य** જેની **आसक्तिर्दृढा** ચિત્તવ્યાસક્તિપૂર્વક દૃઢાત્મક **यावज्जीव भवेत्** યાવજ્જીવ થાય **तस्य** તેનો **क्वापि** કોઇ પણ દેશકાલભેદે પણ તેના ભાવનો **नाश** નાશ **न भवेत्** થતો નથી તે ભાવ તેનો ફલસાધક થાય છે

અથવા, સેવા અને કથા એમ ઉભયનુ વિકલ્પે કથન હોવાથી ભગવદિચ્છાએ કોઇની સેવામા જ દૃઢાસક્તિ થાય છે, પરન્તુ તે આસક્તિ યાવજ્જીવ અપેક્ષિત છે, પરન્તુ યત્કિંચિત્ કાલ નહિ **तस्य** એ પદથી ભગવદિચ્છાએ સેવાસક્તનો અને કથાસક્તનો કોઇ પણ સ્થલમા નાશ થતો નથી તન્માર્ગીયફલની પ્રાપ્તિમા અન્તરાય થતો નથી એમ **मम मति** મદીય મતિ છે તેથી સ્વમતમા ફલવિલમ્બના અભાવમા હેતુકથને ફલની પ્રાપ્તિમા નિઃસન્દિગ્ધત્વ કથ્યુ ૯

એ પ્રકારે પૂર્વોક્ત શ્લોકમા સેવાસક્તના અને કથાસક્તના ફલને કથીને કદાચિત્ કોઇ સેવાસક્ત કથાસક્ત ભક્તના દર્શન કરીને સ્વય પણ આસક્તિવ્યતિરેકે ઉત્સાહમાત્રે સેવા કરવાને ઇચ્છે તેને બાધ સમ્ભવે છે, તત્ર **बाधसम्भावनाया तु** ઇત્યાદિએ બાધના સ્વરૂપને અને તન્નિવારણપ્રકારને કહે છે

बाधसम्भावनायां तु नैकान्ते वास इष्यते ।
हरिस्तु सर्वतो रक्षां करिष्यति न संशयः ॥१०॥

श्लोकार्थ—બાધની સમ્ભાવનામા તો એકાન્તમા વાસ ઇષ્ટ નથી હરિ તો સર્વત રક્ષા કરશે, સંશય નથી ૧૦

टीका—પૂર્વના સમ્બન્ધમા પ્રકારાન્તરે બાધાભાવનો વ્યુદાસ **तु**શબ્દે ઉક્ત છે સેવાકરણમા દૃઢાસક્તિના અભાવથી ઉદ્વેગે વા ભોગાસક્તિએ બાધનો સમ્ભવ સતે **बाधसम्भावनाया तु नैकान्ते वास इष्यते** પોતાને સેવાના અકરણમા આસક્તિએ જનિત ગ્લાનિ વડે મારાથી સેવા થતી નથી એ વિચારે ગૃહને ત્યજીને એકાન્તમા ભગવન્નામસ્મરણાદિક મારે કર્તવ્ય છે એ બુદ્ધિએ જો એકાન્તમા સ્થિતિ કરવાને ઇચ્છે તો તાદૃશ ભક્તને પણ સેવાના ત્યાગપૂર્વક એકાન્તસ્થિતિ અનુચિત છે એમ **नैकान्ते वास इष्यते** ઇત્યાદિએ ગૃહત્યાગના નિષેધને કહે છે સેવાને ત્યજીને તેને એકાન્તવાસ ઇષ્ટ નથી, સેવાકૃતિ જ ઇષ્ટ છે,

ઉદ્વેગાદિએ પ્રતિબન્ધમા કયે પ્રકારે સેવાકરણ થાય એમ જો શકા થાય તો **हरिस्तु** ઇત્યાદિએ તત્ર સમાધાનને કથે છે ઉદ્વેગાદિકને પણ સહન કરીને જો **हरिस्तु सर्वतो रक्षां करिष्यति** સેવા જ કરે તો ભગવાન્ તેના સેવાગ્રહને જોઇને પોતાના સર્વદુઃખ હરણસામર્થ્યને પ્રકટ કરીને સેવાના વિઘાતક ઉદ્વેગાદિને દૂર કરીને સેવાસમ્પત્તિ જ કરાવનરો એમ જણાવવાને **हरिस्तु सर्वतो रक्षां करिष्यति न संशय** એમ કથ્યુ

न संशय ‘સંશય નથી’ એ કથનથી જો આ અર્થમા સંશય કરે તો ભગવાન્ પણ રક્ષા ન કરે એમ અર્થ અત એવ ગીતામા પણ ‘સંશયાત્મા વિનાશને પામે’ એમ ભગવાને કથ્યુ છે તેથી આ અર્થમા નિઃસંદિગ્ધ થઇને ‘ભગવાન્ રક્ષા કરશે જ’ એમ બુદ્ધિ રાખીને જો સેવા કરે તો ભગવાન્ પણ રક્ષા કરે જ છે એ જણાવવાને ‘**न संशय**’ એમ કથ્યુ પ્રકારાન્તરે રક્ષાના અભાવને જણાવવાને તુ શબ્દ યોજ્યો છે બાધની સમ્ભાવનામા કથાપરની પણ પૂર્વોક્ત વ્યવસ્થા એમ જાણવુ ૧૦

એ પ્રકારે સ્વમાર્ગીયભક્તિની પ્રવૃદ્ધિના પ્રકારને કથીને **इति** ઇત્યાદિએ તેના ઉપસંહારને કથે

इत्येवं भगवच्छास्त्रं गूढतत्त्वं निरूपितम् ।
य एतत्समधीयीत तस्यापि स्याद्दृढा रतिः ॥११॥

શ્લોકાર્થ–એ પ્રકારે મે ગૂઢતત્ત્વ ભગવચ્છાસ્ત્ર નિરૂપ્યુ જે કોઇ એનુ સમધ્યયન કરે તેને પણ દૃઢા રતિ થાય ૧૧

ટીકા–**इति** સમાપ્તિવાચક છે **एवम्** ઉક્ત પ્રકારે **भगवत** પુરુષોત્તમની ભક્તિ વૃદ્ધિશિક્ષાપ્રકારક **शास्त्र** શાસ્ત્રને **निरूपित** પ્રતિપાદિત કર્યું એમ અર્થ **गुढतत्त्व** ઇત્યાદિએ શાસ્ત્રના સ્વરૂપને કથે છે **गूढ** અર્થાત્ અત્યન્ત ગુપ્ત છે **तत्त्व** વાગવિષય અનુભવૈકવેદ્ય સ્વરૂપ જેનુ તાદૃશ **निरूपित** પ્રતિપાદિત કર્યું એમ અર્થ

य एतत्समधीयीत એ પ્રકારે શાસ્ત્રના સ્વરૂપને નિરૂપીને તેના અધ્યયનકર્તાને પણ જે પ્રકારે એતન્માર્ગી ફલ સિદ્ધ થાય તત્પ્રકારક અધ્યયનસ્વરૂપને **य एतत्** ઇત્યાદિએ કથે છે **य** એમ સામાન્યોક્તિએ અત્ર વર્ણાશ્રમાદિનો નિયમ ઉક્ત નથી **एतत्** ભક્તિવર્ધિનીરૂપ **शास्त्रम्** શાસ્ત્રનુ **समधीयीत** સમ્યક્ અધ્યયન કરે એમ અર્થ અધ્યયનમાં સમ્યકત્વની ઉક્તિએ કેવલ પાઠમાત્રકરણ નહિ પરન્તુ પ્રતિપદ અર્થના અભિપ્રાયના વિચારપૂર્વક અધ્યયન ઉક્ત છે

तस्यापि स्याद् दृढा रति એ પ્રકારે વિચારપૂર્વક અધ્યયનના કરણમા તત્પ્રતિપાદ્ય અર્થના નિરન્તર અનુસન્ધાનથી અન્તઃકરણના દોષની નિવૃત્તિએ હૃદયમા તન્માર્ગસ્વરૂપના સ્ફુરણથી તન્માર્ગ તો પુરુષોત્તમૈકપર હોવાથી તદ્દ્વારા પોતાને પણ તેની સ્ફુર્તિના ભક્તિમાર્ગીયાચાર્યોક્તિકાર સિદ્ધ હોવાથી તાદૃશ ભક્તને પણ **सुदृढा** અત્યન્ત નિશ્ચલ **रति** રસભાવયુક્તસ્નેહ થાય એમ અર્થ ૧૧

પિતૃપાદવ્યાખ્યાલોકે પ્રકાશિત બુદ્ધિએ સ્વાચાર્યચરણાખ્ય શ્રીવલ્લભ–મે—ભક્તિવર્ધિનીનુ વિવરણ કર્યું ૧ પિતૃપાદાબ્જે કૃપાએ મને યાદવી મતિનુ દાન કર્યું તેમ મે સુદુર્લભ ભક્તિવૃદ્ધિશાસ્ત્રનુ વિવરણ કર્યું ૨ યદ્યપિ ઇશ્વરવાક્યો સ્વત મહા દુર્બોધ છે તથાપિ તત્કૃપાત યથાબોધ તે વિવૃત છે, અન્યથા નહિ ૩ જો અત્ર વ્યાકૃતિમા બુદ્ધિના દોષે વિપર્યય થયો હોય તો સ્વકીય પ્રતિ દયાળ આચાર્યચરણ ક્ષમા કરો ૪

इति श्रीपितृचरणैकतानश्रीवल्लभविरचिता भक्तिवर्धिनीविवृति समाप्ता ।